હાર્વે નરીમાન બદનક્ષી કેસ



પ્રકાશક સત્ય પ્રકાશક કાર્યાલય
૪૭, સીપી ટૅંક રોડ, મુંબઈ ૪.

હારવે નરીમાન બદનક્ષી કેસ.

[સત્તાવાર કાગળો પરથી.]

પ્રકાશકઃ-સત્ય પ્રકાશક કાર્યાલય.
૪૭, સી. પી. ટેંક રોડ-મુંબઇ ૪.

આવૃત્તિ ૧ લી] [પ્રત ૨૦૦૦

કિંમત પાંચ રૂપિયા.

આ પુસ્તક ધી લેડી નોર્થકોટ હિન્દુ ઓર્ફનેજ કે. એન. સેક્ષર પ્રેસ,
૩, ચોપાટી રોડ, મુંબઈ નં. ૭ માં ગનદવજી પીતાંબર ઠક્કરે છાપ્યું
તથા પ્રાણજીવન કે. દેસાઇએ સત્ય પ્રકાશક કાર્યાલય માટે
૪૭, સી. પી. ટેન્ક રોડ, મુંબઇ, નં. ૪ માંથી પ્રગટ કર્યું છે.

પ્રસ્તાવના.

હારવે નરીમાન કેસના પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ સમક્ષ ચાલેલા મુકદ્દમાના, મને જણાવવામાં આવ્યા પ્રમાણે, પ્રમાણિક ભાષાંતરના આ પુસ્તકની પ્રસ્તાવના રૂપે થોડા શબ્દો લખું છું. ઘણો લાંબો સમય ચાલેલા આ કેસ દરમિયાન આખાયે ઈલાકાનું તેની પ્રત્યે ખૂબ ધ્યાન ખેંચાયું હતું, કેમકે તે કેસમાં આડકતરી રીતે મુંબઇ શહેરના ખીલવણી ખાતાના વહીવટની નબળાઈઓ અને ખામીઓ જાહેર થઇ હતી. એ તો કબુલ કરવું જોઇએ કે ખાસ અધિકારના મુદ્દાસર મી. નરીમાનને મી. હારવે સામે વિજય મળ્યો છે. પરંતુ આ કેસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, જો કે મી. હારવે પોતે તો ગેરવર્તન માટે દોષિત નહોતા પરંતુ ખીલવણી ખાતું તો જરૂર નિર્દોષ નથીજ.

આ મુકદ્દમા ઉપરથી અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, જ્યારે જ્યારે જાહેર કમીટીઓ અને કમીશનો નીમાય ત્યારે ત્યારે સત્ય અને ઇન્સાફની ખાતર 'દોષ મુક્તિ'નો (ઇન્ડેમ્નીટી) કાયદો ઘડવો ઇષ્ટ છે કે નહિં, કે જેથી જુબાની આપવા બહાર પડનાર જાહેર પુરૂષોને ભાવિ કનડગત સામે રક્ષણ મળે. નિઃસ્વાર્થ, પ્રમાણિક અને નિખાલસ જુબાની મેળવવા માટે આવો 'દોષમુક્તિ'નો (ઇન્ડેમ્નીટી) કાયદો ઘડવો એ ઉત્તમ માર્ગ છે.

મી. નરીમાનને સાભાર અભિનંદન આપવાનો ઉત્તમ માર્ગ આવા જાતના કેસની યાદી કાયમી સ્વરૂપે જાળવી રાખવી એ છે. કેમકે આવા મુકદ્દમા અને વધારે અગત્યના મુકદ્દમા પણ, જાહેર જીવનમાં બીજા અને જુદા પ્રશ્નો ઉપસ્થિત થતાં પ્રજાના મગજમાંથી ભૂંસાઇ જાય છે એટલે આ પુસ્તકના પ્રકાશન પ્રસંગે મી. નરીમાન તેમજ પ્રકાશક ભાઈ પ્રાણજીવનને હું અભિનંદન આપું છું.

મુંબઇ
તા. ૭-૧૧-૨૮.

ભુલાભાઈ જ. દેસાઈ

એડવોકેટ, મુંબઈ.



શ્રીમાન્ ભુલાભાઈ જી. દેશાઈ, એડવૉકેટ-મુંબઈ.

પ્રકાશક તરફથી.

આ વરસના જાન્યુઆરી માસની તારીખ ૨૭ મીએ આ લંબાણ કેસનો ચૂકાદો અપાયો હતો. ચૂકાદા પહેલાની હાલકડોલક સ્થિતિનો વિચાર આજે તો બરાબર આવી શકતો નથી અને તેને શબ્દો દ્વારા ચીતરી શકવા પણ હું અસમર્થ છું. છતાં ત્યારે; દરેકે દરેક મંડળમાં, કલબોમાં, માંત્રોમાં, વકીલ–બેરીસ્ટરોની બાર લાયબ્રેરીઓમાં, એટલી તો ચકચાર હતી અને એટલા તો સામસામા અનુમાનો અને અટકળો હતા કે ન પૂછો વાત. કોઇ તો છાતી ઠોકીને મી. નરીમાન ઠોકાઇજ જવાની વાત કરતા, તો કોઇક જણાવતાં કે, માત્ર " ચબરકો " તો થશેજ. પણ તે વસ્તુનો અંત આખરે તા. ૨૭ મી એ ૧૨ વાગે આવી ગયો હતો. એ પછી તો શ્રી. નરીમાનનાં ઘર પર ફુલનાં હાર તોરાઓ, મુબારક-બાદીના ટેલીફોનો, તારના સંદેશાઓ વિગેરે એટલું તો હુલકયું હતું કે લગભગ ભાઇ નરીમાન આ બધા માનથી માંદા જેવા બની ગયા હતા.

આટલા અપૂર્વ વિજય છતાં તેનાં મુખ પર હાસ્ય, કે અભિમાનનુ એક પણ લખલખું મારા જોવામાં આવ્યું નહિં, માત્ર પોતાની સાચ્ચી મહેનતનો સાચ્ચો બદલો જેને પરમાત્માએ આપ્યો હોય અને તે મેળ-વવામાં જેમ એક ધર્મચૂસ્ત ભક્ત તે પ્રભુનાં ગુણ મુંગે મોઢે આત્માનાં અવાજ સાથે ગાતો હોય, તેવીજ મનોદશા મને તેમની દેખાતી હતી.

આ મરદાનગી ભરેલી લડતનો આખાએ ઇતિહાસ લગભગ રા. ૨૦) વીશ હજારનાં ખર્ચે અક્ષરે અક્ષર ગુજરાતી, મરાઠી, હીંદી વિગેરે દરેક ભાષામાં છાપી પ્રસિદ્ધ કરવાનો મને "કોડ" હતો. હું શ્રી. ભાઈ નરીમાનનો આ કાર્ય માટે ચુસ્ત પુજારી બની ગયો હતો, મને તો હૃદયમાં

એમજ થતું હતું કે, આ કેસમાં કદાચ હારીએ તો પણ "હાયે' જીત્યા" જેવાજ છીયે એટલે તે છપાવવાને લગતી તો તૈયારી મેં રાખેલીજ. પણ મારી તે યોજનામાં અનુકુળ થવા માટે મુંબઇનાં ૨-૩ કરોડપતિ માણસોને મળતાં તેઓ ગમે તે કારણે પણ તેમાં સંમત ન થયા. જો કે, તેમાં મારી અલ્પ નજરમાં તો એ દેખાયું કે, આવો મહાન વિજય ભાઇ નરીમાન લઇ જાય એ તેમને ન રૂચ્યું હોય ! પણ તે તો ગમે તે હોય, પ્રભુ જાણે ! પણ મારી ધગશ તેથી ઓછી થઇ નહોતી.

મેં તો માણસને બેસાડી મુળ કાગળો પરથી આખો કેસ ટ્રાન્સ-લેશન કરાવવો ચાલુજ રાખ્યો. પણ તે લંબાણ સ્ટેટમેંટ, તે ચુકાદા, વિગેરે પુરા થાયજ નહિં. મહા મુશીબતે ૭-૮ માસે તે ગુજરાતી ભાષાંતર પુરૂં થયું. અને સાથો સાથ પ્રજાનાં જુવાળ પણ ઉતરવા લાગ્યા. કેટલાક મિત્રોએ હવે મને માત્ર આટલું નુકશાન સહન કરીને પણ કેસ નહિં છપાવવા સલાહ આપી. કોઇએ વહેન નાજ પાડી. ઘણું મોડું થયું. પુસ્તકો ખપશે નહિં. વિગેરે, વિગેરે.

પણ આ પુસ્તક પ્રગટ કરવા અને પ્રજામાં તેનુ અસ્તિત્વ જાળવી રાખવાની. મારી ધગશ લેશ પણ ઓછી થઇ નહિં. વળી તેટલામાં મી. સરવૈયર નામના ગૃહસ્થે. ઇંગ્લીશમાં તે પુસ્તક બહાર પાડયું એટલે તો મને મારા આપ્તજનોએ પણ આ પુસ્તક પાછળ ૪-૫ હજાર રૂપિયા ખર્ચવા ખાસ ના પાડી. છતાં તે વાત પણ મારે ગળે ઉતરીજ નહિં. મારો તો નિશ્ચય ગણો કે "કોડ" ગણો. પણ આ પુસ્તક ગુજરાતી વાંચનારાઓના હાથમાં મૂકવું ને મૂકવુંજ, વળી "સારા કામમાં સો વીઘ્ન"નાં ન્યાયે મને બીજી પણ અનેક

અડચણો આવી. પણ શ્રધ્ધા અને પવિત્ર શ્રદ્ધા તે એક ઉંચ્ચ વસ્તુ છે. તેમજ "ધીરજનાં ફળ મીઠાં છે." તે કહેતી અનુસાર પ્રભુ કૃપાયે દરેક દરેક ઠેકાણે રસ્તો ખુલ્લોજ થતો ગયો. અને પરિણામે આ પુસ્તક હું વાંચકના કર કમળમાં રજુ કરી શકયો છું.

મારા સંકટના કાર્યમાં મને ખરેખર મદદ કરનારાઓને હું જો ભૂલી જાઉં તો ખરેખર મારા જેવો કોઇ કૃતઘ્ની ન ગણાય.

શ્રી. **આર. કે. મોદી** કે જેઓ આજે મુંબઇ નગરીના એક અચ્છા અને બાહોશ વેપારી છે. તેમની આ કાર્ય પરત્વેની મમતાભરી સલાહ; શ્રી. ડૉ. **આત્મારામ ગંગાદાસ મરચંટ**ની પણ કંઇક ગુંચો ઉકેલવામાં હૃદયપૂર્વકની અમૂલ્ય સહાયતા; પુજ્ય **ભૂલાભાઇ જી. દેશાઇ**એ કૃપા કરી લખી આપેલ પ્રસ્તાવના; અને **માનવંતા શેઠ હુસેનભાઇ અબ્દુલ્લાભાઇ લાલજી**એ આ પુસ્તકની અર્પણ પત્રિકા સ્વીકારી મારા હૃદયમાં ઉપકારનું ભારે સ્થાન લીધું છે.

મારા પ્રત્યે આવી સહાનુભૂતિ રાખનારા મારા મુરબ્બીઓ જેવા સઘળા સજ્જનોનો હું અતિ ગદગદ કંઠે આભાર માનું છું. અને પ્રભુ તેમને દીર્ઘાયુ બનાવી તેમનાં સકળ મનોરથો સિદ્ધ કરો, તેવી પરમ કૃપાળુ પરમાત્માનાં ચરણે શુધ્ધ હૃદયથી પ્રાર્થના કરું છું.

આ આખું પુસ્તક અપાર મુશીબતો વચ્ચે ભાઇ જીવણલાલ એલ. શાહનાં હાથે "ગુજરાતીમાં" ટ્રાન્સલેશન થયેલું છે.

કાર્તિક શુદિ ૧
સંવત ૧૯૮૫
મંગળવાર.

લી૦ નમ્ર સેવક,
પ્રાણજીવન કે. દેશાઇના વંદન.

અર્પણ.

એક ખરેખરા સાચ્ચા વીર મર્દને શોભે અને છાજે તેવો આ મરદાનગીની લડતથી લડાએલો ઇતિહાસ

"હારવે નરીમાન બદનક્ષી કેસ."

પુસ્તક આકારમાં

શ્રીમાન્ શેઠ હુસેનભાઇ અબદુલ્લાભાઇ લાલજી.

લોકનો સભાસદ:—મુંબઈ લેજીસ્લેટીવ કાઉન્સીલ.

" " મુંબઇ મ્યુનીસીપાલીટી.

ઉપ-પ્રમુખ:—દેશી વેપારી ચેમ્બર મુંબઈ.

ને, આત્માનાં અતિ ઉંડા માન સાથ અર્પણ કરૂં છું.

સેવક,

માણુજીવન કે. દેશાઈ.



શ્રી. શેઠ હુસેનભાઇ અબદુલ્લાભાઇ લાલજી.

૧૪૪૩૯

હારવે–નરીમાન બદનક્ષી કેસ.

મુંબઈનો એકએનો દરિયો પુરીને જમીન મેળવવાની યોજના અને તે સાથે ગરીબ-વર્ગ માટેની ચાલીઓની યોજનાનો અમલ કરવા માટે ખીલવણી ખાતું ખોલવામાં આવ્યું ત્યારથીજ તેના વહીવટ અને ગોટાળા સબંધી લોકોમાં ફરિઆદો થવા લાગી અને વર્તમાન પત્રોમાં પણ એ વિષે ચર્ચા જાગી. પહેલેથીજ શ્રી. નરીમાનનું ધ્યાન આ સવાલ તરફ ખેંચાયું હતું. તેમણે આ ખાતાનો ખાસ અભ્યાસ કરવા માંડયો અને પ્રજાનો અવાજ નિડરપણે રજુ કરવા માંડયો. તેમને જે જે માહિતી મળવા લાગી તે તે વિષે તેમણે ફરિઆદો કરવા માંડી અને જાહેર તપાસની માંગણી કરવા માંડી સરકાર કોઈ કોઈ વખત તેમના ચર્ચાપત્રોના જવાબ આપતી. શ્રી નરીમાને ધારાસભામાં પોતાની લાગવગ વાપરીને શ્રી. જી. બી. ત્રીવેદી માર-ફત સવાલો પૂછાવી, સરકાર પાસેથી ખુલાસા માગ્યા, પરંતુ સરકારે જે જવાબો આપ્યા તે શ્રી. નરીમાનને તેમની પાસેની માહિતી પ્રમાણે જુઠ્ઠા લાગ્યા. તેમણે ચળવળ ચાલુજ રાખી અને પોતે ૧૯૨૩ માં ધારાસભામાં ચૂંટાયા પછી સવાલો પૂછ્યા. તેના પણ તેમને સંતોષકારક જવાબો ન મળ્યા. છેવટે ૧૯૨૪ ના ઓકટોબરમાં

તેમણે ધારાસભામાં બેકબેના વહીવટની તપાસ કરવા બીન-અમલદારી કમીટી નીમવાનો ઠરાવ રજુ કર્યો. તે ઠરાવ પસાર થવા છતાં મુંબઈ સરકારે કમીટી નજ નીમી, પરંતુ એક સલાહકારક કમીટી નીમી. તેમાં શ્રી નરીમાનને એક દોષિત અમલદારની માફક જોડાવા આમંત્રણ કર્યું. આવું અપમાનકારક આમંત્રણ શ્રી. નરીમાને ન સ્વીકાર્યું. અને પોતાની લડત ચાલુજ રાખી. તેમણે ૧૯૨૫ના માર્ચમાં ધારાસભામાં ભાષણ કરતાં ખીલવણી ખાતા સામે આક્ષેપો કર્યા અને તે જુઠા પાડવા ચેલેંજ કરી.

આખરે હિંદી સરકારે પોતાની દેખરેખ અને અંકુશ રાખવાની સત્તાની રૂએ ૧૯૨૬ના જુલાઇમાં મી. મીઅર્સના પ્રમુખપણા હેઠળ બેકબેની યોજનાના અમલ વિષે તપાસ કરી ભલામણો કરવા કમીટી નીમી. શ્રી. નરીમાને ધારાસભામાં કરેલા આક્ષેપો કમીટી સમક્ષ રજુ કરવામાં આવતાં કમીટીએ શ્રી. નરીમાનને વધુ માહિતી પૂરી પાડવા આમંત્રણ કર્યું. આ આમંત્રણ ઉપરથી શ્રી. નરીમાને એક લેખિત સ્ટેટમેન્ટ રજુ કર્યું તેમજ કમીટી સમક્ષ મોઢેની જુબાની આપી. આ સ્ટેટમેન્ટ અને જુબાનીમાંની કેટલીક હકિકત બદનક્ષીભરી છે એવું જણાવી ખીલવણી ખાતાના વડા મી. થોમસ હારવેએ શ્રી. નરીમાન સામે મેદાનની પોલીસ કોર્ટમાં પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ મી. એચ. પી. દસ્તુર સમક્ષ ફરિઆદ માંડી.

બેકબે તપાસ પંચ સમક્ષ મી. નરીમાનનું સ્ટેટમેન્ટ.

એ સ્ટેટમેન્ટ અને જુબાની અમે સંપૂર્ણ નીચે રજુ કરીએ છીએ.

કમીટીની તા. ૨૧ મી ઓગસ્ટ ૧૯૨૬ ને શનીવારે અગ્યાર

વાગે સર. એમ. વિશ્વેશ્વરાયના પ્રમુખપણે મળેલી બેઠકમાં શ્રી. નરીમાને રજુ કરેલું લેખિત સ્ટેટમેન્ટઃ—

બેકબે તપાસ પંચના આમંત્રણના જવાબમાં હું લેખિત સ્ટેટમેન્ટ રજુ કરૂં છું.

આ વિષય હું ત્રણ મથાળા નીચે—(૧) બંધારણ (૨) નાણાં સબંધી અને (૩) વહીવટ અને વ્યવસ્થા વિગેરે સામાન્ય—ચર્ચીશ.

ધારાસભાના હકક પર આક્રમણ.

બંધારણના સવાલના સબંધમાં હું ધારસભામાં દાખલ થયો ત્યારથી પહેલાંથી મે આ વિષયનો અભ્યાસ કરવા માંડયો. મારો મજબુત અભિપ્રાય છે કે ખાસ ખીલવણી ખાતાની સ્થાપના અને ખાસ કાયદાથી તેને અમુક સત્તા આપવી એ સુધારાના કાયદા મુજબના સ્થાનિક ધારાસભાના બંધારણના હકકો ઉપર ગંભીર આક્રમણ છે.

ખીલવણી ખાતાનું નિરંકુશપણું.

જો ખાસ આ કાયદાથી ખાસ ખાતું સ્થાપવામાં ન આવ્યું હોત તો આ કામકાજ સામાન્ય રીતે જાહેર બાંધકામ કે ઉદ્યોગીક કામકાજ તરીકે ગણાત અને એ બન્ને ખાતા સુધારાના કાનુન મુજબ પ્રધાનો હસ્તકનાં ખાતાં હોવાથી ધારાસભાના આર્થિક અંકુશ અને દેખરેખ નીચે આવત અને તેની ખાસ મંજુરી વિના કાંઈ પણ ખર્ચ થઈ શકત નહિં. આ ખાસ સહકારી ખાતું ઉભું કરવા માટે ખરડો રજુ કરતાં તે વખતના ગવરનર સર જયોર્જ લોઇડે ખુલ્લી રીતે જાહેર કર્યું હતું કે આમ કરવાનો હેતુ ધારાસ-

આનાં બંધનો અને અંકુશ દૂર કરવાનો છે કે જેથી કામમાં કશી દખલ ન થાય અને તાકીદે આગળ વધે. "કોટન સેસ" નામના ખાસ વેરાથી નાણાં આપવા કોરપોરેશનને ફરજ પાડવામાં આવી હતી, છતાં ખીલવણી ખાતામાં કોરપોરેશનનો એક પ્રતિનિધિ રહેવા દેવાની આગ્રહ ભરી માગણીઓ એકસરખી નકારવામાં આવી.

આમ મૂલ ઉત્પાદક સર જ્યોર્જ લોઈડનો ઇરાદો ગમે તે હોય, પરંતુ કાગળો ઉપરથી સ્પષ્ટ છે કે શરૂઆતથીજ કોઇ પણ જાહેર મંડળ કે સંસ્થાને આ ખાતામાં દાખલ થવા દેવાની કે ધારાસભાનો કાયદેસર અને બંધારણપૂર્વકનો અંકુશ અથવા કોરપોરેશનની દખલ થવા દેવાની ઇચ્છાજ નહોતી અને પાછળથી ખાતાએ બધી વાતો દાબી દેવાની અને ખાનગી રાખવાની નીતિ અખત્યાર કરી હતી એ મૂળ ઇચ્છા સાથે મળતી હતી.

ધારાસભામાં દાખલ થતાં મેં ધારાસભાનો અંકુશ મૂકવાનો પ્રયત્ન કર્યો અને ખીલવણી ખાતું બંધ કરીને જાહેર બાંધકામ નીચે મૂકવા ઠરાવો મોકલ્યા કે જેથી એ વિષય બીન-સરકારી હોઇને તેના ખર્ચની વિગતો ધારાસભાની મંજુરી માટે રજુ થાય પરંતુ તે ઠરાવ રજુ કરવાની તકજ મળી નહિં.

શાહી કાયદાની ઉપરવટ પગલું.

સવાલ એ છે કે હિંદી સરકારનો કાયદો કે જે શાહી કાયદો છે તેની ઉપરવટ થઇને સ્થાનીક સરકાર ખાસ કાયદો કરીને જે કામ-કાજ કાયદેસર રીતે બીન-સરકારી છે તેના પરથી ધારાસભાનો અંકુશ

દૂર કરી શકે કે ? આ ગેરબંધારણપૂર્વક પગલાનું કારણ એ હતું કે સુધારા પ્રમાણેની ધારાસભા નવી અને બીન–અનુભવી માનવામાં આવી અને આવી મોટી અને નવી યોજના સોંપવા માટે નાલાયક ગણવામાં આવી. તેથીજ સરકારના કારોબારી ખાતાએ અખતરો કર્યો અને પરિણામો ભયંકર નીવડયાં છે. તેથી મારી સુચના એ છે કે પહેલી ભલામણ એ હોવી જોઇએ કે કારોબારી ખાતાની આ ખાસ અને અસાધારણ સત્તા લઇ લઇને બાકીનું કામ જાહેર બાંધકામ ખાતાને સોંપી દેવું અને એ રીતે ધારાસભાની દેખરેખ અને અંકુશ ફરી દાખલ કરવાં.

તપાસની માગણી.

ખીલવણી ખાતું રદ કરવામાં હું નિષ્ફળ ગયો એટલે મેં ૧૯૨૪ના ઓકટોબરમાં નીચેનો ઠરાવ મંજુર કરાવવા પ્રયત્ન કર્યો:–

" આ ધારાસભા સરકારને ભલામણ કરે છે કે:—

(અ) ખીલવણી ખાતાના આખા વહીવટ અને કામકાજની તપાસ કરવા કરકસર કરવાના માર્ગો અને ઉપાયો સૂચવવા અને હાથ ધરેલી યોજના ચાલુ રાખવી ડહાપણભરી છે કે કેમ તે વિષે રીપોર્ટ કરવા બીન–અમલદારી અને ચુંટાયેલા ૧૨ સભ્યોની કમીટી નીમવી;

(બ) આ કમીટી સાથે સહકાર કરવા અને તપાસ તથા રીપોર્ટ કરવામાં સઘળી સગવડો અને મદદ આપવા ખીલવણી ખાતાને અરજ કરવી;

(ક) કમીટીને મદદ કરવા સ્વતંત્ર અમલદાર અથવા અનુભવી નીમવો.

ઠરાવની અવગણના.

ધારાસભાના આ ઠરાવની સરકારે અવગણના કરી અને ઠરાવ પ્રમાણે તપાસ પંચ નીમવાને બદલે સલાહકાર કમીટીમાં જોડાવા કેટલાક સભ્યોને આમંત્રણ કર્યું, જેમાં હું પણ હતો, પરંતુ મારા ઠરાવ પ્રમાણે તપાસ કરવા કમીટીને સત્તા આપવામાં ન આવે ત્યાં સુધી તેમાં જોડાવા મેં ના પાડી. મારી આ શરત સ્વીકારવામાં ન આવી. આ વિષય પર મારી અને સરકારની વચ્ચેનો પત્રવહેવાર કમીટી સમક્ષ છે.

ખોટી હકિકતોના ચોંકાવનારા દાખલા.

જે ખીલવણી ખાતામાં પ્રજાના કરોડો રૂપીયા ખર્ચાયા હતા તેના વહિવટ અને કામકાજની ધારાસભાના જોખમદાર સભ્યોને પણ સરકારે તપાસ કરવા ન દીધી એટલુંજ નહિં પણ સરકારના જવાબદાર સભ્યો ધારાસભામાં બેજવાબદાર અને ખોટા સ્ટેટમેન્ટ કરીને અગત્યની બાબતો વિષે ખરી માહિતી મેળવવાના એક સભાસદના પ્રયત્નો ધુળમાં મેળવતી. પ્રજાને ગેરમાર્ગે દોરવનારા સ્ટેટમેન્ટના સંખ્યાબંધ દાખલા કમીટી સમક્ષ ખુલ્લા થયા છે પરંતુ હું થોડા વધુ ચોંકાવનારા દાખલા રજુ કરીને કમીટીની ખાત્રી કરી આપીશ કે પ્રજાને માત્ર અંધારામાં રાખવાનીજ નહિં પણ ખોટા સ્ટેટમેન્ટથી અવળે માર્ગે દોરવાની ઈરાદાપૂર્વક અને આગ્રહભરી નીતિ અખત્યાર કરવામાં આવી હતી.

યોજનાનો અડસટ્ટો.

ડ્રેજર 'કાલુ" ની ખરીદીના સબંધમાં ૧૯૨૪ ના ઓકટોબરની તા. ૨૪ મીએ ધારાસભામાં સર લોલેસ હેપરે કહ્યું કે 'જે ભાવે આ

ડ્રેજર ખરીદવામાં આવી છે તેમાં મુંબઈ સરકારે ‘જરાયે ખરાબ સોદો’ કર્યો નથી.” યોજનાના મૂળ અને સુધારેલા અડસટ્ટા વિષે પૂછતાં બન્નેનો આંકડો ૭ કરોડનો જણાવવામાં આવ્યો. ખાસ પૂછવામાં આવ્યું કે “મૂળ અડસટ્ટો ચાર કરોડનો નહોતો?” મી. કાવસજી જહાંગીરે જવાબ આપ્યો, “એ મૂળ અડસટ્ટો નહોતો. તે તો ૭ કરોડનોજ હતો માનનીય સભ્યના મગજમાં છે તો તે સર જ્યોર્જ બુકાનનો અડસટ્ટો છે કે જે સરકાર પાસે રજુ કરવામાં આવ્યો હતો.”

૪ કરોડના ૭ કરોડ.

હવે વાત બહાર આવી છે કે જે મૂળ અડસટ્ટાને આધારે હીંદી સરકારની મંજુરી લેવામાં આવી તે ૪ કરોડનોજ હતો. (મુંબઈ સરકારનો હિંદી સરકાર પર તા. ૪–૧૨–૧૯ નો પત્ર.) ધારાસભા કે હિંદી સરકારની મંજુરી વિના તે વધારીને ૭ કરોડનો કરવામાં આવ્યો છે. માનનીય જનરલ સભ્યે તે કબુલ કર્યું હતું અને છતાં ૧૯૨૪ના ઓકટોબરમાં સ્પષ્ટ સવાલના જવાબમાં તેમણે સ્પષ્ટ કર્યું કે સરકારનો અડસટ્ટા ચાર કરોડનો હતોજ નહિં, પરંતુ સર જ્યો. બુકાનને રજુ કરેલો હતો.

પરસ્પર ઉલટી વાતો.

ઉલટાસુલટી વાતોનો બીજો દાખલો સર જ્યો. બુકાનની નીમણુંક સબંધીનો છે. જનરલ સભ્યે બે જુદી જુદી તારીખો જણાવી છે. ૧૯૨૪ના માર્ચની તા. ૧૩ મી એ તેમણે કહ્યું “કરાર ઉપર સહી ૧૯૨૧ના માર્ચમાં થઇ પરંતુ હિંદી વજીરની મંજુરી મળે તે શરતે સરકાર સાથે કરાર ૧૯૨૦ના માર્ચની તા. ૩૧ મીએ થયા હતા.” આ સ્ટેટમેંટ પ્રમાણે

નીમણુંક તા. ૩૦-૩-૧૯૨૦ થી ચાલુ થઇ. હવે એજ જનરલ સભ્યના ધારાસભામાં ૧૯૨૬ ના માર્ચના તા. ૧૭ મીના સ્ટેટમેન્ટ પ્રમાણે સ્થાનિક સરકારે ૧૯૧૯ ના મેની તા. ૨૬ મીએ હિંદી વજીરને તાર કર્યો હતો. " સરકારે સર જ્યો. બુકાનન જેઓ કામ પર છે તેમની નીમણુંક કરવાનું નક્કી કર્યું છે " દેખીતી રીતેજ ૧૯૨૦ ના માર્ચની તા. ૩૧ મીએ કરાર થયાની હકિકત ખોટી છે કેમકે સર જ્યો. બુકાનની નીમણુંક પછી તરતજ તેમને ૧૯૧૯ ના મેની તા૦ ૩૦ મીએ રીપોર્ટ કરવા કહેવામાં આવ્યું હતું.

ખોટો રીપોર્ટ.

પરંતુ સૌથી વધારે ચોંકાવનારી ખોટી વાત તો ૧૯૨૫ ના ફેબ્રુઆરીની ૧૭ મીએ પ્રગટ થયેલા સલાહકાર કમીટીના વચગાળેના રીપોર્ટમાં છે. સર લોલેસ હેપર કમીટીના પ્રમુખ હતા અને પહેલીજ સહી તેમની હતી. તે રીપોર્ટમાં નીચેનો ફકરો છે:—

" આ ઉપરથી દેખાશે કે એકએની યોજના જે હદે પહોંચી છે તે પછી તે ચાલુ રાખવી જોઇએ. સિવાય કે ઇજનેરી દૃષ્ટિએ તે સંગીન નથી અથવા તો તે બંધ કરવાથી થાય તેના કરતાં ચાલુ રાખવાથી પરિણામે વધારે ખોટ જશે એવું માનવાને ગંભીર કારણો છે એવું પુરવાર કરી શકાય. પહેલા મુદ્દાના સબંધમાં તો ' કામકાજ કાર્યક્રમ મુજબ સરળતાથી ચાલ્યું છે અને કેટલાક ચોમાસાથી તેની સહીસલામતીની કસોટી થઇ ચૂકી છે. એટલે આ બાબતમાં પ્રજાને ગમે તે ભય હોય પરંતુ યોજના સફળતાથી પુરી નહિં કરી શકાય એવું માનવાનું કમીટી કાંઇ કારણ જોતી નથી. "

" આર્થિક નુકશાનની બાબતમાં પણ ' અત્યાર સુધી તો ખર્ચ અડસટ્ટા પ્રમાણેજ થયું છે ' તા૦ ૩૧–૩–૨૪ સુધી વ્યાજ સાથે કુલ ખર્ચ રૂ. ૪ કરોડ ૧૨ લાખ ૩૯ હજાર થયું છે જ્યારે અડસટ્ટો રૂ. ૪ કરોડ ૨૧ લાખ ૧૬ હજારનો હતો. "

ખાતાના વડાએ ૧૯૨૫ ના ફેબ્રુઆરીમાં સહી કરેલા પ્રજા અને ધારાસભાની જાણ માટેના અગત્યના રીપોર્ટમાં ઉપરની હકિકત છે અને એ હકિકતને આધારે કેટલાક સભ્યોએ યોજના પુરી કરવાની ભલામણ કરી.

ગોટાળો દાબી દેવાનો ઈરાદો.

હવે વાત બહાર આવે છે કે ગોટાળો દાબી દેવા માટે પ્રજા અને ધારાસભાને અવળે માર્ગે દોરવવાના ઇરાદાથી ઇરાદાપૂર્વક ખોટી હકિકત જણાવવામાં આવી હતી.

અમારી જાણ પ્રમાણે રીપોર્ટ સહી કરીને પ્રગટ કરવા પહેલાં થોડા દિવસ અગાઉ એટલે કે ૧૯૨૫ ના જાન્યુઆરીની તા૦ ૨૭ મીએ સર લોલેસ હેપરે સરકારને લખેલા પત્રમાં જુદુંજ ચિત્ર દોર્યું છે. ગંભીર નુકશાનનો ભય દેખાડયો છે અને કમીટી સમક્ષ જુબાની આપતાં તેણે કબુલ કર્યું છે ઘણા વખત પહેલાં એટલે કે ૧૯૨૪ ના મેમાં તેને ખબર પડી હતી કે સર જ્યો. બુકોનના રીપોર્ટ માટેના ખોટા વર્ણનની ભૂલ એવી હતી કે જે ભયંકર નીવડી હતી. આમ છતાં ૧૯૨૫ ના ફેબ્રુઆરીમાં અગત્યની કમીટીના પ્રમુખ તરીકે તે કમીટીને, ધારાસભાને અને પ્રજાને ખોટી હકિકતથી તે આડે માર્ગે દોરે છે કે કામ સરળતાથી ચાલે છે, પ્રજાનો ભય ખોટો છે અને યોજનાની

સફળતા વિષે કશી શંકા નથી. આવા દેખીતી ઉલટાસુલટી વાતો માટે તે કમીટી અને પ્રજા સમક્ષ ખુલાસો કરવા જવાબદાર છે, આ ઉપરાંત વાર્ષિક હેવાલોમાં ખોટે માર્ગે દોરવનારી હકીકતો કમીટીએ જોઇ છે. આ ખોટી હકિકતો માત્ર નિર્દોષ ભૂલ કે 'સરતચૂક'ને લીધે નહિં પરંતુ સરકારની ખાનગી રાખવાની નીતિ માત્ર છે એ બતાવવા માટેજ મેં થોડા ચોંકાવનારા દાખલા આપ્યા છે.

કાયદાની ચાલબાજી.

ઉપર બતાવ્યું તેમ શરૂઆતથીજ કાયદાની ચાલબાજીથી ધારાસભાનો કાયદેસર અને બંધારણપૂર્વક અંકુશ દૂર કરવામાં આવ્યો હતો. પોર્ટ ટ્રસ્ટ, રોયલ ઇન્ડીયન મરીન, દેશી અને યુરોપીય વેપારી મંડળો જેવી શહેરની અગત્યની સંસ્થાઓની સલાહ પણ પૂછવામાં ન આવી, પ્રતિનિધિત્વની કોરપોરેશનની માગણીનો વિરોધ કરવામાં આવ્યો, જાહેર તપાસના ધારાસભાના ઠરાવની અવગણના કરવામાં આવી અને એ બધા ઉપરાંત પરપોટો ફુટી ગયા પછી પણ ઇરાદાપૂર્વક ખોટી અને આડે માર્ગે દોરનારી હકીકતો રજુ કરવામાં આવી. આ બધા સંજોગો આવી અસાધારણ રીતે આવડી મોટી યોજના ચાલુ કરવામાં અને અસાધારણ અને બીનવેપારી રીતે ચાલુ રાખવામાં સરકારની 'શુભ નિષ્ટા' વિષે સ્વભાવિક, શંકા પેદા કરે છે.

અમેરીકન અનુભવીઓનો અભિપ્રાય.

કદાચ કમીટીની ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે ૧૯૧૦-૧૧ માં તાતા કંપની કે જે બહુજ જુની અને પ્રખ્યાત પેઢી છે તેણે

દરિયો પુરવાનો વિચાર કર્યો હતો અને કંપનીના પ્રતીનીધી મી. રતન તાતાએ એ વિષયમાં સૌથી બાહોશ અમેરીકન પેઢી મેસર્સ. જેકબ્સ એન્ડ ડેવીઝની સલાહ લીધી હતી. એ પેઢીના પ્રતિનિધિ મી. હ્યુએટે મુંબઇ આવીને અનેક દૃષ્ટિબિંદુથી વસ્તુસ્થિતિ તપાસી હતી અને દરિયો પુરવાની અનેક રીતોનો વિચાર કર્યો હતો. તેમણે ૧૯૧૦ ના મેમાં અને કંપનીના પ્રમુખ મી. ચાર્લ્સ. એમ. જેકબ્સે ૧૯૧૧ ના માર્ચની તા. ૨૧ મી એ રીપોર્ટ કર્યો હતો તેમાં કહે છે કે "મારા અભિપ્રાય પ્રમાણે આવી જંગી યોજના બીન-જરૂરી અને તદ્દન હવાઇ કિલ્લા જેવી છે. અમને લાગે છે કે કુદરતની રચનામાં માથું મારવાની આવી ગંજાવર યોજનાથી શહેરને શું લાભ હાનિ થશે તેનો વિચાર કર્યા વિના સરકારે દરિયો પુરવાનો અને તેનો અંત આણવાનો વિચાર કર્યો છે. તમારી ઇચ્છા માત્ર રીપોર્ટની નહિ પણ અંગત નિખાલસ અભિપ્રાયની છે એમ માનીને અમે આ બાબતમાં દિલ ખોલીને વાત કરી છે અને સત્તાવાર રીપોર્ટ કરતાં વધારે ભારપૂર્વક જણાવ્યું છે."

આ રીપોર્ટ કમીટીને ઉપયોગી થશે એવી આશાથી તેની નકલો આ સાથે રજુ કરી છે.

સરકારની બેદરકારી.

આ રીપોર્ટ મુંબઇ ખીલવણી ખતાની કમીટીના ૧૯૧૪ ના રીપોર્ટમાં ૧૯૯ અને ૧૮૫ મા પાનામાં છે અને તે સરકાર પાસે છે. આ યોજના શરૂ કરતાં પહેલાં સરકારે દરિયો પુરવાની બાબતમાં સૌથી ઉત્તમ ગણાતા ઇજનેરોના આ અગત્યના રીપોર્ટ પર વિચાર

કર્યો હતો કે નહિં તે જણાયું નથી. જો આટલી સહેલાઇથી મળેલા રીપોર્ટનો સરકારે વિચાર ન કર્યો હોય તો તે સરકારની બેદરકારીનો વધુ દાખલો બતાવી આપે છે.

આ કરતાંયે વધારે અગત્યનો પોર્ટ ટ્રસ્ટમાં કામ કરતી અને પાછળથી સરકારે ખરીદેલી ડ્રેજર વિષેનો અભિપ્રાય છે. બીલ્ડીંગ ખાતાની કમીટી સમક્ષ ૧૯૧૩ ના ડીસેમ્બરની તા૦ ૧૨ મી એ જુબાની આપતાં મેસર્સ તાતા કંપનીવાલા મી૦ બીલીમોરીયાંએ જણાવ્યું કે જેકબ્સ અને ડેવીઝના અભિપ્રાય પ્રમાણે ડ્રેજરોની જીંદગી લાંબી નથી હોતી અને પોર્ટ ટ્રસ્ટની ડ્રેજર પણ ખલાસ થવા આવી હતી. મી૦ હ્યુએટનો એવો અભિપ્રાય હતો કે પોર્ટ ટ્રસ્ટની ડ્રેજર દરિયો પુરવા માટે વધુ વખત નહિં ચાલે (જુઓ ૧૯૧૪ ની મું૦ બી૦ કમીટીનો રીપોર્ટ પા૦ ૩૨૦–૩૨૧)

જો કે પોર્ટ ટ્રસ્ટની ડ્રેજર વધુ ઉપયોગી નથી એવો પ્રખ્યાત અનુભવીઓનો અભિપ્રાય સરકાર પાસે હોવા છતાં અને બસરા ખાતે વપરાશથી તેને વધુ ઘસારો પહોંચ્યા પછી કેટલેક વર્ષે સરકાર તે ડ્રેજર ગંજાવર કિંમતે ખરીદે છે. તેનું કામ અનુભવનાર પોર્ટ ટ્રસ્ટની સરકાર સલાહ લેતી નથી કે પોતાની પાસેના રીપોર્ટ તપાસતી નથી કે જેમાં સ્પષ્ટ અભિપ્રાય છે કે તે ડ્રેજર નકામી થશે.

યોજના શરૂ કરતાં પહેલાં એક ખાનગી પેઢી કેટલી કાળજી અને સાવચેતી રાખે છે અને સરકાર કેટલીક બેદરકારી અને અજ્ઞાનતા દાખવે છે એ આ ઉપરથી દેખાઈ આવે છે.

બીજાને માથે દોષ ઢોળવાનો પ્રયત્ન.

ગમ્મતની વાત તો એ છે કે જ્યારે આ ગોટાળો ખુલ્લો પડી

જાય છે ત્યારે તેમાં સંડોવાયેલા બે પક્ષો બીજાઓ ઉપર જવાબદારી ઢોળવાના પ્રયત્નો કરે છે. સર લોલેસ હેપર સર જયો. બુકાનનો દોષ કાઢે છે ત્યારે સર જયો. બુકાનન દોષનો ટોપલો સરકાર પર ઢોળે છે. ધારાસભામાં સભ્યો એ અનુભવીની ટીકા કરે છે કે તેની લાયકાતનો સવાલ ઉઠાવે છે ભારે ડીરેક્ટર ઉભા થઇ તેનો બચાવ કરે છે અને પોતાનો બચાવ કરવા હાજર ન હોય તેવા ગૃહસ્થ પરના હુમલાને બાયલા ગણે છે.

કોણ જવાબદાર?

મારી દલીલ એ છે કે સરકાર કે ખાતાનો વડો બધી જવાબદારી અનુભવીના પર ઢોળીને દોષમુક્ત થઇ ન શકે. સૌથી પહેલાં સરકાર અથવા સર જયો. બુકાનની નીમણુંક માટે જવાબદાર વ્યક્તિ દોષપાત્ર છે. જે સંજોગોમાં આ સૌથી અગત્યની અને મોટા પગારની નીમણુંક કરવામાં આવી તે એટલી અસાધારણ છે કે તેની ઉંડી અને બારીક તપાસ થવાની જરૂર છે સવાલ એ છે કે સર જયો. બુકાનની નીમણુંક લાયકાતને આધારે કે અંગત કારણે કરવામાં આવી હતી? આ ફરજ કડવી જણાશે પરંતુ છેવટની જવાબદારી નક્કી કરવા માટે કમીટીએ તેમાં માથું મારવુંજ પડશે.

સરં જયો. બુકાનનની નીમણુંકના અસાધારણ સજોગો.

સર જયો. બુકાનનની નીમણુંકના અસાધારણ સંજોગો નીચે પ્રમાણે છે.

(અ) આ હોદ્દો મોટી જવાબદારીનો હતો અને માણસની પસંદગી ઉપર યોજનાની સફળતા નિષ્ફળતાનો આધાર હતો, છતાં તેની બ્રીટીશ,

યુરોપીય કે અમેરીકન છાપાઓમાં જાહેર ખબર આપવામાં ન આવી પરંતુ સર જ્યો. બુકાનનીજ પસંદગી કરવામાં આવી. ખાસ કરીને અસાધારણ અનુભવીની નીમણુંક માટે આ સાધારણ પદ્ધતિથી ઉલટું છે. શરતો એટલી લલચાવનારી અને બદલો એટલો મોટો હતો કે જાહેર ખબરથી દુનિયાના સૈથી વધુ શકિતવાળા, બાહોશ અને અનુભવી ઉમેદવારો આકર્ષાત. એલફીન્સ્ટન હાઇ સ્કુલના પ્રીન્સીપાલ જેવી બીન અગત્યની જગ્યા માટે ઇંગ્લાન્ડના પત્રોમાં સરકારે જાહેર ખબર આપી હતી, પરંતુ આવી અગત્યની નીમણુંક માટે એકદમ એકજ જણની પસંદગી કરવામાં આવે અને બીજાઓને તક પણ આપવામાં ન આવે એ ખ્યાલમાં આવી શકતું નથી

લાયકાત હતી કે ?

(અ) કબુલ કરવામાં આવ્યું કે ખુલ્લા દરિયામાં આટલી મોટી પુરણી કરવાનો સર જ્યો. બુકાનને અનુભવ નહોતો કે તેને ખાસ તાલીમ પણ મળેલી નહોતી, તેની આગલી કારકીર્દિ બતાવે છે કે માત્ર રંગુનના બીજા વર્ગના બંદરનો ઇજનેર અને પ્રમુખ હતો, અને ફારેગ થયા પછી મેસોપોટેમીયામાં એજ કામ કર્યું હતું. તો પછી આવી ગંજાવર યોજનામાં સલાહકાર બનવાની તેની કયી લાયકાત હતી ?

(ક) નીમણુંક એટલી ઉતાવળમાં કરવામાં આવી હતી કે સર જ્યોર્જ લોઇડની સરકાર યોજના મંજુર થતાં સુધી પણ થોભી શકી નહિં. યોજના મંજુર થઇ ૧૯૨૦ ના જુનમાં. નીમણુંક તે પહેલાં મહીનાઓ અગાઉ એટલે કે ૧૯૧૯ ના મેમાં થઇ અને કરાર ૧૯૨૧ ના માર્ચમાં થયા. ફરી બંધારણનો સવાલ ઉઠે છે કે કોઇ પણ યોજના મંજુર થયા વિના કોઇ પણ નીમણુંક થઇ શકે કે ?

માત્ર કમીશનનાજ લાખો રૂપીઆ.

(ડ) કરારની શરતો અસાધારણ અને અતિ ઉદાર હતી. તેની પોતાની ભલામણ પ્રમાણેની સઘળી ખરીદી ઉપર ૨ ટકા કમીશન જે હળવામાં હળવા શબ્દોમાં બીન-વેપારી અને ગેરઇન્સાફી છે. ડ્રેજર જેવી મોટી ખરીદીઓના કમીશનો ઉપરાંત કંપની દર મહીને સરેરાશ રૂ. ૧૪-૧૫ હજાર ઉપાડતી કે જે એક ગવરનરના પગારથી પણ વધારે છે. મી. કાવસજી જહાંગીરના જણાવવા પ્રમાણે મેસર્સ મીક અને બુકાનનનું માત્ર ડ્રેજીંગ યંત્રોની ખરીદી.. પરનું કમીશન રૂ. ૮ લાખ ૯૪ હજાર થયું હતું. માત્ર બે વર્ષ પહેલાં નાણાં કમીટીની મારફત બહાર પડયું તે પહેલાં આ કરારની કોઇ સભ્યને ખબર પણ નહોતી.

ગેરકાયદેસર પગલું.

(ઈ) પરંતુ સૌથી વધારે વાંધાભર્યું તો એ છે કે આ બધું છુપું રાખવા અને મોટા કમીશનો ઉપર ચર્ચા ન થાય .તેટલા ખાતર કમીશનની અગત્યની બાબત સરકારે ધારાસભાની મંજુરી બહારની ગણી હતી. જો કે કાનુન પ્રમાણે ભથ્થા અને કમીશન માટે ધારાસભાની મંજુરી માગવી જોઇએ. આ અનિયમિતતા ૧૯૨૪ સુધી ચાલી,. જે પછી ઓડીટર જનરલે વાંધો ઉઠાવ્યો અને સરકારને તે બાબત ધારાસભાની મંજુરી માટે મૂકવાની ફરજ પડી.

ઇજનેર મંડળમાંથી બાતલ.

સર જ્યો. બુકાનન સબંધી કમીટીને જાણવાજોગ થઇ પડે એવી બીજી વાત એ છે કે તેનું નામ ઇંગ્લાન્ડના ઇજનેર મંડળમાંથી

રદ કરવામાં આવ્યુ છે. ગયા માર્ચની ધારાસભામાં એ વિષે પૂછવામાં આવતાં જનરલ સભ્યે પહેલાં તો જણાવ્યું કે કશી ખબર નથી, પરંતુ વધારાના સવાલો દરમીયાન કબુલ કર્યું કે તેનું નામ કમી કરવામાં આવ્યું છે, પરંતુ તેનું કારણ જણાયું નથી.

આ બધા મુદ્દાઓ સામાન્ય માણસની દૃષ્ટિએ તેની નીમણુંક સબંધી તપાસ કરવા જેવા છે. આ બધી ભયંકર નિષ્ફળતા તેનેજ આભારી હતી અને તેની અન–આવડત અને અજ્ઞાનતાનું પરિણામ હતું એવું ઠરાવવા પ્રયત્ન કરવામાં આવે છે એટલે તો જે કામ માટે હવે તે નાલાયક કહેવામાં આવે છે તે કામ અને જોખમદારી તેને કોણે સોંપ્યા તે જણાવાનું કમીટી અને પ્રજા માટે અગત્યનું થઇ પડે છે.

એ બધું શા માટે ?

કમીટી એ પણ ધ્યાનમાં લેશે કે તે તાજેતર રંગુન પોર્ટ ટ્રસ્ટની નોકરીમાંથી ફારેગ થયો હતો. પોતાના બીજા કામમાંથી મુક્ત થતાંજ સુંદર જગ્યાની તે શોધમાં હશે એવે વખતેજ તેના સદ્દભાગ્યે આ સાથી મોટા પગારની જગ્યા ઉભી કરવામાં આવી. આ યોજનાના સબંધમાં તેના ભાગીદાર મી. મીક વિષે કાંઇજ જાણવામાં આવ્યું નથી અને તે કંપની સાથે સર જયો. બુકાનનો સંબંધ યોજના શરૂ થતાં પહેલાં થોડા વખત પહેલાંજ શરૂ થયો હોવો જોઇએ. બીજી પેઢીઓની માફક આ પેઢી પણ ખીલવણી ખાતાની સાથ ઉગી નોકળી હતી કે અનુભવી તરીકેની નીમણુંક મેળવવાના સદ્દભાગ્યને લીધે એક જુની કંપનીએ તેને દાખલ કર્યો હતો ? ન્યુયોર્કની જેકબ્સ અને ડેવીઝ કે જેઓ અનુભવીઓ તરીકે પ્રખ્યાત હતા, જેમની તાતા કંપનીએ સલાહ લીધી હતી અને જેમણે આ સવાલનો



મી. કે એફ. નરીમાન, વકીલ હાઇકોર્ટ, મુંબઇ.

અભ્યાસ કર્યો હતો તેનું નામ સરકાર સમક્ષ હોવુંજ જોઇએ. તેમના રીપોર્ટ સરકારી ફાઇલમાં હતા. તો તેઓને કાં પૂછવામાં ન આવ્યું ! અને રંગુનના બંદરના માજી અમલદાર ઉપર પસંદગી કાં ઉતરી ? પરિણામોનો વિચાર કર્યા વિના યોજના ચાલુ કરવામાં સરકાર એટલી આતુર હતી કે આ સ્વતંત્ર બાહોશ અનુભવીઓના રીપોર્ટ રખેને યોજનાની વિરૂદ્ધ જાય અને યોજના પડતી મૂકી પડે એ ભયથી સરકારને જરૂર નહોતી એ કારણ હતું ? પ્રતિકૂળ ટીકા અને વિરૂદ્ધ અભિપ્રાયના એવા ભયને લીધેજ શું સરકારે શહેર કે ઇલાકાની કોઇ જાહેર સંસ્થાની સલાહ લીધી નહિં ? યોજના એકદમ શરૂ કરવામાં વિઘ્ન નામે એવા સઘળાં પગલાં સંભાળપૂર્વક દૂર રાખવામાં આવ્યાં હતાં.

કમીટી માટે પ્રજાની આશા.

પ્રજા આશા રાખે છે કે કમીટી સર જયો. બુકાનનની નીમણુંકનો સવાલ બારીકીથી તપાસશે અને જે ખોટા પગલાંથી આ બધી બરબાદી થઇ તેની જોખમદારી કોને માથે છે તે નક્કી કરશે તેમજ તેની સાથેનો કરાર કે જે સલાહકાર અનુભવી સાથેના કરતાં કમીશન એજન્ટ સાથેના કોન્ટ્રાક્ટ જેવો લાગે છે તે વિષે અભિપ્રાય આપશે.

ડ્રેજરની ખરીદી વિષે.

સર જયો. બુકાનની નીમણુંક પછી બીજો અગત્યનો મુદ્દો ડ્રેજર "સર જયોર્જ લોઇડ" અને "કાલુ" ની ખરીદીનો છે. જે સોદાને સારા સોદા ગણાવવાની ડીરેકટરે ધૃષ્ટતા કરી હતી તે ખુલ્લા પાડવા કમીટી સમક્ષ પુરતી જુબાની પડી છે.

અઘટિત ઉતાવળ.

અનુભવીની નીમણુંકની માફક આ ખરીદીઓમાં પણ પાછળ કાંઈ છુપો હેતુ હોય એવી શંકા ઉપજાવે એવી અઘટિત ઉતાવળ કરવામાં આવી છે. મૂખ્ય ઇજનેર મી. કેરે આપેલી ખબર મૂજબ "કાલુ" ૧૯૧૯ ના નવેમ્બરમાં એટલે કે યોજના મંજુર થયા પહેલાં આઠ મહીના અગાઉ ખરીદવામાં આવી હતી.

માત્ર વ્યાજના લાખો રૂપીયા.

ખરીદ્યા પછી વીસ મહીના તે નકામી પડી રહી અને પ્રજાને માથે લાખોનું વ્યાજ પડયું. યોજના મંજુર થયા પહેલાં સોદો કરી વાળવાની ઉતાવળમાં સરકાર શા માટે હતી તે સમજવું મુશ્કેલ છે. અનુભવીની નીમણુંકની જેમ આ બીજુ બંધારણ વિરૂધ્ધ અને ગેરકાયદેસર પગલું હતું. ધારાસભાના પ્રમુખના રૂલીંગ પ્રમાણે "યોજનાઓ ચાલુ કરવા પહેલાં ધારાસભાની મંજુરી માટે રજુ કરવી જોઇએ. એજ બંધારણપૂર્વકનો રસ્તો છે."

ગુન્હાભરી બેદરકારી.

પોર્ટ ટ્રસ્ટ કે જેને તેના કામનો અનુભવ હતો તેની પણ સલાહ લેવામાં આવી નહિં, અને વધુ ખરાબ તો એ છે કે અનુભવીઓ જેકબ્સ અને ડેવીઝે અભિપ્રાય આપ્યો હતો કે પોર્ટ ટ્રસ્ટની ડ્રેજરની ઉપયોગિતા ખલાસ થઇ આવી છે તેથી તે દરિયો પુરવામાં વધુ કામમાં ન લાગે. તે ડ્રેજર દુરસ્ત કરવામાં મોટી રકમ ખર્ચવી પડી હતી તે બતાવી આપે છે કે તે ચાલુ હાલતમાં નહોતી. ગુન્હાભરી

બેદરકારી બતાવવામાં આવી છે અને એમાં તો શંકા નથી કે કોઇ ખાનગી કંપનોના ડીરેકટરોએ શેર હોલ્ડરના નાણાંની આવી બરબાદી કરી હોત તો તેઓ જવાબદાર ઠર્યા હોત અને નુકશાની ભરવી પડી હોત.

આખી જીંદગીમાં ન કમાયો હોય તેટલો નફો.

આવા કિંમતી અને અગત્યના યંત્રોના ટેન્ડર માગવામાં આવ્યાં નહોતા, જો કે આખી યોજનાની સફળતાનો આધાર એ યંત્રોની કાર્યશકિત ઉપર હતો. સલાહકાર કમીટીના કામકાજ દરમીયાન જણાયું હતું કે અમેરીકામાં વધારે સારી ડ્રેજરો સસ્તે ભાવે મળી શકે છે, છતાં બીજા દેશોમાં તપાસ કરવાનો કે ઇંગલાન્ડની જાણીતી પેઢીઓને પણ પૂછાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો ન હતો. આમ છતાં એકલી આ ખરીદીઓથીજ સલાહકાર ઇજનેરોને એટલો મોટો નફો થયો છે કે જે કદાચ સર જ્યો. બુકાનનની તેની આખી જીંદગીમાં કમાઇ શકયો નહોતો. જો "કાલુ" અનુભવીની નીમણુંક પહેલાં ખરીદાઇ હોત તો તેના વેચાણ પર તેને કમીશન મળી શકે કે? નીચેની તારીખો બતાવી આપે છે કે હિંદી સરકાર અને હિંદી વજીરની છેવટની મંજુરી મળ્યા પહેલાં લાંબા વખત પહેલાં આ યોજના સંબંધી સ્થાનિક સરકારે મોટી જવાબદારીઓ વહોરી લીધી હતી:—

સ્થાનિક સરકારે સર જ્યો. બુકાનનની નીમણુંક કરી મે ૧૯૧૯

ડ્રેજર 'સર જ્યોર્જ લોઇડ" ખરીદી ડીસેમ્બર ૧૯૧૯

"કાલુ" ખરીદી નવેમ્બર ૧૯૧૯

જ્યારે હિંદી સરકાર અને હિંદી વજીરે યોજના મંજુરી કરી તા૦ ૪ થી મે ૧૯૨૦

ડ્રેજર "કાલુ" અને "ઝીંગા" વિષે વધુ માહિતી.

ડ્રેજર "ઝીંગા" અને "કાલુ" એ બંને પોર્ટ ટ્રસ્ટે સાઇમન્સ કંપની પાસેથી ૧૯૦૭ માં ખરીદી. બન્નેની કિંમત રૂ. ૧૭,૬૧,૭૦૦ છુટા ભાગો રૂ. ૧૭,૩૮૦ ગેરંટી આપવામાં આવી હતી. ડ્રેજર કામ ઓછું આપે તો કંપની દર ઘન વાર દીઠ ૨૦ પાઉન્ડ દંડ આપે એટલે કે બન્ને ડ્રેજર મળીને રોજના ૪ હજાર ઘન વારને બદલે ૩ હજાર ઘન વાર નરમ માટી કાઢે તો કંપની ૨૦ હજાર પાઉન્ડ દંડ આપે. નરમ માટી એટલે પ્રવાહી કાદવ નહિ.

ડ્રેજરોએ વધુમાં વધુ કલાકના ૪૦૦ ઘન વારથી વધુ કામ આપ્યું નહોતું.

બન્ને ડ્રેજરો લશ્કરી ખાતાને મેસોપોટેમીયા માટે ૧૯૧૫ના નવેમ્બરમાં રૂ. ૭ લાખ ૮૦ હજારમાં વેચવામાં આવી હતી.

અસાધારણ મોટી કિંમત

જો આ હકિકત ખરી હોય તો લશ્કરી ખાતાએ "કાલુ" અને "ઝીંગા" ૧૯૧૫ માં રૂ. ૭ લાખ ૮૦ હજારમાં ખરીદી હતી અને ચાર વર્ષ પછી સરકાર માત્ર "કાલુ" એકલી ૭૫ હજાર પાઉન્ડમાં ખરીદી હતી અને એ ઉપરાંત દુરસ્ત કરાવવાની મોટી રકમ ખર્ચી હતી.

ચાર વર્ષ પછી કિંમત ઘણી ઘટી હોવી જોઇએ. છતાં સરકારે એકને માટે ઘણી મોટી રકમ આપી

બીજી ભયંકર બેદરકારી.

સર લોલેસ હેપરને સરંજામ ખાતાના વડા તરીકે આ માદા સાથે કશો સંબંધ હતો કે? લશ્કરી ખાતાનો વધારાનો માલ વેચી નાખવાનું કામ તેનું હતું કે? સરંજામ ખાતાના પ્રધાન મારફત લશ્કરી ખાતાએ વેચેલા વધારાના માલમાં "કાલુ" પણ હતી કે? ડ્રેજર નવી હતી ત્યારે પણ પોર્ટ ટ્રસ્ટે ગેરન્ટી લીધી હતી. બેમાંથી એકકે ડ્રેજર માટે સરકારે કશી ગેરંટી લીધી નહોતી આ બીજી ભયંકર બેદરકારી કે જેથી મોટી ખોટ ગઇ.

પોર્ટ ટ્રસ્ટને લશ્કરી ખાતાએ શું કિંમત આપી હતી તેની તપાસ કરવામાં આવી હતી કે?

લશ્કરી ખાતા અને સરકાર વચ્ચે છેવટનો સોદો કેવી રીતે અને કોના મારફત તેની કમીટીએ તપાસ કરવી ઘટે છે. આ બતાવે છે કે કાયદા અને બંધારણની તદ્દન અવગણના કરવામાં આવી છે.

પાકી તપાસ વિના યંત્રની ખરીદી

યોજનાની શાસ્ત્રીય બાબતમાં અભિપ્રાય આપવો મારા જેવા સામાન્ય માણસ માટે મુશ્કેલ છે, છતાં આ વિષયમાં જુદા જુદા કાગળોનો અભ્યાસ કર્યા પછી કાંઇ પણ ધંધાદારી કે શાસ્ત્રીય જ્ઞાન વિનાના રસ્તે જનાર પણ જોઇ શકે એવી ખામીઓ દેખાય છે. પોર્ટટ્રસ્ટ દરિયો પુરવામાં જે રીતે કામ લે છે તેના અભ્યાસથી સામાન્ય માણસને એ વિષયનો ખ્યાલ મળી શકે છે. સો પહેલાં પોર્ટટ્રસ્ટ યોજનાના અમુક વિભાગનો અનુભવ ધરાવનાર બાહોશ ઇજનેરને

બારીક તપાસ અને આખો વિસ્તાર તપાસવા નામે છે, તો પછી કાદવ કાઢવા માટે કેવી જાતનું યંત્ર જોઇશે તે નક્કી કરવા માટે દરિયાના તળીયામાંથી કાદવ કાઢી જોઇને પાકી મહિતી મેળવવામાં આવે છે. તે પછીજ એ અનુભવી ઇજનેર રીપોર્ટ અને અડસટ્ટો રજુ કરે છે. પરંતુ આ યોજનામાં તો સરકારે અને તેના અનુભવીએ "૧૯૧૪ માં મી. કીડે કરેલા થોડાક કાચા બોરીંગ" પર કામ ચલાવ્યું. કબુલ કરવામાં આવ્યું છે કે પાકા બોરીંગ કે દરિયાની તળેટી કેવી છે તે માટેની તપાસ કરવામાં આવી નહોતી, કે જેના વિના ખર્ચાળ યંત્ર મંગાવવું એ તદ્દન જોખમભર્યું છે

પ્રજાની આંખમાં ધૂળ.

મી. કીડના પ્રાથમિક તપાસને આધારે સર જ્યો. બુકાનને પોતાનો રીપોર્ટ અને અડસટ્ટો તૈયાર કર્યો. કહેવાય છે કે જે સરકારે એકદમ સ્વીકારી લીધા. કેવા પ્રકારનો કાદવ કાઢવો પડશે અને તે માટે કેટલે દૂર સુધી નળ નાખવા પડશે તે જાણ્યા વિના કેવી ડ્રેજર મંગાવવી એ કેમ જાણી શકાય? અને જ્યારે ભૂલ પકડાઇ ત્યારે પ્રજાને વિશ્વાસમાં લઇને એ જંગી ભુલ કબુલ કરવાને બદલે સરકારે જુઠાણાની જાળ રચી અને ખોટી હકિકતોથી પ્રજાની આંખમાં ધૂળ નાખવા માંડી. પરિણામે મૂળ અડસટ્ટો પહેલાં ૧૦૦ ટકા વધાર્યો હતો તે હવે ૩૦૦ ટકા વધી ગયો છે અને તેના પ્રમાણમાં મુદત પણ વધી છે

પરંતુ આ ઇજનેરી અને શાસ્ત્રીય મુદ્દા કમીટીના અનુભવીઓ પર છોડીને હું એક બીન-અમલદારી સાક્ષીને યોગ્ય ક્ષેત્ર એટલે કે યોજનાના આંતરિક વહિવટ અથવા તો ગેરવહિવટ અને કામકાજ ઉપર આવીશ.

મુશ્કેલ સંજોગો.

હું ધારાસભાનો સભ્ય બન્યો તે પહેલાં યોજનાના વહીવટમાં અખત્યાર કરવામાં આવેલી અનિયમિતતા તરફ મારૂં ધ્યાન ખેંચાયું હતું. ખીલવણી ખાતું જે ખાનગીપણું જાળવી રહ્યું હતું અને પોતાના ખાનગી વાતો જરાયે બહાર પડવા દેતું નહોતું તે જોતાં પડદા પાછળ ફેંકીયું કરવા માટે મારા જેવા સામાન્ય માટે કેવી મુશ્કેલી સામે ઝુઝવાનું હતું તે કમીટી સમજી શકશે. આમ છતાં છાપાઓમાં ચર્ચાપત્રો, ધારાસભામાં ઠરાવો, અંદાજપત્ર ઉપર ચર્ચા વિગેરે માર્ગે ગંભીર અનિયમિતતાનો પ્રજાને ખ્યાલ આપવાનો મેં દરેક પ્રયત્ન કર્યો છે. એ અનિયમિતતાને મેં ધારાસભામાં તેમજ જાહેરમાં મોટા જાહેર ગોટાળા તરીકે જણાવી છે. કમીટી સમજી શકશે કે આવી જાતના આક્ષેપો માટે તાત્કાળિક અને ચાંપતી તપાસ કરવામાં ન આવે તો એ લુચ્ચાઇઓ પકડવી મુશ્કેલ છે. જ્યારે ખુલ્લી રીતે આક્ષેપો કરવામાં આવે ત્યારે એમાં સંડોવાયલા પક્ષો એ બાબત પર અજવાળું પાડે એવા કાગળો વિગેરે કિંમતી સાધનોનો નાશ કરવાની જરૂરી પગલાં અને સાવચેતી લે એ કુદરતી છે.

મોડી તપાસ કરવામાં મુશ્કેલી.

ખેદની વાત છે કે આક્ષેપો કરવામાં આવ્યા પછી તરતજ તપાસ શરૂ કરવાની સ્થાનિક સરકારને પ્રજાની અરજ અને એજ બાબતનો ધારાસભાનો ઠરાવ અરણ્યરૂદન સમાન નીવડયા. પ્રજાની માગણી કે ધારાસભાના ઠરાવને સરકારે દાદ ન દીધી. એ ઠરાવ થયાને અને આક્ષેપો કર્યાને લગભગ બે વર્ષ વીતી ગયાં છે અને

ઘણાખરા અમલદારો નોકરી છોડી ગયા છે. તેમજ કેટલીક પેઢીઓએ સંબંધ છોડયો છે. એટલે હકિકતો ખોળી કાઢવા માટે આટલી મોડી તપાસ ચલાવવી અત્યંત મુશ્કેલ છે

સરકારને ચેલેંજ.

૧૯૨૫ના માર્ચની ધારાસભાની ચર્ચા દરમીયાન મેં જણાવ્યું હતું કે "કશા પણ સંકોચ વિના અને મારી સઘળી જોખંમદારીથી હું ખુલ્લો આરોપ મૂકું છું કે પ્રજાના નાણાંનો ગંભીર ગેરવહિવટ અને ગંભીર બરબાદી થઈ છે. એવા પણ દાખલા છે કે જેને હું લુચ્ચાઇ કહી શકું અને પ્રજાની વતી અને આ કામમાં ૩૦ કરોડ રૂપીયા રોકનારાઓની વતી હું આ આરોપ મૂકું છું. જો સરકાર તપાસમાંથી છટકશે તો પ્રજાના મનની શંકા મજબુત થશે" વળી મેં જણાવ્યું હતુ કે, "હું એટલુંજ જાણવા માગું છું કે પ્રજાના નાણાનું શું થાય છે? આ નાણાંનો પ્રમાણિક અને કાયદેસર ઉપયોગ થાય છે કે ગેરઉપયોગ તે હું જાણવા માગુ છું. હું સરકારને ખુલ્લા દિલથી અને ખુલ્લી રીતે કહી દઉં કે શહેરમાં અને આખા ઇલાકામાં એવી ગંદી અફવા છે કે મોટા અમલદારો કારખાનાવાળાઓ પાસેથી છુપાં કમીશનો ખાય છે અને તેથીજ ખાતાને રૂા. ૩ લાખની ખોટ ગઇ છે. એજ કારણથી જોઇએ તે કરતાં વધારે તેમજ ન જોઇએ તે માલ મંગાવવામાં આવે છે. જો તમે સરપ્લસ ડીપોમાં જઇને જોશો તો રૂ. ૬ લાખ કે વધારેનો માલ વિના વેચાયો પડયો છે"

માત્ર સત્ય શોધી કાઢવાનો હેતુ.

છેલ્લી હકિકત શહેરમાં ફેલાયેલી અફવાનો પડઘો માત્ર હતો.

ઉપર જણાવ્યા પ્રમાણે સરકારે પ્રજાની માગણી સ્વીકારીને તેજ વખતે તાકીદે તપાસ શરૂ કરી હોત તો કદાચ અત્યંત ચોંકાવનારા ભોપાળાં બહાર પડયાં હોત. પરંતુ આટલા મોડા મોડા પણ ખાતાની કોઇ વ્યકિત સામે શંકા ઉઠાવવાની ઇચ્છા કે હેતુથી નહિ પણ સત્ય શોધી કાઢવાની સ્વતંત્ર તપાસ થઇ શકે અને પુરતા પુરાવા બહાર પડે તો કમીટીને યોગ્ય લાગે તેવાં પગલાં લઇ શકાય તે માટે હું એકઠી કરી શકયો છું તે હકિકતો હું કમીટી સમક્ષ મૂકી શકીશ. સરકારને મારી અરજ સત્ય શોધી કાઢવા માટે અમુક આક્ષેપોની તપાસ કરવા માટેજ છે અને આ બાબતમાં ધારાસભામાં અને જાહેરમાં મારા સ્ટેટમેન્ટ માત્ર દરિયાની પુરવણી વિષે નહિં પરંતુ આખા ખીલવણી ખાતાના કામકાજ વિષે છે અને જાહેર તપાસની માગણી કરવામાં હું વ્યાજબી હતો કે નહિં તેનો નિર્ણય કરવા કમીટી એ હકિકતો મને રજુ કરવા દેશે. આ ઉપરાંત કમીટીને કદાચ ખબર છે કે મારી સુચનાથી મ્યુનીસીપલ કોરપોરેશને ખાતાનાં બીજાં કામો પણ કમીટીની તપાસમાં આવી જાય એવો તેની સત્તામાં વધારો કરવા હિંદી સરકારને વિનંતિ કરનારો ઠરાવ કર્યો છે. એટલે એ વિષેનું મારૂં સ્ટેટમેન્ટ એવા વધારાની આશાએ લેવામાં આવે નહિં તો તેની સંકુચિત સત્તામાં નહિં આવતો ભાગ તે કમીટી ભલે કાઢી નાખે.

સામાન્ય નિયમનો ભંગ

સૌથી પહેલી અને અગત્યની ગંભીર ફરિઆદ કમીટીનાં ધ્યાન પર લાવવા હું એ ઇચ્છું છું કે દરિયો પુરવાના તેમજ બીજાં લાખો રૂપીયાના કામોના સંબંધમા ખીલવણી ખાતાએ વહિવટના સામાન્ય

નિયમો પણ પાળ્યા નથી અને છેક હમણાં સુધી ટેન્ડરો માગવાને બદલે અમુક કોન્ટ્રાકટરોને અતિશય મોંઘા ભાવે અને અનુકુળ શરતે કોન્ટ્રાકટો આપવાની મહેરબાનીઓ કરવામાં આવી હતી, જેથી પ્રજાને તો ભારે ખોટ ગઇ હતી.

એક વખતનો ગુન્હેગાર અમલદારોનો માનીતો

પુરણીના કામના મોટા ભાગનો એક અગત્યનો દાખલો આપું છું. બાલકીશન શેઠ ઉર્ફે દામોદર શેઠ આ કામ ઉપર માનીતો કોન્ટ્રાકટર હતો. તેની આગલી કારકીર્દિ જાણવાજોગ છે. તે પહેલાં ઉત્તર હિંદુસ્થાનમાં રેલવેમાં કારકુન હતો અને લુચ્ચાઇ અને છેતરપીંડી માટે તે બરતરફ થયો હતો તેમજ લાંબી કેદની સજા થઇ હતી. કેદ ભોગવી રહ્યા પછી એ કલંકિત સ્થિતિમાં પોતાના વતનમાં કમાઇ ખાવું તેને માટે મુશ્કેલ હતું એટલે તે કમાઈ ખાવા મુંબઈ આવ્યો. તેના સદ્ભાગ્યે તેજ વખતે આ કામ શરૂ થયું હતું અને પ્રભુ જાણે કઇ રીતે એણે પુરણીનું ટેન્ડર અને કોન્ટ્રાકટર આપનારા અમલદારોની મહેરબાની સંપાદન કરી. નાનાથી મોટા અમલદારોનો તે માનીતો થઈ પડયો અને વખત જતાં આ અને તેને લગતા કામોનો તેને ઇજારો મળ્યો. કોઇ હરીફ નહિં હોવાથી તે પોતાને ફાવે તે ભાવ કહેતો અને અમલદારો તે કબુલ રાખતા. ટેન્ડરો નહોતા મંગાતા ત્યારના તેના ભાવો બીજાના ટેન્ડરો સાથે અપાયેલા ભાવોની સરખામણી ઉપરથી મારી હકિકત જણાઈ આવશે.

ચારગણા ભાવ.

મળેલી માહિતી પ્રમાણે કોલાબા વિભાગની પુરણી માટે ૧૯ કે ૨૦ ટનના ડબ્બા દીઠ તેને રૂ ૧૦ મળતા, જે પાછળથી રૂ. ૬ અને રૂ. ૪-૬-૦ કરવામાં આવ્યા હતા. પરંતુ ધારાસભામાં ટીકા થયા પછી આવાં બધાં કામો માટે ટેન્ડર માગવાનો હુકમ નીકળ્યો હતો. તેને પરિણામે તેણે પોતાનો ભાવ રૂ. ૨-૮-૦ કરી નાખ્યો. પહેલાંનું કામ સહેલું હતું કેમકે ડબ્બા રેલ પાસેજ સીધા ખાલી થતા જ્યારે હમણાં કામ જરા ખર્ચાળ છે કેમકે માલ રેલથી થોડે દૂર લઈ જવો પડે છે. આમ છતાં જે કોન્ટ્રાકટરે પહેલાં ડબ્બા દીઠ રૂ. ૧૦ લીધા હતા તેજ ડબ્બા દીઠ રૂ. ૨-૮-૦ ના ભાવે કામ કરવા તૈયાર હતો.

ભીખારીમાંથી માલદાર.

છેલ્લી ધારાસભામાં ખુલ્લું થયું છે કે તેણે ટેન્ડર વિના અતિ મોટા ભાવે રૂ. ૯ થી ૧૦ લાખનું કામ કર્યું હતું અને જે મુંબઇ આવ્યો ત્યારે લગભગ ભીખારી જેવો હતો તે આજે માલદાર બની ગયો છે.

બાલકીશન શેઠ અને અમલદારો વચ્ચેનો સબંધ.

"આ કામના સબંધમાં એક વર્ષ પહેલાં બનેલો બીજો બનાવ બાલકીશન શેઠ અને મોટા અમલદારોના ચોકકસ સબંધ ઉપર ઘણું અજવાળું પાડે છે. ઉપર જણાવ્યા પ્રમાણે દશ મહીના પહેલાં જાહેર ટેન્ડરો માગવાનો હુકમ થયા ત્યારે કેટલાક કોન્ટ્રાકટરોએ ટેન્ડર મોકલ્યા, જેમાં બાલકીશન શેઠ પણ હતા. જે દિવસે ટેન્ડરો ખોલ-

વાના હતા તે દિવસે ડેપ્યુટી ડીરેકટર મી. થોમસે ટેન્ડરો ખોલતી વખતે બીજા બધા કોન્ટ્રાકટરોને ઓરડાની બહાર રહેવા કહ્યું. વેપારીઓએ વાંધો ઉઠાવ્યો અને તેઓની હાજરીમાં ટેન્ડરો ખોલવા ઇચ્છા જણાવી, પરંતુ મી. થોમસે કાંઈ દાદ ન આપી અને માત્ર માનીતા કોન્ટ્રાકટર બાલકીશન શેઠનેજ ઓરડામાં રહેવા અથવા ફાવે ત્યારે દાખલ થવા દીધો જ્યારે બીજા બધાને તદ્દન બહાર રાખ્યા. એ વખતે ધારાસભાની બેઠક ચાલતી હતી એટલે બધા કોન્ટ્રાકટરો સાથે ડીરેકટરને ફરિઆદ કરવા આવ્યા અને કેટલાક સભ્યોને પણ તેઓએ વાત કરી. તેઓએ જનરલ સભ્યને પણ ફરિઆદ કરી, પરંતુ જનરલ સભ્યે શું પગલાં લીધાં તે જણાયું નથી. એમ કહેવાય છે કે બીજાઓની ગેરહાજરીમાં પરંતુ માનીતા કોન્ટ્રાકટરની હાજરીમાં ખોલવામાં આવેલા ટેન્ડરોમાં સૌથી નીચું બીજા એક ગૃહસ્થનું રૂ. ૨-૮-૦ નું હતું અને વિચિત્ર સંજોગે એજ ભાવનું ટેન્ડર બાલકીશન શેઠનું હતું. કોન્ટ્રાકટરો કહે છે કે સૌથી નીચા ભાવની ખાનગી રીતે ખબર આપવામાં આવી હતી અને તેને નીચા ભાવનું નવું ટેન્ડર રજુ કરવા દેવામાં આવ્યું હતું.

કોન્ટ્રાકટરના લીસ્ટમાંથી રદ.

એમ જણાવવામાં આવે છે કે ત્યાર પછી કોન્ટ્રાકટરના લીસ્ટમાંથી બાલકીશન શેઠનું નામ કાઢી નાખવામાં આવ્યું અને તેને ટેન્ડર આપવા દેવામાં આવતું નથી. પરંતુ એ શોધ ઘણી મોડી થઇ છે અને એ ભૂલ અથવા ખુલ્લી રીતે મહેરબાની દેખાય છે તેનાથી પ્રજાને ભારે ખોટ ગઇ છે અને પ્રજાના નાણાને ભોગે એક વ્યક્તિએ નફો કર્યો છે.

મહેરબાનીઓના વધુ દાખલા.

રંગવાના અને બીજાં કામોના કોન્ટ્રાકટમાં પણ એજ કોન્ટ્રાકટર ઉપર એવીજ મહેરબાનીઓ દેખાડવામાં આવી છે. કમીટીએ તપાસ કરવા ઘટે છે કે અઢાર મહીના પહેલાં બધા કામ માટે ટેન્ડરો માગવાનો હુકમ થયો હતો અને એ પહેલાં થોડાક માણસોના હાથમાં બધા કામનો ઇજારો હતો અને હરીફાઇભર્યાં ભાવો માગવામાં આવતા નહિં એ વાત ખરી છે કે નહિં.

એવીજ રીતે કારોબારી ઇજનેર મી. મહેતાએ તાતા કન્સ્ટ્રકશન કંપનીને હજાર ઇંટોનો રૂ. ૩૨ નો બજાર ભાવ આપ્યો હતો, જ્યારે દેખરેખ રાખનાર ઇજનેરે એજ કંપનીને એજ અરસામાં હજાર ઇંટોનો રૂ. ૨૫ નો ભાવ આપ્યો હતો.

કાંદીવલીની ખાણોના સબંધમાં પણ એવીજ મહેરબાની કરવામાં આવી હતી. કાંદીવલી ખાણોનો માલ ખાલી કરવાનો મી. પાલકર નામના કોન્ટ્રાકટરને ઇજારોજ મળ્યો હતો. તેનો મૂળ અડસટ્ટો રૂ. ૧ લાખનો હતો. છેવટે એ વધીને રૂ ૬ લાખનો થયો હતો અને કમી-ટીએ હમણાંજ એ ખાણ ઉપરના અમલદાર પાસેથી સાંભળ્યું છે કે ખાણો ખલાસ થઇ અને વધુ વિસ્તારની જરૂર છે. જો કે પુરણીનું કામ તો હમણાંજ શરૂ થયું છે.

ચાલીઓના કોન્ટ્રાકટના ચોંકવનારા દાખલા.

પરંતુ આ કોન્ટ્રાકટોથી વધુ ચોંકાવનારા દાખલા તો ખીલવણી ખાતાની ચાલીઓના કોન્ટ્રાકટના છે. અમારી માહિતી પ્રમાણે ત્રણ

કંપનીઓ માનીતી ગણવામાં આવતી તેને બીજા કોન્ટ્રાકટરો કરતાં ઉંચા ભાવે ચાલીઓ તેમજ સેનીટરી કામનાં કોન્ટ્રાકટ મળ્યા હતા, આના સબંધમાં નોંધવા જોગ એ છે કે મેજર પારસન કે જે બીલ-વણી ખાતાની લશ્કરી જમીનનો કારોબારી ઇજનેર હતો તેને ખાતાની નોકરી કરતાં કોન્ટ્રાકટરનું કામ વધારે નફાકારક જણાતાં તેણે નોકરીનું રાજીનામું આપ્યું અને બોમ્બે કન્સ્ટ્રકશન કંપની ઉભી કરી. સ્વાભાવિકજ છે કે તેના જુના જોડીદાર તરફથી બીજાઓ કરતાં તેને વધારે પસંદગી મળે. ખાતાના આગલા અમલદારો પ્રત્યે કરવામાં આવેલી મહેરબાનીઓના એક બે દાખલા આપીશ.

બીજા કરતાં બમણા ભાવ.

જણાવવામાં આવ્યું છે કે મેજર પારસનને બીજા કોન્ટ્રાકટરો કરતાં ઉંચા ભાવે વરલીની ચાલીઓના કોન્ટ્રાકટ મળ્યા હતા. વળી તેને સંખ્યાબંધ ચાલીઓના સેનીટરી કામના કોન્ટ્રાકટ (કે જે કામ તેણે પેટા કોન્ટ્રાકટર પાસે કરાવ્યું હતું) ચાલી દીઠ રૂ. ૧૨ હજારના ભાવે મળ્યો હતો, જ્યારે એજ કામના બીજા કોન્ટ્રાકટરોને રૂ. ૬ હજાર આપવામાં આવ્યા હતા અને ખાતાનો પોતાનો અડસટ્ટો રૂ. ૭ હજારનો હતો.

બીલવણી ખાતાએ સેંકડો ચાલીઓ બંધાવી હતી તેનો વિચાર કરતાં અમુક કોન્ટ્રાકટરને આપેલા ઉંચા ભાવથી કેટલો મોટો ફેર પડે તે જોઇ શકાય તેમ છે.

રૂ. ૨૮ ના કામનો રૂ. ૫૮ નો ભાવ.

એજ પ્રમાણે જણાવવામાં આવે છે કે ચાલીઓને બારીઓ

લગાડવાનો ભાવ રૂ. ૨૮ છે જ્યારે મેજર પારસનને બારી દીઠ રૂ. ૫૮ આપવામાં આવ્યા હતા. કારોબારી ઇજનેર મી. ધુરીઆએ તેના વિરૂદ્ધ રીપોર્ટ કર્યો કહેવાય છે અને મેજર પારસનને રૂ. ૧૫ હજાર પાછા આપવા કહેવામાં આવ્યું હતું, પરંતુ દેખરેખ રાખનાર ઇજનેરે વચમાં પડી બીજી રીતે તેને એ રકમ પાછી અપાવી. કારોબારી ઇજનેરે આ બાબતમાં રીપોર્ટ કર્યો છે અને કમીટીને જોઇએ તો ખાતાનો પત્રવહેવાર મંગાવે કે જે આ અગત્યની બાબત પર ઘણું અજવાળું પાડશે.

બીજી નવી પેદા થયેલી કંપની ફેરો કોન્ક્રીટ કંપની હતી, જે મી. સેરવેલોએ ઉભી કરી હતી. તે મેજર પારસનની માફક શહેર સુધારા ટ્રસ્ટમાં કારોબારી ઇજનેર હતો. તેણે પણ નોકરી છોડી દઇને આ ધંધો શરૂ કર્યો.

ચાલી દીઠ રૂ. ૨૦ હજાર વધારે

એ પ્રમાણે ત્રીજી માનીતી કંપની ગેમન કંકર્ડ હતી, જેને બીજા કોન્ટ્રાકટરો કરતાં બહુ ઉંચા ભાવે ચાલીઓના કોન્ટ્રાકટ આપવામાં આવ્યા હતા. કેટલીક વખત ચાલી દીઠ રૂ. ૨૦ થી ૨૫ હજારનો ફેર પડતો અને એવી સંખ્યાબંધ ચાલીઓ બાંધવામાં આવી હતી. ગેમન દેખરેખ રાખનાર ઇજનેર સાથે મૈત્રી ધરાવતો જણાતો હતો. બીલવણી ખાતા બીજા કામોમાં પણ પ્રજાના લાખો રૂપીયાના ભોગે આવીજ મહેરબાનીઓ કરવામાં આવી હતી અને માનીતા કોન્ટ્રાકટરોને પ્રજાને નાણે નફો કરવા દેવામાં આવ્યા હતો, જેનું કારણ એ અમલદારોજ જાણે.


માલની ખરીદીના ગોટાળા

માલની ખરીદીના સંબંધમાં પણ આવાજ ગોટાળા ચાલતા હતા

અને મારી જાણમાં આવેલા કેટલાક દાખલા આપીશ. કમીટીની તપાસ દરમીયાન આ વિષયમાં ઘણી હકિકતો બહાર આવી છે કે જે ધારાસભામાં મેં કરેલા આક્ષેપોને ટેકો આપે છે કે લાખો રૂપીયાનો વધારે પડતો સામાન અને યંત્રો મંગાવવામાં આવ્યાં હતાં કે જેની કશી જરૂર નહોતી તેમજ જે કાંઇ કામ લાગે તેમ પણ નહોતું. દાખલા તરીકે કિંમતી અને જંગી ક્રેનો, નેવીઓ વિગેરે.

ભયંકર " નજીવી " ભૂલ

એક દાખલામાં કારોબારી ઇજનેરે દરિયો પુરવાના કામ માટેના કોન્ક્રીટના થાંભલા માટેના મોટા જથ્થામાં લોખંડના સળીયા વિલાયતથી મંગાવવા ઇન્ડેન્ટ તૈયાર કર્યું હતું અને તે મૂળ ઇન્ડેન્ટમાં ૫/૮" માપ જણાવેલું હતું. તે ઇન્ડેન્ટ તૈયાર થયા પછી, પરંતુ રવાના થયા પહેલાં દેખરેખ રાખનારા ઇજનેરે તેમાંનો આંકડો ફેરવીને ૭/૮" કર્યો હતો. જોઇતો જથ્થો ૧૨૦૦ ટન હતો કે જેની કિંમત લગભગ રૂ. ૩ લાખ હતી. આ પ્રમાણે ફેરફારવાળું ઇન્ડેન્ટ દેખરેખ રાખનારા ઇજનેરે વિલાયતની પેઢીને મોકલ્યું અને ૭/૮" ના માપના સળીયા આવી પહોંચ્યા કે જે કામ માટે જોઇતા નહોતા. તે માટુંગા ડીપોમાં ભરી રાખવામાં આવ્યા અને ખરા માપનું નવું ઇન્ડેન્ટ મોકલવું પડયું અને તે માલ આવી પહોંચ્યો. પહેલા ઇન્ડેન્ટના લગભગ રૂ. ૩ લાખ તદ્દન બરબાદ થયા હતા. ધારાસભામાં ચર્ચા દરમીયાન સવાલ ઉઠાવવામાં આવ્યો ત્યારે ડીરેક્ટરે તે કબુલ કર્યું પરંતુ જણાવ્યું કે ફેરફાર નજીવી ભૂલને લીધે થયો હતો. ખાસ કરીને એક ઇજનેરે ખરૂં ઇન્ડેન્ટ તયાર કર્યું હતું અને તેના વડાએ તેમાં ફેરફાર કર્યો હતો તો



19'-0" CONCRETE DOUBLE PILE FOR FOUNDATIONS
OF DEVELOPMENT CHAWLS AT WORLI

વરલી ખાતેની ડેવલપમેન્ટ ચાલના પાયાના ડબલ
પાઈલ્સના પ્લાન.

પછી એ "નજીવી ભૂલ" કેમ થવા પામી તેનો ખુલાસો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નહિં અને કાંઇજ ખુલાસો મળતો નથી.

ખોટો ખુલાસો

વળી ધારાસભાને શાંત કરવા અને આ નજીવી ભૂલથી કાંઇ ખોટ નથી ગઇ, એવું બતાવવા ડીરેકટરે જણાવ્યું કે સરકારને કાંઇ ખોટ ગઇ નથી. તેણે ધારાસભાને એવું સમજાવ્યું કે એ સળીયા બીજા કામમાં ઉપયોગમાં લેવામાં આવ્યા છે અને તેથી ઉલટો બચાવ થયો છે. મને તો ખબર હતી કે સળીયા હમણાંજ આવ્યા હતા અને માટુંગા ડીપોમાં પડયા છે, તેથી ઉપરના ખુલાસા પછી થોડા મહીના બાદ મેં એક વેપારી મારફત માટુંગા ડીપોમાં તપાસ કરાવી. પરિણામે ચાલીઓ ખાતાના કારોબારી ઇજનેરે એ અને બીજા સળીયા વેચવાના છે એવો જવાબ આપ્યો અને વેપારીને સળીયા જોવા ડીપો પર બોલાવ્યો. વળી તે સાથે માલ ખાતાએ વેચવાના સળીયાનું લીસ્ટ પણ તે વેપારીને મોકલ્યું, જેમાં ૭/૮" ના સળીયા પણ હતા. કારોબારી ઇજનેરનો પત્ર તા. ૨૬-૧-૨૫ નો છે. ખાતાની આ વલણ વિષે વધુ ટીકાની જરૂર નથી અને અનુમાન કરી લેવાનું હું કમીટી પર છોડું છું.

નકામા રેલ્વે સરંજામનો ઓર્ડર.

આ ઉપરાંત ખીલવણી ખાતાએ જોઇએ તે કરતાં જુદા માપનો રેલવે સરંજામ મોટા જથ્થામાં મંગાવ્યો. આ માલ પણ માટુંગા ડીપોમાં પડયો હતો કેમકે માપ જુદું હતું. આ પણ કદાચ "નજીવી" ભૂલને આભારી ગણવામાં આવ્યું હતું. પરંતુ આ નજીવી ભૂલોએ કમ-

નશીએ પ્રજાના લાખો રૂપીયાનો ભોગ લીધો છે અને આવી ભૂલો કેમ થઇ તે સમજવું ખરેખર મુશ્કેલ છે. વળી આવી ભૂલો કરનાર અમલદાર કે અમલદારો સામે કાંઇજ પગલાં લેવામાં આવ્યા જણાતા નથી એ ખ્યાલમાં આવી શકતું નથી.

સીમેન્ટ વિષે ગોટાળો.

માલ ખાતાની રીતભાતનો બીજો દાખલો લઇએઃ

અમુક વખતે બેલજીયન સીમેન્ટ મોટા જથ્થામાં આવી પડયો અને તે નકામો ઠરાવવામાં આવ્યો. તે સીમેન્ટ કોન્ટ્રાકટરોને બહુજ સસ્તા ભાવે વેચી નાખવામાં આવ્યો. ગેમન અને બીજા કોન્ટ્રાકટરોએ એજ સીમેન્ટ વાપર્યો અને ખાતા પાસેથી તેનો વધુ ભાવ લીધો.

અરજીની અવગણના

સર જ્યોર્જ લોઇડ મુંબઇનો કિનારો છોડી ગયા તે પહેલાં થોડા વખત પહેલાં તેમને એક નનામી અરજી મોકલવામાં આવી અને તેમાં ખીલવણી ખાતામાં ચાલતી અનિયમિતતા અને લુચ્ચાઇભર્યા સોદા તરફ તેમનું ધ્યાન ખેંચવામાં આવ્યું. એ અરજી ઉપર કાંઇ પગલાં લેવામાં ન આવ્યા પરંતુ એક કારોબારી ઇજનેર મી. સી. મહેતા પર અરજી ઘડવાનો વહેમ પડતાં તેને બરતરફ કરવામાં આવ્યા. ધારાસભામાં જનરલ સભ્યે એ અરજીની વાત કબુલ કરી, પરંતુ તે અરજી ધારાસભાના ટેબલ પર રજુ કરવાની વિનંતિ સ્વીકારવામાં ન આવી. એ અરજી પછી તરતજ મી. મહેતાની બરતરફની વાત પણ કબુલ કરવામાં આવી, પરંતુ એવું કહેવામાં આવ્યું કે મી.

મહેનાને નાલાયકાત માટે બરતરફ કરવામાં આવ્યા હતા, જો કે દફતરો અને તે પછીનો પત્રવહેવાર તે હકિકતથી ઉલટા છે.

ઉડાઉ પગારો

હવે ખીલવણી ખાતાની ઓફીસ પર આવતાં કમીટી જોશે કે ખીલવણી ખાતું સરકારી ખાતાઓમાં સૌથી વધારે ઉડાઉ પગાર આપતું હતું. સંખ્યાબંધ બીન-જરૂરી હોદ્દાઓ ઉપરાંત જાહેર બાંધકામના એ હોદ્દા કરતાં વધારે પગારો આપવામાં આવતા હતા. યોજનાનો ખરડો રજુ કરતી વખતે જણાવવામાં આવ્યું હતું કે મુંબઈમાંથી ઉભા કરેલા પૈસામાંથી યોજના ચલાવવામાં આવશે. તે પૈસા મુંબઈમાં અને મુંબઈ માટેજ ખર્ચવામાં આવશે. હવે જો અમુક વખતના મોટા અમલદારોના પગારનું લીસ્ટ તમે જોશો તો ધારાસભામાં ખુલ્લું થયું હતું તે મુજબ રૂ. ૨૦૦૦ અને તે ઉપરની ૨૦ જગ્યાઓમાંથી ૧૯ અંગ્રેજો અને પરદેશીઓ હતા અને માત્ર એકજ હિંદી હતો, જો કે અંગ્રેજી અને વધારે સારા લાયકાત ધરાવનાર હિંદીઓ મળી શકતા હતા અને તેઓ ઓછે પગારે જોડાવા તૈયાર હતા, પરંતુ પરદેશીઓની તરફેણમાં હિંદીઓના હક્ક ડુબાડવામાં આવ્યા હતા.

ડીરેકટરની લાયકાત શી હતી?

આ સંબંધમાં સૌથી પ્રથમ અને અગત્યની બાના જણાવવી અસ્થાને નહિં ગણાય કે ડીરેકટરને રૂ. ૬ હજારનો પગાર મળતો હતો કે જે ઇલાકાના ગવરનર પછી બીજો સૌથી મોટો પગાર છે.

તેને રૂ. ૩૩ લાખનો બંગલો પણ આપવામાં આવ્યો હતો. વારંવાર પ્રોટેસ્ટ કરવામાં આવ્યા પછી માત્ર બે વર્ષથી પગાર ઘટાડીને રૂ. ૪ હજાર કરવામાં આવ્યો હતો. દરિયો પુરવાની દુનિયાની સૌથી મોટી યોજનાના વડા બનવાની તેની શી લાયકાત હતી? જી. આઇ. પી. રેલવેના એજંટ કે લશ્કરી સરંજામના કોન્ટ્રોલર તરીકે તેણે આ ખાસ વિષયનો અનુભવ કે જ્ઞાન મેળવ્યા હતા? તે પોતે ઇજનેરી જવાબદારીનો ઇનકાર કરે છે એટલે તેની ફરજ વહિવટ પુરતી હતી કે જે જાહેર બાંધકામના મુખ્ય સેક્રેટરી જેવી છે, સિવાય કે તેને વધારાની આપખુદ સત્તા આપવામાં આવી હતી. સેક્રેટરીનો પગાર સામાન્ય રીતે રૂ. ૨ હજારથી વધુ નથી હોતો. તો પછી તેને રૂ. ૬ હજારનો ઉડાઉ પગાર અને રૂ. ૩૩ લાખનો મહેલ જેવો બંગલો શા માટે? જનરલ સભ્ય કે આ ખાતા ઉપરાંત બીજા ખાતાઓનો વડો છે તેને પણ ડીરેક્ટર કરતાં ઓછો પગાર મળે છે.

ડેપ્યુટી ડીરેક્ટરની આગલી કારકીર્દિ

એવીજ રીતે મી. ગોસસ કે જે કમીટી સમક્ષ જુબાની આપી ગયે છે પરંતુ બીલ્વણી ખાતામાં જોડાયા પહેલાંનો આગલો ધંધો જણાવ્યો નથી, તે મળેલી માહિતી પ્રમાણે ઘણું કરીને જેમ્સ ફાઉલર કંપનીમાં રૂ. ૪૦૦-૫૦૦ નો ડ્રાફ્ટમેન કે ફોરમેન હતો. કાંઇક લાગવગથી તે મોટા પગારના હોદ્દા પર નીમાયો અને થોડાજ વખતમાં ડેપ્યુટી ડીરેક્ટરના સૌથી જવાબદાર અને મોટા પગારના હોદ્દા પર આવ્યો. બીલ્વણી ખાતાને માલ પુરો પાડનારાઓના લીસ્ટમાં જેમ્સ ફાઉલર કંપની છે કે કેમ તે શોધી કાઢવું જાણવાજોગ થઇ પડશે.

એવીજ રીતે નજીવી લાયકાત કે કશીએ લાયકાત વગરના માણસોને ડેપ્યુટી કે મદદનીશ ઇજનેરો તરીકે મોટા પગારો આપવામાં આવતા હતા. રૂ. ૨ હજાર કે ઉપરના હોદ્દા ધરાવતા અમલદારો તે પહેલાં ક્યાં હતા અને શું પગાર મેળવતા હતા તે શોધી કાઢવું જાણવાજોગ થઇ પડશે.

અમલદાર ટોળી

એમ જણાવવામાં આવે છે કે દેખરેખ રાખનાર ઇજનેર મી. હાર્વેને પહેલાં દીલ્હીમાં માત્ર રૂ. ૯૦૦ મળતા હતા. મી. સાઇકસ, મી. લુઇ અને મી. લો એકજ વખતે એકજ સ્થળેથી આવ્યા હતા. એમ જણાય છે કે આખી ટોળીની દીલ્હીથી મુંબઇ બદલી કરવામાં આવી હતી. રૂ. ૨ હજારના પગાર મી. માઇકલનું કામ માત્ર સીમેન્ટ તપાસવાનું હતું, કેમ જાણે તે કામ માટે મોટા પગારના અમલદારની જરૂર હોય અને બીજા ઇજનેરને તે કામ સોંપી ન શકાય. રૂ. ૨૧૦૦ ના પગારદાર ડેપ્યુટી ચીફ ઇજનેર મી. ઓર્ક મેસોપોટેમીયામાં રૂ ૭૦૦–૮૦૦ ના પગારનો પોર્ટ ટ્રસ્ટમા લેફ્ટેનંટ હતો. એવાજ મોટા પગારનો કારોબારી ઇજનેર મી. ગાર્ડનર લડાઇ દરમીયાન વેલ્સમાં પોલીસ સીપાઇ હતો અને પછી બહુજ નાના પગારે દેશી રજવાડાની ખાણ પર હતો.

ફારેગ થયેલા અમલદારો અને ફારેગ થયેલા યંત્રો.

આ ખાતાનો પ્રજાને નાણે સંખ્યાબંધ અમલદારોને મોટા પગારો આપવાનો કેવો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેના આ કેટલાક દાખલા છે.

સરકારે આ ખાતાને ફારેગ થયેલા અમલદારો માટેનું સગવડભર્યું આશ્રમ માન્યું જણાય છે. ફારેગ થયેલા બંદરના ઇજનેર સર જ્યો. બુકાનનને સલાહકાર ઈજનેર બનાવવામાં આવ્યા છે. રેલવે કંપનીના ફારેગ થયેલા એજંટ અને લશ્કરી સરંજામ ખાતાના ફારેગ થયેલા કોન્ટ્રોલર સર લોલેસ હેપર રૂ. ૬ હજારના પગારના ડીરેકટર બન્યા છે અને તેમને રૂ. ૩ા લાખનો બંગલો પુરો પાડવામાં આવ્યો છે. ફારેગ થયેલા અથવા કામ પુરૂં થતાં નોકરી વિનાના બનેલા ગૃહસ્થોની ટુકડી દીલ્હીથી આવી છે. કેટલાક લશ્કરી અમલદારોને લડાઇની કિંમતી સેવાના બદલામાં મોટા પગારના હોદ્દા આપવામાં આવે છે. એટલું અધુરૂં પુરૂં કરવા જરીપુરાણી અને ખલાસ થયેલી રૂજર "કાલુ" ખીલવણી ખાતાને માથે નાખવામાં આવે છે. ફારેગ થયેલા ગૃહસ્થો માટે યંત્રો પણ ફારેગ થયેલાં!

સીમેન્ટના વિચિત્ર કોન્ટ્રાકટ.

ખીલવણી ખાતાનો બીજો સોદો કે જેનું પરિણામ ગંભીર નુકશાનમાં આવ્યું છે અને હજુ દર વર્ષે ગંભીર નુકશાન થયા કરશે તે ચાર જુદી જુદી કંપનીઓને દરિયો પુરવાના અને બીજા કામો માટે જોઇતો બધો સીમેન્ટ—કુલ વાર્ષિક ૬૦ હજાર ટન—પુરો પાડવાનો કોન્ટ્રાકટ આપ્યાનો કરાર છે.

એ કરાર ખીલવણી ખાતાએ કટની, બુંદી, જબલપુર, અને દ્વારકા સીમેન્ટ કંપની સાથે કર્યા છે, જે મુજબ વાર્ષિક ૬૦ હજાર ટન સુધીનો બધો સીમેન્ટ પુરો પાડવાનો તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૨૨ થી ઇજારો આપવામાં આવ્યો છે. કંપનીને પડતર કિંમતના ૯૦ ટકા

ઉપરાંત ૧૫ ટકા ભાવ આપવાનો ઠરાવેલો છે. આ શરત પ્રમાણે સરકારને રૂ. ૬૦ થી ૭૦ ટન દીઠ પડે છે.

એકજ કોન્ટ્રાકટમાં રૂ. ૧॥ કરોડની ખોટ.

કરાર થયા પછી થોડા વખત પછી સીમેન્ટના ભાવ ભારે ગગડવા માંડયા. ૧૯૨૩ માં ટનના રૂ. ૪૦ અને ૧૯૨૪ માં રૂ. ૩૦ થઈ ગયા અને મોટા જથ્થાના ભાવ તો એથીયે ઓછા હતા. ટન દીઠ રૂ. ૩૦ ના તફાવતે ૬૦ હજાર ટનના વર્ષના રૂ. ૧૮ લાખ થાય અને કરારની પુરી મુદ્દત એટલે કે દશ વર્ષ સુધી એજ ભાવ ચાલે તો રૂ. ૧ કરોડ ૮૦ લાખનું નુકશાન થાય. આમ એકજ સોદામાં ખીલવણી ખાતું રૂ. ૧॥ કરોડનું ભારે નુકશાન ખમશે અને તેટલો કંપનીઓને પ્રજાને નાણે નફો થશે. આ માલના ભાવમાં મંદી આવવીજ જોઇએ એવું દરેક બાહોશ ધંધાદારી સમજતો હતો તેવે વખતે આ ખાતાને લંબી મુદત સુધી બંધનકર્તા આ કરાર કરવામાં આવ્યા હતા. ૧૯૨૧ ની સાલથી યુરોપ અને અમેરીકામાં પણ મંદી આવી છે અને ભાવો એકદમ નીચા જતા જાય છે.

બે વર્ષ પહેલાં એક કંપનીએ કરાર ચાલુ રાખવાની પોતાની અશકિત જણાવી અને ખાતા સાથે ગોઠવણ પોતાને થનારો નફો બીજી કંપનીને સોંપ્યો. આમ ખાતાએ જવાબદારી કમી કરવાની તકનો લાભ લેવાને બદલે ઇરાદાપૂર્વક બીજી કંપની સાથે નવા કરાર કર્યા.

ખાનગી કોન્ટ્રાકટરો પર દબાણ

પ્રજાના નાણાની નુકશાની બચાવવાનો બીજો માર્ગ કોન્ટ્રાકટરોને બજારમાંથી સસ્તો સીમેન્ટ ખરીદવા દેવાનો હતો, કેમકે ખાનગી

કોન્ટ્રાકટરોને સીમેન્ટ કંપની સાથેના કરાર પ્રમાણે સીમેન્ટ ખરીદવાની ફરજ પાડવાની એ કરારમાં કશી શરત નહોતી. આમ છતાં ખાતાએ કોન્ટ્રાકટરોને એ ચાર કંપનીઓ પાસેથીજ એ ભાવે સીમેન્ટ ખરીદવા ફરજ પાડેલી કહેવાય છે. આમ અગાઉ જણાવેલા દાખલાઓની માફક આમાં પણ પ્રજાના નાણાંનું કેટલું નુકશાન થશે તેનો વિચાર કર્યા વિના ખાનગી કંપનીઓ કે વ્યક્તિઓના હિત અને લાભ માટે ભારે કાળજી દેખાડવામાં આવી છે.

ગવરનરના નામે ઇન્ડેન્ટો.

છાપાઓ મારફત મેં ઉઠાવેલો બીજો એક સવાલનો હજુ જવાબ અપાયો નથી તે એ છે કે શરૂઆતમાં ખીલવણી ખાતાના યંત્રો વિગેરે મુંબઇ સરકારના કે ખીલવણી ખાતાના નહિં પણ સર જ્યોર્જ લોઇડના નામથી આવતા હતા, જે સુચવે છે કે ઓર્ડરો તેમના નામથી મોકલવામાં આવ્યા હતા. મુંબઇના એક જાણીતા પત્રકારે વારંવાર છાપા મારફત એ પ્રશ્ન પૂછ્યો હતો કે ઉપરની વાત ખરી છે કે? અને જો ખરી હોય તો તેનો શો ખુલાસો છે?

કાટ ખાતો પડેલો લાખોનો માલ.

જુદા જુદા માર્ગે મુસ્કેલીથી એકઠા કરેલા આ સાધનો અને માહિતીઓ છે અને તે સાચા કે ખોટા ઠરાવવા માટે જાહેર તપાસ શરૂ કરવા માટે તે મને પુરતા લાગવાથી જાહેર તપાસની માગણી કરનારો ઠરાવ ૧૯૨૪ ના ઓકટોબરમાં ધારાસભામાં રજુ કર્યો. સરકારના ભારે વિરોધ છતાં ઠરાવ ધારાસભાએ પસાર કર્યો. પરંતુ

સરકારે ઠરાવની અવગણના કરી અને સત્તાહીન સલાહ કમીટીમાં જોડાવાનું કેટલાક સભ્યોને આમંત્રણ કરી સવાલ કોરે મૂકવા અને ઢાંકી દેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ વિષય ચર્ચવાની બીજી તક ૧૯૨૫ ના માર્ચમાં મળી, જ્યારે મેં રૂ. ૩૦ કરોડ રોકનાર પ્રજાની વતી જાહેર તપાસ કરવાની ના પાડવાની સરકારની વળણને સખ્ત વખોડી કાઢી અને પ્રજાના નાણાંના ગેરવહીવટ અને બરબાદીના આક્ષેપો કર્યાં અને કેટલાંક દાખલાઓ લુચ્ચાઈભર્યાં પણ કહ્યા. ખાતાને નહિં જોઇતા અને ન વાપરી શકાય તેવા લાખો રૂપીયાના યંત્રો અને માલ મંગાવીને પ્રજાના નાણાંની બરબાદી કરવા સબંધી શહેરમાં ખરાબ અફવાઓ ઉડતી હતી તેની મેં સરકારને નિખાલસપણે ચેતવણી આપી. માલ ખાતાનો તા. ૨૬–૬–૨૬ નો પત્ર બતાવે છે કે તે તારીખે ૪॥ લાખ રૂપીયાના નહિં વપરાયેલા સળીયા માટુંગા ડીપોમાં પડયા હતા અને વેચી નાખવાના હતા. તે પહેલાં કેટલાં વેચી નાખ્યા હશે તે તો જણાયું નથી. આ તો ખાતાએ અંતે એકરાર કરેલો દાખલો છે. એજ પ્રમાણે બીજો લાખો રૂપીયાનો માલ ડીપોમાં વગર વપરાયો અને કાટ ખાતો પડયો હતો.

કુદરતી રીતે સવાલ એજ ઉઠે છે કે આટલો બધો બીન જરૂરી માલ કબુલ કરવા મુજબ જોઇતો નહોતો કે વપરાયો નહોતો ત્યારે મંગાવવામાં શા માટે આવ્યો? તે સાથે બીજો દાખલો એ છે કે દેખરેખ રાખનારા ઇજનેરે ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યો છે. બીજા ગંભીર ગોટાળા અમુક કોન્ટ્રાકટરોને ખુલ્લાં ટેન્ડરના ભાવ કરતાં પાંચ ગણા ભાવો આપવાની મહેરબાનીઓ કરવાના છે. એજ કન્ટ્રાકટરો પાછળથી એકદમ

ઘટાડેલા ભાવે કામ કરવા તૈયાર હતા. પ્રજાને ભારે નુકશાન થાય તેવી રીતે અમુક માનીતી વ્યકિતઓને આવડા મોટા નફા શા માટે ઇરાદા પૂર્વક કરવા દેવામાં આવ્યા? એ કાંઇ માત્ર મિત્રતાને લીધે ન હોઇ શકે, કેમકે એક ગુન્હેગાર હિંદી અને મોટા અંગ્રેજ અમલદારો વચ્ચે મૈત્રી ન હોઇ શકે, તો પછી આવી મહેરબાનીઓનું શું કારણ હતું?

પ્રજા ઉપયોગી યોજનાઓ મોકુફ.

આ સવાલોની તપાસ કરતી વખતે કમીટીએ માત્ર આ શહેરનેજ નહિં પરંતુ આખા ઇલાકાને થયેલા ગંભીર નુકશાનનો વિચાર કરવાનો છે. આ ઘેલછાભર્યા અને હવાઇ કિલ્લા જેવા સાહસે ઓછામાં ઓછી એક પેઢી સુધી ઇલાકાના સાધનો ગીરવી મૂકી દીધા છે. પ્રજાને ઉપયોગી બીજી બધી યોજનાઓ અને પ્રાથમિક કેળવણી કે તબીબી રાહત જેવા કામો પણ મુંબઇની તીજોરીનો ખાડો ભરાતાં સુધી મોકુફ રાખવાં પડશે.

રૂા. ૩ કરોડનો ખાડો.

છેલ્લા અંદાજપત્ર પ્રમાણે ૩ કરોડનો ખાડો પુરવાનો છે એટલે કે બેકબેનું નુકશાન ભરપાઇ કરવા ૩૦ વર્ષ સુધી દર વર્ષે ૨૦ લાખ બાજુએ મૂકવા પડશે. પ્રજામાં ગભરાટ કે ભય ન ફેલાય તે માટે આ તો બહુજ હળવો અડસટ્ટો છે. પરિણામે તો તે ઘણો મોટો થવાનોજ અને આ બધું કર વેરા અને કરજદારીથી સૌથી વધારે દબાયેલા ઇલાકાને માથે છે. આ ઇલાકાનો માથાદીઠ કરવેરો

બીજા ઈલાકાઓથી વધારે છે અને કરજદારીનું ખર્ચ તો બે ત્રણ ઈલાકાનું એકઠું કરીએ તેથી પણ વધુ છે.

સુધારાના કાયદાની કલમો.

આ તપાસના સબંધમાં મારી ટીકા બંધ કરતાં પહેલાં હિંદી સરકારના કાયદાની (૧૯૧૯ ના સુધારાના કાયદા) કેટલીક કલમો અને કાનુનોનો મને ઉલ્લેખ કરવા દેશો કેમ કે જવાબદારી નકકી કરવામાં એ મને ઉપયોગી જણાય છે.

ઓડીટર જનરલની ફરજ અને સત્તા વિષે નીચે પ્રમાણે કાનુનો છે:—

૧૦ (૧) સરકારી મહેસુલમાંથી ખર્ચ કરવા સબંધી દરેક અમલદારે એક સામાન્ય ડાહ્યો માણસ પોતાનાં નાણાં ખર્ચતાં લે તેટલી કાળજી રાખવી જોઈએ.

(૪) સરકારી મહેસુલનો અમુક વ્યકિત કે વર્ગના લાભ માટે ઉપયોગ ન કરવો જોઇએ.

એટલી પણ કાળજી રખાઇ છે કે?

આમ પ્રજાનાં નાણાં વાપરનાર અમલદાર માટે ધોરણ ઘણું ઉંચું છે સવલ એ છે કે લાગતાવળગતા નાનાથી માંડીને મોટા અમલદારોએ એક સામાન્ય ડાહ્યો માણસ પોતાના નાણાં માટે રાખે તેટલી કાળજી રાખી છે? છેલ્લા થોડા દિવસોમાં કમીટી સમક્ષ ખુલ્લી પડેલી વાતો જોતાં ઉપરના પ્રશ્નનો એકજ જવાબ હોઇ શકે.

એ કાયદામાં નાણાં ખાતાની ફરજ માટે ૩૭ મી કલમ નીચે પ્રમાણે છે:—

૩૭. નાણાં ખાતું નીચેની ફરજો બજાવશે !

(અ) સ્થાનિક સરકારે આપેલી લોનનો હિસાબ રાખશે અને એવી લોનને લગતા સોદાઓની આર્થિક બાબત વિષે સલાહ આપશે.

(ડ) સ્થાનિક સરકાર નાણાં ઉછીના લે તે માટેની દરખાસ્તો તપાસશે અને રીપોર્ટ કરશે; યોગ્ય રીતે મંજુર થયેલી લોન ઉભી કરવા માટે જરૂરી પગલાં લેશે, અને લોનના વહિવટની બધી બાબતો સંભાળશે.

(ઇ) બીજા ખાતાઓની જાણ માટે નાણાં સંબંધી યોગ્ય નિયમો ઘડવાની, બીજા ખાતાઓ અને તેના હાથ નીચેના ખાતાઓ બરાબર હિસાબ રાખે તે જોવાની તેની જવાબદારી રહેશે.

(ગ) (૩) અંદાજપત્રમાં જોગવાઇ કરવાની દરખાસ્ત કરવામાં આવે એવી બધી નવી યોજનાઓ તપાસશે અને તે વિષે સલાહ આપશે અને એવી રીતે નહિં તપાસાયેલી કોઇ પણ યોજના માટે અંદાજ પત્રમાં જોગવાઇ કરવા ના પાડશે.

એટલે ખુલ્લા થયેલા સંજોગો મુજબ હાલની સરકારનું નાણા ખાતું તદન દોષમુક્ત થઇ શકતું નથી. વળી એ કાયદાની ૧૨૪મી કલમમાં સરકારી અમલદારની ગેરવર્તણુંક ઠરે તેવા કામોની ચોકખી વ્યાખ્યા છે:—

(૨) જો તે (જરૂર પડયે પુરવાર કરવાનો બોજો તેને માથે પડે તે સિવાય) તે હિંદી વજીરનો કોઇ હુકમ કે સુચનાનો ઇરાદા

પૂર્વક નાફરમાન થાય કે તેનો અમલ ન કરે કે બેદરકારી રાખે કે ચલાવી લે અથવા

(૩) જો તે પોતાના હોદ્દાના વિશ્વાસ અને ફરજના ભંગ માટે ગુન્હેગાર હોય તો.

સર જ્યોર્જ લોઇડની સરકારનું ઘાતકી જંગલીપણું.

પ્રજાના નાણાંની સલામતી માટે અને જાહેર ફરજોના અમલ માટે દાખલ કરેલા શાહી કાયદાની આ કલમો માત્ર શોભાના ગાંઠીયા જેવી ન હોય, પરંતુ યોગ્ય પ્રસંગે તેનો ઉપયોગ કરવાનો હોય તો કમીટીને મારી સુચના છે કે સર જ્યોર્જ લોઇડની સરકારના આ અત્યંત ઘાતકી જંગલીપણાને આ કલમો લાગુ પાડવા જેવો વધારે યોગ્ય બીજો કોઇ કેસ નહોતો અને કદી થશે નહિ. એજ માર્ગ પ્રજાની લાગણી સંતોષશે અને પ્રજામાં ફરી વિશ્વાસ જાગશે અને સરકારની પ્રતિષ્ઠા જળવાશે. જો ખાનગી ટ્રસ્ટીઓએ તેઓને સોંપેલા નાણાંની આવી ભયંકર બરબાદી કરી હોત તો તેઓ કાયદાની અદાલતમાં જવાબ આપવો પડત અને રકમ ભરી દેવી પડત એમાં શંકા નથી. જાહેર નાણાંના સબંધમ તો પ્રજા નીતિ, કાળજી અને ડહાપણના વધારે ઉંચા ધોરણની આશા રાખે છે.

શ્રી. નરીમાનની કમીટી સમક્ષ મોઢેની જુબાની

કમીટીએ તે પછી શ્રી. નરીમાનની મોઢેની જુબાની લીધી હતી.

શરૂઆતમાં તપાસ માટે કમીટીના ક્ષેત્ર વિષે સવાલ જવાબ થય હતા. શ્રી. નરીમાને જણાવ્યુ હતું કે તેમનું સ્ટેટમેન્ટ માત્ર બેકબે

માટે નહિં પણ આખા ખીલવણી ખાતા માટે હતું કે જેમાં ગાલીઓ પણ આવી જાય છે. પરંતુ કમીટીએ તેમને જણાવ્યું હતું કે કમીટીની સત્તા કેવળ એકએ માટે હોઇ કમીટી તે મર્યાદા બહાર નહિં જઇ શકે. તે પછી નીચે પ્રમાણે સવાલ જવાબ થયા હતાઃ---

સ—શરૂઆતમાં તમે બંધારણનો ઉલ્લેખ કર્યો છે. ખાસ ખીલવણી ખાતું સ્થાપવાની તમે વિરૂદ્ધ હતા?

જ—હા.

સ--કારણ કે તમે બંધારણ મુજબના હક્ક ઉપર ગંભીર આક્રમણ માનતા હતા?

જ—હા.

સ--સરકારે જુદા કામ માટે જુદું ખાતું શા માટે ન ખોલવું?

જ--હું ધારૂં છું કે સુધારાના બંધારણની એ વિરૂદ્ધ છે. સુધારા મુજબ સરકારના અમુક કામો પ્રધાનોને સોંપાયેલા વિષયો બનાવેલા છે. એટલે એ કામો નાણાંના સબંધમાં ધારાસભાના અંકુશ નીચે આવી જાય છે. ખીલવણી ખાતાના સબંધમાં ધારાસભાનો નાણાં સબંધી અંકુશ કે જે તેનો હક્ક છે તે, જેને હુ કાયદાની ચાલબાજી કહું છું તે વડે દૂર કરવામાં આવ્યો છે.

સ—તમે ધારાસભામાં એ સવાલ ઉઠાવ્યો હતો?

જ—જ્યારે યોજના રજુ કરવામાં આવી ત્યારે હું ધારાસભામાં નહોતો પરંતુ ધારાસભામાં જોડાયા પછી મારો પહેલો પ્રયત્ન આ ખાતું બંધ કરી તેને જાહેર બાંધકામ ખાતામાં મૂકવાનો હતો.

સ--ખાતું રદ કરવા વિષે હું નથી પૂછતો. હું પૂછું કે તમે કાયદાનો જે પ્રશ્ન ઉઠાવો છો તે તમે ધારાસભામાં ઉઠાવ્યો હતો કે?

જ.-ખાતાની તપાસ વિષેના મારા ઠરાવની ચર્ચા વખતે એ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. મેં ઠરાવો મોકલ્યા હતા, પરંતુ તે કાર્યક્રમ ઉપર આવ્યા નહોતો તમે જાણો છો કે મોકલેલા ઠરાવોની ચુંટણી થવી જોઇએ. અમુક ઠરાવોજ ચર્ચી શકાય અને બાકીના તો રજુ પણ ન કરી શકાય. ચર્ચા માટે થોડા દિવસજ આપવામાં આવે છે.

સ—તમે ધારાસભામાં બંધારણનો સવાલ ન ઉઠાવ્યો તો પછી અહિં તે ઉઠાવવાનું શું કારણ છે?

જ—મેં તે સવાલ ઉઠાવવા પ્રયત્ન કર્યોજ હતો પરંતુ આ સવાલ ઉઠાવવાની સરકારે અમને આપેલી આ પહેલીજ તક છે. અમે તો તક માટે બુમો પાડયાજ કરતા હતા. ૧૯૨૪ ના ઓકટોબરમાં મેં બીન-અમલદારી તપાસ માટે ઠરાવ રજુ કર્યો તે ધારાસભાએ મંજુર કરવા છતાં સરકારે તેનો અમલ ન કર્યો હોત તો પણ અમે આ પ્રશ્ન ઉઠાવી શકત, પરંતુ તે તક પણ ગઇ. વારંવાર માગણી કરવા છતાં સરકારે તે ઠરાવનો અમલ ન કર્યો.

પ્રમુખ--આ યોજના ચાલુ કરવામાં બંધારણની અનિયમિતતાનો તમે ઉલ્લેખ કર્યો છે?

જ--હા, જો કમીટીની સત્તામાં હોય તો એ પૂછવા માગુ છું કે જો સુધારાનો કાયદો ધારાસભાને બંધારણના હક્ક આપે છે તે ખાસ કાયદાથી ખાતું ઉભું કરવું એ ગેરકાયદેસર નથી?

સ—તમે એ સવાલ ઉઠાવી શકો છો. અમે તેની નોંધ લી
છે. તે વિષે અમારે કેવી ભલામણો કરવાની છે તે હું કહી શ
નહિં. અલબત્ત તે બંધારણના પ્રશ્નો છે. તમે એમ માનો છો કે
નવું ખાતું ઉભું કરવાનો ખરડો રજુ કરતી વખતે તેનો હેતુ ધા
સભાના બંધનો અને અંકુશ દૂર કરવાનો હતો.

ગવરનરના શબ્દો.

જ—ના. સર જ્યોર્જ લોઇડે ખરડો રજુ કરતાં તેમ કહ્યું હ
હું ધારૂં છું કે કોરપોરેશનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ' અ
યોજનાનો તાકીદે અમલ થાય તે માટે બહારની બને તેટલી ઓ
દખલગીરી હોવી જોઇએ અને એવો અંકુશ દૂર કરવા માટે અ
ખાસ ખાતું જોઇએ છીએ. તેથીજ તેને સરકારી ખાતું બનાવ
છીએ.'' આ શબ્દો ના. ગવરનરના પહેલા ભાષણમાં હતા. પછ
પણ તેઓ એ પ્રમાણે બોલ્યા હતા.

સ—તમારી ભલામણ એ છે કે ''કારોબારી અધિકારીઓની
ખાસ અસાધારણ સત્તા લઇ લેવી જોઇએ અને બાકીનું કામ જ
બાંધકામમાં ગણી ધારાસભાનો અંકુશ અને દેખરેખ ફરી દાર
કરવા જોઇએ.''

મારી પહેલી ભલામણ.

જ—આ મારી પહેલી ભલામણ છે. હવે મારે કહેવું જોઇ
કે બંધારણ તેમજ ઝડપને કારણે તેમજ અમને મળેલા અનુ
જોતાં યોજનાના વહિવટ માટે તે વધુ વખત ખાતાના હસ્તક રહેવી
જોઇએ.



શ્રી એસ. જી. વેલીનકર, બાર એટ-લો, મુંબઇ.

સ—યોજના ઉદ્‌ભવી ત્યારે પ્રજાની માગણી હતી. તેઓ તરફેણમ હતા કે વિરૂદ્ધમાં ?

લલચાવનારી ગણત્રીઓ.

જ—ધારાસભાના હેવાલ પ્રમાણે ગંભીર વિરોધ નહોતો પરંતુ તેનું કારણ સરકારના જવાબદાર અમલદારોએ બતાવેલા ખોટા આંકડા અને લલચાવનારાં નક્શા હતા. ધારાસભામાં યોજનાનો વિરોધ નહિં કરનાર સભ્યોને પાછળથી પૂછવામાં આવતાં તેઓએ ખુલાસો કર્યો કે તેઓ લલચાવનારી ગણત્રીઓ અને યોજનાથી થનારા મોટા નફાની વાતોથી તેઓ દોરવાયા હતા. જવાબદાર અમલદારોની વાત તેઓએ સાચી માની લીધી. જો તેમણે તે વખતે શંકા ઉઠાવી હોત તો તેઓ સામે થયાજ હોત.

સ—પરંતુ યોજના નફાકારક થવાની આશા હતી. પ્રજાને પણ મોટી આશાઓ હતી.

જ—સરકારના કહેવા પ્રમાણે. એથીજ પ્રજા તેમાં સંડોવાઇ એમ મારે કહેવું જોઇએ.

સ—સારા વખતના કાર્યની તમે ખરાબ વર્ષો પછી તુલના કરો છો.

જ—એ ખરૂં છે.

સ—તે વખત કરતાં અત્યારે સંજોગો જુદા છે.

જ—તે માટે હું છુટછાટ મુકું છું.

સ—સરકાર પ્રજાની સાથે ચાલી હતી.

સરકારે પ્રજાને ઠગી.

જ—હું તેને મળતો થતો નથી. સરકારે પ્રજાને ઠગી. સરકારના
ાબદાર અમલદારોએ ગણત્રી અને વિચાર કર્યા પછી તેઓ એવા
ૃંય પર આવ્યા છે કે યોજના ભારે સફળ થશે એમ ન કહ્યું
તો સારો વખત હોવા છતાં પ્રજાએ વિરોધ કર્યો હોત.

સ—તમે જાણો છો કે એ દિવસોમાં પ્રજા જમીન માટે ગાંડી
। હતી.

જ—એ ઘેલછા યોજના દાખલ ત્યારે નહિં પણ પાછળથી
ી હતી.

સ—પ્રજાની વલણ યોજનાની વિરોધી નહોતી.

પ્રજાને પૂછવામાં આવ્યુંજ નહોતું.

જ—પ્રજાની કદી સલાહ લેવામાં આવીજ નહોતી અને પ્રજા તેમાં
ાયેલી પણ નહોતી. બધું કામ સરકારનું હતું.

સ—સુધારા પહેલાં પ્રજાની સલાહ નહોતી લેવાતી.

જ—તે પછી પણ નહિં. સુધારા દાખલ થયા ૧૯૧૯ માં અને
ના દાખલ થઇ ૧૯૨૦ માં.

સ—તમારી મૂખ્ય ફરિઆદ એ છે કે બંધારણ, નાણાં અને શાસ્ત્રીય
નો કોરે મૂકવામાં આવ્યા હતા?

જ—હા. જો તેવો અંકુશ હોત તો આવી બરબાદી ન થાત.

સ—તમે એમ પણ કહો છો કે જવાબદારી નક્કી કરવામાં આવી ન-
।. ડીરેક્ટર અથવા સલાહકાર ઇજનેર કે ઇજનેરો જવાબદાર હતા
ણાયું નથી.

જ--ધારાસભામાં એવું બહાર આવ્યું હતું કે લાંબા વખત સુધી બધુ સલાહકાર ઇજનેરના હાથમાં હતું.

સ--તમારી એ પણ ફરિયાદ છે કે નિયમિતપણે રચાયેલા ખાતાની શાસ્ત્રીય દેખરેખ ખેંચી લેવામાં આવી હતી ?

જ--હા.

સ--એ બીજી એક ખામી હતી અને નિષ્ફળતાનું એક કારણ હતું ?

જ--હા.

સ--તમે બે કારણો બતાવો છો. ડ્રેજર જોઇતું કામ ન આપી શકી અને જમીનની કિંમત ઘટી ગઈ અત્યારે જમીનની કિંમત ઉંચી હોત તો તમારી ટીકા જુદી હોત.

નિષ્ફળતાનું ખરૂં કારણ.

જ--કદાચ. નિષ્ફળતા આ બે કારણોનેજ આભારી હતી તે હું કબુલ કરતો નથી. નિષ્ફળતાનું મૂખ્ય કારણ તો જે ગૃહસ્થ કામ માટે નાલાયક નીવડયા છે તેની નીમણુંક લાગે છે. મારી પહેલી ફરિઆદ એ છે કે એ નીમણુંક માટે જવાબદાર ગૃહસ્થ આ નિષ્ફળતા માટે જવાબદાર છે.

સર ફ્રેડરીક હોપકીનસન--તમે એવું માની લો છો કે યોજના નિષ્ફળ ગઇ છે.

જ--જે વસ્તુસ્થિતિ છે તે વિષે કોઇના મનમાં શંકા નથી, સિવાય કે ભવિષ્યમાં તે તદ્દન બદલાઇ જાય. અત્યારે તો તે નિષ્ફળ નથી ગઇ એમ તમે નજ કહી શકો.

સર ફ્રે. હો.—પણ તમે તો માની લો છો કે યોજના નિષ્ફળ ગઈજ છે.

જ—વસ્તુસ્થિતિ એજ છે. કશી શંકા હોય એમ હું માનતો નથી સિવાય કે ભવિષ્યમાં તદ્દન બદલાઇ જાય. અત્યારે એવો એક પણ માણસ નથી કે જે એમ કહે કે યોજના નિષ્ફળ નથી ગઇ.

સર એમ. વિશ્વેશ્વરાય- તમે કહો છો કે "હું થોડા વધુ ચોંકાવનારા દાખલા આપીશ કે જે કમીટીની ખાત્રી કરી આપશે કે પ્રજાને માત્ર અંધારામાં રાખવાનીજ નહિં, પરંતુ ખોટી હકિકતોથી તેને આડે માર્ગે દોરવાની ઇરાદાપૂર્વક અને આગ્રહી નીતિ અખત્યાર કરવામાં આવી હતી."

જ—હું જરૂર કહું છું.

સ—એ બહુ કડક નથી.

જ—તદ્દન વ્યાજબી છે.

સ—તમે એમ માનો છો ?

જ—હા.

સ—અમારી પાસે વિગતો નથી. અમે એકઠી કરીએ છીએ.

જ—હું મારી હકિકતો રજુ કરીશ. ખાસ કરીને હું એક હકિકતનો ઉલ્લેખ કરીશ.

સ—પ્રથમ તમે ડ્રેજર "કાસુ" માટે ઉલ્લેખ કરો છો.

જ—હા. એ સારો સોદો હોવાનું જણાવવામાં આવ્યું હતું. ૧૯૨૪ના ઓકટોબરમાં સર લોલેસ હેપરે વાપરેલા શબ્દો એ છે

કે "મુંબઇ સરકારે જરાયે ખરાબ સોદો કર્યો નથી." ગભરાટ ન ફેલાય એવા હેતુથી એમ જણાવવામાં આવ્યું હતુ.

સર એમ. વિ.—યોજના મંજુર થયા પહેલાં તે ખરીદવામાં આવી હતી?

ડ્રેજર "કાલુ"ના ખરીદીની જુદી જુદી તારીખો.

જ—એ તો કબુલ પણ કરવામાં આવ્યું છે. મારા સ્ટેટમેન્ટમાં નહિં જણાવેલી એક વાત ઉમેરૂં. મુંબઇ સરકારે પોતાના જાહેરાત ખાતાના ડીરેકટર મારફત "કાલુ"ના ખરીદી માટે જુદીજ તારીખ આપી છે. જાહેરાત ખાતાના કામચલાઉ ડીરેકટર મી. કલીએ તેના પર સહી કરી છે અને તે "બોમ્બે ક્રાનીકલ"ના ૧૯૨૪ના મેની તા. ૩૧ મીના અંકમાં પ્રગટ થયો છે.

સર ફ્રે. હો—મને જોવા દો. તમે શેમાંથી વાંચો છો?

જ—મારા ચર્ચાપત્રના જવાબમાં જાહેરાત ખાતાના કામચલાઉ ડીરેકટર મી. કલીએ પ્રગટ કરેલો પત્ર છે. "તમારા ચાલુ માસના તા. ર૭મીના અંકમાં ખીલવણી ખાતા વિષે મી. નરીમાનના પત્રના સંબંધમાં નીચેની હકિકતો તમારા વાંચનારાઓને જાણવાજોગ થઇ પડશે.

"સર લોલેસ હેપરે મુંબઇ વિભાગના લશ્કરી સરંજામ ખાતાના કોન્ટ્રોલરનો હોદ્દો ૧૯૧૮ના ઓગસ્ટમાં છોડયો હતો અને ૧૯૨૦ના નવેમ્બર સુધી તેમની ખીલવંણી ખાતાના ડીરેકટર તરીકે નીમણુંક થઇ નહોતી.

"ડ્રેજર "કાલુ" મુંબઇ સરકારે હિંદી સરકારના દરિયા ખાતા પાસેથી પરબારી ૧૯૨૦ના ફેબ્રુઆરીમાં ખરીદી હતી."

મારો સવાલ એ હતો કે "કાલુ" લશ્કરી ખાતાએ વેચી હતી તેથી તેના વેચાણમાં તે ખાતાના કોન્ટ્રોલર તરીકે સર લોલેસ હેપરનો કંઈ હાથ હતો કે? તેના જવાબમાં સર લોલેસ હેપરનો તેમાં હાથ નહોતો એવું દેખાડવા જુદી જુદી તારીખો આપવામાં આવી.

"કાલુના" વેચાણ ખરીદીમાં ગોટાળો.

સર ફ્રે. હો.—"કાલુ"ના વેચાણ કે ખરીદીમાં કાંઈક ગોટાળો હતો એવુ તમે સુચવો છો?

જ જરૂર.

સ—તે શું છે?

જ—મળેલી માહતી પ્રમાણે "કાલુ" પોર્ટ ટ્રસ્ટે લશ્કરી ખાતાને વેચી હતી.

સ—તે તો ઘણા વખત પહેલાં.

જ—ખરીદીની રકમ અગત્યની છે

સ—એ બધું તો તમારા સ્ટેટમેન્ટમાં છે. તેમાંથી મને જણાય છે કે "કાલુ"ની ખરીદી અને વેચાણની તારીખોમાં ગોટાળો હોવાનું તમે સુચવો છો.

જ—વધારાના સામાનના મોટા જથ્થો વગર વેચાયો પડયો હતો, તેનું શું કરવું તેની સરકારને સુઝ પડતી નહોતી. એટલે તેનો નિવેડો લાવવા તે ખીલવણી ખાતા ઉપર લાદવામાં આવ્યો.

સ—તેમાં કોઇનો સ્વાર્થ હતો?

જ—એ માલ વેચી કાઢવામાં લશ્કરી ખાતાને જરૂર સ્વાર્થ હતો અને બીજું કોઇ ખરીદનાર મળી શકે તેમ નહોતું તેથી ખીલવણી ખાતા ઉપર લાદવામાં આવ્યું.

સ—બે જાહેર ખાતાઓ વચ્ચેનો એ તો જાહેર સોદો હતો.

જ—જરૂર.

સ—એમાં કોઈનો સ્વાર્થ ન હોઇ શકે. તમે શું સુચવો છો?

જ—હું એમ સુચવું છું કે સરકારનો નકામો પડેલો માલ એવી રીતે ખીલવણી ખાતા ઉપર લાદી પ્રજાના નાણાંમાંથી પ્રજાને તેના પૈસા આપવા પડે એમ ન કરવું જોઇએ.

અયોગ્ય કિંમત.

સ—તમે એમ કહો છો કે કિંમત અયોગ્ય હતી?

જ—જરૂર અયોગ્ય હતી.

સ—તે કિંમત આપવાનું કોણે કબુલ કર્યું?

જ—સર જ્યોર્જ લોઇડની સરકારે.

સ—એટલે તમારૂં કહેવુ એમ છે કે સરકારે ખરાબ સોદો કર્યો હતો?

જ—લશ્કરી ખાતાનો ભાર, કમી કરવા માટે જરૂર ખરાબ સોદો કર્યો હતો.

સ—તેટલા ખાતરજ.

જ—માત્ર તેટલા ખાતર એમ નહિં કહું, પરંતુ તે પણ એક કારણ હતુ.

સ—પરંતુ આ તો તમારૂં સ્ટેટમેન્ટ માત્ર છે.

જ—એથી વધારે એ ન હોઈ શકે. તમે શી આશા રાખો છો?

સ—હું ધારૂં છું લેનાર બેચનાર બન્ને રાજી હતા.

જ—બચીત. બલા કાઢવા કોણ રાજી ન હોય.

સ—તમે એમ કહો છો કે મુંબઇ સરકાર ખરીદવા ખુશી નહોતી?

જ—જો મુંબઈ સરકારે લશ્કરી ખાતાના નહિં પણ પ્રજાના હિતનો વિચાર કર્યો હોત તો જરૂર તેણે તે ખરીદી નહોત. તેઓ પોતાની ઇચ્છા વિરૂદ્ધ ખરીદી હતી એમ હું કહેતો નથી. આ ડ્રેજર નકામી હતી તે તેઓ જાણતા હતા અને જાણવાને પુરતા કારણ હતા. એટલે પુરી તપાસ વિના આવડી મોટી રકમે ખરીદવી નહોતી જોઇતી.

સ—તમે પોતે બાહોશ અનુભવી હો એવી રીતે વાત કરો છો.

બાહોશ અનુભવીઓનો અભિપ્રાય.

જ—મારા પોતાના નહિં પણ બાહોશ અનુભવીઓની જુબાની પ્રમાણે કહું છું. મેસર્સ જેકબ્સ એન્ડ ડેવીઝના રીપોર્ટની નકલ મેં રજુ કરી છે જે સ્પષ્ટ બતાવે છે કે ડ્રેજર નકામી હતી એવું જાણવાના પુરતા સાધનો સરકાર પાસે હતા. ખીલવણી ખાતાની કમીટી સમક્ષ ૧૯૧૩ ના ડીસેમ્બરની તા. ૧૩ મીએ તાતા કંપનીવાળા મી. બીલીમોરીયાએ જેકબ્સ એન્ડ ડેવીઝનો અભિપ્રાય જણાવ્યો હતો કે ડ્રેજર આયુષ્ય હવે લાંબુ નહોતું અને પોર્ટ ટ્રસ્ટની ડ્રેજર હવે નકામી થવા આવી છે. જેકબ્સ એન્ડ ડેવીઝની કંપની ઇજનેરો તરીકે સુવિખ્યાત છે.

સ—૧૯૧૪ માં ડ્રૂજરો નવી હતી ને?

જ—સાઇમન કંપની પાસેથી ૧૯૦૭માં ખરીદવામાં આવી હતી અને ૧૯૧૫ના નવેમ્બરમાં વેચવામાં આવી ત્યાં. સુધી પોર્ટ ટ્રસ્ટે તે વાપરી હતી.

સ—આઠ વર્ષની જુની અને રીપોર્ટ કરવામાં આવ્યો ત્યારે ૭ વર્ષની જુની હતી.

જ—બાહોશ અનુભવીઓનો અભિપ્રાય એવો હતો કે તેનું આયુષ્ય પુરૂં થવા આવ્યું હતું. મી. હયુએટનો અભિપ્રાય હતો કે પોર્ટ ટ્રસ્ટની ડ્રૂજર હવે દરિયાની પુરણીના કામની નહોતી. એટલે તે નવી યોજના માટે તો નહોતી વપરાવી જોઇતી. સરકારે ડ્રૂજર ખરીદી ત્યારે બાહોશ અનુભવીઓનો આ અભિપ્રાય સરકાર પાસે હતો. એકજ પ્રસંગ સરકારને સાવધાન બનાવવા માટે પુરતો હતો.

સર એમ. વિ—એક સરકારી ખાતામાંથી બીજા સરકારી ખાતામાં તેની ફેરબદલી થઇ હતી.

જ—તે કબુલ છે. પરંતુ તેના ઉપર સલાહકાર ઇજનેરને કમીશન મળ્યું હતું કે કેમ? એ મારા પ્રશ્નના જવાબમાં મી૦ કાવશજી જહાંગીરે જણાવ્યું હતું કે લશ્કરી ખાતા પાસેથી રૂ. ૯ લાખનો માલ ખરીદવામાં આવ્યો હતો જેમાં ડેજર પણ હતી.

સ—તમને ચોકકસ ખબર છે?

જ—હા.

સ—સરકારે તે કબુલ કર્યું છે?

જ--મેં ધારાસભામાં સવાલ પૂછ્યો, તેનો મી. કાવસજી જહાંગીરે જવાબ આપ્યો હતો કે કુલ રકમ રૂ. ૯ લાખની હતી, જેમાં "કાલુ"ની કિંમત પણ આવી જતી હતી.

સર ફ્રે. હો—હું એક બાહોશ અનુભવીનો અભિપ્રાય આપું. ૧૮૯૮ માં બંધાયેલી ડ્રેજર એક નંબરનું કામ આપે છે.

જ—હશે. અનેક જાતની ડ્રેજરો હોય અને અનેક જાતના અનુભવીઓ હોય છે.

સ--એ તો તમે કબુલ કરો છો ને?

જ--હશે. દરેક નિયમને અપવાદ હોય છે.

સર એમ. વિ—"કાલુ" વિષે તમે એમ કહો છો કે હિંદી સરકારે તે ખીલવણી ખાતાને આપી?

જ—એ બરાબર છે. પરંતુ એક ખાતમાંથી બીજા ખાતામાં ફેરબદલી થવા છતાં સલાહકાર ઇજનેરને કમીશન અપાયું હતું. મેં એ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે તેનો તે હકક લાગતો હતો કે?

સર ફ્રે. હો--મી. નરીમાન આ કિંમતના સંબંધમાં હું તમને મદદ કરી શકીશ. "કાલુ" લડાઇ પહેલાં ૧૯૦૭ માં બંધાઈ હતી અને લડાઇ પછી વેચાઇ હતી. આવી ડ્રેજરોની કિંમત ત્રણ ચાર ગણી થઇ ગઇ હતી. એટલે ૧૯૦૭ માં અપાયેલી કિંમતની ૧૯૨૦ની કિંમત સાથે સરખામણી ન થઇ શકે.

જ--હું કબુલ કરૂં છું. પરંતુ જે યંત્ર કામમાં ન લાગે એવું હોય તે તો નજ ખરીદવું જોઇએ.

સ—કિંમતો બહુ હતી.

જ—હું જાણું છું.

સર એમ. વિ—કારખાનાવાળાઓ મુશ્કેલીથી.....................

જ—તેની સ્થિતિ જાણવા પછી સરકારે તે નહોતી ખરીદવી જોઇતી. તે નકામી હતી, પછી તે ખરીદવાનો કાંઇ અર્થ નહોતો. જો જાહેર નાણાંનું બરાબર રક્ષણ કરવું હોય તો સરકાર પાસે માહિતી હતી તે તપાસવી જોઇતી હતી.

સ—તમારો બીજો મુદ્દો અડસટ્ટાનો છે?

જ—હા. મી. કાવસજી જહાંગીરે અમને મૂળ અડસટ્ટો જણાવ્યોજ નથી. મારા સ્પષ્ટ સવાલના જવાબમાં તેમણે કહ્યું કે મંજુર થયેલો અડસટ્ટો રૂ. ૪ કરોડનો હતોજ નહિં. એ તો સર જ્યો. બુકાનનનો અડસટ્ટો હતો અને સરકારે તે કદી સ્વીકાર્યો નહોતો.

સ—રૂ. ૪ કરોડનો કદી જણાવ્યો નહોતો?

૪ કરોડ પરથી ૭ કરોડ પર કુદકો.

જ—ના. કદી નહિં. પૂછવામાં આવ્યું ત્યારે ખોટે માર્ગે દોરવનારી હકીકત કહેવામાં આવી. સરકારે એટલુંજ જણાવ્યું કે અડસટ્ટો રૂ. ૪ કરોડથી વધારી રૂ. ૭ કરોડનો કરવામાં આવ્યો હતો. સત્તાવાર મંજુર વિના આવો કુદકો કેમ મારવામાં આવ્યો તે અમે જાણવા માગતા હતા

સ—તે કદી જણાવવામાં આવ્યું નહોતું. તમે કેમ જાણ્યું કે મોટો કુદકો મારવામાં આવ્યો હતો?

જ--અમારા જાણવામાં આવ્યું હતું કે ના. ગવરનરે દેશી વેપારી ચેમ્બરમાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે અડસટ્ટો વધારીને રૂ. ૭ કરોડનો કરવામાં આવ્યો હતો. એ ભાષણ મને મળ્યું એટલે મેં પ્રશ્ન પૂછ્યો, પરંતુ તેનો ઇનકાર કરવામાં આવ્યો.

મી. બીલીમોરીયા--એ ૧૯૨૧ માં બન્યું હતું અને તમે ૧૯૨૩ ની વાત કરો છો.

પરપોટા ફુટી ગયા પછી પણ ખોટી વાત.

જ--હું ધારાસભામાં ગયો ત્યારે મેં સવાલ પૂછ્યો. મારી ગંભીર ફરિયાદ વચગાળેના રીપોર્ટમાંની હકિકત વિષે હતી. એ બહુ ગંભીર બાબત છે. સલાહકાર કમીટીએ પરપોટો ફૂટી ગયા પછી પણ એવી ખોટી હકિકત જણાવવા દીધી કે યોજના સફળ થઇ હતી. જોતાં ૧૯૨૪ માંજ સર લોલેસ હેપરે જુદુંજ ચિત્ર દોર્યું હતું.

સર એમ. વિ--કદાચ તેમને એમ લાગ્યું હોય કે કેજરે વધારે વખત કામ કર્યું હોત તો ....

જ--એ સવાલજ નથી. ૧૯૨૪ માં તે જાણતા હતા કે માટી જુદા નીકળવાથી નિષ્ફળતા ચોક્કસ હતી. તે જુબાનીમાં એમ કહે પણ છે. આમ છતાં ૧૯૨૫ ના નવેમ્બરમાં તે ખોટી વાત કહે છે.

સ--વસ્તુ સુધરે એવી તેમને આશા હશે.

જ—ભવિષ્યમાં તેઓ એવી આશા રાખે છે એમ તેમણે કહ્યું નહોતું.

સ-- ૭ કરોડ તમને વધારે પડતા લાગે છે ?

જ--મૂળ આંકડો વિચારતાં જરૂર તેમ લાગે છે. જો અડસટ્ટો ધારાસભા સમક્ષ મૂકવામાં આવ્યો હોત તો ધારાસભાએ નવી લોન ઉભા કરવાનું સહેલાઇથી કબુલ કર્યું હોત તે વિષે મને શંકા છે. મારી ફરિઆદ એ છે કે આવા સંજોગોમાં જે સાવચેતી સામાન્ય રીતે લેવાવી જોઇએ તે સરકારે લીધી નહોતી.

ધારાસભાના હેવાલમાંથી હુ એક ફકરો વાંચીશ:—

"હિંદી વજીરનો તાર આવ્યા પછી સરકારે તા. ૨૬–૫–૧૯૧૯ ને રોજ બીજો તાર કર્યો હતો કે 'સર ક્લોડ હીલ સાથેની ચર્ચા અને તેઓ ઇંગ્લાન્ડ પાછા ફરવાના હોઇને હિંદી વજીરના પહેલા તારનો જવાબ મોકુફ રાખવામાં આવ્યો હતો. મી. કેમરનની નીમણુંકની આ સરકાર વિરૂદ્ધ છે અને પામરને ઓક્ટોબર પહેલા મેળવવા મુશ્કેલ હોવાથી સરકારે સર જ્યો. બુકાનન જે હમણાં કામ પર રોકાયેલા છે તેની નીમણુંક નક્કી કરી છે. પ્રાથમિક તપાસ પુરી કર્યા પછી ફ્રેજર વિગેરે યંત્રો અને સામાનો માટે તે વિલાયત આવશે."

મુંબઇ સરકારનો હિંદી વજીર પરનો આ તાર બતાવે છે કે નીમણુંક તા. ૨૬ મી મે ૧૯૧૯ થી થઇ હતી. તે પછી તેમને તા. ૩૦મીએ રીપોર્ટ કરવા કહેવામાં આવ્યું હતું.

સર એમ. વિ—જવાબદાર સરકારી નોકરોના ખોટી હકિકત વિષે તમે કહો છો.

જ—હા. મેં એક દાખલો આપ્યો છે.

સ--"કામ કાર્યક્રમ મુજબ સરળતાથી ચાલે છે."

જ--સર લોલેસ હેપર તેમ કહે છે.

સ--"કેટલાક ચોમાસાથી તેની સ્થીરતાની કસોટી થઇ છે. પ્રજાને ગમે તે ભય હોય પરંતુ યોજના સફળતાથી પુરી નહિં થઇ શકે એમ માનવાનું કમીટીને કારણ નથી." ૧૯૨૫ના ફેબ્રુઆરીની તા. ૧૭ મીએ આ કહેવામાં આવ્યું હતું.

જ--હા.

સ--"નાણાંની નુકશાનીની બાબતમાં પણ તા. ૩૧-૩-૨૪ સુધી વ્યાજ સહીત ખર્ચ રૂ. ૪ કરોડ ૧૨ લાખ ૩૯ હજાર થયું છે, જ્યારે અડસટ્ટો ૪ કરોડ ૨૧ લાખ ૧૬ હજારનો હતો." કદાચ તેમને એમ લાગ્યું હોય કે ડ્રેજરો સુધારેલી હાલતમાં કામ કરતી હતી.

જ--તો તેમ કહેવું જોઇતું હતું.

સ--એ સ્ટેટમેન્ટને આધારે પેટા કમીટીના સભ્યોએ યોજના પુરી કરવાની ભલામણ કરી?

જ--કેટલાકોએ. બીજા વધારે સાવધાન હતા.

સર ફ્રે. હો--તમે તમારા સ્ટેટમેન્ટની નકલ છાપાવાળાઓને આપી છે?

જ--ના.

સ--તેઓ પ્રગટ કરવા જેવા ફકરા ચુંટી શકે તો વખત બચે.

જ--મને લાગે છે કે હમણાંજ તે આપવામાં આવ્યું છે. મારી તપાસ પહેલાં આપવું મને વ્યાજબી ન લાગ્યું.

સ--" શરૂઆતમાંજ કાયદાની ચાલબાજીથી ધારાસભાનો કાયદેસર અંધારણયુકત અંકુશ દૂર કરવામાં આવ્યો હતો."

જ—હું ખાસ ખાતું ઉભું કરવા વિષે કહેવા માગુ છું. આ ખાતું ધારાસભાના આર્થિક અંકુશ નીચે હોવું જોઇએ એવી અમારી માગણી છે.

સ--ખાસ કાયદાથી ખાતું સ્થાપવામાં આવ્યું હતું.

જ--હા.

સ—તમે એવા નિર્ણયપર આવો છો કે આ બધી ભૂલોને લીધે આવી અસાધારણ રીતે આવી મોટી યોજના શરૂ કરવાના સરકારના હેતુ વિષે શંકા ઉત્પન્ન થાય છે.

જ—હા. યોજના વિષે મેસર્સ. જેકબ એન્ડ ડેવીઝનો અભિપ્રાય મેં ટાંકયો છે કે તદ્દન વિરૂધ્ધ છે.

સર ફ્રે. હો--એક ખાનગી પેઢી વતી ખાનગી ઇજનેરોનો એ અભિપ્રાય છે.

સરકારી અમલદારને પણ શંકા હતી.

જ--મી. ડગનની જુબાની પ્રમાણે મી. ફીડે પણ શંકા દર્શાવી હતી.

સ--શેની શંકા ?

જ--યોજનાની સફળતા વિષે.

સ--મી. ફીડના રીપોર્ટથી તો કામ ચાલે છે.

જ—મી. ડગનની જુબાની પ્રમાણે અમુક વખતે મી. ફીડે શંકા દર્શાવી હતી.

સર એમ. વિ--૧૯૧૪માં સંજોગો પ્રતિકૂળ હોય પરંતુ ૧૯૨૦ માં જમીનની કિંમત વધી ગઇ ત્યારે યોજના નફાકારક થશે એમ માનવામાં આવ્યું હોય અને તેથી તે વિષે તપાસ કરવામાં આવી ન હોય.

જ—પરંતુ મારી ફરિઆદ એ છે કે આવી મોટી યોજના હાથ ધરતાં પહેલાં સામાન્ય રીતે લેવાય છે તેવી સાવચેતી લેવામાં આવી નહોતી.

સ--તેજીના વખતમાં સૌ માથું ગુમાવી બેસે છે અને સરકારે સ્વાભાવિક રીતે માન્યું હોય કે યોજના નફાકારક થશે.

જ--સરકાર માથું ગુમાવે તે ન પરવડે અને તે તેમ કરે તો જરૂર પ્રજા તેને દોષપાત્ર ગણે. તેજીને લીધે સરકારને યોજનાનો વિચાર આવે તે હું સમજી શકું છું પરંતુ સાવચેતીના પગલાં કે જેને તેજી સાથે કશો સંબંધ નથી તેની અવગણના હું સમજી શકતો નથી. એ તો કેવળ ઇજનેરી સવાલ હતો.

સ—તમે કહો છો કે સરકારે પોર્ટટ્રસ્ટની સલાહ ન લીધી.

જ--પોર્ટટ્રસ્ટની કે કોઇની નહિં.

સ--પછી તમે જવાબદારીની વાત કરો છો.

જ--સર જયો. બુકાનનની નીમણુંકની જવાબદારી કહેવા માગુ છું.

સ—કામના વહિવટ વિષે નહિં ને ?



મી. ટી. હારવે.

સર જ્યોર્જ લોઇડની જવાબદારી.

જ—પહેલી જવાબદારી પછી આખી જવાબદારીનો વિચાર કરી કાય. જો સર જ્યો. બુકાનન યોજના માટે ધારવા જેટલા લાયક નીવડયા તો તેમની નીમણુંક કરનાર પર જવાબદારી રહે છે.

સ--તે નીમણુંક કરનાર કોણ હતું ?

જ--સર જ્યોર્જ લોઈડ.

સ—તેઓ એકલા કે તેમની સરકાર ?

જ--સરકાર હોવી જોઇએ. પરંતુ પછીના બનાવો બતાવે છે કે એોજ આખા તમાશાનું ઉપરીપણું ભોગવતા હતા, પરંતુ કાંઇ અપમાન કરવા નથી માગતો.

સ—ગવરનર ઉપરી હોય તે તમને પસંદ નથી ?

જ-પ્રજાકીય દૃષ્ટિએ નહિંજ.

સર એમ. વી.—તમે કહો છો કે "સરકાર અથવા સર જ્યોર્જ બુકાનનની નીમણુંક માટે જવાબદાર વ્યકિત મૂખ્યત્વે દોષપાત્ર છે."

જ—હા.

સ—તમે કહો છો કે "સૌથી અગત્યની અને મોટા પગારની નીમણુંકના સંજોગો એટલા અસાધારણ કે તેની ઉંડી અને બારીક તપાસ થવી ઘટે છે. કઇ રીતે ?"

જ--આવા અગત્યના અને મોટા પગારના હોદ્દા માટે અરજી પણ માગવામાં આવી નહોતી.

સ—સલાહકાર ઈજનેર શોધવા પડે, તે કાંઇ પોતાની મેળે ન આવે.

મોટા હોદ્દાની ખાનગી નીમણુંક.

જ—તેમની સેવાઓ જોઇએ છે તે જાણ્યા વિના કેમ આવે? સર જ્યોર્જ લોઈડના મગજમાં આવી મોટી યોજના છે તે સારામાં સારા ઇજનેરો શી રીતે જાણે? અને જાહેર ખબર વિના કોઇજ આગળ ન આવે. મેં સ્ટેટમેન્ટમાં બતાવ્યું છે કે સ્કુલના પ્રીન્સીપાલ જેવી જગ્યા માટે અગ્રેજી પત્રોમાં જાહેર ખબર આપવામાં આવી હતી. એવા માણુસ આ દેશમાં ન મળે તો હિંદ બહારથી મેળવવો જોઇએ. પરંતુ આ હોદ્દા જાહેર ખબર વિના આપવામાં આવ્યો હતો. જો જાહેર ખબર આપી હોત તો સારામાં સારો માણુસ મળી શકત અને આખી યોજનાના આ હાલ ન થાત.

સ—તમે એમ કહો છો કે નીમણુંક ભારે ઉતાવળથી કરવામાં આવી હતી?

જ—હિંદી વજીર મંજુરી આપશે એમ માનીને નીમણુંક કરવામાં આવી હતી. આવી અતિ ઉતાવળની જરૂર નહોતી. છેવટે એ તો ઇજનેરોની પેઢી સાથેનો કરાર હતો. એટલે એ નીમણુંક કરનાર નિષ્ફળતા માટે જવાબદાર છે કેમકે તેણે ભૂલ કરી.

આવી નીમણુંક માટે માણુસ પસંદ કરતાં પહેલાં પુરતી સંભાળ લેવી જોઇએ. તે ગેરહાજર છે તેથી આવા મોટા કામ માટે તેની લાયકાત શી હતી તે વિષે હું કાંઇ કહેવા ઇચ્છતો નથી. તે માત્ર પોર્ટટ્રસ્ટનો ઇજનેર હતો અને બસરા ખાતે નાના પાયા પર ડ્રેજીંગનું કામ કર્યુ હતું.

પરંતુ તે પણ સફળ થયું નહોતું "કાલુ" ત્યાં જ હતી અને તેનું કામ તેણે જોયું હતું.

સ--પછી તમે "તેની શી નોનવોટેબલ" હતી કહો છો. તેની વિગતો શી છે?

ધારાસભાની મંજુરી નહિં લેવાની ગંભીર ભૂલ.

જ—સુધારાના કાયદા મુજબ બધા ભથ્થા માટે ધારાસભાની મંજુરી લેવી જોઇએ. તે સિવાયનું ખર્ચ ગેરકાયદેસર ગણાય સર જયો. બુકાનનને કમીશનના દર વર્ષે રૂ. ૧,૬૦,૦૦૦ મળતા ૧૯૨૪ સુધી તેને માટે મંજુરી લેવામાં આવી નહિં. છેક ૧૯૨૪ માં ઓડીટર જનરલને ભૂલ જણાઇ ત્યારે સરકારને ધારાસભાની મંજુરી માગવાની ફરજ પડી. મારી ફરિયાદ એ છે કે એ રકમ મંજુરી માટે ન મૂકીને ચર્ચા ઉડાવી દેવામાં આવી કેમકે એ એકજ રકમ હતી કે જેને અંગે આખી બાબત પર ચર્ચા થઇ શકે સરકારે ધારાસભાને કરાર પણ દેખાડયા નહિં. જો તે રકમ ધારાસભાની મંજુરી માટેની ઠરાવવામાં આવી હોત તો પ્રજાએ હકિકત વહેલી જાણી હોત. બહુ મોડેથી અને તે પણ અકસ્માતથી બધી વસ્તુ બહાર આવી.

મી. બીલીમોરીયા--આખી યોજના પુરી રકમ સાથે મંજુર ખર્ચ હોય તો પણ આ ધારાસભામાં રજુ કરવું જોઇએ.

જ—બધા મોટા ખર્ચ જો "વોટેબલ" હોય તો ધારાસભાની મંજુરી માગવી જોઇએ. "નોન-વોટેબલ" અંદાજપત્રમાં તો હોય છે, પરંતુ તેની ચર્ચા કરવાનો અમને હકક નથી. અંદાજપત્રની

સઘળી "વોટેબલ" રકમો ધારાસભાની મંજુરી માટે રજુ થવી જોઇએ અને દરેક સભ્યને તેમાં ઘટાડાની દરખાસ્ત કરવાનો હક્ક હોય છે.

સર એમ. વિ.—એક વખત યોજના હાથમાં લીધી અને એક ગૃહસ્થને તે પર કમીશન નક્કી થઇ ગયા પછી તમે તે ન બદલી શકો. તમે કાયદેસર બંધાયા છો.

જ--પરંતુ કરાર કરતાં પહેલાં ધારાસભાને પૂછવું જોઇએ અને તેથીજ હું કહું છું કે કરાર બંધારણ પ્રમાણે કાયદેસર નથી.

સ--યોજના સુધારાના દિવસો પહેલાં શરૂ કરવામાં આવી હતી.

જ—યોજના ૧૯૨૦ માં શરૂ કરવામાં આવી અને સુધારા ૧૯૧૯ માં દાખલ થયા. સુધારા પ્રમાણેની ધારાસભા ચુંટાયા પછી કરાર થયા હતા. એજ અમારી ફરિઆદ છે કે આમ થવું નહોતું જોઇતું.

સ—પછી તમે ડ્રેજરના ખરીદી વિષે જણાવો છો. "કાલુ" વિષે આપણે ઉલ્લેખ કરી ગયા. ડ્રેજર "સર જ્યોર્જ લોઇડ" વિષે તમે શું કહેવા ઇચ્છો છો?

જ—એક વખત તેની કિંમત રૂ. ૧ કરોડ ૧૭ લાખ બતાવવામાં આવી હતી. પાછળથી તે વધારીને રૂ. ૧ કરોડ ૩૪ લાખ કરવામાં આવી.

મી. બીલીમોરીયા—હુંડીયામણના તફાવતને લીધે હોય.

જ—રૂ. ૧૭ લાખ જેટલો! હું તો આ બે જુદા આંકડા વિષે ખુલાસો માગુ છું.

સર ફ્રે. હો.--અમે તમને ખુલાસો ન આપી શકીએ.

બધોજ ખાનગી વહિવટ.

વળી જોઇએ તે અગાઉ મહીનાઓ પહેલાં તે ખરીદવામાં આવી હતી અને પ્રજાના નાણાંમાંથી વ્યાજ આપવામાં આવ્યું હતું. આવા અગત્યના અને કિંમતી યંત્ર માટે ટેન્ડરો પણ માગવામાં આવ્યાં નહોતાં.

સ--તમે કેમ જાણ્યું ?

જ—ધારાસભાના કામકાજ પરથી જ્યારે અમે એ વિષે માહિતી માગી ત્યારે સરકાર પાસે "સર જ્યોર્જ લોઇડ" ની ખરીદીનો કોન્ટ્રાકટ (કોણે કર્યો હતો તે હું જાણતો નથી) પણ નહોતો અને અમને તે બતાવવામાં આવ્યો નહોતો.

સ—લંડનમાં હશે.

જ—સરકાર પાસે નકલ તો હોવીજ જોઇએ.

સર એમ. વિ—એ કરારની નકલ કદી બતાવવામાં આવી નથી ?

જ—નહિં. સરકારે કહ્યું કે તે તેમ કરી શકે તેવી સ્થિતિમાં નથી.

સ—તે પછી તમારો આક્ષેપ એ છે કે "કાલુ" પર પણ સર જ્યો બુકાનનને કમીશન આપવામાં આવ્યું હતું.

જ—હા. લશ્કરી વધારાના માલ ખાતામાંથી ખરીદેલા બધા માલ પર કમીશન આપવામાં આવ્યું હતું.

મી. બીલીમોરીયા - જો તમે કરાર જોશો તો જણાશે કે એ તો માત્ર જેવો અર્થ કરો તેના પર આધાર રાખે છે.

સામાનની ફેરબદલી પર પણ કમીશન.

જ—તેમ હશે. પરંતુ એક સામાન્ય માણસ તરીકે મને એજ આશ્ચર્ય થાય છે કે એક ખાતામાંથી બીજા ખાતામાં ફેરબદલી કરેલા માલ પર પણ ઇજનેરોને કમીશન અપાયું છે. મારી સમજ પ્રમાણે યંત્રની પસંદગી કરવાની મહેનતના બદલામાં કમીશન અપાય છે, પરંતુ જ્યારે સ્થાનિક એક ખાતામાંથી બીજા ખાતામાં ફેરબદલી થાય ત્યારે પણ તેને કમીશનનો હક્ક હોય એમ મને નથી લાગતું.

સર એમ. વિ—આ મુદ્દા પર તમે કમીટી પાસે કેવી તપાસની આશા રાખો છો ?

વેચનાર તેજ ખરીદનાર

જ—મારો મુદ્દો એ છે કે સર લોલેસ હેપર લશ્કરી સરંજામ ખાતાના કોન્ટ્રોલર તરીકે "કાલુ"ની સ્થિતિ જાણતા હોવા જોઇએ. "કાલુ" લશ્કરી ખાતા પાસે ૧૯૧૫ થી ૧૯૧૯ સુધી હતી. સર લોલેસ હેપર તેમના કહેવા પ્રમાણે ૧૯૧૮ ના ઓગસ્ટ સુધી કોન્ટ્રોલર હતા. ત્રણ વર્ષથી "કાલુ" તેમના કબજામાં હતી અને તેની સ્થિતિ તે જાણતા હોવા જોઇએ, છતાં ખીલવણી ખાતાના ડીરેકટર તરીકે તેમણે તે ખરીદી. એટલે કોન્ટ્રોલર તે વેચનાર હતા અને ડીરેકટર તરીકે ખરીદનાર પણ તેજ હતા.

સર કે. હો.—તે સોદો સારો હતો કે ખરાબ ?

જ—પરિણામ પરથી તમે જાણો છો.

સ—તમે કેમ જાણ્યું કે સોદો ખરાબ હતો ?

જ—તેના કામ ઉપરથી. તેની કિંમત રૂ. ૭ લાખ હતી.

સ—બાકીની ખરીદીનું શું ?

જ—તે માત્ર રૂ. ૨ લાખની હતી.

સર એમ. વિ.—"શાસ્ત્રીય દૃષ્ટિ" એ તમે પ્રાથમિક તપાસ પુરતી નહિં હોવાનું જણાવો છો. હું ધારૂં છું કે તમે ડ્રેજરથી કેવો માલ કાઢવો પડશે તેની તપાસ કહેવા માગો છો.

જ—હા. મેજ મારો મુદ્દો છે પોર્ટટ્રસ્ટે નાના કામ માટે લીધેલી સાવચેતની સાથે સરખાવનાં પુરતી તપાસ કરવામાં આવી ન નહોતી. દરિયાની તળેટી વિષે અને ડ્રેજરને કેવો માલ કાઢવો પડશે તે નક્કી કરવા પાકા બોરીંગ કરવામાં આવ્યા નહોતા. એક ઇજનેર તરીકે તમે મારા કરતાં વધારે આ મુદ્દો સમજી શકશો.

સ—પછી તમે ખોટી હકિકતો વિષે કહો છો કે "મૂળ અડસટ્ટો પહેલાં ૧૦૦ ટકા અને પછી ૩૦૦ ટકા વધારવામાં આવ્યો હતો અને તેના પ્રમાણમાં મુદત પણ વધી હતી."

ત્રણ ગણું ખર્ચ.

જ—અત્યારના આકડા પ્રમાણે જરૂર ૩૦૦ ટકા, કેમકે છેલ્લો અડસટ્ટો રૂા. ૧૧ કરોડનો છે, જ્યારે મૂળ રૂ. ૩ કરોડનો હતો.

સ—અત્યારના અડસટ્ટો વ્યાજ બાદ કરતાં રૂ. ૧૦ કરોડનો છે.

—છેવટે વ્યાજતો આપવુંજ પડવાનું એટલે કુલ રૂ. ૧૧ કરોડ થાય છે.

સ—તમે "આંતરીક વહીવટ અથવા ગેરવહીવટ અને કામકાજ

પરની ટીકા" વિષે ઉલ્લેખ કરો છો. હુ માનું છું કે તમે આખા ખાતાના વહીવટ માટે કહેવા માગો છો.

જ--હા.

સ– તમારી ફરિઆદો મોટે ભાગે એકબે યોજના માટેજ છે ?

જ—મેં આપ્યા છે તે ત્રણ દાખલામાં તે આવી જાય છે. મે બીજા સંખ્યાબંધ દાખલા આપ્યા છે પરંતુ તે કમીટીની તપાસમ નહિં આવતા હોઇ ભલે છોડી દેવામાં આવે.

સર ફ્રે. હો.— તમે લખ્યુ છે તેમાંથી તમે છટકી નહિં શકો.

જ—હું છટકવા ઇચ્છતો પણ નથી.

સર એમ. વિ.—કયા ત્રણ દાખલા ?

જ—પહેલો કોન્ટ્રાકટર બાલકીશન શેઠ પર મહેરબાની કરવાનો બીજો સળીયાના ઇન્ડેન્ટમાં ફેરફાર કરવાનો અને ત્રીજો સામેન્ટન કોન્ટ્રાકટનો.

સ—પહેલા વિષે તમે સ્ટેટમેન્ટમાં લખ્યું છે તેમાં કાંઇ ઉમેરવ ઇચ્છો છો.

જ—હું કાંઇ ઉમેરવા માગતો નથી. મેં મારૂં અનુમાન કર લીધું છે. ઇન્ડેન્ટમાં ફેરફાર ધારાસભામાં કબુલ કરવામાં આવ્યો છે

"ભુલ"ના મુદ્દા પર અતિશય ભાર.

સર ફ્રે. હો.—મેં તમારા કાગળો વાંચ્યા છે. તેનો અર્થ એ થા કે કોઇકે ભૂલથી ૫/૮"ને બદલે ૭/૮"નો ઓર્ડર આપી દીધો. તઃ શું કહો છો ?

જ--હું તે ભૂલ કહી શકતો નથી. હું તો તે નહિં જોઇતા બીનજરૂરી વધારે પડતા માલનો ઓર્ડર ગણું છું.

સ--શા માટે એવો ઓડ'ર અપાયો તમે માનો છો?

જ—માટુંગા ડીપોમાં ખડકી રાખવા માટે ૫/૮"ના સળીયા જોઈતા હતા, પરંતુ દેખરેખ રાખનારા ઇજનેરે "૫" બદલીને "૭" કર્યા. ૭/૮"ના સળીયા આવી પહોંચ્યા કે જે નહોતાજ જોઇતા. એટલે તે ખડકી મૂકવામાં આવ્યા અને ૫/૮"નું નવું ઇન્ડેન્ટ મોકલવામાં આવ્યું.

સ--પરંતુ હું કહું છું કે ભૂલ થઇ હતી.

જ--ભૂલ થઇ હતી તેને હું મળતો થતો નથી. મૂળ ઇન્ડેન્ટમાં ભૂલ નહોતી, પરંતુ બરાબર તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં પાછળથી આંકડો ફેરવવામાં આવ્યો હતો.

સ—તે પણ ભૂલ થઇ હોય ૫/૮"ને બદલે ૭/૮" લખવું મુશ્કેલ નથી અને દેખરેખ રાખનાર ઇજનેરને ઇન્ડેન્ટ સાથે કશો સબંધ નહોતો.

જ--કારોબારી ઇજનેરે તૈયાર કર્યું હતું અને દેખરેખ રાખનાર પાસે રૂજુ થતાં તેણે ફેરફાર કર્યો હતો.

સ--એ પણ ભૂલજ હોય. તમે ભૂલ નથી કરતા? તમે કદી ભૂલ નથી કરી?

જ—આવો ખુલાસો ન થઇ શકે અને ભારે ખોટ જાય એવી તો નહિં. આવી ભૂલ તો હું કદી કરીશ નહિ.

સ—તે ઇરાદાપૂર્વક હતું એમ તો તમે નથી કહેતાને ?

જ—તે ઇરાદાપૂર્વક હતું એમજ હું કહું છું. સંજોગો ઉપરથી હું કહી શકું છું કે તે ભૂલ નહોતી.

સ—અમે ઉંડા ઉતરવા માગીએ છીએ અને જાણવા માગીએ છીએ કે તેણે ઇરાદાપૂર્વક આવી ભૂલ શા માટે કરવી જોઇએ ?

જ—અમુક કારખાનાવાળાઓ નફો કરે તે માટેજ વધારે પડતો માલ મંગાવવામાં આવ્યો હતો. મને તો બીજો કાંઈ ખુલાસો જણાતો નથી, નહિં તો પડતર લોખંડ તરીકે વાપરવા આ માલ મંગાવ્યો ન હોત. આ વાતની ખાત્રી કરવા મેં એક બનાવટી ખરીદનાર ઉભો કર્યો. તેણે માટુંગા ડીપોના અમલદારને પત્ર લખ્યો. કારોબારી ઇજનેરે તા. ૨૫–૧–૧૯૨૫ ના રોજ જવાબ લખ્યો કે "તમારા તા. ૨૪મી ના પત્રના જવાબમાં જણાવવાનું તમારો પ્રતિનિધિ અઠવાડીયાના કોઇ પણ દિવસે માટુંગા ખાતેની ઓફીસેથી મારા મદદનીશ ઇજનેર પાસેથી માહિતી મેળવી શકશે" તેની સાથે રૂ. ૪।। લાખના વેચવાના સળીયાનું લીસ્ટ હતું, જેમાં આ ભૂલથી મંગાવેલા, ખાતાએ વાપરેલા કહેવાતા અને નુકશાન નહિં ગયેલા જણાવેલા સળીયા પણ હતા.

મી. બીલીમોરીયા—કારોબારી ઇજનેરે કેટલાક સળીયાની ઇન્ડેન્ટ તૈયાર કર્યું હતું. તમે કયું વર્ષ કહેવા માગો છો ?

જ—૧૯૨૧.

સર ફ્રે. હો.—ચાલીના કોન્ટ્રાકટ માટે હશે.

જ—ચાલીઓના કોન્ટ્રાક્ટ માટે હોય કે ખોલવણી ખાતા માટે હોય; દાખલો તો છેજ.

સર ફ્રે. હો.—તમે કહો છો કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. કોણે કર્યો? દેખરેખ રાખનાર ઇજનેરે.

જ—તેનો જવાબ આપવાનું કામ ખાતાનું છે.

મી. બીલીમોરીયા—તે પત્રની તારીખ જણાવશો ?

જ—તા ૨૬-૧-૨૫.

મી. બી.—તેણે ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યો એમ તમે કેમ જાણ્યું ? કદાચ સરત ચૂક હોય.

જ ધારા સભામાં મારો આક્ષેપ એ હતો કે કારોબારી ઇજનેરે ૫/૮" ના સળીયાનું ઇન્ડેન્ટ તયાર કર્યું હતું, પરંતુ તે વિલાયત મોકલવા પહેલાં દેખરેખ રાખનારાં ઇજનેરે તેમાં ફેરફાર કરીને ૭/૮" કર્યા. રૂ. ૩ લાખનો ૧૨૦૦ ટન માલ હતો. દેખરેખ રાખનાર ઇજનેરે તે ફેરવેલું ઇન્ડેન્ટ વિલાયત મોકલ્યું. ખોટા માપના સળીયા આવી પહોંચ્યા કે જે તદ્દન નકામા હતા

મી. બી.—પરંતુ અપ્રમાણિક હેતુ ન હોય; માત્ર સરતચૂક હોય.

પ્રજાના નાણાંની બરબાદી થઇ છે કે નહિં ?

જ—ગમે તેમ હોય પરંતુ કમીટીએ નિર્ણય કરવાનો છે કે પ્રજાના નાણાંની બરબાદી થઇ હતી કે નહિં.

મી. બી.—કોણે ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યો ?

જ--દેખરેખ રાખનાર ઇજનેરે.

મી. બી.--તમે ફેરફાર કરેલું ઇન્ડેન્ટ જોયું છે?

જ—અમે કેમ જોઇ શકીએ? અમને તે બનાવવામાં આવ્યું નહોતું.

મી. બી.--તેમાં છુપો હેતુ હતો એમ તમે સુચવો છો?

જ--હા.

મી. બી.—તમે તે ગૃહસ્થનું નામ આપો શકો તેમ નથી?

જ—દેખરેખ રાખનાર ઇજનેરનું નામ આપ્યું.

મી. બી.—તે એકલા કે બીજા તેની સાથે હતા?

જ—તે શોધી કાઢવું કમીટી માટે સહેલું છે. ખોલવણી ખાતાને પૂછશો તો તે તમને કહેશે.

સર એમ. વિ.— આ સોદાથી કેટલું નુકશાન થયું તે કહી શકશો?

જ—અમને આપવામાં આવેલી માહિતી મુજબ આ એકજ સોદામાં રૂ. ૨ લાખનું નુકશાન ગયું છે. ૧૯૨૫ના જાન્યુઆરીમાં અમને ખબર પડી.

સર એમ. વિ.--આ ભૂલને લીધે છે.

જ--ભૂલ હોય કે કોઇનો ઇરાદો હોય પરંતુ પ્રજાના નાણાંની બરબાદી થઇ છે અને તમારે તેનો નિર્ણય કરવાનો છે.

મી. બી.—કદાચ પાછળથી તેમને એની જરૂર પડી ન હોય.

જ—તે ખુલાસો કરવાનું તેમનું કામ છે.

સર એમ. વિ.– તમે કહો છો કે ટેન્ડરો જાહેર પ્રજા માટે ખુલ્લા નહોતા.

ટેન્ડરો ખોલવા વિષે ફરિઆદ.

જ—પહેલાં જાહેર ટેન્ડરો નહોતા, પરંતુ અઢારેક મહીના પછી જાહેર ટેન્ડરો માગવામાં આવતા. મી. થોમસે ટેન્ડરો ખોલ્યા હતા અને તે વખતે તેણે બધા કોન્ટ્રાકટરોને ઓરડા બહાર કાઢયા હતા. વેપારીઓએ સ્વાભાવિક રીતે વાંધો ઉઠાવ્યો અને તેઓની હાજરીમાં ટેન્ડરો ખોલવાની માગણી કરી, પરંતુ મી. થોમસે દાદ ન દીધી, માત્ર એકજ કોન્ટ્રાકટરને ફાવે ત્યારે દાખલ થવાની છુટ આપી.

મી. બી.—તે કોણ ?

જ—મી. બાલકીશનદાસ.

મી. બી.—કાંઇ પુરાવો છે ?

જ—મેં હકિકત આપી છે. શોધી કાઢવાનું કામ તમારૂં છે. આવા જાતની અનિયમિતતામાં નિયમિત હિસાબો કે ચેકની લેવડ દેવડ જેવા પુરાવા નજ હોઇ શકે. સામાન્ય અને વ્યાજબી રીતે બધા સંજોગો ધ્યાનમાં લેતાં તમને જણાશે કે એ માણસને રૂ. ૯ લાખના કોન્ટ્રાકટ મળ્યા હતા.

સર ફ્રે. હો.– તે તેનો નફો હતો.

ચાર ગણો ભાવ.

જ—તદ્દન નફો નહિં. માહિતી પ્રમાણે તેને કોલાબા વિભાગની પુરણી માટે ૧૯ થી ૨૦ ટનના ડબ્બા દીઠ એક વખત રૂ. ૧૦ આપવામાં

આવ્યા હતા. તે ઘટીને રૂ. ૬ અને પછી રૂ. ૪–૬–૦ કરવામાં આવ્યા હતા. પરંતુ ધારાસભામાં અમે વિરોધ ઉઠાવ્યો ત્યારે બધા કામ માટે ટેન્ડરો લેવાનો હુકમ કરવામાં આવ્યો ત્યારે એ ગૃહસ્થે પોતાનો ભાવ રૂ. ૨–૮–૦ કરી નાખ્યો. આમ એકજ જાતના કામમાં પહેલું જે સહેલું હતું કેમકે રેલ પાસેજ ડબ્બા ખાલી થતા તેના રૂ. ૧૦ આપવામાં આવ્યા અને હવે રેલથી થોડે દૂર માલ લઈ જવો પડે છે તો પણ તે રૂ. ૨–૮–૦ના ભાવે કામ કરવા તૈયાર હતો.

સર એમ. વિ.—સીમેન્ટના કોન્ટ્રાકટ વિષે શું કહેવાનું છે?

એકજ સોદામાં રૂ. ૧॥ કરોડની ખોટ.

જ—ખીલવણી ખાતાએ ચાર કંપનીઓ સાથે ૬૦ હજાર ટન સુધી ખાતાને જોઇતો સીમેન્ટ ૧૯૨૨ના સપ્ટેમ્બરથી દશ વર્ષ સુધી એવા ભાવે પુરો પાડવાના કરાર કર્યા હતા કે સરકારને તેનો ભાવ ટનના રૂ. ૬૦ થી ૭૦ પડતો. તે પછી તરતજ ૧૯૨૩ માં બજાર ભાવ રૂ. ૪૦ અને ૧૯૨૪ માં રૂ. ૩૦ થઇ ગયો હતો. રૂ. ૩૦ ના તફાવતે વર્ષના ૬૦ હજાર ટન લેખે દશ વર્ષમાં ખાતાને આ એકજ સોદામાં ૧ કરોડ ૮૦ લાખની ખોટ હતી. સીમેન્ટના ભાવ ગગડી જશે એવું દરેક અનુભવી માણસ જાણતો હતો તેવે વખતે આ કરાર કરવામાં આવ્યો હતો. ૧૯૨૧ માં અમેરીકા અને યુરોપમાં તો મંદી ચાલુ પણ થઇ ગઇ હતી. બે વર્ષ પહેલાં એક કંપનીએ કોન્ટ્રાકટ પ્રમાણે માલ આપવાની પોતાની અશક્તિ જણાવી ખીલવણી ખાતાએ તે તકનો લાભ લેવાને બદલે નવી કંપની સાથે એજ ભાવે કોન્ટ્રાકટ કર્યો. વળી પ્રજાના નાણાં બચાવવાનો બીજો માર્ગ

એ હતો કે ખાનગી કોન્ટ્રાકટરોને બજારમાંથી માલ ખરીદવાની છુટ આપવી કેમકે તેઓને ઉપરની કંપની પાસેથીજ સીમેન્ટ ખરીદવાની ફરજ પાડવાનું કોન્ટ્રાકટમાં કાંઇ નહોતું. આમ છતાં ખાનગી કોન્ટ્રાકટરોને તે કંપનીઓ પાસેથીજ સીમેન્ટ ખરીદવાની ખીલવણી ખાતાએ ફરજ પાડી.

સર ફ. •હો.—આ સ્થાનિક કંપનીઓ હતી ? તેઓ નફો ન કરે એમ તમે કહો છો ? તમે નફો કરવા ન ઇચ્છો ?

જ—જરૂર નફો કરે પરંતુ પ્રજાના નાણાંની ખોટ જાય એવી જાતની નફાખોરી હું ન ઇચ્છું.

ગવરનરના નામે આવેલો માલ.

મા. બી. –તમે જણાવો છો કે અમુક માલ સર જયોર્જ લોઇડના અંગત નામે આવ્યો હતો.

જ હા, તે ખરૂં છે. તેથી પ્રજાને ભારે શંકા ગઇ હતી અને કેટલાક પત્રકારોએ તે વિષે લેખો લખ્યા હતા.

મી. બી.—અંગત નામે હતા તે તમે કેમ જાણ્યું ? તે જાણો છો કે સર જયોર્જ લોઇડ નામની ડ્રેજર હતી અને તેને અંગે એ માલ આવ્યો હોય. એક સરખા નામને લીધે પ્રજાને શંકા પડી હોય.

જ—મી. બજોરજી ફરામજી ભરૂચા અને બીજા પત્રકારોએ સરકારની વલણ સામે ખુલ્લી ટીકા કરી હતી.

સર એમ. વિ.—તમે કાંદીવલીની ખાણો અને મુરમ વિષે પણ જણાવો છો.

જ--હા. પણ તેને હું બહુ અગત્ય નથી આપતો કેમ કે ખાતાની ઘણી ભૂલોમાંની એ એક હતી.

સર એમ. વિ.--જોઈએ તે કરતાં જુદા માપના રેલ્વે સરંજામનો ઓર્ડર પણ ચાલી ખાતા માટે જણાવો છો ને?

સર ક્રે. હો.--તેની સાથે આપણને સંબંધ નથી.

જ—મેં તો તમારી જાણ માટે તે દાખલો આપ્યો છે કે જેથ અમુક કોણે કર્યું તે તમે યોગ્ય માણસોને પૂછી શકો.

સર એમ. વિ.--તમે કહો છો કે મોટા પગારની ૨૦ જગ્યાઓમાંથ ૧૯ અંગ્રેજો અને હિંદી માત્ર એકજ હતો.

જ—અલબત્ત મોટા પગારના અમલદારો કે જેમને આ કામ જ્ઞાન નહોતું તેમના મોટા પગારો સામે વાંધો ઉઠાવ્યો હતો; કેમ તે જાહેર નાણાંની ચોકખી બરબાદી હતી.

સર ક્રે. હો.--એ અમલદારોની લાયકાત વિષે તમને કદી કહેવામ આવ્યું હતું?

જ--એ જણાવવું અસ્થાને નહિં ગણાય કે ખીલવણ ખાતું તેના ડીરેક્ટરને રૂ. ૬ હજારનો પગાર કે જે ગવરનર પછી બીજ છે અને તે રૂ. ૩ લાખનો બંગલો આપ્યો હતો. ધારાસભામાં અ વારંવાર વાંધો ઉઠાવ્યો ત્યારે બે વર્ષ પહેલાંજ તે ઘટાડીને રૂ. હજાર કરવામાં આવ્યો. દુનીયાના સૌથી મોટા કામના વડા થવા તેની શી લાયકાત હતી? તેને દરિયો પુરવાના કામનો અનુભવ હ કે? તે માત્ર રેલ્વે એજંટ અને લશ્કરી ખાતાનો કોન્ટ્રોલર હતે



શ્રી. એમ. પી. દસ્તુર. પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ,
મુંબઈ.

તેણે કમીટી સમક્ષ જુબાની આપતાં ઇજનેરી જવાબદારીનો ઇનકાર કર્યો છે. એટલે તેનું કામ વ્યવસ્થાનું એટલે કે જાહેર બાંધકામના મૂખ્ય સેક્રેટરી જેવું હતું, જ્યારે તેની સત્તા આપખુદ હતી. સેક્રેટરીનો પગાર રૂ. ૨ હજારથી વધુ નથી હોતો. તો પછી રૂ. ૩ લાખના મહેલ જેવા બંગલા અને રૂ. ૬ હજારના ઉડાઉ પગારની તેના પર મહેરબાની શા માટે?

સર એમ. વિ.—તેમણે કરેલા કામનો તેમને પગાર મળતો એમ તમે નથી કહેતાં?

સર ફ્રે. હો.—તમને એવો પગાર મળે તે ન ગમે?

પ્રભુ ન કરે-મને પગાર નથી જોઇતો.

જ—જરૂર. જો હું લાયક હોઉં તો શા માટે નહિં. પરંતુ પ્રભુ ન કરે. મને પગારની જરૂર નથી કેમકે મારો પોતાનો ધંધો છે. પરંતુ એ ઉપરાંત ઘણા દાખલા છે. નજીવી કે કંઇજ લાયકાત વિનાના માણસોને ડેપ્યુટી કે મદદનીશ ઇજનેરો તરીકે મોટા પગારો આપવામાં આવ્યા હતા. રૂ. ૨ હજાર અને ઉપરના અમલદારોને પહેલાં શું પગાર મળતા તે કમીટી શોધી શકશે. આ માત્ર બેદરકારી અને પ્રજાના નાણાંની બરબાદી નથી, પરંતુ મેં જણાવ્યું તેમ કેટલોક માલ સર જ્યોર્જ લોઇડના નામે આવતો હતો.

મી. બી.—મી. નરીમાન, મેં સ્પષ્ટ કર્યું છે કે કદાચ એ નામ સર જ્યોર્જ લોઇડ નામની ડ્રેજર લગતો માલ હોવાને લીધે વપરાયું હોય.

બાહોશીભર્યો ખુલાસો.

જ—ખરૂં કહું તો ખુલાસો ઘણો બાહોશીભર્યો દેખાય છે.

સર ફ્રે. હો.—એ બાબત આપણે તપાસી ગયા છીએ. એવી ચર્ચામાં તમારે શા માટે વખત ગુમાવવો જોઇએ?

અપમાન કરવું હોય તો ચાલ્યો જાઉં.

મી. નરીમાન—જો એ કમીટીના વખતની બરબાદી હોય અને એક સાક્ષીનું આવું અપમાન કરવાનું હોય તો હું ચાલ્યો જઇશ. એ અભિપ્રાય તમારો છે, પ્રમુખ કે કમીટીના બીજા સભ્યોનો નથી. તેઓ પણ એમ કહે તો હું એકદમ ચાલ્યો જાઉં અને મારી પણ એક મીનીટ પણ ન ગુમાવું. દીલગીરીની વાત છે કે હું તો ઉલટો તમને મદદ કરી રહ્યા છું તે તમે સમજી શકતા નથી.

મી. બી.—મી. નરીમાન, સર ફ્રેડરીકના દષ્ટિબિંદુનો તમે ખોટો અર્થ લીધો છે.

સ—છેવટમાં તમે બતાવો છો કે કાયદા વિરૂધ્ધ કામકાજ ચાલ્યું છે.

જ—હું એજ કહું છું. એ સૌથી મજબુત મુદ્દો છે. સુધારાના કાયદાની બધી કલમો અને કાનુનો મારી પાસે છે.

સ—તમારે જે ટીકાઓ કરવાની હતી તે તો તમે આપી. હવે આ બાબત તમારા હાથમાં હોય તો ભવિષ્યમાં કેવી રીતે કામ કરવા ઇચ્છો તે કહી શકશો? દાખલા તરીકે એક સલાહકાર કમીટી નીમાઇ હતી. તમે કમીટી ઇચ્છો છો કે ખાતા મારફત કામ ચલાવવા?

મારા હાથમાં હોય તો—

જ—સૌ પહેલાં તો હું ઇચ્છું છું કે ખીલવણી ખાતું એકદમ

બંધ કરી દેવું જોઇએ અને તેને જાહેર બાંધકામ તરીકે ધારાસભાના અંકુશ નીચે મૂકવું જોઇએ અને ધારાસભાને ઠીક લાગે તેમ કરવાનું તેની પર છોડવું જોઇએ. ધારાસભાને એમ લાગે કે દેખરેખ રાખવા શહેરીઓની કમીટી હોવી જોઇએ અથવા ખાતા સાથે કારોબારી કમીટી જોડાવી જોઇએ તો તે નક્કી કરવાનું તેની પર છોડવું જોઈએ. યોજના આગળ કેમ ચલાવવી તે નક્કી કરવાનું કામ ધારાસભાનું છે.

સ—એવું સુચવવામાં આવ્યું છે કે પોર્ટ ટ્રસ્ટ કે શહેર સુધારા ટ્રસ્ટ જેવું મંડળ નીમવું જોઇએ. આવા જુદા મંડળ માટે તમારો શો અભિપ્રાય છે?

જ—હું તેની તરફેણમાં નથી. મને તે જરૂરી નથી લાગતું. જાહેર બાંધકામ તરીકે ધારાસભાના અંકુશ નીચે મુકવાની તરફેણમાં હું છું. આ યોજના માટે જાહેર બાંધકામ સાથે કારોબારી કમીટીના સભ્યો ભલે જોડાય. એ તો સરકાર અને ધારાસભાના સભ્યો વચ્ચે ગોઠવણનો સવાલ છે. ધારો કે ધારાસભા એવો ઠરાવ કરે કારોબારી કમીટી નીમાય અને તેના સાથે ધારાસભાના સભ્યો તેમજ બહારના ગૃહસ્થો જોડાય અને ખાતું તેમને વખતોવખત સલાહ આપ્યા કરે તો તે પ્રમાણે થઇ શકે.

સ—અંકુશ અને અડસટ્ટાની મંજુરી માટે આવી કમીટી માગો છો ને?

જ—અડસટ્ટાની મંજુરી, આંતરિક વહિવટ, કરકસર, કોન્ટ્રાક્ટ—બધા માટે.

સ—કામ ખાતું ચલાવે કે કોન્ટ્રાકટ અથવા વિભાગથી ચાલે એમ ઇચ્છો છો?

જ—આખું કામ પુરૂં કરવા તો હું ઇચ્છતોજ નથી. માત્ર લશ્કરી જમીન અને ચર્ચગેટ સામેનો ભાગ ખાતાએ કે કોન્ટ્રાકટથી જેમ સસ્તું અને સરળ પડે તેમ પુરા કરવા.

સ--તમે એટલુંજ પુરૂં કરવા અને બાકીનું અધુરૂં રહેવા દેવા માગો છો?

જ—છે એમને એમ તો રહેવા દેવાયજ નહિં. પુરૂં કરવાની જરૂર તો છેજ. એમાં હવે પસંદગી કરવાની રહેતીજ નથી.

સર ફ્રે. હો.—તમે બેકબેના સંબંધમાં અમુક વ્યકિતઓ સામે લાંચરૂશ્વતના આક્ષેપ કર્યા છે.

જ--તેમાંની દરેક બાબતને હું વળગી રહું છું.

સ--લાંચરૂશ્વત વિષે તમે કયારે જાણ્યું?

જ—૧૯૨૩-૨૪ની શરૂઆતમાં

સ—એ બાબતમાં ન્યાયાધિકારી તપાસ માટે ગયા વર્ષના જુલાઇમાં તમને તક આપવામાં આવી હતી કે?

તપાસ માટે તક આપવામાં આવીજ નથી.

જ--નહિં. હું માંગતો હતો તેવી નહિં.

સ—લાંચરૂશ્વત સબંધ ન્યાયાધિકારી તપાસનું તમને નહોતું કહેવામાં આવ્યું?

જ—નહિં. મને કેવી તક આપવામાં આવી હતી તે કહ્યું. મને મળેલી તકની શરતો ન્યાયાધિકારી નથી.

સ—હું લાંચરૂશ્વતના આક્ષેપો માટે કહું છું. તમે નામો નથી આપ્યાં.

જ—-ધારાસભામાં મારા ભાષણુમાં દાખલા આપ્યા છે. નામો તો આજે પણ મેં જણાવ્યાં નથી. મેં એમજ કહ્યું છે કે "દેખરેખ રાખનાર ઇજનેરે" જો મને ખાતા સાથે ભળવા અને સત્તાવાર માહિતી મેળવવા દેવામાં આવી હોત તો મેં બધી વિગતો આપી હોત.

સ—-સ્ટેટમેન્ટમાં તમે નામ આપ્યાં છે

જ—-તમે મી. થોમસ માટે કહેવા માગો છો? તે તો પછીનો બનાવ હતો.

સ—-મી. બાલકીશન કોન્ટ્રાકટર વિષે. એ સ્પષ્ટ કેસ છે. તમે ગયા જુલાઇમાં તપાસ કરવાની ના પાડી

જ—-મેં ના પાડી નથી. મેં અમુક શરતો માગી હતી.

સ—મુંબઇના સારા શહેરી તરીકે આવી બાબત અટકાવવા જેટલું અને તેટલું કરવાની. તમારી ફરજ હતી એમ તમને નથી લાગતું.

જ—-જરૂર. ધારાસભામાં ઠરાવ કરાવવાનો મારો એજ પ્રયત્ન હતો.

સ—પરંતુ તમને ન્યાયાધિકારી તપાસની તક આપવામાં આવી હતી.

જ—એ ન્યાયાધિકારી તપાસ નહોતી.

સ—તે તપાસના પ્રમુખ એક ન્યાયાધીશ થવાના હતા.

જ—મને કશી તક આપવામાં આવી નહોતી. મને તો એક આરોપીની માફક ઉભો રહેવા અને ખાતાને ઠીક લાગે તેવા કાગળોજ તે મને આપે એમ કહેવામાં આવ્યું હતું.

સ—તમે ગયે વર્ષે નામો નહોતા આપ્યા આ બાબત તમે પુરવાર કરો તે માટે ન્યાયાધીશના પ્રમુખપદે તપાસની દરખાસ્ત કરવામાં આવી હતી. તેને બદલે તમે તો ચાલતું હતું તેમ ચાલવા દીધું.

જ—મારૂં કાંઇ ચાલે એવું નહોતું

સ—તમે તે અટકાવી શકયા હોત ?

જ—નહિં કેમકે સરકાર ધારાસભાના સભ્યો દ્વારા તપાસ નહોતી ઇચ્છતી.

સ—તમને નથી લાગતું કે ન્યાયાધિશ વધારે યોગ્ય ગણાય ?

જ—હોય કે ન હોય.

સ—તમે લુચ્ચાઇનો આક્ષેપ કર્યો હતો અને તે પુરવાર કરવાની સરકારે તમને તક આપી હતી.

જ—મને તક આપીજ નહોતી.

મી. બી.—તા. ૨૮-૪-૨૫ અને તા. ૧૩-૫-૨૫ના રોજ તમને પત્ર લખવામાં આવ્યા છે.

જ—મારા જવાબો પણ કમીટી પાસે હશે. તેમાં મેં મારી સ્થિતિ સમજાવી છે. આજે પણ એજ વાતને હું વળગી રહું છું.

સ—તમારા સ્ટેટમેન્ટમાં ભર્યાં છે. તમે એક સ્થળે કહો છો કે “આ-

ક્ષેપો કર્યાને અને ઠરાવ થયાને લગભગ બે વર્ષ વીતી ગયા છે અને ઘણાખરા અમલદારો નોકરી છોડી ગયા છે.”

જ—હા.

સ—વળી તમે કહો છો કે “જ્યારે આક્ષેપો ખુલ્લી રીતે મૂકવામાં આવ્યા છે......” તમે આ સામાન્ય આક્ષેપો કર્યા હતા તે સ્પષ્ટ કરવા તમને કહેવામાં આવ્યું હતું, પરંતુ તમે ના પાડી.

જ—ના. મેં ના પાડીજ નથી. ધારાસભાના ઠરાવને માન અપાય એ હું માંગતો હતો. એ બાબતમાં ધારાસભાના સભ્યો તપાસ કરે તેમાં શું વાંધો હતો?

સ—બીજા કોઇ દાખલા તમારા સ્ટેટમેંટમાં છે?

જ—દરિયા પુરવાના સબંધમાંજ ને? ના. મારે સ્પષ્ટ જણાવવું જોઇએ કે કમીટીના સંકુચિત ક્ષેત્રને લીધે મને ઘણો ગેરલાભ થયો છે. ખરેખર લુચ્ચાઇના દાખલા મારી પાસે છે, જો તમે રજુ કરવા દો તો.

સ—તમે જાણો છો કે અમે તેમ કરી શકીએ નહિં.

જ—તે હું સમજું છું. તેથીજ મેં કમીટીનું ક્ષેત્ર વિશાળ કરવા અરજી કરી છે અને આશા છે કે હિંદી સરકાર કોરપોરેશનનો ઠરાવ મંજુર કરશે.

સ—તમે કહો છો કે “એ કાંઇ માત્ર મિત્રતાને લીધે હોઇ શકે નહિં કેમકે ગુન્હેગાર હિંદી અને મોટા અંગ્રેજ અમલદારો વચ્ચે મિત્રતા હોઇ શકે નહિં.” તે અંગ્રેજ અમલદારો કયા?

જ– બાલકીશન શેઠના કોન્ટ્રાક્ટ સાથે લાગતા વળગતા. કેટલા અમલદારો હતા તે હું કહી શકું નહિં. એ તો ખાતાની છુપી વાત છે. કોણ તે હું જાણતો નથી. હું તો એટલું કહું છું કે માત્ર મિત્રતાને લીધે હોઇ શકે નહિં.

સ--તમે એમ કહેવા માગો છો કે બીજી કાંઇ ગોઠવણ હોવી જોઇએ? તમો કહો છો તે ગૃહસ્થ ઇજનેરને કમીશન આપતો હતો.

બીજું શું કારણ હોય?

જ--મારી એ સુચના છે. એ સિવાય એવા વર્તન માટે બીજું કારણ મને જણાતું નથી.

સ—જો એમ હોય તો તપાસ કરવાનું અમારા કરતાં ફોઝદારી કોર્ટનું છે.

જ—ચોક્કસ.

સ--હું ધારૂં છું કે સરકાર પગલાં લેશે.

જ--હુંયે આશા રાખું છું, જો કે હવે તો ઘણું મોડું થયું છે. ૧૯૨૪ના મારા ઠરાવ વખતે સરકારે પગલાં લેવાં જોઇતાં હતાં.

સ—તમે નામો નથી આપ્યા.

જ—તેની તપાસ કમીટીએ કરવી જોઇએ. જો તેમના હાથ ચોકખા હતા તો તેમણે ના શા માટે પાડી?

સર એમ. વિ.--તમે જુઓ છો કે કમીટી તપાસ કરવા બેઠી છે.

જ—માફ કરશો. હું તો મુંબઇ સરકારની વાત કરૂં છું. ધારા-

સભાના ઠરાવ છતાં મુંબઇ સરકારે તપાસ માટે વારંવાર નાજ પાડી. આ કમીટી તો હિંદી સરકારે મુંબઈ સરકારની ઉપરવટ થઇને નીમી છે હું તો મુંબઇ સરકારની વાત કરૂં છું કે તેણે તપાસ કરવા ન દીધી.

મી. બી.—મુંબઈ સરકારના કહેવાથી હિંદી સરકારે કમીટી નીમી છે.

જ– ગવરનરૂ બદલાયા છે. હાલના ગવરનરની વલણ હું જાણું છું.

સર ફ્રે. હો. —ગવરનર કયારે બદલાયા ?

જ—૧૯૨૩ ના ડીસેમ્બરમાં. નવા ગવરનરને સવાલનો અભ્યાસ કરતાં વખત લાગ્યો. હું માનું છું પ્રજાને લાગે વળગે છે ત્યાં સુધી નવા ગવરનરની વલણ સંતોષકારક છે.

સ--નિષ્ફળતા તમે શાને આભારી ગણો છો ?

નિષ્ફળતા સરકારના અવિચારીપણાને આભારી છે.

જ—પહેલેથીજ સરકારના અવિચારીપણાને આભારી છે. એવી બેદરકારી બતાવવામાં આવી છે કે જે એક જવાબદાર સરકાર આવી બાબતમાં બતાવે એમ માની શકાય નહિં.

સ—બહુ કડક શબ્દો કહો છો.

જ--હું તેને વળગી રહું છું. હું શું કરૂં છું તે હું જાણું છું.

સ—તમે ખીલવણી ખાતું તદ્દન બંધ કરવા કહો છો. તો કેવી રીતે કામ કરવા તમે સુચવો છો ?

જ—જાહેર બાંધકામ ખાતા મારફત અને તે પણ આખી યોજના

નહિં. માત્ર લશ્કરી અને ચર્ચગેટ સામેનીજ જમીન. તે જે હાલતમાં છે તેમ મૂકી દઇ શકાય તેમ નથી. હું વધુ નાણાં ખર્ચવાની તરફેણમાં નથી.

સ—એટલું કર્યા પછી?

જ—પછી વિચાર કરવાનો રહે છે, આ બાબત નિર્ણય કરવાનાં સાધનો પુરતાં નથી અને એવી જરૂર પણ નથી.

સ—"કાલુ" વિષે તમે કહયું હતું કે તે સરકારને માથે નાખવામાં આવી હતી. એ સ્વાભાવિક નથી કે ખાતું સ્થાપવામાં આવ્યું અને કામ હાથ ધરવામાં આવ્યું ત્યારે ડ્રેજરની જરૂર પડી એટલે ખરીદી?

જ—સરકારને માથે નાખવામાં આવી એમ હું એટલા માટે કહું છું કે તે કેવું કામ તેની તપાસ કર્યા વિના કે પોર્ટ ટ્રસ્ટ કે બીજા કોઇને પૂછ્યા વિના ખરીદવામાં આવી. જો ડ્રેજર કિંમત અસાધારણ હતી તો યોજના શરૂ નહિં કરવાનું તે એક કારણ હતું. જો ડ્રેજરોની કિંમત રૂ. ૨–૩ કરોડ પડે તો યોજના શરૂ કરતાં પહેલાં ફરી વિચાર કરવો જોઇતો હતો.

સ—પછી તમે સર જ્યોર્જ બુકાનનની નીમણુંક વિષે કહો છો. તમે ભૂલી જાવ છો કે યોગ્ય ઇજનેરનું નામ સુચવવા મુંબઇ સરકારે હિંદી વજીરને પૂછ્યું હતું.

તે વિના મુંબઇનું શું સત્યાનાશ વળી જવાનું હતું?

હિંદી વજીરે નામ સુચવ્યું હતુ, પરંતુ મુંબઇ સરકારે તે કબુલ ન રાખ્યું. ધારાસભાના તા. ૧૭ મી માર્ચના રીપોર્ટમાં તે પ્રમાણે

જણાવ્યું છે. હિંદી વઝીર બીજો યોગ્ય માણસ સુચવી ન શકી એને સર જયો. બુકાનનની નીમણુંક કરવામાં આવી. એવી શી ઉતાવળ હતી ? કેમ જાણે સર જયો બુકાનન અને ડૂજર વિના મુંબઈનું સત્યાનાશ વળી જવાનું ન હોય !

સ--એટલે તાકીદે જરૂર હતી કે નહિં તે સવાલ ઉઠે છે.

જ--કંઇજ જરૂર નહોતી.

સ--ધારાસભાના હેવાલમાં જણાવ્યું છે કે "તે વખતે કોઈ પણ સભ્યે યોજના વિરૂધ્ધ ટીકા કરી નહિં. ઉલટું તેઓએ યોજનાનાં વખાણ કર્યાં અને તે હાથ ધરવા માટે સરકારની હિંમત માટે શાબાશી આપી યોજના સંગીન જણાવવામાં આવી હતી અને ભારે નફો આપશે એવી આશા રાખવામાં આવી હતી."

ધારાસભાના સભ્યોએ જાતે વિચાર કરવો ઘટતો હતો.

જ--કેમકે સરકારી અમલદારોએ એવી વાતો કરી હતી જો હું સભાસદ હોત તો સરકારનું કહેવું હું ન માની બેઠો હોત. પરંતુ કમનશીબની વાત છે કે સભ્યોએ સરકારનું કહેવું માની લીધું અને આજે આ સ્થિતિ ઉભી થઇ છે. તેઓએ સરકારના કહેવા કરતાં જાતે વિચાર કરવો ઘટતો હતો.

સર એમ. વિ--પરંતુ વાતાવરણ જુદું હતુ.

જ--ગાંઠના નાણાં ખર્ચતા વખતનું વાતાવરણ સમજી શકું છું. જાહેર નાણાં માટે સાવચેત રહેવું જોઇતું હતુ.

સ--ક્યાંય રૂશ્વતના બીજા દાખલા છે કે ?

જ——સંખ્યાબંધ દાખલા છે--પરંતુ તે દરિયો પુરવાના ખાતાના નથી. કમનસીબે મને તે જણાવવા દેવામાં આવતા નથી.

મી. બી.—તમે જે દાખલા આપ્યા છે તે સરકારની ધ્યાનપર લાવવામાં આવશે.

સર ફ્ર. હો.—"કાલુ"ના સંબંધ તમને હું માહિતી આપું કે ૧૯૧૬ ના માર્ચમાં રોયલ ઇન્ડીયન મરીન ખાતાના મૂખ્ય કન્ટ્રાકટર અને ઇન્સપેકટર અને લોઇડસ રજીસ્ટરના સરવેયરે "કાલુ" તપાસી હતી અને તે ચાલુ હાલતમાં હોવાનું સર્ટીફીકેટ આપ્યું હતું.

આ પ્રમાણે શ્રી. નરીમાનની એકએ કમીટી સમક્ષની મોઢેની જુબાની પુરી થઇ હતી.

દાવો માંડવા સરકારની મંજુરી

આ સ્ટેટમેન્ટ અને જુબાનીમાંની કેટલીક હકિકતો પોતાની બદનક્ષી કરનારી છે એમ જણાવી મી. હારવેએ શ્રી. નરીમાન સામે બદનક્ષીનો ફોઝદારી દાવો માંડવા મંજુરી આપવા મુંબઇ સરકારને અરજી કરી હતી. મુંબઇ સરકારે તે અરજીનું ખુબ સમર્થન કરી હિંદી સરકાર પર તા. ૧૮મી સપ્ટેમ્બરે પત્ર લખી તારથી મંજુરી આપવા વિનંતિ કરી. હિંદી સરકારે તા. ૧૧મી ઓકટોબરે તારથી મંજુરી આપી અને જણાવ્યું કે સરકારને ખરચે દાવો માંડવો પરંતુ જો મી. નરીમાન આક્ષેપો પુરવાર કરે તેથી ફરિઆદ કાઢી નાખવામાં આવે તો મી. હારવેએ ખર્ચ ભોગવવું.

તે મુજબ તા. ૨૬મી ઓકટોબરે મી. હારવેને દાવો માંડવાની

મંજુરી આપવામાં આવી હતી. જેને આધારે ૧૯૨૬ના ડીસેમ્બરમાં મી. હારવેએ મી. નરીમાન સામે બદનક્ષીનો ફોજદારી દાવો માંડયો હતો.

મુકદ્દમાની સુનાવણી.

મુકદ્દમાની પહેલી સુનાવણી તા. ૪થી માર્ચ ૧૯૨૭ના રોજ નીકળી હતી. સુનાવણી શરૂ થતાં પહેલાં બાલકીશન શેઠ તરફથી મી. વસાવડા વકીલે જણાવ્યું કે તેના કુળે ૧૯૨૪ની સાલથી હિસાબના ચોપડા રાખ્યા નથી અને તા. ૧૫મીએ તેને વિલાયત જવાનુ હોવાથી તેને કોર્ટમાં હાજરી આપવાથી મુકત કરવો.

મી૦ નરીમાન તરફથી મી. કાનુગાએ એ અરજીનો વિરોધ કરતાં જણાવ્યું કે આવડો મોટો વેપાર ખેડનાર ચોપડા ન રાખે એ માનવા જેવું નથી.

મેજીસ્ટ્રેટે ઝડતીનું વારંટ આપવા જણાવ્યું, પરંતુ મી. કાનુગાએ જણાવ્યું કે ઝડતીથી કાંઇ ન વળે. તેણે સાક્ષી તરીકે હાજર થવું જોઇએ. આથી મેજીસ્ટ્રેટે બીજેજ દિવસે બાલકીશન શેઠની જુબાની લેવાનું ઠરાવ્યું.

ફરિયાદ પક્ષનો કેસ.

ફરિયાદી તરફથી મી. વેલીંકર બેરીસ્ટરે કેસ રજુ કરતાં જણાવ્યું કે ફરિઆદી ચાલીઓ અને સામાન વિભાગનો દેખરેખ રાખનાર ઇજનેર છે. આરોપીએ ૧૯૨૬ ના ઓગસ્ટમાં તેની બદનક્ષી કરી છે. આ બાબતમાં કેટલીક તારીખો અગત્યની હોઇ તે રજુ કરીશ.

૧૯૨૪ ના ઓક્ટોબરની તા. ૨૪ મી એ મી. નરીમાને ૭/૮" ના લોખંડના સળીયાના ઓર્ડર સબંધી કેટલાક સવાલો પૂછ્યા, અને સરકારના જનરલ સભ્યે તેના ઉત્તર આપ્યા તે પછી ૧૯૨૫ ના માર્ચમાં મી. નરીમાને ધારાસભામાં ખીલવણી ખાતાના ગેરવહીવટ વિષે આક્ષેપો કર્યા કે મોટા અમલદારો છુપાં કમીશન ખાય છે.

૧૯૨૬ ના જુલાઇની તા. ૨૯ મીએ હિંદી સરકારે એકએની તપાસ માટે કમીટી નીમી. કમીટીએ તા ૩ જી ઓગસ્ટે મુંબઈમાં તપાસ શરૂ કરી. તા. ૨૧ મી ઓગસ્ટે મી. નરીમાને એ કમીટી સમક્ષ લેખિત સ્ટેટમેન્ટ રજુ કર્યું તેમજ મોઢેની જુબાની આપી. તેમાં પણ મી. નરીમાને ધારાસભામાંના પોતાના ભાષણમાંના આક્ષેપોનો ફરી ઉલ્લેખ કર્યો. એ આક્ષેપોનો સાર એ છે કે:--

(૧) મોટા અમલદારો છુપા કમીશનો ખાય છે કે જે મોટા અમલદારોમાં ફરિયાદી પણ એક છે.

(૨) આ લાંચખોરીથી ખાતાને રૂ. ૩ લાખનું નુકશાન થયું.

(૩) ફરિયાદીએ ઇરાદાપૂર્વક ૫/૮" ના ૭/૮" કર્યા.

(૪) તેમાં તેનો હેતુ ઇંગ્લાંડ કારખાનાવાળાઓને ખટાવવાનો અને તેમાંથી કમીશન કમાવાનો હતો.

(૫) આ ૭/૮"ના સળીયા નકામા હતા અને જોઇતો માલ મંગાવવો પડયો હતો.

(૬) આથી રૂ. ૩ લાખના ૭/૮"ના સળીયા તદ્દન બરબાદી હતી. ફરિઆદ પક્ષનો કેસ છે કે આ આક્ષેપો બદનક્ષીભર્યા છે અને

એથી ફરિઆદીની આબરૂને ધક્કો પહોંચશે એવું મી. નરીમાન જાણતા હતા અને તેમનો તેવો ઇરાદો હતો. ફરિઆદ પક્ષનો કેસ એવો છે કે આક્ષેપો ખોટા હોવાનું જાણવા છતાં મી. નરીમાને તે આક્ષેપો કર્યા હતા.

મી. હમીદ વરલીની ચાલોનો કારોબારી ઇજનેર હતો. ૧૯૨૨ના માર્ચની તા. ૧૭ મીએ તેણે પોતાની પાસેના માલ અને જોઇતા માલનું સ્ટેટમેન્ટ કરીને મોકલ્યું. તેમાં ફેરફારની જરૂર હોવાથી તેને તે પાછું મોકલવામાં આવ્યું અને તા. ૨૩ મી મેને રોજ બીજું સ્ટેટમેન્ટ મોકલ્યું. તેમાં તેણે કેટલો માલ વિલાયતથી મંગાવવો અને કેટલો સ્થાનિક ખરીદવો તે જણાવ્યું છે. એટલે એ બાબતની જવાબદારી મી. હારવેની નહિં પણ મી હમીદની હતી.

મી. મહેતા નાયગામ અને ડીલાઇલ રોડની ચાલીના કારોબારી ઇજનેર હતા. તેમણે તા. ૩૧ મીને રોજ સ્ટેટમેન્ટ મોકલ્યું હતું. જુનની આખરમાં વરલીની ચાલોનો પ્લાન બદલવામાં આવ્યો અને બન્ને ઇજનેરોને તે વિષે જણાવવામાં આવ્યું. એટલે તા૦ ૧૫ મી જુલાઇએ નવાં સ્ટેટમેન્ટ તૈયાર કરવામાં આવ્યાં. તેમાં ૫/૮" ના સળીયા હતા તે થાંભલા અને પીઢીયા માટે હતા અને નહિ કે પાયાના થાંભલા માટે. આ સ્ટેટમેન્ટનું સંયુકત સ્ટેટમેન્ટ મી. પાનીટકરે તૈયાર કર્યું. આ સંયુકત સ્ટેટમેન્ટ તા. ૫ મી ઓગસ્ટે મી. સાઇકસ પર મોકલવામાં આવ્યું. ઓર્ડર આપવાનું કામ મી. હારવેનું નહિં પણ મી. સાઇકસનું હતું.

આ પછી મી. હમીદ કામને અંગે મી. હારવેને મળવા ગયો.

વાતચીત દરમીયાન તેઓને જણાયું કે સ્ટેટમેન્ટમાં પાયાના થાંભલા માટેના હામીયા રહી ગયા છે. એટલે એ માટેની ગણત્રી કરી મી૦ હમીદે તેનું સ્ટેટમેન્ટ મોકલ્યું અને મી. હારવે માને છે કે મી. હમીદે તેમાં ૭/૮" ના સળીયા લખ્યા હતા. આ ચીઠ્ઠીનો પત્તો મળતો નથી. આ ચીઠ્ઠી મુજબ ઉમેરો કરવા મી. સાઈકસને પત્ર લખવા મી. હારવેએ મી. પાનીટકરને કહ્યું. મી. સાઇકસે તે પ્રમાણે ઉમેરો કર્યો.

એટલે વાત એમ છે કે આંકડા ફેરફાર કરવામાં આવ્યા નથી તેમજ ઇન્ડેન્ટ તૈયાર કરવા સાથે મી. હારવેને કશો સબંધ નહોતો. ઇન્ડેન્ટ મી સાઈકસની ઓફીસમાંજ તૈયાર થયું હતું.

વિલાયતથી મંગાવવાના સળીયા માટે સરકારી મંત્રીએ તા. ૧૭ મા ઓગસ્ટે લંડનની ઇન્ડીયા ઓફીસના ડીરેકટરને પત્ર લખ્યો.

સ્થાનિક ખરીદી માટે તા. ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૨૨ ને રોજ સાલેભાઈનું ટેન્ડર સ્વીકારવામાં આવ્યું. ૭/૮" ના સળીયા આવવા લાગ્યા ત્યારે ભૂલ જણાઈ કે પાયાના થાભલા માટે ૭/૮" નહિ પણ ૫/૮" ના સળીયા જોઇતા હતા. પરંતુ એ ભૂલ મી. હમીદની હતી. ભૂલ જણાતાં મી. સાઇકસે મી. હારવેને પૂછાવ્યું કે શું કરવું? તેમજ વિલાયતના ઓર્ડરમાં સુધારો કરવા તાર કરવો કે કેમ? હાઈ કમીશનરને તાર કરવામાં આવ્યો, પરંતુ તે મોડો પડયો કેમકે ઓર્ડર અપાઇ ચૂકયો હતો. પરંતુ મી. નરીમાનના કહેવા પ્રમાણે એ સળીયા નકામા પડયા નથી કેમકે મી. હારવેએ ડીઝાઇનમાં ફેરફાર કરી ૮૦ હજાર સળીયામાંથી ૪૬૩૪૦ નો ઉપયોગ કર્યો. બાકીના પડયા રહ્યા તેનું કારણ એ છે કે ચાલીઓની યોજના કમી કરવામાં આવી.



શ્રીમાન સી. એન. કાનુગા, વકીલ હાઈકોર્ટ, મુંબઈ.

છેવટમાં હું જણાવીશ કે આ સળીયા વરલીની ચાલો માટે હતા અને એકબે યોજનાને તેની સાથે કશો સબંધ નહોતો. એકબે સાથે ફરિઆદીનો કશો સબંધ નહોતો. મી. નરીમાનને આ બધી હકીકતથી વાકેફ કરવા છતાં તેમણે ખોટી રીતે હકીકતો રજુ કરી હતી.

ગાડું ભરીને કાગળો.

બાદ મી. કર્ક સમીથે જણાવ્યું કે હું સરકાર તરફથી કેસ પર ધ્યાન આપું છું. મી નરીમાને કેટલાક કાગળો રજુ કરવા સરકારને જણાવ્યું હતું તેથી ગાડું ભરીને કાગળો લાવ્યો છું કે જે અસંગત છે. માટે કોર્ટ તે વિષે હુકમ ફરમાવવો.

મી. નરીમાનની વતી મી. કાનુગાએ જણાવ્યું કે કાગળો અસંગત છે કે સંગત તે નક્કી કરવાનું કામ સરકારનું નહિં પણ કોર્ટનુ છે અને જ્યારે જ્યારે જરૂર પડશે ત્યારે ત્યારે તે તે કાગળો માગવામાં આવશે.

મી. હારવે સાક્ષીના પીંજરામાં.

સૌ પહેલાં મી. હારવેએ જુબાની આપતાં જણાવ્યું કે હું ખીલવણી ખાતાની ચાલીઓ ખાતાનો દેખરેખ રાખનાર ઇજનેર હતો. મેં નરીમાનને એકબે કમીટી સમક્ષ જોયા હતા. તે ખીલવણી ખાતા સામે ટીકા કરતા હતા તે હું જાણતો હતો. સળીયાના ઓર્ડર પહેલાં એકબે યોજના સાથે મને કશો સબંધ નહોતો. ૧૯૨૩ની આખરમાં હું સરંજામ ખાતાનો પણ વડો નીમાયો ત્યારથી તે ખાતા મારફત એકબે પુરવણી ખાતાને અમે રેતી, કોલસા, વગેરે પુરું પાડતા. એકબે કમીટી સમક્ષના સ્ટેટમેન્ટમાં મી. નરીમાને દેખરેખ રાખનાર ઇજનેર

જણાવ્યો છે તે હુંજ છું. કારોબારી ઇજનેર તે મી. હમીદ છે. મેં કારખાનાવાળા, વેપારી કે કોઇની પાસેથી કમીશન ખાધું નથી. મારા કમીશન ખાવાથી ખાતાને રૂ. ૩ લાખની ખોટ ગઇ એ ખોટી વાત છે. મને કમીશન મળતું હતું માટે નહિં જોઇતો માલ મંગાવ્યો હતો તે તદ્દન જુઠું છે. અમુક કારખાનાવાળા નફો કમાય માટે ઓર્ડર અપાયા હતા તે પણ ખોટુંજ છે. ઈન્ડેન્ટ મોકલવાની સત્તા માત્ર મી. સાઈકસનેજ હતી. મી. હમીદના સ્ટેટમેન્ટમાં મેં ફેરફાર કર્યો હતો. તે ૩/૧૬"ના સળીયામાં હતો. મેં ઇગ્લાન્ડ ઓર્ડર મોકલ્યાજ નથી. ૭/૮"ના સળીયા તદ્દન નકામા હતા એ વાત ખોટી છે. ૫/૮"ના સળીયા પાછળથી મંગાવવા પડયા હતા તે ખરૂં છે. ૭/૮"ના સળીયાની કિંમત લગભગ રૂ. ૨૧ લાખ છે. ૮૦ હજારમાંથી ૪૬૩૪૦ સળીયા વપરાયા હતા અને બાકીના વધારા ખાતે એટલા માટે કાઢવામાં આવ્યા હતા કે ઓર્ડર પછી નવ મહીને ચાલીઓની સંખ્યા મૂળ ૬૨૫ની હતી તે કમી કરીને ૨૦૭ કરવામાં આવી હતી. એટલે મૂળ યોજના કાયમ રહી હોત તો એ વધેલા સળીયા વપરાઇ જાત.

મી૰ વેલીંકરની તપાસમાં મી૰ હારવેએ જણાવ્યું કે ૭/૮" ના સળીયાના ઓર્ડરનો ઇતિહાસ એવો છે કે ૧૯૨૨ના ફેબ્રુઆરીની તા૰ ૧૦ મીએ મેં કારોબારી ઇજનેરો મી૰ મહેતા અને મી૰ હમીદને તેઓને જોઇતા માલનું સ્ટેટમેન્ટ મોકલવા લખ્યું. મી૰ હમીદે તા૰ ૧૭ મી માર્ચે બે સ્ટેટમેન્ટ મોકલ્યાં. તેમાં ફેરફારની જરૂર હોવાથી તે પાછાં મોકલ્યાં; અને તેણે તા૰ ૨૩ મી મેને દિવસે નવાં સ્ટેટમેન્ટ મોકલ્યાં.

હાઇ કમીશનરને આપેલા ઓર્ડરનો માલ છ બાર મહીને આવતો તેથી તાકીદે જોઇતો માલ સ્થાનિક ખરીદીથી લેવામાં આવતો હતો. હાઇ કમીશનરને કેટલો ઓર્ડર મોકલવો તે નક્કી કરવાનું કામ મી૦ હમીદનું હતું. હુ તેનો ઉપરી હતો, પરંતુ મારૂં કામ કાર્યક્રમ નક્કી કરવાનું હતું. તા૦ ૩૧ મી મેને રોજ મી. મહેતાએ પોતાનું સ્ટેટમેન્ટ મોકલ્યું. જુનની આખરમાં ચાલીઓની ડીઝાઇન બદલવામાં આવી. તેથી નવા સ્ટેટમેન્ટ માટે મેં તા. ૧ લી જુલાઇએ બન્ને ઇજનેરોને લખ્યું અને તા. ૧૦ મીએ ફરી યાદ દેવડાવ્યું. મી. હમીદે તા. ૧૫ મીએ સ્ટેટમેન્ટ મોકલ્યું. તેમાં મેં ૭/૮"× ૧૫' અને ૭/૮"× ૧૬' ના સળીયાની સંખ્યામાં ફેરફાર કર્યો કેમકે તે માપના ૫૦૦ અને ૧૫૦૦ સળીયા મી. સાઇકસ પાસે સ્ટોકમાં હતા. તેમાં ૫/૮"× ૧૯'ના સળીયા હતા તે પીઠીયા માટે હતા. પાયાના થાંભલા માટેના સળીયા જણાવ્યા નહોતા મૂળ યોજનામાં પાયામાં ૭/૮"×૧૬' નો સીંગલ થાંભલો હતો તે બદલીને ૫/૮"ના બેવડા થાંભલા રાખવામાં આવ્યા હતા. ૭/૮"ના સળીઆ આવ્યા પછી પીઠીયા માટેના ૫/૮" સળીયાનો પાયામાં ઉપયોગ કર્યો અને ૭/૮" નો પીઠીયામાં ઉપયોગ કર્યો.

બાદ વધુ તપાસ બીજા દિવસ પર મુલતવી રહી હતી.

તા. ૫-૩-૨૭

તા. ૫ મીએ મી. હારવેની મુખ્ય તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે મી. મહેતાએ નાયગામની ચાલીઓ માટેનું સ્ટેટમેન્ટ તા. ૨૪ મી. જુલાઇએ અને ડીલાઇલ રોડ માટેનું તા. ૩૧મીએ મોકલ્યું.

તેમના અને હમીદના સ્ટેટમેન્ટ પરથી મી. પાનીટકરે સંયુકત સ્ટેટ- મેન્ટ તૈયાર કર્યું અને મેં તે પર સહી કરી. તેની નકલ મી. મી. સાઇકસપર મોકલી. કેમકે વિલાયતના ઓર્ડરનું ઇન્ડેન્ટ સરકારી મંત્રી પર મોકલવાનું કામ તેનું હતું. ૧૫૬૮.૬૨ ટનનો હાઇ કમીશનરને ઓર્ડર આપવાનો હતો અને ૫૪૬ ટન સ્થાનિક ખરીદવાના હતા.

મી. હમીદ અઠવાડીયામાં બે વખત મને ઓફીસમાં મળવા આવતો. મેં તેને પૂછ્યું કે પાયા માટેના સળીયા તમે ગણ્યા છે. તેમણે કહ્યું તે ભૂલી ગયા છે. તેથી અમે બન્ને ગણત્રી કરવા બેઠા, પરંતુ તે પહેલાં પુરાંતમાં કેટલો માલ છે તે જાણવું જરૂરનું હોવાથી મેં મી. હમીદને વરલી ખાતે તપાસ કરીને જણાવવા કહ્યું. તેણે એક ચીઠ્ઠી મોકલી. તેને આધારે ઇન્ડેન્ટમાં ઉમેરો કરવા સાઇકસને લખવા મેં મી. પાનીટકરને કહ્યું. મી. સાઇકસે તે પ્રમાણે ઉમેરો કર્યો. એટલે તેમની ઓફીસમાં તૈયાર થયેલાં ઇન્ડેન્ટો સાથે મને કશો સબંધ નથી. સાઇકસે તૈયાર કરીને સરકારી મંત્રી પર મોકલેલાં ઇન્ડેન્ટ કદી મારા હાથમાં આવતાં નહિં.

વરલી ખાતે તપાસ કરવા ગયો ત્યારે હમીદે મને કહ્યું કે તેને ૫/૮"ના સળીયા જોઇતા હતા અને આવી પડયા છે ૭/૮"ના. ભૂલ પકડવા મેં તેની અને મારી ઓફીસના ફાઇલો તપાસી પણ પેલી ચીઠ્ઠી મળીજ નહિં.

આ કેસને અંગે હમીદની ફાઇલ લઇને હું સોલીસીટરની ઓફીસે ગયો હતો ત્યાં ફાઇલ ઉઘાડતાંજ એક કાગળની પાછળ હમીદના હાથની નોંધ જોવામાં આવી.

સાલેભાઈ તૈયબજી તરફથી ૭/૮"ના સળીયા આવવા લાગ્યા ત્યાર પછી ભૂલ મારી ધ્યાન પર લાવવામાં આવી. મે સાઈકસને ટેલીફોન કરી સાલેભાઈ તથા હાઇ કમીશનરના ઓર્ડર રદ કરવા કહ્યું. પરંતુ તે શકય નહોતું કેમકે હિંદી વજીરે ઓર્ડર આપી દીધો હતો. એટલે ડીઝાઇન બદલીને બને ત્યાં ૭/૮"નો ઉપયોગ કર્યો.

વધુ તપાસમાં તેણે જણાવ્યું જે આજે સવારે જેણે જુબાની આપી (બાલકીશન શેઠ) તેને મેં કદી જોયો નહોતો અને તેની સાથે કામ પાડયું નહોતું.

મી. સાઇકસની જુબાની

તે પછી મી. સાઈકસે જુબાની આપતાં જણાવ્યું કે હું વડી ધારાસભાનો સભ્ય છું અને બુંદી ખેતીવાડી સીન્ડીકેટનો મેનેજર છું. ૧૯૨૨માં હું ખીલવણી ખાતાના ૪ થા વિભાગનો દેખરેખ રાખનાર ઇજનેર હતો. ૧૯૨૩ના નવેમ્બર સુધી હતો તે પછી રાજીનામું આપ્યું. મને રૂ. ૨૦૦૦ નો પગાર મળતો હતો. હારવેને હું ઓળખું છું. મારૂં કામ હાઇ કમીશનર પર ઓર્ડર મોકલવા સરકારી મંત્રીને ઈન્ડેન્ટ મોકલવાનું હતું. મારી દેખરેખ નીચે કારકુનો ઇન્ડેન્ટ તૈયાર કરતા ઇન્ડેન્ટમાં ફેરફાર કરવાનો તાર તા. ૧ લી જાન્યુઆરી ૧૯૨૭ ને રોજ કરવામાં આવ્યો હતો, પરંતુ તે પ્રમાણે ફેરફાર થઇ શકયો નહિં. ૭/૮"× ૧૯'ના સળીયા ઉમેરવાનો હારવેની ઓફીસનો પત્ર આવવાથી તે ઉમેરો કરવામાં આવ્યો હતો.

મી. હમીદની જુબાની.

તે પછી મી. અબ્દુલ હમીદ અબ્દુલ કાદરે જુબાની આપતાં જણાવ્યું કે ૧૯૨૨ માં હું ખીલવણી ખાતામાં કારોબારી ઇજનેર હતો. મારું કામ નહીં હોવાથી ગયા ઓકટોબરથી મને છુટો કરવામાં આવ્યો છે અને હમણાં બેકાર છું. મારા હાથમાં વરલીની યોજના હતી. હારવે મારો ઉપરી હતો. અમે લગભગ દરરોજ મળતા. મેં મારા કામની જરૂરીયાતનાં સ્ટેટમેન્ટ મોકલ્યાં હતાં. તાકીદે જોઇતો સામાન સ્થાનિક ખરીદીથી લેતા. હારવેની ગેરહાજરીમાં તાકીદનો નિર્ણય હું કરતો. મારા સ્ટેટમેન્ટમાં ૫/૮"×૧૯' ના સળીયા શાને માટે હતા તે હું કહી શકતો નથી. થાંભલા અને પીઢીયા માટે કેવા સળીયા વપરાતા તે મને યાદ નથી. પ્લાનોમાંથી જોઇ શકાય. ૫/૮"ના ૧૯' લંબાઇના સળીયાજ મંગાવતા. ૧૪-૧૫ લંબાઇના જોઇએ તે તેમાંથી કાપી લેતા.

મારા સ્ટેટમેન્ટમાં પાયાના થાંભલા માટે સળીયા રહી ગયા હતા એમ જણાતાં નકામો વખત ન જાય તે માટે વરલી ખાતે જોઇએ તે કરતાં વધારે સળીયા મંગાવવાનો ઠરાવ કર્યો કેમકે હેઇન્સ રોડ ખાતે બીજી ચાલીઓ બાંધવાની હતી, જો કે તે યોજના ચાલુ કરવામાં આવી નહોતી. મને બતાવવામાં આવતી ચીઠી પાછળના અક્ષરો મારા છે, પરંતુ તેમાંથી હું પોતે કાંઇ સમજી શકતો નથી. ૭/૮"×૧૯' એ અક્ષરો મારા છે. ૧૯૨૨ના ઓગસ્ટમાં મારો પગાર રૂ. ૧૩૦૦નો હશે. મેં હારવેના બદલીમાં એ વખત કામ કર્યું હતું. મને છુટો કરવામાં આવ્યો ત્યારે મારો પગાર રૂ. ૧૫૦૦ હતો.

મી. પાનીટકરની જુબાની.

મી. પ્રભાશંકર વાસુદેવ પાનીટકરે જુબાની આપતાં જણાવ્યું કે ૧૯૧૧થી હું જાહેર બાંધકામ ખાતાનો ઓવરસીયર હતો. ૧૯૨૦ ના ઓગસ્ટમાં મારી નોકરી ખીલવણી ખાતાને ધીરવામાં આવી. ૧૯૨૧માં હું હારવેના હાથ નીચે સુપરવાઇઝર હતો. મારું કામ જગ્યા તથા અડસટ્ટા તપાસી જવાનું હતું. કારોબારી ઇજનેરોના સ્ટેટમેન્ટ પરથી મી. સાઇકસ ઉપર મોકલવાનું સયુંક્ત સ્ટેટમેન્ટ મેં. તૈયાર કર્યું હતું. તેમાં પાયા માટેના સળીયા હતા કે નહિ તે હું કહી શકું નહિં. એ તૈયાર થયા પછી હારવેએ મને હારવેના હાથથી એક ચીઠ્ઠી આપી જેના ઉપર ૭/૮" ના અમુક સળીયા લખ્યા હતા, તે ઉમેરવા તેમણે કહ્યું એટલે મેં સાઇકસ ઉપર તે પ્રમાણે લખ્યું. એ ચીઠ્ઠી હારવેને પાછી આપી હતી. તા. ૮મી નવેમ્બર ૧૯૨૬થી હું રજા ઉપર છું.

મી. બેલની જુબાની.

તે પછી મી. રોબર્ટ ડંકન બેલે જુબાની આપતાં જણાવ્યું કે ૧૯૨૪ની અધવચમાં હું ખીલવણી ખાતાનો સરકારી મંત્રી હતો, ડીસેમ્બરમાં ડેપ્યુટી ડીરેકટર તરીકે જોડાયો. વધારાના સળીયા માટે ૧૯૨૪ માં અમે અમુક ભાવ નક્કી કર્યો હતો. ચાલીઓની યોજના મોકુફ રાખવાથી સળીયા વધી પડયા હતા. હું હમીદને ઓળખું છું. ૧૯૨૫ના જુનની આસપાસ તેણે મને કહ્યું કે નક્કી કરેલા ભાવે બહુ થોડા સળીયા વેચાય છે. એટલે ટેન્ડરો માગવામાં આવ્યાં. કુલ જથ્થા માટે ટનના રૂ. ૮૫ અને છુટકના રૂ. ૧૧૧-૪-૦ નાં ટેન્ડરો મળ્યાં. તેથી છુટક વેચાણ

કરવામાં આવ્યાં. સીમુર લીને ૭'૮" સિવાયના રૂ.૧૦૦ અને ૨ ટકા કમીશનની માગણી કરી હતી ત્રીવેદીને અને તેના ભાઈ મને મળ્યો હતા. પારેખને હું મળતો નથી, પરતું હમીદે કહ્યું કે તે ૧।। કમીશને રૂ. ૧૦૦ નો ભાવ કહે છે. સર લોલેસ હેપરે તે ભાવ કબુલ કર્યો. કાંઇ લખાણ નહતું મોઢેની વાત હતી. પારેખ નીમેલા વખતે આવ્યોજ નહિ. દરમીયાન હારવે રજા ઉપરથી પાછો ફર્યો. તા ૨૦ મી ઓકટોબરે તેણે કહ્યું કે પારેખ આવતો નથી અને માણેકચંદ જીવરાજ કુલ જથ્થા માટે રૂ ૧૦૨।। નો ભાવ આપે છે. સર લોલેસ હેપરે તે મંજુર કર્યું. એલાયંસ કંપનીનો પત્ર તા. ૨૧મીએ મળ્યો એટલે તે હારવે પર ન મોકલતાં મેંજ તેનો ઉત્તર આપ્યો.

મી. નરીમાનની ઉલટપાલટ તપાસમાં તેણે જણાવ્યું યોજના કમી કરી નહિં-મોકુફ રાખી એમ હું કહું છું કેમકે સરકારી શબ્દ તે પ્રમાણે છે. હું જોડાયો તે પહેલાં એ ઠરાવ થયો હતો. તે નોંધમાં હોવો જોઇએ.

બાદ વધુ તપાસ તા ૭ મી પર મુલતવી રહી.

આરોપ

તા. ૭મી માર્ચે મેજીસ્ટ્રેટ મી. દસ્તુરે મી. નરીમાન સામે ફોઝદારી કાયદાની ૫૦૦મી કલમ પ્રમાણે આરોપ ઘડી કાઢયો હતો અને સુનાવણી તા ૯મી એપ્રીલ પર મુલતવી રહી હતી.

હારવેની ઉલટપાલટ તપાસ.

તા—૯મી એપ્રીલે મી. નરીમાને હારવેની ઉલટપાલટ તપાસ લીધી હતી. હારવેએ જણાવ્યું કે મેં મારો ઈજનેરી ધંધો મદ્રાસ સરકારના

જાહેર બાંધકામ ખાતાના મદદનીશ તરીકે શરૂ કર્યો, ત્યારે મને રૂ.૩૮૦નો પગાર અને સ્થાનિક ભથ્થું મળતું હતું. ત્યાંથી મારી દીલ્હીના શાહી કામ પર બદલી થઈ. ત્યાં મને મોટર ભથ્થા સાથે મળીને રૂ.૧૨૦૦ મળવા લાગ્યા. હમીદને મેં દીલ્હીમાં પહેલો જોયો. તે મારી પછી આવ્યો હતો. તે મદદનીશ ઇજનેર હતો. અમે બાંધકામ ખાતા પર હતા. વર્ષ પછી સાઇકસ પંજાબમાંથી આવ્યો તે સરંજામ ખાતામાં હતો. લુઇ સરંજામ ખાતાનો વડો હતો. અમે બધા એકી વખતે મુંબઈ નથી આવ્યા. લુઇ લડાઇ ખાતામાં મેસોપોટેમીયા અને ત્યાંથી બરમા થઇને આવ્યો. હમીદ હૈદ્રાબાદ ગયો અને ત્યાંથી મારા હાથ નીચે આવ્યા. અમે અકસ્માત એકઠા મળ્યા. બધાને બાંધકામનો અનુભવ હતો. મને કોન્ક્રીટ અને સેનીટરી કામનો ખાસ અનુભવ હતો, જો કે તેવી કોઇ ડીગ્રી મને મળી નથી. હમીદને હું ઓળખતો હતો. તેણે આવીને નોકરી માગી અને મેં તેને રાખ્યો મને મુંબઈ સરકારે ઇંગ્લાન્ડ તાર કરીને મારી નીમણુક કરી હતી. લુઇએ મને રખાવી આપ્યો નહોતો. મને રૂ. ૨૦૦૦ નો પગાર રૂ. ૧૫૦ મોટર ભથ્થું અને બંગલો મળ્યો. હમીદને દીલ્હીમાં રૂ. ૫૦૦ મળતા હશે. અહિં રૂ. ૧૨૦૦થી શરૂ કરી રૂ. ૧૫૦૦ સુધી પહોંચ્યો. સાઈકસને રૂ. ૨૦૦૦ મળતા હતા. ક્રીષ્ણાસ્વામી આયર મદ્રાસથી સેનીટરી કારોબારી ઇજનેર તરીકે આવ્યો. તેને ૬૦ વર્ષ થયાં હશે. તે આવ્યો ત્યારે ૫૫ ની નીચે હતો. તે મદ્રાસ સરકારની નોકરીમાંથી ફારેગ થયો નહોતો, પરંતુ ફારેગ થવાની તૈયારીમાં હતો. હું મદ્રાસમાં હતો ત્યારે ત્યાં તેને રૂ. ૨૦૦–૩૦૦ મળતા હતા. અહિં રૂ. ૧૪૦૦–૧૪૦૦ મળતા હતા. મહેતા ચાલી ખાતાનો કારોબારી ઇજનેર હતો. તેની સાથે

મને અગાઉનો સબંધ નહતો. તેને મારી સાથે બન્યું નહિં એટલે ૧૯૨૩ના ડીસેમ્બરમાં છુટો થયો. મેં તેની વીરૂધ્ધ બે રીપોર્ટ કર્યા. તેણે મારી વિરૂધ્ધ રીપોર્ટ કર્યો. મહેતાએ મારા તેની વિરૂધ્ધના રીપોર્ટ પછી મારી વિરૂધ્ધ રીપોર્ટ કર્યો હતો. મારી મારફત રીપોર્ટ ગયો હતો તેથી મેં તે વાંચ્યો હતો. તેની વિગત મને યાદ નથી પરંતુ મારા રીપોર્ટનો રદીયો આપ્યો હતો. ના. ગવરનર પર એક નનામી અરજી ગઇ હતી, તેમાં ખીલવણી ખાતા સામે આક્ષેપો હતા.

મી. નરીમાને એ નનામી અરજી માગી. મી. વેલીંકરે વાંધો ઉઠાવ્યો. મી. સ્મીથે જણાવ્યું કે અરજી તેના પાસે નથી. કોર્ટે મી. નરીમાનને તે માટે અરજી કરવા જણાવ્યું.

હારવેએ આગળ ચલાવ્યું કે તે અરજી પછી તરતજ મી. મહેતાને બરતરફ કરવામાં આવ્યા.

ધારાસભામાં સવાલો પૂછાતાં તેના જવાબો મારા ખુલાસા ઉપરથી અપાતા હું જાહેર બાંધકામ પર કાયમનો હતો. બીજાઓની નોકરી, જરૂર પુરતી હતી. ચાલીઓની યોજના પર ૧૯૨૧ના ફેબ્રુઆરીમાં હું નીમાયો તે પહેલાં કાંઇ કામ થયું નહોતું. હું બાંધકામ સંભાળતો અને સાઇકસ સરંજામ પુરો પાડવા ખાતે હતો. કારોબારી ઇજનેરો ખરીદી કરતા, કે જેમ કરવાની તેમને સત્તા નહોતી. મૂળ યોજના ૫૦ હજાર ઓરડીની ૬૨૫ ચાલીઓની હતી. તેના અડસટ્ટામાં મારો હાથ, નહોતો. મેજર જોહનસ્ટનની દેખરેખ નીચે મહેતાએ તે તૈયાર કર્યું હતું. અડસટ્ટા માટે નમુનાની ચાલી બાંધવામાં આવી નહોતી. અડસટ્ટો ઓરડી દીઠ રૂ ૧૫૮૯ અને કુલ

૫૦ હજાર ઓરડીઓ માટે રૂ ૬॥ કરોડનો હતો. તેમાં પાણી, રસ્તા, બત્તી, સેનીટરી બાંધકામ વિગેરેની ગણત્રી નહોતી.

મી. હારવેએ આગળ ચાલતાં જણાવ્યું કે ચાલીઓની યોજના ચાલુ રાખવી કે કેમ તેની તપાસ કરવા કમીટી નીમાઈ હતી. મને સ્ટેટમેન્ટ કરવા કહેવામાં આવ્યું હતુ, પરંતુ અડસટ્ટા વધવા વિષે પૂછવામાં આવ્યું નહોતું.

સ—કમીટીના એક સભ્યે અગત્યની માહિતી છુપાવવામાં આવતી હોવાની ફરિઆદ કરી હતી કે ?

મી. વેલીંકરે આ સવાલ સામે વાંધો ઉઠાવ્યો, જે કોર્ટે મંજુર કર્યો.

સ—કમીટીને સરકારે ખોટી ખબર આપી હતી કે ?

આ સવાલ સામે પણ મી. વેલીંકરનો વાંધો કોર્ટે મંજુર કર્યો હતો.

હારવેએ વધુ તપાસમાં જણાવ્યું કે મેં મનુ સુબેદારનો રીપોર્ટ પુરો વાંચ્યો નથી. ખાતાએ ચાલીઓ બાંધવા માંડી હતી. તેનો હેતુ ખર્ચની સરખામણીનો નહોતો. કામના રજીસ્ટર પરથી ખર્ચ જાણી શકાય નહિ. ચાલીઓની યોજના પ્રજાની દૃષ્ટિએ અગત્યની હતી. મારૂં કામ ચાલીઓ બાંધવાનું હતું. ભાડુ શું ઉપજશે તેની સાથે મને સંબંધ નહોતો. ચાલીઓનું ખર્ચ સરકારી મંત્રી પ્રમાણે રૂ. ૪ કરોડ ૨૮ લાખ આવ્યું હતું. મેં રૂ. ૩॥ કરોડ કહ્યા હતા. તેમાં પાણી, રસ્તા, બત્તી વિગેરે આવી જતું હતું. નાયગામની ચાલી

દીઠ રૂ. ૧,૨૦,૦૦૦ અને વરલી પર ૧,૧૫૦૦૦ ખર્ચ આવ્યું હતું. બધી ચાલીઓની ડીઝાઇન એક સરખી હતી. કોન્ટ્રાકટરોને ચાલી દીઠ રૂ. ૯૩,૩૦૦ આપવામાં આવ્યા હતા. ચાલીઓ બંધાયા પછી તેમાં થોડા ફેરફારો કરવા પડયા હતા.

નરીમાનને મેં પહેલવહેલા બેકબે કમીટી સમક્ષ જોયા. તેમને મારી સામે દ્વેષ કે ઈર્ષા નથી. તેઓ ખાતાના ટીકાકાર હતા અને "ખીલવણી ખાતાના ગોટાળા"ના મથાળા નીચે લેખો લખતા. ખીલવણી ખાતું રદ કરી જાહેર બાંધકામ માટે નીચે મુજબ તે ઠરાવ લાવ્યા હતા. ૧૯૨૪ ના ઓકટોબરમાં તપાસ માટેનો ઠરાવ કરાવ્યો હતો. નરીમાને મોટા પગારો અને અંગ્રેજોની નીમણુંકો સામે વાંધો ઉઠાવ્યો હતો.

બાદ વધુ તપાસ તા. ૧૧મી પર મુલતવી રહી હતી.

તા૦ ૧૧-૪-૨૭.

મી. હારવેએ પોતાની વધુ ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે તપાસના ઠરાવનો સરકારે અમલ કર્યો નહિં. તે સામે પ્રોટેસ્ટ તરીકે ખીલવણી ખાતાની ગ્રાન્ટ ઘટાડવાનો ઠરાવ રજુ થયો હતો. હું મી. નરીમાનને મળતો થાઉં છું કે તપાસ થાય તે ખાતાના ભલા માટે હતું. નરીમાને બેકબે કમીટી સમક્ષ ફરિઆદ કરી હતી કે વિલંબ થશે તો અગત્યના કાગળો ગુમ થઇ જશે અને તે પ્રમાણે કેટલાક કાગળો ભેદી રીતે ગુમ થયા હતા. લાંચ રૂશ્વતના પુરાવા સરકારી કાગળોમાંથી નહિં પણ ખાનગી વેપારીઓના ચોપડામાંથીજ મળી શકે. ભૂલો સબંધી ડીરેકટરે સંતોષકારક ખુલાસો કર્યો હતો. તેમણે તેમજ જનરલ સભ્યે કરેલા ખુલાસા મારા ખુલાસાને આધારેજ હતા.

ઈન્ડેન્ટમાં ઇરાદા પૂર્વક ફેરફાર કર્યો હતો અને દેખરેખ રાખનારા ઇજનેરે તે ફેરવેલું ઇન્ડેન્ટ વિલાયતની પેઢીઓને મોકલ્યું હતું એ આક્ષેપો હું બદનક્ષીભર્યા ગણું છું. ધારાસભાના હેવાલો છાપામાં પ્રગટ થાય છે. મેં આક્ષેપો સામે ગંભીર વાંધો ઉઠાવ્યો હતો. તે વખતે હું દાવો માંડી શકયો નહિં. તેમજ હું સરકારી નોકર હોવાથી છાપાને પણ લખી શકયો નહિં. છાપામાં ખુલાસો કરવાની મેં સરકારની રજા પણ માંગી નહોતી નરીમાન અને સરકાર વચ્ચે પત્રવહેવાર ચાલ્યો હતો.

તે પત્રવહેવાર રજુ કરવા સામે મી. વેલીકરે વાંધો ઉઠાવ્યો જે કોર્ટે નામંજુર કર્યો

મી હારવેની તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે બેકબે કમીટી સમક્ષ સરકાર તરફથી મી. મેકીએ બધાં કાગળો રજુ કર્યા હતા. તે ઉપરથી કમીશનની હકિકત કમીટીની જાણમાં આવી હતી. કમીટીના આમંત્રણથી મી. નરીમાને સ્ટેટમેન્ટ રજુ કર્યું હતું તેમજ જુબાની આપી હતી. મી. હુસેનભાઈ લાલજીએ પણ સ્ટેટમેન્ટ રજુ કર્યું હતું અને જુબાની આપી હતી. તે વખતે હું હાજર હતો. સળીયાના ઇન્ડેન્ટ વિષે તે પહેલાં કમીટીએ મને કાંઈ પૂછયું નહોતું. સર લોલેસ હેપરે પોતાના સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે ડ્રાફટમેન કે સુપરવાઇઝરની ભૂલ થઇ હશે. મેં એવું કાંઇ કહ્યું નહોતું. સ્ટેટમેન્ટની નકલો છાપાવાળાઓને અપાઇ હશે. નરીમાનની મોઢેની જુબાની વખતે હું જાહેર હતો. બે મુદ્દા પર ખુબ ચર્ચા થઇ હતી. સર કે. હોપકીનસનની દલીલ એ હતી કે ભૂલજ થઇ હશે નરીમાનની દલીલ એ હતી કે સંજોગો જોતાં તે ઇરાદા-

પૂર્વક હતી. પ્રજાનાં નાણાંની બરબાદી થઈ હતી કે કેમ તે નક્કી કરવાનું નરીમાને કમીટી પર છોડ્યું હતું. તે માટેનો હેતુ તેમણે કારખાનાવાળાઓને કમાવવાનો જણાવ્યો. બીન જરૂરી સામાન મંગાવાય તો તેથી કારખાનાવાળાને નફો થાયજ.

મોઢેની જુબાનીમાં નરીમાને મારૂં નામ નહિં પણ હોદ્દાજ જણાવ્યો છે. લેખિત સ્ટેટમેન્ટમાં ઇન્ડેન્ટના સંબંધમાં મારૂં નામ જણાવ્યું નથી. જો ચાલી ખાતાના દેખરેખ રાખનાર ઍજનેર એમ કહ્યું હોય તોજ તે હુંજ ગણાઉં; નહિં તો હું અથવા સાઇકસ ગમે તે ગણાઈએ.

મોટા પગારના અમલદારોના સંબંધમાં મી. નરીમાને મારૂં નામ જણાવ્યું છે, તે પછી ચાર ફકરા પછી ઇન્ડેન્ટનો આક્ષેપ આવે છે. પરંતુ તે આક્ષેપ મને બદનામ કરવા માટેજ હતો એમ મેં માન્યું.. ધારાસભામા આક્ષેપો આખા ખાતા સામેજ કરવામાં આવ્યા હતા તેમજ સરકાર સાથેનો પત્રવહેવાર પણ આખા ખાતા સંબંધી હતો. ઇન્ડેન્ટ મોકલાયું ત્યારે મારે બેકબે પુરવણી ખાતા સાથે મને કશો સંબંધ નહોતો. ૧૯૨૫ના ઓક્ટોબરમાં સાઇકસના ગયા પછીજ અમે તે ખાતાને માલ પુરો પાડ્યો હતો. સળીઆના ઓર્ડરને બેકબે સાથે કશો સંબંધ નહોતો. સળીયા દરિયો પુરવા ખાતે ગયા હતા કે નહિં તે હું કહી શકતો નથી કમીટી સમક્ષ મેં કહ્યું હતું કે કેટલાક સળીયા એ ખાતાને મોકલવામાં આવ્યા હતા.

મી. નરીમાનના સ્ટેટમેન્ટના કેટલાક ફકરા કમીટીએ પોતાના ક્ષેત્રના ન હોવાથી છોડી દીધા હતા.

કમીટીએ મારી અને સર લોલેસની તપાસ સાથે લીધી હતી. સર લોલેસ હેપરે ડ્રાફ્ટમેનની ભૂલ જણાવી હતી. હું પાસે બેઠો હતો પરંતુ એવી નજીવી વાતમાં મેં દખલ ન કરી. મી. નરીમાનની નિષ્ઠા શુભ નહોતી કેમકે સર કાવસજી જહાંગીરે ખુલાસો કર્યા પછી તેમણે સ્ટેટમેન્ટ કર્યું હતું. એ ખુલાસા મેં પુરી પાડેલી હકીકત પ્રમાણે હતા.

બાદ તપાસ બીજા દિવસ પર મુલતવી રહી હતી.

તા. ૧૨-૪-૨૭

તા ૧૨મીએ મી. હારવેની ઉલટ પાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે કમીશન સંબંધી જીયો સરવીસ કે સાલેભાઈ તૈયબજીના ચોપડાની તપાસ કરવામાં આવીજ નથી. હવે જણાય છે કે ચાલીઓ વિષેનો ખુલાસો ખોટો હતો.

સ-- સરકારની નીતિ પ્રજાથી ખરી માહિતી છુપાવવાની હતી કે?

મી. વેલીંકરે આ સવાલ સામે વાંધો ઉઠાવ્યો જે કોર્ટે મંજુર કર્યો. ઇરાદાપૂર્વક ખોટી માહિતી આપવામાં આવી નહોતી, પરંતુ મારી તા. ૯ મીની જુબાની પછી બધા કાગળો તપાસતાં મને જણાય છે કે ૭/૮" ના સળીયા વપરાશમાં હતા.".મને ગયા શુક્રવારેજ ખબર પડી. મને સરકારના બધા કાગળો જોવા મળી શકે છે ઘણા કાગળો ગુમ થયા છે. હમીદની ચીઠી અને મારી ઓફીસનો ડ્રાફ્ટ તો ઘણા વખતથી ખોવાય છે. સળીયા વિષે સર કાવસજી જહાંગીરે આપેલા જવાબો ખોટા છે. મેંજ ખોટી માહિતી પુરી પાડી હતી કેમકે તે વખતે અત્યારની માહિતી મારી જાણમાં નહોતી. ખાતાના વડા તરીકે બધા કાગળો તપાસવાની

મારી ફરજ હતી, પરંતુ આ સળીયા સંબંધીજ મારી ભૂલ થઇ છે હવે હું કહું છું કે એ સળીયા જોઇતા હતા અને વ્યાજબી મંગાવ્યા હતા. ભૂલ થઇજ નથી. ૫/૮" ના સળીયાની સંખ્યા હમીદ અને મહેતાના સ્ટેટમેંટમાં સરખીજ છે. એમાંથી કોઇકે બીજામાંથી નકલ કરી હોવી જોઇએ. હમીદ પોતાના સ્ટેટમેન્ટમાં પાયા માટેના સળીયા ભૂલી ગયો હતો એ દલીલને હું વળગી રહેતો નથી. એ વખતે પાયા માટે ૫/૮" ના સળીયાની જરૂર નહોતી એટલે હમીદ અને મહેતાના ઇન્ડેન્ટમાં ૨૯૭ ટનની ત્રણ રકમો વધારે પડતી હતી. દેખરેખ રાખનારા ઇજનેર તરીકે મારી તે તપાસવાની ફરજ હતી પરંતુ કારોબારી ઇજનેરોના સ્ટેટમેન્ટ પર મારે વિશ્વાસ રાખવો જોઇએ. ધારાસભામાં, એકબે કમીટીમાં અને આ કેસમાં અત્યાર સુધી મેં જે દલીલ કરી હતી તે બરાબર નહોતી. હમીદ પાયા માટેના સળીયા ભૂલી ગયો હતો એ વાત ખોટી છે. પહેલાં મેં ફાઇલો તપાસેલી, પરંતુ હમણાં હાથ લાગેલો કાગળ તે વખતે મારા જોવામાં આવ્યો નહોતો. એટલે હવે મારો આખો કેસ બદલાઇ જાય છે.

બાદ વધુ તપાસ તા. ૨૫ મી પર મુલ્તવી રહી હતી.

તા. ૨૫-૪-૨૭.

મી. હારવેએ વધુ ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે હું એમ નથી કહેતો કે ઇન્ડેન્ટ મૂકયા પહેલાં ૭/૮" ના સળીયા વપરાતા હતા. પરંતુ એમ કહું છું કે ૭/૮" ના સળીયા જોઇતા અને તે મંગાવવામાં ભૂલ થઇ નહોતી. અગાઉના બધા જવાબો અને ખુલાસા ખોટા છે. એકબે કમીટી સમક્ષ મેં મારી જવાબદારી સ્વીકારી હતી. ૧૯૨૨ પહેલાં

૭/૮" ના સળીયા વપરાતા હતા એવું દેખાડવા મારી પાસે કંઇ કાગળો નથી. ૧૯૨૩ ની આખર સુધી બનાવેલા પાયાના થાંભલાનું રજીસ્ટર ગુમ થયું છે.

મેં ભૂલ શોધી કાઢી તે પહેલાં બે મહીના અગાઉથી વરલી ખાતે ૭/૮" ના બધા સળીયા આવી ચૂકયા હતા. ઓર્ડર રદ કરવાનો તાર મારા કહેવાથી કરવામાં આવ્યો હતો. ૭/૮" ના ૪૮ હજાર સળીયા ધારાવી અને હેન્સ રોડ માટે અને બાકીના વરલી માટે હતા. ધારાવીની યોજના અમલમાં મૂકાઇજ નહિં. હમીદનું ઇન્ડેન્ટ વરલીની ૨૮ ચાલો માટે હતું. ઉમેરો કરવા માટે મેં લખેલા પત્રમાં ધારાવી અને ફ્લેટ મેં જણાવ્યા નહોતા. અમારો ઇરાદો વરલી ખાતે થાંભલા બનાવી બધે પુરા પાડવાનો હતો. શહેર સુધારા ટ્રસ્ટ ધારાવીની જગ્યા આપવાનું ઘણા વખતથી વચન આપ્યા કરતું હતું. ઇન્ડેટ વખતે જમીન મળી નહોતી, પરંતુ અગાઉથી ગોઠવણ કરવાની હતી.

મી. વેલીંકરે આ ધારાવી વિષેના સવાલો અસંગત જણાવ્યા, પરંતુ કોર્ટે તે વાંધો નામંજુર કર્યો.

મી. હારવેએ વધુ તપાસમાં જણાવ્યું કે જમીન મળવાની આશાએ માલ મંગાવ્યો હતો. ૧૯૨૩ના ડીસેમ્બર કે ૧૯ ૪ ના જાન્યુઆરીમાં ચાલીઓ કમી કરવાનું ઠરાવવામાં આવ્યું. મેં ૭/૮"ના સળીયાનો ઉપયોગ કરવા સરકારને અરજ કરી, તેમાં મેં ભૂલથી વધારે પડના સળીયા મંગાવ્યાનું લખ્યું હતું તે મારી મૂર્ખાઇજ હતી. સર કાવસજી જહાંગીરને ખુલાસો પુરો પાડતાં મેં ધારાવી કે ફ્લેટ જણાવ્યા નહોતા.

૭/૮" ના ૮૦ હજાર સળીયા સીંગલ થાંભલાની ૩૮૦ ચાલો માટે પુરતા થઇ પડે. એ વર્ષમાં ૪૨ ચાલોજ બાંધવાની હતી. ૧૯૨૨–૨૩ માં બનાવેલા થાંભલાનું રજીસ્ટર ગુમ થયું છે. ચાર વર્ષ અગાઉથી માલ મંગાવવાનું મેં કદી સાંભળ્યું નથી. હાઇ કમીશનર મારફત સળીયા આવતાં લગભગ વર્ષ નીકળી જાય. ૧૦૦ મકાનો બાંધવા હોય તો એ વર્ષ અગાઉથી સળીયા મંગાવવા જોઇએ. સળીયા આવ્યા પછી ધારાવી કે ફ્લેટ માટે એક પણ થાંભલો બનાવ્યો નહોતો. અમારા યંત્રો વરલીની ૧૨૧ ચાલો માટે થાંભલા બના-બનાવવામાં આખો વખત રોકાયેલા જ હતા. ૫/૮" કે ૭/૮" ના સળીયા માત્રથી થાંભલા ન બને. તે બાંધવાના તાર વિગેરે જોઇએ કે જે મંગાવવા જોઇતા હતા.

૧૯૨૩ના ફેબ્રુઆરી સુધી કારોબારી ઇજનેરો સરંજામ ખાતાથી પરબાર્યો માલ મંગાવતા, જો કે ખરી રીતે તેમણે મારી મારફત મંગાવવો જોઇએ. ૬૨૫ ચાલો આઠ વર્ષમાં બાંધવાની હતી અને દરેક વર્ષની સંખ્યા મુકરર કરેલી હતી તેમજ અંદાજપત્રમાં તે માટેની રકમ મુકરર કરેલી હતી કે જેથી તે હદ ઓળંગી ન જવાય. દરેક ચાલ માટે કુલ ૩૮½ ટન પોલાદ જોઇએ. ૧૯૨૧-૨૨માં જીઓ. સરીસે તે પુરૂં પાડયું હતું અને તે ઉપરાંત સ્થાનિક ખરીદીઓ થઇ હતી. તેનું ટેન્ડર રૂ. ૨૧૧–૧૪નું હતું. તે ટેન્ડર વિષે હું કાંઇ જાણતો નથી. ૧૯૨૧ ના ફેબ્રુઆરીમાં હું જોડાયો. ટેન્ડરની નોટીસ માર્ચમાં અપાઇ હતી. તે વર્ષનો કાર્યક્રમ ૨૭ ચાલોનો હતો, પરંતુ તે અશક્ય જણાવાથી મેં ઘટાડીને ૧૫ ચાલોનો કર્યો.

બાદ વધુ તપાસ તા. ૩૦ મી પર મુલતવી રહી.

તા ૩૦—૪—૨૭.

મી. હારવેની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે પહેલાં જમીન મેળવ્યા પછી અડસટ્ટા તૈયાર કરવામાં આવતા. સરકારી બાંધકામ ખાતાના કાનુનો ખીલવણી ખાતાને પણ લાગુ પડતાં. ધારાવી માટે મંજુરી મળી નહોતી પહેલેથી મંજુરી વિના પણ અમે ખર્ચ કરી શકતા. કાર્યક્રમ નક્કી થયા પછી જોઇતો સામાન અગાઉથી ભરી રાખવામાં આવતો. ધારાવીની ચાલીઓ ૧૯૨૪ ના કાર્યક્રમમાં હતી.

મેં તો કારોબારી ઇજનેરોના સ્ટેટમેન્ટ પર આધાર રાખ્યો હતો. તેમાં મારો દોષ નથી થાંભલાનું રજીસ્ટર ગુમ થયું છે એ અજબ થવા જેવું છે ૧૯૨૪ના માર્ચમાં કાર્યક્રમ કમી કરવાનું નક્કી નહોતું, પરંતુ એવો સંભવ હોવાનું મને જાન્યુઆરીમાં કહેવામાં આવ્યું હતું. માર્ચમાં સરકારે અમને નવી ચાલો શરૂ નહિં કરવા જણાવ્યું.

ચાલીઓની સંખ્યા નક્કી કર્યા પછી પ્લાન વિના પણ માલનો જથ્થો અમે નક્કી કરતા. કાર્યક્રમમાં પહેલા વર્ષમાં નાયગામ ખાતે ૧૪ અને ડીલાઇલ રોડ પર ૮ ચાલો બાંધવાની હતી. મારા આવ્યા પછી ટેન્ડરની જાહેર ખબર દેવાઇ હોય તો હું ના નથી કહેતો, પરંતુ ફાઇલમાં તેની નકલ નથી. સરંજામ ખાતું અને સાઇકસની નીમણુંક એ મારા પહેલાં થયું હતું. ૨૦૦૦ ટન કઇ ગણત્રીએ નક્કી કરવામાં આવ્યા તેના કશા કાગળો મળતા નથી ભાવ ટનના રૂ. ૨૬૮ હતો પરંતુ હુંડીયામણ પ્રમાણે તેમાં ફેરફાર થતો.

૧૯૨૧-૨૨ માં ૨૬ ચાલોના માળખા તૈયાર થયા હતા અને બીજી ૩૭ના તૈયાર થવા પર હતા.

૧૯૨૩ ના માર્ચની તા. ૧૭ મીએ હું રજા પર ગયો હતો અને ઓકટોબરમાં પાછો આવ્યો હતો. ૧૯૨૩માં ત્રીવેદીએ ધારાસભામાં પૂછેલા સવાલોના જવાબો મી. સાઇકસે પુરા પાડયા હતા. મને તેની સાથે સંબંધ નહોતો. મારી ગેરહાજરીના ઇન્ડેન્ટમાં ૫/૮" ની રકમ સાઇકસે છેકી નાખી છે. તે કોન્ટ્રાકટરો સાથે સીધો વહેવાર રાખતો. તેનો પત્ર બતાવે છે કે ૫/૮" ના સળીયા બંધ કરવામાં આવ્યા હતા.

બાદ વધુ તપાસ ૭ મી મે ઉપર મુલ્તવી રહી હતી.

તા. ૭-૫-૨૭.

તા. ૭ મી મેને રોજ મી. હારવેની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે સીલ્લકમાં કેટલો માલ રાખવો તેની હદ મંજુર થતી. કારોબારી ઇજનેરને તેટલી હદ સુધી માલ મંગાવવાની સત્તા હતી. ૧૯૨૩ સુધી બધા ઓર્ડર મારી મારફત જતા અને તે મુકરર હદ બહાર ન જતા તે હું જોતો. ૭/૮" ના મેં મંગાવેલા સળીયા ધારાવી માટે વરલી ખાતે તયાર કરવાના થાંભલા માટેજ હતા. વરલીથી ધારાવી ૩ા માઇલ છે. તેટલે દુર ૧૨૦૦૦ થાંભલા લઇ જવાનું ખર્ચ રૂ. ૫૦ હજાર આવે, પણ ધારાવી ખાતે થાભલા બનાવવાનું ખર્ચ વધારે આવત. ફરિઆદનામું મારી સુચના પ્રમાણેજ સોલીસીટરે તૈયાર કર્યું હતું અને તે વાંચ્યા પછી મેં સહી કરી હતી.

૮૦ હજાર સળીયા ઉમેરવાના મારા પત્રમાં "વરલી ખાતે થાંભલા માટે" એવા શબ્દો છે તેનો અર્થ એ છે કે ધારાવી અને ફ્લેટ માટે

વરલી ખાતે તૈયાર કરવાના માટે સળીયા જોઇએ છે.

હમીદની ચીઠી પ્રમાણે પાનીટકરે સાઇકસને પત્ર લખ્યો હતો. તે ચીઠ્ઠી મેં વાંચી હતી, તે ચીઠ્ઠી મળતી નથી મેં મારા હાથ નીચેના માણસો પર દોષ ઢોળવાનો પ્રયત્ન કર્યો નથી. ઉલટા મેં તેમને બચાવ્યા છે. સર લોલેસ હેપરે મારી હાજરીમાં પણ ગમે તે કહ્યું હોય તે માટે હું જવાબદાર નથી. ધારાસભાના બધા સવાલો મારા પર ન આવતા અને બધા જવાબો મારી સહીથી નથી.

એકબે કમીટી સમક્ષ મેં સ્ટેટમેન્ટ કર્યું હતું, તેમાં સાગ્રી-જવાબદારી કબુલ કરી હતી. મેં હમીદની ચીઠી કે પાનીટકરનો ડ્રાફ્ટ રજુ કર્યો નહોતો. કાગળો ગુમ થયાનું પણ મેં જણાવ્યું નહોતું. સરખા લંબાઇના ૭/૮" સળીયાનું વજન ૫/૮" કરતાં લગભગ બમણું થાય છે.

ધારાવીની જમીન નહિં જોઇએ એવો શહેર સુધારા ટ્રસ્ટને ૧૯૨૪ના એપ્રીલની તા. ૧ લીએ પત્ર લખ્યો હતો. ધારાસભામાં ઓકટોબરમાં સવાલો પૂછાયા હતા. જવાબ ખરા છે. જમીનની કદાચ પાછળથી જરૂર પડત. કાર્યક્રમ કમી કરવાનો સરકારનો ઠરાવ મારા જાણવામાં નહોતો, પરંતુ ધારાવી પડતું મુકવામાં આવશે એટલી મને ખબર હતી. એટલે વધારાના સળીયા વેરી નાખ્યા.

કુલ ૨૪૮૦ ટનના વેચાણનો કરાર તા ૨૦-૧૦-૨૫ને રોજ થયો. વેચાણ સાથે મને સંબંધ નહોતો. જાહેર ખબરથી ટેન્ડરો માગવામાં આવ્યાં હતાં. મેં તો સંદેશા પુરા કર્યા. ૩૧૦૨ના ભાવે વેચાણ થયું હતું. તેમાં ૭/૮"ના સળીયા ૬૫૦ ટન અને ૫/૮"ના ૬૦૫ ટન

હતા. સાલેભાઇએ ૭/૮"ના સળીયા રૂ.૧૯૭/૮ના ભાવે અને હાઇ કમીશનરે રૂ.૧૫૯/૬ના ભાવે પુરા પાડયા હતા. વધારાના સળીયા વેચી નાખવાથી અમુક નુકસાન તો થયુંજ હતું.

બાદ વધુ તપાસ તા ૯મી મે પર મુલતવી રહી હતી.

તા ૯–૫–૨૭

મી. હારવેની ઉલટપાલટ તપાસ તા. ૯મીએ, આગળ ચાલતાં તેણે જણાવ્યું કે કારોબારી ઇજનેરોના સ્ટેટમેન્ટ બે ત્રણ વખત મેં તપાસ્યા હતા, પરંતુ તે વખતે ભૂલ જોવામાં આવી નહોતી. હમીદ અને મહેતાના સ્ટેટમેન્ટ એક સરખા હોવાથી હમીદ પાયા માટેના સળીયા ભૂલી ગયા હશે એમ મેં માન્યું, કેમકે મહેતાને તે સળીયા જોઇતા નહોતા. હું બહુજ કામમાં હતો એટલે સંયુક્ત સ્ટેટમેન્ટ તૈયાર કરતી વખતે મહેતાએ નહિં જોઇતા સળીયા મંગાવ્યા હતા તે હું જોઇ શકયો નહિં. મહેતાએ લખ્યું હતું કે તેણે પોતે સ્ટમેન્ટ તૈયાર કર્યું હતું. એટલે મેં તેને વધુ પૂછપરછ કરી નહિં. અંદાજપત્રમાં નાયગામ માટે રૂ. ૯૨ લાખ અને વરલી માટે રૂ. ૨૮ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. ૧૯૨૨–૨૩માં ધારાવી માટે કશી જોગવાઇ કરવામાં આવી નહોતી

સીલકમાં રાખવા માટે અમે કોઇ પણ માલ ખરીદી શકીએ છીએ. અંદાજપત્રમાં હાઇ કમીશનર મારફતની ખરીદીની પણ જોગવાઇ કરવામાં આવે છે. અંદાજપત્ર મહીનાઓ પહેલાં તૈયાર થાય છે. વધારાનો માલ જોવા જવાની મી. નરીમાને ધારાસભામાં ચેલેંજ કરી હોય તે મારી જાણમાં નથી. સાઇકસ ૧૯૨૫ના ઓકટોબરમાં

છુટો થયો. ત્યારથી સરંજામ ખાતું મારા હાથમાં આવ્યું.

બી. બાલફર કંપનીનું નામ મને યાદ નથી. મને તો રેલવે બોર્ડે કોલસો પુરો પાડયો હતો. બી. બાલફર કંપની બાલકીશન શેઠ છે એમ મી. નરીમાન કહેતા હોય તો તેનો હું ઇનકાર કરી શકતો નથી, કેમકે હું તે વિષે કાંઇ જાણતોજ નથી. લોખંડના સળીયા જીઓ. સરવીસ અને સાલેભાઇએ પુરા પાડયા હતા. નાનો જથ્થો એટલે કે ૧૦–૧૫ ટન માલ કારોબારી ઇજનેરો પરબાર્યો ખરીદી શકતા. જાહેર બાંધકામના કાનુન મુજબ રૂ. ૨ હજાર સુધીની ખરીદી કરવાની તેમને સત્તા હતી જીઓ. સરવીસના ઓર્ડર સાથે મને કશો સંબંધ નથી. ફાઇલમાં માત્ર મેજર જોહનસ્ટને સાઇકસ પર તા. ૧૫-૨–૨૧ ને રોજ લખેલો પત્ર છે. જીઓ. સરવીસ રીચાર્ડસન ક્રુડાસની શાખા હતી તે હું જાણતો નથી. દીલ્હીના શાહી કામ માટે મુંબઇથી અમે માલ મંગાવતા. તેમાં રીચાર્ડસન ક્રુડાસની કંપની પણ હતી તે મને યાદ નથી. ૭૮"ના ૮૦ હજાર સળીયાની જવાબદારી હું કબુલ કરૂં છું. ખોટા ઇન્ડેન્ટ માટે હું જવાબદારી કબુલ રાખતો નથી.

કાગળો અને ફાઇલોને નંબર આપવાનો રીવાજ છે. પરંતુ મારી ઓફીસનાં કાગળો કે ફાઇલોને નંબર નથી. ઇન્ડેન્ટ પહેલાં સાલેભાઇનું નામ હું જાણતો ન હતો તેના ઓર્ડર કે ભાવ વિષે હું કાંઇજ જાણતો નથી. તેઓ અમુક કાગળો કોર્ટમાં રજુ કરી શકે તેમ નથી. એમ તેમના સોલીસીટરે કોર્ટમાં કહ્યું ત્યારે, તેમજ થોમસ કુકના ચોપડા મંગાયા ત્યારે હું હાજર હતો.

૧૯૨૩માં સ્થનિક મોટી ખરીદો વિષે હું જાણતો નથી. માર્ચની તા ૧૭મીથી ઓકટોમ્બર સુધી હું રજા પર હતો. સાઇકસ પરબાર્યો કોન્ટ્રાકટરો સાથે કામ કરતો. કેટલોક માલ સીધો કામ ઉપર જતો અને કેટલોક સરંજામ ખાતામાં થઇને જતો. તે ખાતા સાથે મને સબંધ નહોતો. કારોબારી ઇજનેરો પોતાની જરૂરીયાત નક્કી કરતા. હું તો તે તપાસીને સરંજામ ખાતા પર ઓર્ડર માટે મોકલતો. વધારે ઓછો માલ આવે તે જોવાનું કામ સાઇકસનું હતું. તેની ઓફીસના દફતરો સાથે મને કાંઇ સંબંધ નહોતો.

કારોબારી ઇજનેરોએ માસિક લીસ્ટ મોકલ્યા હોય એવું મને યાદ નથી ચાલીઓ માટે ડીલાઇલ રોડની જમીન લીધી ત્યારે ત્યાં એક રદ્દી રૂનું કારખાનું હતું. તેનો કાટ ખસેડવાનું ખાતાએ માથે લીધું હતું, પરંતુ ખર્ચ તેના માલીકને માથે હતું. દરરોજ લારીઓ જતી આવતી તેની નોંધ રહેતી. માલીકને ખર્ચ આપવા કહ્યું ત્યારે તેણે વાંધો ઉઠાવી રજીસ્ટર જોવા માગ્યું. બીલ મોકલ્યા પછી મેં રજીસ્ટર કારોબારી ઇજનેરને મોકલ્યું હતું તેથી માલીકને તે બતાવવા કારોબારી ઇજનેરને લખ્યું પણ તેણે જણાવ્યું કે રજીસ્ટર ગુમ થયું છે. એ બાબત પોલીસના હાથમાં મૂકવામાં આવી પણ કાંઇ પત્તો મળ્યો નહિ.

બાદ વધુ તપાસ બીજા દિવસ ઉપર મુલતવી રહી.

ઉલટપાલટ તપાસનો ૮મો દિવસ.

તા-૧૦મીએ તપાસ આગળ ચાલતાં મી હારવેએ જણાવ્યું કે ૧૯૨૩ના સપ્ટેમ્બર પછી જુની ડીઝાઇનની ચાલીઓ બાકી રહી નહોતી.

કેટલાક સળીયા નવી જુની બન્ને ડીઝાઇનમાં સરખા હતા; કેટલાક જુદા હતા.

જાહેર બાંધકામના કેટલાક કાનુનોના સવાલ જવાબ પછી મી. હારવેએ જણાવ્યું કે એક અમલદારને ટેલીફોનથી ઓર્ડર આપવાનો પ્રતિબંધ નથી. પરંતુ પહેલાં ટેન્ડર તો રજુ થયુંજ હોય તેમજ લેખિત ઓર્ડર પણ મોકલવામાં આવેજ. બીલો કારોબારી ઇજનેરો તૈયાર કરતા અને તે ઉપરથી હિસાબી ખાતું વેપારીને નાણા ચુકવતું. મોટા બીલો હું જોતો, બધા નહિં

બક્ષ નામનો કોન્ટ્રાકટર હતો, પરંતુ તેના નામનું રૂ. ૧૬ હજારનું બીલ તૈયાર કરવામાં આવ્યું હતું તે હું જાણતો નથી. સોહાની નામનો મદદનીશ ઇજીનેર અને જોશી નામનો સુપરવાઇઝર હતો. જોશીને બરતરફ કરવામાં આવ્યો હતો. સોહાનીને બરતરફ કર્યાનું મને યાદ નથી. મારી રજા દરમીયાન તે બન્યું હતું.

બાદ વધુ તપાસ તા. ૧૪મી પર મુલતવી રહી હતી.

તા૧૪—૫—૨૯.

તા. ૧૪મીએ તપાસ આગળ ચાલતા મી. હારવેએ જણાવ્યુ કે બેડી મદદનીશ ઇજનેર હતો. તેને નાશકથી બોલાવવામાં આવ્યો હતો. મહીન્દ્ર દીલ્હીમાં હતો. તેનો ભાઇ સીંધમાં કોન્ટ્રાકટર હતો, તે હું જાણતો નથી. ડીરેકટરના બંગલા સંબંધી ખોટું બીલ કરવા માટે બેડીને કાઢી મૂકવામાં આવ્યો હતો.

સ—તમે હતા તે દરમીયાન ખોટા બીલથી નાણા મેળવવાના કેટલા પ્રયત્નો થયા હતા?

મી વેલીંકરે વાંધો ઉઠાવ્યો. કોર્ટે જણાવ્યું કે એવાં બીલો સાથે ફરીઆદીનો સંબંધ હતો તે બતાવ્યા વિના એવા સવાલો પૂછી ન શકાય

મી. હારવેએ આગળ ચાલતાં જણાવ્યું પણ કે મેં એક સ્થાનિક ઓર્ડર આપ્યો નહોતો. કોલાબાવાલા અને હમીદે થોડી ખરીદીએ કરી હતી. કારોબારી ઇજનેરો સ્થાનિક ખરીદી માટે મારી કે સરકારની મંજુરી લેતા સરકાર પરની અરજી મારી મારફત જતી. હું મારી સત્ત સુધી અને સરકાર તેની સત્તા સુધીની મંજુરી આપતી. હમીદે દુલા કંપનીમાંથી સળીયા એક બે વખત ખરીદ્યા હતા.

પેટ્રોલ કંપની પાસેથી ૧૩ ટન ખરીદયા હતા. તેનાં ચારે બીલ ૫/૮"માટે છે.

કારોબારી ઈજનેરોનો હોદ્દો દેખરેખ રાખનાર ઇજનેર પછી તરતજ છે અમલદારો વિષેની ટીકાને બજારના ગપાટા ગણી મેં ધ્યાનમાં ન લીધી. કારોબારી અને મદદનીશ ઈજનેરો મળી ૫૦-૬૦ મોટા અમલદારો હતા સર જ્યો. બુકાનન સલાહકાર ઇજનેર હતા. તેમણે એવડી ખરીદીની ફરિઆદ કરી હોય તે હું જાણતો નથી હેલીરો સર જ્યો બુકાનનનો સલાહકાર હતો

બાલફર કંપની તેજ બાસ્ફીશન શેઠ છે. તેની મેં તપાસ કરી નથી. તેણે સળીયા અને કોલસા પુરા પાડયા હતા. ઓર્ડર કોલાબા-વાલાએ આપ્યો હતો. એલાયંસ કંપનીએ કાંઇ માલ પુરો પાડયો હોય તે હું જાણુતો નથી. પેટ્રોલ કંપની સળીયાનો વેપાર કરે છે તે હું જાણુતો નથી. શરૂઆતમાં મને અને મહેતાને પેટ્રોલ જોઇતું મને બીલો સાથે સબંધ નહોતો. મને અગાઉથી નાણાં જોઇતાં હોય કે બીલ

વિષે વાંધો પડયો હોય તેજ તેઓ મારી પાસે આવતા. મારાથી ન પતે તે વાંધો હું સરકાર પર મોકલતો. સરકાર મારી ભલામણ પ્રમાણે વર્તતી. કારોબારી ઇજનેરોના રીપોર્ટ વિરૂધ્ધ નાણાં આપવા મેં ભલામણો કરી હતી. તેના દાખલા મને યાદ નથી. વાસીંદના ઈંટોના કારખાના વિષે વાંધો પડયો હતો. તેનો કોન્ટ્રાકટર દીલ્હીનો વિશ્વંભરનાથ કપુર હતો. તેણે દીલ્હી ખાતે પણ ઈંટો પાડી હતી. કારોબારી ઇજનેરે તેના બીલના અમુક ભાગ સામે રીપોર્ટ કર્યો, છતાં મેં તેને નાણાં આપવા ભલામણ કરી હતી. કોલાબાવાળાના રીપોર્ટ વિરૂધ્ધ મેં કેટલીક ભલામણો કરી હતી. સરકાર મારી ભલામણો કબુલ રાખતી. કપુરે રૂ. ૪૩૦૦૦ નો દાવો કર્યો હતો, મેં ૧૬૫૫૦ ની ભલામણ કરી હતી.

બાદ વધુ તપાસ તા. ૧૬ મી પર મુલતવી રહી હતી.

તા ૧૬-૫-૨૭

તા. ૧૬ મીએ ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં મી હારવેએ જણાવ્યું કે કાગળો જોતા જણાય છે કે કપુરે રૂ. ૫૭૦૦૦ નો દાવો કર્યો હતો, પરંતુ મેં રૂ. ૧૬૫૫૦ ની ભલામણ કરી હતી. મેં કાગળો વાંચ્યા નથી, એટલે કપુરે વધારાનું બીલ પાછળથી કર્યું હતું તેનો હું ઇનકાર કરી શકું નહિં. સાઇકસના જવાથી કપુરનું બીલ પતાવવાનું મારે માથે આવ્યું. કોલાબાવાળાના રીપોર્ટ વિરૂધ્ધ મેં સરકારને ભલામણ કરી હતી. નોકરી છોડયા પછી સાઇકસ મુંબઇ આવતો ત્યારે મારી સાથે રહેતો. મેં તેને કપુરના બીલની વાત કરી એ અને કપુર સાથે મારી ઓફીસે આવ્યા હોય એ મને યાદ નથી. સાઇકસ કોલાબાવાલાના રીપોર્ટને

મળતો ન થયો. તેને કશી સત્તા નહોતી. પરંતુ તેના હાથ નીચે કામ થયું હતું એટલે મેં પૂછ્યું હતું.

ઉત્તમસિંહનું નામ મને યાદ નથી. સીંહ નામના ૫૦ જેટલા હશે. મૂખ્ય ઇજનેર મોટો અમલદાર ગણાય પણ મારાથી મોટો નહિં. તેની સત્તા મારાથી ઓછી.

કોઇક કોન્ટ્રાકટરો નાણાં ખાતાને આપવાના ચેક અમલદારના નામે લખતા, પરંતુ તેના પર સહી કરી તે નાણાં ખાતાને મોકલી આપવામાં આવતા. કોન્ટ્રાકટરો પાસેથી જામીનગીરી લેતા કોન્ટ્રાકટરો યંત્રો વિગેરે ખરીદે તો ચેક મોકલતા

સ—બાલકીશન શેઠ સર લેસ્લેસ હેપર અને બીજા અમલદારોને તાજી માછલી અને બજારની ચીજો મોકલતા હતા કે?

મી. વેલીંકરે સવાલ સામે વાંધો ઉઠાવ્યો. કોર્ટે તે મંજુર કર્યો.

હારવે—બાલકીશન કે કોઇ તરફથી મને બજારની ચીજ મળી નથી.

સ—બાલકીશન શેઠ અમલદારોને મોટરો આપી હતી કે?

મી. વેલીંકરે વાંધો ઉઠાવ્યો. મી. નરીમાને જણાવ્યું કે હારવે અને બીજાઓ મળીને લાંચ ખાતા એ મારો કેસ છે. કોર્ટે સવાલ મંજુર કર્યો.

જ—હું કાંઇજ જાણતો નથી. મેકએ તપાસ પહેલાં તેનો હું જાણતોજ નહોતો.

ઓવન ગેમન ડંકરબીનો ઇજનેર હતો. તે યાટ કલબમાં આવતો ત્યાંથી તેની સાથે ઓળખાણ થઇ હતી. તે મારો કે મારી પત્નીનો

સગો નથી. તે પહેલાં રીચાર્ડસન ક્રુડાસમાં હતો, પરંતુ મારી સાથે મૈત્રી તો તે ગેમન ડંકરબીમાં હતો ત્યારે થઈ. અમે સાથે મોટરમાં સહેલ કરવા જતા.

સેનીટરી સામાન મ્યુનીસીપલ ધોરણે નક્કી કરવામાં આવતો.

સ—સ્થાનિક મળતા માલની સ્થાનિક ખરીદી કરતા કે?

મી. વેલીંકરે આ સવાલ સામે વાંધો ઉઠાવ્યો અને કોર્ટે તે મંજુર કર્યો. મી. નરીમાને જણાવ્યું કે મારે આવા સવાલો પૂછવા પડશે અને દરેક સવાલે કોર્ટની મંજુરી લેવી પડે, માટે હું હાઇકોર્ટને અરજી કરીશ. કોર્ટે જણાવ્યું કે જે સવાલો કોર્ટને સંગત લાગશે તે પૂછવા દેશે.

હારવેએ આગળ જવાબ દેતાં જણાવ્યું કે મ્યુનીસીપાલીટી ૫૦ વર્ષથી સ્થાનિક માલ વાપરે છે તે જાણીને મને આશ્ચર્ય થાય છે. મારો અનુભવ એવો છે કે સ્થનિક માલ હલકો આવે છે. સરકારી બાંધકામ ખાતું પણ સ્થાનિક માલ વાપરે છે તે હું જાણતો નથી. અમે તો સ્થાનિક માલ નામંજુર કર્યો, કેમકે સેનીટરી ઈજનેર ક્રીષ્ણાસ્વામીએ રીપોર્ટ કર્યો કે સ્થાનિક બનાવટના કવરો ભાંગી ગયા હતા અને નવા બનાવવા પડયા હતા. સેનીટરી ખાતું ૧૯૨૩માં ખોલવામાં આવ્યું. તે પહેલાં હમંદ અને મહેતા એ કામ સંભાળતા. તેઓ સ્થાનિક માલ વાપરતા હતા, પરંતુ તે ખરાબ નીવડયો કેમકે તેમને સેનીટરી કામનો અનુભવ ન હોતો, તેથી મારે ક્રીષ્ણાસ્વામીને લાવીને ખાસ ખાતું ખોલવું પડયું. ગેમન ડંકરબીનું ટેન્ડર એજ અરસામાં આવ્યું. તેઓ એડમ પેટંટના અજંટ હતા.

સ—ગેમન ડંકરબીનું કામ સરળતાથી ચાલે માટે સેનીટરી ખાતું અને ક્રીષ્ણુસ્વામીની નીમણુંક થઇ હતી ?

જ—બદનક્ષીભર્યો આક્ષેપ છે. ક્રીષ્ણુસ્વામીના આવ્યા પછી સ્થાનિક માલ નામંજુર કર્યો. એડમ પેટંટ ઉત્તમ હતી.

સ—મ્યુનીસીપાલીટી શહેર સુધારા ટ્રસ્ટ કે પોર્ટટ્રસ્ટમાંથી કોઈ-પણુ સ્થાનીક સિવાય બીજો માલ વાપરતા કે?

જ—હું કાંઇ જાણુતો નથી.

ચાલીઓ મ્યેનીસીપાલટીને સોંપી દેવાની હતી એ હું જાણુતો નહોતો. એડમ પેટંટના ભાવ સ્થાનિક કરતાં મોંઘા હતા, પરંતુ ત્રણુ-ચાર ગણાં નહતા. ગે. ડંકટબીનું ટેન્ડર મેં સ્વીકાર્યું હતું. ક્રીષ્ણુ-સ્વામી પોતાના માણુસો લાવ્યો હોય તે હું જાણુતો નથી. સુબ્રામનીયા આયર ગે.ડં માં ઇજનેર હતો તે ક્રીષ્ણુસ્વામીનો પિત્રાઇ છે તે હું જાણુતો નથી. ૧૯૨૫ની આખરમાં ક્રીષ્ણુસ્વામી ખાતામાંથી જુદો થયા પછી ગે. ડં.એ તેને પોતાની મદ્રાસની ઓફીસનો મેનેજર બનાવ્યો.

સ—ગે. ડં.એ તેને મોટર આપી હતી કે ?

મી. વેલીંકરે સવાલ સામે વાંધો ઉઠાવ્યો જે કોર્ટે મંજુર કર્યો.

મો. હારવેએ આગળ તપાસમાં જણુાવ્યું કે સેનીટરી ખાતાના બીજા માણુસોને પણુ ગે ડં.એ રાખી લીધા હતા. બધા કામ ટેન્ડરથી અપાતા. ગે. ડં. નો ઇજારો નહોતો.

ગે. ડં.એ મારા બંગલામાં રૂ. ૮૦૦નું સેનીટરી ફીટીંગ કર્યું હતું. ગટરો બાંધવાનું કામ પણુ તેણે કર્યું હતું.

મેજર પારસેલ સીમલાથી લશ્કરી ખાતાની જમીનના કારોબારી ઇજનેર તરીકે આવ્યો હતો. વરલીના કોન્ટ્રાકટ પહેલાં તેણે રાજી-નામું આપ્યું. તેણે પોતાનો ઇરાદો મને જણાવ્યો હતો.

કારવેલો શહેર સુધારા ટ્રસ્ટમાં હતો. તેને કોન્ક્રીટ બાંધકામનો અનુભવ હતો. અમે એક બીજાના કામ જોતાં અને વાતચીત કરતા. તેણે પણ રાજીનામું આપી કે. કો. ક. કંપની ઉભી કરી.

કોન્ક્રીટ બાંધકામની તપાસ કમીટીમાં મે. પારસેલ લશ્કરી ખાતા તરફથી, કારવેલો શ. સુ. ટ્રસ્ટ તરફથી અને હું બીલવણી ખાતા તરફથી હતો. બીજા સભ્યો પણ હતા. મારા હાથ નીચે સૌથી મોટો કોન્ટ્રાકટ વરલીની ૮૦ ચાલોનો હતો. કેટલાક કોન્ટ્રા-કટરોએ તેઓને થતી કનડગતની ફરિઆદ કરી હતી. તેઓનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવ્યો.

કામ કરી શકે તેવાઓનેજ ટેન્ડર ભરવા દેવામાં આવતા. ૮૦,૫૦ અને ૨૫ ચાલો એમ ત્રણ ટેન્ડરો માગવામાં આવ્યા હતા. કયા ટેન્ડરો સ્વીકારવા તેની સરકારને હું ભલામણ કરતો અને તે પ્રમાણે સરકાર ટેન્ડરો સ્વીકારતી. કોન્ટ્રાકટરોને પોતાની ડીઝાઈન રજુ કરવાની છુટ હતી. બો. કો. કં. કંપનીની ડીઝાઈન અમારા કરતાં સારી હતી. ગાયા કંપનીને બોમ્બે કંપની કરતાં ચાલી દીઠ રૂ. ૭ હજાર વધારે આપવામાં આવ્યા હતા પાછળના સુધારા વધારાને લીધે બોમ્બે કંપનીને છેવટ ચાલી દીઠ રૂ. ૧૦૦૯૯૦ આપવામાં આવ્યા હતા. તેના બીલ સામે મદદનીશ ઇજનેરે ખોટો વાંધો ઉઠાવ્યો હતો.

બાદ વધુ તપાસ તા. ૨૧મી પર મુલતવી રહી.

તા. ૨૧–૫–૨૭

તા. ૨૧મીએ વધુ ઉલટપાલટ તપાસમાં મી. હારવેએ જણાવ્યું કે અમલદારના બંગલામાં સુધારા વધારા કરવા માટે અરજી કરવી જોઇએ.

મારા બંગલા માટે અરજી કરી નહોતી. બંગલાની અંદરનું ફીટીંગ ગે. ડં.એ કર્યું હતું. બહારનું કામ શર્મા અને વીરજને કર્યું. બન્નેને જુદાં બીલો અપાયા છે.

એડમ પેટંટ દાખલ કરવાનું કારણ એ હતું કે સ્થાનિક બનાવટના કવરો ભાંગી જતાં, તેમજ તેમાં સાફ કરવાની પુરતી સગવડ નહોતી, જે એડમ પેટંટમાં હતી

સૌ પહેલાં નાયગામનો ચાલો ૧૯૨૧–૨૨માં તૈયાર થઇ હતી. ૧૯૨૪માં ૧૯ ચાલો રહેવા માટે તૈયાર હતી. તેમાંથી ઘણી ચાલીના સેનીટરી કવરો બદલવા પડયા હતા. નાયગામની ચાલોના દેશી સેનીટરી ફીટીંગો તદન સારી હાલતમાં હશે. ગે ડં. ના ટેન્ડરમાં દેશી ફીટીંગો નામંજુર કરી એડમ્સના મંજુર કરવામાં આવ્યા. વરલીની ચાલો સેનીટરી ખાતું ખોલ્યા પહેલાં બંધાઈ હતી એટલે ત્યાં પણ દેશી ફીટીંગ હતા. તે કાયમ છે કે કેમ તે મને ખબર નથી. મેં કોઇ પ્રત્યે મહેરબાની બનાવી નથી.

મારા બંગલામાં દર વર્ષે સમારકામ થતું. ૧૯૨૧ ના ડીસેમ્બરથી તેમાં હું રહેતો હતો. ઉપર જણાવ્યું તે સિવાય બીજું કશું ફીટીંગ કર્યું નહોતું.

વરલીનું ગટર કામ ૧૯૨૪ ના એપ્રીલથી શરૂ થયું હતું. ગેમન કંપનીએ સેનીટરી કોન્ટ્રાકટર તરીકે કયારથી કામ શરૂ કર્યું તે હું જાણુતો નથી. ટેન્ડરના ફોર્મ ક્રીષ્ણા સ્વામી આપતો. નાના કોન્ટ્રાકટરોને મોટા કામ આપવાની મેં ના પાડી હતી. ૧૯૨૪ માં સેનીટરી કામના ૬ ટેન્ડરો આવ્યા હતા. ગેમનનું સૌથી મોટું અને પાલનજીનું સૌથી નીચું હતું. બે વચ્ચે રૂ. ૫૦ હજારનો ફેર હતો. પાલનજીને કોન્ટ્રાકટ આપવાનો નહોતો છતાં અપાયો. ગેમનને તેની બાજુમાં પાણીના કામનો કોન્ટ્રાકટ અપાયો હોય તો હું જાણુતો નથી. પાલનજીએ ફરિઆદ કરી હોય તે મને યાદ નથી. પાલનજીનું કામ સંતોષકારક નહિં હોવાથી ૨-૩ મહીનામાં તેમને કામ છોડવું પડયું. ફરી ટેન્ડરો મંગાયા માર્શલેન્ડ પ્રાઇસનું સૌથી નીચું હતું તે પછી ગેમનનું હતું અને તેને કોન્ટ્રાકટ અપાયો. નાયગામ માટે ૩ ટેન્ડરો આવ્યા હતા. શર્માનું સૌથી નીચું હતું. કામ ગેમનને અપાયું. ૧૯૨૪માં સીવરી ખાતેનું કામ વિના ટેન્ડરે અપાયું હોય તો હું કહી શકતો નથી. કામ પુરૂં થયા પછી ટેન્ડર તૈયાર થયું હોય તે પણ હું કહી શકતો નથી.

વરલી ખાતે પાણીના બાંધકામ માટે શર્મા, ગેમન, ગગરાટ માકર અને તેજુ કાલાએ ટેન્ડર ભર્યા હતા. શર્માનુ સૌથી નીચું હતું પછી ગેમનનું હતું, જે શર્મા કરતાં રૂ. ૭ હજાર વધારેનું હતું. તેમાં ૪૦૦ ટાંકીએ હતી. તે પાછળથી પડતી મૂકવામાં આવી હોય તો હું કહી શકતો નથી.

૧૯૨૫માં વરલી ખાતેની ગટરો માટે ગગરાટ કરતાં ગેમનનુ ટેન્ડર રૂ ૩. હજાર વધુ હતું.

ટેન્ડરો મ્યુનીસીપલ ધોરણે માગવામાં આવતાં. એડમ્સ શીટીંગ માટે મેં પાછળથી ભલામણ કરી હતી. નીચા ટેન્ડરો નહિં સ્વીકારવાનું કારણ એ હતું કે તેઓ સંતોષકારક કામ કરી શકે તેમ નહોતું. હું હતો ત્યાં સુધી માર્શલેન્ડને કોન્ટ્રાકટ મળ્યો નહોતો. મારા ગયા પછી મળ્યો. ગગરાટના નીચા ટેન્ડરો સ્વીકારવામાં આવતા. વરલી ખાતે તેઓએ પુરી દેખરેખ રાખી નહોતી એવા કારોબારી ઇજનેરના રીપોર્ટને લીધે એકજ વખત તેઓનું ટેન્ડર સ્વીકારવામાં આવ્યું નહોતું.

શરૂઆતમાં ખાતા તેમજ કોન્ટ્રાકટથી કામ થતું હતું. મારી ભલામણથી સરકારે કોન્ટ્રાકટનો હુકમ કર્યો હતો.

મેજર પારસેલે વરલીના કોન્ટ્રાકટ પહેલાં નોકરી છોડી હતી. તે કોન્ટ્રાકટ મેળવવા મુંબઇ આવ્યો હતો એમ તેણે કહ્યું હતું. તે ઓગષ્ટે કો. કં. કંપનીમાં જોડાયો.

હું ૧૯૨૩ માં માર્ચથી ઓકટોબર અને ૧૯૨૫માં જાન્યુઆરીથી ઓકટોબર રજા ઉપર હતો. ૧૯૨૫ માં મેજર પારસેલ ઇંગ્લાન્ડમાં હતો. અમે સાથે નહોતા ગયા. ૧૯૨૫માં કારવેલો મારી સ્ટીમરમાં હતો. અમે અચાનક મળી ગયા હતા.

સીવરીની ચાલો માટે માર્શલેન્ડ, અમીર આહમદ, અને ફેરો કંપનીએ ટેન્ડર ભર્યાં હતા. ફેરો કંપની કારવેલોની હતી. તેના અને માર્શલેન્ડના ટેન્ડર વચ્ચે ચાલી દીઠ ૮૪૦૦ નો ફેર હતો. ૧૬ ચાલીઓ બાંધવાની હતી ફેરો કંપનીના કામમાં દખલ ન કરવામાં આવે હોત તો તેઓ મુદતસર કામ પુરૂં કરત. તે ૫-૬ મહીના મોડ

પડયા તે બદલ ડીપોઝીટમાંથી કાંઇ કાપી લેવામાં આવ્યું નહોતું. કોન્ટ્રાકટની શરત પ્રમાણે થયેલા કામનાજ પૈસાનો કોન્ટ્રાકટરને હક્ક રહે છે. પોર્ટ ટ્રસ્ટ જમીન આપી ન શકી તેથી ૪ ચાલી કમી કરવામા આવી. ફેરો કંપનીએ રૂ. ૫૬ હજારનો બદલો માગ્યો. મેં રૂ. ૩૮ હજારનાં ભલામણ કરી. હિંદી સરકારનાં નાણાં ખાતાના સલાહકારે એમ વાંધો ઉઠાવ્યો કે કોન્ટ્રાકટ પ્રમાણે કામ કમી કરવા બદલ કોન્ટ્રાકટરને બદલાનો હકક રહેતો નથી. ત ભૂલી ગયા કે મૂળ કોન્ટ્રાકટ ૧૬ ચાલોનો હતો અને તેમાં પાછળથી ૪ કમી કરવામાં આવી હતી છેવટે રૂ. ૩૬ હજાર આપવામાં આવ્યા.

બાદ વધુ તપાસ તા. ૨૩ મી પર મુલતવી રહી હતી.

તા. ૨૩ ૫-૨૭.

તા. ૨૩ મીએ મા. હારવેની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે ફેરા કંપની સાથેના કોન્ટ્રાકટ મુજબ ખીલવણી ખાતું ગમે ત્યારે કોન્ટ્રાકટ બંધ કરી શકે. તેઓએ સેન્ટરીંગના સંચ માટે રૂ. ૨૦ હજારનો વધારાનો દાવો કર્યો હતો અને મેં રૂ. ૧૫ હજારની ભલામણ કરી હતી. જે ચીજો માટે બદલો આપ્યો તે ચીજોનો અમે કબજો લીધો નહોતો, જો કે સામાન્ય રીતે જેના પૈસા આપીએ તે માલનો કબજો લઇએ. તેઓએ બીજા પણ વધારાનો દાવો કર્યો હતો. મદદનીશ ઇજનેર રાજાધ્યક્ષે તેના વિરૂધ્ધ ખોટો રીપોર્ટ કર્યો.

સ—દાવો રૂ. ૧ લાખનો હતો ?

જ—હું તે જાણુતો નથી

સ—રાજ્યાધ્યક્ષે તે ઘટાડીને રૂ. ૧૦ હજાર કર્યા.?

જ—મને ખબર નથી.

સ—તમે રૂ. ૬૦ ની ભલામણ કરી ?

જ—મેં તેમ કર્યું હોય તો તે વ્યાજબી હશે.

ફેરો કંપનીના સીવરીના કામ પર તેના તરફથી ઇબ્રાહીમ અને ખાતા તરફથી મદદનીશ ઇજનેર કાલાસીંગ દેખરેખ રાખતા હતા. હું અઠવાડીયામાં એક બે વખત જતો. કામ ચાલતું હતું તે દરમીયાન કાલાસીંગ છુટો થયો. તેને રજા આપી કે તેણે રાજીનામું આપ્યું તે હું કહી શકતો નથી. તેની વિરૂદ્ધ નનામો પત્ર મને મળ્યો હતો કે તે અને ઇબ્રાહીમ ખાતાને નુકશાન થાય તેમ વર્તે છે. કોલાબા-વાળાએ રીપોર્ટ કર્યો હોય તે મને યાદ નથી. વાંધાભરેલા માણસને દૂર કરવાની મને સત્તા હતી. ઇબ્રાહીમને દૂર કર્યો નહોતો.

બાદ તપાસ બીજા દિવસ પર મુલતવી રહી.

તા. ૨૬-૫-૨૭

બીજે દિવસે કેસ આગળ ચાલતાં મી. હારવેએ જણાવ્યું કે પોર્ટ ટ્રસ્ટે ટેકરીઓ છ મહીનામાં પાડી આપવા કહ્યું તેથી ફેરો કંપનીને મેં ૧૨ ચાલીઓનું કામ શરૂ કરવા અને બાકીની ચાર પછી બાંધવા જણાવ્યું. પાછળથી એ ચાર પડતી મૂકવાની મેંજ ભલામણ કરી અને સરકારે તા. ૨૩-૬-૨૫ને રોજ તેમ કરવા મંજુરી આપી.

ટેન્ડરોમાં બધી રકમો ગણવામાં આવે છે, પરંતુ શરતચૂકથી કોઈ રહી જાય. સુધારા વધારા માટે વધારાની રકમની હું ભલામણ

કરતો. ફેરો કંપનીના બે વધારાના દાવા રૂ. ૮૬ હજારના હતા. મેં રૂ. ૩૪ હજાર મંજુર કર્યા. કોઇ પણ ઇન્સાફી દેખરેખ રાખનારા ઇજનેરે બદલો અપાવ્યો હોત. ફેરો કંપનીનો આ પહેલો કોન્ટ્રાકટ હતો. તે પહેલાં તેઓએ કાંઇ કામ કર્યું હોય તે હું કહી શકતો નથી.

માર્શલેન્ડ પ્રાઇસનું ટેન્ડર સૌથી નીચું હતું પરંતુ તેઓએ વખત વધારે માગ્યો હતો અને વખત અગત્યનો મુદ્દો હતો. વળી તેમના બીજાં બાંધકામો મેં જોયા હતા, જે ખીલવણી ખાતાના ધોરણ જેટલા સારા નહોતા. સલાહકાર કમીટીને રજુ કરવાના રીપોર્ટમાં મેં જણાવ્યું હતું. માર્શલેન્ડના ભાવ એટલા નીચા છે કે એ ભાવે સારૂં કામ ન થાય.

વીલે પારલેના પાણીના બાંધકામ માટે શર્માના સૌથી નીચાં ટેન્ડર કરતાં ગેમનનું સૌથી મોટું અને રૂ. ૬ હજાર વધારે હોય તો તે મને યાદ નથી. ખાર ખાતે પાણીનું બાંધકામ થોડું અને થોડું ગેમને કર્યું હશે. વરલીના પાણીના બાંધકામ માટે શર્માનું ટેન્ડર ગેમન કરતાં રૂ. ૬૫૦૦ નીચું હતું. ગેમનને રૂ. ૧,૩૮,૮૧૭ માં તે કામ અપાયું હતું.

બોમ્બે કંપનીને અનુભવ હોય કે નહિં પણ તે કામ કરવાને લાયક હતી. તેનો ઇજનેર અનુભવી હતો અને તેજ અગત્યનું હતું. મેજર પારસેલના એ કંપની સાથેના કરાર મેં જોયા નહોતા. અમારા પછી તેને કરાંચી પણ મોટો કોન્ટ્રાકટ મળ્યો હતો અમારો કોન્ટ્રાકટ પહેલાં રૂ. ૭૦ લાખનો હતો. પાછળથી સુધારા વધારાને લીધે તે રૂ. ૮૦ લાખ થયો. ૮૦ ચાલો માટે કોન્ટ્રાકટર પાસે રૂ. ૩

લાખ હોવા જોઇએ એમ જાહેરખબરમાં જણાવ્યું હતું. મેજર પારસેલ કંપનીમાં ન જોડાયો હોત તો પણ તેની પાસે અનુભવી ઇજનેર અને રૂ ૩ લાખ હોવાની ખાત્રી કરીને તેને કોન્ટ્રાકટ આપ્યો હોત મેજર પારસેલનો અનુભવ કોન્ટ્રાકટ આપવાનું એક કારણ હતું. તેમને કોન્ક્રીટ બાંધકામનો ઘણો અનુભવ હતો ખર્ચ વધારે આવે તેમ ભાડું વધે તે હું કબુલ કરૂં છું અને ચાલીઓ મજુરો માટે હતી તે હું જાણતો હતો.

વરલીની ૮૦ ચાલીઓ સિવાય બધી ચાલીઓ મેં તયાર કરેલી અને સરકારે મંજુર કરેલી ડીઝાઇન પ્રમાણે બાંધવામાં આવી હતી કોન્ટ્રાકટરોને પોતાની ડીઝાઇન રજુ કરવાની છુટ હતી. માત્ર મે. પારસેલેજ નવી ડીઝાઇન રજુ કરી હતી. તેને કોન્ટ્રાકટ આપવાનું તે પણ કારણ હતું. નવી ડીઝાઇનમાં ઓરડીનો વિસ્તાર ઓછો હતો. બીજી સગવડો જુની પ્રમાણેજ હતી. ફેર બાંધવાની ઢબમાં હતો. બાંધકામ અમે તપાસતા. માળની મજબુતા તપાસવા ભારે વજન પછાડતા. વારંવાર એમ તપાસવાથી તડો પડી હતી.

ગામા કંપનીનું ટેન્ડર સૌથી નીચું હોવા છતાં તેને કોન્ટ્રાકટ નહિં આપવાનું કારણ એ હતું કે તેનું બીજું નાનું કામ સંતોષકારક નહોતું. વળી તેની પાસે પુરતી મુડી નહોતી. મહીનામાં ત્રણ વખત બીલો આપવા છતાં મજુરોને ત્રાસ આપીને તેઓએ કામ પડતું મૂકયું.

ચાલી દીઠ રૂ ૫૦૦ ના હીસાબે બોમ્બે કંપનીએ રૂ ૪૦ હજાર ડીપોઝીટ મૂકયા. હતા. મુદતસર કામ કરનાર તેજ કંપની હતી.

સરકારના જનરલ સભ્ય સર ચીમનલાલ સેતલવડે બોમ્બે કંપનીને કોન્ટ્રાકટ આપવા સામે વાંધો ઉઠાવ્યો હોય તે હું જાણતો નથી.

નાયગામ અને વરલીની ચાલીઓની બારીઓ વચ્ચે તફાવત હતો. બોમ્બે કંપનીની ડીઝાઇનની બારીઓ મોટી હતી. ચીટાણી અને બોમ્બે કંપનીને જુદા જુદા ભાવો અપાયા હશે.

બાદ વધુ તપાસ તા. ૨૮ મી પર મુલતવી રહી હતી.

તા. ૨૮-૫-૨૭.

તા. ૨૮ મીએ ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં મી. હારવેએ જણાવ્યું કે હિંદી વઝીરના ખરીતા પછી મારી સ્થાનિક કરવામાં આવી નહોતી. જરૂર કરતાં વધારે ખરીદી નહિં કરવાના સરકારી હુકમની મને યાદ નથી.

ફેરો કંપનીને વધારાનો દાવો રજુ કરવાનું મેંજ પહેલાં લખ્યું હતું અને તેઓએ સપ્ટેમ્બરમાં રૂ. ૪૦ હજારનો દાવો રજુ કર્યો હતો. કોલાબાવાલાએ રૂ. ૪ હજાર બસ ગણ્યા હતા, પરંતુ મને તે બરાબર લાગ્યું નહિં. તેઓના નફાની મેં અગાઉથી ગણત્રી કરી હતી. તેઓ પાસે આંકડો નક્કી કરાવી લેવાની તાકીદ હતી, કે જેથી પાછળથી વધારે પડતો દાવો કરવામાં ન આવે. ૧૯૨૫ના એપ્રીલ મહીના સુધી એ સવાલ અધ્ધર રહ્યો. એપ્રીલમાં મારી રજા મંજુર થતાં એ સવાલ ફરી હાથ ધરવામાં આવ્યો અને કંપનીએ રૂ. ૫૬ હજારનો દાવો કર્યો. મેં રૂ. ૩૬ હજારની ભલામણ કરી. ત્યાર પછી હું અને કારવેલો એકજ સ્ટીમરમાં રવાના થયા.

હું ઓકટોબરમાં પાછો ફર્યો. તે પહેલાં તા. ૨૬ મી સપ્ટેમ્બરે કારવેલોને બારીઓનો કોન્ટ્રાકટ મળ્યો હતો.

કાલાસીંગને મારા રીપોર્ટથી કાઢી મૂકવામાં આવ્યો નહોતો. તે રજા પર ગયો હતો અને માણસો કમી કરવાના હોવાથી પાછા નહિં ફરવા જણાવ્યું હતું. તેની જગ્યાએ રાજાધ્યક્ષને નીમવામાં આવ્યો હતો. તેની માપણી સામે ફેરો કંપનીએ વાંધો ઉઠાવ્યો હતો. રાજાધ્યક્ષે કંપની વિરૂધ્ધ રિપોર્ટ કર્યા હતા. તેના આધારે કોલાબાવાળાએ મને રિપોર્ટ કર્યો હતો. આ રિપોર્ટ પર મેં એવો શેરો માર્યો હતો લખાણ વધારે પડતું હતું, જો કે ફેરો કંપનીએ કારોબારી ઇજનેરનો રિપોર્ટ કબુલ રાખ્યો હતો.

મેં ફેરો કંપનીને સેન્ટરીંગ માટે રૂ. ૧૫ હજારનો બદલો અપાવ્યો હતો. કારોબારી ઇજનેરે ૩૦ સેન્ટરીંગ જણાવ્યા હતા, પરંતુ મેં પોતે પાંચ ગણ્યા હતા. હાથ નીચેના માણસોના ખોટા રીપોર્ટથી હું ટેવાઇ ગયો હતો. ખોટા રીપોર્ટ કરવા એ ગંભીર બાબત છે પરંતુ મેં કશાં પગલાં લીધા નહોતાં થોડા મહીના પછી કોલાબાવાળાને સારૂં સર્ટીફીકેટ આપી સકકર બેરેજના કામ પર નીમવાની ભલામણ કરી હતી.

ફેરો કંપની પાસેથી વધેલા બ્લોક વિગેરે રૂ. ૬૫૨૦ માં લેવામાં આવ્યા હતા. તે સ્ટોક બુકમાં નોંધવાનું કામ મારૂં નહિં પણ કારોબારી ઇજનેરનું હતું.

સીવરીની ચાલ બંધાઇ ત્યારે ત્યાં રેલ્વે પાટા નહોતા કામ પુરૂં થયા પહેલાં જી. આઇ. પી. રેલ્વેએ તે ઉઠાવી લીધા હતા. માલ કામ ઉપર લઇ જવાના કોન્ટ્રાકટરોને મજુરી મળતી. ફેરો કંપનીને

છેલ્લાં બીલમાં મજુરીના ૨૫૦૦ આપ્યા હતા. તેનો મૂળ ભાવ ચાલી દીઠ રૂ. ૯૩,૫૩૦ નો હતો પરંતુ વધારાના કામના મળીને ચાલી દીઠ રૂ. ૧,૦૧,૩૧૦ આપવામાં આવ્યા હતા.

બાદ વધુ તપાસ તા. ૩૦ મી પર મુલતવી રહી હતી.

ઉલટપાલટ તપાસનો પંદરમા દિવસ.

તા. ૩૦મીએ ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં મી. હારવેએ જણાવ્યું કે શરૂઆતથી તા. ૨૩-૫-૨૪ સુધી ફેરો કંપનીને કુલ રૂ. ૧,૪૪,૭૫૧-૧૫-૦ અપાયા હતા, જેમાંથી તેને પુરા પાડેલા માલના રૂ. ૭૬,૩૦૯ કાપી લેવામાં આવ્યા હતા. ફેરો કંપનીએ દિવાલમાં સળીયા વાપરવા બદલ દાવો રજુ કર્યો હતો. મદદનીશ ઇજનેરે દીવાલ ફોડી જોતાં કેટલાકમાં સળીયા હતા અને કેટલાકમાં નહોતા. કંપનીએ તો બધી ચાલોનુંજ બીલ કર્યું હતું.

નાયગામની ચાલીઓના ટેન્ડરમાં પહેલાં પાણીની ટાંકીઓ ગણવામાં આવી હતી, કેમકે તે વખતે પાણીનું દબાણ પુરતું નહોતું, પરંતુ પાછળથી દબાણ વધવાથી ટાંકીઓની જરૂર રહી નહોતી.

વરલીના પાણીના બાંધકામનું ગેમનનું ટેન્ડર શર્મા કરતાં રૂ. ૧૫૦૦ વધારે હતું તો પણ તેને કામ આપવામાં આવ્યું હતું.

વીલે પારલેના પાણીના બાંધકામનું ગેમનનું ટેન્ડર પણ સૌથી નીચા કરતાં રૂ. ૧૫૦૦ વધારે હતું. તે કામ રૂ. ૪૨ હજારનું હતું. ખારનું કામ પણ ટેન્ડર વિના તેનેજ અપાયું હતું, જો કે તેમ કરવું કાનુન વિરૂધ્ધ હતું. ઘાટકોપરના ટેન્ડર પ્રમાણે તેને કામ આપવામાં આવ્યું હતું.

ડીલાઇલ રોડની પગથી બાંધવાનું ગેમનનું ટેન્ડર પાંચમું હતું, પરંતુ બીજું કામ તેમને અપાયું હતું એટલે આ પણ તેમનેજ આપ્યું. સૌથી નીચું ટેન્ડર રૂ. ૨૭,૦૬૫ નું હતું. ગેમનને રૂ. ૨૯૫૭૦ આપ્યા હતા.

મેજર પારસેલ રજા ઉપર ગયો કે રાજીનામુ આપ્યું હતું તે હું જાણતો નથી. તે રજા પર હોય તો તેને કોન્ટ્રાકટ આપવા માટે સરકારની મંજુરી જોઈએ. ૧૯૨૧ ના માર્ચમાં નાયગામની ૧૦ ચાલોનો કોન્ટ્રાક્ટ ઇન્ડીયન ક. કંપનીને રૂ. ૧,૨૭,૭૧૨માં અપાયો હતો. મેજર પારસેલ સપ્ટેમ્બરમાં બોમ્બે કંપનીમાં જોડાયો. બોમ્બે કંપનીનું ટેન્ડર જુની ડીઝાઇન માટે ૪થું અને નવી માટે ૨જું હતું. તેની નવી ડીઝાઇનનુ ટેન્ડર સ્વીકારવામાં આવ્યું. ઇન્ડીઅન કંપની નાયગામનું કામ પુરૂં કરી શકી નહિં તેથી ફરી ટેન્ડરો માગી ગેમનને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો. વરલી અને નાયગામની ચ્યાલો એકજ જાતની હતી, તો પણ બન્નેના ટેન્ડર સરખાવી ન શકાય. છેવટના નિર્ણય માટે હુંજ ભલામણ કરતો.

મેજર પારસલ તરફ મેં પક્ષપાત દેખાડયો નથી. બોમ્બે કંપનીના કેટલીક ચીજોના ભાવ વધારે હતા, કેટલીકના ઓછા હતા.

બારીઓ માટે ગાયા અને ચીટાનીના ટેન્ડર નીચા હતા; તોપણ ઇન્સાફની ખાતર મેં બોમ્બે કંપની જેટલોજ ભાવ તેમને પણ આપ્યો હતો.

ઓરડીની વચ્ચેની દિવાલોનું કામ ચીટાની રૂ. ૪૩ ના ભાવે કરતા હતા. છતાં બોમ્બે કંપનીનું રૂ. ૫૦ નું ટેન્ડર સ્વીકારવામાં

આવ્યું અને રૂ. ૫૩ આપવામાં આવ્યા. ચીટાનીને પણ રૂ. ૩, વધારી આપ્યા હતા.

કોન્ટ્રાકટરોને અમે લોખંડના સળીયા રૂ. ૨૦૦ ના ભાવે અને બાંધવાના તાર રૂ. ૩૭૫ અને રૂ ૩૨૫ ના ભાવે પુરા પાડતા. તેઓએ અમારી પાસેથીજ ખરીદવા એવુ બંધન નહોતું. બોમ્બે કંપનીને પુરા પાડેલા ૧૨ ગોજના તાર વિષે વાંધો પડયો હતો. ઇન્ડીયા એ.ફીસે એ તારને સળીયામાં ગણ્યા હતા એટલે બોમ્બે કંપનીએ છેવટના બીલ વખતે વધારાની રકમનુ વળતર માગ્યું જે સરકારે મંજુર કર્યું. બીજા કોઇ કોન્ટ્રાકટરને એ તાર પુરો પાડવામાં આવ્યો નહોતો, પરંતુ તેઓને જોઇતા હોત તો તે રૂ. ૩૭૫ અને રૂ. ૩૨૫ ના ભાવેજ પુરો પાડવામાં આવત,

મેજર પારસલે ફરિઆદ કરવાથી તેના કામ પરથી દેખરેખ રાખનારા માણસો કમી કર્યાં. અમારા માણસોએ પણ કંપની સામે ફરિઆદ કરી હતી.

બાદ વધુ તપાસ બીજા દિવસ પર મુલતવી રહી.

તા ૩૧-૫-૨૭

તા. ૩૧ માએ તપાસ આગળ ચાલતાં મી. હારવેએ જણાવ્યું કે વરલીની ચાલનું સેનીટરી કામ જુદા જુદા કોન્ટ્રાકટરોએ કર્યું હતું પાછળથી તેમાં ઉમેરા કરવા પડયા હતા. કામ એકજ જાતનું હતું પણ ભાવ જુદા હતા. ગાયા કરતાં બોમ્બે કંપનીનો ભાવ ચાલી દીઠ રૂ. ૭૦૦ વધારે હતો બોમ્બે કંપનીએ બધું કામ પેટા-કોન્ટ્રાકટર ગગરાઃ મારકરને આપી દીધું હતું.

ડીલાઇલ રોડની ૨૦ અને નાયગામની ૧૦ ચાલોના કોન્ટ્રાકટ વી. એમ. હસન અને ઉદેસીંગ બ્રધર્સને આપવામાં આવ્યા હતા, પરંતુ તેઓનું કામ અસંતોષકારક હોવાથી તેમના કોન્ટ્રાકટ રદ કરી ગેમન કંપનીને આપવામાં આવ્યા વી. એમ. હસને ફરિઆદ કરી હોય તે મને યાદ નથી. ઉદેસીંગ સામે ફરિઆદ થવાથી તેને કાઢી મૂકયો.

મી. નરીમાને ઉદેસીંગ હારવે સામે હુમલો કરવાની માંડેલી ફરિઆદના કાગળો માગ્યા. મી. વોકરે જણાવ્યું કે હમણાં મારી પાસે એ કાગળો નથી.

મી. હારવેએ આગળ ચાલતાં જણાવ્યું કે વરલી, સીવરી અને ડીલાઇલ રોડના કોન્ટ્રાકટોમાં ડીલાઇલ રોડના ભાવ સસ્તા હતા ત્યાં પુરા પાડેલા માલના ભાવ પણ વરલી અને સીવરી પ્રમાણે નહોતા ગેમનને ચાલી દીઠ વધારે રકમ આપવામાં આવી હતી કેમકે સરકારે પાછળથી દરેક ઓરડીમાં નહાણી બાંધવાનો ઠરાવ કર્યો હતો. ગેમનના ટેન્ડરમાં સેનીટરી ફીટીંગ નહોતું. તેઓને કુલ રૂ ૨૭,૬૯,૭૧૪ આપવામાં આવ્યા હતા. તેઓએ વરલી માટે રૂ. ૧ લાખ ૨૪ હજારનું ટેન્ડર ભર્યું હતું, જેમાં સેનીટરી ફીટીંગ વિગેરે હતું.

કેટલોક સીમેન્ટ ખરાબ નીકળવાથી ચુના તરીકે વાપરવા ચુનાના ભાવે અમે ગેમનને વેચી દીધો. તેઓએ તે બાંધકામમાં વાપર્યો હતો એવી ફરિઆદ તો એકબે કમીટી સમક્ષ મી. નરીમાને કરી તેજ હતી.

કુલ ૨૦૭ ચાલો બાંધવામાં આવી છે, જેમાં ૨૩ ખાતાએ અને ૧૮૪ કોન્ટ્રાકટથી બાંધેલી છે. ૧૮૪ માંથી ૧૨૭ ગેમન,

બોગ્એ અને ફેરો કંપનીએ બાંધેલી છે. બાકીનીમાં ચીટાની અને ગાયા મૂખ્ય હતા.

માર્શલેન્ડ પ્રાઇસે પોતાનું નીચું ટેન્ડર કેમ ન સ્વીકાર્યું તે વિષે પત્ર વહેવાર કર્યો હતો. પાલનજીએ પણ એવાજ ફરિઆદ કરી હતી વળી મહમદે દાવો માંડયો હતો, પરંતુ તે પછી તે મરી ગયો.

ઉદેસીંગે કોન્ટ્રાકટ મેળગ્યા પહેલાં મારે માટે ફરનીચર બનાવ્યું હતું. મેં વારંવાર તેનું બીલ માગ્યું પરંતુ તેણે મોકલ્યું નહિં. કોન્ટ્રાકટ પુરો થયા પછી તેણે ફરનીચર માટે બીલ મોકલ્યું. મેં તટસ્થ ફરનીચરવાળાઓ પાસે કિંમત અંકાવી પૈસા ચૂકવી આપ્યા. ઉદેસીંગ સીમેન્ટમાં ગંદુ પાણી વાપરતો હતો તેથી મારે તેને ધમકાવવો પડયો હતો. મેં તેના પર હુમલો કર્યો નહોતો, એ તકરારને કોન્ટ્રાકટ રદ થવા સાથે સંબંધ નહોતો. વળી મહમદનો કોન્ટ્રાકટ પણ કામ સંતોષકારક ન હોવાથી રદ કરવામાં આવ્યો હતો.

નાણાં ખાતું વધારાના દાવાઓ મંજુર કરવા સામે વાંધો ઉઠાવતું. કપુરના દાવા સબંધી વાંધો લેવાયો હોય તે મને યાદ નથી, તે માટે ભલામણ કરવા માટે હું જવાબદાર હતો.

૧૨ અને ૧૮ ગેજના તારના ભાવમાં રૂ. ૩૦–૪૦નો ફેર હતો. હાઇ કમીશનર મારફત ૧૨ ગેજના તાર રૂ. ૨૦૦ના ભાવે ખરીદ્યા હતા. અમે ૧૮ ગેજના તાર રૂ. ૩૭૫ અને પછી રૂ. ૩૨૫ ના ભાવે પુરા પાડયા હતા. કોન્ટ્રાકટરો અમારી પાસેથી ખરીદવા બંધાયેલા નહોતા. બોગ્એ કંપનીને ૧૨ ગેજનો તાર પુરો પાડવાની શરત હતી.

નાના કોન્ટ્રાકટો કરવાની કારોબારી ઇજનેરોને સત્તા હતી. બોગ્એ

પેટ્રોલ કંપનીએ માલ પુરો પાડયો હતો, પરંતુ તેને વાર્ષિક રૂ. ૮૦ હજારનાં કામ મળ્યાં હતાં તે હું જાણતો નથી કોન્ટ્રાકટો મારી પાસે આવતા. તેમાં ભાવ વ્યાજબી હોય તો હું માથું ન મારતો. નહિં તો ભવિષ્યમાં ભાવ બરાબર કરવા સુચના કરતો. કારોબારી ઇજનેરને પહેલા રૂ. ૨૫૦૦ સુધીની સત્તા હતી ૧૯૨૧ની આખરમાં તે રૂ ૧૦ હજાર સુધી કરી આપવામાં આવી

બાદ વધુ તપાસ તા. ૪થી જુન પર મુલતવી રહી.

તા. ૩૧-૫-૨૭.

તા. ૩૧મીએ તપાસ આગળ ચાલતાં મી. હારવેએ જણાવ્યું કે નાયગામની ટાંકીઓ માટે ગેમનનું ગેલનના ૫ આનાનું ટેન્ડર હતું. ગમરાટનું ૦-૪ નું હતું તે સ્વીકારવામાં આવ્યુ.

દીલ્હી ખાતેના ગ્રીફીથને હું ઓળખું છુ. અહિં કોઈ ગ્રીફીથને ઓળખતો નથી. એમ. એ. દુલા કંપનીએ માલ પુરો પાડયો હતો તેને કોન્ટ્રાકટ મળ્યો હોય તેની મને ખબર નથી. એમએ પેટ્રોલ કંપનીએ પણ કેટલું કામ કર્યું તે હુ જાણતો નથી નાના કોન્ટ્રાકટરો પણ કામ ઓછે ભાવે બીજાને આપી નફો ખાઇ જતા તે હું જાણતો નથી.

૧૯૨૨-૨૩માં સામાન ખાતું ખોલ્યું હતું. તેનું કામ મોટી ખરીદીઓ કરવાનું હતું. કારોબારી ઇજનેરોને લોખંડ સામાન ખાતામાંથીજ મંગાવવાનો હુકમ હતો. બીજો માલ તેઓ બહારથી ખરીદી શકતા પરંતુ તે માલ સામાન ખાતામાં ન હોય તોજ. આમ છતાં તાકીદના કારણે કારોબારી ઇજનેરોએ ૫૦ ટન જેટલા સળીયા બહારથી ખરીદયા

તા અને તેના તેઓએ વધારે ભાવ આપ્યા હશે. સળીયાના કેટલાક ોડરો મારા હુકમ વિરૂદ્ધ અપાયા હતા. આ કેસ માટે ફાઇલો તપાસી પહેલાં એ મારા જાણવામાં આવ્યું નહોતું, કેટલાક ઇજનેરોને ંભીર અનિયમિતતા માટે બરતરફ કરવામાં આવ્યા હતા.

હું રજા પરથી આવ્યા પછી મેં સાંભળ્યું કે સળીયાના વેગનો મહેતાના લાહોરના બંગલે ગયાં હતાં. એક વેગનમાં ૨૩ ટન સમાય. ટલા ગયા તે કહી શકતો નથી. તે માટે અંગ્રેજ સુપરવાઇઝરને રતરફ કર્યો હોય તે હું જાણતો નથી. હિસાબો વિગેરે બરાબર ાખવામાં આવતું નહિં. મહેતાને બરતરફ કરવાનું એ પણ કારણ ુતું. સર લોરેંસ હેપરે તેને સારૂં સર્ટીફીકેટ આપ્યું હોય તો આશ્ચ- ર્યની વાત છે. વેગનોની બાબત છુપી પોલીસના હાથમાં મૂકવામાં આવી હતી.

માણેકચંદ જીવરાજને વેચાયેલા વધારાના માલના સંબંધમાં હું રજા પરથી આવ્યો ત્યારે સરકારી મંત્રી બેલે મને કહ્યું કે વધુમાં વધુ માગણી રૂ. ૧૦૦ ના ભાવની હતી.

માણેકચંદ જીવરાજની રૂ. ૧૦૨ નીં માગણી મેં મી. બેલ પાસે રજુ કરી અને તેમણે મંજુર કરી કરાર કર્યા. એલાયંસ કંપનીએ રૂ. ૧૧૫ની કે બીજા કોઇએ રૂ. ૧૩૦ ના માગણી કર્યાનું હું જાણતો નથી. હું રજા પર હતો. માણેકચંદ જીવરાજ પાસેથી પહેલાં અમે વેગનો અને હલકા રેલવે ટ્રક ખરીદયા હતા. વધારાનો માલ દલાલો મારફત વેચવાની સરકારે મંજુરી આપી હતી.

માણેકચંદ જીવરાજના રોજમેળમાં તા. ૩૦-૧૦-૨૫ ને રોજ

ખીલવણી ખાતાના માટુંગા વિભાગ ખાતે રૂ. ૫૦૦૦ વિષે હું કાંઇ જાણતો નથી. સોદો ગોઠવી આપવા બદલ તે મને મળ્યા હતા અને તેથીજ મેં બીજી મોટી માગણીઓને બદલે માણેકચંદ જીવરાજને સોદો ગોઠવી આપ્યો એમ કહેવું તદ્દન જુઠું અને બદનસીબભર્યું છે

બાદ વધુ તપાસ તા. ૬ઠી જુન ઉપર મુલતવી રહી.

તા. ૬-૬-૨૭.

તા. ૬ ઠીએ તપાસ આગળ ચાલતાં મી હારવેએ જણાવ્યું કે રૂ. ૩૦ હજારનો માલ વગર રસીદે અપાયો હશે

માણેકચંદ જીવરાજને મારા વિલાયતથી આવ્યાની ખબર કેમ પડી તે હું કહી શકતો નથી. મેં કોઇને ખબર આપી નહોતી. તા ૧૯મી ઓકટોબર ૧૯૨૫ ને રોજ મેં હમીદ પાસેથી કામ સંભાળી લીધું માણેકચંદ જીવરાજના સોદા સાથે હમીદને કે કોલ્ડવેલને સંબંધ નહોતો માણેકચંદ સાથે શરતો નકકી થતી વખતે કોલ્ડવેલ હાજર નહોતો તેનું કામ તો માગણી દેખરેખ રાખનાર ઇજનેર પર મોકલી ભલામણ કરવાનું હતું. હુ સરકારને ભલામણ કરતો, જે સામાન્ય રીતે સ્વીકારાતી; નામંજુર કોઇકજ વખત થતી.

વેચવાના સળીયા માટે સરકારે અમુક ભાવ નકકી કર્યો હતો ટેન્ડરો માગવામાં આવ્યા હતા. એલાયંસ કંપનીએ ટેન્ડર નહોતું ભર્યું પરંતુ પાછળથી કાગળ લખ્યો હતો. હિંદી સરકારના સરંજામ ખાતાએ માગણી નહોતી કરી; પરંતુ સળીયા ગોળ છે કે ચોરસ એટલુંજ પૂછાવ્યું હતું.

વેચાણ માટે દલાલો રાખવામાં આવ્યા હતા. ૧/૪" માપના ૧૫ અને ૪૫ ટન સળીયા ૧૨૫ અને ૧૩૫ના ભાવે કાશીનાથને વેચાયા હતા. લીને ૭/૮" સિવાયના માલની રૂ. ૧૦૦ના ભાવે માગણી કરી હતી. માણેકચંદને માલ ઉઠાવી જતાં ઠરાવેલી મુદત કરતાં વધારે વખત લાગ્યો હતો, પરંતુ તેના રૂ. ૨૦ હજાર ડીપોઝીટ હતા એટલે અમે સહીસલામત હતા. તેનો કાંઇ દંડ લીધો નહોતો તેણે શા ભાવે માલ વેચી નાખ્યો તે હું જાણતો નથી. નાણાં ખાતામાં પૈસા ભરીને તે માલ ઉઠાવતો. તેણે કુલ રૂ ૨,૫૦,૧૦૬—૧—૦ ભર્યા હતા.

એન્ડરસનને સરકારે દલાલ તરીકે નીમ્યો હતો. માણેકચંદે બધો માલ ખરીદયા પછી તેણે મને કહ્યું કે તેણે સરકારી ભાવે થોડો ઓર્ડર નોંધી લીધો છે. મેં માણેકચંદને તે વિષે વાત કરી અને તેણે એન્ડરસને ઓર્ડર નોંધ્યો હોય તેટલો માલ પોતાના માલમાંથી લેવા દેવાની હા પાડી. તેણે એન્ડસન પાસેથી વધારે ભાવ લીધો હતો. એન્ડરસને બધો માલ ૭ મહીનામાં વેચી આપવાનું કહ્યું હોય તે મેં સાંભળ્યું નથી. તેણે ૨૪૦૦ ટનમાંથી માત્ર ૫૬ ટન, રૂ. ૭૬૨૬ માં વેચ્યા હતા. દલવી કે સાલેભાઇએ ૭/૮" ના બધા સળીયા રૂ. ૧૪૦ ના ભાવે માગણી કરી હોય તે હું જાણતો નથી.

સ—ત્રણ પહેલાં ભૂલથી મંગાવેલા રેલ્વે પાટા માણેકચંદ જીવરાજને સસ્તે ભાવે આપ્યા હતા?

મી. વેલીંકરે વાંધો લેવાથી કોર્ટે એ સવાલ પૂછવા ન દીધો.

હું વીલીંગડન કલબનો સભ્ય નથી. સર લેલેસ હેપર છે. કલબ પર હું કોઇ કોઇ વખત જતો. સાલેભાઇએ માલ પુરો

પાડવામાં કરેલી ઢીલ બદલ દંડ કરવામાં આવ્યો હતો. સાઇકસ રૂ. ૧ લાખનો દંડ લેવા માગતો હતો. છેવટે રૂ. ૬ હજારનો દંડ લેવાયો. કોણ વચ્ચે પડયું તે હું જાણતો નથી.

સાલેભાઇનું ટેન્ડર નીચું હશે તેથી ઓર્ડર અપાયો હશે. માલ તાકીદે જોઇએ ત્યારે અમે સ્થાનિક ખરીદી કરતા. હાઇ કમીશનર તરફથી માલ આવતાં છ મહીના લાગે. ચાલીઓનુ કામ ૧૯૨૩ ની શરૂઆતમાં શરૂ થયું. સાલેભાઇએ વિલાયતથી માલ મંગાવ્યો હતો. તે ઓર્ડર સાથે મને કશો સંબંધ નહોતો.

આ કેસ માંડવા દેવા મેં સરકારને અરજી કરી હતી. ઓવર-સીયરોની નીમણુંક કારોબારી ઇજનેરના હાથમાં નહોતી. તેઓ તો માત્ર મને નામ સુચવતા. હું તે નીમણુંકો કરતો. તેથી નીચા દરજ્જાની નીમણુંક કારોબારી ઇજનેરો કરી શકતા. કેટલાક મોટા અમલદારો મુંબઇના હતા અને કેટલાક બહારગામના હતા. કારોબારી ઇજનેરોના સગા કોન્ટ્રાકટરોની પેઢીઓમાં કામ કરતા તે મેં તમારી (નરીમાન) પાસેથીજ સાંભળ્યું.

હમીદ દીલ્હીમાં છે. તેણે મને પત્ર લખ્યો હતો. મેં જવાબ નથી આપ્યો. સાઇકસ મુંબઇમાં નહોતો ત્યારે મારી સાથે પત્ર-વહેવાર કરતો નહોતો.

બાદ વધુ તપાસ તા. ૧૩ મી પર મુલતવી રહી.

ઉલટપાલટ તપાસનો છેલ્લો દિવસ.

તા. ૧૩ મીએ ઉલટપાલટ તપાસનો છેલ્લો દિવસ હતો. મી. હાર વેએ જણાવ્યું કે પી. બીલીંગટન કોલાબા ખાતેનો ડે. ચીફ ઇજનેર

હતો. તે જી. આઇ. પી. રેલવેમાંથી આવ્યો હતો તેના ભાઇ ડબલ્યુ. બીલીંગટનને મેં જોયો હતો, પરંતુ કયાં અને શા માટે તે યાદ નથી. હીટલી ગ્રેશામ કંપનીને ચાલીઓના છાપરાનું કામ મળ્યું હતું. બીલીંગટનને તે પેઢી સાથે સંબંધ હોય તે હું જાણુતો નથી. ડબલ્યુ. બીલીંગટન કંપનીનું નામ સાંભળ્યું હતું, જોઇ નહોતી. એ કંપનીને મારા ખાતા સાથે કાંઇ સબંધ નહોતો. સ્ટુઅર્ડ લોઇડની પેઢી હુ જાણું છું.

મી. વેલીંકરે વાંધો ઉઠાવ્યો. મી. નરીમાને જણાવ્યું કે લોઇડ પેઢીના ભાગીદાર માજી ગવરનર સર જ્યોર્જ લોઈડનો સગો હતો તેથી તેને મોટા ઓર્ડર મળ્યા હતા. કોર્ટે એ વિષે સવાલો પૂછવા ન દીધા.

મી. હારવેએ આગળ ચાલતાં જણાવ્યું કે વીલીયમ લોઝ કંપનીને વધારાના યંત્રો વેચવાની સત્તા આપવામાં આવી હતી. તેણે એ સિવાય પરચુરણ વેચાણ કર્યું હોય તે મને યાદ નથી. એન્ડરસન તે કંપની સાથે જોડાયેલો હોય તે હું જાણુતો નહોતો.

ડી. આર. વૈદ્ય ખીલવણી ખાતાનો મદદનીશ મંત્રી હતો. તેણે કયારે રાજીનામું આપ્યું તે હું જાણુતો નથી. નોકરી દરમીયાન તે કોન્ટ્રાકટરનો ભાગીદાર હોય તો તે ગેરકાયદેસર ગણાય. સી. એ. ગાયા કંપનીને ૧૯૨૩ ના ફેબ્રુઆરીમાં કોન્ટ્રાક્ટ અપાયો કોન્ટ્રાકટ આપતાં હું એટલુંજ જોતો કે કંપની પાસે અનુભવી એન્જનેરો અને પૂરતી મૂડી છે કે નહિં. પાછળથી મને ખબર પડી કે સી. એ. ગાયા કંપનીમાં ડી. આર. વૈદ્ય, ગાયા અને ત્રીજો એક ભાગીદાર હતા. ગાયાનો ભાગીદાર વૈદ્ય તે સરકારી નોકરીમાંના વૈદ્ય હતો તે હું જાણુતો નહોતો તેથી મેં તપાસ કરી નહિં. કોન્ટ્રાકટ પુરો થયા

પછી ૧૯૨૫ ની આખર કે ૧૯૨૬ ની શરૂઆતમાં તે મને વરલી પર મળવા આવ્યો હતો. મેં તેને કંપનીનો ભાગીદાર માન્યો હતો.

ગાયા કંપનીએ સેનીટરી ફીટીંગ વિગેરેનું મળી બે વર્ષમાં રૂ. ૨૫,૩૫,૦૦૦ નું કામ કર્યું હતું. કામ થતું તેમ તેમ લાખ બે લાખનાં બીલ આપવામાં આવતાં. કોઇ કોન્ટ્રાકટર તરફ મેં પક્ષપાત કર્યો નથી. ગાયાને પણ ઇન્સાફ આપવા વધારાના કામ દીઠ રૂ. ૩૩૦૦ વધારે આપ્યા હતા. તેઓએ ૮૦ ચાલનું તેમનું ટેન્ડર નહિં સ્વીકારવા વિષે મારી ગેરહાજરીમાં ફરિઆદ કરી હતી. છેવટના બીલ વિષે વાંધો પડયો હતો. તેની પતાવટ માટે હું, મારા કારોબારી અને મદદનીશ ઇજનેરો, ગાયા અને બીજો કોઇ વરલી ખાતે બેઠા હતા અને દરેક રકમ પર ચર્ચા કરી હતી, પરંતુ કેટલાક કાગળો તપાસવાના હોઇ કાંઇ નિર્ણય ન થયો. મને જણાયું કે ગાયાએ અમુક કાગળો બનાવટી તૈયાર કર્યા હતા તેથી મેં તેમની બધી વાત માની નહિં. છેવટે મેં તેમનો દાવો ઘટાડીને રૂ. ૩૬ હજારનો કર્યો. તેઓએ તે ન સ્વીકાર્યો અને કોર્ટમાં દાવો માંડયો. મેં સરકારને રીપોર્ટ કર્યો કે કોન્ટ્રાકટરની હકીકત ખરી કે ખોટી પુરવાર કરી શકાય તેમ નથી માટે વધુ રકમ આપવા ભલામણ કરી શકતો નથી.

ગાયાએ મારકરના નામ પર રૂ. ૬૦ હજાર અને રૂ ૨૫ હજાર ચડાવી આપ્યા હતા. પહેલાના આધારે નાણાં ખાતાએ મારકરને નાણાં આપ્યાં હતાં. મને યાદ છે કે ગારનીશી નોટીસથી રૂ. ૩૭,૫૦૦ કોર્ટમાં, રૂ. ૩૬,૭૭૦ મારકરના સોલીસીટરને અને રૂ. ૨૨૯ મુંબઇના શેરીફને આપવામાં આવ્યા હતા.

છેવટના બીલમાં સેનીટરી બાંધકામની રકમ હતી. મેં મારા ઓફીસ-માંથી મૂળ લીસ્ટ મંગાવ્યું પણ મળ્યું નહિં. કારોબારી ઇજનેરની ફાઈલમાં પણ લીસ્ટ નહોતું. મેં મારા હેડ કલાર્કે અને રેકર્ડ રાખનારને કહ્યું કે બીજે દિવસે બાર વાગ્યા સુધીમાં લીસ્ટ નહિં મળે તો તમને બરતરફ કરીશ બીજે દિવસે હેડ કલાર્ક નાણાં ખાતાની ઓફીસમાંથી નકલ લઈ આવ્યો. તે અને ગાયાના બીલની વિગતો સરખાવતાં જણાયું કે બીલમાં તેણે સેનીટરી બાંધકામ ગણ્યું નહોતું અને પાઈપ તથા ફીટીંગના ભાવ વધારે મૂક્યા હતા તેનો હેતુ બાંધકામના જુદાં નાણાં મેળવવાનો હતો. તેઓએ ખોટો દાવો રજુ કર્યો હતો. હમીદ અને મહેતાનો એમાં હાથ હોવાની મારી શંકા પુરવાર કરી શકું તેમ ન હોવાથી મેં પગલાં ન લીધાં. તે પછી હમીદ છુટો થયો. મેં તેને સર્ટીફીકેટ આપ્યું કે તે સારો ઇજનેર અને વ્યવસ્થાપક છે. તેની પ્રમાણિકતા વિષે મેં કાંઈ લખ્યુ નહોતું ગયા નાદારામાં ગયા હોય તે હું જાણતો નથી.

ઇજનેરો અને કોન્ટ્રાકટરો વચ્ચેની કશી ગોઠવણ હું જાણતો નથી કારોબારી અને મદદનીશ ઇજનેરો કોન્ટ્રાકટરો સાથે મળી ગયાની મને શંકા એટલા માટે ગઇ કે ગાયાનું પહેલું લીસ્ટ મારી તેમજ કારોબારી ઇજનેરની ઓફીસમાંથી ગુમ થયું તેમજ ગાયા કંપનીના ખોટા બીલોને કારોબારી ઇજનેરે ટેકો આપ્યો હતો. પરંતુ કાંઇ પુરવાર થઇ શકે તેમ ન હોવાથી મેં રીપોર્ટ ન કર્યો, માત્ર કારોબારી ઇજનેરને લખ્યું કે કોન્ટ્રાકટ સ્પષ્ટ હતો, અને તેની વિગતો તેણે ધ્યાનમાં રાખવી જોઈતી હતી.

રજા પરથી આવ્યા પછી ગઝદર અને હમીદને મેં સર્ટીફીકેટ આપ્યાં હતાં. મારી ગેરહાજરી દરમીયાન મારી જગ્યા માટે મેં હમીદની ભલામણ કરી હતી.

હાલના ના. ગવરનરે ચાલીઓની મુલાકાત લીધી હતી. તે પછી ચાલીઓ બાંધવાનું બંધ કરવાની ભલામણ કરવામાં આવી હોય તે હું જાણુતો નથી, પરંતુ તે પછી કામ બંધ કરવામાં આવે તો કોન્ટ્રાકરોને બદલે કેટલો આપવો પડે અને કામ પુરૂં કરવામાં આવે તો ખર્ચ શું થાય તેના મારી પાસે આંકડા માગવામાં આવ્યા હતા, તે મેં પુરા પાડયા હતા.

આ પ્રમાણે ૧૭ દિવસ સુધી મી. હારવેની ઉલટ પાલટ તપાસ ચાલી હતી અને ફરી તપાસ. (રી–એકઝામીનેશન) શરૂ થઇ હતી.

ફરી તપાસ.

તા. ૧૩ મીએ ઉલટપાલટ તપાસ પુરી થયા પછી તેજ દિવસે મી. હારવેની ફરી તપાસ શરૂ થઇ હતી.

તેણે જણાવ્યું કે હમીદ દીલ્હીમાં મારા હાથ નીચે નહોતો. મુંબઇ આવ્યા પછી મેં કારોબારી ઇજનેરો માટે જાહેરખબર આપી. આવેલી અરજીઓમાં હમીદની પણ હતી. મેં બીજા માણસની ભલામણ કરી તે ડીરેકટરે નામંજુર કરી. એટલે મેં હમીદની સુચના કરી. દરમીયાન હમીદ મુંબઇ આવીને ડીરેકટરને મળ્યો. ડીરેકટરે તેને મારી પાસે મોકલ્યો. તેણે કહ્યું કે તે તરત નોકરીએ લાગી શકશે એટલે મેં તેની નીમણુંકની ભલામણ કરી. ૧૯૨૩માં હું રજા પર ગયો ત્યારે મારી જગ્યા માટે મેં સાઇકસની ભલામણ કરી, જે સ્વીકારવામાં

ન આવી અને હમીદની નીમણુંક કરવામાં આવી. ૧૯૨૦માં હું દીલ્હીથી રજા પર ગયો ત્યારે લંડનમાં બેઠેલી હાઉસીંગ અને ટાઉન પ્લેનીંગ કોન્ગ્રેસમાં હિંદી સરકારના બે પ્રતિનિધિઓમાંનો એક હું હતો. ત્યાં હું મોર્નીને પહેલીજ વાર મળ્યો. તે ખીલવણી ખાતાનો મંત્રી થવાનો હતો. તેણે મને ખીલવણી ખાતામાં નોકરી સ્વીકારવા સુચના કરી હતી. મેં અરજી કરી નહોતી. મને પૂછવામાં આવ્યું હતું અને મેં હા પાડી હતી.

ક્રીષ્ણાસ્વામીને મદ્રાસમાં રૂ. ૪૩૦ મળતા હતા. મેં તેની રૂ ૬૦૦થી નીમણુંક કરી. તેણે કહ્યું કે તેને મદ્રાસમાં સેનીટરી વિષયના ભાષણ કર્તા તરીકે રૂ ૧૦૦ મળતા હતા એટલે મેં તેને રૂ. ૭૦૦ કરી આપ્યા. સેનીટરી ખાતું ખોલ્યા પછી તેના કારોબારી ઇજનેર તરીકે તેને રૂ ૧૦૦૦ નો પગાર કરી આપ્યો અને પ્રોબેશનની મુદત પુરી થયા પછી રૂ. ૧૦૦૦ કરી આપ્યા મદ્રાસમાં ને મારા હાથ નીચે નહોતો.

હું, સાઇકસા, હમીદ, ક્રીષ્ણાસ્વામી વિગેરેની ટોળી મળીને અપ્રમાણિક નફો કરતા તે ખોટું છે. મહેતા તેમાં ન મળ્યો તેથી મારે તેની સાથે ન બન્યું તે ખોટું છે. મહેતાએ મારી વિરૂધ્ધ રીપોર્ટ કર્યો નહોતો, પરંતુ તેની વિરૂધ્ધના મારા રીપોર્ટનો તેણે રદીયો આપ્યો હતો.

નાયગામની ચાલીઓનો અડસટ્ટો રૂ ૧,૨૭,૧૫૦ હતો. ૨૦૭ ચાલોનું સરેરાશ ખર્ચ ચાલી દીઠ રૂ. ૧૯,૯૦૦ આવ્યું હતું. સૌ પહેલો કોન્ટ્રાક્ટ રૂ. ૧,૨૭,૭૧૨ મા અને છેલ્લા રૂ. ૯૩,૫૫૦ માં આપવામાં આવ્યો હતો. આ તફાવત કામ કર્યા પછીના અનુભવ, ડીઝાઇનમાં ફેરફાર અને માલની સોંઘારતને લીધે હતો. છેલ્લા ભાવમાં

પાયાના થાંભલા બનાવવા અને નાખવાનો સમાવેશ થતો નથી.

બાદ વધુ તપાસ તા. ૧૭ મી પર મુલતવી રહી.

તા. ૧૯–૬–૨૭

તા. ૧૭મીએ ફરી તપાસમાં મી. હારવેએ ૭/૮" ના સળીયાના ઓર્ડર વિષે અને તે સળીયા જોઇતાજ હતા તે વિષે ખુલાસો કર્યો હતો. (તે તેની ઉલટપાલટ તપાસમાં આવી જાય છે.)

તા ૨૦-૬–૨૭

તા. ૨૦મીએ ફરી તપાસમાં મી. હારવેએ છુપા કમીશન ખાવાનો, અમુક કોન્ટ્રાકટર તરફ પક્ષપાત દેખાડયાનો અને પોતે સ્થાનિક ઓર્ડર આપ્યાનો ઇન્કાર કર્યો હતો. બોમ્બે પેટ્રોલ કંપની સાથેની હમીદની લેવડદેવડ તથા બી. બાલફર કંપનીને કોલાબાવાલાએ આપેલા કોન્ટ્રાકટ સાથે પોતાનો સંબંધ હોવાનો તેણે ઇનકાર કર્યો હતો. કપુરને અને ફેરો કંપનીને બદલો અપાવવામાં અપ્રમાણિક હેતુનો ઇનકાર કર્યો હતો. ૧૯૨૫માં વિલાયતની મુસાફરીનું ખર્ચ કરાવેલાએ આપ્યાનો ઇનકાર કર્યો હતો અમુક કોન્ટ્રાકટરોને કામ આપવામાં અપ્રમાણિક હેતુનો ઇનકાર કર્યો હતો. કેટલાક કોન્ટ્રાકટરોને કામ નહિં આપવા માટે એવો ખુલાસો કર્યો હતો કે તેઓ મોટા કામને પહોંચી વળે તેમ નહોતું. નીચા ટેન્ડરો નહિં સ્વીકારવા માટે એવો ખુલાસો કર્યો કે કેટલાક ભાવો એટલા નીચા હતા કે એ ભાવે સારૂં કામ થાય નહિં.

ફેરો કંપનીને વધારે બીલો અપાવવામાં કાલાસીંગ અને ઇબ્રાહીમ

સાથે મળી ગયાનો કે મારસેલ તરફ પક્ષપાતનો તેણે ઇનકાર કર્યો હતો અંગ્રેજ કોન્ટ્રાકટરો પ્રત્યે પક્ષપાતનો પણ તેણે ઇનકાર કર્યો.

ચાલીઓના પગથીયાના બોજ્બે કો. કં. કંપનીને પગથીયા દીઠ રૂ. ૧૮ એટલે ચાલી દીઠ રૂ. ૮૬૪ અને ગાયાને પગથીયા દીઠ રૂ. ૨૨ એટલે ચાલી દીઠ રૂ. ૧૧૨૨ આપવામાં આવ્યા હતા કેમકે બન્નેની ડીઝાઇન જુદી હતી.

મી. હારવેએ માણેકચંદ જીવરાજના સોદામાં કમીશન ખાધાનો ઇનકાર કરતાં તે સોદાને લગતો ખુલાસો કર્યો હતો. (તે ઉલટપાલટ તપાસમાં આવી જાય છે.)

મી. અબદુલ હમીદની ઉલટપાલટ તપાસ.

તા. ૨૯મી જુને મી. હારવેની ફરી તપાસ પુરી થયા પછી મી. અબદુલ હમીદની ઉલટપાલટ તપાસ શરૂ થઇ હતી.

ઉલટપાલટ તપાસમાં તેણે જણાવ્યું કે હું ગયા શનીવારે સોલીસીટરને મળવા ગયો હતો. હારવે સાથે નહોતો. હારવેએ મને લખ્યું હતું કે મારી સાક્ષી તરીકે જરૂર પડશે. મેં નોકરી છોડતી વખતે મારૂં શીરનામું તેને આપ્યું હતું. તેણે એક બે પત્રો લખ્યા હતા, મેં એક બે લખ્યા હતા. સોલીસીટરે મને સબાયા વિષે પૂછાવ્યું હતું. મેં મારૂં સ્ટેટમેન્ટ મોકલ્યું હતું. સોલીસીટરે જણાવ્યું કે તે અધુરૂં છે માટે વધુ વિગતો આપો. મેં જણાવ્યું કે મને એથી વધારે કાંઇ યાદ નથી. એ બનાવને ચાર પાંચ વર્ષ વીતી ગયાં હતાં. બધી વાતો તાજી કરવા હારવેને લઇને હું સોલીસીટરની ઓફીસમાં ફાઇલો જોવા ગયો હતો. મેં એકલાએ ફાઇલો તપાસી હતી.

મારા અક્ષરની એક ચીઠ્ઠી મેં ઓળખી હતી, પરંતુ તે ઉપરથી કાંઈ સમજી શકયો નહોતો.

બાદ વધુ તપાસ તા. ૨૧મા પર મુલતવી રહી હતી.

તા. ૨૧-૬-૨૭

તા. ૨૧ મીએ ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં હમીદે જણાવ્યું કે મારી ચીઠ્ઠી ફાઇલમાંથી શોધવા મને કહેવામાં આવ્યું હતું. મેં ગણત્રી કરી હતી કે કેમ? અને ચીઠ્ઠી આપી હતી કે કેમ? એ મને કાંઇ યાદ નથી. મોટા ઓર્ડરો ચીઠ્ઠી પર આપવાનો સામાન્ય નિયમ નથી, પરંતુ તે સંજોગ ઉપર આધાર રાખે છે. ચીઠ્ઠી ઉપર લાખોનો ઓર્ડર આપ્યાનો દાખલો મને યાદ નથી. સામાન્ય નિયમ ઓર્ડર ટાઇપ કરી મોકલવાનો અને તેની નકલ રાખવાનો છે.

ધારાસભાના સવાલોના જવાબો માટે મારી સલાહ લેવામાં આવી જ નહોતી.

દીલ્હી પહેલાં હું સંયુક્ત પ્રાંતમાં હતો દીલ્હીમાં મેં પહેલી વખત હારવે, સાઇકસ અને લુઇને જોયા. બેડીને મેં મુંબઇમાંજ જોયો. કપુરને મેં મુંબઇમાં પણ જોયો નથી. દીલ્હીમાં હું મદદનીશ ઇજનેર હતો. સાઇકસ સામાન ખાતાનો ઇજનેર હતો, હારવે કારોબારી ઇજનેર હતો. હૈદ્રાબાદમાં હું એક વર્ષ કારોબારી ઇજનેર હતો. હું લુઇને ઓળખતો હતો તેથી મેં તેને અરજી કરી. તેણે તે હારવે પર મોકલી હશે. હું લુઇને મળવા આવ્યો. તેણે મને હારવે પાસે મોકલ્યો. હારવેએ મને દીલ્હી ખાતેના મદદનીશ ઇજનેર તરીકે ઓળખ્યો. મારી નીમણુંકની ભલામણ કરવાનું તેના હાથમાં હતું. દીલ્હી-

માં મને રૂ ૬૨૦ મળતા હતા. અહીં રૂ. ૧૨૦૦થી શરૂઆત થઇ. દીલ્હીમાં રાજીનામું આપીને હૈદ્રાબાદ ગયો. ત્યાંનાં હવાપાણી માફક ન આવવાથી રાજીનામું આપ્યું. ૧૯૨૧ના નવેમ્બરમાં મુંબઇ આવ્યો. મહેતા મારી પહેલાં આવ્યો હતો. ગઝદર હૈદ્રાબાદમાં મારા હાથ નીચે હતો. તેણે મદદનીશ ઇજનેરની જગ્યા માટે અરજી કરી. મેં તેની નીમણુંકની ભલામણ કરી. ધુરીયા પણ મારો મદદનીશ હતો. તેની નીમણુંક ગઝદરે કરાવી હોય તો હું જાણતો નથી. બધી નીમણુંકો હારવે કરતો. મુસા ગઝદરનો ભાઇ હતો. તેને ખાતા સાથે કાંઇ લેવડદેવડ નહોતી. દીલ્હીથી મારા હાથ નીચેનો મીસ્ત્રી અને ફોરમેન પણ આવ્યા હતા જુસબ કે ખાનમહમદ દીલ્હીથી આવ્યા નહોતા. ખાનમહમદને હું ઓળખતો નથી. હૈદ્રાબાદથી કોઇ સ્ટોરકીપરને લાવવામાં આવ્યો નહોતો. સ્ટોરકીપર યુસુફ હૈદ્રાબાદમાં નહોતો. તે થોડો વખત વરલી ખાતે હતો. પછી એક બંગાલીની નીમણુંક થઇ હતી મારા હાથ નીચે ઇસાખાન નામનો કોઇ નહોતો. મને બોલાવતા તાર કરવામાં આવ્યો હોય તો મને યાદ નથી. સોરાબની ક્યાંથી અને કયા હોદ્દા પર આવ્યો તે મને યાદ નથી. હૈદ્રાબાદમાં મારા હાથ નીચે રાજાસ્વામી નામનો કોઇ નહોતો. નવાબઅલી આગ્રાથી આવ્યો હતો. દીલ્હીમાં હું હતો ત્યારે તે ત્યાં કોન્ટ્રાકટર નહોતો. ઉદેસીંગ દીલ્હીમાં હતો તે હું જાણતો નથી. મહેતાને શા માટે બરતરફ કરવામાં આવ્યો તે હું જાણતો નથી. હારવેની બદલીમાં મેં બે વખત તેનો હોદ્દો સંભાળ્યો હતો. મહેતા મારી પહેલાંનો હતો. મને સેનીટરી કામનો અનુભવ નહોતો. સેનીટરી ખાતું ખોલતાં સુધી કારોબારી ઇજનેરો એ કામ સંભાળતા. સેનીટરી કામ વિષે મારી

કે મહેતાની વિરૂધ્ધ રીપોર્ટ થયાનું હું જાણુતો નથી. હું અને મહેતા સ્થાનિક માલ વાપરતા. અમે એડમના ફીટીંગ વાપર્યા નહોતા. અમે જાણીતો માલ ખરીદતા અને તે સારો હોય તેટલું અમે જોતા. ખરાબ માલ પાછો કાઢવાની અમને સત્તા હતી. મારા વખતમાં ગે. ડં. ને સેનીટરી કોન્ટ્રાકટ મળ્યાનું મને યાદ નથી. રસ્તાઓ, ચાલીઓ બાંધ્યા પછી અને ગટરો પહેલાં બંધાઇ હતી. સેનીટરી ખાતું ખોલ્યા પછી ગટરનું કામ શરૂ થયું હતું. સ્થાનિક બનાવટના કવર વિષે મેં ફરિઆદ સાંભળી નહોતી. સેનીટરી ખાતુ ખોલ્યા પછી એડમના ફીટીંગ વપરાતા તે હું જાણુતો નથી.

તે પછી મી હમીદે પોતાના ઇન્ડેન્ટ અને જુદા જુદા માપના સળીયાના ઉપયોગ સમજાવ્યા પછી જણાવ્યું કે વરલી અને નાયગામ પર અખતરા તરીકે જુના પ્લાન મુજબ ચાલીઓ બાંધી હતી. સામે કો. કં. કંપનીએ નવો પ્લાન રજુ કર્યો હતો.

મી. નરીમાને બન્ને પ્લાનો માગ્યા. મી વેલીંકરે વાંધો ઉઠાવ્યો. કોર્ટે જણાવ્યું કે બન્ને પ્લાનો ઉપરથી જોઇ શકાય કે નવા પ્લાન મુજબ ચાલીઓ નબળી અને કમી વિસ્તારની હતી. પ્લાનો દાખલ કરવામાં આવ્યા.

પ્લાન જોઇને મી. હમીદે જણાવ્યું કે મારી આગલી જુબાનીમાં મારે સુધારો કરવો પડશે કે મારા ઇન્ડેન્ટના થાંભલા માટેના સળીયા હતા. થાંભલા માટે પહેલાં ૭/૮" ના સળીયા વાપરવાનો વિચાર હતો તે હું જાણતો નથી. બાંધકામ તો ૫/૮" ના ડબલ થાંભલાથીજ શરૂ થયું હતું.

મારી મૂખ્ય તપાસ પછી હારવે સાથે મારે ચર્ચા થઇ નહોતી. મારા ઇન્ડેન્ટના થાંભલા માટેના સળીયા રહી ગયાનું કહ્યું હતું. પરંતુ આરોપીના વકીલની ટીકા પરથી મને મારા કથન વિષે શંકા ગઈ. મુંબઇથી ગયા પછી પખવાડીયા પછી મેં એ વિષે હારવેને પત્ર લખ્યો તેણે જણાવ્યું કે સ્ટેટમેન્ટ—વિગત તે મોકલી આપશે. મારા પત્રમાં સુચવ્યું હતું કે મૂળ સ્ટેટમેન્ટ ન મળે તો પ્લાનો ઉપરથી નવું સ્ટેટમેન્ટ તૈયાર કરવું. મેં છાપામાં વાંચ્યું કે સળીયા રહી જવાની વાત બદલવામાં આવી છે. મારી શંકા મજબુત થઇ કે મારૂં કથન સાચું નહોતું. આ કેસ સંબંધી હારવે સાથે પત્રવહેવાર થયો નહોતો. ઇન્ડેન્ટ વિલાયત મોકલ્યા પહેલાં હું હારવેને મળ્યો હતો. મારા સ્ટેટમેન્ટમાં થાંભલા માટેના સળીયા નહોતા એવું કાંઇક તેણે કહ્યું હતું. મને લાગ્યું કે તેણે સ્ટેટમેન્ટ તપાસ્યું હશે. મેં કહ્યું કે તમે ઉમેરી શકો છો. ધારાસભામાં એ સળીયા રહી ગયાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ એ જવાબ માટે મને પૂછવામાં આવ્યું નહોતું. હમણાંની ગણત્રી પ્રમાણે ઇન્ડેન્ટમાં ઉમેરો કરવાની જરૂર નહોતી.

બાદ વધુ તપાસ તા. ૨૫ મા પર મુલતવી રહી.

તા. ૨૫-૬-૨૭.

તા. ૨૫ મીએ ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં મી. હમીદે જણાવ્યું કે દેખરેખ રાખનાર ઇજનેર દરેક વર્ષનો કાર્યક્રમ નકકી કરતો અને તે માટે અમને જરૂરી માલનું સ્ટેટમેન્ટ તૈયાર કરવા કહેતો. મારા સ્ટેટમેન્ટમાં સુધારા વધારા કરવાની તેને સત્તા હતી. કાર્યક્રમ પ્રમાણે અંદાજપત્રમાં જોગવાઇ કરવા સરકારને કહેવામાં આવતું.

ધારાસભામાં પૂછાયેલા સવાલના જવાબમાં કહેવામાં આવ્યું છે કે મારા ઇન્ડેન્ટમાં અમુક સળીયા રહી ગયા હતા એ વાત ખોટી છે. આ સવાલ જવાબો મેં અગાઉ જોયા નહોતા. હું કામચલાઉ દેખરેખ રાખનાર ઇજનેર હતો ત્યારે પણ ધારાસભાના કામકાજનો હેવાલ હું જોતો નહિં. ૭/૮" ૮૦ હજાર સળીયા ઉમેરવા હારવેએ પત્ર લખ્યો હતો. તે બાબતમાં કાંઇ ચર્ચા થઇ હોય તે મને યાદ નથી.

૮૦ હજાર સળીયા સીંગલ પાયાની ૩૮૫ ચાલો માટે પુરતા થઇ પડે. સીંગલ પાયા અમે બનાવ્યાજ નથી. ઇન્ડેન્ટ તૈયાર કર્યાં ત્યારે બીજી યોજનાઓનો વિચાર માત્ર ચાલતો હતો. વરલી, મઝગામ અને ડીલાઇલ રોડની યોજનાનો અમલ થયો હતો. સીવરીના યોજનાનો તે વખતે અમલ થયો નહોતો.

હું અને હારવે મળતા ત્યારે બાંધકામ વિષે ચર્ચા કરતા. મને ઝાંખું સ્મરણ છે કે તેણે મને કહ્યું હતું કે મારા ઇન્ડેન્ટમાં પાયા માટેના સળીયા રહી ગયા છે. મેં કહ્યું કે તેમ હોય તો પ્લાન જોઇને ઉમેરી શકાશે. મેં કાંઇ તપાસ કરી નહોતી. ૮૦ હજારની સંખ્યા સાથે મને કશો સંબંધ નથી.

વરલી ખાતે કેટલીક ચાલો ખાતાએ બાંધી હતી. ૧૯૨૨ થી બધું કામ કોન્ટ્રાકટથી કરવાનું ઠર્યું હતું. વરલીની કેટલીક ચાલો બંધ રાખી હેન્સ રોડ ખાતે બાંધવાનો વિચાર રાખવામાં આવ્યો હતો. હારવેએ તે વિષે તા. ૨૩-૧-૨૪ ને રોજ રીપોર્ટ કર્યો હતો. જમીન પુરાયા પછી તે મજબુત થવા માટે એક ચોમાસું જવા દેવું પડે. એટલે ચાલીઓ બાંધવા માટે જમીન ૧૯૨૫ ના સપ્ટેમ્બર-

ઓકટોબરમાં તૈયાર થાય. ૩-૪ વર્ષ અગાઉથી સળીયા મંગાવવાનું મેં સાંભળ્યું નથી. હારવેના પત્રમાં ૮૦ હજાર સળીયા ૧૯૨૩ ના ઓકટોબર સુધીમાં જોઇએ એમ જણાવ્યું, પરંતુ તેટલી મુદતમાં તેટલા સળીયા વાપરવા અશકય હતા. સળીયા પડયા રહે તો ખરાબ થઈ જાય

૩૦ હજાર સળીયા સ્થાનિક ખરીદવાની કશી જરૂર નહોતી. ૭/૮" ના સળીયા આવ્યા પછી કોલાબાવાળાએ મને વાત કરી. મેં જણાવ્યું કે મને ૭/૮" નહિં પણ ૫/૮" જોઈએ છે. એ વખતે ઘણાં કામો ચાલતાં હતા એટલે મેં માન્યું કે ૭/૮" ના સળીયા બીજા કોઇ કામ માટે હશે. આ બાબતમાં મારે હારવે સાથે શું વાત થઇ તે મને યાદ નથી. તેણે બે ત્રણ દિવસ તપાસ કરી. મારી ફાઇલો તપાસવામાં આવી નહોતી. મેં હારવેનો પત્ર જોયો નહોતો. હાઇ કમીશનરને વખતસર તાર કરવામાં આવ્યો હોત તો ઓર્ડર રદ થઇ શકત. ઢીલ કેમ થઇ તેનો હું ખુલાસો કરી શકતો નથી. ૭/૮" ના સળીયા વરલી માટે જોઈતાજ નહોતા. ૫/૮" ના જોઇતા હતા અને તે પણ ૮૦ હજાર તો નહિંજ. ૮૦ હજાર સળીયાની ગણત્રી મેં નથી કરી. હારવેનો એ ખુલાસો બરાબર નથી. મારી મૂખ્ય તપાસ પછી અને હારવેની ઉલટપાલટ તપાસ પહેલાં હારવેએ મને પત્ર લખ્યો હતો.

બાદ વધુ તપાસ તા. ૨૭મી પર મુલતવી રહી હતી.

તા. ૨૭-૬-૨૭.

...જે દિવસે મી. હમીદનો ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે

જણાવ્યું કે દેખરેખ રાખનાર ઇજનેર કહે તે પ્રમાણે લીસ્ટમાં ફેરફાર કરવામાં આવતો. મેં ખોટા લીસ્ટ પુરાં પાડયાં હતાં એવી હારવેએ કદી ફરિઆદ કરી નહોતી. મહેતાના ઇન્ડેન્ટમાં ૫/૮"×૧૯'ના સળીયા નકામા હતા. મારા ઇન્ડેન્ટમાં અમુક સળીયા રહી ગયા છે એવી છાપ હારવેએ ઉભી કરી હતી. મી. ત્રીવેદીએ ધારાસભામાં સવાલ પુછ્યા ત્યારે દેખરેખ રાખનાર ઇજનેર હું હતો પરંતુ જવાબો સાથે મને કશો સબંધ નહોતો.

પાયાના થાંભલા બનાવવા પર હું દેખરેખ રાખતો હતો. તે વરલી માટેજ હતા. બીજી કોઇ યોજના અમલમાં મૂકાઈ નહોતી અને તે માટે પાયાના થાંભલા તૈયાર કરવાનું મને કહેવામાં આવ્યુંજ નહોતું. હેન્સ રોડની જમીન વરલીથી લગભગ એક માઇલ દૂર હતી. પાયાના થાંભલા અડધો માઇલ લઇ જતાં પણ તુટવાનો ભય હતો

૭/૮" ના સળીયા ભૂલથી મંગાવાયા હતા તેને હું મળતો થાઉં છું. મેં તો જોઇએ તેથી વધારે ઓર્ડર કદી આપ્યો નથી. માપ પણ પ્લાનમાં નક્કી કરવામાં આવતું અને હું તે બદલી શકુંજ નહિં. મારા ઇન્ડેન્ટમાં ૫/૮" ના સળીયા ખોટી રીતે હતા અને ૭/૮" ના જોઇતા હતા એ હારવેના ખુલાસાને હું મળતો થતો નથી ૭/૮" ના સળીયા આવી પહોંચ્યા પછીજ હું હારવેને બદલે દેખરેખ રાખનાર ઇજનેર હતો ત્યારે મેં તેને ઉપયોગમાં લેવાની સુચના કરી હતી. એ સળીયા મોંઘા હતા. જો જરૂર પુરતોજ માલ મંગાવવાનો સરકારી હુકમ પાળવામાં આવ્યો હોત તો જે મોટો જથ્થો વધે પડયો તે વધી પડત નહિં.

હું જાણું છું કે બાંધકામના સરકારી કાનુન મુજબ ખાસ મંજુરી વિના વિલાયતી માલ સ્થાનિક ખરીદી શકાય નહિં. હું દેખરેખ રાખનાર ઇજનેર હતો તે દરમીયાન માટુંગા ખાતેના દેખરેખ રાખનારા ઇજનેરે વધારાના માલના વેચાણની જાહેર ખબર આપી હતી. હારવેએ જતાં પહેલાં મને એ વિષે કાંઇ વાત કરી નહોતી. એ માલનો છેવટનો ભાવ કારોબારી ઇજનેર કોલ્ડવેલની ભલામણથી સરકારે ચાલુ બજાર ભાવ પ્રમાણે નક્કી કર્યો હતો. વેપારીઓ ગમે તે અમલદારને પત્ર લખતા. જે માગણીઓ સરકારી ભાવ પ્રમાણે હતી તે સ્વીકારવામાં આવી, તેથી નીચી નામંજુર કરવામાં આવી. હારવેના આવવા પહેલાં એક દલાલની માગણી રૂ. ૧૧૦ ની હતી. સરકારી પ્રમાણેની માગણીઓ કારોબારી ઇજનેર સ્વીકારી શકતો. તેથી ઓછે હોય તો દેખરેખ રાખનાર ઇજનેર પર મોકલી આપે અને તે પોતાની ભલામણ સાથે સરકારી મંત્રી ઉપર મોકલી આપે. સરકારી ભાવે થોડાં થોડાં વેચાણો થયાં હતાં. હારવેએ પોતાની જગ્યા સંભાળી લીધા પછીની માગણીઓ તેની પાસેજ ગઇ હશે. માણેકચંદ જીવરાજને કરેલા વેચાણ સાથે મને કાંઇ સંબંધ નહોતો. તે વિષે હારવે સાથે મારે કાંઇ વાત થઇ નહોતી. માણેકચંદ જીવરાજ બીલવણી ખાતાને માલ પુરો પાડતો તેથી હું તેને ઓળખતો. મેં નોકરી છોડી તેવામાં વીલીયમ લોસની વેચનાર દલાલ તરીકે નીમણુંક થઇ હતી. એન્ડરસને પણ કેટલાંક વેચાણો કર્યાં હતાં.

૧૯૨૧–૨૨ માં ૧૫ ચાલીઓ બાંધવાની હતી. તે માટે ૬૦૦ ટન સળીયા જોઇએ. પાયા માટે ૫/૮" × ૧૮' અને ૧૯' ના સળી-

યાજ વપરાતા હતા, પરંતુ ૭/૮" ના આવ્યા પછી ૫/૮" ના બંધ કરી ૭/૮" ના વાપરવા મંડયા.

મેજર પારસેલને હું ઓળખતો. તે લશ્કરી જમીનની યોજનાનો કારોબારી ઇજનેર હતો. તેને ચાલીઓના બાંધકામ સાથે સબંધ નહોતો. ૧૯૨૨ ની અધવચમાં તે હારવે સાથે ચાલીઓનું બાંધકામ જોવા આવતો. તેણે બાંધકામનો બારીક અભ્યાસ કરવા માંડયો. તે એકલો આવતો ત્યારે હું તેને બધું કામ દેખાડતો.

કેટલાક અખતરાઓ પછી સરકારે ચાલીઓની ડીઝાઈન નક્કી કરી હતી. તે પ્રમાણે નાયગામની ચાલીઓ બાંધી, ખુલ્લી મૂકવામાં આવી અને પ્રજાને સુધારા વધારા સૂચવવા કહેવામાં આવ્યું. તે પછી સુધારેલી ડીઝાઇન નક્કી કરી. ચાલીઓ ખુલ્લી મૂકયા પહેલાં ટેન્ડરો માગવામ આવ્યા હતા. ચાલીઓના કોન્ટ્રાકટ આપવાની વાત ખીલવણી ખાતાના માણસો જાણતા હતા.

પારસેલ એકલો આવ્યો ત્યારે મને કહ્યું હતું કે તે નોકરી છોડી ધંધો કરવા માગે છે. હું સમજી ગયો હતો કે તે કોન્ટ્રાકટરનો ધંધો કરવા માગે છે.

હારવે, પારસેલ, કારવેલો, ઓવન બધા એકજ કલબમાં જતા અને સહેલગાહે જતા તે હું જાણતો નથી.

પારસેલ બોમ્બે કો. કં. કંપનીમાં જોડાયો. ટેન્ડરના ફોર્મ અમુક કોન્ટ્રાકટરોનેજ આપવામા આવતા. એટલે કોન્ટ્રાકટ આપવામાં તો ભાવનોજ વિચાર કરવાનો રહેતો. જાહેર ખબરમાં બીજી ડીઝાઇન માંગવામાં આવી નહોતી. વરલીનો મોટો કોન્ટ્રાકટ એકજ માણસને

આપવાનો હેતુ એ હતો કે તે ઓછા ભાવે આપી શકે.

સૌથી મોટી યોજના વરલીની ૮૦ ચાલીની હતી. જેનો કોન્ટ્રાક્ટ બોમ્બે કો. કં. કંપનીને આપવામાં આવ્યો. તેનો મેનેજર પારસેલ હતો. બીજા ભાગીદારો તો માત્ર નાણાં પુરાં પાડતા. પારસેલે વરલી પર પોતાને ખર્ચે ટેનીસ કોર્ટ બનાવ્યો હતો, જેનો બધા અમલદારો લાભ લેતા. હારવેના બંગલા પર ટેનીસ કોર્ટ હતો એટલે તે ન આવતો.

પારસેલને તેની ડીઝાઇન પ્રમાણે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ખાતાની ડીઝાઇન કરતાં તેની ડીઝાઇન સારી છે એમ હારવેએ મને કહ્યું. હું એકાએક અભિપ્રાય બાંધી શકું તેમ નહોતું તેથી મારે તેના મતને મળતું થવું પડયું. તેની ડીઝાઇનમાં ચાલીનો વિસ્તાર ખાતાની ડીઝાઇનના કરતાં ૩૧૯ ચો. ફીટ કમી હતો અને ઓરડીની લંબાઇ પહોળાઇ અને ચાલીની પહોળાઈ ત્રણ ત્રણ ઇંચ કમી હતી. ખાતાની ડીઝાઇન ખુબ અખતરા પછી નક્કી કરવામાં આવી હતી પારસેલનું ટેન્ડર સ્વીકારવાની હારવેએ ભલામણ કરી હતી. બારીઓ માટે બધા કોન્ટ્રાકટરોને સરખા ભાવ આપવામાં આવ્યા હતા પારસેલની ગેર-હાજરીમાં કામ બરાબર નહોતું ચાલતું તેથી મેં રીપોર્ટ કર્યો હતો. કોન્ટ્રાકટ રદ કરવાનું મેં નહોતું કહ્યું. પારસેલ તરતજ વિલાયતથી પાછો ફર્યો. તેણે કામની ખાત્રી આપવાથી તેના કામ ઉપરથી દેખરેખ કમી કરવામાં આવી હતી.

બાદ વધુ તપાસ બીજા દિવસ પર મુલતવી રહી.

મી. હમીદની ઉલટપાલટ તપાસનો પાંચમો દિવસ.

તા. ૨૮મીએ મી. હમીદની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે

જણાવ્યું કે કોન્ટ્રાકટરના કામ પર સુપરવાઇઝર ને મદદનીશ ઇજનેર દેખરેખ રાખતા. રોજના કામનું માપ ચોપડીમાં નોંધવામાં આવતું. તે પર મદદનીશ ઇજનેર અને કોન્ટ્રાકટર કે તેનો માણસ સહી કરે. તે ઉપરથી મારી ઓફીસ બીલ તૈયાર કરી નાણાં ખાતા પર મોકલી આપે. મદદનીશ ઇજનેરની સહી જોઉં અને કામ થયું છે એવી ખાત્રી થાય તોજ હું બીલ પર સહી કરૂં અને મારી સહી હોય તોજ નાણાં ખાતું કોન્ટ્રાકટરને પૈસા આપે. વાંધો પડે તો મદદનીશ ઇજનેર પોતે કાંઇ ન કરી શકે. તે મને રીપોર્ટ કરે. મારાથી વાંધો ન પતે તો દેખરેખ રાખનાર ઇજનેર પર જાય. તેના નિર્ણયથી કોન્ટ્રાકટરને સંતોષ ન થાય તો તે સરકારને અરજ કરે. ઘણી વખત દેખરેખ રાખનાર ઇજનેર મારી ભલામણો વિરૂધ્ધ નિર્ણય આપતા. હારવેએ મને તા. ૧૮ મી માર્ચ અને ૯ મી એપ્રીલ વચ્ચે પત્ર લખ્યો હતો. તેમાં તેણે ૭/૮" ના સળીયા વિષે શંકા દેખાડી હતી. હું એક દિવસ વહેલો આવ્યો. અમારી વાતચીત થઇ હતી પરંતુ મારા ઇન્ડેન્ટમાં ૫/૮" ના સળીયા ભૂલથી લખાયા હતા એવું હારવેનું કહેવું મેં માની લીધું. મે તપાસ કરી નહિં.

હારવે સાથે મારે મૈત્રી હતી. તેણે મને કાગળ નહોતો લખ્યો એમ તેનું કહેવું ખોટું છે. ગાયાના છેલ્લા બીલ પછી મને હારવેએ સર્ટીફીકેટ મોકલ્યું હતું. બોમ્બે કંપનીને અમુક રકમો નહિં આપવા મેં રીપોર્ટ કરવા છતાં તે અપાઇ હતી. બોમ્બે કો. કં. કંપનીને નાહણી અને સેનીટરી ફીટીંગ માટે વધારે ભાવ આપવામાં

આવ્યો હતો. બીજા કોન્ટ્રાકટરોને પણ કામ થયા પછી ભાવ વધારી દીધા હતા. કોન્ટ્રાકટની શરત પ્રમાણે પેટા કોન્ટ્રાકટ અપાય નહિં, પરંતુ મુંબઈમાં તો એવો રિવાજ પડી ગયો છે. ગગરાટ, મારકર, સેનીટરી કામના પેટા કોન્ટ્રાકટરો હતા અને ઘણીખરી ચાલીઓનું સેનીટરી કામ તેઓએ કર્યું હતું.

ફેરો કંપનીના કામ ઉપર મારી દેખરેખ હતી. કારવેલો શહેર સુધારા ટ્રસ્ટમાં ઇંજનેર હતો. તેને સીવરીનો કોન્ટ્રાકટર મળ્યો ત્યારે તે નોકરીમાં નહોતો કોન્ટ્રાકટ અપાયો ત્યારે ૧૨ ચાલીની જમીન તૈયાર હતી. ૪ ચાલી માટે ટેકરી તોડવાના હતી, પરંતુ પાછળથી ૪ ચાલીઓ માંડી વાળવામાં આવી. રાજાધ્યક્ષ મારો મદદનીશ હતો.

છેવટના બીલ માટે તેણે માપણી કરી હતી અને મેં તે તપાસી હતી કે તે સારી હતી. તેણે કેટલીક નાની રકમો નામંજુર કરી હતી. એ બાબતમાં કારવેલો, તેનો મદદનીશ, હું, રાજાધ્યક્ષ અને હારવે ચર્ચા કરવા બેઠા અને કેટલીક રકમો મંજુર કરવામાં આવી.

તેણે દિવાલમાં સળીયા વાપર્યા ન હતા એમ જણાવી વધારાની રકમ માગી હતી. વધારાના કામ માટે મંજુરી મેળવવી જોઇએ. દેખરેખ રાખનાર ઇજનેરને અમુક હદ સુધી મોઢેથી મંજુરી આપવાની સત્તા હોય છે. આ કામ મોટું હોવાથી સરકારની મંજુરીની જરૂર હતી. દિવાલો તોડીને તપાસતાં માત્ર થોડીક દિવાલોમાંજ સળીયા વાપર્યા હતા વધારાની માગણીનો મોટો ભાગ ખોટો હતો વાત હારવે પર ગઇ. તેણે રકમ મંજુર કરી. કારવેલો, પારસેલ, ઓવન અને હારવે મિત્રો હતા.

ફેરો કંપની પાસેથી રૂ. ૧૦ હજારનો માલ લીધો હતો. ગાયા પાસેથી વધેલી અભરાઈઓ લીધી હતી. બોમ્બે કો. ક. કંપની પાસેથી ભાંગેલો માલ લીધો હતો.

ડી. આર. વદ્ય ખીલવણી ખાતાનો ડેપ્યુટી મંત્રી હતો. તે પહેલાં જમીન મેળવનાર મદદનીશ અમલદાર હતો. તેનો પુત્ર ગાયા કંપનીનો માત્ર નામનો ભાગીદાર હતો કેમકે વૈદ્ય પોતે સરકારી નોકરી હોઈને કોન્ટ્રાક્ટ લઈ ન શકે. તે ગાયા કંપનીના કામ પર દેખરેખ રાખતો અને કંપનીના કાગળો પર તેણે સહીઓ પણ કરી છે. ગાયા કામ વિષેની મદદનીશ ઇજનેર ગઝદરની ચીઠ્ઠીઓ ઉપર પણ તેના હસ્તાક્ષરો છે.

કોન્ટ્રાક્ટ આપતાં પહેલાં ભાગીદારો કોણ છે તેની તપાસ કરવામાં આવતી. ગાયા કંપની વિષે હારવેએ એટલુંજ પૂછયું હતું કે તે કામ કરી શકશે કે? તે વખતે તેઓ નાનાં કામો કરતા હતા એટલે મેં ભલામણ કરી. ગાયા કંપનીએ રૂ. ૩,૯૩,૦૦૦નો વધારાનો દાવો રજુ કર્યો હતો તેમાંથી મેં રૂ. ૨ લાખ મંજુર કર્યા. એ વિષે ગાયા હારવે, હું અને કારોબારી ઇજનેરે સાથે મળી બધી રકમો વિષે ચર્ચા કરી. અમે ચોકક્સ આંકડો નકકી કર્યો નહોતો પરંતુ ગાયાએ પોતાના તા. ૨૨-૬-૨૫ના પત્રમાં લખ્યું કે હારવેએ રૂ. ૧,૨૦,૦૦૦ મંજુર કર્યા છે, પરંતુ તે તેને આપવામાં ન આવ્યા. અમે રૂ. ૩૫ હજાર આપવા જણાવ્યું. ગાયાએ તે ન સ્વીકાર્યા અને હાઈકોર્ટમાં દાવો માંડયો.

ગાયા કંપનીના બીલના તેના લખાણથી ગગરાટ મારકરને રૂ.

૬૦ હજાર આપવામાં આવ્યા હતા. ગાયાને નાણાં જોઇતાં ત્યારે મારકર તેને નાણાં ધીરતો. તેણે મારકરને બીજા પણ રૂ. ૨૫ લખી આપ્યા હતા. તે શાના હતા તે હું જાણતો નથી. ગાયા સાથે સીમેન્ટ સબંધી વાંધો પડયો હોય તો હું જાણતો નથી. તે વરલી રહેતો. તે ટેનીસ કલબમાં આવતો. મી. અને મીસીસ હારવેને મેં ટેનીસ કલબ પર જોયા નથી. હારવે કોઇક વખત આવતો. ગાયાની બાબતમાં મારકર હારવેને મળ્યો હોય તેવું મારી જાણમાં નથી.

ઇજનેરો અને કોન્ટ્રાકટરો વચ્ચે કમીશનની ગોઠવણ વિષે હું કાંઇ જાણતો નથી. ગાયા સાથે મને, હારવેને, ગઝદરને અને એન સી. કાલીમાને કામ પડતું. કોન્ટ્રાકટરોને ૧૦ ટકા નફો રહેતો હશે.

સ--ગાયા કંપનીને મળતા દરેક બીલ પર ઇજનેરોને અમુક છુપું કમીશન મળતું હતું ?

જ—મારા સંબંધમાં તે ખરૂં નથી.

સ – ગાયા કંપનીના ચોપડામાં રૂ. ૧૨,૭૯૯–૯–૦ તા. ૨૯–૩–૨૩ ને રોજ બીલના જમા છે અને તે ઉપર બરાબર ૧૨॥ ટકા લેખે રૂ. ૧૬૦૦ ઉધાર છે એટલે કોન્ટ્રાકટ આપવામાં ગોઠવણ એવી હતી કે કોન્ટ્રાકટરને પુરા ૨૫ ટકા નફો મળે અને તેમાંથી અડધો ઇજનેરોને મળે ?

જ—તે ખરૂં નથી.

સ—દરેક બીલ ઉપર ઇજનેરોને અમુક રકમ મળતી ?

જ—હું જાણતો નથી.

બાદ વધુ તપાસ તા ૩૦મી જુન ઉપર મુલતવી રહી હતી પરંતુ તા. ૩૦ મીએ મી. નરીમાનની તબીયત નાદુરસ્ત હોવાથી મુકદમો તા. ૪ થી જુલાઇ પર મુલતવી રહ્યો હતો.

મી. હમીદની તપાસનો છેલ્લો દિવસ.

તા. ૪ થી જુલાઈએ મી. હમીદની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે મારી નીમણુંક સરકારે કરી હતી, પરંતુ વરલી ખાતે મને હારવેએ મૂકયો. સૌથી મોટું ખાતું એ હતું. મહીનામાં ત્રણ બીલો આપવામાં આવતાં એનો અર્થ એ છે કે કોન્ટ્રાકટરોને નાણાંની ભીડ પડે ત્યારે તેમનાં બીલ પેટે અગાઉથી નાણાં આપવામાં આવતાં. ગાયાને કાંઇ ખાસ સગવડ આપવામાં આવી નહોતી. ગાયાને ઉપરના કામ દીઠ રૂ. ૩૦૦૦ આપવામાં આવ્યા હતા એનો અર્થ હું સમજતો નથી. સરકારની મંજુરી વિના કોન્ટ્રાકટથી વધારે ભાવનું બીલ નાણાં ખાતું આપે નહિં. હારવેએ નાહણીના ભાવ કોન્ટ્રાકટ કરતાં વધારી આપ્યા હતા. અમુક હદ સુધી તેને સત્તા હતી. દરેક ચાલીમાં ૧૮ નાહણી અને એવી ૨૬ ચાલોની કુલ રકમ ઘણી મોટી થાય. ગાયાએ તે માટે અરજી કરી હતી. એ ઉપરાંત બીજા પણ ભાવો વધારી આપવામાં આવ્યા હતા. મને તેમ કરવાની સત્તા નહોતી.

ગાયા સાથે હું મળી ગયો હતો એવી હારવેની શંકા વિષે તેણે કોર્ટમાં કહ્યું ત્યારેજ મેં જાણ્યું. તેણે પોતાના કોઈ રીપોર્ટમાં શંકા દેખાડી નથી. અમુક રકમ મંજુર કે નામંજુર કરવા માટે મારે કારણો આપવાં પડતાં. હારવેને નિર્ણય આપવા માટે

કારણ દેખાડવું ન પડતું. મારી નોકરી પુરી થવાને ગાયાના બીલ સાથે કશો સબંધ નહોતો. કશી તપાસ કરવામાં કે ખુલાસો માગવામાં આવ્યો નહોતો. તે પછી લાંબે વખતે હારવેએ મને સર્ટીફીકેટ આપ્યું હતું.

ચાલીઓના સાથી ઉપરના મજલાની બારીઓ નાની હતી, છતાં બોમ્બે કો. કં. કંપનીને બધી બારીઓના એકસરખા ભાવ આપવામાં આવ્યા હતા. ધુરીયાના રીપોર્ટ પ્રમાણે રૂ. ૨૮ હજાર વધારે અપાયા હતા.

પેટા કોન્ટ્રાકટરોને કોન્ટ્રાકટરો બીજો ચૂકાવતા. મારકરને રૂ. ૬૦ હજાર અને રૂ. ૨૫ હજાર ઉપરાંત રૂ. ૭૮,૧૮૮–૧૨–૩ રૂ. ૫૯,૬૬૦–૦–૦ અને રૂ. ૪૭,૭૨૧–૧૧–૬ ના ચેકો શા માટે અપાયા હતા તેનો હું ખુલાસો કરી શકતો નથી. ગાયાને રૂ. ૩૬ હજાર આપવાનો હારવેએ કેમ નિર્ણય કર્યો તે હું કહી શકતો નથી. મારકરને રૂ. ૨૫ હજાર અમલદારોનું કમીશન ચૂકવવા માટે અપાયા હતા તે હું જાણતો નથી.

નાના કામ કે નાની ખરીદીઓ માટે ટેન્ડર માગવામાં આવતા નહિં પણ ભાવો માગવામાં આવતા. બોમ્બે પેટ્રોલ કંપનીનો ભાગીદાર ભાગવત કે બીજો કોઇ કોલ્ડવેલ અને કોલાબાવાલાની ચીઠી લઈ આવ્યા પછી તેને મારા વિભાગમાં નાનાં કામો મળ્યાં હતાં. તેઓએ સળીયા, કોલસા, સ્પીરીટ વિગેરે પુરાં પાડયાં હતાં. એ મહીનામાં તેમને રૂ. ૬૦ હજારનાં બીલો અપાયાં હશે, પરંતુ ઓર્ડરો એ મહીનાના નહિં હોય. તેમનાં ત્રણ બીલો એકજ માપ, એકજ

રકમ અને એકજ તારીખનાં છે. તે બધાં ચૂકવાયાં હશે. તે વિષે હું કાંઇ ખુલાસો કરી શકતો નથી. ૫'૮"ના સળીયા સીલ્લકમાં હતા તેમજ સાલેભાઇના ઓર્ડરમાં હતા છતાં બોમ્બે પેટ્રોલને શા માટે ઓર્ડર આપ્યો તેનો ખુલાસો કરી શકતો નથી. ઓર્ડર આપતાં પહેલાં મેં તપાસ કરી નહોતી. તેઓએ એ સળીયા બજારમાંથી ખરીદીને નફો ખાઇને અમને પુરા પાડયા હતા. તેમની પાસેથી ફરનીચર ખરીદવામાં આવ્યું હતું. મારી ઓફીસમાં પુરતું ફરનીચર હતું, એટલે કદાચ પાછળથી નીમાયેલા મદદનીશ ઇજનેર માટે તે હશે.

બોમ્બે પેટ્રોલ કંપનીને કામ મળ્યા પછી તેમને ત્યાં મારૂં ખાતું ચાલતું તેઓ મને પેટ્રોલ પુરૂં પાડતા. મારી મોટરના સમારકામના અડધાં નાણાં વીમા કંપનીએ આપ્યાં હતાં અને અડધાં ભાગવતે આપ્યાં હતાં તે તેણે મારે ખાતે ઉધાર્યાં હતાં. મારા કલીનર અને ડ્રાઇવરની ગેરહાજરીમાં તેમના ડ્રાઇવર અને કલીનરે મારે ત્યાં કામ કર્યું હતું, તેના પગાર તેઓએ મારે ખાતે ઉધાર્યા હતા. તેમને અપાવેલા બુટ કપડાં પણ મારે ખાતે ઉધાર્યા હતા. હું દેશાવર મારા મિત્રોને ચીજો મોકલવા તેમને કહેતો તે તેઓ મારે ખાતે ઉધારતા. આગ્રાના શ્રીઆઝમઅલીખાનને તેઓને મીકેનલ તરીકે બોલાવવો હતો તેથી તેને રૂ. ૧૦૧નો મનીઓર્ડર કર્યો હતો. તે માણસની ભલામણ મેં કરી હતી, પરંતુ તે આવ્યો નહિં એટલે રૂ. ૧૦૧ તેઓએ મારે ખાતે ઉધાર્યા. મેં તેમનો બધો હિસાબ કકડે કકડે ચૂકવી આપ્યો હતો અને રસીદો લીધી હતી. કેટ-

લીક રસાદા સમ્બવાહ રહી છે. મારૂં બેંકમાં ખાતું હતું છતાં હું તેમને રોકડા આપતો. તેઓએ મારે ખાતે રોકડા પૈસા ઉધાર્યા છે તે ખોટા છે. ધુલીયા કંપનીમાં મારૂં ખાતું નહોતું.

બાલકીશન શેઠને બાલકુર–કંપની સાથે સબંધ હતો તે હું જાણુતો નથી.

આ પ્રમાણે મી. હમીદની ઉલટપાલટ તપાસ ૭ દિવસે પુરી થઈ હતી. અને તે પછી તેજ દિવસે (તા ૪–૭–૨૭) તેની ફરી તપાસ પણ પુરી થઇ હતી.

મી. હમીદની ફરી તપાસ.

ફરી તપાસમાં (રીએકઝામીનેશન) મી. હમીદે જુદા જુદા માપના સળીયાના ઉપયોગ સમજાવ્ય પછી જણાવ્યું કે નોકરી છોડયા પછી મેં હારવે પર લગભગ ૨૦૦ પત્રો લખ્યા હતા. મને માત્ર બે જવાબ મળ્યા હતા.

મારા અને મહેતાના ઇન્ડેન્ટ સરખાવતાં એવુંજ અનુમાન નીકળે કે મારા ઇન્ડેન્ટમાં પાયા માટેના સળીયા રહી ગયા હશે. ઇન્ડેન્ટ વખતે ધારાવીની યોજના વિષે વિચાર ચાલતો હતો. હારવે દર મંગળ અને શુક્રવારે મારી કોર્ટની ઓફિસે આવતો.

હારવેએ ટેનીસ કલબને કાંઇ ભેટ આપી હોય તે હું જાણતો નથી. અમે માસિક લવાજમ આપતા. વૈદ્યના પુત્રને પરમ દિવસે કોર્ટમાં જોયો હતો. તેના દેખાવથી તે ૧૯૨૨માં ૧૫ વર્ષનો હશે એમ મેં કહ્યું હતું. હારવે અને સાઇકસની સાથે મળી મેં કમીશન ખાધું નથી.

બેમ્બે પેટ્રોલ કંપની સાથેની મારી લેવડદેવડ છૂપી નથી. હિસાબ રીતસર રખાયો છે અને કોર્ટ સમક્ષ ખુલ્લો છે. મેં બધો હિસાબ તેના માણસોને ચૂકવી આપ્યો છે. એ લેવડ દેવડની હારવેને ખબર નહોતી ૧૯૨૨ના ઓકટોબર સુધી મને રૂ. ૨૦૦ અને પછી રૂ. ૧૩૦૦નો પગાર મળતો હતો. બેમ્બે પેટ્રોલના ચોપડામાં મારે ખાતે રૂ. ૫૦૦ અને ૨૦૦ની રકમો ખોટી છે. તેના બધા ટેન્ડરો મેં સ્વીકાર્યા હતા. મને રૂ. ૨૫૦૦ સુધીની સત્તા હતી. તેના પર હારવેની સહી નથી.

આ પ્રમાણે એક અઠવાડીયે મી. હમીદની ઉલટ પાલટ તપાસ પુરી થયા બાદ વધુ તપાસ તા. ૯ મી જુલાઇ પર મુલતવી રહી હતી.

મી. સાઇકસની ઉલટ પાલટ તપાસ

તા. ૯મી એ મી. એડવર્ડ ફ્રાન્સીસ સાઇકસની ઉલટપાલટ તપાસ શરૂ થઇ હતી. તેણે જણાવ્યું કે હું બુંદી ખેતીવાડી સીન્ડીકેટમાં છું પરમ દિવસે મુંબઇ આવ્યો છું અને યાટ કલબમાં ઉતર્યો છું.

દીલ્હીમાં હું સુધરાઇ ખાતામાં હતો. અહિં ત્રીજા વિભાગના કારોબારી ઇજનેર તરીકે આવ્યો હતો. નુઇ દીલ્હીમાં મારા વખતમાં દેખરેખ રાખનાર ઇજનેર હતો. દીલ્હીમાં મેં હમીદને એકજ વખત જોયો હતો.

અહિં હું સરંજામ ખાતા ઉપર હતો. હારવે બધકામ ઉપર હતો. હું હારવે પહેલાં મહિના અગાઉ અહિં આવ્યો હતો. તેની કે હમીદની નીમણુંક સામે મને કશો સંબંધ નહોતો. તેણે અરજી કર્યા પહેલાં તે મને મળ્યો નહોતો. હારવે અને હમીદ એકબીજાને ઓળખતા.

મુંબઇમાં હું દરિયાની દિવાલના ટેન્ડર માટે આવ્યો હતો. સર લોલેસ હેપરે મને બોલાવીને નીમ્યો હતો. મેં અરજી કરી નહોતી.

દીલ્હીમાં બુંદી સીમેન્ટ કંપની સાથે કામ પાડયું હતું. ત્યાં અમને લોખંડના સળીયા બહું જોઇતા નહિં. જીઓ. સરવીસ કંપનીને જાણું છું. પંરતુ તેને રીચાર્ડસન ક્રુડાસ સાથે સંબંધ હોવાનું જાણતો નથી.

મારી નીમણુંક પછી પહેલો મોટો ઓર્ડર લોખંડના સળીયાનો હોવાનું મને યાદ નથી. જીઓ. સરવીસને સરકારની મંજુરીથી ઓર્ડર અપાયો હતો.

બાંધકામના કાર્યક્રમ કોણ નક્કી કરતું તે હું જાણતો નથી. તેની સાથે મને કાંઇ સંબંધ નહોતો. ૧૯૨૧-૨૨નો કાર્યક્રમ ૨૧ ચાલુનો હતો. હારવેના ઓર્ડર મુજબ હું માલનો ઓર્ડર આપતો. તેમાં ફેરફાર કરવાની મને સત્તા નહોતી. માપ, જથ્થો, વિગેરે નકકી કરવાનું હારવેના હાથમાં હતું. જીઓ. સરવીસને ૨૦૦૦ ટનનો ઓર્ડર મેં આપ્યો હતો, પરંતુ તે હારવેના હુકમથી. બાંધકામ ખાતામાં હારવેનો ઉપરી કોઇ નહોતો. ચ.લીઓ ખાતાના ઓર્ડર હારવે સિવાય બીજા કોઇ તરફથી મને મળ્યા નહોતા, એટલે એ વિષેની જવાબદારી હારવેની હતી.

જીઓ. સરવીસને સરકારે ઓર્ડર આપ્યો, ટેન્ડર સ્વિકારવાની ભલામણ કરવાનું કામ મારૂં હતું. બીલ ચૂકવવા સબંધી હું કાંઇ જાણતો નથી.

મુલજી હરિદાસનું ટેન્ડર નીચું હતું કે ઉંચું તે મને યાદ નથી.

સરંજામ ખાતામાં માલ તપાસી લીધા પછી જુદા જુદા કામ પર મોકલી આપવામાં આવતો.

મી. નરીમાને આવેલા સળીયા અને તેના ઉપયોગની નોંધો જોવા માગી હતી. પરંતુ મી વેલીંકરે વાંધો લીધો, જે કોર્ટે મંજુર કર્યો.

મી. સાઈકસે વધુ તપાસમાં જણાવ્યું કે જીઓ. સરવીસને ઓર્ડર આપ્યા પહેલાં વિલાયતથી મંગાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નહોતો. હારવે કહે કે માલ તાકીદે જોઈએ છે તો સ્થાનિક ખરીદી માટે હું સરકારને અરજી કરતો. ઓર્ડર નાનો હોય તોપણ સ્થાનિક ખરીદી થઇ શકે. મારી સત્તા બહુ ઓછી હતી.

સ્ટોરનો કાનુન એવો છે કે માલ જોઇતો હોય તો પહેલાં સરકારી ખાતાઓ રેલ્વેને, અને વેપારીઓને માલ તૈયાર હોય તો પૂછવું જોઇએ.

૧૯૨૨ માં જીઓ. સરવીસ ઉપરાંત બીજા ટન ૩૦૦ સળીયા ખરીદવામાં આવ્યા હતા કારોબારી ઈજનેરને પોતાની સત્તા કરતાં વધારે માલ જોઇએ તો દેખરેખ રાખનાર ઇજનેરની પરવાનગી લેવી જોઇએ. ૧૯૨૧ના ઓગષ્ટમાં જોહન ફ્લેમીંગને ૫૦ ટનનો ઓર્ડર આપ્યાનું મને યાદ નથી.

૮૦ હજાર સળીયા હારવેના પત્રથી ઉમેરવામાં આવ્યા હતા, તેમાંના ૩૦ હજાર સ્થાનિક ખરીદીના હતા. હારવેની જરૂરીયાત વિષે ટીકા કરવાનું મારૂં કામ નહોતું. ઓર્ડર મોકલ્યા પહેલાં હારવે સાથે ઇન્ડેન્ટ સંબંધી ચર્ચા થઇ હોય તે મને યાદ નથી.

સ્થાનિક ઓર્ડર માટે જાહેર ખબર અપાઇ હોવી જોઇએ. કયું ટેન્ડર સૌથી નીચું તે કહેવું મુશ્કેલ હતું કેમકે દરેકની શરત જુદી હતી. ટેન્ડરમાં સરકારી શરતો હોય છે, પરંતુ કોન્ટ્રાકટરોને પોતાની શરતો રજુ કરવાની છુટ હોય છે. સાલેભાઇનું ટેન્ડર સ્વીકારવાની ભલામણ કરવા પહેલાં હારવે સાથે વાતચીત થવાનું મને યાદ નથી. સાલેભાઈ પાસે માલ તૈયાર નહોતો. બીજા કોઇ વેપારી પાસે પણ નહોતો તેની મને ખાત્રી હતી. સાલેભાઇ પણ માલ વિલાયતથી મંગાવીને પુરો પાડશે એ સરકાર જાણતી હતી. હાઇ કમીશનર કરતાં વેપારીઓ જલદી માલ મંગાવી આપશે એવો સરકારનો અભિપ્રાય હતો. હું ભાવ આપું એ પ્રમાણે અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવતી.

હારવે રજા પર હતો ત્યારે તેની જગ્યાએ હમીદ હતો. ત્રીવેદીની પેઢી તરફથી અમને ભાવો મળતા.

ધારાસભામાં ૧૯૨૩ ના જુન-જુલાઇમાં રજુ થયેલા સવાલોના જવાબો મેં ઘડી આપ્યા હતા.

બાદ વધુ તપાસ તા. ૧૧ મી પર મુલતવી રહી હતી.

તા. ૧૧-૭-૨૭.

તાઃ ૧૧ મીએ મી. સાઇકસની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે હિંદી વજીરના ભાવ મુજબ સ્થાનિક ખરીદીને બદલે હાઇ કમીશનરને તાર કરવામાં આવ્યો હોત તો ઘણો ફાયદો થાત. મેં ઓર્ડર આપ્યો નહોતો. મેં માત્ર ભલામણ કરી હતી. સરકારે સ્થાનિક ખરીદી એટલા માટે કરી હતી કે હારવેએ કહ્યું

હતું કે માલ તાકીદે જોઇએ છે. ભૂલથી ખોટા માપનો ઓર્ડર અપાયાનું હું જાણતો નથી.

હારવેએ ૭/૮”ને બદલે ૫/૮” ના સળીયા મોકલવા હાઇ કમીશનરને તાર કરવા કહેવાથી, મેં તા. ૫ મી જાન્યુઆરીએ મંત્રી ઉપર તેનો ખરડો મોકલ્યો. મંત્રીએ તા. ૮ મીએ તાર મોકલ્યો. સાલેભાઇ તરફથી નવેમ્બરની તા. ૧ લીએ માલ આવવા લાગ્યો.

મી. ત્રીવેદીએ ધારાસભામાં પૂછેલા સવાલમાં કોઇ મુદત જણાવી નહોતી. મેં ૧૯૨૨ ના ઓગસ્ટથી ૧૯૨૩ ની એપ્રીલની મુદત ગણી તેથી મારા જવાબમાં જુઓ. સરવીસનો ૨૦૦૦ ટનનો ઓર્ડર ગણ્યો નહોતો. ૧૯૨૧ના ડીસેમ્બર સુધીમાં એ માલ આપ્યો હતો. સવાલ જવાબ વખતે તેને દોઢ વર્ષ થઇ ગયું હતું એટલે તે ઓર્ડર મેં ગણત્રીમાં ન લીધો. મેં કોઇ હેતુથી તેમ કર્યું નહોતું. હાઇ કમીશનરના તારમાં ખોટા માપ વિષે જણાવવામાં આવ્યું નહોતું. પરંતુ ૭/૮”ને બદલે ૫/૮” મોકલવા જણાવ્યું હતું. ફેરફાર શા માટે કરવામાં આવ્યો તેની મેં તપાસ કરી નહોતી.

હું ૧૯૨૩ના નવેમ્બરની તા. ૧લીએ છુટો થયો. હારવેની ઓફીસના સુપરવાઇઝર સાથે મને કાંઇ સબંધ નથી. તેની સાથે હું પત્રવહેવાર કરી શકયો નથી.

વાસીંદમાં ઇરાની બે મોટી ભઠ્ઠીઓ હતી. તે ચલાવવાના ટેન્ડરમાં વિશ્વંભરનાથ કપુરનું પણ હતું. મારા રીપોર્ટ પરથી સરકારે તેનું ટેન્ડર સ્વીકાર્યું.

સરંજામ ખાતું ૧૯૨૧માં ખોલવામાં આવ્યું. તે ખાતાનું કામ

માલ ખરીદી ખાતાના કામો પર પહોંચાડવાનું હતું. નાની ખરીદીઓ માટે ટેન્ડર માગવામાં આવતાં નહિ. મારી સત્તા કેટલી હતી તે યાદ નથી, પરંતુ ટેન્ડર વિના માલ ખરીદવાની મારી સત્તા હતી. કોલાબા-વાલો કારોબારી ઇજનેર હતો. તેને અમુક હદ સુધી મારી પરવાનગી વિના ખરીદી કરવાની છુટ હતી.

બોમ્બે પેટ્રોલ કંપનીએ સળીયા પુરા પાડયા હશે. બીજો શું માલ પુરો પાડયો તે હું કહી શકતો નથી. મારી પરવાનગીથી તેઓને ઓર્ડર અપાયાનું મને યાદ નથી મોટર ટાયરની ખરીદી વિષે ચર્ચા થઇ હતી. મેં ટાયર બનાવનારી કંપનીની શાખા કે એજંટો પાસેથી ખરીદવાની ભલામણ કરી હતી. પરંતુ એજંટ અમને પુરા પાડતો નહોતો. તેથી મેં સ્થાનિક ખરીદીના મંજુરી આપી હતી મારા કારોબારી ઇજનેર અને નાણાં ખાતા વચ્ચે આ સબંધમાં લાબો પત્ર વહેવાર થયો હતો.

સીમેન્ટ સબંધી મુશ્કેલી ઉભી થઇ હતી. માલ બરાબર આવે છે તે જોવાનું કામ મારા ખાતાનું હતું. બંદર પર માલ લેતા કેટલાક ગુણોમાં બીયા ભેળસેળ થઇ ગયા જણાયા હતાં. મારો ખુલાસો માગવામાં આવ્યો હોય એવો સંભવ નથી. આ કે બીજા કોઇ એવા બનાવને મારી નોકરી બંધ થવા સાથે સબધ નહોતો. મારા જવા પછી મારૂં ખાતું હારવેના ખાતા સાથે જોડી દેવામાં આવ્યું હતું. તે પછી હુ દીલ્હીમાં ખાનગી ધંધો કરતો અને કામને અંગે મુંબઇ આવતો.

બોમ્બે પેટ્રોલ કંપનીને મેં કદી ઓર્ડર આપ્યો નહતો મારો-

બારી ઇજનેરે આપ્યો હશે. કોન્ટ્રાક્ટરો સાથેના વાંધા પતાવવાનું કામ મારૂં નહોતું, સિવાય કે તે માટે મને ખાસ રોકવામાં આવે. એકજ વખત મને એ કામ સોંપવામાં આવ્યું હતું. હું રોજની ફી અને ખર્ચ લેતો. દીલ્હીમાં કપુર મને મળ્યો હતો. મેં હારવેને લખ્યું હોય તો એટલુંજ લખ્યું હશે કે કપુરને ઇન્સાફ મળ્યો નથી માટે તે બાબત પર ધ્યાન આપવું. નોકરી છોડયા પછી મેં હારવેને ત્રણ પત્રો લખ્યા હતા. હું મુંબઇ આવ્યો હોઇશ પણ તે કપુરના બીલ માટે નહિં. કપુરે બીલ માટે હાઇ કોર્ટમાં દાવો માંડયો હતો. હારવે એમ કહેતો હોય કે મેં કપુરના બીલ વિષે વાતચીત કરી હતી તો તે સાચું હશે, જો કે મને કાંઇ યાદ નથી. કપુરને ઇન્સાફ મળ્યો નથી એમ તો મને લાગતુંજ હતું તેથી મેં તેની બાબત ફરી તપાસવાને ટેકો આપ્યો હતો. એ વખતે કપુર ઓફીસે આવ્યો હોય તે મને યાદ નથી છેવટે તેને પૈસા મળ્યા હતા તે હું જાણું છું.

કપુર દીલ્હીમાં મારા વખતમાં ઇંટોના કોન્ટ્રાક્ટર હતો, હું માનતો હતો કે તેનો દાવો તેણે બનાવેલી અને ખાતાએ સ્વીકારેલી ઇંટો માટે હતો. ખાતાને નહિં સ્વીકારેલી ઇંટો તેને પાછી મોકલી નહોતી. તેના પૈસા આપવા સામે નાણાં ખાતાએ સખ્ત વાંધો ઉઠાવ્યો હતો. તેણે કોન્ટ્રાક્ટ જલદી બંધ કરવાની નુકશાની પણ માગી હતી. તેને રૂ. ૧૬ હજાર શા માટે અપાયા તે હું જાણતો નથી. તેના દાવા તરફ મેં સહાનુભૂતિ દેખાડી હતી તેણે દાવો માંડવાની ધમકી આપીને નાણાં મેળવ્યાં હતાં.

દ્વારકા સીમેન્ટ કંપનીના સીમેન્ટ માટે પણ ઝગડો પડયો હતો. માલ તપાસી લેવાનું કામ મારૂં નહિં પણ કારોબારી ઇજનેરનું હતું.

સાલેભાઇ તૈયબજીના ટેન્ડર પહેલાં હું ઘરાક તરીકે તેમની દુકાને ગયો હતો. પરંતુ ટેન્ડર પહેલાં કોઇને મળ્યો હોઉં એવું યાદ નથી. ટેન્ડર સ્વીકાર્યા પહેલાં અમીરૂદીનને બોલાવીને મેં તેઓ પાસેથી ખાત્રી માગી લીધી હતી કે તેઓ વિલાયતથી માલ મંગાવી આપશે. બીજા ટેન્ડર ભરનારાઓને પણ મેં બોલાવ્યા હતા. કોન્ટ્રાકટમાં એવી કલમ હતી કે મુદત પછી માલ પુરો પાડવા માટે રોજના રૂ. ૫૦૦ દંડ થાય. સાલેભાઇ પાસે રૂ ૨૮૦૦૦ નો દંડ લેણો પડતો. પરંતુ તેમાંથી માત્ર રૂ. ૬૦૦૦ લેવામાં આવ્યા હોય તો હું તેનો ઇનકાર કરી શકતો નથી.

બાદ વધુ તપાસ બીજા દિવસ પર મુલ્તવી રહી હતી

તા. ૧૨-૭-૨૭

તા ૧૨ મીએ ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં મી. સાઇકસે જણાવ્યું કે કપુરને રૂ. ૧૬ હજાર મળ્યા પછી તે મને દીલ્હીમાં મળ્યો હતો, પરંતુ તે બદલ મને કાંઇ મળ્યું નહોતું. બીજા કોઇ કોન્ટ્રાકટરના દાવા નામંજુર થવાથી તેઓએ ફરીયાદી માંડયાનું હું જાણતો નથી.

સળીયાના અહિંના અને ઇંગ્લાન્ડના ભાવ વચ્ચે ટન દીઠ રૂ. ૪૬ નો ફેર હતો. સાલેભાઈએ ૧૦૦૦ ટન સળીયા પુરા પાડયા હતા એટલે તે માલ વિલાયતથી મંગાવ્યો હોત તો રૂ. ૪૬ હજાર બચત.

કનૈયાલાલ દીલ્હીમાં મારા હાથ નીચે સુપરવાઇઝર હતો. તે અહિં મારા વિભાગમાં મદદનીશ ઇજનેર હતો. તેની નીમણુંકની ભલામણ મેં કરી હતી કાલાસીંગ સુપરવાઇઝર હતો.

કોઇ ખોટો દાવો મારા જાણવામાં નથી. કારોબારી ઇજનેર મહેતા

મારી પહેલાં છુટો થયો હતો. મારા ખાતાને તેના ખાતા સાથે સંબંધ નહોતો, મારો કારોબારી ઇજનેર બીજા કારોબારી ઇજનેરોને પરબારો માલ પુરો પાડતો. સળીયાનાં વેગનો ગુમ થયાનું મેં આ કેસના હેવાલમાં વાંચ્યું હતું. બીજા ઘણા માલનો પણ હિસાબ નહોતો, એવી અફવા હતી, પરંતુ તે મારા ખાતા વિષે નહોતી. મારા ખાતા વિષે હોય તો તપાસ કરવાની મારી ફરજ ગણાય. મારા હાથ નીચે અંગ્રેજ સુપરવાઇઝર નહોતો. હારવેના ખાતામાં હોવા વિષે મને યાદ નથી. કોઇ વિભાગના કારોબારી ઇજનેરનો પત્ર દેખરેખ રાખનાર ઇજનેરના માર ફતજ આવે.

હાઇકમીશનરના ઇન્ડેન્ટમાં ફેરફાર કરેલો દેખાતો નથી બાલફર કંપની કે બાલકીશન શેઠને હું ઓળખતો નથી અને આ કેસના હેવાલ પહેલાં મેં તેમનાં નામ સાંભળ્યાં નહોતાં.

હું સરંજામ ખાતાનો વડો નહોતો, પરંતુ ચોથા વિભાગનો વડો હતા કે જેમાં સરંજામ ખાતું હતું. એનો અર્થ એવો નથી કે સરંજામ ખાતાની લેવડદેવડ સાથે મને સંબંધ નથી. કારોબારી ઇજનેરનો હું ઉપરી હતો. કોલાબાવાલાને રીપોર્ટ કરવો હોય તો મારી મારફતજ કરવો પડે અને અમારા બેના મત જુદા પડે તો મારા મત પ્રમાણેજ થાય.

ટેન્ડરના સંબંધમાં સાલેભાઇ અને જીઓ સરવીસને હું મળ્યો હતો. રીચાર્ડસન ક્રુડાસના પ્રતિનિધિને દીલ્હીમાં મળ્યો હોઉં એવું યાદ નથી. ઓવનને હું મુંબઇમાં મળ્યો હતો. હારવેએ તેની ઓળખાણ કરાવી હોય તો મને યાદ નથી. તે પહેલાં રીચાર્ડસન ક્રુડાસ

સાથે જોડાયેલો હોય તે હું જાણુતો નથી. ટેન્ડર વિષે રીપોર્ટ કરતાં પહેલાં જીઓ. સરવીસના પ્રતિનિધિને મળ્યો હતો અને તે પછી તેઓનું ટેન્ડર સ્વીકારાયું હતું.

બર્ડ કંપનીમાંથી કોલસો ખરીદવા માટે કેપ્ટન ગ્રીફીથ મને મળ્યો હતો. બીજા વેપારીઓ અને બીજા માલ માટે પણ તે મને મળ્યો હશે. બાલફુર પ્રાઇમ કંપનીનો કોલસો નામંજુર કરી એવોજ માલ વધારે ભાવે બાલફુર કંપની પાસેથી ખરીદ્યાનું મને યાદ નથી.

પી. બીલીંટન ઇંગ્લીશ કંપનીનો એજંટ હતો. મારા ખાતાને તેણે કોઇ માલ પુરો પાડયો હશે. પારસેલ અને કારવેલો સાથે મારે મૈત્રી હતી. કારવેલો, પારસેલ કે ઓવેન સાથે ફરવા ગયો હોઉં તેવું યાદ નથી

ફરી તપાસ.

તે પછી મી. સાઇક્સની મી. વેલીંકરે ફરી તપાસ લીધી હતી જેમા તેણે જણાવ્યું કે સાલેભાઇએ ૭/૮" અને ૧ ૨" અને તેના ઉપરના માપના સળીઆના બે જુદા જુદા ભાવ આપ્યા હતા જાડાઇ વધે તેમ ભાવ ઘટે, પરંતુ વેપારી રીત અમુક માપો એક સાથે ગણવાની છે. ધારાસભામાં મેં જીઓ. સરવીસવાળો ઓર્ડર ઇરાદાપૂર્વક છુપાવ્યો હતો એ ખોટું છે. મી. ત્રીવેદીએ ૧૯ .મા સવાલની તારીખ સુધીની માહિતી માગી હોત તો હું તે આપત. કારોબારી ઇજનેરને માલ ખરીદવાની સત્તા રૂ ૨૫૦૦ સુધીની હતી તે વધારીને રૂ. ૫૦૦૦ સુધી કરવામાં આવી હતી એટલું મને યાદ છે.

આ પ્રમાણે મી. સાઇક્સની તપાસ ત્રણ દિવસે પુરી થઇ હતી અને મુકદ્દમો તા. ૧૬મી પર મુલતવી રહ્યો હતો.

તા. ૧૬–૭–૨૭.

તા. ૧૬મીએ મી. મોરેશ્વર રાજારામ વૈદ્યે મુખ્ય તપાસમાં તેના ભાઇના પુત્રની જન્મપત્રિકા તથા સ્કુલ સર્ટીફીકેટ રજુ કર્યાં હતાં.

ઉલટપાલટ તપાસમાં તેણે જણાવ્યું કે પંદર પહેલાંની કોર્ટમાં રજુ કરવા માટે મને જન્મપત્રિકા આપવામાં આવી ત્યારે મેં પહેલવહેલી તે જોઇ. મારા ભાઇ ડી. આર. વૈદ્યને પહેલી પત્નીથી ૪ પુત્રો અને એક પુત્રી હતી. ચીંતામણી એમાંનો એક છે. આ સ્કુલ સર્ટીફીકેટ પણ અહિં રજુ કરવા માટેજ મેળવવામાં આવ્યું છે. તેમાં નામ છે તે મારા ભત્રિજાનું છે. સર્ટીફીકેટ તેનું હોવાની મને અંગત ખબર નથી. ચીંતામણીનો જન્મ મારે ત્યાં શીવમાં ૧૯૦૮માં થયો હતો. તે ડીંગણા બાંધાનો છે. તે ગાયા કંપનીમાં તેના પીતાની વતી ભાગીદાર હતો કે કેમ તે હું જાણતો નથી. તે ભાગીદાર હતો એટલું જાણું છું. તે નિશાળમાં બરાબર જાણતો ન હોતો તેથી તેને ઉઠાડી લીધો હતો. તે પાંચમા છઠ્ઠા ધોરણમાં હતો. તેને ઇજનેરી કે કોન્ટ્રાક્ટ કામનો કાંઇજ અનુભવ નથી. તેનો પિતા ઇજનેર છે. ચીંતામણી હમણાં કોઇ કોન્ટ્રાક્ટરને ત્યાં નોકરીમાં છે.

મી. પાનીટકરની ઉલટપાલટ.

તે પછી મી. પાનીટકરની ઉલટપાલટ તપાસ શરૂ થતાં તેણે જણાવ્યું કે હું હમણાં રજા પર છું. ૧૯૨૦ માં હું સાલસેટ વિભાગમાં ઓવરસીયર તરીકે જોડાયો હતો. મેજર જોહનસન ૧૯૨૧ ના માર્ચમાં

ગયો તેની જગ્યાએ મી. હારવે આવ્યા. બાંધકામમાં પહેલાં પ્લાન નક્કી કરવામાં આવે છે. દેખરેખ રાખનાર ઇજનેરને તેમાં ફેરફાર કરવાની છુટ હોય છે. ચાલીઓની સંખ્યા પણ તેજ નક્કી કરે છે અને તે પ્રમાણે સરંજામની ગણત્રી કરવા તે કારોબારી ઇજનેરોને હુકમ કરે છે કારોબારી ઇજનેરો અગત્યની વસ્તુઓનું સ્ટેટમેંટ દેખરેખ રાખનાર ઇજનેર પર મોકલે છે. સોખંડના સળીયા અગત્યની વસ્તુ છે. દેખરેખ રાખનાર ઇજનેરને જે સ્ટેટમેન્ટ તપાસી જવા જેવાં લાગે તે મને તપાસી જવા સોંપે નહિં તો સરંજામ ખાતાના વડા પર મોકલી આપે. ૧૯૨૧ માં મને કોઇ લીસ્ટ તપાસવા આપ્યાં હોય તે મને યાદ નથી. દેખરેખ રાખનાર ઇજનેરના પત્ર વહેવારની ફાઇલ, દસ્તાવેજો વિગેરે તેના હેડ કલાર્ક પાસે રહે છે. તે કાગળોનું શું થયું તે હું કહી શકું નહિં. ખરીદી અને કાન્ટ્રા, ક્ટોના ફાઇલો હોવી જોઇએ. હું હતો ત્યાં સુધી કોઇ પણ કાગળો ગુમ થયાની ફરિયાદ મેં સાંભળી નહોતી. માત્ર આ મુકદમા દરમીયાનજ તે વાત સાંભળી. હારવેએ સરકારી બાંધકામ ખાતાને વહીવટ સોંપી દીધો તે વિષેનું લીસ્ટ થયું હોય તે મારી જાણમાં નથી. સરકારી ખાતાના ઇજનેરે કાગળીયાં વિષે ફરિયાદ કરી સાંભળી નથી.

૧૯૨૧ માં ઓ. સરવીસને ઓર્ડર આપવા સાથે મને કાંઇ સંબંધ નહોતો. હું જાણું છું કે પરદેશી બનાવટનો માલ ઇંગ્લાંન્ડથી સ્ટોર ખાતાના ડીરેકટર જનરલ મારફત મગાવવો જોઇએ તેમજ સ્થાનિક ખરીદી માટે ખાસ મંજુરી મેળવવી જોઇએ.

૧૯૨૨ માં મેં કારોબારી ઇજનેરોમાં સ્ટેટમેન્ટ ઉપરથી એ

બધાનું એક સ્ટેટમેંટ તૈયાર કર્યું હતું. તેમાં ફેરફાર કરવાની કે તપાસવાની સત્તા દેખરેખ રાખનાર ઇજનેરની હતી. મારા હાથે પેન્સીલથી કરેલા ફેરફાર શા માટે કરવામાં આવ્યા છે તે મને યાદ નથી. હું તો માત્ર ઇજનેરી બાબતના કાગળોનો ખરડો તૈયાર કરતો. બીજા કાગળો હારવે કે તેનો હેડ ક્લાર્ક તૈયાર કરતા. સંયુકત સ્ટેટમેન્ટ તૈયાર થઇ ગયા પછી હારવેએ મને એક ચીઠ્ઠી આપીને ૩૦૮૦ સળીયા ઉમેરવા કહ્યું હતું વસ્લી ખાતે મોકલવાના માલના સ્ટેટમેંટમાં મેં તે પ્રમાણે લાલ સહીથી શેરો માર્યો હતો. ૭/૮" ના સળીયાના ખરીદી સાથે મને કાંઇ સબંધ નથી. ૭/૮"×૧૯' ના ૮૦ હજાર સળીયાના ઓર્ડરની વાત મેં આ મુકદમા દરમ્યાનજ સાંભળી હતી.

મી. બેલની મૂખ્ય તપાસ

તે પછી ખીલવણી ખાતાના મંત્રી મી રોબર્ટ ડંકન બેલે પોતાની મૂખ્ય તપાસમાં જણાવ્યું કે વધેલા માલમાં સળીયા અને ઇંટો હતી. મારા જાણવા પ્રમાણે ચાલો કમી કરવાથી માલ વધી પડયો હતો. ખોટા માપને લીધે સળીયા વધી પડયા હતા તે હું જાણતો નથી. ધારાસભામાં સવાલો પૂછાયા ત્યારે એ વિષે ચર્ચા થયેલી. સાઇકસના જવાબ વખતે હું હતો નહિં. જેના અમે જવાબ ન આપી શકીએ તે બાબત લાગતા વળગતા અમલદાર પર મોકલી આપીએ. બધા કાગળો મારા હાથમાં આવતા ધારાસભામાં અપાયેલા જવાબો ઉલટા સુલટી છે. જે કાંઈ બન્યું હતું તેની જવાબદારી હારવેએ કબુલ કરી એટલે બધી ચર્ચા બંધ પડી. વધેલા માલમાં મુખ્ય રકમો ૭/૮" અને ૫/૮" ના સળીયાની છે. એ બે એટલી

મોટી રકમો શા માટે છે તે હું સમજાવી શકતો નથી. વધારાના માલના વેચાણની જુન-જુલાઇમાં જાહેર ખબર અપાઇ ત્યારે હારવે રજા પર હતો. વેચાણનો ભાવ હારવેની ભલામણથી ૧૬૮ થી ૧૮૬ સુધી નક્કી કરવામાં આવ્યો હતો. ૧૯૨૪ ના ઓકટોબરથી ૧૯૨૫ ના ઓકટોબર સુધીમાં એ ભાવે સોએક ટનનું વેચાણ માંડ થયું હશે.

માણેકચંદ જીવરાજનું નામ હારવેએ મને પહેલું તા. ૨૦ મીએ જણાવ્યું. તે પહેલાંની કોલ્ડવેલ ઉપરની માગણી કેમ ન સ્વીકારી તેની મેં તપાસ કરી નહોતી. પારેખે હમીદને મોઢેથીજ વાત કરેલી. માણેકચંદ જીવરાજ ચાલી ખાતાનો વધેલો માલ અગાઉ પણ ખરીદતો તે હું જાણતો નથી. હું બધો જથ્થો વેચી નાખવા આતુર હતો કેમકે તે વિભાગ બંધ કરી માણસો કમી કરવા હતા. સોદો તા. ૨૧ મીએ નકકી થયો. માણેકચંદ જીવરાજને હારવેની ભલામણથી મુદત વધારી આપી હતી તે બદલ ભાડું કે નુકશાની લીધી નહોતી.

જે એન્ડરસનને હું ઓળખતો નથી. તેનુ નામ સાંભળ્યાનું યાદ નથી. સરકારી ભાવે વેચાણ નહિં થવાથી સરકારે દલાલો મારફત વેચાણ કરવા ઠરાવ્યું હતું. હમીદે ૭ પેઢીઓનાં નામ સુચવ્યાં હતાં, જેમા એક એચ. એમ. એન્ડરસનનું નામ પણ હતું, પરંતુ કોઇની નીમણુંક કરવામાં આવી ન્હોતી. કેમકે તે પછી તરત પારેખ બીન અને ત્રીવેદીની માગણીઓ આવી હતી. કોઇ અમલદારે કોઇની નીમણુંક કરી હોય તો હું જાણતો નથી.

એન્ડરસને થોડાં વેચાણો કર્યાં અને તેને રૂ. ૧૫૨ કમીશનના અપાયા હતા. એન્ડરસને બધો જથ્થો ૭ મહીનામાં વેચી આપવાનું કહ્યું હોય તો તે મારી જાણ પર લાવવામાં આવ્યું નહોતું.

બાદ કેસ તા. ૯મી ઓગસ્ટ પર મુલ્તવી રહ્યો હતો.

મી. બેલની ઉલટપાલટ તપાસ

તા.-૯મી ઓગસ્ટે મી. બેલની ઉલટપાલટ તપાસ શરૂ થતાં તેણે જણાવ્યું કે સામાન્ય નિયમ એવો છે કે વધેલો માલ જાહેરમાં વેચવા કાઢતાં પહેલાં સરકારી ખાતાઓને અને રેલવેને પૂછવામાં આવે છે, પરંતુ ખસુસ કરીને નહિં. એવી પૂછપરછ થઈ હતી કે નહિં તેની તપાસ કરવાની મને જરૂર નહોતી લાગી કેમકે દેખરેખ રાખનાર એન્જનેરે ઘટતું કર્યું હશે એમ મેં માન્યું હતું.

મુલજી હરીદાસને હું ઓળખું છું. તેમની માગણી આવ્યાનું મને યાદ નથી. એલાયંસ કંપનીનો જવાબ માણેકચંદ જીવરાજનો સોદો નક્કી થઈ ગયા પછી આવ્યો હતો. હારવે કે હમીદ ઉપર લખાયેલો પત્ર મારી ફાઈલમાં હોય તો હું જાણતો નથી. હારવેએ વધારાના હથીયાર અને યંત્રોનું લીસ્ટ સરકારી ખાતાઓ અને રેલવે પર મોકલ્યું હતું, પરંતુ આ સળીયાનું મોકલ્યું હતું કે નહિં તે હું જાણતો નથી,

મેજર પારસેલ લશ્કરી જમીનની યોજનાનો કારોબારી એન્જનેર હતો. તે ખાતું મુંબઈ સરકાર નહિ પણ હિંદી સરકારના હાથ નીચે હતું. મારા આવ્યા પહેલાં તેણે રાજીનામું આપ્યું હતું.

ચાલીઓના બાંધકામના ટેન્ડર સ્વીકારવા સાથે મને કશો સંબંધ નહોતો. સાઇકસની નીમણુંક સાથે મને સંબંધ નથી. તેણે માણસો કમી કરવામાં એવા ધારણાથી રાજીનામું આપ્યું હતું એમ તેણે મને કહ્યું હતું.

સ્થાનિક ખરીદી માટે હારવેએ ભલામણ કરી હોય એમ નરીમાન

કહેતા હોય તે. હું તેનો ઇનકાર કરી શકતો નથી. સ્થાનિક ખરીદી નહિં કરવાનો સ્થાનિક સરકારનો હુકમ હિંદી વજીરના ઠપકાને લીધે હોય તો બનવાજોગ છે.

હિંદી સરકારે મીઅર્સ કમીટી એકએ યોજના માટે નીમી હતી. તે વખતે હું રજા પર હતો. સરકાર તરફથી મેકીએ જુબાની આપી હતી. તેણે રજુ કરેલા કાગળોમાં મોટા અમલદારો સામે નરીમાને ધારાસભામાં કરેલા આક્ષેપોનો ઉલ્લેખ હતો. સલાહકાર કમીટીને તે આક્ષેપો વિષે તપાસ કરવાની સત્તા નહોતી. નરીમાનના આક્ષેપો સિવાય મેં મોટા અમલદારો કમીશન ખાય છે એ અફવા સાંભળી નહોતી અને કોઈ અમલદારે કમીશન ખાધું હોય તે હું જાણતો નથી બાલકીશનદાસ નામના કોન્ટ્રાકટરે ખોટી સહી કરવાથી તેનું નામ રદ કરવામાં આવ્યું હતું. તેણે કોલાબા વિભાગના ડેપ્યુટી મુખ્ય ઇજનેર બોર્લીંગટનને રૂ. ૨ હજારનો ચેક આપ્યો હોય તે હું જાણતો નથી. બી. બાલફર કંપનીનું નામ આ કેસ પહેલા સાંભળ્યું નહોતું. ૧૯૨૨ માં કારોબારી ઇજનેર મહેતાના પ્રમાણિકતા વિષે નહિં પણ લાયકાત વિષે તપાસ થઇ હતી.

મૂળ યોજના ૬૨૫ ચાલીના હતી, પરંતુ ૨૦૭ બાંધવામાં આવી હતી. બાકીની ૪૧૮ બાંધવામાં આવી હોત તો ૧૪ હજાર ટન સળીયાની જરૂર પડત જ્યારે વધારો ૨૫૦૦–૨૬૦૦ ટનનો પડયો હતો.

મી. મારકરની મુખ્ય તપાસ.

તે પછી ગગરાટ મારકર કંપનીના ભાગીદાર મી. એરચ સોરાબજી મારકરની મુખ્ય તપાસ શરૂ થતાં તેમણે જણાવ્યું કે અમે ૧૨–૧૩

વર્ષથી સેનીટરી ઇજનેર અને કોન્ટ્રાકટનું કામ કરીએ છીએ. બોમ્બે કો. કં. કંપનીમાંનો મેજર પારસેલનો નફાનો હિસ્સો મેં રૂ. ૧,૭૦,૦૦૦માં ખરીદ્યો હતો. મેં જુદી જુદી તારીખોએ મળી રૂ. ૭૭,૨૫૦ રોકડા આપ્યા તથા સોલીસીટરના બીલના અડધા નાણાં આપ્યાં તેમજ પારસેલનો સનલાઇટ એસ્યોરંસ કંપનીમાં રૂ. ૧ લાખનો વીમો મારે ઉતરાવી આપવો પડયો હતો. પારસેલે કરાર મુજબ તેના હિસ્સાના મને જુદી જુદી તારીખોએ મળી રૂ. ૨૩,૮૭૭–૭ ૯ કર્યા હતા. હું તા. ૨૧–૬–૨૪ ને રોજ વિલાયત ગયો અને તા. ૨૧–૯–૨૪ ને રોજ પાછો ફર્યો.

અમે ગાયા કંપનીના પેટા કોન્ટ્રાકટર હતા. તેના પાસે અમારૂં લેણું નીકળતું હતું. તે તેઓ આપતા નહોતા તેથી અમે કાયદેસર પગલાંની ધમકી આપી અને કામ અટકાવ્યું ત્યારે તેઓએ પોતાના બીલના રૂ. ૬૦ હજાર અને રૂ. ૨૫ હજાર અમને લખી આપ્યા. એ પૈસા અમલદારોને લાંચ આપવા માટે હતા તે વાત ખોટી છે.

મી. પારકરની ઉલટપાલટ તપાસ.

તે પછી મી. પારકરે પોતાની ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે ખીલવણી ખાતામાં કોન્ટ્રાકટ મળ્યા પછી ૧૯૨૨ ૨૩માં હારવેની મને ઓળખાણ થઇ. અમે સ્થાનીક બનાવટના માલ વાપરીએ છીએ. તે મ્યુનીસીપલ ધોરણ પ્રમાણેનો છે. કેટલીક ચીજો અમે વિલાયતથી પણ મંગાવીએ છીએ. સ્થાનિક કવરો સસ્તાં છે પરંતુ એડમ્સ જેવાં સારાં નથી. રાણી પ્રધસના બધા મકાનોમાં વર્ષોથી દેશી કવરો વપરાય છે.

૧૯૨૨ થી ૨૭ સુધીમાં અમને રૂ. ૩ થી ૪ લાખનું કામ મળ્યું હતું તેમજ લગભગ રૂ. ૫૦ હજારનો સેનીટરી સામાન પુરો પાડયો હતો. એક પ્રસંગમાં હારવેએ નવો અને બીજા ફીટીંગોના માર્સલેન્ડ પ્રાઇસના ભાવ ઓછા હોવા છતાં ઉંચા ભાવનું ટેન્ડર સ્વીકાર્યું હતું. તે કંપનીએ વાંધો ઉઠાવ્યો હોય તો હું જાણુતો નથી. "સેનીટરી સામાન જોઇએ છે" તે સિવાય કશું જણાવવામાં આવતું નહિં. અમે દેશી માલનો ભાવ ભરતા. ગેમન ડંકરલીનું ટેન્ડર સ્વીકારાયા પછી એડમ્સના માલનો ભાવ માંગવામાં આવ્યો હતો. પાણીના ટાંકીઓનો ભાવ રૂ. ૧૦૦ હતો. પરંતુ તે કંપનીએ બહુ ઓછો ભર્યો હોય તો હું જાણુતો નથી.

પારસેલ કોલાબા વિભાગનો ઇજનેર હતો. તેણે ૧૯૨૩ માં ખાતું છોડયા પછી તેના સાથે મારે મૈત્રી થઇ. તેણે મને કહ્યું કે ૮૦ ચાલોના ટેન્ડર માટે તેને રૂ. ૩ લાખની જરૂર છે. મારી પાસે એટલા પૈસા નહોતા તેથી તેને બોમ્બે કો. કં કંપનીમાં લઇ ગયો. કંપનીએ એવી શરત કરી કે તેણે છ મહીનામાં ૧૦ લાખનો કોન્ટ્રાકટ મેળવવો જોઇએ. તે પ્રમાણે તેણે ૮૦ ચાલોનો કોન્ટ્રાકટ મુદતસર મેળવ્યો. મેં તેને કરેલી મદદના બદલામાં તેણે પોતાના નફાનો અડધો હિસ્સો મને વેચ્યો. કોન્ટ્રાકટ અપાવવામાં મારો હાથ નહોતો. તેણે ૧૯૨૩માં ઇગ્લાન્ડમાં મકાન ખરીદયું હતું તે ત્યાં જુન-જુલાઇમાં ગયો હતો. ૧૯૨૪માં હું તેની પત્નીને મળવા ગયો હતો અને તેના મકાનમાં રહ્યો હતો પારસેલ વિલાયત હતો ત્યારે હારવે પણ રજા પર હતો. પારસેલના વિમાના મેં બે વાર્ષમાં રૂ. ૫૦ હજાર ભર્યા હતા. તેના

નફાના ભાગમાં મારા હિસ્સા બદલ મને રૂ. ૨,૩૮,૫૭૦ મળ્યા હતા. પારસેલે સેનીટરી કામ અમને આપવાનું કહ્યું હતું તેથીજ મેં તેને માટે મહેનત કરી હતી. બોમ્બે કંપનીને સેનીટરી કામનો ચાલી દીઠ રૂ ૧૩૦૦૦માં કોન્ટ્રાકટ મળ્યો હતો. તેઓએ રૂ. ૫૦૦-૬૦૦નું ચણતર કામ કરી બાકીનો કોન્ટ્રાકટ અમને રૂ. ૧૦,૫૦૦માં આપ્યો. અમને ૮૪ ચાલીનું કામ મળ્યું. બોમ્બે કંપનીને સૌથી ઉંચા ભાવે કોન્ટ્રાકટ મળ્યો હતો. ગાયાએ અમને ૨૧ ચાલીનું કામ આપ્યું હતું. ચીંતામણી વૈદ્ય ગાયાનો ભાગીદાર હતો પરંતુ તેની વતી કામ તેનો પિતા ડી. આર. વૈદ્ય સંભાળતો. તે અમારા કામમાં દખલ કરતો નહિં. વૈદ્યને મેં વરલી પર જોયો હતો. હારવે તેની સાથે નહોતો.

બાદ મુકર્દમો તા. ૧૦મી પર મુલતવી રહ્યા હતો, પરંતુ નરીમાન બીમાર પડવાથી બીજી બે વધુ મુદતો પછી વધુ તપાસ તા. ૧૭મી સપ્ટેમ્બર પર મુલતવી રહી હતી.

તા. ૧૭–૯–૨૭

તા–૧૭મી સપ્ટેમ્બરે મી. મારકરની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે મને મળેલા રૂ ૨,૩૮,૦૦૦માંથી કંપનીએ કરાંચીમાં કરેલા નુકશાન બદલ મારે રૂ ૪૮,૮૫૭ આપવા પડયા હતા. કંપનીનો હિસાબ મેં કદિ તપાસ્યો નહોતો, હિસાબ રાખવા સાથે પણ મને કાંઇ સંબંધ નહોતો. ૧૯૨૬માં પારસેલના રૂ. ૬૦ હજાર મળ્યા હતા, પરંતુ તેમાંથી મને કાંઇ મળ્યું નહોતું.

ખીલવણી ખાતાના અમલ દરમિયાન મને ૧૬૯ ચાલીનું કામ મળ્યું હતું. ગાયા અને બોમ્બે કંપનીનું કામ સરખું હતું. પરંતુ

ઓમ્બે કંપનીને ગાયા કરતાં ચાલી દીઠ લગભગ ,હજારેક વધારે મળ્યા હતા.

ઓમ્બે કંપનીના કામના મને કુલ રૂ. ૭,૭૯,૦૪૭ અને ગાયા કંપનીના કામના કુલ રૂ. ૨,૦૬,૨૮૬ મળ્યા હતા. ગાયા કંપની સાથેના કરાર મુજબ રૂ. ૧,૭૮,૯૬૨ લેણા પડે પરંતુ ઉપરની રકમ મેં તેઓને ધીરેલાં નાણાં તેમજ વધારાના કામની હતી. ગાયા કંપની પાસે ૧૯૨૫ના એપ્રીલમાં મારા કુલ રૂ ૨,૦૬,૮૨૬ લેણા પડતા હતા. તેઓએ ૬૦ હજાર અને રૂ ૨૫ હજાર મારા નામ પર કરી આપ્યા તે પહેલાં મને માત્ર રૂ ૧૭ હજાર મળ્યા હતા.

૧૯૨૫ના કયા મહીનામાં હારવે વિલાયત ગયો તે હું જાણતો નથી. શંભાજી ભાગોજી ગાયા કંપનીનો ભાગીદાર હતો. વૈદ્યનો છોકરો પણ ભાગીદાર હતો. તેને મેં કામ પર જોયો હતો, પરંતુ તેની સાથે વાતચીત થઈ નથી. હમીદ અને ગઝદર વરલી ખાતાના મેનેજરો હતા. તેઓ સીવરી પર પણ દેખરેખ રાખતા. ગાયા કંપનીએ ખોલવણી ખાતા સામે કેટલી રકમનો દાવો માંડયો છે તે હું જાણતો નથી. હારવે રજા પર જતાં પહેલાં હમીદ અને ગાયા સાથે મસલત કર્યાનું મેં આ મુકદમા દરમીયાનજ જાણ્યું. ગાયાને મેં રૂ. ૬૦ હજાર ધીર્યા હતા. તે નાદાર થયો એટલે તેનું મકાન પુરૂં કરી મેં તેનો કબજો લીધો. પારસેલ સિવાય મેં કોઈને નાણાં ધીરીને તેનો હિસ્સો લખાવી લીધો નથી. સોલીસીટરની સલાહથી રૂ ૬૦ અને ૨૫ હજારની રકમો મારા નામ પર કરવામાં આવી હતી. જો કે તે કંપનીની રકમ હતી. બાદ વધુ તપાસ તા.૧૯મી પર મુલતવી રહી હતી

તા. ૧૯-૯-૨૭

તા-૧૯મીએ મી. મારકરની ઉલટ પાલટ તપાસ આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે સામાન્ય રીતે અમે કોન્ટ્રાક્ટરોને બીલો ન આપતા. તેઓ માગે તોજ આપતા. ગાયા જે કામ સોંપતા તે અમે કરતા અને બીલ રજુ કર્યા વિના પૈસા લેતા. મૂળ ટેન્ડરમાં માલ કેવો વાપરવો તેની વિગત આપવામાં આવતી કામનું માપ ખાતાના અમલદારો કરતા અને કોન્ટ્રાકટરોને તો બીલ મંજુર થયા પછીજ પૈસા મળતા. પરંતુ અમને તો કોન્ટ્રાકટરોજ પૈસા આપતા. માત્ર ગાયાએ મારા નામ પર કરી આપેલાં બીલોજ મને ખાતાં તરફથી મળ્યાં હતાં. નાના કામોનાં અમે બીલો રજુ કરતા કેમકે પછીથી તે ભૂલી ન જવાય.

ગાયાએ મારા નામ પર બે રકમો ચડાવી આપી ત્યારે તેના ખાતા પર લેણા નીકળતા હતા કે નહિં તે હું જાણતો નહોતો, પરંતુ તેનું કામ ચાલુ હતું અને તેણે કહ્યું કે પૈસા મળશે. ખાતામા વાંધા પડેલો હોવાની તેણે મને વાત કરી નહોતી. ગાયાને મજુરોને આપવા પૈસા જોઇતા હતા તેથી મેં તેને બે વખત રૂ. ૨૫૦૦ આપ્યા હતા. કોઇ અમલદારને આપવા માટે મેં તે રૂપીયા આપ્યા હતા તે વાત ખોટી છે. તેણે તે કોઇ અમલદારને આપ્યા ત્યારે હું હાજર હતો એ વાત ખોટી છે. ગાયાનો મહેતો રતીલાલ મારૂં મારગેજનું કામકાજ સંભાળે છે.

હારવે સાથે મારે ધંધાની વાત થઇ નથી. ટેન્ડરો ઘણા અમલદારોના હાથમાંથી પસાર થતા જેમાં હારવે પણ હતો. હું ગાયા સાથે એકજ વખત હમીદને ત્યાં સેનીટરી કામ માટે ગયો હતો.

હું માનું છું કે બોમ્બે કંપનીનું ખાતું ઇન્ડીયા બેન્કમાં હતું. ન્યુમેન લોઈડઝ બેન્કમાં મદદનીશ હતો. તે અને પારસેલ મિત્રો હતા. હું બધા ચેકો પારસેલને આપતો. તે ઇંગ્લાન્ડ ગયો ત્યારે તેના કહેવાથી મેં ચેકો તેના લોઇડઝ બેંકના ખાતામાં મોકલ્યા હતા. જો પારસેલને બોમ્બે કંપનીમાંથી રૂ. ૩,૩૮,૦૦૦ મળ્યા હોય તો મને તેમાંથી અડધા મળે. ૧૯૨૫-૨૬માં મેં બેંકમાંથી રૂ. ૩૦ હજાર જેટલી મોટી રકમો શા માટે ઉપાડી તે હું સમજાવી શકતો નથી.

આ પ્રમાણે મી.મારકરની ઉલટપાલટ તપાસ પુરી થઈ હતી અને મુકદ્દમો તા. ૨૬મી પર મુલતવી રહ્યો હતો

તા. ૨૬-૯-૨૭

તા. ૨૬ મીએ મી. ડેનીયલ શીવરાવ ગાયકવાડની ઉલટપાલટ તપાસ ચાલતાં તેણે રજુ કરેલા કાગળો વિષે કશી માહીતિ હોવાનો ઇનકાર કર્યો.

મી. નરીમાને ૧૯૨૧ થી ૨૫ સુધીમાં હારવેએ જે જે કોન્ટ્રાકટરોના વધારાના દાવા માટે ભલામણ કરી હોય અને જેની સામે નાણા ખાતાએ વાંધો ઉઠાવ્યો હોય તે બધી વિગતો માગી. મી. વેલીંકરે તે સામે વાંધો ઉઠાવ્યો, જે કોર્ટે મંજુર કર્યો

મી.ગાયકવાડે તે પછી બોમ્બે, ફેરો અને ગાયા કંપનીના બીલો રજુ કર્યાં

મી. ગાયકવાડની તપાસ પુરી થતાં મી. વેલીંકરે ફરીઆદ પક્ષનો કેસ પુરો કર્યો

તે પછી મી. નરીમાને પોતાનું લેખિત સ્ટેટમેન્ટ વાંચવું શરૂ કર્યું જે નીચે મુજબ છે.–

શ્રી. નરીમાનનું લેખિત સ્ટેટમેન્ટ.

શ્રીયુત નરીમાને આ મુકદમાને અંગે અદાલતમાં લંબાણથી રજુ કરેલું સ્ટેટમેન્ટ નીચે પ્રમાણે છેઃ—

હું મુંબઇમાં વકીલાતનો ધંધો કરૂં છું. મુંબઇની કોરપોરેશનમાં અને શહેર સુધારા ટ્રસ્ટ કમીટીમાં ચુંટાયેલો સભ્ય છું અને મુંબઇની ધારાસભામાં શહેરના દક્ષિણ વિભાગનો પ્રતિનિધિ છું.

પહેલેથી લડત.

ખીલવણી ખાતું શરૂં કરવામાં આવ્યું ત્યારથી હું તેની સામે ટીકા કરતો આવ્યો છું. તે યોજનાને હું ઉડાઉ અને પ્રજાને નુકશાનકારક લેખું છું. આ યોજના માત્ર મુંબઇનાજ નહિં પરંતુ આખા ઇલાકાના કર ભરનારા ઉપર બોજા રૂપ છે.

ધારાસભામાં ચુંટાયા પહેલાં પણ કોરપોરેશનમાં સવાલ આવતો ત્યારે તેમજ વર્તમાનપત્રોમાં " ખીલવણી ખાતાના ગોટાળા " એ મથાળા નીચે તે ખાતાના વહીવટ, ખરીદી, કોન્ટ્રાકટ વગેરે સામે ટીકા કરતો હતો. સરકાર કોઇ કોઇ વખત છાપા દ્વારા તેનો રદીઓ આપતી.

પ્રજાના પ્રતિનિધિ તરીકેની ફરજ.

૧૯૨૩માં ધારાસભામાં ચુંટાયા પછી ખીલવણી ખાતાને મેં મારો ખાસ વિષય બનાવ્યો અને સભ્ય તરીકે અંદાજપત્ર, ખીલવણી ખાતાનો હેવાલ, તથા બીજા દસ્તાવેજો મને મળી શકતા તે ઉપરથી મેં એ ખાતાનો બારીક અભ્યાસ કરી તેની સામે ટીકા કરવા માંડી. આ ભયંકર ખર્ચ મુંબઈ શહેરમાં અને શહેરને માટે થતો હોઇ શહે-

રના કર ભરનારાઓના હિતને ખાતર તેના પ્રતિનિધિ તરીકે હું આ મારી ફરજ માનતો હતો. કોરપોરેશનના સભ્ય તરીકે ખીલવણી ખાતાની ચાલીઓની યોજનામાં પણ હું રસ લેતો હતો કેમકે એ ચાલીઓ મ્યુનીસીપલ કાયદા પ્રમાણે બાંધવાની હતી તેમજ અમુક મુદત પછી ભારે કરજના બોજા સાથે મ્યુનીસીપાલીટીને સોંપવામાં આવનાર હતી. આમ આ બોજો છેવટે તો મુંબઇના કર ભરનારાઓ માથે પડવાનો હોઇને હું આ સવાલને જાહેર હિતનો માનીને છેક ૧૯૨૧ થી તે વિષય પાછળ ખુબ સમય અને ધ્યાન આપવા લાગ્યો. ધારાસભામાં જોડાયા પછી મેં એ ખાતું તદ્દન બંધ કરાવવા બનતો પ્રયત્ન કરવા માંડયો કેમકે એ ખાતું સરકાર હસ્તકનું હોઇને ધારાસભાનો તેના નાણાં વહિવટ પર અંકુશ નહોતો, જો કે હાલના બંધારણ પ્રમાણે એ ખાતુ અને ખાસ કરીને ચાલીઓનાં યોજના જાહેર બાંધકામ. નીચે આવવાં જોઇએ અને એ રીતે પ્રધાનોને સોંપાયેલા ખાતા તરીકે ધારાસભાનો તેના પર અંકુશ હોવો જોઇએ. મારી તકરાર પહેલેથી એ હતી કે ધારાસભાનો તે ખાતા ઉપર અંકુશ ન હોવાથી ઘણું ઢીલાપણું અને અનિયમિતતા ચાલતાં અને પરિણામે જાહેર નાણાંની ભારે બરબાદી થતી હતી.

ખીલવણી ખાતું બંધ કરવાની ભલામણ

ધારાસભામાં મેં પહેલાં એવો ઠરાવ લાવવા પ્રયત્ન કર્યો કે ખીલવણી ખાતાને સરકારી ખાતા તરીકે બંધ કરી જાહેર બાંધકામ ખાતા તરીકે ગણવું. કમનશીબે ધારાસભાના કામકાજના કાનુનોને લીધે મને એ ઠરાવ રજુ કરવાની તક ન મળી. છેવટે ચાર વર્ષ

પછી જુદા જુદા પ્રતિનિધિ મંડળો અને આસામીઓની એવીજ દરખાસ્તને પરિણામે જે મીઅર્સ કમીટી નીમાઈ તેણે પણ આ ખાતાને ખાસ સરકારી ખાતા તરીકે બંધ કરી જાહેર બાંધકામમાં ગણવાની ભલામણ કરી.

સરકારના ઉડાઉ જવાબો.

મેં ધારાસભામાં આ ખાતાના વહીવટ, સ્ટોરની ખરીદી, ટેન્ડરો, ભાવો વગેરે વિગતો વિષે સવાલો પૂછી સરકાર પાસેથી બનતી હકીકતો કઢાવવા કોશીશ કરી, પરંતુ સરકાર તેના ઉડાઉ જવાબ આપતી. આ ખાતાના સંબંધમાં હું આટલો બધો રસ લેતો હતો તેથી મને જુદે જુદે માર્ગે ઘણી ખબરો મળવા લાગી અને સંજોગો જોતાં તે વિશ્વાસપાત્ર લાગવાથી તે બાબતમાં સ્વતંત્ર તપાસ કરી, ખાત્રી કરીને મેં સરકાર પાસે ખુલાસા માંગ્યા, પરંતુ મને એ ખાતા તરફથી કદી સીધા જવાબ મળતા નહિં. છેવટે ૧૯૨૪ના ઓકટોબરમાં સઘળી માહિતી મેળવ્યા પછી પ્રજાના હિતની ખાતર આ ખાતાના વહીવટની તપાસ જરૂરી જણાઈ અને તેથી ભવિષ્યમાં જે કરોડો રૂપીયા ખર્ચવાના હતા તે બચે એમ માનીને એ બાબતનો ઠરાવ ધારાસભામાં લાવવામાં હું સફળ થયો.

બેહદ મોટા ઓર્ડરો

પરંતુ તે પહેલાં હું મને મળેલી માહિતી વિષે ઉલ્લેખ કરીશ. મારી સામે આરોપો ખાસ કરીને સ્ટોરની ખરીદીને અંગે હોઈને હું તે વિષેની માહિતીજ રજુ કરીશ. મેં જે માહિતી મેળવી હતી અને જેની મેં ખાત્રી કરી હતી તે એ હતી કે જરૂર કરતાં ઘણા

વધારે સરંજામના ઓર્ડરો આપવામાં આવતા અને પરિણામે પ્રજાના નાણાંની બરબાદી થતી હતી. ઘણી વખત માલ પુરો પાડનારાઓ ઓર્ડરના ૫૦ ટકા માલજ પુરો પાડતા તેઓની અને ઓર્ડર આપનાર અમલદારોની વચ્ચે એવી ગોઠવણુજ હતી કે જેને અંગે ઓર્ડરો વધારે પડતા આપવામાં આવતા. જો કે મને મળેલી માહિતી દરીયો પુરવાની આખી યોજના સંબંધી છે તોપણ અહિં તો હું ચાલીઓ બાંધવા વિષેની હકિકતજ રજુ કરીશ.

ધારાસભાના સભ્યોને આપવામાં આવતા દસ્તાવેજો અને કેટલાક મિત્રોની સલાહ લઇને ચાલીઓ બાંધવા માટે જોઇતા સામાનની વિગતો મેં નકકી કરી. દસ્તાવેજો ઉપરથી દરેક વર્ષમાં અને ખાસ કરીને ૧૯૨૧–૨૨ માં બાંધવામાં આવનારી ચાલોની વિગત મેં જાણી લીધી. એ વર્ષમાં કેટલી ચાલો બાંધવાની છે, તેને માટે કેટલી જમીન મળી શકશે અને કુલ કેટલી ચાલો બંધાશે તે મેં જાણી લીધું. એટલી માહિતી મેળવ્યા પછી ખીલવણી ખાના તરફથી કેટલા સરંજામના ઓર્ડર અપાય છે તેના ઉપર મેં ચાંપતી નજર રાખી અને ઓર્ડરોની અને જરૂરીયાત વચ્ચે સરખામણી કરી જોતાં મને જણાયું કે લોખંડના સળીયા, સીમેન્ટ અને બીજી બધી વસ્તુઓ માટે જોઇએ તે કરતાં હદ બહાર વધારેનો ઓર્ડર અપાયો હતો આ ઉપરાંત બીજી અનિયમિતતા એ હતી કે જાહેર બાંધકામના કાનુન મુજબ હિંદમાં ન બનતો હોય તેવોજ માલ હાઇ કમીશનર મારફત વિલાયતથી મંગાવવો. આમ છતાં ૨૦૦૦ ટન લોખંડના સળીયાનો ઓર્ડર જીઓ. સરવાસ કંપનીને આપવામાં આવ્યો હતો, જો કે તે વર્ષે જરૂર માત્ર ૨૦૦ થી ૩૦૦ ટનની હતી. જીઓ.

સરવીસ કંપનીને અપાયેલા ઓર્ડરોની બારીક તપાસ અને ઇજનેર મિત્રોની મદદથી મારી ખાત્રી થઇ કે ઓર્ડરો અચોક્કસ હતા ઓર્ડરો બાંધવા ધારેલી તેથી પણ વધુ ચાલો બાંધવા પુરતા થઇ પડે એવા જુદા જુદા માપના સળીયાના ઓર્ડરો અપાયા હતા અને દરેકનો જથ્થો જરૂરીયાત કરતાં વધુ હતો. (જુઓ જીઓ. સરવીસ ૧૯૨૧–૨૨ નું ઇન્ડેન્ટ અને મી. સાઇકસની જુબાની) મી સાઇ- કસની જુબાની પ્રમાણે ૭/૮" ના સળીયા ૧૦૨ ચાલો માટે, ૩/૪"ના સળીયા ૬૦ ચાલો માટે અને ૫/૬"×૨૦"ના સળીયા ૨૧૬ ચાલો માટે પુરતા છે. મેં એ પણ ખાત્રી કરી લીધી હતી કે કેટલાક ચાલો કોન્ટ્રાકટથી બાંધવાની હતી જેમાં કોન્ટ્રાકટરોજ સામાન પુરો પાડવાના હતા એટલે ખીલવણી ખાતાને તો ભાગ્યેજ ૩૦૦ ટન સળીયાની જરૂર હતી, છતાં એકજ ઓર્ડર ૨૦૦૦ ટનનો હતો. સામાન્ય રીતે આવા મોટા ઓર્ડરો હાઇ કમીશનરને મોકલવા જોઇએ તેને બદલે અહિંજ શા માટે ઓર્ડર મુકવામાં આવ્યો તે પણ નથી સમજાતું. વધુ તપાસ કરતા જણાયુ કે જીઓ. સરવીસ કંપની મેસર્સ રીચાર્ડસન અને ક્રુડાસની કે જેઓ દીલ્હીના શાહી કામકાજમાં માલ પુરો પાડતો હતા તેનાજ એક શાખા હતી આથી હું વધુ તપાસ કરવા પ્રેરાયો અને ખેદ જણાયો કે દીલ્હીના શાહી કામમાં જેઓ સાથે કામ કરતા હતા તેઓ પાછા અહિં એક સાથે એકઠા મળ્યા હતા. વધારે શંકા તો એમ પડી કે મી. સાઇકસ જે દીલ્હીમાં સામાન ખાતાનો વડો અને કારોબારી ઇજનેર હતો તેજ અહિં પણ સામાન ખાતાનો વડો અને દેખરેખ રાખનાર ઇજનેર હતો. ફરી- યાદી મી. હાર્વે જે દીલ્હીમાં બાંધકામનો વડો હતો તે અહિં પણ

બાંધકામનો વડો દેખરેખ રાખનાર ઇજનેર હતો. મી. હાર્વેનો માનીતો મદદનીશ મી. અબદુલ હમીદ પણ દીલ્હીથી અહિં કારોબારી ઈજનેર તરીકે આવ્યો હતો. મી. હમીદે પોતાના માનીતા મદદનીશ મી ગઝદરને હૈદ્રાબાદથી અહિં પોતાના મદદનીશ તરીકે બોલાવ્યો, અને મી હાર્વેએ પોતાના માનીતા મી. ક્રીષ્ણાસ્વામી આયરને પોતાના મદદનીશ તરીકે બોલાવ્યો અને બધી ગોઠવણો એવી થઇ કે એમને એકજ વિભાગમાં રાખવામાં આવ્યા. મને એ પણ ખબર મળી કે દીલ્હી ખાતેના બીજા નાના અમલદારો, કોન્ટ્રાકટરો અને માલ પુરો પાડનારાઓ જેઓને દીલ્હીમાં એ અમલદારો સાથે કામકાજ પડતું હતું તેઓએ મુંબઇમાં નવી પેઢીઓ ખોલી અને એજ અમલદાર સાથે અહિં પણ કામકાજ શરૂ કર્યું. મી. લુઇસ કે જે દરિયાની પુરવણી ખાતાનો મૂખ્ય ઇજનેર હતો. તે દીલ્હીમાં પણ મુખ્ય ઇજનેર હતો. આમ બધા અમલદારો એના એ જાતના હોદ્દા પર ફરી એકઠા મળે એ માત્ર અકસ્માતથી બન્યું હોય એમ મને ન લાગ્યું.

અમલદાર ટોળકી.

આપ નામદારનું આ અમલદાર મંડળની રચના પર ધ્યાન ખેંચવા હું તેની યાદી રજુ કરૂં છું:—

(૧) મી. લુઇસ—દીલ્હીમાં મૂખ્ય ઇજનેર; અહિં દરિયાની પૂરવણીના મૂખ્ય ઇજનેર.

(૨) મી. સાઇકસ- દીલ્હીમાં સામાન ખાતાના કારોબારી ઇજનેર; અહિં સામાન ખાતાના દેખરેખ રાખનાર ઇજનેર.

(૩) મી. હારવે--દીલ્હીમાં બાંધકામ ખાતાના કારોબારી ઇજનેર; અહિં બાંધકામ ખાતાના દેખરેખ રાખનાર ઇજનેર.

(૪) મી. હમીદ--દીલ્હીમાં બાંધકામ ખાતાના મદદનીશ ઇજનેર; અહિં કારોબારી ઇજનેર અને કામચલાઉ દેખરેખ રાખનાર ઇજનેર:

(૫) મી. કનૈયાલાલ-દીલ્હીમાં મી. સાઇકસના મદદનીશ ઇજનેર: અહિં પણ તેના મદદનીશ.

(૬) મી. ગઝદર—હૈદ્રાબાદમાં મી. હમીદના મદદનીશ ઇજનેર; અહિં પણ તેના મદદનીશ અને કામચલાઉ કારોબારી ઇજનેર.

(૭) મી. કીષ્ણાસ્વામી—મી. હારવે મદ્રાસના જાહેર બાંધકામ ખાતાંમાં હતા ત્યારે તેમના મદદનીશ ઇજનેર; અહિં પણ તેમના હાથ નીચે કારોબારી ઇજનેર.

આ સિવાય બીજા અમલદારો વિષે હું જાણતો નથી. કેમકે તેઓ દરીયાની પુરવણી ખાતામાં છે મી. લુઇસનો ઉલ્લેખ કર્યો છે કેમકે તે ચાલીના બાંધકામ ખાતામાં હતો તેમજ મી. હારવે સાથે જોડાયેલો હતો. આ ઉપરાંત બીજા નાના અમલદારો તો મેં જણાવ્યા નથી. અહિં સાથે એકઠા મળેલા કોન્ટ્રાકટરોનું લીસ્ટ હવે પછી રજુ કરીશ.

ઉંચા ભાવો અને ખાસ સગવડ.

આ ઉપરાંત દીલ્હીમાં જે અમલદારે મેસર્સ રીચાર્ડસન કુડાસને ઓર્ડરો આપ્યા હતા તેજ અમલદારે જીઓ. સરવીસ કં. ને ઓર્ડર આપ્યો હતો. જાહેર બાંધકામના કાનુન મુજબ હાઈ કમીશનરને ઓર્ડર આપવાને બદલે અહિં શા માટે

ઓર્ડર આપવામાં આવ્યો ? હદ બહાર વધારે ઓર્ડર શા માટે આપવામાં આવ્યો ? દીલ્હીમાં જે પેઢી સાથે કામ પાડવામાં આવ્યું હતું તેનેજ અહિં શા માટે ઓર્ડર આપવામાં આવ્યો ? વગેરે બાબતો મને તપાસવા જેવી લાગી. માલની તાકીદે જરૂર હતી અથવા તો જીઓ. સરવીસ પાસે માલનો જથ્થો હતો માટે તેને ઓર્ડર આપવામાં આવ્યો હતો કે કેમ ? તેની તપાસ કરતાં જણાયું કે તેઓ પાસે માલ નહોતો અને તેઓ વિલાયતથીજ મંગાવવાના હતા. એટલે વખતના બચાવનું પણ બહાનું કાઢી શકાય નહિં કેમકે હાઇ કમીશનરને તાર કર્યો હોત તો પણ એટલાજ સમયમાં માલ આવી પહોંચત વધુ તપાસ કરતાં જણાયું કે જીઓ. સરવીસ સાથે નકકી કરેલો ભાવ બજાર ભાવ કરતાં વધારે હતો. જો ઇંગ્લાન્ડ હાઇ કમીશનરને ઓર્ડર આપવામાં આવ્યો હોત તો ૧૬૦ રૂપીયે ટન પડત તેને બદલે જીઓ. સરવીસને રૂ.૨૧૮માં આપવામાં આવ્યા હતા. પહેલાં તેની સાથે રૂ. ૨૧૨ નકકી થયા હતા પરંતુ હુંડીયામણને બહાને તે વધારીને રૂ. ૨૧૮ કરી આપવામાં આવ્યા હતા. એટલે આ ફેરફાર પણ નિયમ વિરૂધ્ધ હતો કેમકે ટેન્ડર લેતી વખતેજ હુંડીયામણનો ભાવ ધ્યાનમાં લેવાયજ છે. મારી માહિતી પ્રમાણે જાણીતી કંપનીઓના ઓછા ભાવના ટેન્ડરો નામંજુર કરવામાં આવ્યા હતા ફરિઆદ પક્ષ ચોકકસ નથી જણાવતો કે જીઓ. સરવીસ કંપનીનું ટેન્ડર સૌથી નીચા ભાવનું હતું તેમજ તે બીજા ટેન્ડરો પણ રજુ કરતો નથી. એ કંપનીને બીજી સગવડો પણ આપવામાં આવતી. કોન્ટ્રાકટના નિયમ મુજબ માલની ડીલીવરી લેતાં પહેલાં માલની બારીક તપાસ લેવાય છે અને જો તે કોન્ટ્રાકટ મુજબ ન હોય તો કોન્ટ્રાકટરના જોખમે નામંજુર કરવામાં આવે છે. આ

શરતનું જાહેર ખાતામાં કડક રીતે પાલન કરવામાં આવે છે અને ઘણી વખત કોન્ટ્રાકટરને ભારે નુકશાન ખમીને પણ કોન્ટ્રાકટ મુજબ માલ પુરો પાડવો પડે છે. જીઓ. સરવીસ કંપનીના સંબંધમાં આ શરત જતી કરવામાં આવી હતી અને તેઓને પોતાના કારખાના- વાલાના સર્ટીફીકેટને આધારે માલ પુરો પાડવા દેવામાં આવતો હતો.

માનીતી પેઢીઓને ઓર્ડરો.

આ પ્રમાણે બીજા સામાનનો પણ જોઇએ તે કરતાં વધુ અને વધારે ભાવે ઓર્ડર આપવામાં આવતો. આ પહેલોજ મોટો ઓર્ડર હતો તેમજ તે વખતે હું ધારાસભામાં નહોતો એટલે મારે ધારાસભામાં મિત્રો મારફતજ કામ લેવાનું હતું. વળી આ વિષય આગળ શું બને છે તે પણ હું જોવા ઇચ્છતો હતો કેમકે મને લાગ્યું કે આ પહેલોજ ઓર્ડર હોઇને વખતે ભૂલથી કે બીનઅનુભવીપણાને લીધે હદ બહારનો ઓર્ડર અપાયો હશે અથવા તો બીજું કંઇ કારણ હશે કે જે મારા જાણવામાં ન હોય. વળી આ બાબતમાં કોની કોની જવાબદારી છે તે નક્કી કરવા પુરતી મારી માહિતી નહોતી. આમ છતાં ધારાસભાનું કામકાજ હું બરાબર વાંચી જતો અને ધારાસભામાંના મિત્રો માર- ફત માહિતી મેળવવા પ્રયત્ન કરતો.

વળી તપાસ કરતાં મારી ખાત્રી થઇ કે જીઓ. સરવીસને હદ- બહારનો મોટો ઓર્ડર આપવા ઉપરાંત બીજી સ્થાનિક પેઢીઓને પણ જુદા જુદા માપના લોખંડના સળીયાના ઓર્ડરો આપ- વામાં આવ્યા હતા. જીઓ. સરવીસને આપવામાં આવેલા ઓર્ડરના માપનાજ ઓર્ડરો બીજી પેઢીઓને પણ શા માટે

આપવામાં આવ્યા હશે તે હું સમજી શકયો નહિ. વધુ તપાસ કરતાં એ પણ જણાયું કે જેમનો જે ધંધો નહોતો એવી જાતના ઓર્ડરો કેટલીક સાર્નીની પેઢીઓને વધારે ઉંચા ભાવે આપવામાં આવ્યા હતા.

ઇન્ડેન્ટમાં ફેરફાર અને ખોટા જવાબ.

આવા કારણોને લીધે પહેલાં ઓર્ડર વખતે મેં કાંઇ પગલાં ન લીધાં અને બીજા વર્ષના કાર્યક્રમ તપાસતો રહ્યો. ૧૯૨૨–૨૩ ના વર્ષમાં કેટલી ચાલો બાંધવાની છે? તેમાં કેટલો સામાન જોઇશે? વિગેરે મેં મિત્રોની મદદથી જાણી લીધું. ૧૯૨૨ ના ઓગસ્ટમાં બીજો ઓર્ડર આપવામાં આવ્યો અને મને ખબર મળી કે આ ઓર્ડર પણ જરૂરીયાત કરતાં વધારે છે. આ વખતે કારોબારી ઇજનેરે જરૂરીયાતની યોગ્ય યાદી કરી હતી પરંતુ દેખરેખ રાખનાર ઇજનેરે તેમાં ફેરફાર કર્યો અને ૬ લાખ રૂપીયાના નહિ જોઇતા માપના સળીયાનો ઓર્ડર મૂકવામાં આવ્યો. તેના ભાવ પણ બજારભાવ કરતાં ટન દીઠ ૩૦ થી ૪૦ રૂપીયા વધારે હતા. આ ઓર્ડર મેસર્સ સાલેભાઇ તૈયબજી એન્ડ સન્સને આપવામાં આવ્યો હતો. મેં માન્યું કે આગલા વર્ષના વધારે પડતા ઓર્ડરને લીધે ઘણો માલ સીલકમાં હશે તેથી તાકીદના બહાના હેઠળ નિયમ વિરૂદ્ધ જઇને સ્થાનિક પેઢીને ઓર્ડર આપવાનું જરૂરી નહિં લેખાય. આમ બે વખત વધારે પડતા ઓર્ડરો અપાયા અને બીજી વખત તો કારોબારી ઇજનેરની યાદીમાં દેખરેખ રાખનાર ઇજનેરે દખલગીરી કરી હતી તેથી મને શંકા ગઇ. પણ હું ધારાસભામાં નહોતો એટલે મિત્રો મારફતજ માહિતી મેળવવાની હતી. ધારાસભામાં લોખંડના સળીયાની ખરીદી સબંધી ખોટી ખબરો આપવામાં આવતી હતી

તેથી મારી શંકા વધી. મેં એક મિત્ર મારફત ખાત્રી કરી કે ધારાસભામાં મી. ત્રીવેદીના પ્રશ્નનો એ ખાતા તરફથી અપાયેલો જવાબ ખોટો હતો. તે જવાબમાં જીઓ. સરવીસને અપાયેલા ઓર્ડરની વાત ઉડાવી દેવામાં આવી હતી. એ ભૂલ માટે હવે જે ખુલાસો કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે તે વિશ્વાસપાત્ર નથી લાગતો. મી ત્રીવેદીનો સવાલ સાદો હતો અને તેમાં ભૂલ થવાને જરાયે કારણ નહોતું. જવાબમાં જીઓ. સરવીસને અપાયેલા ઓર્ડરના ૨૦૦૦ ટનનો સમાવેશ થવો જોઇતો હતો. પરંતુ જવાબ બીજા ઓર્ડર વિષે હોય તોપણ ખોટા માપના સળીયાનો ઓર્ડર અપાયાના પ્રશ્નનો ઇનકાર ખોટો હતો. આમ પ્રજાની જાણથી હકીકત છુપાવવાની વલણથી કુદરતી રીતે મને તેમજ જેઓ આ વિષયના પરિચયમાં હતા તેમને શંકા જવા લાગી.

સરકારી અમલદારોને કમીશન.

આમ બીજી વખત પણ સળીયા અને બીજા બધા સામાનના વધારે પડતા ઓર્ડરો અપાયાથી મારી શંકા વધી અને મેં તપાસ ચાલુ રાખી. સાલેભાઇ તૈયબજીની કંપની સાથે એ સોદા વખતે જોડાયેલા માણસ પાસેથી મને ભરોસાપાત્ર બાતમી મળી કે એ કંપનીએ એક સપ્લાઇ એજંસી અથવા ડીપાર્ટમેન્ટ ખોલ્યું છે અને તેનું મુખ્ય કામ બીલવણી ખાતા અને સરકારી ખાતાઓના ઓર્ડરો મેળવવાનું છે. એ ખાતાનો વહીવટ વડી પેઢીનો અમુક માણસ કરે છે અને તેને ઓર્ડરો મેળવવા પર કમીશન મળે છે. ૧૯૨૨-૨૩ના એ ખાતાના હિસાબ સરકારી અમલદારોને કમીશન માટે મોટી રકમો

અપાયેલી ઉધારેલી છે અને તે પ્રમાણે સાલેભાઇ તૈયબજીની કંપનીના ચોપડામાં હિસાબ નખાયો છે. સાલેભાઈ તૈયબજીની કંપની આટલી તાજી મુદતના ચોપડાનો નાશ કર્યાનું જણાવે છે તે માનવા જેવું નથી. અને તેઓ એ ચોપડા રજુ નથી કરતા એ ઉપરથી આપ નામદાર અનુમાન કરી શકશો કે મારી માહિતી સાચી છે.

સાલેભાઇ તૈયબજીના ચોપડા વિષેના આ અનુમાનને એ વાત ઉપરથી ટેકો મળે છે કે બીજે વર્ષે ઇન્કમ ટેક્ષ માટે ચોપડા માગવામાં આવતાં તેઓએ ચોપડા રજુ ન કર્યા પરંતુ નફા તોટાનું સરવાયુંજ રજુ કર્યું. તેમાં ખર્ચ ખાતે રૂ. ૨૫૦૦૦ કમીશન ખાતે ઉધાર્યા હતા. ઇન્કમટેક્ષ ખાતાએ ચોપડા જોયા વિના એવડી મોટી રકામ કમીશન ખર્ચ ખાતે કબુલ રાખવા ના પાડી એટલે કંપનીએ ચોપડા બતાવવાને બદલે આકારવામાં આવેલો ઇન્કમ ટેક્ષ ભરી દીધો.

ચોપડા રજુ થયા હોત તો જણાત કે સાલેભાઇ તૈયબજી કંપનીને બજારભાવ કરતાં ઉંચો ભાવ આપવામાં આવ્યો હતો અને તેથી ખાતાને અને એ રીતે પ્રજાને રૂ. ૪૦૦૦૦ કરતાં વધુ ખોટ ખમવી પડી હતી.

હીંદી વજીરનો ખરીતો.

હિંદી વજીરે સ્થાનિક ખરીદી તરફ નાપસંદગી દેખાડતા પોતાના ખરીતામાં એ વખતનો ઇગ્લાંડનો ભાવ ૧૦ પો. ૧૭ શી. જણાવ્યો જે એ વખતના હુંડીના ભાવે ટનના રૂ. ૧૬૦ થાય છે, જ્યારે સાલેભાઇ તૈયબજીની કંપનીને રૂ. ૧૯૭–૮·૦ અને ૨૩૯ના ભાવો આપવામાં આવ્યા છે. સ્થાનિક ખરીદી માટે અરજી અને તેની મંજુરીમાં જણાવેલા ભાવો બજારભાવ કરતા ઉંચા હોવા છતાં સાલેભાઇ તૈયબજીને એથીયે

વધારે ભાવ આપવામાં આવ્યા છે. તેમને આપેલા ભાવો ખુદ ખીલવણી ખાતાએ એજ માપના સળીયાઓની બીજા વેપારીઓ પાસેથી કરેલી હજારો ટનની ખરીદી માટે નથી આપ્યા. સાલેભાઈ તયબજીને મોટો ઓર્ડર આપવામાં આવ્યો હતો એટલે તેમના ભાવો પ્રમાણમાં ઓછા હોવા જોઇએ તેને બદલે સૌથી વધારે હતા. સાલેભાઈ તૈયબજીને લોખંડનો આવડો મોટો ઓર્ડર આ પહેલોજ હોવાથી અને તેમનો એ ધંધો નહિં હોવાથી, ખીલવણી ખાતાની સાથે તેમણે પણ નવું ખાતું ખોલ્યું. અને ખીલવણી ખાતુ બંધ થવાની સાથે તેમનું ખાતુંયે બંધ થયું.

ફરિયાદી અને મી. સાઇકસ પોતાની જુબાનીમાં જણાવે છે કે સળીયા તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૨૨ સુધીમાં જલદી જોઇતા હતા તેથી સાલેભાઈ તૈયબજીને ઓર્ડર આપ્યો હતો પરંતુ કારોબારી ઇજનેરના સ્ટેટમેન્ટો ઉપરથી આપ જોઈ શકશો કે જુદા જુદા માપના ૧૬૦૦ ટન સળીયા સીલ્લકમાં હતા, જે મહીનાઓ સુધી ચાલત અને હાઇ કમીશનરને ઓર્ડર આપ્યો હોત તો ૧૯૨૩ના જાન્યુઆરીમાં તો માલ આવી પહોંચત. એટલે સાલેભાઇ તૈયબજીને ઓર્ડર આપવાની તાકીદ તો કશીજ નહોતી.

તાકીદને બહાને ઓર્ડર આપવામાં આવ્યો હતો, પરંતુ ડીલીવરી મોડીજ થઇ હતી. અને કોન્ટ્રાકટની રૂએ તે માટે રૂ. ૨૮૦૦૦નો દંડ કંપનીએ ભરવાનો હતો. આમ છતાં માત્ર રૂ. ૬૦૦૦ લેવામાં આવ્યા અને રૂ. ૨૨૦૦૦ માંડી વાળવામાં આવ્યા.

મી. હારવેની જવાબદારી.

ફરિયાદી આ ઓર્ડરો સાથે પોતાને કાંઇ લેવા દેવા નહોતું એમ

દેખાડવા પ્રયત્ન કરે છે, પરંતુ મી. સાઈકસની જુબાની પ્રમાણે સઘળી જવાબદારી મી. હારવેની છે. મી. સાઈકસ તેની સુચના પ્રમાણેજ ઓર્ડર આપતો. માપ, જાત, જથ્થો વગેરે નક્કી કરવાનું મી. હારવેના હાથમાં હતું. અને તે માલ તાકીદે માગે તો મી. સાઈકસ સ્થાનિક ખરીદી માટે અરજી કરતો. તે કહે છે કે મી. હારવેના નિર્ણયમાં વચ્ચે પડવાનો તેને કશો હક્ક નહોતો એટલે જીઓ. સરવીસ અને સાલેભાઈ તૈયબજીવાળા ઓર્ડરોની જવાબદારીનો મી. હારવે ઇનકાર કરે છે, પરંતુ જુબાની ઉપરથી એજ જવાબદાર ઠરે છે.

૧૯૨૩માં હું ધારાસભામાં ચુંટાયો અને ખોલવણી ખાતા પર ખાસ ધ્યાન આપવાનો મેં નિશ્ચય કર્યો.

ધારાસભામાં લડત.

ધારાસભામાં જોડાયા પછી સ્ટોર, કોન્ટ્રાક્ટ વિગેરે સંબંધી મને વધુ માહિતી મળતીજ રહી. મેં ધારાસભામાં ૧૯૨૨-૨૩ના લોખંડના સળીયાના ઓર્ડર વિષે સવાલ પૂછયો કેમકે ખોટા માપના અને જોઇએ તે કરતાં વધારે સળીયાના ઓર્ડરની મને ખબર હતી. મને અસંતોષકારક અને મી. ત્રીવેદીને અગાઉ આપેલો તેથી ઉલટો જવાબ મળ્યો. મારા સવાલના જવાબમાં કબુલ કરવામાં આવ્યું કે ભૂલથી ખોટા માપના સળીયાનો ઓર્ડર અપાયો હતો. જે વાતનો પહેલાં ઇનકાર કરવામાં આવ્યો હતો. આ ખાતું બંધ કરવાનો મારો ઠરાવ રજુ ન થઇ શકયો એટલે મેં બીનસરકારી સ્વતંત્ર તપાસનો ઠરાવ લાવવા હિલચાલ કરી કેમકે સરકારની વલણ, ધારાસભામાં જવાબો વગેરે જોતાં સરકારી તપાસમાં મને

વિશ્વાસ નહોતો કેમકે એવી તપાસોનું પરિણામ ઢાંક પીછોડામાંજ આવે છે. ૧૯૨૪ના ઓકટોબરમાં મેં એ ઠરાવ રજુ કર્યો અને તેની ચર્ચા દરમીયાન મેં એ ખાતામાં ચાલતા ગોટાળા અને અનિયમિતતાના આક્ષેપો મૂકયા—મેં ખાસ આક્ષેપો નહોતા મૂકયા, કેમકે મેં તે કમીટી નીમાય તો તેની સમક્ષ રજુ કરવા ધાર્યા હતા. જો કાઉન્સીલમાં હું બધો ભેદ ખોલી દઉં તો પુરાવાઓનો નાશ કરવામાં આવે એવો મને ભય હતો. મારો ઠરાવ નીચે મુજબ છે:—

ધારાસભાનો ઠરાવ.

આ ધારાસભા સરકારને ભલામણ કરે છે કે:-

(અ) ખોલવણી ખાતાના વહીવટ અને કામકાજની તપાસ કરવા, કરકસરના માર્ગો અને સાધનો સુચવવા અને આ યોજના ચાલુ રાખવી ડહાપણ ભરી છે કે નહિં તેનો રીપોર્ટ કરવા બીનઅમલદારી અને ચુંટાયેલા બાર સભ્યોની કમીટી નીમવી.

(બ) એ કમીટીની સાથે સહકાર કરવા અને કમીટીને તપાસ અને રીપોર્ટ કરવામાં સઘળી સગવડતા આપવા ખોલવણી ખાતાને ફરજી કરવી.

(ક) કમીટીને મદદ કરવા એક સ્વતંત્ર અમલદાર કે અનુભવી નીમવો.

પ્રજાના ૩૦ કરોડ રૂપીયાનું શું થાય છે?

ઠરાવ રજુ કરતાં મેં આવી તપાસ કરવા દેવા સરકારને આગ્રહ ભરી અરજ કરી, જે મારા ભાષણના નીચેના ફકરા પરથી જણાશે:—

"જે ખાતામાં પ્રજાએ પોતાના ૩૦ કરોડ રૂપીયા
ર્યા છે તેના વહીવટની તપાસ કરવા અને કરકસર કરવા
ધારા સુચવવા અને એ રીતે બની શકે તેટલો નાણાંનો બચાવ
રવાના પ્રજાના અથવા તેમના પ્રતિનિધિઓના હક્કનો સરકાર
ક્ષ શું ઇનકાર કરશે? ધારો કે સરકારના જનરલ મેમ્બર આ સભાની
ાત્રી કરી આપવા તૈયાર હોય કે આ ખાતું નફાજ કરવાનું છે—કે
ને વિષે અમને ઘણાને શંકા છે—અને કબુલ કરીએ કે આ ખાતું
ફો કરવાનું છે તો પણ પ્રજાના ૩૦ કરોડ રૂપીયાનું શું થાય
, પડદા પાછળ શું થઇ રહ્યું છે તેની તપાસ માત્ર કરવાની
ઓ ના કેમ પાડી શકે! તેમાં દખલ કરવાની કે તેના નાણાં વહીવટ
પર અંકુશ રાખવાની વાત તો દૂર રહી."

ચર્ચા દરમીયાન મેં મી. મીક અને મી. બુકાનનને અપાયેલા ૨ ટકા
મીશનનો ઉલ્લેખ કર્યો હતો અને તે એકજ વાત તપાસ કરવાને પુરતું
ારણ હતું. તેઓ દરિયાની પુરવણી ખાતાના ખાસ સલાહકાર ઇજનેરો
ા અને તેમને ખરીદીઓની ભલામણ કરવાની સત્તા હતી અને
મની ભલામણથી કરેલી ખરીદીઓ પર તેમને ૨ ટકા કમીશન અપાતું
તું.

મને માત્ર ૩૦ મીનીટ મળી હતી અને પ્રમુખ મને વારંવાર સમયની
ાદ આપ્યા કરતા હતા તેથી હું વધારે વિગતમાં ઉતરી શકયો નહિં અને
ાચેના ઉદ્દગારો સાથે મેં મારૂં ભાષણ સમાપ્ત કર્યું.

સરકારને ચેલેંજ

"પ્રજાના વતી હું આ ચેલેંજ કરૂં છું. તપાસ માગું છું. જો

તમે ના પાડશો તો તપાસમાં શંકા લાવવાની તમેજ અમને ફરજ પાડો છો. જો તમારે શંકા દુર કરવી હોય તો એ ખાતાની ભલાની ખાતર તપાસમાંથી છટકવું નથી જોઇતું, જનરલ મેમ્બર કહે છે કે તેમને અમે પૂછીએ તે માહિતી આપવા તૈયાર છે. હું કહું છું કે જો તેઓ માહિતી આપવા તૈયાર છે. તો પછી એવી માહિતી માગનાર અમુક કમીટીને માહિતી આપવા અને સુચના કરવા દેવા તેઓ શા માટે વાંધો ઉઠાવે છે? અને જો તેઓ આ સુચના સ્વીકારવા તૈયાર ન હોય તો એ ખાતાની વિરૂદ્ધજ અનુમાન બંધાશે અને તે પ્રજાના શંકા મજબુત કરશે."

મેં મારા ભાષણમાંથી માત્ર બેજ ફકરા ટાંકયા છે, પરંતુ તે ઉપરથી દેખાશે કે તે વખતે પણ મારી પાસેની માહિતી પ્રમાણે મને એ ખાતાના ગોટાળા વિષે શંકા હતી.

"નજીવી ભુલ"ની દલીલ

ચર્ચા દરમિયાન બીજા એક સભ્યે પણ લોખંડના સળીયાની બાબતમાં ઉલ્લેખ કર્યો હતો, જેનો ખીલવણી ખાતાના ડીરેકટરે એવો જવાબ આપ્યો હતો કે, "આ એક નજીવી ભૂલ હતી, જે બહુ મોટી કરી દેખાડવામાં આવે છે. સરકારને તેથી કાંઇ નુકશાન નથી કેમકે મોટા માપના સળીયા વાપરવાથી સીમેન્ટમાં બચાવ થયો હતો."

મુદ્દાની વાત એ છે કે ઇરાદાપૂર્વક ખોટા માપના સળીયાનો જોઇએ તે કરતાં વધારે ઓર્ડર આપવામાં આવ્યો હતો એવો સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવ્યા છતાં તે ખાતાના વડાએ એ ભૂલ કેમ થઇ તેનો ખુલાસો કર્યોજ નહિં

એ ચર્ચાને અંતે જવાબમાં મેં કહ્યું હતું કે "ખીલવણી ખાતાના આખાયે વહીવટ એટલે કે કોન્ટ્રાક્ટ, ઓફીસ, ટેન્ડરો, સ્ટોર ખરીદી વગેરેમાં ચાલતા ગોટાળાની તપાસ કરનારી કમીટી હું માગું છું. ધારાસભાના પ્રતિનિધિઓ આ બધી બાબતો તપાસે એમ હું ઈચ્છુ છું. આ અગત્યનો ઠરાવ સ્વીકારવાથી જાહેર તપાસમાંથી સરકાર છટકવા માગે છે એ શંકા દુર થશે."

ધારાસભાના ઠરાવની અવગણના.

સરકારે મારા ઠરાવનો મજબુત વિરોધ કર્યો અને ઠરાવ પર મતની વહેંચણી માગી અને ઠરાવ પસાર થયો. પરંતુ હું અને આ બાબતમાં રસ લેતા બીજા કેટલાક સભ્યો કમીટીની નીમણુંકની રાહ જોતાજ રહ્યા. કમીટી નજ નીમાઇ પરંતુ સલાહકાર કમીટીમાં જોડાવા માટે મને અને બીજા બે ત્રણ સભ્યોને સરકારનું આમંત્રણ મળ્યું. કમીટીનું કામ માત્ર યોજના ક્યાં સુધી ચાલુ રાખવી અને કેટલી ઓછી કરવી તે વિષે સરકારને માત્ર સલાહ આપવાનુંજ હતું. કમીટીને મારા ઠરાવ પ્રમાણેની તપાસ કરવાની કશી સત્તા નહોતી. જો એ કમીટીને ખીલવણી ખાતાના પાછલા કામની તપાસ કરવાની સત્તા આપવામાં આવે અને કમીટીનું નામ સલાહકારને બદલે સલાહકાર અને તપાસ કરનાર રાખવામાં આવે તો તેમાં જોડાવાની મેં હા પાડી. સરકારે આ સુચના ન સ્વીકારી અને અમે તેમાં જોડાવા ના પાડી કેમકે માત્ર સલાહકાર કમીટીમાં જોડાવાથી ખાતાના પાછલા કામકાજની તપાસ કરવાનો અમારો હેતુ સરે તેમ નહોતું. સરકારે એ કમીટીની સત્તા વધારી, નહિં તેમજ મારા ઠરાવ પ્રમાણે બીન અમલદારી

કમીટી નીમી પણ નહિં. એટલે તે તપાસમાંથી છટકવા ઇચ્છે છે એવી છાપ પડી ગઇ.

ઠપકાની દરખાસ્ત.

આ પછી આ વિષયની ચર્ચા માટે બીજી તક ૧૯૨૫ ના ફેબ્રુઆરી–માર્ચમાં અંદાજપત્ર વખતે મળી, જે પ્રસંગે સામાન્ય નિયમ મુજબ ખીલવણી ખાતાની ૧ કરોડ ૫૭ લાખની માગણીમાં મેં ૬૨ લાખનો કાપ મૂકવાની દરખાસ્ત રજુ કરી. આ દરખાસ્તનો હેતુ કાઉન્સીલના ઠરાવનો અમલ નહિં કરવાની સરકારની વલણ સામે પ્રોટેસ્ટ કરવાનો હતો અને આ ખાતાના ગેરવહીવટ સામે ઠપકાની દરખાસ્ત પણ મેં રજુ કરી. ચર્ચા દરમીયાન મેં એ પણ સ્પષ્ટ કર્યું કે આ યોજના ચાલુ રાખવી કે કેમ? અને આ ખાતાના વહીવટની તપાસ એ બે પ્રશ્નોને એકબીજા સાથે ભેળવી દઇને સરકાર આ બાબત ઢાંકી દેવા પ્રયત્ન કરે છે. એ વખતના મારા શબ્દો નીચે પ્રમાણે છે:—

છેતરપીંડી.

"હું ધારાસભાનુ ધ્યાન ખેંચવા માગું છું કે મારા ઠરાવની ચર્ચા વખતે તેમજ ગ્રાન્ટની છેલ્લા બે ત્રણ દિવસની ચર્ચા દરમીયાન પ્રજાની માગણી તો ઉડાવી દેવામાંજ આવે છે. પ્રજાની માગણી આ ખાતું નફો કરશે કે નુકશાન તે જાણવાની નથી પરંતુ તેના વહીવટના તપાસની છે. જરાપણ સંકોચ વિના હું ખુલ્લો આરોપ મૂકું છું કે પ્રજાના નાણાંનો ગેરવહીવટ ચાલે છે અને ભયંકર બરબાદી થઇ રહી છે. કેટલાક દાખલાઓમાં છેતરપીંડીજ થઇ છે. પ્રજાના અને ૩૦ કરોડ રૂપીયા રોકનારાઓની વતી

હું આ આરોપ મૂકુ છું. મારા ઠરાવ વખતે ડીરેક્ટરે કહ્યું હતું કે તેઓ જાહેર તપાસમાંથી છટકવા નથી માગતા. હુ ફરીથી કહું છું કે સરકાર હજુ પણ તપાસમાંથી છટકશે તો પ્રજાની શંકા મજબુત થશે. અત્યાર સુધી સરકારે તપાસ ઉડાવી દીધી છે અને તેથી પ્રજાની શંકા મજબુત થઇ છે તેથી ખીલવણી ખાતા સામે આરોપ મૂકવામાં હું વાજબી છું.

"હું એ મુદ્દા ભેળસેળ કરવા નથી માગતો. આ ખાતું નફો કરશે કે નુકશાન તેની તપાસ મને નથી જોઇતી. એ તો ખરો મુદ્દો ઢાંકવાનો પ્રયત્ન છે. હું તો એ જાણવા માગું છું કે પ્રજાનાં નાણાંનું શું થાય છે. હું જાણવા માગું છું કે પ્રજાના નાણાનો પ્રમાણિક અને કાયદેસર ઉપયોગ થાય છે કે ગેરકાયદેસર? મને બહુ થોડો વખત મળેલો હોવાથી હું થોડાજ દાખલા ટાંકીશ

'નજીવી ભૂલ"ની ગંભીર ખોટ.

"જો મને પુરતો વખત હોત તો હું એક પછી એક એવા દાખલા આપત કે જેથી ધારાસભાની ખાત્રી થશે કે નાણાંનો ગેર-ઉપયોગ થયો છે એટલુંજ નહિં પણ એ ગેરઉપયોગ એવો છે કે જે માટે સામાન્ય સંજોગોમાં અદાલતમાં મુકદ્દમોજ ચાલે. મારા ઠરાવ વખતે મેં જણાવ્યું હતું કે અમુક માપના સળીયા માટે કારોબારી એન્જનેરે ઇન્ડેન્ટ તૈયાર કર્યું હતું. બીજા એન્જનેરે તે માપમાં ફેરફાર કર્યો. પરિણામે ૨½ લાખનો એવો માલ આવી પડયો કે જેનો એ ખાતાને કશો ઉપયોગ નહોતો. જોઇતા માપના સળીયા ફરીથી મંગાવવા પડયા અને પેલો ૨½ લાખનો માલ હજુ

એમજ પડયો છે. ગયે વખતે ડીરેકટરે કહ્યું હતું, કે સરકારને તેથી નુકશાન નહિં જાય પરંતુ વસ્તુતઃ તે માલ કાટ ખાતો મારુંગા ડીપોમાં પડયો છે અને હવે તેના કશી વ્યવસ્થા થઇ શકે એવું લાગતું નથા. ડીપોમાં જઇને હું આ વાત પુરવાર કરી શકું તેમ છું. હમણાં સુધી તેના વેચાણની છાપામાં જાહેર ખબર આવ્યા કરતી હતી, છતા તે માલ વેચાયો નથી. આ ભૂલ ડીરેકટરે ધારાસભામાં ગયે વખતે કબુલ કરી છે અને "નજીવી ભૂલ" હોવાનું જણાવ્યું છે. સળીયાના માપમાં ઇરાદાપૂર્વક ફેરફાર કરવામાં આવે અને પરિણામે ૨૬ લાખની ખોટ ખમવી પડે તે શું "નજીવી ભૂલ" છે? અને છતાં એ ખાતાનો જવાબદાર અમલદાર આ સભાને એ પ્રમાણે સમજાવે છે આ ભૂલ કેમ થઇ તેનો મને ખુલાસો જોઇએ છે મૂળ ઇન્ડેન્ટમાં નથી પણ બીજા અમલદારે ફેરફાર કરીને કરેલી ભૂલ છે. તે ભુલ કેમ થઇ તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં ઇરાદાપૂર્વક શા માટે ફેરફાર કરવામાં આવ્યો? આ ફેરફારવાળું ઇન્ડેન્ટ તે અમલદારની સહી સાથે તે ખાતાના કાગળોમાં છે. માટેજ હું તપાસનો આગ્રહ કરૂં છું. આપણને એટલોજ જવાબ આપવામાં આવે છે કે તે "નજીવી ભૂલ" છે કે જેને લીધે ત્રણ લાખની ખોટ ખમવી પડે છે. હું ખુલ્લી રીતે અને ખુલ્લા દિલે કહું છું કે શહેરમાં અને ઇલાકામા એવી અફવા છે કે મોટા અમલદારો કારખાનાવાળાઓ પાસેથી કમીશન ખાય છે અને તેથી આ ખાતાને ત્રણ લાખની ખોટ ગઇ છે."

આ ચર્ચા દરમ્યાન ખોટા માપના સળીયાના ઓર્ડર અને તે માટેના ડીરેકટરના ખુલાસા વિષે ભાર દઇને ટીકાઓ કરી હતી અને

તે દરમીયાન અમલદારો કમીશન ખાય છે તે એવી અફવાઓ વિષે ઉલ્લેખ કર્યો હતો.

છુપા કમીશનોની અફવા.

છુપા કમીશનોની અફવાવાળા મારા ભાષણમાંના ઉપરના ફકરા ઉપરથી કોર્ટ જોઈ શકશે કે મેં કેવા સંયોગોમાં એ ટીકા કરી હતી. સરકારે આપેલા જવાબો ખરા હોવાનું ના કબુલ કરતાં મેં તપાસ નહિં કરવા દેવાની અને આવી ભૂલ કેમ થઈ તેનો સંતોષકારક ખુલાસો નહિં આપવાની સરકારની વલણ સામે ટીકા કરી હતી. આ ટીકા ખરેજ હતી કેમકે ફરિઆદી પોતાની જુબાનીમાં કબુલ કરે છે કે ૧૯૨૪ના ઓકટોબરમાં સરકારે આપેલા જવાબો ખરા નહોતા. આથી મેં આન્ટની ચર્ચા વખતે દર્શાવેલો અભિપ્રાય સાચો ઠરે છે. મેં કહ્યું હતું કે, "ખીલવણી ખાતાના ડીરેકટરે છાપામાં જાહેર ખબર આપી છે એટલે વધારાનો માલ ખોટથીજ વેચવામાં આવશે. હું માગું છું એવી તપાસ કરવા દેવામાં આવે તો હુ હકીકતો અને આંકડાઓથી એ પુરવાર કરી શકું તેમ છું."

આ વખતે ડીપોમાં પાંચ લાખનું લોખંડ પડયું હતું અને તે પાછળથી ભારે ખોટ ખમીને મી. માણેકચંદ જીવરાજને વેચવામાં આવ્યું હતું.

ચર્ચા દરમીયાન મેં કરેલા આક્ષેપો ખરા અને વ્યાજબી હતા તે બતાવવા માટે હું આ દાખલા ટાકું છું કે જેથી કોર્ટ જોઈ શકશે કે મેં બેદરકારીથી આક્ષેપો મૂકયા નહોતા પરંતુ તેના ખરા-પણા અને વ્યાજબીપણા માટે બનતી સંભાળ લીધી હતી.

તે પછી મેં ચાલોના કોન્ટ્રાકટો, ડીરેકટરના અને બીજા અમલદારોના મોટા પગાર અને વહીવટ વિષેના ગોટાળાની ફરિઆદ કરી હતી. કોઇ અમલદાર સામે મને અંગત દ્વેષ નહોતો તે બતાવવા માટે મેં સ્પષ્ટ કહ્યું હતું કે,

મોટા પગારો.

"વહીવટ વિષે બોલતાં પહેલાં હું અમલદારોના પગાર પર આવીશ. પહેલાં ડીરેકટરનો સવાલ લઇએ. હું કોઇની અંગત ટીકા કરતો નથી. ડીરેકટર ભલા ગૃહસ્થ હશે અને બહુ ઇષ્ટ માણસ હશે, પરંતુ આપણે તો તેમની શકિત અને પગાર સાથે કામ છે. તેમની વિરૂદ્ધ મારે કાંઇ કહેવું નથી. તેમનો પગાર માસિક રૂ. ૬૦૦૦ છે. આ ખાતાની શરૂઆતથી અમે તેની સામે બુમો પાડીએ છીએ. હું ફરી પૂછું છું કે એવડો મોટો પગાર વ્યાજબી છે? જનરલ મેમ્બર કહે છે કે ધીમે ધીમે કામ કમી કરવામાં આવે છે. એટલે તેના પ્રમાણમાં ડીરેકટરથી કામ પણ ઓછું થયું છે, પરંતુ તેમના પગારમાં કશો ઘટાડો થયો નથી અને મને ખાત્રી છે કે છેલ્લા દિવસ સુધી તેઓ માસિક રૂ. ૬૦૦૦ લીધે જવાના. શું આ વ્યાજબી છે? જાહેર બાંધકામ ખાતાના કારોબારી, મદદનીશ અને દેખરેખ રાખનારા ઇજનેરોના પગારો સાથે ખીલવણી ખાતાના અમલદારોના પગારો સરખાવો અને જોઇ શકાશે કે તેમના પગારો બમણા છે. એજ પ્રમાણે ડેપ્યુટી ડીરેકટર, ડેપ્યુટી સેક્રેટરી, મદદનીશ સેક્રેટરી, મૂખ્ય ઇજનેર, ડેપ્યુટી મૂખ્ય ઇજનેર, કારોબારી ઇજનેર, મદદનીશ ઇજનેર વિગેરેનું છે. ખીલવણી ખાતાના ડીરેકટરનો એટલો ઉપકાર કે

તેઓ સીંધના કમીશનરની માફક પોતાના કામકાજની તપાસ માટે સ્ટીમ લૉંચ નથી માગતા પરંતુ જો તેઓ આગળ આવીને એમ કહે કે 'હું માસિક રૂ. ૬૦૦૦ ને લાયક નથી અને મારા હાથ નીચેના માણસો પર દાખલો બેસાડવા તેમજ કરકસર કરવા માટે ઓછો પગાર લેવા તૈયાર છું' તો આપણે તેમનો વધારે ઉપકાર માનશું. અત્યારે તો તેઓ શું મોઢું લઇને પોતાના હાથ નીચેના અમલદારોને કહી શકે કે, તમારો પગાર વધારે છે, માટે તેમાં ઘટાડો કરવો જોઇએ; એટલે આપણે એ ખાતાના અમલદારોને મોટા પગારો આપવાનું ચાલુ રાખવાનું રહ્યું."

સરકારની શંકાજનક વલણ.

આ ઉપરથી આ ખાતા અને તેના અમલદારો તરફની મારી વલણ જોઇ શકાશે. મારી લડત ખાતાના વહીવટ સામે હતી. ધારાસભામાં અમારી વિરૂધ્ધ પડનાર એ ખાતાના વડા સામે પણ મને અંગત દ્વેષ નહોતો. લોખંડના સળીયા સબંધીની 'નજીવી ભૂલ" મને ખરેખરી ભૂલ નહોતી લાગતી તેથી તે વિષે મેં ખુલાસો માગ્યો, પરંતુ અહિં મુકદ્દમામાં જે ખુલાસો કરવામાં આવે છે તેવો ખુલાસો કરવાનું સરકારને કે આ ખાતાને તે વખતે વ્યાજબી ન લાગ્યું. એ સળીયા વિષે ધારાસભામાં સર લોલેસ હેપરે માત્ર નીચે પ્રમાણે જવાબ આપ્યો હતો:-

"વરલીની ચાલીઓ બાંધવા માટેના લોખંડના સળીયાનો પ્રશ્ન જુનો છે અને અગાઉ પુરતો ચર્ચાઇ ગયો છે અને હું ધારતો હતો કે મારા માનવંતા મિત્ર વસ્તુસ્થિતિ જાણે છે તેઓ કહે છે કે ખીલ-

વણી ખાતાના એક અમલદારની ભૂલથી ૫/૮"ને બદલે ૭/૮" સળીયા મંગાવવામાં આવ્યા અને તેથી ૫/૮"ના માપના ફરીથી મંગાવવા પડયા અને ૭/૮"નો માલ કાટ ખાતો પડયો છે."

આમ ખુલ્લો આરોપ મૂકવા છતાં અને ફરીથી ચેલેંજ કરવા છતાં ખરો ખુલાસો ઉડાવી દેવામાં આવ્યો. સળીયાનો ઓર્ડર આપતી વખતે ફરિઆદીએ લખેલા પત્રનો એકરાર કરવામાં આવ્યો નહોતો ત્યારે પણ મેં સ્વતંત્ર તપાસ માટે આગ્રહ કરતાં કહ્યું હતું કે, ' મારી પાસે માહિતી અને સાધનો છે અને તે પુરવાર કરવા સરકાર મને તક નહિં આપે તો સરકારે પ્રજાનો વિરૂધ્ધનો અભિપ્રાય સ્વીકારવો જોઇએ." મેં એ વખતે સ્પષ્ટ કહ્યું હતું કે, ' મેં ખુલ્લી રીતે અને કશા પણ ઢાંકપીછોડા વિના આ આરોપો મૂકયા છે. એ નાની નજીવી ભૂલ કેમ થઇ તેનો ખુલાસો કરવામાં આવ્યો નથી એક અમલદારે તૈયાર કરેલા આંકડા બીજાએ ફેરવ્યા છે એ વાત કબુલ કરવામાં આવી છે. એ ફેરફારથી થનારૂં નુકશાન બીજા કોઇની કુશળતાને લીધે થતું અટકયું હોય તો પણ ઇન્ડેન્ટના આંકડા ઇરાદાપૂર્વક ફેરવ્યા છે એ વાત તો કાયમજ રહે છે. એ નહિં જોઇતા સળીયા આવી પણ પહોંચ્યા, અને આ ગંભીર ભૂલને લીધે પ્લાનો પણ બદલવામાં આવ્યા. નુકશાનની વાત બાજુએ મૂકીએ તો પણ ભૂલ થઇજ છે અને તે ભૂલ છે કે બીજું કાંઇ એ સવાલ છે."

ઇરાદાપૂર્વક ઇન્ડેન્ટમાં ફેરફાર.

આમ જે હોય તે ખુલાસો રદ્દ કરવામાં મેં સરકારને ફરી તક

આપી અને સ્પષ્ટપણે કહ્યું કે આ ભૂલ નથી પણ ઇરાદાપૂર્વક થયેલો ફેરફાર છે. જનરલ મેમ્બરે ચર્ચાના જવાબમાં બધી મોઘમ વાતો કરી, પરંતુ ખુલાસો ન આપ્યો. કોર્ટ જોઇ શકશે કે મોટા અમલદારો ખાનગી કમીશન ખાય એવા આક્ષેપો કેવા સંજોગોમાં કરવામાં આવ્યા હતા. વિગતવાર ખુલાસો ન મળવાથી આ બનાવમાં કયા અમલદારોનો કેટલો હિસ્સો હતો તે જાણવું શકય નહોતું. ૧૯૨૪ના ઓકટોબરમાં તપાસ કમીટીની માગણી કરતી વખતે મેં કહ્યું કે તપાસમાંથી છટકવાથી પ્રજાને શંકા પડશે, માટે આ ખાતાના હિતની ખાતર તપાસ કરવી જોઈએ કે જેથી શંકા ખોટી હોય તો દૂર થાય. પરંતુ કમીટી નીમવામાં ન આવી. આખા જ્લાકાના લોકમત અને અફવાઓ મેં જાહેર કરી કેમકે ધારાસભામાં હાજર રહેલા જુદા જુદા પ્રાંતના પ્રતિનિધિઓ પાસેથી ત્યાં ત્યાંના લોકમત જાણી લીધો હતો. આ અફવાઓ દૂર કરવા માટે તપાસ કેટલી જરૂરની છે તે તરફ સરકારનુ ધ્યાન ખેંચવા મેં એ હકિકતો મારા ભાષણમાં રજુ કરી.

મને આરોપી જેવી સ્થિતિમાં મુકવાનો પ્રયત્ન:

આટલી ચેલેંજ પછી પણ સરકારે માગવા પ્રમાણે બીન-અમલદારી કમીટી ન નીમી પરંતુ મારી સાથ પત્ર વહેવાર ચલાવ્યો અને મારા આક્ષેપો સંબંધી તપાસ કરવા એક ન્યાયાધિકારી નીમવાની દરખાસ્ત કરી તેમજ આરોપી સરકારી અમલદારને અપાતી સગવડો જેવી કે જુબાની વખતે હાજર રહેવાની, ઉલટપાલટ તપાસ કરવાની, એકઝીબીટ તરીકે સ્વીકારાયેલા દસ્તાવેજો જોવા દેવાની વિગેરે સગવડો મને આપવાની ખુશી દેખાડી. મેં એ દરજ્જો

સ્વીકારવાની ના પાડી કેમકે હું તપાસ માગી રહ્યો હું ત્યારે મનેજ એક આરોપી અમલદાર જેવી સગવડો આપીને આરોપીની સ્થિતિમાં મુકવા સરકાર શા માટે ઇચ્છે છે તે હુ સમજી શક્યો નહિં. જવાબમાં મેં તદ્દન વ્યાજબી અને બહુજ મધ્યમસરની દરખાસ્ત કરી કે સરકાર નીમે તે અધિકારીની સાથે સરકારે પસંદ કરેલા ધારાસભાના ત્રણ ચાર સભ્યો બેસે, તે અમલદાર પ્રમુખ રહે અને સઘળા દસ્તાવેજો, રેકર્ડો, સાધનો જોવા માગવાનો મને હક્ક રહે તેમજ તપાસ તાકીદે શરૂ થવી જોઇએ. સરકારે આ દરખાસ્ત પણ ન સ્વીકારી અને વાત ત્યાં પડતી મૂકાઇ. તપાસ કેવળ અમલદારોના હાથમાંજ રહે તો દસ્તાવેજો વિગેરે વિષે મને જે ભય રહેતો હતો તે ભય વ્યાજબી હતો તે તો કોર્ટના હુકમ છતાં પણ કેટલાક કાગળો અદાલતમા રજુ કરવાના સંબંધમાં જે મુશ્કેલીઓ અનુભવવામાં આવી તે ઉપરથી પુરવાર થાય છે.

બેંકબે કમીટીની નીમણુંક.

બીજી મુદ્દાની વાત એ છે કે જે આક્ષેપો મુજબ મારા સામે આરોપો મુકવામા આવ્યા છે તે મારા ધારાસભાના ભાષણમાંથી સરકારે અધુરા ટાંકયા છે અને તેની સાથેનું લખાણ છોડી દીધું છે અને તેથી ખરા અર્થનો અનર્થ કર્યો છે. પરંતુ સરકારે મારી છેલ્લી દરખાસ્ત પણ ન સ્વીકારી એટલે મેં ધારાસભામા તેમજ બહાર ચળવળ ચાલુ રાખી. આખરે સરકારે યાદી બહાર પાડી કે બેંકબેની પુરવણીની તપાસ માટે કમીટી નીમવાનો હિંદી સરકારે ઠરાવ કર્યો છે. કમીટીની તપાસમાં મારી ફરિયાદોનો સમાવેશ થતા હતો છતાં તે સંતોષકારક નહોતું કેમકે મારી ફરિયાદ અગાઉ મારા સામે

હતી કે જેમાં દરિયાની પુરણી અને ચાલીઓ બન્ને આવી જતાં હતાં. એટલે ચાલીઓની યોજનાનો પણ તપાસમાં સમાવેશ કરવા હિંદી સરકારને ભલામણ કરવા કોરપોરેશન મારફત ઠરાવ કરી હિંદી સરકારને મોકલ્યો પરંતુ હિંદી સરકારે તે કબુલ ન રાખ્યું.

પહેલી બદનક્ષી કરનાર સરકાર પોતે.

કમીટીએ કેટલાક સભ્યોને જુબાની આપવા બોલાવ્યા, જેમાં હું પણ હતો. પહેલો સાક્ષી ખીલવણી ખાતાનો સેક્રેટરી મી. મેકી હતો. તેણે સરકારનો પક્ષ રજુ કરતાં સરકાર અને મારી વચ્ચે ચાલેલો પત્રવહેવાર, ધારાસભામાંના મારા ભાષણમાં કરેલા આક્ષેપો અને બીજા કાગળો રજુ કર્યા. તેણે મારા ભાષણમાંથી અમલદારો કમીશન ખાય છે એ આક્ષેપોવાળો ભાગજ રજુ કર્યો, પરંતુ મેં કેવા સંજોગોમાં આક્ષેપો કર્યાં હતા, તપાસ માટેની માગણીનો ઠરાવ, તે ઠરાવનો સરકારે અમલ ન કર્યો વિગેરે વાતો ન જણાવી અને આમ મારો ખરો હેતુ ઉલગાવીને કમીટીને ભમાવી. એટલે કહેવાતાં બદનક્ષીભર્યા આક્ષેપો પ્રગટ કરનાર સરકારનો સેક્રેટરી મી. મેકી હતો.

બીજી મુદ્દાની વાત એ છે કે મી. મેકીએ પોતાની જુબાનીમાં પ્રજાને અને ખાસ કરીને કમીટી સમક્ષ જુબાની આપનારાઓને એવો ખ્યાલ આપ્યો કે કમીટીમાં જે રજુ થાય કે ચર્ચાય તે પ્રગટ થાય તેમાં સરકારને વાંધો નથી.

પ્રમુખ—તમે ખાનગી કાગળો વિષે બોલ્યા. અલબત્ત કમીટીના સભ્યોના કબજામાં હોય તે કાગળો ખાનગી ગણાય અને બહારનાઓને તે ન મળી શકે, પરંતુ અહિં વંચાય કે ચર્ચાય તે કાગળો તો પ્રગટ કરી શકાય? તે તો ખાનગી નહિં ને?

જ—જી, હા.

સ—ગમે તેવો ખાનગી કાગળ પણ અહિં વંચાયા કે ચર્ચાયા પછી તો છાપામાં પ્રગટ થઇ શકે ?

જ—હું તે બરાબર સમજું છું.

સ—જે કાંઇ ચર્ચાય, વંચાય કે તમે બોલો તે બધું પ્રગટ થઇ શકે ?

જ—હું તે પુરેપુરી રીતે સમજું છું.

આ ઉપરથી એવી સમજ ઉત્પન્ન થઇ હતી કે પ્રજાજનો કમીટી સમક્ષ વિના સંકોચે પોતાના દિલની વાત કહી શકે.

મારી ભલી નેમ સંબંધમાં કોર્ટે ધ્યાનમાં લેવું ઘટે છે કે મેં માત્ર કમીટી ઉપરજ પત્ર રૂપે મારૂં સ્ટેટમેન્ટ મોકલ્યું હતું અને મારી મોઢેની જુબાની શરૂ થયા પછી તેની નકલો કમીટીના સેક્રેટરીએજ છાપાઓને પુરી પાડી હતી.

સર એફ. હોપકીનસન–તમે સ્ટેટમેન્ટની નકલ છાપાઓને આપી છે ?

જ—હું ધારૂં છું કે હમણાંજ આપવામાં આવી છે. મારી તપાસ પહેલાં આપવી મને વ્યાજબી નથી લાગતી.

સ્ટેટમેન્ટ કરવા આમંત્રણ.

સરકારે નીમેલી કમીટી સમક્ષ સરકારેજ ચર્ચા ઉભી કરી અને મને સ્ટેટમેન્ટ કરવા અને જુબાની આપવા બોલાવ્યો એટલે મેં મારી પ્રમાણિક માન્યતા અને અભિપ્રાય પ્રમાણે સ્ટેટમેન્ટ કર્યું અને જુબાની આપી અને તેથી ફરિઆદીની આબરૂને ધક્કો પહોંચશે એમ માનવાને મને કશું કારણ નહોતું. મારો હેતુ સત્ય શોધવામાં કમીટીને

મદદ કરવાનો હતો તે મારા સ્ટેટમેન્ટમાંના નીચેના ફકરા પરથી જણાશે: —

"આટલા મોડા મોડા પણ મેં એકઠી કરેલી હકિકતો હું કમીટી સમક્ષ મુકી શકીશ. મારો હેતુ કોઇ વ્યકિત સામે શંકા કરવાનો નથી પણ સત્ય શોધી કાઢવાનો અને પુરતી હકિકતો બહાર પડે તો કમીટી ધારે તે પગલાં લઇ શકે તે છે. મેં તો સરકારને અમુક આક્ષેપો ખરા છે કે નહિં તેનાં તપાસ કરવાનીજ માગણી કરી છે. કમીટી મને સઘળી માહિતી અહિં રજુ કરવા દેશે કે જેથી મારી માગણી વ્યાજબી હતી કે નહિં તે કમીટી જોઇ શકે.

કમીટીનો આગ્રહ.

પત્ર વહેવાર અને મી. મેકીએ ધારાસભાના રજુ કરેલા હેવાલ ઉપરથી કમીટીને મેં કહેલા આક્ષેપોની હકીકત મળી અને તેઓએ મને સવિસ્તાર માહિતી અને વસ્તુઓ રજુ કરવા મને પત્ર લખ્યો. તે પત્રમાં કમીટીએ કસીને લખ્યું કે, "છુપા કમીશન ખાતા હોય તે અમલદારોના નામો, કોન્ટ્રાકટની ટુંકી વિગતો, કમીશન આપનાર કારખાનાવાળાઓનાં નામો, કમીશનની રકમ અને બીજી તમારી પાસે હોય તે માહિતી પુરી પાડો. તમે ૧૯૨૫ ના માર્ચમાં ધારાસભામાં જે આધારે ભાષણ કર્યું તે અને તે પછી મળી હોય તે બધી માહિતી કમીટીને જોઇએ છે." સરકારે નીમેલી કમીટી તરફથી આમ સત્તાવાર રીતે કાગળ મળવાથી મેં સ્ટેટમેંટમાં તેમજ મોઢેની જુબાનીમાં વિના સંકોચે મારી પાસે હતી તે બધી હકીકતો રજુ કરી. કોર્ટ જોઈ શકશે ખાસ માગણી છતાં હું કોઈનાં નામ દેવા જેટલી હદે ન ગયો. મેં માત્ર મી.

થોમસનું નામ આપ્યું કેમકે તેના વિષે મારી પાસે ચોક્કસ માહિતી હતી.

મારી મોઢેની જુબાનીમાં મેં જે વલણ લીધું તેનું બીજું કારણ એ હતું કે આ ખાતાના ગેરવહીવટ કે અપ્રમાણિકતા વિષે આડકતરી જુબાની આપનારાઓને કમીટી હિંમતથી પોતાના દિલની વાત કહી દેવા આગ્રહ કરતી અને કહેતી કે જો તેઓને તપાસ જોઇતી હોય તો ખરો માર્ગ એ છે કે હિંમતથી અને ખુલ્લા દિલથી આક્ષેપો કરવા. મેં જુબાની આપી તેને આગલે દિવસે ધારાસભાના એક સભ્ય મી. હુસેનભાઇ લાલજીને કમીટીએ એવો આગ્રહ કર્યો હતો તે મેં છાપામાં વાંચ્યું હતું. સર દીનશાહ પીટીટે પણ જ્યારે ખાતામાં ચાલતી અપ્રમાણિકતા વિષે જુબાની આપી ત્યારે તેમને ચોકકસ દાખલા આપવા કહેવામાં આવ્યું હતું અને તેમણે મારૂં નામ આપ્યું હતું.

કોર્ટની ધ્યાન પર હું એક બીજી વાત લાવવા માગું છું તે એ છે કે મને જુબાની આપવા બોલાવવામાં આવ્યો તે પહેલાં સર લોલેસ હેપરની કમીટીએ તપાસ લીધી હતી અને મેં કરેલા આક્ષેપો વિષે તેને પૂછતાં તેણે તે ખોટા છે એવો જવાબ આપ્યો હતો. આ પણ મને ખરી હકીકત કહી દેવા માટેની એક ચેલેંજ હતી કે જે ઉપરથી કમીટી નિર્ણય કરે કે સર લોલેસ હેપરની વાત ખોટી હતી કે મારી.

ટેન્ડરોમાં ગરબડનો દાખલો.

આવા સંજોગોમાં મેં ચોકકસ અમલદારો સામે ખુલ્લા આક્ષેપો કર્યા હોત તો પણ હું વ્યાજબી હતો, પરંતુ મેં તેમ ન કરતાં ધારાસભામાં લીધેલી વલણુજ ચાલુ રાખી, ધારાસભામાં

તેમજ બહાર હું ખાતા સામે અને તેના અમલદાર વર્ગ સામે ટીકા કરતો. જ્યારે જ્યારે કોઈ અમલદારનું નામ મારા જાણવામાં આવતું ત્યારે હું નામ આપતો. દાખલા તરીકે ધારાસભામાં તેમજ મારા સ્ટેટમેન્ટમાં મેં મી. થોમસનું નામ આપીને જણાવ્યું હતું કે તેણે પોતાના માનીતા કોન્ટ્રાકટર બાલકીશનદાસ શેઠના લાભની ખાતર ટેન્ડરોમાં ગડબડ કરી હતી. આ ઉપરથી સ્પષ્ટ થશે કે હું કોઈ અમલદારનું નામ જાણતો ત્યારે તેનુ નામ આપતો અને ન જાણતો તેના સંબંધમાં તે જાણવા માટે તપાસ કરવાની માગણી કરતો હતો. મારી આખી જુબાનીમાં મેં ફરિયાદીનું નામ કયાંઈ આપ્યું નથી. મેં મારા સ્ટેટમેન્ટમાં સ્પષ્ટ કહ્યું હતું કે "હું કોઈની સામે શંકા કરતો નથી. પરંતુ સત્ય શોધવા માગું છું." મારી ટીકા મોટા અમલદારો સામે સામાન્યપણે હતી. મને જ્યારે નામો પૂછવામાં આવતા ત્યારે હું જવાબ આપતો કે હું નામો જાણતો નથી અને ખાતામાં તપાસ કરી તે જાણવાનું કામ કમીટીનું છે.

સર એફ. હોપકીનસન—મેં તમારૂં સ્ટેટમેન્ટ વાંચ્યું છે. તેમાંથી એવો અર્થ નીકળે છે કે ૫/૮" ને બદલે ૭/૮" માપના સળીઆનો ઓર્ડર આપવાની કોઈકે ભૂલ કરી છે. તમે શું કહેવા માગો છો?

આ સવાલ દેખાડી આપે છે કે મારૂં સ્ટેટમેન્ટ વાંચ્યા પછી પણ કમીટી એ ભૂલ કરનારનું નામ મુકરર કરી શકી નથી.

વળી જ્યારે મને પૂછવામાં આવ્યું કે "એ ફેરફાર કોણે કર્યો હતો?" ત્યારે મેં જવાબ આપ્યો હતો કે, "દેખરેખ રાખનાર

ઇજનેરે." મને ફરી પૂછવામાં આવ્યું કે, "તમે તે ગૃહસ્થનું નામ આપી શકતા નથી?" મેં જવાબ આપ્યો કે, "હું દેખરેખ રાખનાર ઇજનેરનું નામ આપું છું."

આ ઉપરથી જણાશે કે મેં અમુક હોદ્દેદાર એમ કહ્યું હતું. મેં મી. હારવેનું નામ આપ્યું નહોતું. તેણેજ ફેરફાર કર્યો હતો તે પણ હું તે વખતે જાણતો નહોતો. હું એટલું જાણતો હતો કે એક દેખરેખ રાખનાર ઇજનેરે ફેરફાર કર્યો હતો અને એવા દેખરેખ રાખનાર ઇજનેરો તો પાંચ હતા. જે આક્ષેપ વિષે હું મી. થોમસનું નામ જાણતોજ હતો તે મેં જણાવ્યું હતું.

ફરિયાદીનું નામ દીધુંજ નથી.

મારી મોઢેની આખી જુબાનીમાં મેં ફરિઆદીનું નામ દીધુંજ નથી અને સ્ટેટમેન્ટમાં પણ મોટા પગારના સંબંધમાંજ એકજ વખત તેનું નામ જણાવ્યું છે. વળી મેં દેખરેખ રાખનાર ઇજનેરનું પુરૂં વર્ણન પણ આપ્યું નથી કે જે ઉપરથી ફરિઆદીને ઓળખી શકાય.

બદનક્ષીના દીવાની કાયદા મુજબ કોનું સુચન થયું છે એ નહિ પરંતુ કોને નુકશાન ખમવું પડયું છે એ જોવાનું છે, એ સિધ્ધાંત ફોજદારી મુકદમામાં લાગુ પડતો નથી. પરંતુ ફોજદારી કાયદાની ૪૯૯ કલમ પ્રમાણે ચોકકસ સાધન જરૂરનું છે.

જુદા જુદા ફકરાની ભેળસેળ.

આમ છતાં ફરિઆદીએ બદનક્ષીનો આરોપ ટકાવી રાખવા મારા સ્ટેટમેન્ટમાંના બે જુદા જુદા ફકરા જોડી દેવાનો પ્રયત્ન કર્યો છે.

બન્ને ફકરાનો વિષય જુદો છે. આગલા ફકરામાં મારી ફરિઆદ એ હતી કે બહુ ભારે પગારના અમલદારો ખીલવણી ખાતા પર લાદવામાં આવ્યા છે અને તેવા અમલદારોમાં મેં સર લોલેસ હેપર, મેસર્સ હારવે, સાઇકસ, હુઇસ, લો, માઇકલ, બોરોક, રોબર્ટસ, અને ગાર્ડનરનાં નામો આપ્યાં છે. મોટા પગારના અમલદારોના નામોમાં મી. હારવેનું નામ પણ જણાવ્યું હતું તેથી બીજા ફકરામાં જણાવેલ વ્યકિત મી. હારવે હતી એવું અનુમાન બાંધી શકાય તેમ નથી. દેખરેખ રાખનાર ઇજનેરો તો ચાર હતા અને મારા આક્ષેપવાળી બાબતમાં મી. હારવે સંડોવાયેલ છે એ તો મારી જુબાની પછી બે દિવસ બાદ મી. હારવેએ કમીટી સમક્ષ એ વાત કબુલ કરી ત્યારેજ મેં જાણ્યું

મારા લેખિત સ્ટેટમેન્ટના જે ફકરા ઉપર ફરિઆદ મંડાઇ છે તે વાંચતાં પણ તેમાં હું ફરિઆદીનું સુચન કરૂં છું એવું નહિં જણાય. લોખંડના સળીયા દરિયો પુરવાના તેમજ ચાલો બાંધવાના કામમાં વપરાય છે. માલ ખરીદવામાં બન્ને ખાતામાં સરખોજ ગોટાળો હતો અને મને મળેલી માહિતી મુજબ બન્ને યોજનાઓમાં ખોટા માપના અને વધુ પડતા સળીયા મંગાવવામાં આવ્યા હતા. બન્ને માટે ખરીદનાર ખાતું તો એકજ હતું. મારા લેખિત સ્ટેટમેન્ટમાં મેં દરિયાની પુરણી માટેના સળીયા વિષેજ જણાવ્યું હતું.

મારી અને કમીટી વચ્ચેના પત્રવહેવાર ઉપરથી આપ નામદાર જોઇ શકશો કે મારી માંદગીને લીધે હું કમીટી સમક્ષ પહેલી મુદતે હાજર થઇ શકયો નહોતો તેથી બીન અમલદારી સાક્ષીઓમાં સૌ છેલ્લી મારી તપાસ રહી હતી. તે પછી બે દિવસમાં કમીટી વિસર્જન

થવાની હતી. હું લેખિત સ્ટેટમેન્ટ આપવા આતુર હતો અને માંદગીને લીધે નેથી ટુંક મુદતમાં મારે અનેક દાખલાઓ સાથે સ્ટેટમેન્ટ તૈયાર કરવાનું હતું તેથી દરિયાની પુરણી માટેના સળીયાનો બનાવ અને ચાલીઓના બાંધકામ માટેના સળીયાનો બનાવ એક બીજા સાથે ભેળાઇ ગયા હતા પરંતુ કમીટી સમક્ષ મેં દરિયાની પુરણી માટેના સળીયા માટેજ કહ્યું હતું અને ફરિઆદીના કહેવા પ્રમાણે તેને તે ખાતા સાથે કશો સંબંધ ન હોવાથી મારી ટીકા તેને લાગુ પડી શકે નહિં એટલે ફરીયાદીને હાનિ કરવાના હેતુથી કે તેની આબરૂને ધક્કો પહોંચશે એવું જાણીને હું સ્ટેટમેન્ટ પ્રગટ કરી શકુંજ નહિં અને મેં તેમ કર્યું પણ નહોતું.

નોટીસ કાઢતા પહેલાં મી. રાંગણેકરનું પણ ચોકકસ વ્યક્તિ વિષેના મુદ્દા પર ધ્યાન ખેંચાયું હતું. તે વખતે સોલીસીટર મી. બેકરે કરેલું સ્ટેટમેન્ટ ખોટું અને ગેરસમજ કરનારૂં છે. કમીટીના રીપોર્ટ જોતા જણાશે કે પગારોના સંબંધમાં ડઝનેક અમલદારોનાં મેં નામ આપ્યાં હતાં, તેમાં મી. સાઇકસનું (એક બીજો દેખરેખ રાખનાર ઇજનેર) નામ પણ હતું એટલે દેખરેખ રાખનાર ઇજનેરનું નામ મ જણાવ્યું તે મી. હારવેજ છે એ મી. બેકરનું કહેવુ ખરૂં નથી.

રજુ નહી કરવા દેવામાં આવેલી જુબાની.

મોટા અમલદારોના સંબંધમાં મારા જે શબ્દો માટે મારા ઉપર આરોપ મુકવામાં આવ્યો છે તેની સત્યતા પુરવાર કરવા મને જુબાની રજુ કરવા દેવામાં આવી હોત તો હું તે પુરવાર કરી શકત. પરંતુ આ કેસમાં એ મુદ્દો બાજુએ મુકવામાં આવ્યો છે અને અમુક સોદા વિષેજ

તપાસ ચલાવવામાં આવી છે તેથી મારે તેટલીજ જુબાની રજુ કરવાની રહી હતી. આપ નામદારને એક વાત ધ્યાનમાં રાખવા મારી અરજ છે કે ફરિઆદીના વાંધા ઉપરથી જે જુબાની મને રજુ કરવા દેવામાં નથી આવી તે રજુ કરવા દેવામાં આવી હોત તો બધી વાતો પુરવાર થાત. વળી સરકારે આ મુકદમાની મંજુરી આપતાં જણાવ્યું છે કે આ મુકદમાથી મને મારા આક્ષેપો પુરવાર કરવાની તક મળશે. એ વાતનો પણ હું આથી ઇનકાર કરૂં છું.

કમીટી સમક્ષના જે સ્ટેટમેન્ટ ઉપરથી મારા પર આરોપ મૂકવામાં આવ્યો છે તે વિગતો તો મોટે ભાગે ખરીજ છે અને મેં તે ખરી માની હતી. અને તેમાં દર્શાવેલા અભિપ્રાયો પણ મારા ખરા અને પ્રમાણિક અભિપ્રાયો હતા અને મને મળેલા ખાસ પ્રસંગે ભલી નેમથી તે જાહેર કર્યા હતા.

ફરિઆદીની એકજ દલીલ.

મારા એ સ્ટેટમેન્ટ પર આવતાં પહેલાં હું ફરિઆદમાં જણાવેલા દ્વેષના આરોપનો સખ્ત ઇનકાર કરવા માગુ છું. ફરિઆદીએ જુબાનામાં કબુલ કરવા પ્રમાણે તેની કે બીજા કોઇ અમલદાર સામે મન વેર કે દ્વેષ નહોતો. કમીટીમાં સ્ટેટમેન્ટ કરવા પહેલાં હું મા હારવેને ઓળખતો નહોતો કે તેને મેં જોયો પણ નહોતો. હું કેવળ જાહેર નાણાંની સલામતી, ઉડાઉપણું અને બરબાદીના અટકાયત અને આવી યોજનાઓના નિષ્ફળતા, ગેરવહીવટ અને લુચ્ચાઇઓથી થતા ભયંકર નુકશાનનો કર ભરનારાઓનો બોજો બને તેટલો કમી કરવાની ઇચ્છાથીજ દોરવાયો હતો. હુ પહેલેથીજ કહેતો આવ્યો હતો કે બધું

નુકશાન કેવળ ભૂલ કે ગણત્રી ફેરને લીધે નથી અને જો ગેરવહીવટ, ગરબાદી, અનિયમિતતા, લાંચ રૂશ્વત વિગેરે ગંભીર ફરિઆદોની તપાસ થાવ તો ભવિષ્યમાં ઘણું નુકશાન થતું બચે. ફરિઆદીને દ્વેષનો આરોપ એકજ મુદ્દા પર આધાર રાખે છે કે ધારાસભામાં મારા જવાબમાં જનરલ મેમ્બરે મને ખરી હકીકત જણાવવા છતાં હું આક્ષેપો કર્યા કરતો હતો. ફરિઆદી કહે છે કે "મી. નરીમાનની નેમ ભલી નથી કેમકે કાવસજી જહાંગીરે અને મેં (ફરિઆદીએ) ખુલાસો કરવા છતાં મી. નરીમાને સ્ટેટમેન્ટ કર્યું હતું."

નહિં માનવા જેવો ખુલાસો.

આ સબંધમાં પહેલો મુદ્દો એ છે કે આ મુકદમામાં જે જાતનો ખુલાસો કરવામાં આવ્યો છે તેવો સવિસ્તર ખુલાસો સરકારે મ.રા સવાલના જવાબમાં કે ચર્ચા દરમિયાન કર્યોજ નથી. સવાલ જવાબ પરથી એટલોજ ખુલાસો મળી શકે છે કે એક કારોબારી ઇજનેર અમુક સળીયા ઇન્ડેન્ટમાં દાખલ કરવા ભૂલી ગયો અને તે ભૂલ સુધારવા જતાં દેખરેખ રાખનાર ઇજનેરે ખોટા માપના એટલે કે ૧/૮" ને બદલે ૭/૮" સળીયા લખવાની ભૂલ કરી વાળી. ધારાસભામાં ચેલેંજ કરીને કહ્યું કે ભૂલ થયેલી છે એમ માનતો નથી. એક જવાબદાર અમલદાર બધા માપના સળીયા મંગાવતાં અગત્યનું માપ ભૂલી જાય એવી અસાધારણ ભૂલ કેમ થઇ તેનો મેં સરકાર પાસે ખુલાસો માગ્યો. સામાન્ય જ્ઞાનવાળો માણસ પણ સમજી શકે કે બાંધકામની યોજના ઉપર ઇજનેર જરૂરીયાતની યાદી તૈયાર કરે તે એવી ભૂલ કરે તે ન માની શકાય. વળી સામાન ખાતા પર યાદી

જતા પહેલાં એ ભૂલ કેમ ન જણાઇ? અને ઓર્ડર અપાયા પછી એકાએક જણાઈ આવી? ઉપરાંત એવી અસાધારણ ભૂલ માલુમ પડયા પછી દેખરેખ રાખનાર ઇજનેરે મહીનાઓ સુધી ૫/૮" ના માપના સળીયા વાપર્યા હોવા છતાં અસાધારણ ભૂલ કેમ કરી? ધારાસભાને આ ખુલાસો માગવાનો હક્ક હતો અને વારંવાર ચેલેંજ કર્યા પછી અને ભૂલની દલીલ માનવાની મેં સાફ ના પાડવા છતાં સરકારે સવિસ્તર ખુલાસો ન કર્યો.

"ખોટા" ખુલાસાનો એકરાર.

વધારે અગત્યની વાત એ છે કે જે એકજ સંજોગ ઉપરથી દ્વેષનું અનુમાન બાંધવા કોર્ટને કહેવામા આવે છે તે પણ ટકી શકતે નથી. ફરિઆદી જુબાનીમા કબુલ કરે છે કે જનરલ મેમ્બરના જવાબોની હકીકત ખરી નહોતી અને તેને ફરિઆદીએજ "ખોટી" કહી હતી. આમ ફરિઆદીના કબુલ કરવા પ્રમાણે જનરલ મેમ્બરનો ખુલાસો ખરો નહોતો, તેથી મારા ઉપર દ્વેષ કે શુદ્ધ દાનતના અભાવનો આરોપ પુરવાર થતો નથી. એટલે જે ખુલાસો ખોટે હોવાનું કબુલ કરવામાં આવ્યું છે તેના પર આધાર નહિં રાખવામ અને તપાસ માટે પહેલીજ વાર નીમાયેલી કમીટીમાં એ પ્રશ્ન ફરી ઉપસ્થિત કરવામાં હું વ્યાજબી હતો. તપાસ પંચ સમક્ષ પ્રજાનો કેસ રજુ કરવાનો એ પહેલોજ પ્રસંગ હતો એટલે આ વિષયમાં પહેલેથી રસ લેનાર અને સરકારનો ખુલાસો ખોટો કહેવાની ચેલેંજ કરનાર હું પોતેજ કમીટીના આમંત્રણ છતાં ચુપ રહું અને કમીટી સમક્ષ મારો કેસ રજુ ન કરૂં એમ કહેવું તદ્દન બેહુદું છે. ખુલાસો ખોટો હોવાનું

અને તેવા ખુલાસા માટે ફરિઆદી પોતે જવાબદાર હોવાનું તેણે કબુલ્યું છે. ને ઉપરાંત બીજો પણ પુરાવો આ મુકદમામાં રજુ થયો છે કે જે ઉપરથી એ ખુલાસો નહિં સ્વીકારવામાં અને તપાસનો આગ્રહ કરવામાં હું વ્યાજબી હતો તે દેખાઇ આવે છે.

સરકારની જવાબ આપવાની અવિશ્વાસપાત્ર પદ્ધતિ.

સરકારની સવાલોના જવાબ આપવાની પધ્ધતિ પણ એવી છે કે જેથી તેમાં પ્રજાને વિશ્વાસ ન બેસે. સરકાર સામે જ્યારે જ્યારે આક્ષેપો કરવામાં આવે છે કે અમુક અનિયમિતતાની ફરિઆદ કરવામાં આવે છે ત્યારે સરકાર ખુલાસા માટે તેમાં સંડોવાયેલા અમલદાર કે ખાતા ઉપરજ આધાર રાખે છે. એટલે કે ખુલાસાને આધારે જવાબો અપાય છે. તે ખુલાસા એ બાબતમાં સ્વાર્થ ધરાવતા પક્ષો, સ્વતંત્ર તપાસ વિના આપે છે કે જે પ્રથા સંતોષકારક નથી. એ તો સ્વાભાવિક છે કે સવાલોમાં સંડોવાયેલા અમલદારો તો પોતાના પર જવાબદારી કે દોષ ન આવે એવી રીતેજ ખુલાસા અને જવાબ ઘડી કાઢે,

હકિકતો છુપાવવાની રાજનીતિ.

કમીટીના કામકાજના હેવાલ અને સર લોલેસ હેપરની જુબાની ઉપરથી દેખાય છે કે ખીલવણી ખાતાની અમુક હકિકતો ખુલ્લી ન પાડવાની સરકારની નીતિ હતી. જરૂરીયાત અને રાજનીતિના કારણે એ નીતિનો સર લોલેસ હેપરે બચાવ કરવા પ્રયત્ન કર્યો હતો. કારણ ગમે તે હો પરંતુ એવી નીતિ શંકા અને સરકારી વિગતોમાં અણવિશ્વાસ પેદા કર્યા વિના ન રહે અને આ ખાતા માટેનો એવો અણવિશ્વાસ આ મુકદમામાં વ્યાજબી પુરવાર થયો છે.

એકજ બનાવના ઉલટા સુલટી પાંચ ખુલાસા.

કોર્ટની હું પુરેપુરી ખાત્રી કરી આપીશ કે પાંચ જુદે જુદે વખતે પાંચ જુદા જુદા અને એકબીજાથી ઉલટા ખુલાસા કરવામાં આવ્યા હતા, અને બધો વખત અમલદારોએ પોતાના પર જવાબદારી કે દોષ ન આવે એવા રીતે હકીકતો દાબી દેવાના ચાલુ પ્રયત્નો કર્યા છે. પહેલાં તો મી. જી. બી. ત્રીવેદીના પ્રશ્નો અને તેના જવાબો લઈએ. જીઓ. સરવીસને અપાયેલા ઓર્ડરની હકીકત દાબી દેવાનો કેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો તે અગાઉ જણાવી ગયો છું. એથી વધારે ભયંકર વાત એ છે કે ખોટા માપના સળીયાનો ઓર્ડર આપ્યાની કશી નોંધ હોવાના પ્રશ્નોના જવાબમાં સાફ ના પાડવામાં આવી હતી. ૧૯૨૩ના જુન-જુલાઈમાં પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા અને તે પછી ધારાસભાની બે બેઠકો થઈ જવા છતાં છેક આઠ મહીના પછી ૧૯૨૪ ના ફેબ્રુઆરીમાં નોંધનો ઇનકાર કરવામાં આવ્યો. ખોટા માપની ભૂલ સુધારવા માટે જે અમલદારે ઇંગ્લાંડ તાર કર્યો હતો તે અમલદારેજ એ બધું કરી લીધા પછી જવાબ તૈયાર કર્યો હતો. એથીયે વધારે ભયંકર સ્થિતિ તો એ હતી કે નોંધ નહિં હોવાનો જવાબ આપવામાં આવ્યો એજ મહિનામાં ફરિઆદીની યાદી ઉપરથી સરકારેજ એ ભૂલ કબુલ કરનારો અને તેનો ૭/૮" ના સળીયાનો બીજો ઉપયોગ કરવાની સુચનાનો ઠરાવ કર્યો હતો. જે ખાતું ખોટા માપના સળીયા વિષે ઠરાવ કરે છે, તે ખાતાનો વડો એ ઠરાવથી ઉલટોજ ધારાસભામાં જવાબ કેમ આપે છે એ સમજવું મુશ્કેલ છે

બાજી બદલાઇ.

૧૯૨૪ ના ઓકટોબરથી સરકારની સ્થિતિ બદલાઇ. ખોટા માપના

સળીયાના ઓર્ડરની ભૂલ કબુલ કરવામાં આવી તેનો ખોટો ખુલાસો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આમ ૧૯૨૪ ના ફેબ્રુઆરી અને ઓક્ટોબર મહીનાના ગાળામાં એકજ ખાતાના બનાવ માટે બે જુદા જુદા અને ઉલટા જવાબો આપવામાં આવ્યા. ૧૯૨૪ ના ઓક્ટોબર અને ૧૯૨૫ ના માર્ચની ધારાસભાની બેઠકોમાં અને બેકબે કમીટી સમક્ષ કરવામાં આવેલા ખુલાસામાં પણ ફેર છે. ધારાસભામાં એવો ખુલાસો કરવામાં આવ્યો કે દેખરેખ રાખનાર ઇજનેરની મોઢેની સુચના ઉપરથી તેની ઓફીસના સુપરવાઇઝરે ઇન્ડેન્ટમાં ખોટું લખી નાખ્યું. કમીટીમાં એવો ખુલાસો કરવામાં આવ્યો કે ભૂલ કોણે કરી તે ચોક્કસ નથી. ડ્રાફ્ટમેને કરી હોય કે સુપરવાઇઝરે. ધારાસભામાં સુપરવાઇઝર પર દોષ ઢોળવા છતાં કમીટીમાં આમ ઇરાદાપૂર્વક અચોક્કસ વાત કરવાનું કારણ એ હતું કે રખેને કમીટી સુપરવાઇઝરને બોલાવે અને તે ખુલાસો ખોટો પાડે. કમીટી સમક્ષ સર લોલેસ હેપરની જુબાની વખતે ફરિઆદી હાજર હતો અને તેના જવાબોની પુરવણી કરતો હતો છતાં તેણે ખોટી હકિકત સુધારી નહિં અને હવે તે એવો ખુલાસો કરવા પ્રયત્ન કરે છે કે સર લોલેસ હેપરની જુબાની માટે તે જવાબદાર નથી અને તેમાં વચ્ચે પડવાનું તેને વ્યાજબી લાગ્યું તું. અગત્યની વાત એજ છે કે ધારાસભામાં અને કમીટીમાં ખરી હકિકત ઇરાદાપૂર્વક છુપાવવામાં આવી હતી. હવે આ કેસમાં ખરી હકિકત પુરવાર થાય છે કે ભૂલ સુપરવાઇઝર, ડ્રાફ્ટમેન કે બીજા કોઇના નહોતી, પરંતુ ફરિઆદીએ પોતેજ જુદો પત્ર લખીને ઇન્ડેન્ટ ઉપરાંત ૭/૮" માપના ૮૦૦૦૦ વધારાના સળીયાનો ઓર્ડર આપવાની સુચના કરી હતી.

ઉપજાવી કાઢવામાં આવેલી વાતો.

નીચેની હકીકતો ઉપરથી જુદે જુદે વખતે ઉપજાવી કાઢવામાં આવેલી જુદી જુદી વાતો આપ નામદાર જોઈ શકશોઃ—

(અ) મી. જી. બી. ત્રીવેદીના સવાલોના જવાબો–જુન–જુલાઇ ૧૯૨૩ અને ફેબ્રુઆરી ૧૯૨૪.

"ખોટા માપના સળીયાનો ઓર્ડર અપાયાનું નોંધમાં નથી."

(બ) મી. નરીમાનના પ્રશ્નનો જવાબ ઓકટોબર ૧૯૨૪.

"ભૂલથી ૫/૮" ને ૭/૮"ના સળીયાનો ઓર્ડર અપાયો. સુપરવાઈઝર કે કારોબારી ઇજનેરની ભૂલ હશે, કારોબારી ઇજનેરના ઇન્ડેન્ટમાં ઉમેરો."

૧૯૨૪ના ઓકટોબર અને ૧૯૨૫ના માર્ચની ધારાસભામાં પણ એજ વલણ જાળવી રાખવામાં આવી.

(ક) ફરિઆદીની હાજરીમાં અને તેની સાથે રહીને સર લોલેસ હેપરની એકબે કમાટી સમક્ષ જુબાની.

"ડ્રાફટમેન કે સુપરવાઈઝરની કંઇક ભૂલથી ૫/૮"ને બદલે ૭/૮" લખાઇ ગયું. કોણે ભૂલ કરી તે પુરવાર કરવું શકય નથી."

(ડ) કમીટી સમક્ષ ફરિઆદીનું સ્ટેટમેન્ટ.

પાનું–૪૬૯. "કારોબારી ઇજનેરની સુચનાથી ઓફીસ સુપરવાઇઝરે ઇન્ડેન્ટમાં વધારો કર્યો."

પાનું ૪૭૯. "દેખરેખ રાખનાર ઇજનેરે ભૂલ નથી કરી. તેની ઓફીસના ઇજનેરે ભૂલ કરી હતી."

પાનું ૪૭૦. "કારોબારી ઇજનેરે કે મેં ખરૂં માપ સુપરવાઇ

ઝરને કહ્યું કે તેણે ભૂલથી દાખલ કર્યું તે હું ચોક્કસ કહી શકતો નથી કેમકે કશી નોંધ નથી."

(ઘ) કોર્ટમાં ફરિઆદી પહેલીજ વખત એહ બોલે છે કે

"કારોબારી ઈજનેરના ઇન્ડેન્ટમાં ડ્રાફ્ટમેને કે સુપરવાઇઝરે ઉમેરો નહોતો કર્યો પરંતુ મેં સહી કરેલા અને મોકલેલા પત્ર દ્વારા ઉમેરો કર્યો હતો."

ફરિઆદીના વકીલના શરૂઆતના ભાષણમાં અને તેની મૂખ્ય જુબાનીમા પણ એજ સિધ્ધાંત જાળવી રાખવામાં આવ્યો છે ખાતા જોગ ફરિઆદીની ૧૯૨૪ ના જાન્યુઆરીની યાદમાં પણ "ભૂલથી ૭/૮" માપના અતિશય શળીયાનો ઓર્ડર અપાયો છે" એ શબ્દો છે.

(ફ) ઉલટપાલટ તપાસને ચોથે દિવસે એકાએક બાજી પલટાય છે. ભૂલથી ૫/૮" ને બદલે ૭/૮" નો ઓર્ડર આપવામાં આવ્યો હતો એ વાત પડતી મૂકવામા આવે છે ૭/૮" માપના જોઇતા હતા અને બરાબર મગાવવામાં આવ્યા હતા એવી નવી વાત ઉભી કરવામા આવે છે.

(ગ) ૧૯૨૭ ના માર્ચ માં પોતાની મૂખ્ય જુબાનાની પછી અને ઉલટપાલટ તપાસ પહેલાં ફરિઆદી મી. હમીદને પત્ર લખે છે "૫/૮"×૧૯" એટલા બધા સળીયા તમારા લીસ્ટમાં શા માટે મંગાવવામા આવ્યા તેનો મને કશો ખુલાસો મળતો નથી, સિવાય કે પાઇલ્સ માં હોય."

ફરિઆદ પક્ષની ગુલાંટો.

આ ઉપરથી જોઇ શકાશે કે ફરિઆદ પક્ષ આ કેસના મુદ્દાન

બાબતમાં વારંવાર વાતો બદલ્યા કરે છે. અગાઉનાં રેકર્ડમાં મી. હમીદની યાદી કે મી. પાનોટકરના ડ્રાફ્ટ વિષે કશો ઇસારો નથી કે જે કાગળો ગુમ થયેલા મનાય છે. મી. હમીદ એ યાદીનો સાફ ઇનકાર કરે છે. ફરિઆદ માંડતા સુધી ફરિઆદી પોતે લખેલા પત્ર વિષે કાંઇ કહેતોજ નથી. જુદા જુદા માણસો પર એ ભુલ ઢોળી નાખવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે અને છેવટે આ કોર્ટમાં પુરવાર થાય છે કે ફરિઆદીએ પોતેજ દેખરેખ રાખનાર ઇજનેર નં. ૪ ને પત્ર લખી ઉમેરો કર્યો છે.

જુઠાણાઓની પરંપરા.

ફરિઆદીએ લખેલા અને તેણેજ મોકલેલા પત્રની વાત છુપાવવાનું તેનું વર્તન અત્યંત શંકા ઉપજાવનારૂં છે અને તે માટે તેણે કશો ખુલાસો કર્યો નથી. ધારાસભામાં અને કમીટી સમક્ષ આ પત્રની વાત શા માટે છુપાવી દેવામાં આવી અને ખોટી અને ગેરસમજ કરાવનારી હકિકત શા માટે ફેલાવવામાં આવી તેનો પણ કશો ખુલાસો નથી. ફરિઆદીને એ વિષે પૂછવામાં આવતાં તે કહે છે તેને એ વાત બહુ અગત્યની ન લાગી. પોતાના ફરિઆદમાં તે કહે છે કે ઉમેરો તેણે નહિં પણ સુપરવાઇઝરે કર્યો હતો કે જે વળી જુદોજ ખુલાસો છે. ઉલટપાલટ તપાસમાં ફરિઆદી તદ્દન નવીજ વાત ઉભી કરે છે. તે કહે છે કે ખોટા માપના સળીયાનો ઓર્ડર આપવામાં આવ્યો નહોતો અને અગાઉ તેણે અને સરકારે કરેલા ખુલાસા ખોટા હતા અને ૭૮" માપના સળીયા ઉપયોગમાં લેવાય છે એટલે તે વ્યાજબી રીતે મંગાવવામાં આવ્યા હતા. પરંતુ તેની આ છેલ્લી વાત પણ તેણે

મી. અબદુલ હમીદને લખેલા પત્ર ઉપરથી ખોટી ઠરે છે. ફરિઆદી સોગંદ ઉપર કહેલી વાતોનો ઇનકાર કરે છે તેમજ મી. હમીદને લખેલા પત્રથી પણ ઉલટી વાત કરે છે. અને ૭/૮" માપના સળીયા પાર્ઇલ્સમાં વપરાય છે એ બતાવવા પ્રયત્ન કરે છે, જો કે પોતાના પત્રમાં તો તે સ્પષ્ટ લખે છે કે ૫/૮" માપના સળીયા ઉપયોગમાં લેવાય છે.

ઉપજાવી કાઢેલી વાત.

આ વાત નવી પાછળથીજ ઉપજાવી કાઢવામાં આવી છે કેમકે મી. હમીદે પત્ર લખીને ફરિઆદીને ચેતવણી આપી હતી કે જે મુદ્દા પર ફરિઆદ મંડાઇ છે એટલે કે "૫/૮" માપના સળીયા પાઇલ્સ માટે વપરાતા હતા અને મી. હમીદ ઇન્ડેન્ટમાં તે ભુલી ગયો હતો તેથી વધારાનું ઇન્ડેન્ટ જરૂરી હતું" એ મુદ્દો ટકી શકે તેમ નથી. મુકદમામાં મોડે મોડે ફરિઆદીને ખબર પડી હતી કે બચાવ પક્ષને રેકર્ડો, પ્લાનો, હકિકતો અને આંકડાઓ મળ્યા છે એટલે ૫/૮" માપના સળીયા ઇન્ડેન્ટમાં રહી ગયા હતા તે વાત ટકી શકે તેમ નથી, કેમકે ફરિઆદીએ તૈયાર કરેલા પ્લાનો ઉપરથી એ પુરવાર થઇ શકે તેમ હતુ અને મી. હમીદની ઉલટપાલટ તપાસમાં તે પુરવાર થયું પણ છે. પ્લાન જોતાંજ તેમાં જોઇતા ૫/૮" ના સળીયા ઇન્ડેન્ટમાં રહી ગયા નહોતા એ દેખાઇ આવે તેમ હતું એટલે ફરિઆદીને એ વાત બદલવી પડી. .

ખોટો કેસ.

અમુક વિગતો છુપાવવાનો સર લોલેસ હેપરનો એકરાર, સરકારના જુદા જુદા અને ઉલટાસુલટી જવાબો, કાગળો દબાવી રાખવાનું ફરિઆદીનું વર્તન, આ બનાવમાં તે સંડોવાયેલો હોવાનું પુરવાર કરતો

પત્ર, ફરિયાદીના ખોટા અને ગેરસમજ ફેલાવનારા ખુલાસા, પોતાના હાથ નીચેના માણસો પર દોષ ઢોળવાનો પ્રયત્ન, અને મુકદમામાં રજુ થયેલી હકિકતોમાં ફેરફાર—એ બધું સ્પષ્ટપણે પુરવાર કરે છે કે ફરિઆદીનો કેસ ખોટો છે. એટલે સરકારના જે ખુલાસા ફરિઆદ પક્ષના સાક્ષી મી. હમીદની જુબાની અને રેકર્ડો ઉપરથી ખોટા હોવાનું પુરવાર થયું છે તે ખુલાસા કબુલ નહિં રાખવામાં હું વ્યાજબી હતો અને ખરા ખુલાસા છતાં આક્ષેપો ચાલુ રાખવાની દલીલને આધારે મારા ઉપર દ્વેષના આરોપનું અનુમાન કરવાની ફરીઆદ પક્ષની દલીલ નિષ્ફળ જાય છે.

શ્રી. નરીમાનના આક્ષેપોની સચ્ચાઈ.

મી. હમીદની જુબાની, પ્લાનો અને હકીકત વડે મેં ધારાસભામાં તેમજ બેકબે કમીટી સમક્ષ કરેલા આક્ષેપો ખરા હતા એ સંપૂર્ણ રીતે પુરવાર કર્યું છે. ઇન્ડેન્ટમાં ફેરફાર, 'વધારે પડતા સળીયાનો ઓર્ડર અને તેથી થયેલા નુકશાનના આક્ષેપો પણ ખરા છે. આ અદાલતમાં પુરવાર થયેલા સંજોગો પ્રમાણે અમુક કારખાનાવાળાઓને ખટાવવાના ઇરાદાથીજ એ ભુલ કરવામાં આવી હતી એ મારૂં અનુમાન અને અભિપ્રાય પણ તદન કાયદેસર અને વ્યાજબી ઠરે છે. ફરિઆદીની જુબાની તો બીલકુલ માનવા જેવી નથી કેમકે તેણે વારંવાર પોતાની હકિકતો બદલ્યા કરી છે; એક વખત તો તેણે આખો કેસ ફેરવી નાખ્યો હતો અને કબુલ કર્યું હતું કે સરકાર સમક્ષ, ફરિઆદમાં તેમજ અગાઉની જુબાનીમાં તેણે સોગંદ પર કહેલી વાતો ખોટી હતી. તેણે મી. હમીદને લખેલો પત્ર મી.

હમીદ કોર્ટથી છુપાવશે એવી આશાએ તેણે એ પત્રથી ઉલટી વાત કરી હતી. મી. હમીદે તદ્દન સીધી રીતે જુબાની આપી છે અને કાગળીયાંઓ તેની વાતને ખુબ ટેકો આપે છે માટે તેની જુબાની માનવા જેવી છે. અને જે જુબાની પડી છે તે મુજબ હું નિર્દોષ છું. ફરિઆદીએ પોતે તૈયાર કરેલા અને સહી કરેલા પ્લાનોના સંબંધમાં તેણે ઉડાઉ અને અસંતોષકારક જુબાની આપી છે. પ્લાનોના સંબંધમાં તેણે એટલે સુધી ઉડાઉ જવાબ આપ્યો હતો કે એ પ્લાનો જોઇને પણ શું માપના સળીયા જોઇતા હતા અને તે લીસ્ટમાં રહી ગયા હતા કે નહિં તે તે કહી શકે નહિં ફરિઆદીએ તો પ્લાનો હોવાનોજ ઇનકાર કરવાનો પ્રયત્ન કર્યો હતો અને જો બીજા સાધનો મારફત તેની સહી સાથેની નકલો હું મેળવી શક્યો ન હોત તો તેણે એ પ્લાનો રજુ કર્યા પણ ન હોત. મી. હમીદની ઉલટપાલટ તપાસમાં નકલો રજુ થઇ ત્યાર પછીજ ફરિઆદ પક્ષે અસલ પ્લાનો રજુ કર્યાં. આટલું છતા પાઇલ્સ માટેનો સૌથી અગત્યનો પ્લાન કે જે મી. હમીદની જુબાની પ્રમાણે હતો અને જે નિયમ પ્રમાણે હોવોજ જોઇએ તે રજુ કરવામાં આવ્યો નથી. પ્લાન વિના કામ ચાલીજ ન શકે. પાઇલ્સનો પ્લાન એટલા માટેજ રજુ કરવામાં નથી આવતો કે જો તે રજુ થાય તો ૭/૮" માપના સળીયા ઉપયોગના હતા તે નવી ઉભી કરેલી વાત પણ તદ્દન ખોટી ઠરે. વળી એ પ્લાન ઉપરથી એ પણ પુરવાર થાય કે મી. હમીદ પાઇલ્સ માટેના સળીયા લીસ્ટમાં ભૂલી ગયો નહોતો. આમ ફરિઆદ પક્ષના રેકર્ડો અને મૂખ્ય સાક્ષીઓ ઉપરથી બચાવ પક્ષનો મુદ્દો પુરવાર થાય છે.

હું કબુલ કરૂં છું કે ઇન્ડેન્ટમાં "આંકડો" ફેરવવામાં આવ્યો હતો એ મારી માહિતી સાચી નહોતી, પરંતુ એમ છતાં ફેરફારની વાત તો પુરવાર થઇ છે અને કબુલ કરવામાં આવી છે. ધારાસભામાં સરકારનો જવાબ અને ખરી ખબર આપવાની સરકારની આનાકાની ઉપરથી ફેરફાર કેવી રીતે થયો એ વિષેની મારી માહિતી મેં ખરી માની લીધી, પરંતુ જે હકીકત પુરવાર થઇ છે તે તો ફરિઆદીની વધારે વિરૂદ્ધ છે કેમકે નહિં જોઇતા માલનો ઉમેરો ઇરાદાપૂર્વક હતો.

તદન નવો કેસ.

આ પ્રમાણે ફરિઆદમાંની અને ફરિઆદ પક્ષના સાક્ષીઓની જે વિગતોને આધારે મારી સામે આરોપ મૂકવામાં આવ્યો છે, તે ખોટી પુરવાર થઇ છે અને ફરિઆદી પોતે પણ તેના પર આધાર રાખવાને બદલે તદન નવોજ કેસ ઉભો કરે છે. તેનો એ કેસ ચાલવા દેવો નહિં જોઇએ કેમકે નહિં તો તેનો અર્થ તો ફરિઆદીને આખો કેસ બદલવા દેવાની મંજુરી આપવા જેવો થાય. ઉલટપાલટ તપાસમાં તેણેજ નવો કેસ ઉભો કરવા પ્રયત્ન કર્યો છે તેને માટે ખરો માર્ગ એ છે કે તેણે આ કેસ પાછો ખેંચી લઇને નવી ફરિયાદ દાખલ કરવી જોઇએ.

હવે જુબાની પર આવતાં હું જણાવીશ કે એ તો સ્પષ્ટપણે પુરવાર થયું છે કે ખોટા માપના અને નહિં જોઇતા ત્રણ લાખ રૂપીયાના સળીયાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. વરલીની ચાલો માટે મી. હમીદ સળીયાની ગણત્રી ભૂલી ગયો હતો એ ફરિયાદીની વાત સાચી હોય તો પણ પ્લાનો મુજબ અને ફરિઆદ પક્ષના સાક્ષીઓના એકરાર મુજબ વરલીની ૨૮ ચાલો માટે વધુમાં વધુ ૧૨૦૦૦

સળીયા જોઈએ. એટલે એ ભૂલી ગયેલા જથ્થા માટે લખેલા પત્રમાં ૧૨૦૦૦ સળીયાનો ઓર્ડર હોવો જોઇએ. તેને બદલે ૮૦૦૦૦ સળીયાનો ઓર્ડર આપવામાં આવ્યો છે કે જેની કિંમત ૩ લાખ રૂપીયા થાય છે. એ ૮૦ હજારમાંથી ૪૮ હજાર ધારાવીની ચાલ માટે જોઇતા હતા એ વાત પાછળથી અને વધારાના જથ્થા માટે ખુલાસો કરવા માટેજ ઉપજાવી કાઢવામાં આવી છે. નીચેના સંજોગો ઉપરથી દેખાશે કે ઇન્ડેન્ટ મોકલતી વખતે ધારાવી કે ફ્લેટ ધ્યાનમાં હોઈ શકેજ નહિ.

(અ) ૧૯૨૪ના ઓકટોબરમાં ધારાસભામાં ખુલાસો કરતી વખતે કે તે પછીની ચર્ચા વખતે ધારાવી કે ફ્લેટ વિષે ઇશારો કરવામાં આવ્યો નથી, જો કે ફરિયાદીના કહેવા પ્રમાણે ૧૯૨૪ના જાન્યુઆરીમાં ધારાવીની યોજના પડતી મૂકવામાં આવી હતી અને તેણે શહેર સુધારા ટ્રસ્ટનો ૧૯૨૪ના એપ્રીલની તા. ૧લી નો પત્ર પણ રજુ કર્યો છે કે ધારાવી ખાતે જમીન મળી શકશે નહિં. જો ધારાવી માટે સળીયા જોઈતા હોત તો ખુલાસામાં જણાવવામાં આવત જ કે સળીયા ધારાવી માટે જોઇતા હતા પરંતુ તે યોજના બંધ રહેવાથી જથ્થો સીલ્લક પડયો છે.

(બ) ૧૯૨૪ના જાન્યુઆરીમાં ફરિયાદીએ સરકારજોગા પત્રમાં કબુલ કર્યું છે કે "ભૂલથી ૭/૮" માપના ઘણા સળીયાનો ઓર્ડર અપાઇ ગયો છે" અને તે તેનો બીજો ઉપયોગ કરવા સુચના કરે છે. ફેબ્રુઆરીમાં સરકાર એ સુચના મંજુર કરવાનો ઠરાવ કરે છે. આ બે કાગળો પુરવાર કરે છે કે ઇન્ડેન્ટ વખતે ધારાવી કે ફ્લેટ ગણત્રીમાં નહોતા. જો તે સળીયા ધારાવી કે ફ્લેટ માટે હોત તો, જે વખતે એ યોજના હજુ પડતી મૂકાઇ નહોતી તે વખતે ભૂલથી ઘણા સળીયાનો ઓર્ડર અપાઇ ગયાનો અને તેનો બીજો ઉપયોગ કરવાનો પત્ર લખવામાં

ન આવ્યો હોત. વળી જો તે વખતે યોજના પડતી મૂકાયાનું જાણુમાં હોત તો ખુલાસામાં જણાવવામાં આવ્યું હોત કે સળીયા ધારાવીની યોજના માટે હતા પણ એ યોજના પડતી મૂકાયાથી સીલ્લક પડી રહ્યા છે.

(ક) ધારાવી કે ફ્લેટ માટે ૧૯૨૨માં એટલા બધા સળીયાનો ઓર્ડર અપાઇ શકે નહિં કેમકે તે વર્ષે તે યોજના ઘડાઇજ નહોતી. અને બીજા બે ત્રણ વર્ષ સુધી તેના અમલનો સંભવ નહોતો કેમકે જમીન મેળવવામાં આવી નહોતી. ફરિયાદી કહે છે કે ૧૯૨૪ના માર્ચના કાર્યક્રમમાં ધારાવી હતું. પરંતુ જાહેર બાંધકામ ખાતાના, હિસાબ ખાતાના અને વહીવટ કાનુન મુજબ અગાઉથી મંજુરી વિના કાંઇ ખર્ચ થઇ શકે નહિં અને ફરિઆદી કબુલ કરે છે કે આ યોજના પાછળ ખર્ચની બજેટમાં જોગવાઇ કરવામાં આવી નહોતી. જાહેર બાંધકામ ખાતાની ૨૫૮મી કલમ મુજબ "સવિસ્તર યોજના અને અંદાજ સત્તાવાર રીતે મંજુર થયા વિના અને કામ શરૂ કરવાના હુકમ વિના કોઇ પણ કામ ચાલુ કરવું નહિં" ૨૬૧મી કલમ ના આધારે "સત્તાવાર રીતે જમીન સોંપાય તે પહેલાં તેના પર કાંઇ બાંધકામ કરવું નહિં" ઉપરાંત મંજુર થયેલા કામ માટે જોઇએ તે સિવાય કશી પણ ખરીદી નહિં કરવાનો હુકમ કરવામાં આવેલો હતો.

બેહુદો ખુલાસો.

આ ઉપરાંત મી. હમીદને ધારાવીની યોજના સાથે કશો સંબંધ નહોતો તથા તેના ઇન્ડેન્ટમાં વધારો કરી શકાય નહિં તેમજ તેના ઉપર લખાયેલા પત્રમાં ધારાવી માટે જોગવાઇ કરવાનું કહેવામાં આવ્યું

પણ નથી. ફરિયાદીએ રજુ કરેલા રીપોર્ટમાં જણાવ્યું કે ધારાવીની જમીન ૧૯૨૫ની આખર સુધી તૈયાર થશે નહિં એટલે ૧૯૨૫ની આખરમાં તૈયાર થનારી જમીન માટે ૧૯૨૨માં સળીયાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો એમ કહેવુ તદ્દન બેહુદું છે. ફરિયાદી કબુલ કરે છે કે સળીયા આવ્યા પછી ધારાવી માટે એક પણ થાંભલો તયાર કરવામાં આવ્યો નહોતો. તે કબુલ કરે છે કે સળીયા પડી રહે તો બગડી જાય અને એ માપના સળીયા ત્રણ મહીનામાં ગમે ત્યાંથી મળી શકે. મી' હમીદના કહેવા પ્રમાણે થાંભલા તૈયાર થતાં બે ત્રણ મહીના લાગે. એટલે ત્રણ વર્ષ અગાઉથી ઓર્ડર આપવાનું કાંઇજ કારણ ન હોઇ શકે.

(ડ) ૧૯૨૨-૨૩નો કાર્યક્રમ વરલી, ડીલાઇલ રોડ અને નાયગામનો હતો. એટલે ૧૯૨૩ના ઓકટોબર સુધી તો ધારાવી માટે સળીયા જોઇતા પણ નહોતા. ઉપરાત ૧૯૨૨ના ડીસેમ્બર સુધી માટે પણ ૩૦,૦૦૦ સળીયા મી. હમીદના કહેવા પ્રમાણે વધારે પડતા હતા. આ પુરવાર કરે છે કે એ વખતે ધારાવી કે ફલેટ ગણત્રીમાં ન હોઇ શકે.

(ઇ) વરલીની યોજના માટેનુ ઇન્ડેન્ટ મોકલ્યા પછીના પત્રમાં સ્પષ્ટ શબ્દો કે "વરલી ખાતે થાંભલા માટે મને જોઇશે." એનો એવો વિચિત્ર ખુલાસો કરવામાં આવે છે કે એનો અર્થ ધારાવી માટે વરલી ખાતે તૈયાર કરવાના થાંભલા માટે જોઇશે એવો છે. ઇજનેરી દ્રષ્ટિએ એ વાત બેહુદી છે કેમકે લગભગ ૧।। ટનનો કોન્ક્રીટનો થાંભલો દૂર જતાં ભાંગી જવાનો ભય રહે છે. વળી વરલીથી ત્રણ માઇલ ધારાવી લઇ જવાનું ખર્ચ પણ ભારે આવે. ૧૯૨૫માં ધારાવીની જમીન

તૈયાર થાય તે પહેલાં કેટલીયે જલદી વરલીની ચાલો તૈયાર થઇ જાય એટલે તેના ઉપયોગ માટે ત્યાંથી થાંભલા ખસેડવા પડે. સાદો માર્ગ એ છે કે બધાં સાધનો વરલી લઇ જઇને ત્યાં જોઇએ ત્યારે થાંભલા બનાવી લેવાય.

વરલીના થાંભલા વિષેનો ખુલાસો પાછળથી ઉપજાવી કાઢેલો અને અપ્રમાણીક છે. એ ફરિઆદના પાંચમા ફકરા ઉ-રથી સ્પષ્ટ થાય છે. તેમાં "વરલીની ચાલોના થાંભલાના પાયા નાખવા માટે" એવા સ્પષ્ટ શબ્દો છે. આમ છતાં ફરિઆદી વરલી માટેના થાંભલાને એટલે ધારાવીના થાંભલા એમ બતાવવા ફોગટ ફાંફાં મારે છે. તેણે કબુલ કર્યું હતું કે ફરિઆદ ઘડવા સોલીસીટરને સુચના કરતી વખતે પણ તેણે ધારાવી કે ફલેટ માટે ૪૮ હજાર સળીયા જોઇતા હતા એમ જણાવ્યું નહોતું.

ફરિઆદમા પણ ધારાવી કે ફલેટનું નામ પણ નથી. માત્ર વરલીનીજ વાત જણાવી છે

જરૂર કરતાં અઢી ગણો "આસરે."

(ફ) ફરિઆદીએ ગુંચવાડો ઉભો કરવા "આસરે" શબ્દ દાખલ કર્યા છે અને જણાવ્યું કે જરૂરીયાત કરતાં અઢી ગણું એવો એનો અર્થ થાય છે. આવો આપખુદ અર્થ પણ વરલી માટે જોઇતા ૧૨ હજારને બદલે ૩૦ હજારના જથ્થાનો ખુલાસો કરવા માટેજ કરેલો છે. પરંતુ કારોબારી ઇજનેર ઉપરના પત્રમાં તેણે તેને પુરા બાંધકામની જોગવાઇ કરવા લખ્યું છે, જેનો અર્થ લગભગ નહિં પણ પુરેપુરી જરૂરીયાતજ થાય છે. પરંતુ પોતાનું જુઠાણું ટકાવી રાખવા ફરિઆદી

જણાવે છે આગલાં બધાં લીસ્ટો ખોટાં હતાં અને હાઇ કમીશનરના અને સાલેભાઇ તૈયબજીના ઇન્ડેન્ટમાં પણ ખોટા આંકડા હતા. કેમકે તેમાં ખરેખરી જરૂરીયાત જણાંવેલી હતી અને નહિં કે આસરે જથ્થો. એ બધાં લીસ્ટો ફરિઆદી ત્રણ વખત તપાસી ગયો હતો, પરંતુ એ બધામાં થતી એક સરખી ભૂલ સુધારવાનું તેને એ વખતે ન સૂઝયું.

પરંતુ મી. હમીદ આ "આસરેની" દલીલ પડતી મૂકે છે અને પોતાની ઉલટપાલટ અને ફરી તપાસોમાં જણાવે છે કે તેને આસરો નહિં પણ નક્કી જરૂરીયાત તૈયાર કરવા કહેવામાં આવ્યું હતું અને તેણે તેમ કર્યું હતું, કેમકે આસરો તૈયાર કરવાનો પ્રથાજ નથી. મી. હમીદ કહે છે કે ૧૯૨૩ના ઓકટોબર સુધીમાં પણ ૩૦ હજાર સળીયાનો ઉપયોગ કરવાનું શકય નહોતુ.

મી. હમીદ સ્પષ્ટ રીતે પુરવાર કરે છે કે આ ૮૦ હજાર સળીઆ વિના પણ એ વખતનો ચાલીનો કાર્યક્રમ પુરો થઈ શકયો હોત અને તે ઉપરાંત વધારો રહ્યો હોત

(ગ) મી. હમીદના કહેવા પ્રમાણે ૩૦૦૦૦ સળીઆ એક થાંભલાની ૧૪૦ ચાલો માટે પુરતા છે એટલે ૮૦ હજાર સળીયામાંથી ૩૭૨ ચાલો બધાય કે જેટલી તો ધારાવી અને ફ્લેટ સાથે ગણતાં પણ બાંધવાની યોજના નહોતી.

ફરિયાદીના જણાવવા મુજબ આખી યોજના વરલી ખાતે, ૧૬૩ ચાલો ફ્લેટ ખાતે, ૨૫ અને ધારાવી ખાતે ૯૦ ચાલોની હતી, જેમાંથી વરલી ખાતે ૪૨ ચાલો પાછળથી કમી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ આઠ વર્ષનો હતો. ૧૯૨૨થી ૧૯૨૩નાં ઓકટોબર

સુધીમાં વરલી ખાતે ૨૮ ચાલો બાંધવાની હતી. એટલે ધારાવીની ૯૦ અને ફ્લેટની ૨૫ ચાલો એકજ વર્ષમાં ન બંધાઇ જાત પરંતુ ૧૯૨૬ કે ૧૯૨૪માં શરૂ થઇને ત્રણ ચાર વર્ષે પુરી થાત અને સામાન જેમ જોઇએ તેમ મંગાવવામાં આવત.

અસાધારણ ધોરણ.

પરંતુ આ સળીઆના સંબંધમાં અસાધારણ ધોરણ સ્વીકારવામાં આવ્યું હતું અને બધી ચાલો માટે ત્રણ વર્ષ અગાઉથી એક સામટો માલ મંગાવ્યો હતો એવી ફરીઆદીની દલીલ કબુલ કરીએ તો પણ વરલીની ૨૮, ધારાવીની ૯૦ અને ફ્લેટની ૨૫ મળીને કુલ ૧૪૩ ચાલો બાંધવાની હતી અને મી. હમીદના કહેવા પ્રમાણે ૮૦ હજાર સળીયામાંથી તો ૩૭૨ ચાલો બંધાય. ફરીઆદીની વિચિત્ર દલીલ સ્વીકારીએ તો પણ ૨૨૯ ચાલો બધાય તેટલા વધારે પડતા સળીયાનો ઓર્ડર અપાયો હતો.

કોર્ટને આડે માર્ગે દોરવાનો પ્રયત્ન

(૯) મી. હમીદની જુબાની ઉપરથી ફરીઆદીએ ફરી તપાસમાં કરેલો ખુલાસો તદન ખોટો અને ગેરસમજ કરાવનારો છે એ દેખાઇ આવશે. ફરીઆદીએ કોર્ટને ખોટે માર્ગે દોરવા ઇરાદાપુર્વક ખોટી ગણત્રીઓ કરી છે. અને તેનાજ પ્લાન પ્રમાણે બીજા ઉપયોગમાં જોઇતા સળીઆનો સમાવેશ કર્યો છે. સામાન્ય માણસ આ ધંધાદારી ભેદ નહિં પકડી શકે એવી આશાથી તેણે જુદા ઉપયોગના સળીઆને કોન્ક્રીટના થાભલા માટેના સળીયા તરીકે પસાર કરવા પ્રયત્ન કર્યો છે. પ્લાનો ઉપરથી તૈયાર કરેલાં લીસ્ટો તેની વાત ખોટી ઠરાવે છે અને મી. હમીદ પણ તે ખોટી હોવાનું કહે છે.

વધુ જુઠાણું

(આઇ) એજ પ્રમાણે ફરીઆદીએ વેચવા કાઢેલા વધારેના સળીઆના મોટા જથ્થાના સંબંધમાં કોર્ટને અને કમીટીને ખોટે માર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો છે. મૂળ ૬૨૫ ચાલીની યોજના ઘટાડીને ૨૦૭ ચાલીની કરવામાં આવી તેથી એ વધારો રહ્યો હતો અને નહિ જોઇતા માલના ઓર્ડર સાથ તેને કશો સંબંધ નથી એવું સમજાવી કાઢવા તે પ્રયત્ન કરે છે.

ઇરાદાપૂર્વક કરાયેલી ભુલ.

ફરીઆદ પક્ષે કોર્ટ સમક્ષ સત્ય કહેવું જોઇતું હતું કે ૬૨૫ ચાલોની યોજના આઠ વર્ષ માટે હતી. દરેક વર્ષમાં કેટલીક ચાલો બાંધવી તે નક્કી થતું અને તે પ્રમાણે વર્ષોવર્ષ ઓર્ડર આપવામાં આવતા. મી. હમીદ કહે છે કે દરેક વર્ષના કાર્યક્રમ મુજબ અંદાજ-પત્રમાં જોગવાઇ કરવામાં આવતી. જોઇએ તે કરતાં વધારે માલ સ્ટોકમાં રાખવા તેણે કદી ઓર્ડરો આપ્યા નથી અને જો સરકારી હુકમ મુજબ જોઇએ તેટલો માલ મંગાવવાના ધોરણનું પાલન કરવામાં આવ્યું હોત તો બધી જાતના માલનો જે વધારો પડયો રહ્યો તે ન પડયો રહેત. વેચાણ માટે કાઢેલા વધારાના માલનું લીસ્ટ તપાસવાથી કોર્ટની ખાત્રી થશે કે એ વધારાને ચાલો કમી કરવા સાથે કાંઇ સંબંધ નથી. જો ૬૨૫ ચાલો માટેનો બધા માલનો અગાઉથી ઓર્ડર આપવામાં આવ્યો હોત તો ચાલો કમી કરવાથી બધા માપના સળીયા સરખા પ્રમાણમાં વધત, પરંતુ વધારાના માલના લીસ્ટમાં આપ નામદાર જોઇ શકશો કે ૨૪૦૦ ટનના વધારામાં સૌથી

મોટો જથ્થો ૬૪૪ ટનનો ૭/૮"×૧૯"ના માપનો છે અને ૫૮૩ ટનનો ૫/૮"નો છે. બાકીના માપના ૩૦, ૬૦, ૯૦, ૧૦૦ અને ૨૦૦ ટન છે. ૭/૮" માપનો વધારો પણ જે કામ માટે તે પ્રથમ નહોતા જોઇતા તેમાં પણ વાપર્યા પછી રહ્યો છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે એ વધારો ચાલો કમી કરવાથી નહિ પણ વધારે પડતા ઓર્ડરોને લીધે છે. દર વર્ષે જોઇતો સામાન મંગાવવાના સરકારી હુકમ છતાં ૫ લાખ રૂપીયા જેટલો સામાનનો વધારો પડે એ મારી દલીલને મજબુત ટેકો આપે છે કે ચોકકસ કારણને લીધેજ જોઇએ તે કરતાં વધારે ઓર્ડર આપવામાં આવ્યો હતો અને તેથી લાખો રૂપીયાનું નુકશાન થયું હતું.

ઇરાદાપૂર્વક ખોટા માપના અને નહિં જોઇતા સળીયાનો ઓર્ડર આપવામાં આવ્યો છે એ ધારાસભામાં અને કમીટીમાં મારૂં કહેવું સાચું હતું તેના મેં ઉપર પુરતા સંજોગો અને સાધનો રજુ કર્યાં છે. મેં શુભ હેતુથી એ હકિકતો જણાવી હતી અને સરકાર વારંવાર ખુલાસા બદલતી હોવાથી તે નહિં સ્વીકારવામાં અને કમીટી સમક્ષ પ્રશ્ન ફરી ઉભો કરવામાં હું વ્યાજબી હતો તે પણ મેં ઉપર બતાવ્યું છે.

ફરિયાદી ફરિયાદના સાતમા ફકરામાં જણાવે છે કે "કમીટીની તપાસ બેકબેની પુરવણી માટે હતી, છતાં મી. નરીમાને મારી બદનામી કરવા માટે ચાલીઓ અને સામાન ખાતાને પોતાના લેખિત સ્ટેટમેન્ટમાં દાખલ કર્યા છે કેમકે હું તે ખાતાઓનો દેખરેખ રાખનાર ઇજનેર હતો, જો કે ધારાસભામાં અપાયેલા જવાબ પછી તે

જાણતા હોવા જોઇએ કે સામાન વરલીની ચાલી માટે ખરીદાયો હતો. તે વખતે મને એકએની પુરવણી સાથે કશો સંબંધ નહોતો "

બદનક્ષીના આરોપનો રદીયો

આ ફકરાના સંબંધમાં હું જણાવવા માગું છું કે મેં જુબાની આપી તે વખતે એ સોદા માટે કયો અમલદાર જવાબદાર હતો તે હું જાણતો નહોતો. હું એટલું જાણતો હતો કે એક દેખરેખ રાખનાર ઇજનેરે ઇરાદાપૂર્વક ખોટા માપના સળીયાનો જોઇએ તે કરતાં વધારેનો ઓર્ડર આપ્યો હતો. કમીટી સમક્ષ મારી જુબાની પછી ફરિઆદીએ પોતાનું સ્ટેટમેન્ટ ન કર્યું હોત તો કયો દેખરેખ રાખનાર ઇજનેર સંડોવાયેલો હતો તે હું જાણત પણ નહિં કેમકે એવા અર્ધા ડઝન ઇજનેરો હતા. એટલે ફરિઆદીને બદનામ કરવા માટે મેં એ પ્રશ્ન દાખલ કર્યો હતો એમ કહેવું તદ્દન ખોટું છે.

બીજું હું જાણું છું કે દરિયાની પુરવણી માટેની દિવાલમાં પણ આવા લોખંડના સળીયા મોટા જથ્થામાં વપરાતા હતા અને ત્યાં પણ જોઇએ તે કરતાં વધારે જથ્થાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. એ દિવાલ બંધાતી હતી ત્યારે ત્યાં જઇને મેં ત્યાં વપરાતા સળીયા જોયા હતા. એ વાત પુરવાર થઇ છે કે સામાન ખાતું આખા ખીલવણી ખાતા માટે એકજ છે અને તે અને દરિયાના પુરવણામાં તેમજ ચાલોમાં લોખંડના સળીયા વપરાય છે. મારી ટીકા આખા ખીલવણી ખાતા સામે હતી. મેં દરિયાની પુરવણીના અને ચાલોના ખાતાને કદિ જુદાં પાડયાંજ નહોતાં

ફરિઆદીએ પહેલાં તો લોખંડના સળીયાની દરિયાની પુરવણીમાં

કશી જરૂર નથી પડતી એમ બતાવવા પ્રયત્ન કર્યો, પરંતુ કમીટી સમક્ષ તેણે કબુલ કર્યું હતું કે કેટલાક સળીયા દરિયાની પુરવણી ખાતામાં પણ પુરા પાડવામાં આવ્યા છે. આમ છતાં કોર્ટમાં તે જુદીજ વાત કરે છે કે સળીયાના ઓર્ડરને દરિયાની પુરવણી ખાતા સાથે કશો સંબંધ નથી.

ફાવે તેમ ગુલાંટ.

ફરિઆદી પોતાને ફાવે તે પ્રમાણે પોતાની હકિકતો બદલ્યા કરે છે તેનો આ બીજો દાખલો છે. ફરિઆદીના કહેવા ઉપરથીજ કમીટીએ આ બાબત પોતાની સત્તાની ઠરાવી હતી અને તપાસ ચલાવવાનું ઠરાવ્યું હતું.

એ પણ ધ્યાનમાં લેવું ઘટે છે કે કમીટીની સત્તા વધારવાની હિંદી સરકારને અરજ કરવાનો ઠરાવ મેં કોરપોરેશનમાં પસાર કરાવ્યો હતો. કમીટી સમક્ષ મારી જુબાની દરમીયાન હિંદી સરકાર તરફથી જવાબ મળ્યો નહોતો, પરંતુ એ જવાબના આશાએ મેં ચાલોની યોજના વિષે પણ ઉલ્લેખ કર્યો હતો. પરંતુ પાછળથી સરકારે જવાબમાં ના પાડી ત્યારે કમીટીએ એ પ્રશ્ન પોતાની સત્તાનો નહિં ગણીને પડતો મૂકયો

આપ નામદાર જોઇ શકશો કે મારા મૂળ લેખીત સ્ટેટમેન્ટમાંથી મેં કેટલાક ફકરા કાઢી નાખ્યા છે અને જગ્યા કોરી મૂકી છે. પરંતુ ફરીયાદીએ પોતે કબુલ કર્યું કે કેટલાક સળીયા દરિયાની પુરવણી ખાતામાં મોકલવામાં આવ્યા હતા, ત્યારે કમીટીએ એ પ્રશ્ન પોતાની તપાસમાં આવી જતો ગણ્યો.

કમીટીને જવાબ આપવાની ફરજ.

કમીટીના રીપોર્ટમાં મારા સ્ટેટમેન્ટની ઉપર કમીટીએ મેં પડતા મૂકેલા ફકરાની નોંધ લીધી છે. પરંતુ ફરિયાદીના એકરાર ઉપરથી કમીટીએ એ પ્રશ્ન પોતાની તપાસમાં આવી જતો ગણી પોતાના રીપોર્ટમાં દાખલ કર્યો છે. હું તો કમીટી મને પૂછે તેના જવાબો આપવા બંધાયેલો હતો.

ફરિયાદીનો એકરાર.

વળી આ મુદ્દા વિષે હું આપ નામદારનું મી. મેકીની જુબાની અને સરકાર સાથેના મારા પત્રવહેવાર પર ધ્યાન ખેંચુ છું. ધારાસભાની ચર્ચામાં મેં આખા ખીલવણી ખાતા (ચાલીઓ અને દરિયાની પુરવણી) સામે ટીકા કરી છે અને બધા આક્ષેપો એ ખાતાના સઘળા અમલદારો સામે સામાન્યપણે કર્યા છે અંદાજપત્ર પર કાપ મૂકવાની દરખાસ્તમાં પણ મેં આ ખાતા સામે ઇશારો કર્યો છે ફરિયાદીએ કબુલ કર્યું છે કેઃ—

"ધારાસભાની ચર્ચા તો આખા ખીલવણી ખાતા વિષે હતી. છુપાં કમીશનોની ફરિયાદ એ ખાતાના અમલદાર વર્ગ સામે જણાય છે. પત્રવહેવાર પણ આખા ખાતા વિષે હતો. સર લૉલેસ હેપરે આક્ષેપોનો રદીયો આપતાં આક્ષેપો આખા ખાતા સામે ગણ્યા. છે."

આ પ્રમાણે ફરિઆદી પોતેજ કબુલ કરે છે કે આખી ચર્ચા દરમિયાન ચાલી અને દરિઆ ખાતાને જુદા પાડવામાં નહોતા આવ્યા પરંતુ આખા ખાતા વિષે ઇશારો કરવામાં આવ્યો હતો. સ્ટેટમેન્ટ રજુ કરવા કમીટીએ મને લખેલા પત્રમાં પણ ધારાસભામાં ભાષણ કરતાં મેં છુપાં કમીશન વિષે કરેલા આક્ષેપોની વિગતો કમીટીએ

મારી પાસે માગી છે તે તરફ હું આપનું ખાસ ધ્યાન ખેંચું છું. સરકારે રજુ કરેલા કાગળોને આધારે કમીટી એ માગણી કરે છે અને તેથી એ પ્રશ્ન સરકારેજ ઉભો કર્યો છે. કમીટીએ માગણી ઉપરથી એ પ્રશ્ન કમીટીની સત્તાનો હોવાનું માની લેવામાં હું વ્યાજબી હતો. ઉપરાંત સર લોલેસ હેપરના રદીયા દરિયાના પુરવણી અને ચાલીઓ બન્ને સામેના મારા આક્ષેપો વિષે હતા. એટલે મારા વિરૂદ્ધ પક્ષને આખો સવાલ છેડવા દેવો અને તેનો જવાબ વાળતાં મને એક વિષયનોજ જવાબ આપવા કહેવું એ વ્યાજબી ન ગણાય.

કમીટીની વિચિત્ર વલણ.

દરિયાના પુરવણી ખાતાના અમલદાર મી. થોમસ સામે કેટલાક ગંભીર આક્ષેપો કરવા છતાં કમીટીએ મોઢેની જુબાની વખતે આ રદીયાના સવાલો ઉપરજ ભાર દીધો એ ઉપરથી પણ કમીટીએ એ સવાલ પોતાની સત્તાનો ગણ્યો હતો એ સ્પષ્ટ દેખાય છે. આ સવાલની તપાસ થશે એમ ફરિઆદી જાણતો હોવો જોઇએ કેમકે આ પ્રસંગે તે એકલોજ હાજર હતો. કમીટીએ ચાલીઓના બાંધકામ વિષે ફરિઆદીની વિરૂધ્ધની બાબતોને જરા પણ ન છેડી. સર એફ. હોપકીનસને બધા આક્ષેપોમાંથી આ એકજ આક્ષેપ ઉપર શા માટે બધો ભાર મૂકયો અને કાંતો સ્ટેટમેન્ટ ખેંચી લેવા અથવા બદનક્ષીનો કેસ થાય એવા પુરતા સાધનો મારી પાસેથી કઢાવવા શા માટે આ આગ્રહ કર્યો તે સમજવું મુશ્કેલ છે. ઉલટપાલટ તપાસની વલણમાં ચોક્કસ હેતુ દેખાતો હતો અને મી. થોમસ સામે પોતાના માનીતા કોન્ટ્રાકટ બાલકીશન શેઠને લાભ કરવા ટેન્ડરમાં ગડબડ કરવાનો ખુલ્લો આરોપ મૂકવા છતાં તે વિષે એક પણ પ્રશ્ન પૂછવામાં ન આવ્યો.

હું કેવા હેતુથી દોરવાયો હતો તે વિષે હું કહું છું કે ૧૯૨૨ના આ એકજ બનાવ વિષે મેં સાંભળ્યું હતું અને મને માહીતી મળી હતી એટલુંજ નહિં, પરંતુ એ ખાતાના બધી શાળાઓમાં ચાલતા શંકાભર્યા અનેક કામો અને સોદાઓ વિષે મને ખબર મળી હતી. લાચ, રૂશ્વત, મહેરબાનીઓ, લુચ્ચાઈઓ, કોન્ટ્રાકટો આપવામાં, માલની ખરીદીમાં બીલ ચુકવવામાં, અને નોંધો રાખવામાં ચાલતા ગોટાળા, નાણાં કે હિસાબી ખાતાના વિરોધ છતાં કાયદા કાનુનોના ભંગ, રકમ લેણી ન હોય તો પણ જુદા જુદા બહાના હેઠળ કોન્ટ્રાકટર મિત્રોને મોટી રકમો આપવી, મિત્રોને લાભ કરી દેવા કાયદા વિરૂદ્ધ ઉંચા ભાવે પરદેશી માલનો ઉપયોગ, જરૂરીયાતનો વિચાર કર્યા વિના ટેન્ડરો કે બીજા નિયમોની વિરૂદ્ધ ફાવે તેમ ઓર્ડર આપવા, વપરાયા વગરનો મોટા પડતર જથ્થો અને તેના વેચાણના ગોટાળા વિગેરે વિષે મને ખબર મળી હતી. મોટા અમલદારો છુપાં કમીશનો ખાય છે એવી શહેરમાં અને ઇલાકામાં અફવાઓ હતી. શંકાભર્યા સોદાઓ વિષે જાણનાર વેપારીઓ પાસેથી મને માહિતી મળી હતી ફરિઆદી કબુલ કરે છે કે, "અમલદારો વિષેની અફવા મેં સાંભળી હતી, પરંતુ તેને બજારની ગપ માનીને મેં તેની પરવા કરી નહોતી." મા. સાઇકસ જુબાનીમાં કહે છે કે "હિસાબ નહિં રખાયેલા સામાન વિષે મેં સાંભળ્યું હતું એવી અફવા હતી પરંતુ એ ખાતું મારૂં નહોતું,".

કમીટીએ જાહેર કર્યું હતું કે સાક્ષીઓ હિંમતથી પોતાના દિલની વાત નહિં કરે અને ચોકકસ આક્ષેપો નહિં કરે તો તપાસ કરવામાં નહિ આવે. કમીટીના આવા આગ્રહથી હું જે જાણતો હતો તે તેમજ મારા અભિપ્રાયો મેં રજુ કર્યા.

સર ફ્રેડરીકની શ્રી. નરીમાનને ધમકી

આ સંબંધમાં સર ફ્રેડરીક હોપકીનસને મારી સામે લીધેલી વલણ વિષે મારે ધ્યાન ખેંચવું જોઇશે. તેમણે એક ન્યાયાધીશને બદલે ખીલવણી ખાતાના વકીલ તરીકે વધારે કામ કર્યું. તેમણે મને ધમકાવવા અને ફસાવવાના પ્રયત્નો કર્યા. શરૂઆતમાંજ તેમણે મને ધમકી આપી કે "તમે જે સ્થિતિમાં મુકાયા છો તેમાંથી તમે છટકી શકશો નહિં." મેં તો હકિકતો જણાવીને તે ઉપરથી અનુમાન કરવાનું કમીટી પર છોડવા પ્રયત્ન કર્યો, પરંતુ સર ફ્રેડરીકે મને મારા અભિપ્રાયો રજુ કરવાની ફરજ પાડી અને મારા પ્રમાણિક અભિપ્રાયો મેં રજુ કર્યા.

એકનો એક સવાલ છ વખત

કમીટીના રીપોર્ટમાં મારી મોઢેની જુબાની તરફ આપનું ધ્યાન ખેંચું છું, ખોટા માપના સળીયાનો ઓર્ડર માત્ર "ભુલ" હતી. એમ મારી પાસે કબુલ કરાવવા સર ફ્રેડરીકે એકનો એક પ્રશ્ન મને છ વખત પૂછયો, અને છેલ્લે પૂછયું "ભૂલ ઇરાદાપૂર્વક હતી એમ તો તમે નથી કહેતા ને?" મારો પ્રમાણિક અને સત્ય જવાબ એજ હોઇ શકે કે એ ભૂલ ઇરાદાપુર્વક હતી.

સ—પણ તેમાં કાંઇ અપ્રમાણિ હેતુ ન હોઇ શકે? કદાચ શરતચુક હોય.

સ—તેની પાછળ કાંઇ હેતુ હોવાનું તમે સુચવો છો?

સ—કદાચ કારકુનની ભૂલ હશે?

આ સવાલોના સાચા જવાબો તો મેં જે જવાબો આપ્યા તેજ હતા કે જે ઉપરથી મારી સામે આરોપ મૂકવામાં આવ્યો છે..

શુભ નિષ્ઠાનો પુરાવો.

મારી શુભ નિષ્ઠાના સંબંધમાં પણ ફરિઆદી સાથ સંબંધ ધરાવતી બાબતોમાં કે તેના ખાતામાં ચાલતી ગંભીર અનિયમિતતા અને ખોટી રીતે નાણાં આપવા મહેરબાનીઓ કરવી અને જે લુચ્ચાઇ ભર્યા સોદા ગણાય એવા કેટલાક દાખલા મેં કોર્ટમાં રજુ કર્યા છે. સામાન વિભાગ કે દરીઆની પુરવણી ખાતામાં ચાલતી લુચ્ચાઈઓ અને રૂશ્વતખોરીના અનેક દાખલા હું પુરવાર કરી શકયો હોત, પરંતુ કોર્ટે મને ફરિઆદીને લાગતીવળગતી સિવાયની બાબતો માટે મનાઇ કરી હતી. પરંતું મે જે દાખલા પુરવાર કર્યા છે તે ઉપરથી ઇન્ડેન્ટની બાબતમાં નિર્દોષપણે ભૂલ થયાનું માનવું મારે માટે મુશ્કેલ હતું. એ દાખલાઓના હું બે ભાગ પાડીશ એક માલની ખરીદી અને વેચાણ અને બીજું કોન્ટ્રાકટો આપવાની પદ્ધતિ.

પ્રથમ માલના સંબંધમાં ૧૯૨૧માં જીઓ. સરવીસને અને ૧૯૨૨ માં સાલેભાઇ તૈયબજીને સૌથી મોટા બે ઓર્ડરો સ્થાનિક અપાયા હતા. આ કાંઇ અકસ્માત ન હોઈ શકે પણ કાંઇક ગોઠવણ હોવી જોઇએ તે હું ટુંકામાં બતાવીશ.

બીજાઓ પર દોષ ઢોળવાના પ્રયત્નો.

બન્ને ઓર્ડરો જરૂરીયાત કરતાં વધારે હતા. જીઓ. સરવીસના ઓર્ડરમાં ૭/૮" અને ૩/૪" માપના સળીયા જોઇએ તે કરતાં વધારે હતા અને સો ચાલીઓને પુરા પડે તેટલા હતા, જ્યારે બીજા માપોનું ઓછી ચાલીઓ માટે હતા. જીઓ, સરવીસના

ઓર્ડરનો ૨૦૦૦ ટનનો આંકડો કશી ગણત્રી વગર મૂકવામાં આવ્યો છે. સાલેભાઇના ઓર્ડરમાં ૭/૮" ના માપના સળીયા જોઈએ તે કરતાં વધારે છે. પહેલામાં મૂળ ઈન્ડેન્ટમાંજ વધારે આંકડો છે, જ્યારે બીજામાં પાછળથી પત્ર લખીને ઉમેરો કરવામાં આવ્યો છે. બન્ને બાબતોમાં ફરિઆદી પોતાને કાંઇ સંબંધ નહિં હોવાનું દેખાડવા અને મી. મહેતા અને મેજર જોહનસ્ટન પર ટોપલો ઓઢાડવા પ્રયત્ન કરે છે કે મારા જોડાયા પહેલા ઓર્ડર અપાગો હશે. ઓર્ડરને લગતા કાગળ રજુ કરવામાં આવતા નથી. છાપામાંથી મળેલી જાહેર ખબરની નકલ બતાવે છે કે જાહેર ખબર ફરિઆદીના જોડાયા પછી પખવાડીયે અપાઇ હતી એટલે ઓર્ડર તે પછી કંઇ નહિં તો મહીના પછી અપાયો હશે. ફરિઆદી એવું કહીને છટકવા મથે છે કે, "મને યાદ છે ત્યાં સુધી જીઓ. સરવીસના ઓર્ડર સાથે મને કાંઇ સંબંધ નથી. મી. મહેતાએ દેખરેખ રાખનાર ઇજનેર નં. ૪ ઉપર મોકલ્યો હશે." મી. સાઇકસ તે વાત ખોટી ઠરાવે છે કે મી. મહેતા કારોબારી ઇજનેર તરીકે મારી સાથે સીધો પત્રવહેવાર કરી શકે નહિં અને ઓર્ડરો ઇજનેર નં. ૧ તરફથી આવવા જોઇએ. માપ, જથ્થા વિગેરેનો નિર્ણય કરવો તેના હાથમાં છે. જીઓ. સરવીસને ૨૦૦૦ ટનનો ઓર્ડર ગયો. મારી મારફત પણ લીસ્ટ યોજના વિભાગથી આવ્યું હતું અને મારી યાદ મુજબ મી. હારવેએ મોકલ્યું હતું. સામાન્ય રીતે હારવેના સહી સાથેના પત્ર સાથે લીસ્ટ આવતું હતું. તેના સઘળા કાગળો, સુચનાઓ વિગેરે ફાઇલ થતું હતું." આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ફરિઆદી ભલે ઇનકાર કરે પણ ઓર્ડર તેણેજ મોકલ્યો હતો અને કાગળો ફાઇલ થયા હતા, પરંતુ તે રજુ કરવામાં આવતા નથી કેમકે તેથી ફરિઆદીનો તેમા હાથ હોવાનું પુરવાર થાય.

સાલેભાઇ તૈયબજીવાળા ઓર્ડરમાં પણ એજ વલણ લેવામાં આવી છે. મી. મહેતા અને મેજર જોહનસ્ટનને બદલે કારોબારી ઈજનેર અને સુપરવાઇઝર માથે દોષ ઢોળવાનો તે પ્રયત્ન કરે છે. તે કહે છે કે હમીદે ખોટા માપની ચીઠી આપી, (જે રજુ કરવામાં નથી આવી.) તે ઉપરથી સુપરવાઈઝરે ઇન્ડેન્ટમાં ચીઠી ઉમેરવા ચીઠી લખી. (જે પણ રજુ કરવામાં નથી આવી) પછી સુપરવાઈઝરની ભૂલ થઇ કે ડ્રાફ્ટમેનની એમ અચોક્કસ વાત થઇ ગઇ. પછી સુપરવાઇઝરે ભૂલ કરી કે કારોબારી ઇજનેરે કે દેખરેખ રાખનારા ઇજનેરે એ અચોક્કસ બની ગયું. પરંતુ છેલ્લે સુધી ફરિઆદીએ પોતે ઉમેરો કરવા માટે લખેલા પત્રની ખરી વાત ન કરી. બન્ને ઓર્ડરો સંબંધી ધારાસભાથી ખરી વાત છુપાવવામાં આવી હતી. બન્ને પ્રસંગોમાં તાકીદને બહાને કાયદા વિરૂધ્ધ સ્થાનિક ઓર્ડરો આપવામાં આવ્યા હતા, પરંતુ ઉપરી સત્તા તરફથી તે માટે ઠપકો મળ્યા પછી તે પ્રથા બંધ થઇ. મી. સાઇકસની જુબાની પ્રમાણે બન્ને ઓર્ડરો સ્થાનિક આપવા માટે મી. હારવે જોખમદાર છે. માપ અને જથ્થાનો નિર્ણય કરવાનું તેના હાથમાં હતું. બન્ને પ્રસંગો માટે તાકીદના જરૂરની દલીલ કરવામાં આવે છે, પરંતુ ખરી રીતે એવી કશી તાકીદ નહોતી. ફરિઆદ પક્ષના શરૂઆતના ભાષણમાં અને ફરિઆદીની મૂખ્ય તપાસ માલ ખરીદવા સાથે તેને કશો સંબંધ નહોતો, એ કામ તો સરંજામ ખાતાનું હતું એ દલીલ ઉપરની તાકીદની જરૂર સાથે અસંગત છે.

હિસાબના ચોપડાનો નાશ.

બન્ને પ્રસંગોમાં હિસાબના ચોપડા અને વેપારીઓના (કે જેઓ આ ઓર્ડરો મળ્યા પહેલા લાખંડના વેપારીઓ નહોતા) કાગળો રજુ

કરવામાં આવ્યા નથી. જીઓ. સરવીસ પાસે મૂળ ઇનવાઇસો, વિલાયતના શીપીંગ ડોકયુમેન્ટો, ભાવો વગેરે માગવામાં આવતા, તે કહે છે કે તેઓ પાંચ વર્ષથી કશી નોંધ રાખતા નથી. સાલેભાઇ તૈયબજી ચોપડાનો નાશ કરી નાખ્યાનું કહે છે.

માત્ર ભાવમાંજ દોઢ લાખ કરતાં વધુ ખોટ.

બન્ને પ્રસંગોમાં હાઇ કમીશનરના અને ચાલુ બજાર કરતાં ઉંચા ભાવો હતા. ૧૯૨૨ માં હાઇ કમીશનરે નુર, ખર્ચ વિગેરે સાથે ટનના ૧૦ પૌં. ૧૭ શી. એટલે લગભગ રૂ. ૧૬૨ નો ભાવ આપ્યો હતો અને સ્થાનિક બજારભાવ ૧૦-૧૫ રૂપીયા વધારે હતો. એટલે જીઓ. સરવીસને ૨૦૦૦ ટન ઉપર રૂ. ૧,૧૬,૦૦૦ વધારે આપેલા અને સાલેભાઈ તૈયબજીને રૂ. ૪૬,૦૦૦ મળીને બન્ને ઓર્ડર પાછળ રૂ. ૧,૬૨,૦૦૦ નું નુકશાન ગયું છે કે જે ગંજાવર રકમ મી. સાઇકસે સુચવ્યા મુજબ વિલાયત તારથી ઓર્ડર આપ્યો હોત તો બચી જાત. મી. સાઇકસની સુચના એવી હતી કે સ્થાનિક માલનો જથ્થો તૈયાર હોય તો ખરીદવો નહિં તો વિલાયત અરજંટ તાર કરવા. જીઓ. સરવીસ કે સાલેભાઇ એ બેમાંથી કોઇની પાસે માલ તૈયાર નહોતો

વેપારીઓને ખાસ સગવડો.

જીઓ. સરવીસના સબંધમાં માલ ઓર્ડર પ્રમાણે જોઇ લેવાનું ધોરણ કોરે મૂકાયું હતું અને કારખાનાવાળાનું સર્ટીફીકેટ સ્વીકારવામાં આવ્યું હતું. ટેન્ડરમાં નક્કી કરેલા ભાવ પણ હુંડીયામણને બહાને પાછળથી વધારવામાં આવ્યા હતા. સાલેભાઇ તૈયબજીને તાકીદને

બહાને ઓર્ડર આપવામાં આવ્યો હતો, પરંતુ માલ મોડો મળવા બદલ તેમની પાસેથી લેવાની દંડની રકમ રૂ. ૨૮,૦૦૦ ની થતી તેમાંથી રૂ. ૨૨,૦૦૦ છોડી દેવામાં આવ્યા હતા.

ધારાસભાને ખોટી માહિતી.

બન્ને પ્રસંગો માટે ધારાસભાને ખોટી માહિતી આપવામાં આવી હતી અને સ્વીકારેલા ટેન્ડરો ઓછામાં ઓછા હતા તે બતાવવા તે રજુ કરવામા આવ્યા નહોતા.

નાના ઓર્ડરોની ગડબડ

હવે નાના જથ્થા માટેના સ્થાનિક ઓર્ડરોના સંબંધમાં પણ ફરિઆદી પોતાને કશો સબંધ નહિં હોવાનું જણાવે છે તે ખોટું છે. એ જવાબદારી પણ તે કારોબારી ઇજનેર પર ઢોળવા મથે છે અને કહે છે કે એ કામ અને સત્તા તે ઇજનેરના હાથમાં હતી ફરિઆદી એટલે સુધી કહે છે કે કારોબારી ઇજનેરે તેના હુકમ વિરૂધ્ધ લોખંડના સળીયા ખરીદયા હતા તે તેને આ મુકદમો શરૂ થયા પછી ખબર પડી. તે કહે છે કે "બીજા નાના વેપારીઓ સાથે મારે કશો સબંધ નહોતો. તે અધિકાર કારોબારી ઇજનેરનો હતો. વરલી અને નાયગામના કારોબારી ઇજનેરો પોતાની જરૂરીયાત સામાન વિભાગના દેખરેખ રાખનાર ઇજનેરને જણાવે અને તે ઓર્ડર આપે. મને પૂછયા વગર તેઓ પોતાની જરૂરીયાત જણાવી શકે." મી. સાઇકસ આ વાત ખોટી ઠરાવે છે કે દેખરેખ રાખનાર ઇજનેર નં. ૧ સિવાય મારી સાથે સીધો પત્રવહેવાર થઇ શકે નહિં.

ફરિઆદી જણાવે છે કે, "લોખંડના સળીયાનાં બાબતમાં કારો-

બારી ઇજનેરને સામાન વિભાગમાંથી મંગાવી લેવાનો હુકમ હતો. તેઓએ બહાર જવાની જરૂર નથી એવો હુકમ હતો."

પછી તે જણાવે છે કે "લોખંડના સળીયાના એ હુકમ વિરૂધ્ધ સીધા ઓર્ડરો અપાયા હતા અને આ કેસને અંગે ફાઇલો તપાસી ત્યાં સુધી એ હુકમભંગની મને કશી ખબર નહોતી. કારોબારી ઇજનેર મારી જાણ બહાર ખરીદી કરી હોય તે વિશ્વાસપાત્ર અને જવાબદાર અમલદાર છે. હું ન જાણતો હોઉં તો તપાસ કેમ કરૂં"

આપ નામદાર જોઇ શકશો કે ફરિઆદી લોખંડના સળીયાની સ્થાનિક ખરીદી સાથે સબંધ હોવાનો તદ્દન ઇનકાર કરે છે અને આ કેસમાં ખુલ્લું પડયું તે પહેલાં તે વિષે પોતે કશુંજ જાણતો નહોતો એટલી હદ સુધી કહે છે. ઓમણે પેટ્રોલ એન્ડ જનરલ સપ્લાઇ કંપની વિષે કશું પણ જાણતા હોવાનો તે ઇનકાર કરે છે.

ના. હમાદની જુબાની તપાસતાં વસ્તુસ્થિતિ તદ્દન જુદીજ દેખાય છે. સ્થાનિક ખરીદી માટેની અરજી બતાવી આપે છે કે ફરિઆદીની જાણ તો શું, પરંતુ તેની ખાસ મંજુરી વિના લોખંડના સળીયાની જરા પણ ખરીદી કરી શકાય નહિં. કોઇ પણ ખરીદી કરવા પહેલાં કારોબારી ઇજનેરોએ દેખરેખ રાખનાર ઇજનેરને અરજી કરવી પડે છે અને તેમાં તે બધી વિગતો, ભાવ વિગેરે જણાવે છે, પરંતુ કયાંથી અને શું ભાવે ખરીદી કરવી તે તો દેખરેખ રાખનાર ઇજનેરજ નક્કી કરે છે. રૂા. ૧૫૬૦ માટેની બીજી અરજી બતાવી આપે છે કે તે રકમ કારોબારી ઇજનેરના સત્તામાં ઓછી રકમ છે, છતાં દેખરેખ રાખનાર ઇજનેરને અરજી કરવીજ પડે છે.

એકજ માલનાં ત્રણ બીલો.

પેટ્રોલ કંપનીના એકજ વસ્તુનાં ત્રણ બીલો વિષે મી. હમીદ પોતાની જુબાનીમાં જણાવે છે કે "એકજ જાતનાં અને જથ્થાનાં ત્રણ બીલો કેમ છે તેનો હું ખુલાસો કરી શકતો નથી. લોખંડના સળીયાના આ બીલો દેખરેખ રાખનાર ઇજનેરની મંજુરી માટે ગેયાજ હોવા જોઇએ. આ બીલો ૧૯૨૨ના ડીસેમ્બરના કે જે વખતે સાલેભાઇ તૈયબજીના ઓર્ડર તથા બીજા ઇન્ડેન્ટોનો માલ આવી ગયો હતો તેમજ ૫/૮" માપના સળીયા સીલ્લકમાં હતા, અને વધુ માલ માટે સાલેભાઇ તૈયબજી અને હાઇ કમીશનરને ઓર્ડરો અપાયેલા હતા. આમ છતાં એજ માપના સળીયા પેટ્રોલ કંપની પાસેથી બજાર ભાવ કરતાં ઉંચા ભાવે ખરીદવાની ફરિઆદીએ મંજુરી આપી છે. પેટ્રોલ કંપનીનો ભાવ હંડ્રવેટના રૂ. ૧૧–૮–૦ છે જ્યારે બીજાઓનો રૂા. ૯–૧૨–૦નો ભાવ છે. આ પ્રમાણે ટન દીઠ રૂા. ૩૫ વધારે અપાયા છે.

ટેન્ડરો વિના ઓર્ડરો અને કોન્ટ્રાકટો.

જાહેર ટેન્ડરોને બદલે માનીતી પેઢીઓને ઓર્ડર આપવાની ખાસ સગવડ આપવામાં આવી છે કે જે જાહેર બાંધકામના કાનુનોની વિરૂધ્ધ છે. ફરિઆદી પણ કબુલ કરે છે કે ટેન્ડરો વિના ઓર્ડરો મુકવા દેવામાં આવતા હતા. મી. હમીદ પોતાની જુબાનીમાં કહે છે કે "આ ખરીદીઓ માટે ટેન્ડરો માગવામાં આવ્યાંજ નહોતાં. અમે ભાવો મંગાવતા પરંતુ જાહેર ટેન્ડરો નહોતા માગતા આ જાહેર બાંધકામના કાનુન વિરૂધ્ધ છે. દેખરેખ રાખનાર ઇજનેરની મંજુરીથી

આ ધોરણ રાખવામાં આવ્યું હતું. કોન્ટ્રાકટરોને નાના કામો પણ ટેન્ડર વિના આપવામાં આવતાં અને દેખરેખ રાખનાર ઇજનેર તેમાં વાંધો ન લેતા." આ પ્રમાણે આ ખરીદીઓનું અને પેટ્રોલ કંપનીનું નામ જાણતા હોવાનો ફરિઆદીનો ઇનકાર તેનાજ રેકર્ડ અને મી. હમીદની જુબાનીથી ખોટા પડે છે અને બતાવી આપે છે કે પેટ્રોલ અને બીજી કંપની પાસેથી નહિં જોઇતા સળીયા ઘણા ઉંચા ભાવે ખરીદવાની તેણે મંજુરી આપી હતી અને ટેન્ડરો નહિં માગવાની સગવડ આપી હતી.

ઠગાઇ અને લાંચ રૂશ્વતનું કારણ.

વળી પેટ્રોલ કંપનીને સળીયાનો ઓર્ડરજ નહિં પણ નાના મકાનના બાંધકામનો કોન્ટ્રાકટ પણ આપવામાં આવ્યો હતો. પેટ્રોલ કંપનીના ચોપડા પરથી ખુલ્લું થાય છે કે આ સગવડોને લીધે અમલદારો વેપારીઓ સાથે ખાનગી ગોઠવણ કરી શકતા ફરિઆદીએ પોતાના હાથ નીચેના અમલદારોને ટેન્ડર વિના, કાયદાની વિરૂધ્ધ, સામાન વિભાગને પૂછયા વિના, ઉંચા ભાવે ઓર્ડરો આપવા વિગેરેની સગવડ આપવાથી અમલદારો અને વેપારીઓ વચ્ચે લાંચરૂશ્વતખોરી ચાલી શકતી. આ મુકદમાની તપાસ કેવળ લોખંડના સળીયા માટેજ હોઇને આ આખા ખાતામાં માલની ખરીદી સંબંધમાં વેપારીઓ અને ખાતાના અમલદારો વચ્ચે જે લુચ્ચાઇઓ અને લાંચરૂશ્વતખોરી હતી તે પુરવાર કરવાની મને તક મળી નથી. જો મને આપ નામદાર મંજુરી આપો તો હું હજુ પણ મુંબઇના વેપારીઓના ચોપડા ઉપરથી આ બધું પુરવાર કરી આપી શકું તેમ છું. આમ મારૂં ક્ષેત્ર સંકુચિત

કરી નાખવા અને મારા સામે અસાધારણ મુશ્કેલીઓ અને હરકતો મુકવા છતાં એવાં પુરતાં સાધનો રજુ કર્યાં છે કે જે ઉપરથી આ ખાતામાં ચાલતા રિવાજો વિષે કોર્ટને ચોકકસ અનુમાનો બાંધવાનું કહેવાનો મને હકક છે.

પેટ્રોલ કંપની સબ બંદરકા વેપારી.

પેટ્રોલ કંપનીના ચોપડા તપાસતાં તેની સાથે આ ખાતાની જે જબરી લેવડદેવડ ખુલ્લી પડી છે તે તરફ હું કોર્ટનું ધ્યાન ખેંચું છું. પેટ્રોલ અને મોટરનો વેપાર કરતી આ કંપની આ ખાતા તરફથી અને ખાસ કરીને ફરિઆદીના ચાલીઓના બાંધકામ ખાતા તરફથી સળીયા, ફરનીચર, નાના મોટા ઓજારો, અને મકાનને લગતા લાખો રૂપીયાના સામાનના ઓર્ડરો મેળવવા ભાગ્યશાળી થઈ છે. આ ખાતાના સંબંધમાં પેટ્રોલ કંપની સબ બંદરકા વેપારી જેવી હતી. વળી એટલેથી સંતોષ નહિં પામતાં એ કંપનીને નાના નાના બાંધકામના હજારો રૂપીયાના કોન્ટ્રાકટો મળ્યા હતા. કોઈ કોઈ વખત બે ત્રણ મહીનામાં એ કંપનીને લાખ કરતાં વધારે રૂપીયા પગાર થતા, તે ઉપરથી તેને કેટલા ઓર્ડરો મળતા હશે તે દેખાઈ આવે છે. કોઇ કોઇ વખત એક તારીખનાં એકજ માલનાં ત્રણ ચાર વખત બીલો થતાં અને રેકર્ડ ઉપરથી જણાય છે કે એ બીલો ત્રણ ચારે વખત ચૂકવવામાં પણ આવતાં. પેટ્રોલ કંપનીને આવા રીતે એક બીલ ત્રણ વખત અપાયું છે. તે કંપનીના ચોપડા બતાવી આપે છે કે તેઓ પોત્તે બધા માલના વેપારી ન હોવાથી તેઓ બજારમાંથી ઘણા ઓછા ભાવે ખરીદી તેમાંથી ભારે નફો હોઇયાં કરતા.

નફાની વહેંચણી.

લોખંડના સળીયાની ખરીદીનાજ એક બે દાખલા આપીશ. ૧૯૨૨ ની આખરમાં સામાન ખાતાના કારોબારી ઇજનેર મી. કોલાબાવાલાએ એલાયંસ સ્ટીલ ટ્રેડીંગ કંપની પાસેથી ૫/૮" માપના સળીયા ટનના રૂ. ૧૭૦ ના ભાવે ખરીદયા હતા, જ્યારે ફરિઆદીએ એજ માપના પેટ્રોલ કંપની પાસેથી રૂ. ૨૧૦ થી ૨૨૦ના ભાવે ખરીદયા હતા. પેટ્રોલ કંપની બજારમાંથીજ ખરીદી કરીને માલ પુરો પાડતી અને રૂ. ૫૦–૬૦ નો ગાળો કંપની અને અમલદારો વહેંચી ખાતા.

અમલદારોની મોટરોનો નિભાવ.

આનો માત્ર એકજ દાખલો છે. પેટ્રોલ કંપનીના ચોપડામાં અમલદારોના નામનાં ખાતાંઓ છે કે જેમાં અમલદારોની વતી કરેલી ખરીદીઓ અને ખર્ચો ઉપરાંત અમલદારોના મિત્રોને આગ્રે અને બીજે સ્થળે રૂ. ૫૦૮–૬૦૦ ના મનીઓર્ડરો અને રોકડા આપ્યાની નોંધો છે. આ ઉપરાંત ખરીદ કરનારા અમલદારોની મોટરના શોફરોના પગાર, બુટ, કપડાં વગેરે બધી જાતનું ખર્ચ એ કંપની કરતી. વળી પેટ્રોલ કંપની પોતાને ખર્ચે અમુક અમલદારોને મોટરો રીપેર કરી આપતી. અમુક કંપની અમુક માલનો વેપાર કરતી હોય કે નહિં તેનો વિચાર કર્યા વિના અને ટેન્ડરો વિના તેને ઓર્ડરો અપાયા હતા, બાંધકામના કોન્ટ્રાક્ટ અપાયા હતા અને એકજ બીલ ત્રણ ચાર વખત ચૂકવાયું હતું એ બધું ધ્યાનમાં લેતાં કંપની અને અમલદારો વચ્ચેની લેવડદેવડનો છુપા કમીશન સિવાય કશોજ ખુલાસો કરવો વ્યર્થ છે. સળીયા અને બીજા સામાનના

સંબંધમાં રેકર્ડ ઉપરથી બતાવી શકાય તેમ છે કે એ બધો સામાન સીલીકમાં હતો અને ઓર્ડરો તો માત્ર નફો ખટાવવા માટેજ આપવામાં આવ્યા હતા.

અમલદારોના નામનાં ખાતાંઓ

આ બધા સખ્યાબંધ ઓર્ડરો ઉપરાંત પેટ્રોલ કંપનીને બે ત્રણ મહીનામાં ટેન્ડર વિના ૫૦ હજાર રૂપીયાના ઓર્ડરો આપવામાં આવ્યા હતા. ૧૯૨૨માં તેજ કંપનીને રૂ. ૭૦ હજારના નાના બાંધકામોના કોન્ટ્રાકટો આપવામાં આવ્યા હતા. આ ઉપરથી પેટ્રોલ કંપનીને કેવા કેવા અને કેટલા ઓર્ડરો આપવામાં આવ્યા હતા તેનો આપ નામદારને ખ્યાલ આવશે. જાહેર બાંધકામ, મ્યુનીસીપાલીટી, શહેર સુધારા ટ્રસ્ટ, રેલવેઓ કે કયાંઇ આ ખાતાની માફક પેટ્રોલ અને મોટરના વેપારીને હરેક જાતના માલના ઓર્ડરો આપ્યાના કે બાંધકામના કોન્ટ્રાકટનો દાખલો નહિં મળે અને વળી આપ નામદારે ધ્યાનમાં લેવું ઘટે છે કે આ માત્ર એકજ વિભાગમાં નહોતું. તેના ચોપડા અને બીલો બતાવી આપે છે કે આ ખાતાના બીજા વિભાગના અમલદારો સાથે લેવડદેવડ થતી હતી અને તેમનાં પણ મી. હમીદની માફક ખાતાં હતાં અને તેમના મોટરો અને બીજા ખર્ચોનો નીભાવ કરવામાં આવતો હતો. આવી એક નાની કંપની સાથે આટલી લેવડદેવડ થતી હતી તો પછી આ ખાતા સાથે કામ પાડતી બીજી કંપનીઓ સાથે કેટલી લેવડદેવડ થતી હશે તેનો તોલ કરવાનું હું આપ નામદાર પર છોડું છું. એ બધી હકિકતો બહાર નથી આવી કેમકે તે ચોપડા મળી શકતા નથી-

મી. હમીદનો લુલો ખુલાસો

આ સંબંધમાં મી. હમીદ એવો ખુલાસો કરે છે કે તે કંપનીએ ખર્ચેલાં નાણાં ચૂકવી આપતો અને તે બતાવવા કેટલીક રસીદો રજુ કરે છે. પહેલાં તો તે રસીદો રજુ કરવા તે આનાકાની કરતો હતો, પરંતુ બચાવ પક્ષના આગ્રહ અને પોતાની જુબાનીમાં તે વિષે ઇશારો કરવાથી તેને તે નીચેની રસીદો રજુ કરવી પડી હતીઃ—

૨૪–૧૧–૨૨	૨૯૮–૧૬–૦
૨૯–૧૧–૨૨	૬૧૯–૧૩–૬
૨૯–૧૧–૨૨	૨૧૧—૦–૦
૩૦–૧૧–૨૨	૭૮૫—૦–૦
૫—૫–૨૨	૭૦૬—૦–૦
૯—૫–૨૨	૧૨૦૦—૦–૦
૫–૧૨–૨૩	૧૩૧—૦–૦

રસીદો ઉપરથી દેખાશે કે નાણાં ૧૯૨૨ના મે અને નવેમ્બરમાં અને ૧૯૨૩ના ડીસેમ્બરમાંજ આપવામાં આવ્યાં છે. એ રસીદોની કુલ રકમ કરતાં ખર્ચ ઘણુંજ વધારે નોંધાએલું છે. વળી લેવડદેવડ માત્ર અમુક મહીનામાં નહિં પણ આખું વર્ષ થયા કરી છેઃ મી. હમીદ કહે છે કે "બેંકમાં મારૂ ખાતું હતું, પરંતુ રોકડા નાણા આપતો હતો. જયારે જયારે માણસ હિસાબ કરવા આવતો ત્યારે બાકી લેણું રહે તે ચૂકવતો અને પુરા હિસાબની પહોંચ લેતો" આ ગોઠવણ ઉપરની રસીદોની તારીખ સાથે અસંગત દેખાય છે. વળી કંપનીના ચોપડામાં એ હિસાબ છેજ

નહિં. તે આ રકમો કબુલ કરે છે પરંતુ કંપનીના ચોપડામાં રોકડા નાણા આવ્યાની નોંધ કબુલ કરતો નથી. તેમજ આગ્રા ખાતે તેના ઓળખીતા ફીઆજઅલીખાનને મની ઓર્ડરથી મોકલેલા રૂ. ૧૦૧ માટે એવો ખુલાસો કરે છે કે " એ માણસને નોકરીએ રાખવા બોલાવવા કંપનીએ મની ઓર્ડર કરેલો પરંતુ તે માણસ ન આવ્યો તેથી તે રકમ મારા ખાતે ઉધારાઇ" પેટ્રોલ કંપની નોકર રાખવા માગતી હોય એ માણસને કરેલો મની ઓર્ડર મી. હમીદ વતી મોકલેલા તરીકે શા માટે ઉધારવામાં આવે ?

પેટ્રોલ અને મોટરોના રીપેર

આ નોંધ કંપની અને અમલદાર વચ્ચેનો સંબંધ પુરવાર કરે છે. તેથીજ પેટ્રોલ કંપનીએ ચોપડા રજુ કરવા સામે મજબુત વાંધો ઉઠાવ્યો હતો એજ પ્રમાણે સળીઆના વેચાણ ખાતાના અમલદાર મી. કાડવેલનું પણ કંપનીમાં ખાતું છે. મી. નારાયણે મોટર રીપેરના રજુ કરેલાં બીલો બતાવે છે કે પેટ્રોલ કંપનીએ મી. હમીદ અને બીજા અમલદારોની મોટર રીપેરનાં નાણાં આપ્યાં હતાં. કંપનીના ચોપડામાં પેટ્રોલની જબરી વપરાશ અને ટુંક મુદતમાં મોટર રીપેરની જંગી રકમો આપ નામદાર જોશો. મી, હમીદની મોટરમાં એટલું બધું પેટ્રોલ વપરાઈ જાય અને એ મોટરને એટલી ટુંક મુદતમાં એટલી બધી રીપેર કરવી પડે એ માની શકાય તેવું નથી. વળી ચોપડાની નોંધની તારીખો દેખાડી આપે છે કે મી. હમીદ કામચલાઉ દેખરેખ રાખનાર ઇજનેર હતો ત્યારે પણ લેવડદેવડ થઇ છે.

ખોટાં બીલો

લુચ્ચાઈથી નાણાં ખાઇ જવાની બીજી રીત એ હતી કે, પુરા બીલનાં નાંણાં ચૂકવવામાં આવતાં, જ્યારે માલ તો અડધોજ પુરો પાડવામાં આવતો અને કલ્પિત માલનાં નાણાં અમલદાર અને વેપારી વહેંચી લેતા. ૧૯૨૨ના અધવચમાં ૫/૮" માપના સળીયા પુરતા જથ્થામાં હતા એ પુરવાર થયું છે. છતાં પેટ્રોલ કંપનીની બીલ બુક પરથી દેખાય છે કે એ માપના મોટા જથ્થાનો ઓર્ડર તેને એ વર્ષની આખરમાં આપવામાં આવ્યો હતો. ફરિઆદીએ જણાવ્યું છે કે સામાન ખાતાની મારફત સિવાય સ્થાનિક ખરીદી નહિં કરવા તેણે અમલદારોને સુચના કરી હતી અને આમ છતાં જુદા જુદા વેપારીઓ પાસેથી વધારે ઉંચા ભાવની ખરીદી કરવા તેણે મંજુરી આપી હતી.

બીજા અગત્યના મુદ્દા પર આપ નામદારનું ધ્યાન ખેંચું છું કે ફરિયાદીએ જુબાનીમાં કબુલ કર્યું છે કે માલના જથ્થાની નોંધ રાખવામાં આવી નથી અને તે ગુન્હા માટે એક કારોબારી ઇજનેરને બરતરફ કરવામાં આવ્યો હતો. આ કાગળો રજુ નહિં કરવાથી બચાવ પક્ષને ઘણું વેઠવું પડયું છે, કેમકે વેપારીઓના ચોપડા ઉપરાંત એ કાગળો રજુ થયા હોત તો ઇરાદાપૂર્વક અને પદ્ધતિસર નાણાં કેમ હોઇયાં કરી જવામાં આવ્યાં હતાં, જરૂર કરતાં વધારે માલની કેવી માગણીઓ કરવામાં આવી હતી અને કદિ નહિં ખરીદેલા માલનાં બનાવટી બીલોની કેવી મોટી રકમો ચૂકવવામાં આવી હતી તે હું

પુરવાર કરી શકત

અફવા માટે મજબુત કારણ.

આ હકિકતો બતાવી આપે છે કે મેં જુબાનીમાં જણાવી તેવી અફ-
ઓ માટે મજબુત કારણ હતું અને અમલદારો સંબંધીની એ અફવા
મીટીની ધ્યાન પર લાવવામાં હું વ્યાજબી હતો. જુબાની બતાવી
ાપે છે કે ફરિઆદી પોતાની જુબાનીમાં કાંઈ જાણતો નહિં હોવાનો
ળ કરે છે તે ખરૂં નથી. બધું તેની જાણ અને મંજુરીથી થયું
. જો તેણે સગવડો આપી ન હોત તો તેમ નજ થાત.

જો મને પુરતો ટાઇમ આપવામાં આવશે તો હું જુદા જુદા
ારીઓ સાથેના લેવડદેવડનું સ્ટેટમેન્ટ કોર્ટ સમક્ષ રજુ કરવા ઇચ્છું
કે જેથી કોર્ટ પોતાનો નિર્ણય બાંધી શકે.

ઝવેરાત અને કિંમતી ચીજોની ભેટો.

એકજ દાખલો આપું. સળીયાના વેપારીના લીસ્ટમાં બી. બાલકૃ-
ા કંપની ઉર્ફે બાલકીશનદાસ" શેઠનું નામ છે કે જેના ચોપડા
ાસભાના ઠરાવ પછી એક મહીનામાં (નવેમ્બર ૧૯૨૪) ભેદી રીતે
ા થઈ ગયા. કોલસા, લોખંડ વગેરેના વેપારીના લીસ્ટમાં નામ
ા છતાં મી. સાઇકસ કે ફરિઆદીને નામ યાદ આવતું નથી.
ાકીશનદાસ શેઠની ખીલવણી ખાતાના અમલદારો સાથેની લેવડદેવડ
ાળ અને ઉદાર હતી રોજીંદી ચીજો, અને મોટરો ઉપરાંત
ીચા, ઝવેરાત વિગેરે કિંમતી ચીજો ભેટ આપતા અને મને રજા
પવામાં આવે તો હું પુરવાર કરી આપું કે કેટલાક અમલદારોના વિલા-
ના શીરનામે કિંમતી ચીજો મોકલવામાં આવી હતી અને તેનાં બીલો
ાકીશનદાસે ચૂકવ્યાં હતાં. બે મોટરો અમલદારો માટે હંમેશાં તૈયાર

રહેતી અને ચીઠી આવે કે મોકલવામાં આવતી, અને તે બધાના બદલામાં જાહેર ફંડને જોખમે બાલકીશનદાસ પર મહેરબાની કરવામાં આવતી. બાલફર કંપનીના ધારણ કરેલા નામે આખા ખાતાને તેમજ ચાલી ખાતાને ફરિઆદી સામાન વિભાગમાં હતો તે દરમિયાન પણ ઘણી જાતનો માલ પુરો પાડયો હતો અને બાલકીશનદાસ શેઠને નામે લાખો રૂપીયાના કોન્ટ્રાકટો લીધા હતા.

ચોપડાનો નાશ

તેનો પણ એકજ દાખલો આપું. અમુક કંપનીએ બહુ ઓછા ભાવે બંગાલી કોલસા પુરા પાડવા જણાવ્યું પરંતુ તે મંજુર ન થયું, પરંતુ તેજ કંપનીએ તેજ માલ બાલફર કંપની મારફત પુરો પાડવા જણાવ્યું ત્યારે તે તરતજ મંજુર થયું એટલુંજ નહિં પણ ઘણા મોટા ભાવે મંજુર થયું. બાલકીશનદાસના ચોપડામાં અમલદારોને મોટી રકમો આપ્યાની નોંધો પુરવાર કરવાની જુબાની મારી પાસે છે અને તેથીજ તેણે ધારાસભાના ઠરાવ પછી તરતજ બધા ચોપડા અને કાગળોનો નાશ કર્યો એટલુંજ નહિં પણ ચૂકવેલા ચેકો બેંકમાંથી પાછા મેળવી તેનો નાશ કર્યો.

સરકારની બાજી.

સરકારની ધ્યાન પર આ વાત લાવ્યા પછી તરતજ સરકારે છુપી પોલીસ કે બીજે માર્ગે ખાનગી તપાસ ચલાવી હોત તો ચોંકાવનારી હકિકતો બહાર આવી હોત. પરંતુ વારંવાર માગણી અને ચેલેંજો કરવા છતાં, આ મુકદ્દમામાં પુરવાર થયા મુજબ અને મેં ત્રણ વર્ષ પહેલાં ભય રાખ્યો હતો તે પ્રમાણે આ વિષય પર અજવાળું પાડે એવા કાગળોનો નાશ કરવામાં આવ્યો અને

ઘણાખરા નાના મોટા અમલદારો છુટા થઇને વિલાયત ચાલ્યા ગયા ત્યાં સુધી કાંઇજ પગલાં લેવામાં ન આવ્યાં. આ પ્રમાણે મને પ્રતિકુળ સંજોગોમાં મૂકીને અને રેકર્ડ અને પુરાવા મને ન મળી શકે એટલી ઢીલ કરીને સરકાર હવે મારા પર કેસ ચલાવવાની મંજુરી આપે છે અને ૩ વર્ષ પહેલાં કરેલા આક્ષેપો પુરવાર કરવા મને કહે છે. સરકાર માને છે કે આવી મુશ્કેલીઓને લીધે હું નહિં ફાવું અને તેથી ખાતાના વહીવટ પર ઢાંકપીછોડો કરવાનો હેતુ પાર પડશે.

આ તો મેં એકજ કંપનીની વાત કરી. હવે બીજી સ્થાનિક ખરીદીઓ વિષે જણાવીશ. આ બાબતોમાં ફરિઆદીએ સાલેભાઇ તૈયબજી અને જીઓ. સરવીસ સિવાયની બીજી ખરીદીઓ તદ્દન નજીવી અને નાની રકમોની દેખાડવાનો પ્રયત્ન કર્યો છે. તે કહે છે કે, "નાના વેપારીઓ સાથે મને કશો સબંધ નહોતો મેં સ્થાનિક ઓર્ડરો આપ્યા નથી. મોટે ભાગે કોલાબાવાલાએ અને હમીદે થોડા ટનના ઓર્ડર આપ્યા હશે. હમીદે સળીયાના માત્ર એક બે ઓર્ડર આપ્યા હશે."

આમ તેનો વલણ એવી છે કે તેનું ખાતું ભાગ્યેજ સળીયા ખરીદતું અને તે પણ તેની જાણ વગર. તે કહે છે કે "સળીયાની સ્થાનિક ખરીદી ૫૦ ટનની પણ નહિં હોય."

કોર્ટથી છુપાવવામાં આવતી હકીકત.

આ બાબતમાં પણ સાલેભાઇ તૈયબજી અને જીઓ. સરવીસના મોટા ઓર્ડરો ઉપરાંત બાજા વેપારીઓ પાસેથી પણ ફરિઆદીના ખાતાએ ખરીદી કરી હતી તે સત્ય હકિકત ફરિઆદી કોર્ટથી છુપાવે છે. મી. સાઇક્સની જુબાની દરમિયાન સળીયાની સ્થાનિક ખરીદી

માટેની અરજીઓ રજુ કરવાનું કહેવામાં આવતાં ફરિઆદીએ સામાન ખાતાની અરજીઓ રજુ કરી, જ્યારે પોતે કરેલી બધી અરજીઓ દબાવી દઈને પોતાના ખાતાની એકજ અરજી રજુ કરી. મી. સાઇકસની તા. ૧-૮-૨૨ ની યાદી બતાવે છે કે તે તારીખ સુધીમાં જીઓ સરવીસ ઉપરાંત ૩૦૦ ટનની સ્થાનિક ખરીદી થઈ હતી. રજુ કરવામ આવેલી અરજીઓ ૧૧૪ ટન માટે છે અને બાકીના ૧૮૬ ટનનં અરજીઓ દબાવી દેવામાં આવી છે કેમકે તે અરજીઓ બતાવી આપત કે તે ખરીદીઓ ફરિઆદીએ કરી હતી જ્યારે ફરિઆદી કોર્ટને એવુ સમજાવવા માગે છે કે તેણે કશી ખરીદી કરી નહોતી અને તેને ત સાથે કશો સંબંધ નહોતો. પેટ્રોલ કંપની જેવા શંકાભર્યા સોદા સાથે સબંધ નહિં હોવાનું દેખાડવાનો આ પ્રયત્ન છે.

ગંજાવર સ્થાનિક ખરીદીઓ.

તેનો સંબંધ નહિં હોવાની વાત ખોટી હોવાનો પણ એક દાખલે આપું. સ્થાનિક ખરીદીના નીચેના ઠરાવો સાથે તેનો સંબંધ છે અ તે ખોટી પુરવાર કરવાનો ફરિઆદ પક્ષને હું ચેલેંજ કરૂં છું:—

ઠરાવ નં.	તારીખ	વજન	માપ	રૂપીયા.
૩૨૫૩	૮-૮-૨૧	૫૦ ટન રૂા. ૧૧-૪-૦ હંદ્રવેટ લેખે	૧/૪"	૧૧,૨૫૦

નોંધ-દેખરેખ રાખનાર ઇજનેર કે તેના વિભાગે જોહન ફલેમીં કંપનીમાંથી સીધા ખરીદયા.

૧૮૫૮	૫-૧૦-૨૨	૩૭-૩ ૪૦૦૦ સળીયા	૫૮"	૬,૫૦૧

નોંધ—દેખરેખ રાખનાર ઇજનેર નં. ૧ની સૂચનાથી નં. ૪થાએ ખરીદયા

સ્થાનિક વેપારીઓના લીસ્ટમાં જોહન ફ્લેમીંગ કંપનીનું નામ પણ જણાવેલું નથી.

કુલ ખરીદી ૫૦ ટનની નહિં પણ ૫૦૦ટનની થઇ હતી. મેં આ બે દાખલા એટલા માટે આપ્યા છે કે તેમાં ફરિઆદીનો હાથ હતો અને જીઓ. સરવીસના ઓર્ડર પછી થોડા મહીનામાંજ એ ખરીદીઓ થઇ હતી. સવાલ એ છે કે આ જુદા આવડા મોટા ઓર્ડરની શી જરૂર હતી? કુલ ખરીદીનું લીસ્ટ નીચે રજુ કરૂં છું અને તેનો ઇનકાર કરવા ચેલેંજ કરૂં છું:—

સરકારી ઠરાવ નં.	તારીખ.	રૂપીયા.
૧૧૩૭	૨૬—૫—૨૨	૧૨,૮૨૨—૩—૯
(૪)૧૯૩૭	૨૨—૬—૨૨	૪,૭૩૫—૦—૦
" ૧૯૩૬	"	૪,૬૧૫—૨—૦
૧૩૯૪	૭—૭-૨૨	૧૦,૫૦૦—૦—૦
૧૫૦૧	૨૭—૭—૨૨	૧૦,૪૮૭—૮—૦
	(બધો જથ્થો ૫/૮")	
(૪)૨૫૪૭	૧—૮—૨૨	૨,૬૯૬—૪—૦
૨૫૪૬	૨૩—૮—૨૨	૮,૩૭૫—૦—૦
	(રૂ. ૩૩૫૦ ના ૫/૮" ના)	
૨૭૩૩	૨૩—૮—૨૨	૨,૨૮૦—૦—૦
૧૮૫૮	૫-૧૦—૨૨	૬,૫૦૧—૪—૦
૧૯૬૨	૩૧-૧૦—૨૨	૧૦,૦૩૧—૪—૦
૨૧૧૬	૧૫-૧૨—૨૨	૮,૩૯૫,—૦—૦

(રૂ. ૩૩૪૦ ના ૫/૮" ના)

૫૪	૧૫—૧—૨૩	૧૦,૮૧૮—૨—૦
૨૭૮	૧—૩—૨૩	૧૧,૬૦૭—૦—૦
૩૨૯	૧૩—૩—૨૩	૨૩,૬૨૫—૦—૦
૪૫૦	૧૮—૩—૨૩	૯,૬૪૦—૨—૦
૩૨૫૩	૮—૮—૨૧	૧૧,૨૫૦—૦—૦
૯૫ (એસ. ઇ. ૪)		૧,૬૬૦-૧૪—૦
૯૯ "		૩,૬૯૨-૧૧—૦
૧૦૭ "		૧,૧૭૨-૧૪—૦
૧૦૫૦	૩—૭—૨૩	૧૯,૯૪૭—૫—૦
૧૦૮		૪,૧૨૫—૧—૦
૧૧૬		૪,૨૨૮-૧૪—૦
૧૯૦૯	૨૧-૧૨-૨૩	૯,૦૮૮—૪—૦
એસ. ઇ. ૧ ૧૭-૨૨ ૧૭૫૯	૧૨—૫—૨૨	૩,૬૨૮—૨—૦
		૨,૦૧,૦૬૬—૦—૦

આ લીસ્ટ બતાવી આપે છે કે કોર્ટથી ખરી હકિકત છુપાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વેગનો ભરીને માલ રવાના.

સવાલ એ ઉભો થાય છે કે જો ઓફીસનો નિયમ એ છે કે ગણત્રી પછી લીસ્ટ તૈયાર થાય છે અને તે વગે જોઇતા માલના એક સામટા ઇન્ડેન્ટ સ્થાનિક વેપારીને કે હાઇ કમીશનરને મોકલવામાં આવે છે તો પછી એ મૂળ ઇન્ડેન્ટમાં જોઇએ તે કરતાં વધારે માલ હોવા છતાં બીજી મોટી સ્થાનિક ખરીદીઓ શા માટે કરવામાં આવી

હતી ? ખરીદી અને સીલ્લકના કાગળો રજુ કરવામાં આવતા હોવાથી તપાસ કરવી મુશ્કેલ બને છે. સળીયાની ખરીદીનું તો કારણજ સમજાતું નથી કેમકે સ્થાનિક ખરીદી માટે સરકારનો મનાઈ હુકમ હતો. તાકીદનું પણ કારણ નહોતું કેમકે બધા માપ મળીને કુલ ૧૬૦૦ ટન સળીયા સીલ્લકમાં હતા. વળી ફરિઆદી કબુલ કરે છે કે "કેટલા ટન વેગનમાં ઉપાડી જવામાં આવ્યા હતા તે હું કહી શકતો નથી." વેગન ૨૩ ટનનું થાય છે. વેગનો ઉપડી જાય તે કોઇ જાણે નહિં અને તેની કોઇને ખબર પણ ન પડે એ આશ્ચર્યકારક છે. ફરિઆદી કહે છે કે "રૂ.૩૦,૦૦૦નો માલ વિના રસીદે સોંપી શકાય. અને ગમે તેટલો ઓર્ડર ટેલીફોનથી આપી શકાય." આવા શંકાભર્યા સંજોગો અને ફરિઆદીના અપ્રમાણિક ઇનકાર અને કાગળોની અપ્રમાણિક ગુલમાલ પછી સવાલ એ થાય છે કે જે નાણાં અપાયાં તે બધાંનો માલ આવ્યો કે નહિં ?

કોઇ સરકારી કે ખાનગી ખાતામાં ન હોય એવી ખેદજનક સ્થિતિ પછી અમલદારો વિષે અફવાઓ ઉડે એમાં કાંઇ આશ્ચર્ય છે ? તપાસ થઇ શકે તેવા હેતુથી કાયદેસર નીમાયેલી કમીટીનું એ અફવા તરફ ધ્યાન ખેંચવામાં શું હું વ્યાજબી નહોતો ?

અતિશય મોડું કરવાથી બચાવના માર્ગમાં પડતી મુશ્કેલીઓ ધ્યાનમાં લેવા આપને મારી અરજ છે. આવી મુશ્કેલીઓ અને હકિકતો દાબી દેવામાં અમલદારો અને વેપારીઓનો સ્વાર્થ હોવા છતાં ત્રણ વર્ષ પછી પણ બચાવ પક્ષ કોર્ટ સમક્ષ આવેલા બધા સાધનો રજુ કરી શકયો તેજ આશ્ચર્યકારક છે.

આમ ઈરાદાપૂર્વક અને પદ્ધતિસર વધારે પડતો માલ ખરીદવામાં આવે એટલે સીલ્લક મોટી પડી રહે એ સ્વાભાવિક છે. પરંતુ હુ ક્ષોખંડના સળીયા વિષેજ બોલીશ, જોકે બીજા દાખલા એટલાજ ચોંકાવનારા છે વેગનો ભરીને માલ ઉપડી જવા પછી અને જે માલને હિસાબ રખાયો નથી તે ઉપરાંત ૧૯૨૫ની અધવચમાં ૫ લાખનો માલ સીલ્લકમાં નકામો પડયો હતો. એક વેગન ૨૩ ટનનું થાય અને એવ તો કેટલા ઉપડી ગયા તેની ખબરજ નથી.

વેચાણના ગોટાળ

વધેલા માલના વેચાણના પણ એવાજ શંકાભર્યા સંજોગો છે આ બાબતમાં પણ ફરિઆદીએ પહેલાં તો ઇનકારનીજ વલણ લીધી છે અને જેને કાંઇ લેવાદેવા ન હોય તેને માથે દોષ ઢોળવાને પ્રયત્ન કર્યો છે. પહેલાં તે કહે છે ' વેચાણની શરૂઆત વખતે હુ રજા પર હતો. મેં વેચાણની ગોઠવણ કરી નહોતી. મને તે સાથે લેવાદેવા નથી." પછી કહે છે કે "વેચાણ થયાં ત્યારે હું હાજર હતો, સાયકર હાજર નહોતો. હમીદે પરવાનગી આપી હશે. કદાચ સરકારે મંજુરી આપ હશે" પણ પાછળથી પુરવાર થયું છે અને ફરીયાદીએ પણ કબુલ કર્યું છે કે " સળીયાના વેચાણ સાથે હમીદને કશો સંબંધ નહોતો. અને છેવટે એ પણ કબુલ કરે છે કે " હું સેક્રેટરી પાસે કાગળ લઇ ગયે હતો. તેને પરિણામે વેચાણના સદેશા પુરા થયા હતા "

બધી વાતનો ઇનકાર.

નોંધવા જેવું એ છે કે ફરિઆદી પહેલાં તો દરેક વાતનો ઇનકાર કરે છે અને જયારે કાગળોના પુરાવા તેની સામે મૂકવામાં આવે છે ત્યારે

એકરાર કરે છે. સરકારના સેક્રેટરી મી .બેલ પોતાની જુબાનીમાં કહે છે કે, "નક્કી કરેલા ભાવે વેચાણ કરવાની દેખરેખ રાખનાર ઈજનેરને સત્તા છે.જો ભાવ ઓછા મળતા હોય તો તેનું ઘટતું કરવાનું તેના હાથમાં છે. માણેકચંદ જીવરાજનું નામ મને હારવેએજ આપ્યું હતું. માણેકચંદ જીવરાજની મુદત હારવેની ભલામણથીજ લંબાવી આપવામાં આવી હતી." જાહેર બાંધકામની ૩૧૭ કલમ મુજબ વધારાનો માલ દેખરેખ રાખનાર ઈજનેરની મંજુરીથીજ ખાનગી રીતે વેંચી શકાય માણેકચંદ જીવરાજને વેચેલા સળીયા વિષે જુબાની પરથી નીચેની વિગતો મળે છે.

ફરિઆદીની ભલામણ.

વધારાના સળીયા ૧૯૨૪ના ઓક્ટોબરથી વેચવા માટે હતા. તેનો નીચામાં નીચો ભાવ ફરિઆદીએ નક્કી કર્યો હતો કે જે ટનના રૂ. ૧૬૮ થી ૧૮૦ સુધી હતો. મી. બેલ કહે છે કે, "ચાલુ પ્રાઇસ લીસ્ટને આધારે મી. હારવેની ભલામણથી ઓછામાં ઓછા ભાવ નક્કી કરવામાં આવ્યા ત્યારે હું ધારૂં છું કે તે હાજર હતા." પાછળથી એ ભાવો પણ કમી કરવામાં આવ્યા હતા. ૧૯૨૫ના જુન જુલાઈમાં જાહેર ખબરથી ટેન્ડરો માગવામાં આવ્યાં હતાં.

મી. બેલ અને ફરિઆદીના કહેવા પ્રમાણે ખીલવણી ખાતાનો ડીરેકટર બધી માગણી એ દેખરેખ રાખનાર ઈજનેરને જણાવે અને માગણીઓ નક્કી કરેલા ભાવ પ્રમાણે હોય તો ઈજનેર સોદો નક્કી કરે. જો માગણી નીચા ભાવની હોય તો તે સ્વીકારવાની ભલામણ કરવાનું તેનાં હાથમાં હતું. જાહેર ખબર માટુંગા ખાતેના કારોબારી ઈજનેર મી. કેડવેલની સહીથી હતી તેથી ઓફરો

તેના પૂર જતી અને તેને પૂછપરછ થતી. ઓફરો નકકી કરેલા ભાવે હોય તો તે સોદો નકકી કરે નહિં તો તેની ફરજ ઓફરો દેખરેખ રાખનાર ઇજનેર પર મોકલવાની હતી.

વેચાણ માટે દલાલ

જુલાઇ ઓકટોબર સુધી મી. હમીદ કામચલાઉ દેખરેખ રાખનાર ઇજનેર હતો તેથી કેટલીક ઓફરો તેની પાસે આવી હતી અને નકકી કરેલા ભાવ પ્રમાણેની માગણીના વેચાણો થયા હતા, બાકીના નામંજુર કરવામાં આવ્યા હતા. એલાયંસ ટ્રેડીંગ કંપનીની માગણી નીચા ભાવની હોવાથી મી. બેલે નામંજુર કરી હતી. ૧૯૨૫ના સપ્ટેમ્બરમાં મી. એન્ડરસનને નકકી કરેલા ભાવે વેચાણ કરવા દલાલ નીમવામાં આવ્યો હતો. તેણે તે પ્રમાણે વેચાણો કર્યાં હતા અને તેને કમીશન અપાયું હતું. ૧૯૨૫ના જુલાઇની તા. ૨૩મીએ એલાયંસ કંપનીએ કુલ માલ માટે વ્યાજબી ભાવની માગણી કરી હતી. મી. બેલ કહે છે કે ચાલુ ભાવો ધ્યાનમાં લઇ ફરિયાદિની ભલામણથી ઓછામાં ઓછા ભાવો નકકી કરવામાં આવ્યા હતા.

નફાને બદલે ખોટ

ફરિયાદી જણાવે છે કે એ બાબત તેની પાસે એટલા માટે આવતી કે એ બાબત દેખરેખ રાખનાર ઇજનેરની સત્તાની હતી. તેણેજ લખેલા પત્રમાં તેણે વેચાણથી રૂ. ૪૧,૦૦૦નો નફો થવાનું જણાવ્યું હતું કેમકે લોખંડના સળીયા પર જકાત પડી હતી અને તેથી ભાવો વધ્યા હતા. એ નફાને બદલે માણેકચંદ જીવરાજને વેચેલા માલમાં રૂ. ૨ લાખની ખોટ ગઇ હતી મી. હમીદે વેચાણ માટે જીઓ.

સરવીસને ૨ ટકા કમીશને દલાલ નીમવાની ભલામણ કરી હતી, પરંતુ તે સ્વીકારવામાં આવી નહોતી. મી. બેલે રજુ કરેલી ફાઇલ પ્રમાણે સળીયા માટે બીજે પણ તપાસ કરવામાં આવી હતી, પરંતુ તેનું પરિણામ શું આવ્યું તે પત્રવહેવાર રજુ કરવામાં નથી આવ્યો.

૧૯૨૫ ના ઓકટોબરમાં મી. હારવે આવ્યો ત્યાં સુધી નકકી કરેલા ભાવેજ થોડા વેચાણો થયા હતા અને એલાયંસ કંપનીની અને બીજાઓની રૂ. ૧૦૨-૮-૦ ઉપરની ઓફરો નકકી કરેલા ભાવ પ્રમાણે ન હોવાથી નામંજુર કરવામાં આવી હતી. મી. હારવે આવતા સુધી નકકી કરેલા ભાવ નીચે એક પણ વેચાણ ફરિઆદ પક્ષ બતાવી શકતો નથી જ્યારે નામંજુર થયેલી ઓફરોના દાખલા બચાવપક્ષે રજુ કર્યા છે.

એકાએક સોદા નકકી.

મી. હારવે તા. ૧૯ મી ઓકટોબર ૧૯૨૫ ને દિવસે આવ્યો. માણેકચંદ જીવરાજને તે તેમજ તેનું ખાતું ઓળખતું હતું. તેની સાથે વેગનના આગલા સોદા મી. હારવે કબુલ કરે છે. એ પેઢીના ચોપડા પ્રમાણે ખીલવણી ખાતાનો વધારાનો માલ ખરિદવાનો એ પેઢીને ઈજારો હતો. અગાઉ પણ એ પેઢીએ સસ્તે ભાવે વધેલો માલ ખરીદ્યો હતો. એટલે મી. કાલ્ડવેલ પણ માણેકચંદ જીવરાજને ઓળખતો હોવો જોઇએ. તારીખ ૨૦મીએ માણેકચંદ જીવરાજ રૂ. ૧૦૨-૮-૦ ના ભાવે માગણી કરતા જણાવેછે કે તેણે અગાઉથી એજ ભાવે માગણી કરી હતી, પરંતુ તે નામંજુર કરવામાં આવી હતી. વારંવાર માગવા છતાં એ માગણી રજુ કરવામાં આવી નથી મી. હમીદ પણ આગલી માગણીનો ઇનકાર કરે છે, જો કે બધી માગણીઓ દેખરેખ

રાખનાર ઇજનેર પર આવી હતી. મી. કાલ્ડવેલ હિંદમાં છે, છતાં ફરિઆદ પક્ષ તેને બોલાવતો નથી. એટલે સ્વષ્ટ થાયછે કે એ માણેકચંદ જીવરાજની રૂ ૧૦૨–૮–૦ ની પહેલી માગણી મી. કાલ્ડવેલે મી. હમીદના કામચલાઉ હોદ્દા દરમીઆન ઇરાદાપૂર્વક દબાવી રાખી હતી કેમકે ફરિઆદી પાછા ફરતા સુધી તે એ વાતનો ફેંસલો નહોતો ઇચ્છતો.

માણેકચંદ જીવરાજ પર મહેરબાની.

માણેકચંદ જીવરાજનો પત્ર તા. ૨૦ મીનો છે અને મી. હારવેના નામથી લખાયેલો અને તેણે હોદ્દો સંભાળી લીધો તેવખતેજ અપાયેલો છે. જો કે સામાન્ય રીતે બધી માગણીઓ ડીરેકટર ઉપર જવી જોઇએ. મી. હારવે તા. ૨૦મીએ હોદ્દે સંભાળી લેવાનો હતો તે માણેકચંદ જીવરાજે કયાંથી જાણ્યું તેનો ખુલાસો મળતો નથી, સિવાય કે મી. કાલ્ડવેલે કહ્યું હોય. મી. હારવે એ પત્ર લઇને તરતજ મી. બેલને મળ્યો અને સોદો નકકી થયો. સોદો નકકી કરી નાખવાની ઉતાવળને લીધે ઓફીસ બંધ થવા વખતે પણ રૂ. ૨૦ હજારની ડીપોઝીટની રકમ લેવામાં આવી અને તે દિવસે પહોંચ આપી શકાય તેમ હોવાથી તા. ૨૧ મીએ પહોંચ આપી. તા. ૨૦ મીની એલાયંસ કંપનીનાં ૧/૪" માપની રૂ. ૧૨૭ની માગણી નામંજુર કરતાં તેના પર શેરો મારવામાં આવ્યો કે "કાગળ મળવા પહેલાં લોખંડ વેચાઇ ગયું છે એમ જણાવો." આ પ્રમાણે ફરિયાદીએ હોદો સંભાળી લેતાની સાથે માણેકચંદ જીવરાજ સાથે સોદો નકકી થઇ ગયો.

એલાયંસ કંપનીની રૂ. ૧૦૨–૮–૦ કરતાં ઉંચા ભાવની આગલી માગણીઓ શા માટે સ્વીકારવામાં ન આવી અને કુલ માલ માટે

વ્યાજબી ભાવની માગણીનો જવાબ શા માટે વાળવામાં ન આવ્યો તેનો કશો ખુલાસો મળતો નથી. તેની સાથે સંદેશા ચલાવ્યા હોત તો વધારે સારો ભાવ મળત એ તેના પત્રો ઉપરથી દેખાઇ આવે છે. એજ પ્રમાણે નકકી કરેલા ભાવે બધો માલ ૭ મહીનામાં વેચી આપવાની મી. એન્ડરસનની માગણી પર વિચારવામાં કે મી. બેલના ધ્યાન પર લાવવામાં આવી નહોતી. મારી પાસે બીજા પણ દાખલા છે કે મી હારવેની ગેરહાજરીમાં મી. કાલ્ડવેલે ઉંચા ભાવની માગણીઓ કંઇક કારણસર દબાવી રાખી હતી. અને તેનો જવાબ પણ વાળ્યો નહોતો.

માણેકચંદ જીવરાજને ખાસ સગવડો.

આવા સંજોગોમાં હું એકજ અનુમાન કરી શકયો કે મી. કાલ્ડવેલે ઇરાદાપૂર્વક અને કંઇક હેતુથી મી. હારવેના આવતાં સુધી આ બાબત મોકુફ રાખી હતી. જે માલ એક વરસ સુધી ન વેચાયો તે મી. હારવે આવ્યો તેજ દિવસે વેચાઇ ગયો, જ્યારે કેટલીએ માગણીઓ સરકારે નકકી કરેલા ભાવથી નીચી હોવાના કારણે નામંજુર કરવામાં આવી હતી, તે કાગળો ઉપરથી દેખાઈ આવે છે. માણેકચંદ જીવરાજ આ ખાતામાં જાણીતો ખરીદનાર અને વેચનાર હતો અને તેને ફરિયાદી તથા મી. કાલ્ડવેલ સાથે સંબંધ હતો. તેની સાથે કરાર હતો કે તા. ૨૬ મી ફેબ્રુઆરી સુધીમાં તે બધો માલ ન ઉઠાવે તો તેને હિસાબે અને જોખમે સરકાર માલ વેચી નાખે અને નુકશાન તેની પાસેથી ભરી લે. પરંતુ આ શરત જતી કરવાની તેના પર મહેરબાની કરવામાં આવી અને ફરિયાદીની ભલામણથી કાંઇ ભાડું પણ લીધા વિના મુદત વધારી આપવામાં આવી.

પડતર ભાવમાં કમીશનની ગણત્રી.

ઉપરાંત એવી પણ જુબાની પડી છે કે માણેકચંદ જીવરા પોતાની ખરીદી કરતાં ઉંચે ભાવે બધો માલ છ મહીના વેચી નાખ્યો અને વેચાણ થતું ગયું તેમ તેમ તે મ ઉઠાવતો ગયો. મને એવી પણ ખબર મળી છે કે તેણે બી વેપારીને થોડે નફે માલ વેચી નાખ્યો હતો. પોતાની પડતર તેણે સરકારને આપેલા ભાવ ઉપરાંત તેના કહેવા પ્રમાણે તેણે ખરીદી માટે આપેલું કમીશન પણ ગણ્યું હતું. સરકારની લાગ અને સાધનો છતાં સરકાર એક વરસ સુધી માલ વેચી ન શકી, જય જુના લોખંડનો એક વેપારી એટલી ટુંકી મુદતમાં ઉંચા ભાવે વેચા કરી શકયો એ સમજવું મુશ્કેલ છે. એ તો સ્પષ્ટ છે કે સામાન ખાતા કારોબારી ઈજનેર મી. કાલ્ડવેલે બધી માગણીઓ સરકાર પાસે ર કરી નહોતી. બધો માલ માણેકચંદ. જીવરાજનેજ નીચા ભાવે મ અને મી. હારવે આવતાંની સાથે સોદો નક્કી કરે એવી ગોઠવણજ હ આ સિવાય જુબાની પરથી બીજું કશું અનુમાન નીકળી શકતું ન

રૂ. ૨૫૦૦૦ની કમીશનની રકમ.

માણેકચંદ જીવરાજના ચોપડામાં રૂ. ૫૦૦૦ માટુંગા ખાતે સળીયા ખાતે છે, જ્યારે ખાતામાં તેની નોંધ નથી કે તેની પહે પણ નથી. આ ઉપરથી છુપા કમીશનનું અનુમાન બાંધવું તદ્દન ક દેસર અને વ્યાજબી છે. બધા નાણાં ચેકથી અપાયાં છે. માત્ર રકમ રોકડથી છે. બીજી રકમોની પહોંચો છે, માત્ર આની નથી. ૩૦-૧૦-૨૫ના (સોદા પછી દસ દિવસ) કાચા મેળમાં હા. માણેકચ

છે અને પાકામાં મજુરી ખાતે તે રકમ નખાઇ છે. આમ એક રકમની એ જુદી જુદી વિગતો છે એ અર્થસુચક છે

હિસાબ તપાસતાં જણાય છે કે આ સોદામાં માણેકચંદ જીવરાજના ભાગીદારો હતા અને તેઓએ ખરીદીની રકમના હિસ્સા આપ્યા હતા. ખીલવણી ખાતાને અપાયેલી કુલ રકમનો હિસાબ એકલા માણેકચંદના ચોપડામાં નથી.

માણેકચંદ જીવરાજનો ગભરાટ

જ્યારે હું. એક ચોપડા સમજી શકનાર ગુજરાતી વકીલ અને એક ગુજરાતી ગૃહસ્થ ઝડતીનું વારંટ લઇને માણેકચંદની દુકાને ગયા અને ઉપરની નોંધ બતાવવા કહ્યું ત્યારે તેણે ખીલવણી ખાતાના સળીયાની ખરીદીનો તદ્દન ઇનકારજ કર્યો અને કહ્યું કે છોટાલાલ કેશવજીની વતી તેણે સોદો કરાવી આપ્યો હતો એટલે તેના ચોપડામાં નહિ, પણ છોટાલાલના ચોપડામાં હિસાબ નીકળશે. મને ચોક્કસ ખબર હતી એટલે મેં તેને સમજાવ્યો કે ઝડતી ન લેવાય અને વખત ન બગડે માટે તે નોંધ બતાવી દો, છતાં તેણે ઇનકાર કરવો ચાલુજ રાખ્યો અને અમને સંતોષવા બીજા ચોપડાના પાને પાના ઉથલાવી બતાવ્યા, પણ પેલા સોદા વાળો ચોપડો દબાવી રાખ્યો. આમ કલાક બગાડયા પછી મેં સોદાવાળી સાલનો રોકડ મેળ તપાસવાનો આગ્રહ કર્યો અને પેલી રકમ શોધી કાઢી મી. માણેકચંદ ગભરાઇ ગયો અને અમે નીકળ્યા ત્યારે પેલા ગુજરાતી ગૃહસ્થને બાજુ પર બોલાવીને કહ્યું કે "મારી આબરૂ બચાવજો કેમકે હું વેપારી છું અને આ વાત બહાર આવે તો મારા ધંધાને નુકશાન આવે અને હું મુસ્કેલીમાં આવી પડું.

કમીશનનો વધુ પુરાવો.

એ રકમ કમીશનની હતી તેનો બીજો પુરાવો પણ છે. કેટ વખત પછી માણેકચંદના ભાગીદાર છોટાલાલ કેશવજીના ચોપ ઝડતી લેતાં બન્નેએ મળીને ખીલવણી ખાતાને રૂ ૨૦ હજાર ર કે ખરીદીની કિંમત કરતાં વધારે રકમ આપવામાં આવી જેનો એજ ખુલાસો થઇ શકે કે અમલદારોને—ફરિઆદી સુધ્ધાં—કમ આપાયું હતું.

ભુલ જણાયા પછી સુધારવામાં વિલંબ.

વધારે પડતો માલ કેવી રીતે એકઠો થવા દેવામાં આવ્યો વધુ એક કારણ વિચારવા જેવું છે. ફરિઆદ પક્ષના કહેવા ર ઓકટોબરની આખરે કે નવેમ્બરની શરૂઆતમાં ભૂલ જણાઇ ? વખતે સાલેભાઇ તયબજીના માલની ડીલીવરી શરૂ થઇ હતી. તરતજ વિલાયત તાર કરવામાં આવ્યો હોત તો ૭/૮"ને બદલે માપનો માલ મંગાવી શકાત. પરંતુ ભૂલ જણાયા પછી બે ર રહીને છેક તા. ૮–૧–૨૩ને દિવસે ઓર્ડર રદ કરવાનો તાર કર આવ્યો. માલ રવાના કરવાની મુદત તા. ૩૧–૧૨–૨૨ ની એટલે સ્વાભાવિક રીતે તાર મોડો હતો. આવી અગત્યની બાબ આવી ઢીલનો કશો ખુલાસો નથી. ભૂલ જણાયા તરતજ હાઇ કમીશનરને પત્ર લખવામાં આવ્યો હોત તો પણ રદ થઇ શકત અને ફરિઆદ પક્ષના સાક્ષીઓએ પણ કબુલ ક કે વખતસર પગલાં લેવાયાં હોત તો ઓર્ડર રદ થઇ શકત.

ટેલીફોનથી સંદેશા

સાલેભાઇ તૈયબજીના ઓર્ડરના સંબંધમાં પણ કહેવામાં આ

કે ખોટું માપ રદ કરવા ટેલીફોન કરવામાં આવ્યો હતો. એ ટેલીફોન વિષે સત્તાવાર કાગળ રેકર્ડ પર નથી. લાખો રૂપીયાના કામ કરતા સરકારી ખાતામાં આવી અગત્યની બાબતમાં કશી પણ નોંધ વિના ટેલીફોનથીજ સંદેશા ચાલે એ નહિં માનવા જેવું છે. મોટા ઓર્ડરો પણ આમ ટેલીફોનથીજ અપાયા છે.

આવા વર્તન અને વલણ પછી, કાંઇ પણ ખુલાસાની ગેરહાજરીમાં એ ભૂલ માટે જવાબદાર અને લાગતા વળગતા અમલદારો ભૂલ પકડાયા પછી પણ ઓર્ડર રદ કરવા આતુર નહોતા તેમજ માણેકચંદ જીવરાજના ચોપડા પ્રમાણે તેઓએ વધારો પડવાજ દીધો એવું અનુમાન કરવાનું કોર્ટને કહેવાનો મને હકક છે.

સાલેભાઈ તૈયબજીના ચોપડા પણ રજુ કરવામાં નથી આવતા એ શંકાભર્યું છે. વધેલા માલની ખરીદીની નોંધો પણ શંકાભરી છે. સળીયાની ખરીદી અને વેચાણના આવા અનેક શંકાભર્યા સંજોગોમાં છુપા કમીશનની અફવા ઉડે છે એટલો માત્ર આક્ષેપ કરવો તદ્દન વ્યાજબી છે અને આ એ સોદામાં તો ફરિયાદી પોતાનો સંબંધ હોવાની ના પાડે છે, પરંતુ તેનો સીધો સંબંધ હોવાનું પુરવાર થયું છે.

અપ્રમાણિકપણાની શંકાનું કારણ.

માલની ખરીદીની બાબતમાં બીજો એક પ્રસંગ કેપ્ટન ગ્રીફીથનો છે. લડાઇ વખતે તે સપ્લાઇ અને ટ્રાન્સપોર્ટ કોરમાં હતો અને તેથી ઘણી પેઢીઓના સંબંધમાં આવ્યો હતો. તે ખીલવણી ખાતાના કેટલાક અમલદારો, જેઓ અગાઉ લશ્કરી નોકરીમાં હતા, તેમને ઓળખતો હતો. તેણે વચ્ચે રહીને કેટલાક વેપારીઓને ખીલવણી

ખાતા સાથે પરિચય કરાવી આપ્યો હતો. અને કમીશન મેળવતો. મી. સાઇકસને એને વિષે પૂછતાં તેનું નામ યાદ હોવાનો પણ તેણે ઇનકાર કર્યો પરંતુ દબાણ કરતાં તેણે ધીમે ધીમે કબુલ કર્યું કે કોઇ પેઢી સાથે કેપ્ટન ગ્રીફીથ જોડાયેલો નહોતો ત્યારે પણ તેની સાથે માલની ખરીદીની બાબતમાં સંબંધ હતો. જો કામકાજ પ્રમાણિક અને સરળ હોય તો આવી આનાકાની શા માટે?

સીમેંટને બદલે બીયાંની ગુણો.

સ્ટોરના ગોટાળાની બીજી મને જે ખબર મળી હતી તે એ હતી કે મુકરર ધોરણના સીમેંટની ટનની ટન ગુણો એવી મંજુર કરવામાં આવી કે જેમાં લાકડાનો વેર, બીયાં વિગેરે સિવાય કાંઇ નહોતું અને છતાં તેનો સીમેન્ટ તરીકેનો ટનના રૂ. ૯૦)નો ભાવ આપવામાં આવ્યો હતો. અમલદારો સાથે ગોઠવણથીજ આમ બની શકે. મોટું નુકશાન થઇ ચૂકયા પછી આ વાત પકડાઇ હતી. ફરિઆદીને આ વિષે પૂછતાં તે તેનો એવો ખુલાસો કરે છે કે હેરફેરમાં કેટલીક ગુણીઓ ફાટી ગઇ હતી અને તે ફરી ભરતાં અંદર બીયાં ભળી ગયાં. મી. સાઇકસને પૂછતાં તેણે પણ નિયમ પ્રમાણે પહેલાં તો ઇનકારજ કર્યો પરંતુ દાબીને પૂછતાં તેણે કબુલ કર્યું કે "કેટલીક ગુણોમાં બીયાં હતાં તે હું જાણતો નથી; મુશ્કેલી ખાલી ગુણોની હતી. બંદર પર ડીલીવરી લેવામાં આવતી. મને લાગે છે કે બંદર પર ખબર પડી કે કેટલીક ગુણો બીયાં સાથે ભળી ગઇ છે. ઘણું કરીને તે વિષે પત્ર વહેવાર ચાલ્યો હતો. મને ખુલાસો પૂછવામાં આવ્યો હોય એવો સંભવ નથી. કારોબારી ઇજનેરનેજ પૂછવામાં આવે. તે પછી ૭ મહીના પછી હું નોકરી છોડી ગયો હતો."

લાંબા વખતની ગોઠવણુથી આ ખાતું સીમેન્ટનો ભાવ ટનના રૂ ૯૦ આપતું હતું, જ્યારે બજાર ભાવ રૂ. ૪૦-૫૦ હતો. હજારો ટન સીમેન્ટ જોઇતો અને એ રીતે આ સોદામાં પણ લાખો રૂપીયાની બરબાદી થઇ હતી.

મોટરના ટાયરો તે બનાવનારાના એજંટો પાસેથી સસ્તે ખરીદવાને બદલે સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદવા સામે ઓડીટ ખાતાએ વાંધો લીધો હતો. મી. સાઇકસ કહે છે કે "મોટર ટાયરનો મોટો ઓર્ડર સ્થાનિક કંપનીને અપાયો હોય એ બનવાજોગ છે. મારા કારોબારી ઇજનેર અને ઓડીટ ખાતા વચ્ચે આ વિષે લાંબો પત્રવહેવાર ચાલ્યો હતો. ઓર્ડર સ્થાનિક કંપનીને આપવા મેં કદાચ મંજુરી આપી હશે." આ પ્રમાણે આ અનિયમિતતા ચોકકસ હેતુપૂર્વક હતી.

અજબ બનાવો

બીજા એક દાખલા તરફ હું કોર્ટનું ધ્યાન ખેંચવા માગું છું તે મી. ઓવને અને તે જે કંપનીમાં (ગેનન ડંકર્લી) હતો તેનો છે. મી. ઓવન પહેલાં રીચાર્ડસન ક્રુડાસમાં હતો, જે વખતે એજ અમલદારો દ્વારા એ કંપનીને દીલ્હીના બાંધકામ ખાતાના ઓર્ડરો મળ્યા હતા. રીચાર્ડસન ક્રુડાસ સાથે જોડાયેલી જીઓ. સરવીસને લોખંડના સળીયાનો ઓર્ડર મળ્યો ત્યારે પણ ઘણું કરીને મી. ઓવન એજ કંપનીમાં હતો. પછી તે ગેનન ડંકર્લીમાં મેનેજીંગ ડીરેકટર તરીકે જોડાયો. આ પછી એ કંપનીમાં અને ખીલવણી ખાતામાં આશ્ચર્યકારક બનાવો બન્યા. ગેનન કંપનીએ નવું કામકાજ હાથ ધર્યું. તેણે સેનીટરી

કોન્ટ્રાકટો લીધા અને ૧૯૨૩ની અધવચમાં મેન-હોલ કવરની એડમ પેટંટની એજંસી મેળવી. એજ મહીનામાં મી. હારવેની ભલામણથી ખીલવણી ખાતાએ જુદો સેનીટરી વિભાગ ખોલ્યો અને મી. ક્રીષ્ણાસ્વામીને તેનો વડો બનાવ્યો. વધારે આશ્ચર્યકારક તો એ છે કે એજ વખતે મી. હારવેને અહિં બનાવવામાં આવતા મેન-હોલ-કવર અને બીજો સેનીટરી સામાન જે આ ખાતામાં તેમજ શહેરમાં વપરાતો હતો અને બધે ૫૦-૬૦ વર્ષથી વપરાય છે તે મજુરોની ચાલીઓ માટે નકામો લાગ્યો અને તેણે એડમ પેટંટ દાખલ કરી અને ગેનન કંપનીને કોન્ટ્રાકટ આપ્યો. બધા બનાવો આશ્ચર્યકારક હોવા છતાં માત્ર અકસ્માતરૂપ હતા એવું ફરિઆદી જણાવે છે. હું કહું છું કે એ જુદા જુદા ખાતામાં એક પછી એક અસાધારણ બનાવો માત્ર અકસ્માત નહિં પણ પહેલેથી કરેલી ગોઠવણ હતી એ અનુમાન કરવું વ્યાજબી છે. વળી આ અનુમાનને એ વાતથી ટેકો મળે છે કે ફરિઆદીનીજ જુબાની પ્રમાણે મી ગેનન મી. હારવેનો એટલો ગાઢ મિત્ર હતો કે કેટલીક વખત બન્ને સાથે રહ્યા હતા અને સાથે સહેલગાહે જતા હતા.

બેજવાબદાર ખાતું.

સળીયાના સંબંધમાં પરદેશી માલ માટે હાઈ કમીશનરને ઓર્ડર આપવાના કાનુનનો ભંગ કરવામાં આવ્યો હતો તેવીજ રીતે મેન-હોલ-કવરના સંબંધમાં પણ દેશી બનાવટનો માલ મળતો હોય ત્યાં સુધી તે વાપરવાની જાહેર બાંધકામ ખાતાની ૩૫૦મી કલમનો ભંગ કરીને એડમ પેટંટ દાખલ કરવામાં આવી હતી. તે માટેના ખુલાસા તદન લુલા છે. ખરી વાત એ છે કે આ કાનુનોથી હેતુ સરે એમ ન

હોય ત્યારે તેનો ભંગ કરવામાં આવતો. સામાન્ય રીતે આખા હિંદુ-સ્થાનમાં જાહેર બાંધકામ ખાતાના કાનુનો ન પાળવા માટે દેખરેખ રાખનાર અને કારોબારી ઇજનેરને ભારે મુશ્કેલીમાં આવવું પડતું પરંતું ખીલવણી ખાતું તદન બેજવાબદાર હતું અને તેના અમલદારો ઉપર કશી દેખરેખ કે અંકુશ નહોતો.

હિંદીઓની બદનામી.

ગેનન કંપનીને એજંસી મળ્યા પહેલાં એડમ પેટંટ શહેરમાં મળાતી હતી પરંતુ ગેનન કંપનીને એંજસી મળી ત્યાં સુધી તો બધા વિભાગના કારોબારી ઇજનેર દેશી માલ વાપરતા અને તેમાં કાંઇ ખામી જણાઇ નહોતી. પોતાનું ખોટું કામ વ્યાજબી ઠરાવવા ફરિઆદી હિંદી કારખાનાવાળા અને હિંદી બુધ્ધિની બદનામી કરવા ખચકાતો નથી. તે કહે છે કે, "જુદું સેનીટરી ખાતું ખોલવા પહેલાં મહેતા અને હમીંદ પોતાના કામ સાથે એ સંભાળતા. તેઓએ અસંતોષકારક સામાન વાપરવા દીધો, કેમકે તેને સેનેટરી કામની આવડત નહોતી. તેથી મારે ક્રીષ્ણાસ્વામી જે સ્પેસીયાલીસ્ટ હતો તેને નીમવો પડ્યો." આમ તે પોતાના હાથ નીચેના માણસોની આવડતની વિષે ટીકા કરે છે, જોકે મી. મહેતા ઇજનેરીની ઇંગ્લાન્ડની મોટામાં મોટી પદવી અને સોનાનો ચાંદ ધરાવે છે. હિંદમાં અનેક મોટા બાંધકામોનો તેમને અનુભવ છે. આવા માણસોને બદલે ડીગ્રી વગરના અને મદ્રાસના જાહેર બાંધકામ ખાતાના સાધારણ અને ફ્રારેગ થવાની અણી ઉપરના માણસને (મી. ક્રીષ્ણા સ્વામી) પસંદગી આપવી એ હાંસીપાત્ર છે. સ્પષ્ટ હકીકત એ છે કે તે

હારવેને તાબે થાય તેવો હતો અને મી. મહેતા સ્વતંત્ર મીજાજી હતા. મી. ક્રીષ્ણાસ્વામી સેનીટરી ખાતામાં નીમાયા પછી તેના પિત્રાઇ મી. આયરની ગેનન કંપનીમાં નીમણુક થઇ. આમ મી. ઓવન અને મી. હારવે અને મી. ક્રીષ્ણાસ્વામી અને મી. આયરની ટોળી જામી. મી. ક્રીષ્ણાસ્વામીએ કંપનીની બજાવેલી સેવાના બદલામાં તેની ખીલવણી ખાતાની નોકરી પુરી થતાં તે વૃધ્ધ અને ફારેગ થયેલા હોવા છતાં કંપનીએ તેને મેનેજર બનાવ્યો અને મોટર મફત વાપરવા આપી. એ પ્રમાણે બીજા નોકરોને પણ કંપનીએ રાખી લીધા હતા.

ખોટાના બચાવ માટે વધુ ખોટું.

પરદેશી માલ વાપરવાના પોતાના કૃત્યને વ્યાજબી ઠરાવવા હિંદી માલને ફરિઆદી વખોડે છે. પરંતુ દેશી મેન-હોલ-કવર અને બીજો સેનીટરી સામાન મુંબઇમાં અને હિંદુસ્થાનમાં ૫૦ વર્ષોથી મ્યુનીસીપાલીટીઓ, સુધારા ટ્રસ્ટો અને મકાનો અને રાજા મહારાજાઓના મહેલોમાં સુધ્ધાં વપરાય છે.

ફરિઆદીનેજ એકાએક તે ખરાબ જણાય છે એક વખત એણે કહ્યું કે પહેલી કંટ્રાકટ ચાલીમાં વાપરેલા લગભગ બધા કવરો ભાંગી ગયા હતા. ઇજનેરની સાથે મેં જાતે જઇને જોયું તો લગભગ બધા સારા હતા. ફરિઆદીએ વાત બદલી કે કેટલાક ભાંગેલા હતા અને નવું કારણ ઉપજાવી કાઢયું કે તેમાં તાળું મારવાની ગોઠવણ નથી. પરંતુ તાળા તો પાછળથી પણ લગાડી શકાય. ચાલીઓમાં સેનીટરી સામાન મ્યુનીસીપલ ધોરણે વાપરવાનો હતો કેમકે મ્યુનીસીપાલીટી તે મંજુર કરવાની હતી. દેશી માલ વર્ષોથી વપરાય છે અને મ્યુ-

નીસીપાલીટી તે મંજુર કરે છે. તેમાં ખામી હોત તો મ્યુનીસીપાલીટી મંજુર કરતજ નહિં. આજે શહેરમાં સંખ્યાબંધ દેશી કવરો ૫૦ વર્ષથી આબાદ રહ્યા છે.

પ્રજાને નાણે મિત્રને લાભ.

પોતાના હાથ નીચેના હિંદીઓ ને હિંદી કારખાનાવાળાઓને બદનામ કરવાને બદલે બહેતર હતું કે ફરિઆદીએ સત્ય હકીકત કહી દેવી જોઇતી હતી કે પ્રજાને નાણે પોતાના મિત્ર મી. ઓવનને ખટાવતો હતો કારણ કે તેના પુરાવા હતા. ફરિઆદીએ પોતે કબુલ કર્યું છે કે એડમનો માલ દેશી કરતાં બમણો ત્રણ ગણો મોંઘો હતો. એવા સંખ્યાબંધ દાખલા ફરિઆદીએ કબુલ કર્યા છે, જે બતાવે છે કે ગેનન કંપનીનાં ટેન્ડરો બીજાઓ કરતાં ઉંચા ભાવનાં હોવા છતાં સ્વીકારવામાં આવ્યાં હતાં અને બે ત્રણ વખત ટેન્ડર વિના કામ સોંપવામાં આવ્યું હતું. મેં એવા પણ દાખલા આપ્યા છે કે જેમાં ગેનન કંપનીનાં ટેન્ડરો નીચા ભાવનાં હોવાનું બતાવવાની તરકીબો કરવામાં આવી હતી. ગેનન કંપનીની પસંદગી વ્યાજબી ઠરાવવા ફરિઆદીએ હિંદી સેનીટરી ઇજનેરો અને કોન્ટ્રાકટરોની પેઢીઓની બદનામી કરી છે. વર્ષોની જુની અને સરકારના લાખોના કામ કરનારી પાલનજી એદલજીની કંપની પણ ફરિઆદીને અને તેના ગોઠીયાને નાના કામો માટે પણ સંતોષી શકી નહોતી.

અણમાનીતા કોન્ટ્રાકટરને સતામણી.

વરલી ખાતેના ૧૯૨૩-૨૪ના કામનો દાખલો આપને યાદ હશે કે એક ત્રણ લાખનું કામ પહેલાં એદલજી કંપનીને આપવું

પડયું હતું કેમકે તેનો ભાવ ગેનન કરતાં રૂ. ૪૮ હજાર નીચો હતો. પરંતુ તેઓને ફરિઆદીએ અને બાજુમાં કામ કરતી ગેનન કંપનીએ એવી કનડગત કરવા માંડી કે એ કનડગતની ફરિઆદની દાદ ન મળવાથી તેઓને કામ છોડી દેવું પડયું અને બીજા નીચાં ટેન્ડરો હોવા છતાં ગેનન કંપનીને કામ સોંપયું અને ફરિઆદીનો હેતુ પાર પડયો.

નાયગામ પ્લોટ નં ૪ ખાતે ગેનન કંપનીને ઉંચે ભાવે કામ આપવા માટે એવું કહેવામાં આવે છે કે તે કંપનીથી નીચા ભાવ આપનારી કંપની બહુજ નાની હતી અને તેની પાસે એકજ કારકુન હતો તેથી તે મોટા કામને પહોંચી ન શકે. આ વાત તદ્દન ખોટી છે કેમકે એ પેઢી જાણીતી છે. તેની પાસે કુશળ ઈજનેરો છે અને સરકારી કોન્ટ્રાકટર છે. એ કંપની ગેનનની હરિફ નહોતી ત્યારે ફરિઆદીએ પોતે તેને કામ આપ્યું હતું.

ચાલાકીભરી તરકીબ.

નાયગામ પ્લોટ 'એ' માં એક ચાલાકી રમવામાં આવી હતી. ટેન્ડરમા એક માલ પાણીના ટાંકીઓ હતો તેની કિંમત લગભગ રૂા. ૧૨૫ હોય છે અને બીજા ટેન્ડરોમાં રૂા. ૧૨૦થી ૧૨૫ હતા. ગેનને તેનો ભાવ રૂા. ૯૦ ભર્યો. આ ભાવ આશ્ચર્યકારક હતો કેમકે એજ કંપનીએ એજ વખતે બીજા વિભાગને રૂા. ૧૨૫નો ભાવ દર્શાવ્યો હતો. એકજ કંપની એકજ ખાતાને આવા જુદા જુદા ભાવો દર્શાવે એમાં ભેદ હતો કે જે ભેદ ટેન્ડર સ્વીકારાયા પછી ખુલ્લો પડયો હતો. કામ હાથ ધરતાં પહેલાં ફરિઆદીએ

કંપનીને સુચના કરી કે એ ટાંકીઓની જરૂર નથી અને ટેન્ડરમાંથી એ વસ્તુ બાદ કરવામાં આવી. ચાલાકી ખુલ્લી છે. ફરિઆદી ટેન્ડર કાઢતી વખતે જાણતો હોવો જોઇએ કે ટાંકીઓની જરૂર નહિં પડે. ગેનન કંપનીજ આ ભેદ જાણતી હતી, તેથી તેણે અસાધારણ નીચો ભાવ ભર્યો. જ્યાં એ કંપનીએ પુરો ભાવ ભર્યો હતો ત્યાં ટાંકીઓ કાયમ રહી. આ વર્તન માટે કાંઈ ખુલાસો હોઇ શકે નહિં.

આ વિચિત્ર સંજોગોમાંથી છટકવા ફરિઆદીએ ખુલાસો કર્યો કે મ્યુનીસીપાલીટી તરફથી પાણીનું દબાણ પૂરતું નહોતું તેથી ટાંકીની જરૂર હતી, પરંતુ ગેનન કંપનીનું ટેન્ડર સ્વીકાર્યા પછી દબાણ વધવાથી ટાંકીઓની જરૂર ન રહી. પાણીના દબાણના ફેરફાર વિષે મ્યુની-સીપાલીટીનો કશો રેકર્ડ રજુ કરવામાં આવતી નથી અને મુંબઇના પાણીના જથ્થા વિષે જાણનારાઓને આ વાત હાંસીપાત્રજ લાગશે, કેમકે અમુક લત્તામાં પાણીનુ દબાણ એકસરખુંજ રહે છે. દબાણમાં વધારો તાનસાની યોજના પુરી થયા પછી અને નવા નળો નંખાયા પછી થવાનો છે. થોડા દિવસમાંજ પાણીનું દબાણ વધી જાય એ અસંભવિત છે. વળી ગેનન કંપનીનાજ બે જુદા ભાવો માટે કશો ખુલાસો નથી.

એજ પ્રમાણે શીવરી અને ખારનાં કામો પણ ટેન્ડરો વિના ગેનન કંપનીને સોંપવામાં આવ્યાં હતાં. માર્શલેન્ડ પ્રાઇસ જેવી જાણીતી અને સરકારના લાખોના કામ કરનારી કંપનીના નીચા ભાવો પણ નામંજુર કરવામાં આવ્યા હતા કેમકે તે "ફરિઆદીના ધોરણ" પ્રમાણે નહોતા. ફરિઆદી રજા પર હતો ત્યારેજ માર્સલેન્ડ પ્રાઇ-સને કામ મળી શક્યું હતું.

જો કે એડમના કવર અને સામાનનો આગ્રહ રાખવામાં આવતો હતો, છતાં ટેન્ડરો મ્યુનીસીપલ ધોરણ એટલે કે દેશી માલના માગવામાં આવતાં. ટેન્ડરો સ્વીકાર્યાં પછી દેશી માલને બદલે એડમના માલનો આગ્રહ કરવામાં આવતો. ટેન્ડર સ્વીકાર્યાં પછી તેમાં આવો ફેરફાર ગેરકાયદેસર છે. સામાન્ય રીતે ગેનન કંપની દેશી માલનો ઓછો ભાવ ભરતી કેમકે તે જાણતી કે એ માલ નામંજુર કરી એડમનો માલજ માગવામાં આવશે

ફરિઆદીની વિશાળ સત્તા.

આ બતાવી આપે છે કે મી. સાઈકસના કહેવા પ્રમાણે માલની જાત, માપ, જથ્થો અને ખરીદીનું સ્થળ નકકી કરવાનું ફરિઆદીના હાથમાં હતું એટલુંજ નહિં પણ તે ચાલીઓમાં અમુકજ માલ વાપરવાનો હુકમ કરી શકતો હતો. ફરિઆદી ભલે ના પાડે પરંતુ ચાલીઓના સંબંધમાં તો તેની સત્તા બહુજ વિશાળ હતી અને બીજાઓએ તો તેની સુચનાનો અમલજ કરવાનો હતો.

નીચામાં નીચા ટેન્ડરો નહિં સ્વીકારવા માટે તે ટેન્ડરો ભરનારાની અયોગ્યતાનું કારણ વ્યાજબી નથી, કેમકે અમુક કોન્ટ્રાકટરોની લાયકાતની ખાત્રી કર્યા પછીજ ટેન્ડરના ફોર્મ તેટલાઓનેજ મોકલવામાં આવતાં. એટલે છેવટનો મુદ્દો ભાવનોજ હોવો જોઇએ. એટલે એક કંપની તરફનો આ ખુલ્લો પક્ષપાત પોતાના મિત્રને લાભ કરી આપવા માટેજ હતો કે નહિં એજ સવાલ વિચારવાનો છે. કબુલ કરવામાં આવેલી હકિકતો પ્રમાણે ગેનન કંપનીને ખટાવવા માટેજ માલની ખરીદી અને કામોના સંબંધમાં તેના તરફ પક્ષપાત અને

મહેરબાની બતાવવામાં આવી હતી. એકજ સમયે ખીલવણી ખાતામાં અને કંપનીના એકજ સરખા બનાવો બને તે અસાધારણ અને શંકાભર્યું છે અને બીજા સંજોગો ધ્યાનમાં લેતાં ફરિયાદીની વિરૂધ્ધ અનુમાન કરવાનું કારણ મળે છે.

એકને બદલે બીજો માલ.

ઈસ્ટર્ન ઇલેકટ્રીક કંપનીની ફાઇલો અને કાગળોની ઝડતી લઇ કોર્ટમાં રજુ કરતાં એ હકિકત બહાર આવી છે કે ગેનન કંપનીએ એડમની બનાવટ તરીકે પુરા પાડેલા કવરો અને બીજો સામાન તેણે અહિંજ ચીંચપુગલી ખાતે ઇસ્ટર્ન ઇલેકટ્રીક કંપનીને એડમનો નમુનો આપી તે પ્રમાણે માલ બનાવી પુરો પાડયો હતો અને એડમના માલના ભાવ લીધા હતા. આ સાફસાફ બતાવી આપે છે કે એડમનું નામ ગેનન કંપનીને વધુ નફો કરાવવાનું બહાનું હતું.

ફરનીચરનો ઝગડો.

આ બાબતમાં ફરિયાદીને ઉદેસીંઘ નામના કોન્ટ્રાકટરે આપેલા ફરનીચરના દાખલા તરફ આપ નામદારનું ધ્યાન ખેંચવા માગું છું. તે માણસ નાના બીલ્ડીંગ કોન્ટ્રાકટર તરીકે બહારગામથી આવ્યો હતો. તેને ખીલવણી ખાતાનાં નાનાં કામો મળતાં હતાં. તેણે મી. હારવેના બંગલા માટે રૂ ૯૦૦ થી ૧૦૦૦ નું ફરનીચર બનાવરાવી આપ્યું. મી હારવેએ તે બાર મહીના સુધી વાપર્યું. ઉદેસીંઘે તેના પૈસા માગ્યા નહિં અને મી. હારવેએ પણ તે આપવાની માગણી કરી નહિં. પછી તરતજ ઉદેસીંઘને નાયગામ ખાતે ચાલો બાંધવાનું મોટું કામ મળ્યું, પરંતુ ફરીઆદી પોતાના વધુ માનીતા

મી. જે. સી. ગેમનને બધું કામ આપવા ઇચ્છતો હતો તેથી તેને અને ઉદેસીંઘને બન્યું નહિ એટલે તેના તેમજ મી. વલીમહમદના કોન્ટ્રાકટો અસંતોષકારક ઠર્યા અને છેવટે બધું કામ મી જે. સી. ગેમનને મળ્યું.

આ કોન્ટ્રાકટ તુટયા પછી અને કડવાશ થયા પછી ઉદેસીંઘે ફરનીચરના પૈસા માટે મી. હારવેને વકીલની નોટીસ મોકલી. આ ધમકી પછીજ મી હારવેએ ફરનીચરના માગ્યા કરતાં બહુજ ઓછા પૈસા આપ્યા.

ફરનીચર પુરૂં પાડતી વખતે કિંમત નકકી નહોતી કરવામાં આવી એ બતાવી આપે છે કે તે ખરીદવામાં નહોતું આવ્યું કેમકે નહિં તો તેની કિંમત ઠરાવવામાં આવી હોત. આ બાબતમાં પણ મી. મહેતા ઉપર દોષ ઢોળવાનો ફરિઆદીનો પ્રયત્ન હાસીપાત્ર છે. જો તે ફરનીચરના પૈસા આપવાજ માગતો
નો ઉદેસીંઘ કામ કરતો હતો ત્યારે આપ્યા હોત અને જો તેને ફરનીચર નજ રાખવું હોત તો મી. મહેતા કે બીજું કોઇ. તેને ફરજ ન પાડી શકત.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઝગડો ન થયો હોત તો ઉદેસીંઘ પૈસા માગત પણ નહિં અને મી. હારવે આપત પણ નહિં અને આ રૂશ્વતખોરી બહાર આવત નહિં. લાખો રૂપીયાના કામમાં આ રકમ નજીવી છે. પરંતુ આ ઉપરથી આ કેસ પુરતી ફરિઆદીની આવી બાબતો સંબંધી વલણ અને વિચારો બતાવવા પુરતો દાખલો છે અને શંકાભર્યા સંજોગોમાં ફરિઆદીની વિરૂધ્ધ અનુમાન કરવાનું કોર્ટને

કહેવાનો બચાવ પક્ષને હક્ક પ્રાપ્ત થાય છે. ફરિઆદી કહે છે કે "જો મને આવી મુશ્કેલી ઉભી થવાની ખબર હોત તો હું ફરનીચરનો ઓર્ડર આપતજ નહિ." અગાઉ સંબંધ નહિં ધરાવતા એક નાના કોન્ટ્રાકટર પાસેથી એક અમલદાર આટલો બદલો લઇ શકે છે તો પછી જે મોટા કોન્ટ્રાકટરો ઉપર તેણે મહેરબાની વર્ષાવી છે અને જેની સાથેની મૈત્રી અને સંબંધ તે પોતે કબુલ કરે છે તેની સાથે કેવી લેવડદેવડ હશે તેનો આપણે તોલ કરી શકીએ છીએ

કાગળીયાં ગેબ

બીજા એક દાખલા તરફ આપ નામદારનું ધ્યાન ખેંચવા માગું છું તે જો કે નાનો છે પરંતુ આ કેસને અંગે મહત્વનો છે ખીલવણી ખાતાએ ડીલાઇલ રોડ પર મી. ઉનવાલાની માલીકીની કેટલીક જમીન મેળવી હતી. તે જમીન પરનું બાંધકામ અને મકાનમાંનું કોટન વેસ્ટ જમીન માલીકના 'ખર્ચે' ખસેડવાનું ખીલવણી ખાતાએ માથે લીધું. બધા ખર્ચની રોજીંદી નોંધ રાખવામાં આવતી અને જમીન માલીક તે પર સહી કરતો. ખસેડવાનું ખર્ચ રૂ ૨૦૦૦ અડસટવામાં આવ્યું હતું પરંતુ કામ પુરૂં થયા પછી ખીલવણી ખાતાએ જમીન માલીક પાસે રૂા. ૬૦૦૦) માગ્યા. જમીન માલીકે ના પાડી અને નોંધ તપાસવા માગી. ફરિઆદીએ જમીન માલીકના સોલીસીટરને ખૂબ ફેરા ખવરાવ્યા પણ એક યા બીજે બહાને નોંધ ન બતાવી. મામલો હાઇકોર્ટે પહોંચ્યો. જમીન માલીકે તો નોંધ ન બતાવવાના કારણે રૂપીયા આપવા ના પાડી. કોર્ટમાં ફરિઆદીએ જણાવ્યું કે કેટલાક સમયથી નોંધ ચોરાઇ ગઇ છે અથવા ગેરવલ્લે પડી છે.

જો કે એ બધો વખત તેણે તે તપાસવા આવવાના જમીન માલી-કના સોલીસીટરને વાયદા કર્યા હતા. જમીન માલીકે ચોકખું કહ્યું હતું કે માગવામાં આવે છે તે કરતાં ઘણું ઓછું ખર્ચ થયું છે અને ફરિઆદી ગેરકાયદેસર નફો ખાવા માગે છે માટેજ નોંધ દાબી દેવામાં આવી છે. ખીલવણી ખાતાની વિરૂદ્ધના કાગળો કોર્ટ જ્યારે જ્યારે માગે છે ત્યારે તે કાગળો ભેદી રીતે ગેબ થાય છે તેનો આ સચોટ દાખલો છે અને આ કેસમાં પણ ઘણી વખત એમ બન્યું છે.

હવે જે દાખલા તરફ હું આપ નામદારનું ધ્યાન ખેંચવા માગું છું તે બચાવની દૃષ્ટિએ અગત્યનો છે અને તે આ ખાતાના અમલદારો અને તેમના માનીતા કોન્ટ્રાકટરો વચ્ચેનો સંબંધ બતાવી આપે છે. અગાઉ જણાવ્યા પ્રમાણે આ કેસનું ક્ષેત્ર સંકુચિત છે અને વારંવાર તેમાં કાયદાના વાંધા નાંખવામાં આવે છે તેથી સંખ્યાબંધ દાખલા બચાવપક્ષ રજુ કરી શકે તેમ નથી. બચાવ પક્ષ અમુક મુદ્દો પુરવાર કરવાના એક બે અગત્યના દાખલા આપી શકે અને ખાતામાં કેવી વસ્તુસ્થિતિ ચાલે છે તેનું અનુમાન કરવાનું કોર્ટને કહી શકે.

ઇંટના કોન્ટ્રાકટનો ભેદ.

હવે હું કોન્ટ્રાકટર વિશ્વંભરનાથ કપુરનો દાખલો આપીશ. આ દાખલામાં ફરિઆદી અને મી. સાઇકસની જુબાની પરથી નીચેની હકિકતો ખુલ્લી પડી છે:-

મી. વિશ્વંભરનાથ કપુર દીલ્હીનો રહીશ છે અને મી. સાઇકસ સાથે ઘણા વર્ષથી તેને ઓળખાણ છે. દીલ્હીના બાંધકામ વખતે સાઇકસના હાથ નીચે તે ઇંટનો કોન્ટ્રાકટર હતો અને તેમનો

ધંધાનો સંબંધ છેક ૧૯૨૪થી છે. ખીલવણી ખાતું ખુલ્યા પછી દીલ્હીની ઓળખાણને અંગે અહિં પણ તેને એજ કામ આપવામાં આવ્યું. કલ્યાણ પાસે વાસીન્દ ખાતે ખીલવણી ખાતાએ જંગી ખર્ચે ઇંટોનું કારખાનું ખોલ્યું અને મોઘાં યંત્રો મંગાવ્યાં. પછી ઇંટો બનાવવા માટે ટેન્ડરો માગવામાં આવ્યાં. લગભગ ૨૦ અરજીઓ આવી. આ કામ મી. સાઇકસના હાથમાં છે એવી દીલ્હીવાળાઓને ગમે તે રીતે ખબર પડી અને તેમણે પણ અરજી કરી. બધી અરજીઓમાંથી મી. સાઇકસે હજાર ઇંટોના રૂ. ૨૦) ના ભાવની મી. કપુરની અરજી સ્વીકારવા ભલામણ કરી, જો કે મુંબઈના વેપારીનો ભાવ રૂ. ૧૩–૮–૦ નો હતો. લાખો ઇંટોની જરૂર હતી, એટલે મોટું નુકશાન વેઠીને પણ મી. કપુર પર મહેરબાની કરવામાં આવી. ઇંટો બનાવવામાં કોઇ પણ જાતના ખાસ જ્ઞાનની જરૂર નહોતી અને ટેન્ડરનાં ફોર્મ અમુક પસંદ કરેલા કોન્ટ્રાક્ટરોનેજ મોકલવામાં આવ્યાં હતાં, છતાં મી. કપુરના ઉંચા ભાવ મંજુર કરવામાં આવ્યા તેનું કારણ પહેલેથી ગોઠવણજ હોવી જોઇએ. મી. સાઇકસે પણ ટેન્ડર મંજુર કરતાં આગલી ઓળખાણનું કારણ દર્શાવ્યું છે. કામ શરૂ થયા પછી પણ ખાતાના હિતનો વિચાર કર્યા વિના તેના તરફ ઉદારતા દેખાડવામાં આવી હતી અને એકજ દાખલો એ છે કે સરકારને ખર્ચે બાંધેલું મકાન તેને વગર ભાડે વાપરવાં આપ્યું હતું. આ અનિયમિતતા બહુ મોડેથી ખુલ્લી પડતાં મી. હારવે તે વખતે એ ખાતા પર હોવાથી તેનો ખુલાસો માંગવામાં આવ્યો. તેણે તા. ૪–૯–૨૪ ની યાદીમાં જણાવ્યું કે મારી અગાઉના અમલદારે શા હેતુથી આ છુટ આપી તે હું કાગળો પરથી શોધી

શકતો નથી પરંતુ આટલે મોડે ભાડું વસુલ કરવું શકય નથી. ત્યાર પછી બહુ પાછળથી મી. હારવેએ મી. કુપરને બદલો આપવાની ભલામણ કરી પરંતુ તેમાંથી ભાડું કાપી લેવાની ભલામણ કરવાનું તેને ન સૂઝયું.

નિષ્ફળ પ્રયત્નો.

દીલ્હીનો આ અનુભવી ગૃહસ્થ તદ્દન નિષ્ફળ ગયો. ઈંટો ઉપયોગી ન નીવડી. વાસીન્દનું કારખાનું ભયંકર ખોટે બંધ કરવું પડયું. યાદમાં રાખવાની વાત એ છે કે કોન્ટ્રાકટમાં ચોકખી શરત હતી કે જેટલી ઈંટોની ડીલીવરી આપવામાં આવે તેનાંજ નાણાં મળશે અને કોન્ટ્રાકટ ગમે ત્યારે બંધ કરી શકાશે, જે બદલ કોન્ટ્રાકટરને બદલો નહિં મળે. કોન્ટ્રાકટરે સમજપૂર્વક આ શરત સ્વીકારી હતી કેમકે કોન્ટ્રાકટ મુદત કરતાં જલદી બંધ કરવામાં આવતાં તેણે કશી ફરિઆદ ન કરી. કારોબારી ઈજનેર મી. કોલાબાવાલાએ હિસાબ કરીને કોન્ટ્રાકટરના વકીલ સરદાર અરજુનસિંહને હિસાબ ચૂકવીને પુરી પહોંચ લીધી. આમ છતાં ૧૯૨૪ ની શરૂઆતમાં તેણે મોટા બદલા માટે દાવો રજુ કર્યો. મી. કોલાબાવાલાએ તા. ૧૩-૩-૨૪ ને રોજ રીપોર્ટ કર્યો કે:-

"પાંચ વર્ષની મુદત બંધનકર્તા નથી. ગમે ત્યારે કોન્ટ્રાકટ બંધ કરવાની શરત છે. વળી કોન્ટ્રાકટર પણ વધુ કામ કરવા ખુશી નહોતો. ભઠ્ઠી અને મજુરોના મકાનનું ખર્ચ ખાતાએ આપ્યું છે કેમકે કોન્ટ્રાકટ માત્ર ઇંટો પાડવાનો અને પકવવાનો હતો."

મી હારવેને આ રીપોર્ટને આધારેજ કામ લેવાનું હોઈ દાવો નામંજુર

કરતાં તા. ૧૩-૩-૨૪ના પત્રમાં મી. કપુરને જણાવ્યું કે "પુરી પતાવટનું બીલ તમારા વકીલ સરદાર અરજુનસીંઘને ચુકવવામાં આવ્યું છે. દીલગીર છું કે આ પ્રશ્ન ફરી ચર્ચી શકાય નહિં." મી. કપુરના તા ૮-૮-૨૩ ના પત્રના જવાબમાં પણ ફરિઆદીએ જણાવ્યું કે માટી કે ઇંટો ઉપાડી જવા દઇ શકાય નહિં. સરકારને ખર્ચે બાંધેલા મકાનમાં કરેલા ફેરફાર માટે બદલો મળી શકે નહિં. આમ છતાં મી. કપુરે ફરીથી ૧૯૨૪ના માર્ચ, એપ્રીલ અને જુલાઇમાં પ્રયત્નો કર્યા અને મી હારવેએ ઉપર પ્રમાણેજ જવાબો આપ્યા.

મી. હારવેની ગુલાંટ.

આટલી બધી વિગતોમાં ઉતરવાની હું આપ નામદારને તકલીફ આપું છું તેનું કારણ એ છે કે મી. કોલાબાવાળાના વખતમાં ત્રણ ચાર પ્રયત્નો કરવામાં આવતાં છતાં ફરિઆદીએ જે વલણ લીધી હતી તે મી. કોલાબાવાળાના જવા પછી એકાએક ફરી ગઇ મી. સાઇકસ કબુલ કરે છે કે "મી. કપુર ૧૯૨૩ માં મને દીલ્હીમાં મળ્યો હતો. મેં તેને કાંઇ વચન નહોતું આપ્યું, તેના વિષે મેં મી હારવેને લખ્યું હશે." ફરિઆદી પણ પોતાની તા. ૭-૬-૨૪ ની યાદીમાં લખે છે કે "છેલ્લી પતાવટથી કોન્ટ્રાકટરને સંતોષ થયો જણાતો હતો અને કામ બંધ કરવાથી તે ખુશી થયો હતો." આટલા પ્રયત્નોમાં નિષ્ફળ જવાથી મી. કપુરે પોતાના ઓળખીના અને સુરબ્બી મી. સાઇકસની મદદ માગી. મી. સાઇકસે મુંબઈ આવી પોતાના જુના જોડીદાર મી. હારવેની બે ત્રણ મુલાકાતો લીધી અને મી. કપુર માટે ભલામણો કરી, જેને પરિણામે મી. હારવેએ એકદમ

ગુલાંટ મારી અને પોતાના આગલા ચુકાદા ફેરવીને ૧૯૨૫ના માર્ચમાં મી. કપુરને રૂ. ૧૬,૫૫૦ આપવાની ભલામણ કરી, કેમકે મી. કોલાબાવાલા ખાતું છોડી જવાના હતા એટલે તે વિધ્ન હવે રહ્યું નહોતું.

આ ઉપરાંત મી. હારવે અને મી. કપુર વચ્ચેના પત્રવહેવારના જે નવો ફેરફાર થયો હતો તે–તરફ આપ નામદારનું ધ્યાન ખેચું છું. પહેલાં બધો પત્રવહેવાર સત્તાવાર ઢબનો હતો. પછી મી. હારવે કપુરનો મુરબ્બી બની ગયો, જે નીચેના પત્રો અને તારો ઉપરથી દેખાશેઃ—

જાણવાજોગ કાગળો અને તારો.

બદલાની ભલામણ પછી મી. કપુરનો તા. ૨૭–૩–૨૫ નો પત્રઃ—

"મને ખબર મળ્યા છે કે તમે થોડા વખતમાં રજા પર વિલાયત જવાના છો. આ સમાચારથી હું ગુંચવણમાં પડી ગયો છું. જો આ વાત ખરી હોય તો મને વળતી ટપાલે જવાબ આપવા મહેરબાની કરશો કે જેથી હું દીલ્હીથી આવી શકું. મને ભય રહે છે કે તમારા જવાથી મી. સાઇકસ મુંબઇથી ગયાની મને ખબર ન પડી અને મારે ભારે ખોટ ખમવી પડી તેવું રખેને ન થાય. તકલીફ માફ કરશો.

સહી. કપુર"

મી. હારવેના જવાથી મી. કપુરને કાં આટલી બધી ગુંચવણ પડે છે? મી. સાઇકસના જવાથી તેને ભારે ખોટ કેમ ખમવી પડી? એ સમજવું મુશ્કેલ છે. આ પત્ર પર મી. હારવેએ શેરો માર્યોઃ "ફાઇલ કરો. હું તેને લખી ચૂકયો છું." પરંતુ કમનશીબે એ કાગળ નથી મળતો.

મી. કપુરનો તા. ૨૩–૪–૨૫નો મી. હારવે પર પત્રઃ–

"આપના તા. ૨૭–૩–૨૫ના પત્રના સંબંધમાં આપનું વચન પાળવા અને ભવિષ્યમાં મારા પર મુરબ્બીપણું રાખવા સવિનય વિનંતી કરૂં છું."

દીલ્હીથી મી. કપુરનો મી. હારવે પર તા. ૬–૨–૨૫નો તારઃ-

" આપ રવાના થાઓ તે પહેલાં મહેરબાની કરીને નિર્ણય કરતા જાઓ"

વળી તા. ૬–૫-૨૫ ને રોજઃ–

" તમારો જવાનો વખત નજીક આવતો જાય છે અને મારા જેવા કમનશીબ માણસ માટે કશું કરવામાં નથી આવ્યું તેથી હું તદ્દન મુંઝાઇ ગયો છુ. આશા રાખું છું કે આપ મારી બાબતનો નિર્ણય કરાવતા જશો."

તે પછી મી. કપુર તાર કરે છેઃ—

" ક્યારે જાઓ છો તેના તારથી ખબર આપો. આપની સલામીએ આવવા ઇચ્છું છું."

તા. ૨૨–૫–૨૫ નો પત્ર–

" આપના સલામીએ મુંબઇ આવવાનો ઇરાદો હતો, પરંતુ મારી પુત્રોની માંદગીને લીધે અટકી પડયો છું. જો તા. ૨૯ મીએ તેને સારૂં હશે તો હું આવીશ. જો હું ન આવી શકું તો નં.ચેની મહેરબાની કરવા દયા કરશો. આપના જતાં પહેલાં સરકારનો જવાબ ન આવી જાય તો આપ જેવી દયાથી મારી તરફ વર્તો છો તેવી રીતે વર્તવા અને કરારમાં નકકી કરેલા ભાવે મારી ઇંટો લેવા આપના પછી આવનારને સુચના કરવા મહેરબાની કરશો."

આ પછી મી. હારવે રજા પર ગયો અને કામચલાઉ દેખરેખ રાખનાર ઇજનેર મી. હમીદ સાથે કેટલોક પત્રવહેવાર ચાલ્યો. તા. ૩-૯-૨૫ના પત્ર પર મી. હમીદે શેરો કર્યો કે "હારવેના આવતા સુધી મોકુફ." આ બતાવી આપે છે કે મી. કપુરની માગણી પ્રમાણે મી. હમીદ પણ આ સવાલ મી. હારવે પર છોડવા આતુર હતો.

નાણાં ખાતાનો સખ્ત રીપોર્ટ.

આ બાબતમાં અગત્યનો કાગળ સરકારના નાણાં ખાતાના અધિકારનો રીપોર્ટ છે. એ રીપોર્ટમાં નાણાં ખાતાના ડેપ્યુટી સલાહકાર જણાવે છે કે આ બાબતમાં જવાબદાર અમલદાર કે અમલદારોની ખબર લેવી જોઇએ અને જે બને તેની નાણાં ખાતાને ખબર આપતા રહેવી જોઇએ. ખીલવણી ખાતાના ડીરેકટર પાસેથી જાણવા માગુ છું કે જે કોન્ટ્રાકટરનો વાંધો પત્યો નહોતો તેની પાસેથી અમલદારોએ ઇંટો શા માટે લીધી કે જેથી સરકારને માથે જવાબદારી અને નુકશાન આવી પડયું ?" વળી રીપોર્ટ જણાવે છે કે, "ફાઇલમાં 'એ' અને 'બી' વર્ગની ઇંટો વચ્ચે તફાવત અને 'બી' વર્ગની ઇંટો હલકી જણાવી છે. દેખરેખ રાખનાર ઇજનેર હવે કહે છે કે 'બી' વર્ગની ઇંટો 'એ' વર્ગ જેવીજ છે. જો એમ હોય તો પછી 'બ' વર્ગજ શા માટે ? એ સમજાતું નથી. ડીરેકટરે ખુલાસો કરવો. 'અ' વર્ગના સંબંધમાં પણ એ સ્પષ્ટ નથી કે કોન્ટ્રાકટરે પુરો હિસાબ લીધા પછી તેને કાંઇ આપવાની કાયદેસર જવાબદારી છે કે કેમ ?"

ગોરા ગુન્હેગારને ઢાંકવા હિંદીને અન્યાય.

નાણાં ખાતાના મંત્રીએ જણાવેલા મુદ્દા પર રીપોર્ટ કરવા

કાગળો દેખરેખ રાખનાર ઈજનેર પર મોકલવામાં આવ્યા હતા. આ શંકાભર્યા સોદા એવા ગંભીર જણાયા કે ધારાસભાની નાણાં કમીટીના ધ્યાન પર લાવવાની જરૂર જણાઇ. મને આશ્ચર્ય થાય છે કે નાણાં કમીટી પરના રીપોર્ટમાં મી. જે. આર. કોલાબાવાલાને જોખમદાર જણાવવામાં આવ્યા છે અને તે સરકારી નોકરીમાં નહિં હોવાને કારણ પગલાં લઇ ન શકાયાનું જણાવેલું છે. ખરી વાત એ છે કે મી. કોલાબાવાલા સક્કર બેરેજ પર કામ કરે છે. આ કેસમાં રજુ થયેલી હકિકતો અને કાગળો પ્રમાણે મી. કોલાબાવાલા તો આ બદલો આપવાની સખ્ત વિરૂદ્ધ હતો અને પોતાની હાજરી દરમિયાન તે બદલો અપાતો અટકાવવામાં ફાવ્યો હતો. તેના ગયા પછી મી. હારવે અને મી. સાઈકસે આ પ્રશ્ન ફરી ઉભો કર્યો હતો. આમ છતાં ધારાસભા પ્રત્યેના જવાબદાર રીપોર્ટમાં તેનું નામ સંડોવવામાં આવ્યું છે અને આખી બાબત ઉપર પડદો નાખવાના હેતુથી વધુ તપાસ ન થાય તે માટે વધુ જુઠી વાત કરવામાં આવી કે તે સરકારી નોકરીમાં નથી. આમ એક મોટા અંગ્રેજ અમલદારને ઢાંકવા માટે તેના હાથ નીચેના હિંદી પર અન્યાયીપણે દોષ ઢોળવામાં આવે છે.

ભુલાવામાં નાખનારી અપ્રમાણિક વાતો.

એજ પ્રમાણે કોર્ટમાં મી સાઇકસની વલણ પણ અપ્રમાણિક છે. મી. કપુરને ઓળખો છો ? એમ પૂછવામાં આવતાં તેણે કહ્યું "હું કપુરને નથી ઓળખતો; કપુરચંદને ઓળખું છું, જે પંજાબમાં સુપરવાઇઝર છે." પરંતુ વાસીન્દના ઇંટના કારખાના વિષે પૂછતાં તે

કબુલ કરે છે કે "હું વિશ્વંભરનાથને ઓળખું છું, તેની અટક કપુર છે, દીલ્હીમાં તેની ભઠ્ઠીઓ છે, તે લગ્નનૌનો છે." પરંતુ એ ખુલ્લું થયું છે કે મી. કપુર સાથેની ઓળખાણ અને વહેવાર ૧૯૧૩ની સાલથી છે. પત્રવહેવાર, ટેન્ડર વિગેરેમાં તેને કપુર તરીકે જણાવવામાં આવ્યો છે, છતાં તેણે પંજાબના સુપરવાઈઝર કપુરચંદનું નામ કોર્ટને અને બચાવપક્ષને ભુલાવામાં નાખવા માટેજ આપ્યું છે.

બીજી અપ્રમાણિક વાત તેણે એ કહી કે "કપુરના બીલ વિષે હારવે સાથે વાત થઇ હોય તે મને યાદ નથી, પરંતુ મારે અમસ્થી વાતચીત થઈ હશે." પરંતુ મી. હારવેની જુબાની તને વાંચી સંભળાવતાં તેણે કબુલ કર્યું કે "હારવે જો એમ કહે છે કે મેં તેમના સાથે એ વાત ચર્ચી હતી તો તે ખરું હોવું જોઇએ." તે કબુલ કરે છે કે મી. કપુર મુંબઇ આવ્યો હતો તે તે જાણતો હતો. સંજોગો જોતાં જરાય શંકા નથી રહેતી કે મી. હારવે પર લાગવગ ચલાવવાને મી. કપુર તેને લઇ આવેલો. મી. સાઇકસ નોકરી છોડયા પછી બદલા વિના મી. કપુર માટે આટલી બધી તસ્દી લે એ માની શકાતું નથી. અને જે સંજોગોમાં વારંવાર નામંજુર થયેલા દાવો મંજુર થયો અને તે પછી જે પત્રવહેવાર ચાલ્યો તે બતાવે છે કે આ સોદામાં મી. હારવેનો મી સાઇકસ સાથે ગાઢો સંબંધ હતો. મી. કપુરે દાવો માંડવાની ધમકી આપી હતી એ ખુલાસો પણ માનવા જેવો નથી, કેમકે મી. વલી મહમદ અને મી. ગયાએ માત્ર ધમકી જ નહિં પણ દાવા માંડયા પણ હતા, છતાં તેમના દાવા ફરી વિચારવામાં નહોતા આવ્યા. વળી એવી ધમકીનો કશો પુરાવો કે ધમકીનો સોલીસીટરનો પત્ર પણ રજુ થયો નથી.

ધારાસભામાં ભાષણનો પ્રસંગ.

આપ નામદાર સમક્ષ આ મુદ્દો આટલો લંબાણથી ચર્ચવાનું કારણ એ છે કે ૧૯૨૩ના માર્ચમાં ધારાસભામાં મારા ભાષણ પહેલાં થોડા દિવસ પહેલાંજ આ બનાવ બન્યો હતો અને ધારાસભા ચાલતી હતી તે દરમિયાન મારા ધ્યાન ઉપર આવ્યો હતો અને મારા ભાષણમાં જણાવેલો પ્રજાના નાણાંના ગેરઉપયોગનો તાજો દાખલો એ હતો. એ રકમ અપાતી અટકાવવા મેં પ્રયત્ન કર્યો, પરંતુ મેં જોયું કે ખુલ્લી તપાસ મંજુર થયા વિના હું કાંઇ કરી શકું તેમ નહોતું.

કારોબારી ઇજનેર અને નાણાં ખાતાના સલાહકારના વિરોધ છતાં નાણાં અપાયાનાં કેટલાયે દાખલા છે, પરંતુ ટુંકાણની ખાતર મારા અનુમાનોના કારણ દર્શાવવા પુરતા એક બે દાખલાજ હું ચુંટી શકયો છું. આ તેમજ બીજા દાખલાઓમાં નાણાં ખાતાના સલાહકારના વિરોધની અવગણના કરવામાં આવી છે અને વ્યવસ્થાનાં કાંઇ પગલાં લેવામાં આવ્યાં નથી. ઉલટું ખરા ગુન્હેગારને ઢાંકી નિર્દોષ અમલદારને ઉઘાડો પાડવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. ફરિઆદી કહે છે કે, "નાણાં આપવા માટે કોલાબાવાલા જવાબદાર હોવાનો મેં રીપોર્ટ કર્યો નથી." તે કબુલ કરે છે કે "ઘણા દાખલાઓમાં કારોબારી ઇજનેરના રીપોર્ટ છતાં મેં નાણાં આપવાની ભલામણ કરી છે. કયી બાબતોમાં એમ બન્યું તે હું અત્યારે ન કહી શકું" પરંતુ બચાવપક્ષે થોડા દાખલા આપ્યા છે અને દ્રષ્ટાંત તરીકે એક દાખલો સવિસ્તર રજુ કર્યો છે.

અફવાઓના ટેકામાં વધુ દાખલા.

અફવાઓ ખરી હતી અને અનુમાનો વ્યાજબી હતાં તે પુરવાર કરવા કેટલાક વધુ દાખલા નીચે મુજબ છે:—

૧ એકળે યોજનાના સલાહકાર ઇજનેર સર જ્યોર્જ બુકાનને કમીટીની ૧૯૨૭ના જુનની બેઠકમાં જણાવ્યું હતું કે,

' પડતર ખર્ચના હિસાબ રાખવાની મેં ભલામણ કરી હતી, પરંતુ એક વર્ષ સુધી તેનો અમલ થયો નહોતો. મેં બતાવ્યું હતું કે બીનજરૂરી યંત્રના એવડા ઓર્ડર અપાયા છે છતાં ખરીદીઓ કરવામાં આવી હતી. "

આ હકિકત છાપામાં પણ પ્રગટ થઇ હતી.

૨ કમીટીની ઇંગ્લાન્ડમાંની ૧૯૨૬ના નવેમ્બરની બેઠકમાં સર જ્યોર્જ બુકાનન સાથે જોડાયેલા ઇજનેર મી. ડબલ્યુ. ટી. હાદ્દાએ જણાવ્યું હતું કે, ' કોલાબાના ડેપ્યુટી ચીફ ઇજનેરે મને કહ્યું હતું કે તેને બે મોટી ક્રેનો મળી છે કે જે જોઇતી નથી કેમકે તેણે ઓર્ડર આપ્યો હતો તેના કરતાં વધુ ક્રેનો તેની પાસે હતી. "

" ખીલવણી ખાતું એટલાં બધાં યંત્રો મંગાવે છે કે જે તેમને વધારે પડતાં જણાય છે. "

૩. સ્ટોર સંબંધી પડતર કિંમતના ખાતા સંબંધી કમીટીના બે સભ્યો સર ફ્રેડરીક હોપકીનસન અને સર વિશ્વેસ્વરાયરે સખ્ત ઝાટકણી કાઢી છેઃ—

સર એફ. હોપકીનસન— " પડતર કિંમત ખાતા વિષે સર જ્યોર્જ બુકાનને જે કહ્યું છે તે હું કહું તેથી અડધું સખ્ત પણ નથી. ',

સર એમ. વિશ્વેસ્વરાયર—હું પણ તે વાતને ટેકો આપું છું "

૪. મી. ઓરેકની જુબાનીઃ—

" ત્રણ ચાર વર્ષ અગાઉથી તૈયાર કરી રાખેલા ૨૧ હજાર પાઉન્ડના

સીમેન્ટના બ્લોકો વગર વપરાયેલા કાન્દીવલી ખાતે પડયા છે." (કોન્ટ્રાકટર બનેલા એક જુના નોકર મી. ડૂકને નહેર બંધાવવા બ્લોકો પુરા પાડવાનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો.)

આગળ તે કહે છે:—

"૯ હજાર પાઉન્ડની કિંમતની ૨૦ ટનની નેવીનો (મોટી ક્રેનો) ખીલવણી ખાતાએ ઓર્ડર આપ્યો હતો. તે કદી વપરાઇ નહોતી તેમજ વપરાવાની પણ નહોતી કેમકે ૫ ટનની નેવી બસ હતી" આ મોટી ક્રેનો વેચી નહિં શકાવાથી છુટી પાડીને લોખંડના ભાવે રીચાર્ડસન ક્રુડાસને વેચવામાં આવી હતી. આમ ૯ હજાર પાઉન્ડની આખી રકમ અને તેનું વર્ષોનું વ્યાજ વેડફી નાખવામાં આવ્યું હતું.

૫. કમીટીના એક સભ્ય મી. એસ. બી. બીલીમોરીયાએ પણ આવા દાખલાઓ સાંભળીને આ ખરીદીઓ માટે આવાં અનુમાનો કર્યાં હતાં અને ડ્રેજરની ભલામણ કરનાર ઇજનેર સર જોહન બાઇલ્સને ચોકખું પૂછ્યું હતું કે "કારખાનાવાળાઓ ખાનગી કે ખુલ્લાં કમીશન આપે છે કે?" કેમકે ડ્રેજર માટે ટેન્ડરો માગવામાં નહોતાં આવ્યાં પરંતુ સીમન્સનું ટેન્ડર સ્વીકારવાનું તેને કહેવામાં આવ્યું હતુ આ સવાલમા કરવામાં આવેલો આક્ષેપ કમીશનની અફવા બચાવપક્ષે જણાવી તેના કરતાં વધારે ગંભીર છે.

વધુ ચોંકાવનારા દાખલા.

સામાનની ખરીદી અને વેચાણના કરતાં ચાલો બાંધવાના કોન્ટ્રાકટોના દાખલા વધારે ચોંકાવનારા છે. ફરિઆદીના કહેવા પ્રમાણે પણ સામાન ખરીદીમાં દેખરેખ રાખનાર ઇજનેર એટલે મી. સાઇકસ, મી. હમીદ

કે ફરિઆદીના નામનું સુચન છે, પરંતુ કોન્ટ્રાક્ટમાં તો દેખરેખ રાખનાર એટલે ફરિઆદીજ હોઇ શકે. મારા લેખિત સ્ટેટમેન્ટમાં મેં ચાલોના કોન્ટ્રાકટ વિષે વધારે ગંભીર આક્ષેપો કર્યા છે, જે ફરિઆદીના કહેવા પ્રમાણે તેનેજ લાગુ પડે છે. તેમાં મેં સ્પષ્ટ જણાવ્યું કે દેખરેખ રાખનાર ઇજનેર અને કોન્ટ્રાકટર વચ્ચેની ગોઠવણજ એ મહેરબાનીઓ માટે કારણુ હોઇ શકે. સામાન ખરીદી વિષે મેં ખુલ્લા દિલથી કહ્યું છે કે કયા અમલદારે કેટલો ભાગ ભજવ્યો તે હું ચોક્કસ જાણતો નહોતો કેમકે કોર્ટમાં જે જાતનો ખુલાસો કરવામાં આવે છે તે પહેલાં કદિ કરવામાં આવ્યો નહોતો

ચાલીઓના કોનટ્રાકટ

સામાન ખરીદવામાં તો પહેલાં કારોબારી ઇજનેર યાદી તૈયાર કરે, પછી દેખરેખ રાખનાર ઇજનેરની સલાહ લેવાય, પછી કેટલીક તપાસ થાય, પછી બીજા દેખરેખ રાખનાર ઇજનેર પર જાય અને છેલ્લે સરકારના મંત્રી પર થઇ ઓર્ડર હાઇ કમીશનર કે સ્થાનિક વેપારીને મળે, આમ ઓછામાં ઓછા બે દેખરેખ રાખનાર ઇજનેરો અને કેટલાયે અમલદારોના હાથમાં પસાર થઇને ઓર્ડર મૂકાય જો કે મી. સાઇક્સ અને મી. હમીદના કહેવા પ્રમાણે છેવટની જવાબદારી તો ફરિઆદીનીજ હતી. ચાલીઓના કોન્ટ્રાકટમાં આવું કશું નહોતું. ફરિઆદીજ કયાં ટેન્ડરો સ્વીકારવાં, કયાં નામંજુર કરવાં વિગેરેની સરકારને ભલામણ કરતો એટલુંજ નહિં પણ યોજના, પ્લાન વિગેરે બધું તેજ નક્કી કરતો અને તેની ભલામણ પ્રમાણેજ સરકાર વર્તતી હતી. એટલે સામાન ખરીદી કરતાં ચાલીના કોન્ટ્રાકટના

આક્ષેપો ફરિઆદીનેજ વધારે લાગુ પડે છે હું આ વાત પર આપ નામદારનું ધ્યાન એટલા માટે ખેંચું છું કે કોર્ટ જોઈ શકશે કે કોન્ટ્રાકટો સંબંધી આક્ષેપોની તપાસ કરાવવા ફરિઆદીની હિમ્મત નહોતી અને તેથીજ તેણે તે મુદ્દા પર ફરિઆદ નથી કરી. ખીલવણી ખાતાના ગેરવહીવટની મેં ફરિઆદી કરી ત્યારે મારી નજરમાં ફરિઆદી અને સામાન ખરીદી કરતાં ચાલીઓના કોન્ટ્રાકટોની માહિતી હતી. કોન્ટ્રાકટના બનાવો ૧૯૨૫ના માર્ચમાં ધારાસભામાં મારી ટીકાઓ પહેલાં ઘણો વખત અગાઉ બન્યા હતા અને ખાતા સાથે સંબંધ ધરાવનારાઓ તેમજ બીજાઓએ વારંવાર તે તરફ મારૂં ધ્યાન ખેંચ્યું હતું. મારી માહિતી ખરી હોવાની મેં ખાત્રી કરી હતી અને કોર્ટમાં બહાર પડેલી વિગતો પણ પુરવાર કરે છે કે તે ખરી હતી. ગેરવહીવટ સામાન ખરીદીમાં હતો કે ચાલીના કોન્ટ્રાકટમાં હતો અને ફરિઆદી ગુન્હેગાર હતો કે બીજા અમલદારો, એમાં મારી શુભ નિષ્ઠા વિષે કશો ફેર પડતો નથી કેમકે મેં તો આખા ખાતા અને આખા અમલદારવર્ગ સામે ટીકા કરી હતી.

કોન્ટ્રાકટરોના ભાગીદારો સાથે અમલદારોના સંબંધ.

કોન્ટ્રાકટોના સંબંધમાં મુદ્દાની વાત એ છે કે કરોડો રૂપીયાના કોન્ટ્રાકટો થોડી પસંદ કરેલી પેઢીઓનેજ મળ્યા હતા કે જેના ભાગીદારો સાથે ફરીઆદી કે બીજા મોટા અમલદારને અગાઉનો કંઇક સંબંધ હોય. ગમે તેવી મોટી અને જુની પેઢી ફરીઆદીના અગાઉના સંબંધી મિત્ર કે ઓળખીતાને ભાગીદાર ન બનાવે ત્યાં સુધી તેને કાંઇ કામ મળતું નહિં કે મળે તો તે પુરૂં કરી શકતી નહિં. જે પેઢીઓને મોટા કામો

મળ્યાં હતાં તે ખીલવણી ખાતાની સાથે તેના કોન્ટ્રાકટો મેળવવા માટેજ સ્થપાઇ હતી અને તે કામો પુરાં થતાં બંધ થઇ ગઇ. આ બાબતમાં પણ નીચામાં નીચાં ટેન્ડરો સ્વીકારવાના જાહેર બાંધકામના કાનુનોનો ભંગ કરવામાં આવ્યો હતો અને કશા પણ અપવાદ સિવાય સૌથી ઉચાં અથવા ભાવમાં ચોથા પાંચમા ટેન્ડરો સ્વીકારવામાં આવ્યાં, તે જેમાં મી હારવેના મિત્રો જોડાયેલા હતા તે પેઢીનાંજ હતાં.

નીચાં ટેન્ડરો નામંજુર કરવાનો લુલો બચાવ.

હવે હું કોન્ટ્રાકટો મેળવનારી પેઢીઓના આગલા ટુંકા ઈતિહાસ સાથે દાખલા આપીશ કે જે તેની સાથેનો મી. હારવેનો સંબંધ અને અસાધારણ સંજોગામાં કોન્ટ્રાકટ આપવાની કાંઇક ગોઠવણ હોવાનું બતાવી આપે છે. થોડી ચુંટી કાઢેલી પેઢીઓની શકતી, યોગ્યતા, આર્થિક સ્થિતિ વિષે મી. હારવેએ પુરી ખાત્રી કર્યા પછીજ તેઓને ટેન્ડરનાં ફોર્મ મોકલવામાં આવતાં હતાં, તે જોતાં નીચાંમાં નીચાં ટેન્ડર નહિં સ્વીકારવાનું કાંઇજ વ્યાજબી કારણ હોઇ શકે નહિ; ઘણા કોન્ટ્રાકટરોને અને પેઢીઓને તેઓની અયોગ્યતા કે નાણા સંબંધી નબળી સ્થિતિને કારણે ટેન્ડરનાં ફોર્મો આપવામાં આવ્યા નહોતાં. જાહેર બાંધકામ ખાતામાં નીચાં ટેન્ડરો નહિં સ્વીકારવાનું કારણ અયોગ્યતા કે નાંણાંની નબળી સ્થિતિ હોય છે, પરંતુ તે મુદ્દા વિષે બારીક તપાસ કર્યા પછી પસંદ કરેલી પેઢીઓને ટેન્ડરના ફોર્મ મોકલ્યા પછી ભાવના મુદ્દા ઉપરજ ટેન્ડરો સ્વીકારાવાં જોઇએ. પરંતુ બધા દાખલામાં એક યા બીજા લુલા બહાના હેઠળ નીચાં ટેન્ડરો નામંજુર કરવામાં આવ્યાં હતાં. એ બહાનાંઓ દેખીતાંજ ટકી ન શકે તેવાં છે.

બીજું યાદ રાખવાનું એ છે કે ફરિઆદીના પોતાના કહેવા અને કબુલ કરવા પ્રમાણે કોન્ટ્રાકટ આપવાનો નીર્ણય તેની ભલામણથી કરવામાં અવતો હતો.

કોન્ટ્રાકટરો બનેલા સરકારી નોકરો.

બીજો નોંધવા જેવો મુદ્દો એ છે કે કોન્ટ્રાકટો આપવાનો નિર્ણય થયા પછી થોડાજ વખતમાં ત્રણ સારા હોદ્દાના ઇજનેરો જેઓને મી. હારવે સાથે મિત્રતાભર્યો સંબંધ હતો તેમણે રાજીનામા આપ્યાં અથવા લાંબી મુદતની રજા લીધી અને મકાનો બાંધવાના કોન્ટ્રાકટરનો ધંધો શરૂ કર્યો અને ફરીઆદી પાસેથી તેમને કોન્ટ્રાકટો મળ્યા પણ ખરા તેઓને કોન્ટ્રાકટ મળવાની મી. હારવે તરફથી ખાત્રી મળ્યા વિના તેઓ સારા પગારના અને સારા ભવિષ્યના હોદ્દા છોડવાનું સાહસ કરે નહિં. એ ત્રણમાં પહેલો મેજર પારસેલ ખીલવણી ખાતાની લશ્કરી માટેની જમીનની યોજનાનો કારોબારી ઇજનેર હતો કે જેણે ટેન્ડરોની જાહેર ખબર અપાઇ તેજ મહીનામાં રાજીનામું આપ્યું હતું. બીજો મી. ડી. આર. વૈદ્ય ખીલવણી ખાતાનો જમીન ખરીદનાર અમલદાર અને ડેપ્યુટી મંત્રી હતો કે જેણે લાંબી મુદતની રજા લીધી. ત્રીજો મી. કારવેલો જેણે શીવરીની ચાલોનાં ટેન્ડરો મગાયા પહેલાં થોડા વખત પહેલાં શહેર સુધારા ટ્રસ્ટમાંથી રાજીનામું આપ્યું. આ પછી થોડા વખત પછી મી. હારવે, મી. કારવેલો અને મેજર પારસેલે મી. જે. સી. ગેમને હાથ ધરેલા બાંધકામ માટેની કમીટીમાં સાથે કામ કર્યું હતું.

હવે હું કોન્ટ્રાકટરો અને પેઢીઓના અને તેના મી. હારવે સાથે સંબંધ ધરાવતા ભાગીદારોના નામોની યાદી આપીશ અને મારો આક્ષેપ

પુરવાર કરીશ કે આ મંડળીની બહાર કોઇને એ કરોડોના કામમાંથી જરા પણ હિસ્સો મળ્યો નહિં. ૧૯૨૧માં ચાલીઓની યોજના જાહેર થતાંની સાથે ઉભી થયેલી આવી પહેલી કંપની ઇન્ડીઅન કન્સ્ટ્રકશન કંપની હતી.

જંગી સીન્ડીકેટ.

* [આ કંપનીનો ઇતિહાસ બહુજ રસીક છે એટલા માટેજ નહિં પણ આ તપાસમાં અગત્યનો છે માટે તે હું આપ નામદારને જણાવું છું.

દરિયો પુરવાની યોજનાનો વિચાર ચાલતો હતો ત્યારે અમુક માણસોએ એ સાહસમાં મોટો નફો મેળવવાની આશાએ કરોડો રૂપીયાનું એ જંગી કામ આખું ઉપાડી લેવા માટે ઇંગ્લાંડમાં ઇજનેરો અને કોન્ટ્રાકટરોની સીન્ડીકેટ ઉભી કરી હતી. મુંબઇ સરકારના કેટલાક મોટા અમલદારો એ સીન્ડીકેટ સાથે જોડાયેલા હતા એમ ખુલ્લું બોલાતું હતું. વાત એટલે સુધી વધી ગઇ કે એ કામ માટે ઉમેદ રાખતી જાણીતી પેઢીઓ અને સ્થાનિક ઇજનેરોએ તેની સામે સહેજ વિરોધ બતાવ્યો અને છાપાઓમાં અને ખાસ કરીને 'બોમ્બે ક્રોનીકલ'માં અમુક અમુક અમલદારો એ ખાનગી સીન્ડીકેટ સાથે જોડાયેલા છે અને અફવા છે કે તે સીન્ડીકેટને ટેન્ડર માગ્યા વિના એ આખું જંગી કામ સોંપવામાં આવનારું છે એવા ખુલ્લા આક્ષેપો મૂકવામાં આવ્યા. એમ દેખાય છે કે તે સીન્ડીકેટને એવી જાતની ખાત્રી આપવામા આવી હતી અને તેથી તેણે અમુક ખર્ચ કરીને આ યોજના ઉપાડી લેવા તૈયારીઓ કરી હતી અને દરીયો પુરવાના અનુભવી અમેરીકન ઇજનેરો રોકયા હતા. એ વખતે મુંબઇ સરકારના કેટલાક મોટા અમલદારોની જુબાનીમાં આ

બાબતમાં ઇશારો કરવામાં આવ્યો હતો અને મીયર્સ કમીટીના કામકાજમાં પણ એ સંબંધ શોધી કાઢવા પ્રયત્ન થયો હતો. વાત ફુટી જવાથી છાપાઓની ટીકા અને કેટલાકોના વિરોધને લીધે આખું કામ સીન્ડીકેટને સોંપવાનો વિચાર માંડી વાળવામા આવ્યો અને જાહેર ટેન્ડરો માગવામાં આવ્યાં હતાં એવો દેખાવ કરવામાં આવ્યો કેટલાક ટેન્ડર ભરનારાઓએ ભારે ખર્ચ કરીને ટેન્ડરો ભરી મોકલ્યાં. પછી સરકારે ખાનગી કોન્ટ્રાકટથી કામ કરાવવાનો વિચાર માંડી વાળવાનો ઠરાવ કર્યો અને સરકારી ખાતાએ કામ ઉપાડી લીધું.

સીન્ડીકેટમાંથી જન્મેલી કંપની.

સીન્ડીકેટ પોતાના પ્રયત્નોમાં નિષ્ફળ ગઈ પરંતુ તેઓએ ભારે ખર્ચ કરેલું હોવાથી એમ કહેવાય છે કે લાગતાવળગતા અમલદારોને વચનો મળ્યાં હતાં કે દરીયો પુરવાના કામને બદલે તેમને ચાલીઓ બાંધવાના કોન્ટ્રાકટ મળશે માટે સીન્ડીકેટને નાના પાયા ઉપર મકાન કોન્ટ્રાકટરની કંપનીમાં ફેરવી નાખી કે જેથી સીન્ડીકેટ ઉભી કરવાના ખર્ચનો કાંઇ બદલો મળે અને અમેરીકાથી રોકેલા ઇજનેરોને કામ મળે. મૂળ સીન્ડીકેટમાંથી ફેરવાયેલી કંપની તેજ ઇન્ડીયન કન્સ્ટ્રકશન કંપની લીમીટેડ હતી કે જેને ૧૯૨૨ આખરમાં નિયમિત કામ શરૂ થયા પહેલાં ૧૯૨૧માં નાયગામ પ્લોટ "એ"નું કામ મળ્યા સંબંધી મી. હારવેએ જુબાનીમાં જણાવ્યું છે. કામ કોન્ટ્રાકટથી અનુકુળ અને સસ્તું પડશે કે ખાલવણી ખાતા મારફત કરવાથી, એ નક્કી કરવા માટે યોજનાની શરૂઆતમાં નાયગામ પ્લોટ પર કેટલીક ચાલો કોન્ટ્રાકટ અને કેટલીક ખાતા મારફત બાંધવાનું

નક્કી કરવામાં આવ્યું હતું. મને મળેલી ખબર પ્રમાણે કોન્ટ્રાકટની ચાલો સાથે કામ અને ખર્ચની સરખામણી કરવા માટે ૧૬ ચાલો કોન્ટ્રાકટથી અને ત્રણ ખાતા મારફત બાંધવાનું નકકી થયું હતું. જાહેર ટેન્ડરો માગવામાં આવ્યાં અને ગોઠવણ પ્રમાણે બીજા જાણીતા કોન્ટ્રાકટર પ્રતાપસીંધ અને બોમ્બે કન્સ્ટ્રકશન કંપનીની સાથે સાથે ઈન્ડીયન કન્સ્ટ્રકશન કંપનીએ પણ ટેન્ડર ભર્યું.

કોન્ટ્રાકટરનો ગવરનર સાથે ઓળખાણ.

એ કંપનીનો મેનેજર કર્નલ ગ્રીસવુડ હતો અને તેણે અમેરીકન ઇજનેરો મી પીટરસન અને મી. કીંગને અમેરીકાથી બોલાવ્યા હતા. કર્નલ ગ્રીસવુડ ગવનર સર જયોર્જ લોઇડ અને બીજા અમલદારો સાથે ઓળખાણ હોવાની ખુલ્લી બડાઇ મારતો. તે અને તેના ઇજનેરો મી. હારવેના પણ મિત્રો બની ગયા પરિણામે પ્રતાપસીંધનું ટેન્ડર ચાલી દીઠ રૂ. ૯ થી ૧૦ હજાર નીચું હતું છતાં ઇન્ડીયન કન્સ્ટ્રકશન કંપનીને તેનાથી ઘણા ઉંચા ભાવે ૧૦ ચાલીઓનું કામ આપવામાં આવ્યું અને પ્રતાપસીંધને તેના નીચા ભાવે બાકીની ૬ ચાલીઓનું કામ આપવામાં આવ્યું. એ વખતે કોન્ટ્રાકટરોજ બધો માલ પુરો પાડવાના હતા, કેમકે ખીલવણી ખાતાનું સામાન ખાતું પુર જોરમાં શરૂ થયું નહોતું. પોતાનું ટેન્ડર સાથી નીચું હોવાથી પ્રતાપસીંધે આ અન્યાયી અને ભેદભરી ગોઠવણ સામે વાંધો ઉઠાવ્યો. આમ છતાં ઇન્ડીયન કન્સ્ટ્રકશન કંપનીને ઘણા ઉંચા ભાવે ૧૦ ચાલીઓ અને પ્રતાપસીંધને એવીજ ૬ ચાલીઓ ઘણા નીચા ભાવે આપવામાં આવી. પ્રતાપસીંધે એ કામ લેવા ના પાડી અને પરિણામે ખાતાએ પોતે એ ૬ ચાલોનું કામ ઉપાડી લીધું.

કંપની ભાંગી પડી.

પરંતુ ઇન્ડીયન કન્સ્ટ્રકશન કંપની કામ લાંબો વખત ચાલુ રાખી *શકી નહિં કેમકે મૂળ સીન્ડીકેટ કરોડો રૂપીયાનું દરિયો પુરવાનું કામ મેળવવાની મોટી આશાએ રચાઇ હતી અને એ આધારે તેણે શરૂઆતનું મોટું ખર્ચ કર્યું હતું. એટલે એ કંપનીને લાંબો વખત નભાવવા માટે ૧૦ ચાલીનો ટુકડો પુરતો નહોતો. આ પ્રમાણે ફરિઆદીની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે એ કંપની ભાગી પડી.

કર્નલ ગ્રીસવુડની દમદાટી.

પરંતુ થોડો વખત એ કંપની ચાલી તે દરમીયાન કર્નલ ગ્રીસવુડ કારોબારી ઇજનેર અને બીજા માણસોની સામે થતો અને ખુલ્લું કહેતો કે તેને ગવરનર અને દેખરેખ રાખનાર ઇજનેર સાથે મિત્રાચારી છે અને તેથી તે તેના હાથ નીચેના માણસોની સામે થઇ શકે છે. કારોબારી ઇજનેરે કંપની સામે દેખરેખ રાખનાર ઇજનેરને કરેલી ઘણી ફરિઆદોની દાદ આપવામાં ન આવી અને એક વખત કારોબારી ઇજનેરને ઉપરી સત્તાને સીધી ફરિઆદ કરવી પડી અને કંપનીનું કેટલુંક કામ તોડાવીને ફરી કરાવવું પડયું.]

મેજર પારસેલની કારકીર્દી.

એ કંપની બંધ થતાં અને તેના મેનેજર કર્નલ ગ્રીસવુડ અને ઇજનેરો મી. પીટરસન અને મી. કીંગ અદ્દશ્ય થતાંની સાથે તેની જગ્યાએ બોમ્બે કોન્ક્રીટ કન્સ્ટ્રકશન અને એન્જીનીયરીંગ કંપની

---

* અસંગત છે માટે છોડી દેવું.

ઉભી થઇ. તે કંપની પહેલાં હયાતિમાં તો હતી પરંતુ ૧૯૨૨ના સપ્ટેમ્બરમાં મેજર પારસેલ તેમાં જોડાતાં તેનું નશીબ સુધરી ગયું. કંપની સાથે મેજર પારસેલનું કરારનામું અને જુબાની ઉપરથી જણાય છે કે કંપનીનું ખીલવણી ખાતાનું કામ સંપૂર્ણ રીતે મેજર પારસેલના હાથમાંજ હતું. તે સીમલામાં લશ્કરી નોકરીમાં હતો અને ખીલવણી ખાતું શરૂ થતાં કોલાબા ખાતે લશ્કર માટેની જમીનની યોજનાના ઇજનેર તરીકે જોડાયો હતો. તે મુંબઇમાં તદ્દન નવો આવેલો હતો તેને કોન્ટ્રાકટ કામનો કશો અનુભવ નહોતો અને બાંધકામનો પણ તેના નવા હોદ્દામાં મળ્યો તે સિવાય વધુ અનુભવ નહોતો. પરંતુ ફરિઆદીની ભલામણથી ખીલવણી ખાતા મારફત ચાલીઓ બાધવાનું બંધ કરી કોન્ટ્રાકટ આપવાનો નિર્ણય થતાંની સાથ તેણે લશ્કરી નોકરીમાંથી રાજીનામું આપ્યું. ચાલીઓના કોન્ટ્રાકટની વાત બહાર પડતાં તેણે કોન્ક્રીટના બાધકામમાં ભારે રસ લેવા માંડયો અને તે લશ્કરી નોકરીમાં હતો ત્યારે પણ વરલીની જેટલે દુર ચાલીઓની મુલાકાતે આવી બાધકામનો અભ્યાસ કરવા મંડયો. મી. હમીદ પોતાની જુબાનીમાં જણાવે છે કે "ફરિઆદી સાથે મેજર પારસેલ કામ જોવા આવતો. ફરિઆદી તેને બધું સમજાવતો. હું ઘણી વખત તેને વરલી જોતો" આ મુલાકાતો પછી થોડીજ વારમાં કોન્ટ્રાકટ આપવાનું નક્કી થયું અને ટેન્ડરો માગવામાં આવ્યાં." આ ઉપરથી દેખાય છે કે ટેન્ડરો માગતાં પહેલાં મેજર પારસેલના ભાવિ ધંધા વિષે તેની અને ફરિઆદી વચ્ચે કાંઇ મંત્રણા થઇ હતી અને તેણે મૂખ્ય ઇજનેર ઉપર તા. ૩૧-૭-૨૨ ને રોજ રાજીનામું મોકલી આપ્યું, જે મૂખ્ય ઇજનેરે મંજુર કર્યું. લશ્કરી નોકરીમાંથી છુટો થયો તેને બીજેજ દિવસે તે બોમ્બે કોન્ક્રીટ કન્સ્ટ્રકશન કંપનીમાં જોડાયો.

નવી નોકરીની અજબ શરત.

આપ નામદાર જોઇ શકશો કે એ રાજીનામું વારંવાર માગવા છતાં રજુ કરવામાં આવ્યું નથી અને તેનું કારણ એવું આપવામાં આવ્યું છે કે મેજર પારસેલ લશ્કરી ખાતામાં હતો તેથી તેના રાજીનામાને ખીલવણી ખાતા સાથે કશો સંબંધ નથી. આ વાત તદ્દન ખોટી છે એ ખીલવણી ખાતાના મુખ્ય ઇજનેરે રાજીનામું મંજુર કરતાં લખેલા પત્ર ઉપરથી ખુલ્લું થાય છે. બોમ્બે કો. ક. કંપની સાથેના કરારમાં ભાગીદાર તા. ૧–૯–૨૨થી ચાલુ થયાની પહેલીજ કલમ છે. રજુ થયેલી જુબાની પ્રમાણે આ કરાર પહેલાં મેજર પારસેલ નાણાંની મદદ મેળવવા તજવીજ કરતો હતો અને રાજીનામું આપવાનો અને કોન્ટ્રાકટ લેવાનો પોતાનો ઇરાદો તેણે મી. માકંર અને ફરિઆદીને જણાવ્યો હતો. કંપની સાથેના કરારની ૧૪મી કલમ નીચે પ્રમાણે છેઃ–

"આજથી ૭ મહીનામાં ભાગીદારી ઓછામાં ઓછા દશ લાખનો કોન્ટ્રાકટ મેળવી ન શકે અથવા હાથમાંના કામો નફો મળે તેવી રીતે મેજર પારસેલને ન રોકી શકે તો બન્ને પક્ષને ત્રણ મહીનાની નોટીસથી ભાગીદારી નકકી કરવાનો હકક રહેશે નહિ તો ભાગીદારી સાડા પાંચ વર્ષ ચાલશે."

આ પ્રમાણે કંપનીમાં તેની ભાગીદારી ૧૦ લાખનો કોન્ટ્રાકટ મેળવવા ઉપર આધાર રાખતી હતી; નહિ તો તેનો કંપની સાથેનો સંબંધ બંધ થાય. આપ નામદાર વિચાર કરશો કે કોઈ પણ માણસ લાંબા વખતની, મોટા પગારની અને સારા ભવિષ્યની

સરકારી નોકરી ટેન્ડરો માગવાના વખતેજ છોડી દેવાનો અને જે શહેરમાં પોતે તદ્દન અજાણ્યો હોય અને જીંદગીમાં કદિ મકાનનું બાંધકામ ન કર્યું હોય છતાં ૭ મહીના જેટલી ટુંકી મુદતમાં ૧૦ લાખનો કોન્ટ્રાકટ મેળવવાનો, નહિં તો ધંધા વગરના થઇ પડવાનો ગેમો ખેડે કે ? ફરિઆદી કહે છે કે "જાહેરખબરમાં જણાવ્યું હતું કે અનુભવી-ઓએજ અરજી કરવી." છતાં જુબાનીમાં તે કહે છે કે, "અનુભવ હોય કે નહિ, ઓમ્બે કો. ક. કંપની મને સરી લાગી." અનુભવ અને લાગવગ ધરાવતા જુના કોન્ટ્રાકટરો પણ અગાઉથી ખાત્રી મળ્યા વિના આવડો મોટો કોન્ટ્રાકટ મેળવી આપવાની ખાત્રી આપવાનું સાહસ ન ખેડી શકે. ફરિઆદીએ મેજર પારસેલને કોન્ટ્રાકટ આપવાની ખાત્રી આપીજ હશે અને તેને આધારેજ તેણે ઓમ્બે કો. ક. કંપનીને ખાત્રી આપી હશે. આ અનુમાન માટે હું આ એકજ સંજોગ ઉપર આધાર રાખતો નથી, પરંતુ આપને હું બીજા સંજોગો પણ દર્શાવીશ કે જે ઉપરથી આ અનિવાર્ય અનુમાન નીકળી શકે છે.

શરત પ્રમાણે મળેલો કોન્ટ્રાકટ.

કંપની સાથેના કરારની મુદત પ્રમાણેજ એટલે કે ૧૯૨૨ના સપ્ટેમ્બરે ૭ મહીનામાં (૧૯૨૩ના ફેબ્રુઆરીમાં) કંપનીને મેજર પારસેલની મારફત કોન્ટ્રાકટ૦ મળ્યો એ ઘટના આશ્ચર્યકારક છે. જાહેર બાંધકામ ખાતાએ કે બીજી કોઇ સંસ્થાએ એકજ કંપનીને કદિ નહિં આપ્યો હોય એવડો મોટો આ કોન્ટ્રાકટ હતો. આખા ઇલાકાના જાહેર બાંધકામનો આ સૌથી મોટો કોન્ટ્રાકટ હતો. ચાલી દીઠ ૧ લાખ રૂપીયે ૮૦ ચાલીનો કોન્ટ્રાકટ અપાયો અને વધારાના ભાવો મળી કુલ ૧ કરોડનું

કામ થયું. આ સંજોગો ઉપ થી એકજ અનિવાર્ય અનુમાન નીકળે છે કે અગાઉથી થયેલી ગોઠવણથીજ આ કોન્ટ્રાક્ટ અપાયો હતો. દેખાવ પુરતા અને જાહેર બાંધકામના કાનુનોની ખાતરજ ટેન્ડરો માગવામાં આવ્યાં હતાં.

વધુ અસાધારણ ઘટના.

બીજી અસાધારણ ઘટના પણ મી. હારવે અને મેજર પારસેલ વચ્ચેનો સંબંધ બતાવી આપે છે. ફરિયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે "૮૦ ચાલીના કામ માટે કોન્ટ્રાકટર પાસે ૩ લાખ રૂપીયા જોઈએ એવી અમે ગણત્રી કરી હતી અને હું ધારૂં છું કે જાહેરખબરમાં તે જણાવી હતી." છેલ્લું વાકય ખરૂં નથી કેમકે વરલી માટેની જાહેર ખબર ૨૫,૫૦ અને ૮૦ ચાલો માટે હતી. તો પછી ૮૦ ચાલો માટેજ શા માટે ગણત્રી કરવામાં આવે અને બીજી માટે ન કરવામાં આવે? પોતાનીવાત ખોટી હોવાનું ફરિઆદી સમજે છે અને તેથીજ "હું ધારૂં છું" એવા સાવચેતીભર્યા શબ્દો વાપરે છે. ટેન્ડરના ફોર્મ સાથે કોન્ટ્રાકટની શરતો પણ હતી અને તેમાં જરૂરી મુડીનો ઇશારો નથી. ફરિઆદીના કહેવા પ્રમાણે ૧૯૨૩ ની શરૂઆતમાં ટેન્ડરો સ્વીકારવામાં આવ્યાં. જે કોન્ટ્રાકટર ૩ લાખની મુડી રોકે તેને ૮૦ ચાલોનું કામ આપવાની ગણત્રી ખીલવણી ખાતાની જાણમાંજ હતી.

ખીલવણી ખાતાની ગણત્રી પ્રમાણેજ કંપનીની મુડી.

હવે હું આપ નામદારનું મેજર પારસેલના બોમ્બે કો. ક. કંપની સાથેના કરાર તરફ ધ્યાન ખેંચું છું. મેજર પારસેલ કોન્ટ્રાકટ મેળવી શકયો તે પહેલાં નાણાંની શોધમાં હતો. મી. માર્ક્રે તેની બોમ્બે કો. ક.

કંપની સાથે ઓળખાણ કરાવી આપી. આ તેની નોકરીના છેલ્લા મહીનામાં એટલે ૧૯૨૨ના ઓગસ્ટમાં હશે. મી. માર્કરના કહેવા પ્રમાણે મેજર પારસેલને ૩ લાખ રૂપીયાની તાકીદે જરૂર હતી. છેવટે બોમ્બે ડો. ક. કંપની સાથે સપ્ટેમ્બરમાં કરાર થયો. એ કરારમાં ૩ લાખ રૂપીયાની મુડી એટલે કે ખીલવણી ખાતાએ ૮૦ ચાલ માટે કરેલી ગણત્રી પ્રમાણે જોગવાઇ કરેલી છે. આ ઉપરથી દેખાય છે કે મેજર પારસેલ જાણતો હતો કે થોડા મહીનામાં તેને ૮૦ ચાલનો કોન્ટ્રાકટ મળવાનો છે. ખીલવણી ખાતાની ૮૦ ચાલ માટેની મુડીની ગણત્રી અને કંપનીની મુડીના આંકડા એક સરખા છે એ આશ્ચર્યકારક છે. સવાલ એ છે કે મેજર પારસેલને નોકરી છોડતાં પહેલાં ૮૦ ચાલ માટેની મૂડીની ગણત્રીની અને તે કોન્ટ્રાકટ તેનેજ મળશે એવી કયાંથી ખબર પડી? કેમકે ટેન્ડરો તો ૨૫,૫૦ અને ૮૦ ચાલો માટે હતાં.

કોન્ટ્રાકટ મળવા પહેલાં તૈયારીઓ

આવા સંજોગમાં આ બધા બનાવો માત્ર અકસ્માત નહિં. પણ પહેલેથી ગોઠવાયેલા હતા એવી માન્યતા ધરાવવામાં હું વ્યાજબી હતો એટલું સ્વીકારવું જોઇએ. મને ખબર મળી છે કે ટેન્ડર સ્વીકારાયા પહેલાં મેજર પારસેલે વરલી ખાતે મજુરો માટે ઝુંપડાં તૈયાર કરાવ્યાં હતાં: મારી માન્યતાને ટેકો આપનારી બીજી વાત કંપની સાથેના કરારની ૨૦મી કલમ છે, જેમાં ૧૯૨૩ના એપ્રીલથી ચાર મહીના વિલાયત જવાની મેજર પારસેલને રજાની ગોઠવણ થઇ છે. ટેન્ડરો સ્વીકારવા પહેલાં કરેલા કરારમાં ટેન્ડરો સ્વીકારાય તે પછી ત્રણ ચાર મહીને રજા મળી શકે એવી ગોઠવણ પણ બીજી આશ્ચર્યકારક ઘટના

છે, કેમકે એ વખતે તેઓને કયાંથી ખબર કે ટેન્ડરો સ્વીકારાશે અને મેજર પારસેલ ૧૯૨૩ના એપ્રીલમાં છુટા થઈ શકશે! એથીયે વધારે આશ્ચર્યકારક એ છે કે મેજર પારસેલની રજાની મુદત ફરિઆદીની રજાની મુદતની સાથેજ હતી અને વરલીનું કામ ચાલુ થયા પછી બન્ને સાથે ઇગ્લાન્ડમાં હતા.

ટેન્ડરો સ્વીકારવાનું વિચિત્ર ધોરણ.

હવે કામ સોંપવાના સવાલ પર આવતાં પણ સંજોગો બતાવે છે કે બોમ્બે કો. ક. કંપનીને કોન્ટ્રાકટ આપવાની પહેલેથી ગોઠવણ થઇ હતી. કામ મોટું હોવાથી નિયમની ખાતર ટેન્ડરો માગવાની જરૂર હતી, અને માગવામાં આવ્યાં. બોમ્બે કો. ક. કંપની મળી ૯-૧૦ જણાઓએ ટેન્ડરો મોકલ્યાં. ભાવમાં બોમ્બે કંપનીનું ટેન્ડર ચોથું હતું અને તેની અને ગાયાના સૌથી નીચા ટેન્ડર વચ્ચે રૂ. ૧૩૦૦૦નો ફેર હતો. સૌથી નીચું ટેન્ડર સ્વીકારવાનો જાહેર બાંધકામનો કાનુન પાળવામાં આવ્યો હોત તો ૧૦ાા લાખ રૂપીઆ એકજ કામમાં બચત.

એ યાદ રાખવું જોઇએ કે લાયકાત અને શકિતની ખાત્રી કર્યા પછીજ અમલદારોએ ટેન્ડર ફોર્મ મોકલ્યાં હતાં એટલે ટેન્ડર સ્વીકારવાનું છેવટનું ધોરણ ભાવનુંજ હોવું જોઇએ. છતાં ઉંચા ભાવનું ટેન્ડર સ્વીકારી ખાતાને ખોટમાં ઉતારવા માટે કાંઇજ બહાનું ન હોઇ શકે. ફરિઆદી કબુલ કરે છે કે ગાયાનું ટેન્ડર તે આવડા મોટા કામને પહોંચી વળી નહિં શકે એ કારણે નામંજુર કરવામાં આવ્યું હતું. જો એમ જાણવામાં હતું તો શા માટે તેને ટેન્ડર ભરવા દેવામાં આવ્યું? ટેન્ડરો ૨૫, ૫૦ અને ૮૦ ચાલો માટે હતાં તો તેને તેની શકિત પ્રમાણેની ચાલો

માટે ટેન્ડર ભરવા દેવું જોઇતું હતું. પરંતુ આ આર્થિક અશક્તિની દલીલ પાછળથી ઉપજાવી કાઢેલી છે. વળી છોટાણીનું ટેન્ડર બોમ્બે કંપની કરતાં ચાલી દીઠ રૂ. ૯૦૦૦ ઓછું હતું. ને ખીલવણી ખાતાનું કામ કરતો હતો. તેની કે રાયબહાદુર નારણસીંગની સામે નાણાંની મુશ્કેલીનું કારણ પણ બતાવી શકાય તેમ નથી કેમકે તે તો સદ્ધર આસામીઓ છે.

"અનુભવ હોય કે નહિં, મને તે સારો લાગ્યો."

બીજો મુદ્દો આપ નામદારે ધ્યાનમાં રાખવાનો એ છે કે ૧૯૨૧ માં નાયગામ પ્લોટ "એ" ની ૧૦ ચાલીઓ માટે બોમ્બે કંપનીએ ટેન્ડર ભર્યું હતું અને ટેન્ડર મેળવનાર ઇન્ડીયન કન્સ્ટ્રકશન કંપની કરતાં તેનો ભાવ રૂ. ૩૦૦૦ ઓછો હતો, છતાં તેનું ટેન્ડર ન સ્વીકાર્યું કેમકે તે વખતે મેજર પારસેલ તેની સાથે જોડાયો નહોતો. અને પહેલાંના કરતાં ઉંચા ભાવનું થોડા મહીના પછીનું ટેન્ડર સ્વીકારાયું કેમકે મેજર પારસેલ જોડાયો હતો. ફરિઆદીને પૂછતાં તે કહે છે કે "મેજર પારસેલના અનુભવ કે લાયકાતથી બોમ્બે કંપનીને કોન્ટ્રાકટ આપવા હું નહોતો દોરવાયો, જો કે એ એક કારણ હતું." લશ્કરી નોકરીમાં તેણે બાંધકામનો અનુભવ મેળવ્યો હોય એ વાત નહિં માનવા જેવી છે અને કાગળમાં કબુલ કરવામાં આવ્યું છે કે તેને બાંધકામનો કશો અનુભવ નહોતો. એટલે મેજર પારસેલના અંગત કારણેજ વરલીનું કામ તેને સોંપાયું હતું એમાં શંકાજ નથી. વળી ફરિઆદી કબુલ કરે છે કે "અનુભવ હોય કે નહિં, મને તે સારો લાગ્યો."

સારી ડીઝાઇનનું બહાનું.

ગમે તે ભોગે મેજર પારસેલને મોટું કામ આપવાની ફરિઆદીની વલણનો એક વધુ દાખલો આપીશ. નીચાં ટેન્ડરો છોડીને મેજર પારસેલનું ટેન્ડર સ્વીકારવા માટે એવું બહાનું બતાવવામાં આવે છે કે તેણે ખીલવણી ખાતાની ડીઝાઇન કરતાં સારી ડીઝાઇન રજુ કરી હતી. હકિકતો અને સંજોગો જોતાં આ મેજર પારસેલ પર મહેરબાની કરવાનું બહાનું માત્ર છે એમ કહેતાં મને જરા પણ સંકોચ નથી થતો. મી. હમીદ પોતાની ઉલટપાલટ તપાસમાં કહે છે કે "ખીલવણી ખાતાએ સંખ્યાબંધ ચાલો બાંધ્યા પછી અને તેમાં જણાયેલી મુશ્કેલીએનો ઉપાય કર્યા પછી, પ્રજાના કેટલાક સભ્યોને સુચના કરવા બોલાવીને ભારે ખર્ચ અને અખતરાઓ પછી, ખીલવણી ખાતાની ડીઝાઇન નક્કી કરવામાં આવી હતી."

જુદી ડીઝાઇન માટે કડક શરત.

૧૯૨૧ માં ખીલવણી ખાતાએ બાંધેલી નમુનારૂપ ચાલી તે વખતના ગવરનરે ભારે ભપકાથી ખુલ્લી મૂકી હતી અને પ્રજાના કેટલાક સભ્યોને ચાલી જોવા બોલાવ્યા હતા. આ પછી એ ચાલી નમુના તરીકે ઠરાવી તે ડીઝાઇન ટેન્ડરો માટે મુકરર કરવામાં આવી હતી. મી. પારસેલના કોન્ટ્રાકટ સિવાયની બધી ચાલીઓ એ ડીઝાઇન પ્રમાણે બાંધવામાં આવી હતી.

મી. કારવેલો કે જેનાં ફરિઆદીએ ભારે વખાણ કર્યાં છે અને જેની તે ડીઝાઇન વિગેરેમાં સલાહ લેતો એમ તે કબુલ કરે છે, તેણે પણ શીવરી ખાતે એજ ડીઝાઇન પ્રમાણે ચાલો બાંધી હતી. મેજર

પારસેલનેજ તેની પોતાની ડીઝાઇન પ્રમાણે કામ કરવા દેવામાં આવ્યુ હતું. કોન્ટ્રાકટની શરતોમાં ત્રીજી શરત ૨૫૮ છે કે—

"જો કોઇ કોન્ટ્રાકટરને બાંધકામની મજબુતાઇ ન ઘટે અને ખર્ચ ઓછું થાય તેવી ડીઝાઇન રજુ કરવી હોય તો તેને તેમ કરવાની છુટ છે, પરંતુ ઓરડાના માપ અને બહારના દેખાવમાં મોટો ફેર પડવો ન જોઇએ."

કાયદાની શરતોનો ભંગ.

આમાં ત્રણ શરતો છે: કામની મજબુતી ઘટવી ન જોઇએ, અને ખર્ચ ઘટવું જોઇએ અને ઓરડા નાના ન થવા જોઇએ. મેજર પારસેલની ડીઝાઇનમાં આ ત્રણે શરતો નિષ્ફળ જાય છે. ઉલટુ પુરવાર કરી શકાય તેમ છે કે તેમાં કામની મજબુતી ઓછી છે ઓરડા નાના થયા છે અને ખર્ચ વધ્યું છે. મી. હમીદની ઉલટપાલટ તપાસ, પ્લાનોની સરખામણી અને મી. ગયા અને બીજાઓની જુની ડીઝાઇન ભાવોના સરખામણી પરથી પુરવાર થયું છે કે મી પારસેલની ડીઝાઇનનું ખર્ચ વધ્યું છે. કામના મજબુતી માટે તો મેજર પારસેલે બાંધેલી ચાલીઓ મોજુદ છે. અને કોઇ પણ તટસ્થ ઇજનેર જોઇને કહી શકશે કે તેની મજબુતી કમી છે.

મેજર પારસેલની ડીઝાઇનના ત્રણ લાભો પુરવાર કરવાનું ફરિ આદીને માથે છે અને તેમાં તે નિષ્ફળ ગયો છે. ઉલટું મેં પુરવાર કરી આપ્યું છે કે ખર્ચ અને ઓરડાના માપના સંબંધમાં ફરિઆદીનુ બહાનું ખોટું છે.

ખોટા ખુલાસા.

ફરિઆદીની વાતો જુદી હોવાના વધુ પુરાવા આપનાં પહેલાં

તેનાં કૃત્યો માટે તેનો હેતુ અપ્રમાણિક હતો કે માત્ર ભૂલો અને અકસ્માત હતો તેનો નિર્ણય કરવામાં આપ નામદારે એ વાત ધ્યાનમાં લેવાની છે કે ફરિઆદી ભૂલ થવાનું કે અકસ્માત હોવાનું જણાવવાને બદલે ખોટા ખુલાસા રજુ કરે છે કે જે તપાસમાં જુઠા ઠર્યા છે. જો તેનો હેતુ અપ્રમાણિક નહોતો તો તેણે સોગંદ ઉપર એવી વાતો ન કરી હોત કે જે તદ્દન જુઠ્ઠી પુરવાર થઇ છે.

જુઠાણાના પુરાવા.

હવે મેજર પારસેલની ડીઝાઇનના ખુલાસાના જુઠાપણાના પુરાવા આપીશ. મી. હમીદે જુના અને નવા પ્લાનોની માપણી કરીને જણાવ્યું છે કે "ખાતાની ડીઝાઇન પ્રમાણે દરેક માળનો વિસ્તાર ૫૩૪૬ ચોરસ ફીટ છે, જ્યારે બોમ્બે કો. ક. કંપનીની ડીઝાઇન પ્રમાણે ૫૦૨૭ એટલે કે ૩૧૯ ચોરસ ફીટ ઓછો છે. ચાલીનો ભાગ અમારા કરતાં ૩" સાંકડો છે અને ઓરડાની પહોળાઈ તેમજ લંબાઇ ૬" કમી છે. પ્લાનો ઉપરથી બાંધકામની મજબુતી પણ નથી જણાતી." જુબાની પ્રમાણે આખી ચાલીનો કુલ વિસ્તાર ૧૨૭૬ ચોરસ ફીટ કમી છે અને તેના પ્રમાણમાં ખર્ચ કમી થવું જોઇએ. પ્લાનો ઉપરથી બાંધકામની મજબુતીનો પ્રશ્ન પુરવાર કરવા દેવા સામે વાંધો લેવામાં આવ્યો હતો અને મને રોકવામાં આવ્યો હતો. જાહેર ખબરમાં બીજી ડીઝાઇનની વાતજ નથી. તેમાં તો ખીલવણી ખાતાની ડીઝાઇનનીજ વાત હતી અને ટેન્ડર ભરનારાઓને તે રૂ. ૨૫૦ લઇને આપવામાં આવતી. જાહેર ખબરમાં ચોકખું જણાવેલું હતું કે "પંસદ કરેલા અનુભવી અને લાયક કોન્ટ્રાકટરોનેજ ટેન્ડરનાં ફોર્મ આપવામાં આવશે.

દેખરેખ રાખનાર ઇજનેરનેજ અરજી કરવાની હતી. હમીદ કહે છે કે, "માત્ર બોમ્બે કો. ક. કંપનીએજ બીજી ડીઝ રજુ કરી હતી અને દેખરેખ રાખનારને તે ડીઝાઇન ખાતાની ડીઝ કરતાં સારી લાગી તેથી તે સ્વીકારવામાં આવી. હું પોતે તો અ ડીઝાઇનની તરફેણમાંજ હતો કેમકે તે ઘણા અનુભવ પછી ન કરેલી હતી." આ બીજી ડીઝાઈનનો ભાવ ૧૦॥ લાખ રૂપીયા વ હતો, જ્યારે તેનો વિસ્તાર કમી હતો અને ભાડુતોની સગવડમાં તેમાં કાંઇ ફેરફાર નહોતો. ફરિઆદી પોતે કબુલ કરે છે કે " ડીઝાઇન ખીલવણી ખાતાએ નકકી કરી હતી. બોમ્બે કો. ક. કંપ ટેન્ડર ભાવમાં ચોથું હતું. જુની ડીઝાઇન સરકારે મંજુર કરેલી તે મી. હમીદે તૈયાર કરી હતી અને આ ૮૦ ચાલો સિવાયની એ પ્રમાણેજ બાંધવામાં આવી હતી." વળી તે કબુલ કરે છે મી. હમીદે પુરવાર કર્યું છે કે "જુની ડીઝાઇનની કેટલીક ચાલ સગવડ વધારે હતી. એકંદર જુની ડીઝાઇનનો વિસ્તાર વધુ અને નવીનો કમી હતો, જ્યારે હવા ઉજાસની સગવડો સરખ હતી. ફેર માત્ર બાંધવાની ઢબનો હતો." અનુભવી ઇજનેરો નામદારને બતાવી આપશે કે એ નવી ઢબ નિષ્ફળ ગયેલી પુર થયેલી છે. આપ નામદારની ધ્યાન પર હું એ મુદ્દો લાવવા મ છું કે નવી ડીઝાઈન વિસ્તાર, ખર્ચ અને મજબુતિમાં કોન્ટ્રાકટની શરતે ઉલટી હતી અને તેનું ખર્ચ રૂ. ૧૦॥ લાખ વધુ હતું કે જેનો બે ગરીબ ભાડુતો પર પડવાનો હતો, તો પછી ફરીઆદીએ નકકી કરે સરકારે મંજુર કરેલી અને પ્રજાએ સ્વીકારેલી ડીઝાઇન શા ફેરવવા દેવામાં આવી?

નવી ડીઝાઈનનું બહાનું.

આ કેસમાં પુરવાર થયેલા સંજોગો અને હકિકતો જોતાં એકજ ખુલાસો થઇ શકે કે નીચાં ટેન્ડરો નામંજુર કરવાનું બહાનું બતાવવા અને મેજર પારસેલ પર મહેરબાની કરવા માટેજ ડીઝાઇન ફેરવવા દેવામાં આવી હતી. મી. હારવે અને મેજર પારસેલ વચ્ચે અગાઉથી કાંઇક ગોઠવણ થઇ અને તે પ્રમાણે મોટું કામ તેને સોંપાયું હતું, તેવી માન્યતા માટેના સંજોગો મેં બતાવી આપ્યા છે. આ ઉપરાંત કંપની ઉપર ઘણી ખુલ્લી મહેરબાનીઓ કરવાના પણ ઘણા દાખલા મળે છે. નીચેના ઇજનેરોના વિરોધ છતાં કંપનીને વધારે નાણાં આપવામાં આવતાં હતાં અને બીજા કોન્ટ્રાકટરોને એવાજ કામ માટે આપવામાં આવતા ભાવ કરતાં કંપનીને વધુ ભાવ આપવામાં આવતો હતો. આ કેસમાં લાગેલો વખત અને અમુક મુદતમાં તે પુરી કરવાની આપે દર્શાવેલી ઇચ્છાને લીધે આવા ખુલ્લા પક્ષપાતના બધા દાખલામાં ઉતરવાનું શકય નથી છતાં કેસમાં રજુ થયેલા થોડા દાખલા આપીશ.

ખાનગી ગોઠવણોના દાખલા.

મી. હારવે અને મી. પારસેલ વચ્ચે કાંઇ સમજુતી હતી તે વાતને ફરિઆદ પક્ષનાજ સાક્ષી મી. મારકરની જુબાની પરથી ટેકો મળે છે. તેના કહેવા પ્રમાણે મેજર પારસેલ બોમ્બે કંપનીમાં જોડાયા પહેલાં ચાર પાંચ મહીના અગાઉ તેને મળ્યો હતો. કોન્ટ્રાકટ માટે રૂ. ૩ લાખની જરૂર જણાવી હતી. ફરી એજ પ્રશ્ન ઉઠે છે કે ૮૦ ચાલો માટે કેટલી રકમ જોઇશે તેની કોન્ટ્રાકટ મળ્યા પહેલાં ૫-૬ મહીના પહેલાં કયાંથી

ખબર પડી ! વળી તેને ૨૫ કે ૫૦ નહિં પણ ૮૦ ચાલીનું કામ મળશે એ પણ તેણે કયાંથી જાણ્યું ? બોમ્બે કંપની સાથેના કરાર અને બીજી તૈયારીઓ બતાવે છે કે કોન્ટ્રાક્ટ મળવાની તેને ખાત્રી આપવામાં આવી હતી અને તેથીજ તેણે તૈયારીઓ કરી હતી.

હવે હું બોમ્બે કંપની પર કરવામાં આવેલી ખાસ મહેરબાનીના દાખલા આપીશ:

૧. મી. ગાયાના સાથી નીચાં ટેન્ડર કરતાં ૧૦॥ લાખ અને અને મી. છોટાણી અને સરદાર નારણસીંગ કરતાં ૧૦ લાખ રૂપીયા બોમ્બે કંપનીને વધારે આપવામાં આવ્યા હતા.

સેનીટરી કામનો અસાધારણ ભાવ.

૨ બધી ચાલીમાં સેનીટરી ફીટીંગો ખીલવણી ખાતાની ડીઝાઇન પ્રમાણે હતાં અને બધા કોન્ટ્રાકટરોએ એ કામનો ગગરાટ મારકરને પેટા કોન્ટ્રાક્ટ આપ્યા હતા. બધી ચાલીનું સેનીટરી કામ સરખુંજ હોઇને જુદા જુદા કોન્ટ્રાકટરોને જુદા ભાવ આપવા માટે જુદી ડીઝાઇનનું બહાનું ચાલી શકે તેમ નથી. તેમ છતાં આપ નામદાર કાગળો ઉપરથી જોઇ શકશો કે એ કામ માટે પણ બોમ્બે કંપનીને ઉંચા ભાવ આપવામાં આવ્યા છે મી. મારકરે એ કામ કરેલું હોઇને તે વધારે વિશ્વાસપાત્ર માહિતી આપી શકે. બોમ્બે કંપનીને સેનીટરી કોન્ટ્રાકટ ચાલી દીઠ રૂ ૧૩૦૦૦ માં મળ્યો હતો. કંપનીએ રૂ. ૫૦૮-૬૦૦નું કડીયા કામ કરી સેનીટરી કામનો ગગરાટ મારકરને રૂ. ૧૦,૫૦૦માં કોન્ટ્રાકટ આપ્યો. આમ કંપનીએ ચાલી દીઠ

રૂ. ૨૦૦૦ એટલે કુલ રૂ. ૧,૬૦,૦૦૦ માત્ર પેટા કોન્ટ્રાકટ આપવામાંજ મેળવ્યા. ખીલવણી ખાતું પોતે એ કોન્ટ્રાકટો આપીને આવડી મોટી રકમ બચાવી શકત. ફરિઆદી કહે છે કે "કોન્ટ્રાકટો આપીને એવી શરતે આપવામાં આવતા કે કોન્ટ્રાકટરોજ બધું કામ કરે." આમ છતાં પેટા કોન્ટ્રાકટો આપવા દેવામાં આવ્યા હતા. વળી બીજા કોન્ટ્રાકટરોને આપેલા ભાવો આપ નામદાર જોશો તો ગયા કંપનીને સેનીટરી કામના ચાલી દીઠ રૂ. ૫,૫૦૦ આપવામાં આવ્યા છે. તેઓએ પણ એ કામ ગગરાટ મારકરને રૂ. ૪૦૦૦ થી આપ્યું હતું. ફરિઆદી પોતે કબુલ કરે છે કે બધા કોન્ટ્રાકટરોનું કામ એકસરખું હતું પરંતુ ભાવ સરખા નહોતા.

મને મળેલી ખબર પ્રમાણે સેનીટરી ફીટીંગ માટે ખીલવણી ખાતાએ ચાલી દીઠ રૂ. ૭૪૦૦ અને બીજું ખર્ચ મળી કુલ રૂ. ૧૦૦૦૦ નો અડસટ્ટો બાંધ્યો હતો. મી. કારવેલો જેવા માનીતા કોન્ટ્રાકટરને રૂ. ૯૯૦૦ જેટલો ઉંચો ભાવ આંપવામાં આવ્યો હતો, પરંતુ રૂ. ૧૩૦૦૦ જેટલો ઉંચો ભાવ બોમ્બે કંપની સિવાય કોઇને આપવામાં આવ્યો નહોતો. ખીલવણી ખાતાની ડીઝાઇન પ્રમાણેજ એક જાતના કામ માટે ભાવમાં આવા જંગી તફાવતનું કારણ સમજવું મુશ્કેલ છે.

કામ પુરૂં થયા પછી દરેક ઓરડામાં નહાણી બાંધવાનું ઠરાવવામાં આવ્યું. આ કામ પણ બધી ચાલીઓમાં સરખું હોવા છતાં બોમ્બે કંપનીને ગયા, છોટાણી અને બીજા કોન્ટ્રાકટરો કરતાં ઉંચો ભાવ આપવામાં આવ્યો હતો.

નહિં થયેલા કામના પણ પૈસા.

૩૦ બારીઓ પણ બધી ચાલીઓમાં એક સરખા માપની બાંધ-

વાની હતી, છતાં બોમ્બે કંપનીને ૫ ફીટના રૂ. ૫૮ અને ૩ ફીટના રૂ. ૩૦ જેટલો ઉંચો ભાવ આપવામાં આવ્યો હતો એટલુંજ નહિં પણ બારીઓનું માપ લઈ, બીલ કરનાર ઈજનેરોના સખ્ત વિરોધ છતાં બોમ્બે કંપનીને એ માપથી થતા હિસાબ કરતાં વધારે નાણાં આપવામાં આવ્યાં હતાં. દરેક ચાલીના ઉપલા માળની બારીઓ છાપરાને લીધે નાની હતી. બીજા કોન્ટ્રાકટરોનો હિસાબ નાની બારીઓની ગણત્રી કરી એટલો કમી કરવામાં આવતો. કામચલાઉ કારોબારી ઇજનેરે બોમ્બે કંપનીની બારીઓનું માપ લઇ છાપરાની નાની બારી દીઠ રૂ. ૧૭–૧૧–૦ કાપવાનું જણાવ્યું. આમ છતાં બોમ્બે કંપનીને પુરોજ ભાવ આપવામાં આવ્યો એટલે કે ૮૦ ચાલીઓની છાપરાની ૧૬૦૦ બારીઓના લગભગ ૩૦ હજાર રૂપીઆ વધારે આપવામાં આવ્યા. બોમ્બે કંપનીના કોન્ટ્રાકટનો ભાવ બીજાઓ કરતાં વધારે હતો અને તે ઉપરાંત આ રૂ. ૩૦ હજાર વધારે જવાબદાર ઇજનેરના વિરોધ અને માલના ખુલ્લા આંકડા છતાં આપવામાં આવ્યા હતા.

માલ પુરો પાડવામાં પણ પક્ષપાત.

૪. ખીલવણી ખાતા તરફથી પુરા પાડવામાં આવતા માલના પણ બોમ્બે કંપની પાસેથી ઓછા ભાવ લેવાની ખાસ મહેરબાની કરવામાં આવી હતી. તેના એક બે દાખલા ખુલ્લા થયેલા કાગળો ઉપરથીજ રજુ કરીશ. મી. કોલાબાવાલા જણાવે છે કે બીજા કોન્ટ્રાકટરો પાસેથી ૧૦૦૦ ઇંટના રૂા. ૩૫ લેવામાં આવતા અને ૦–૪–૦ ટાટા કંપનીને વરલી સુધીની હેલના આપવામાં આવતા, પરંતુ બોમ્બે કંપની પાસેથી રૂા. ૨ ઓછા લેવામાં આવ્યા હતા.

મી. કોલાબાવાલા પોતાની તા. ૧૩-૮-૨૮ની યાદીમાં જણાવે છે કે "મેજર પારસેલ સાથેની વાતચીત પરથી જણાય છે કે વરલી ખાતે રૂ. ૩૩ના ભાવે ઇંટો વેગનમાં લઇ જવા દેવાનું તમે કબુલ કર્યું છે. જો એમ હોય તો મહેરબાની કરીને મને તે હુકમની નકલ પુરી પુરી પાડશો. હાલનો ઓફીસ ભાવ રૂ. ૩૫ હજાર ઇંટના અને વરલીની હેલના તાતાને ૦-૪-૦ છે. સહી. કોલાબાવાલા." આ યાદી ફાઇલમાં છે. કોન્ટ્રાકટરો માટે સત્તાવાર નકકી થયેલા ભાવમાં પણ ફરિઆદીએ છુટછાટ મૂકી છે અને મી. કોલાબાવાલાએ સ્વાભાવિક રીતેજ પોતાની સલામતિ માટે લેખિત હુકમ માગ્યો છે.

ખોટું વળતર.

૫. ફરિઆદીએજ જણાવેલો બીજો દાખલો ૧૭-૧૮ ગેજના ગાલવેનાઈઝ તારનો છે. તેનો બજાર ભાવ ટનના રૂ. ૩૭૫ છે અને બોમ્બે કંપનીને એ ભાવે ૧૨ ગેજના તાર પુરા પાડવામાં આવ્યા હતા. બોમ્બે કંપની સાથેનો હિસાબ પણ એજ ભાવે નકકી કરવામાં આવ્યો હતો. પરંતુ એ ભાવ આપ્યા પછી લાંબે વખતે તેઓએ દાવો કર્યો કે તેઓએ ગેરસમજથી એ ભાવ આપ્યો હતો. તેમની પાસેથી લોખંડના સળીયાના ભાવે એટલે કે રૂ. ૨૦૦ ના ભાવે તાર પુરા પાડવા જોઇતા હતા, અને એ હિસાબે તેઓએ વળતર માગ્યું. હિસાબો પતી ગયા પછી મહીનાઓ પછી આ દાવો હાંસીપાત્ર હતો. વળી બજાર ભાવ પણ રૂ. ૩૭૫ હતો. જવાબદારી કે જાહેર નાણાંની કાળજી ધરાવનાર કોઇ પણ અમલદાર આવો દાવો કબુલ રાખે નહિં. પરંતુ ફરિઆદીએ આખો દાવો મંજુર રાખ્યો અને તે પ્રમાણે ટન દીઠ

રૂા. ૧૭૫ નું વળતર બોમ્બે કંપનીને આપ્યું. ફરિઆદી કહે છે કે "૧૭ –૧૮ ગેજના તાર રૂા. ૩૭૫ અને ૩૨૫ના ભાવે પુરા પાડતા. ૧૨ ગેજના તાર માટે બોમ્બે કંપની સાથે વાંધો જાગ્યો કેમકે ઇન્ડીયા ઓફીસે તે તારને સળીયાના વર્ગમાં ગણ્યો હતો. ઘણા વખત સુધી ૧૨ ગેજના તારના બીલ રૂ. ૩૭૫ના ભાવે કરવામાં આવ્યાં. છેવટનો હિસાબ કરતી વખતે તેઓએ રૂ. ૨૦૦નો ભાવ ઉધારવાનો દાવો કર્યો. કામ અડધું થયા પછી દાવો રજુ કરવામાં આવ્યો હતો. મેં ઇન્ડીયા ઓફિસના વર્ગીકરણ સાથે આ હકિકત સરકારને જણાવી અને સરકારે દાવો મંજુર કર્યો. તેઓને રૂ. ૧૭૫નું વળતર મળ્યું. કોઇ કંટ્રાકટરને આ માપના તાર પુરા પાડવામાં આવ્યા નહોતા. તેઓને જોઇતા હોત તો રૂ. ૩૭૫ કે ૩૨૫ ના ભાવેજ પુરા પાડવામાં આવત." ઇન્ડીયા ઓફિસનું વર્ગીકરણ રજુ કરવામાં આવતુંજ નથી કેમકે તો તો રૂ. ૩૭૫ કે ૩૨૫ની કિંમતનો માલ રૂ. ૨૦૦ ના ભાવે પુરો પાડવાના ઇન્ડીઆ ઓફિસના હુકમની વાતને ટેકો નજ મળે. ખીલવણી ખાતાના ભાવો બજારભાવ કરતાં સહેજ ઉંચાજ નક્કી કરવામાં આવે છે, છતાં આ બાબતમાં ભાવ ઓછા ઠરાવવામાં આવ્યા છે એટલુંજ. પરંતુ અડધું કામ થઇ ગયા પછી વળતર મજરે આપવામાં આવ્યું છે.

નકામા કચરાની ખરીદી.

એજ પ્રમાણે ચાલીઓ બંધાઇ રહ્યા પછી વધેલા સીમેન્ટના ભાંગેલા ટુકડાની બોમ્બે કંપનીને મોટી રકમ આપવામાં આવી છે. નિયમ પ્રમાણે કામ પુરૂં થયા પછી ભાંગેલા ટુકડા, સીમેન્ટ વિગેરે કોન્ટ્રાકટરોએ પોતાને ખર્ચે ખસેડવાનું હોય છે. પરંતુ બોમ્બે કંપનીએ એમ ન કર્યું એટ-

લુંજ નહિ પણ એ ભાંગેલા ટુકડા વેચવા કાઢયા અને કારોબારી એજનેરના વિરોધ છતાં મી. હારવેએ તે ખરીદવા કબુલ કર્યું. વળી હિસાબ કરતી વખતે બોમ્બે કંપનીએ બાંધેલી ચાલોનાજ નહિં, પણ ખાતાએ અને ગયા કંપનીએ બાંધેલી ચાલોના ટુકડા પણ બોમ્બે કંપનીના હિસાબમાં ગણવામાં આવ્યા, જો કે એ માલ એ કંપનીનો નથી એમ ફરિઆદીને જણાવવામાં આવ્યું હતું. બોમ્બે કંપની, ફેરો કંપની અને મી. કારવેલોની કંપનીનેજ આ ખાસ લાભ આપવામાં આવ્યો હતો, જ્યારે બીજા કોન્ટ્રાકટરોને પોતાનો માલ ઉપાડી જવો પડયો હતો.

વિલાયત મોકલાયેલા ૧ લાખ રૂપીયા.

મેજર પારસેલ અને મી. મારકર વચ્ચેની આર્થિક ગોઠવણ દેખાવમાં તો વેપારી ગોઠવણ જેવી છે, પરંતુ આગળ પાછળના સંજોગ જોતાં તેની પાછળ કંઈક જુદીજ ગોઠવણ જેવી જણાય છે. બોમ્બે કંપની સાથે મેજર પારસેલનો કરાર એવો હતો કે તે કાંઈ મુડી ન રોકે. તેને દર મહીને રૂ. ૨૦૦૦ તથા નફામાં હિસ્સો મળે. આ કરાર બતાવે છે કે મેજર પારસેલને કોન્ટ્રાકટ મળવાની પૂરી ખાત્રી હતી, નહિં તો એક અજાણ્યા માણસને કોઈ કંપની આવી સરસ શરતે ન રાખે. આ સધ્ધર સંજોગો જોતાં મેજર પારસેલને રોકડા ૧ લાખ રૂપીયા જેવડી જંગી રકમની તરતમાં જરૂર ન હોય છતાં મી. મારકર સાથેની ગોઠવણ એવી હતી કે મેજર પારસેલ અને મી. હારવે વીલાયતમાં હોય તેટલા વખતમાં તેણે એવડી મોટી રકમ વિલાયત મોકલી આપવી. પહેલા રૂ. ૩૦ હજાર તા. ૧૫-૧-૨૩ અને બાકીના

દર મહીને રૂા. ૧૦ હજારના હફ્તાથી આપવા મેજર પારસેલની રજા તા. ૧-૪-૨૩થી ચાર મહીનાની હતી અને મી. હારવે પણ ૧૯૨૩ના એપ્રીલ-મેમાં જવાનો હતો. લોઇડ બેંકમાં મેજર પારસેલના ખાતામાં તા. ૨૨-૫-૨૩ને રોજ સ્ટીમર ભાડાના રૂા. ૨૩૬૧ ઉધારેલા છે. એજ બેંકના તેના ખાતામાંથી મી. મારકરે ભરેલા રૂપીયામાંથી મેજર પારસેલના જવા પહેલાં થોડા દિવસે એટલે તા. ૧૬-૪-૨૩ ને દિવસે રૂ. ૪૦ હજાર અને તે પછી રૂ. ૩૪,૬૬૦ અને રૂ. ૪૬૩૭ હુંડી અને શેરના દલાલ પરભુદાસ જીવણદાસને વિલાયત મોકલવા માટે અપાયા છે. તા. ૧૭-૫-૨૩ ને રોજ રૂ. ૧૪,૯૪૧ એચ. એસ. કીંગ કંપની મારફત વિલાયત મોકલવામાં આવ્યા છે. તે પછી તેની સુચનાથી રૂ. ૧૦ હજાર તા. ૮-૬-૨૩ અને રૂ. ૧૦ હજાર તા. ૨૦-૭-૨૩ ને દિવસે વિલાયત મોકલવામાં આવ્યા છે તેમજ મી. પારસેલના મિત્ર અને લોઇડ બેંકના મદદનીશ મી. ન્યુમેન મારફત કેટલાએક અપાયા છે. ટુંકામાં મેજર પારસેલ અને મી. હારવે વિલાયત હતા તેટલામાં ૧ લાખ રૂપીયા ત્યાં પહોંચી ગયા છે. •

મેજર પારસેલે આ લાખ રૂપીયાનું શું કર્યું તે પકડાઈ ન જાય તે માટે આ માર્ગ ગ્રહણ કરવામાં આવ્યો છે કેમકે મી. પારસેલ એ નાણાં હિંદમાં કોઇને આપે તો વાત પકડાઇ જાય એ ખુલ્લું છે. ૧૯૨૩ માં મેજર પારસેલને આ લાખ રૂપીયા કોઇને આપવા માટે જોઇતા હતા. ૧૯૨૪ની શરૂઆતમાં તેને બોમ્બે કંપની તરફથી રૂ. ૧॥ લાખ મળવાના હતા.

•રૂ. ૧ લાખના બદલામાં રૂ. ૨,૩૮,૦૦૦

હવે મી. મારકર સાથેની અસાધારણ ગોઠવણ તપાસીએ તો

૧૯૨૩માં આ લાખ રૂપીયા ધીરવાના બદલામાં તેને ૧૯૨૪–૨૫માં દશ મહીનામા રૂા. ૨,૩૮,૦૦૦ મળ્યા. તેની સાથેના કરાર મુજબ એંગ્લો કંપની વાર્ષિક હિસાબ કરે ત્યારે મેજર પારસેલના નફાના હિસ્સામાંથી મી. મારકરને અડધો ભાગ મળવાનો હતો. છતાં તેને તા. ૪–૩–૨૪ ને દિવસે રૂ. ૭૮,૧૮૮–૧૨–૫, તા. ૯–૧૦-૨૪ ને દિવસે રૂ. ૫૯,૬૬૭, તા. ૯–૧૨ ૨૪ ને દિવસે રૂ. ૪૭,૭૨૧, અને તા. ૪-૧–૨૫ ને દિવસે રૂ. ૩૦,૦૦૦ મળી દશ મહીનામાં રૂ. ૨,૩૮,૦૦૦ આપવામાં આવ્યા છે. જો કે એમ્બ્લો કંપનીએ ૧૯૨૬ના ફેબ્રુઆરી સુધી નફો વહેંચ્યો છતાં ઉપરની રકમ દશ મહીનામાંજ અપાઇ ગઈ. હવે જો મી. મારકર સાથેનો કરાર ખરો હોત તો તેને દશ મહીનામાં રૂ. ૨,૩૮,૦૦૦ ન મળત પણ છેવટ સુધી મેજર પારસેલના નફામાંથી અડધો ભાગ મળ્યા કરત, પરંતુ તેમ થયું નથી. વળી મી. મારકર ઉપર ઉપકાર કરવાનીજ વાત હોત તો તેને એમ્બ્લો કંપનીના ભાગીદાર તરીકે પણ દાખલ કરી શકાત. મેજર પારસેલ પાસેથી મળેલાં નાણાંનું મી. મારકરે શું કર્યું તે સવાલ મને પૂછવા દેવામાં આવ્યો નથી. મી. મારકરે એ પૈસાનું શું કર્યું તેની તપાસ કરવામાં આવી હોત તો પુરવાર થએલી હકિકતો ઉપરથી બરાબર પુરવાર થાત કે તેનું તો માત્ર નામજ હતું અને રૂ. ૨,૩૮,૦૦૦ની આખી રકમ તેણે પોતાને માટે રાખી નથી

ખરાબ કામ માટે સારા કામનાં નાણાં.

ગગરાટ મારકર કંપનીને ખીલવણી ખાતા તરફથી મળેલા કામ ઉપરાંત ૨૦૭ ચાલીઓમાંથી ૧૬૯ ચાલીઓનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો.

મને રજા આપવામાં આવે તો હું પુરવાર કરી શકીશ કે તેઓએ મુકરર ધોરણ કરતાં હલકો માલ પુરો પાડવા અને હલકું કા કરવા છતાં ઉંચા ધોરણના માલ અને કામ પ્રમાણે તેઓને નાણ આપવામાં આવ્યાં હતાં. મી. મારકરે પણ કબુલ કર્યું છે કે નળો તેમનું ટેન્ડર માર્શલેન્ડ પ્રાઇસ કરતાં ઉંચુ હોવા છતાં ફરિઆદીએ તે મંજુર કર્યું હતું. આ બધી મહેરબાની શા માટે? મી. મા કરને પૂછવામાં આવ્યું કે મેજર પારસેલને એવી મોટી રકમ શ માટે જોઇતી હતી? ત્યારે તેણે જવાબ આપ્યો કે તેનો જવા મેજર પારસેલ આપશે. આવા સંજોગામાં કામ શરૂ થયા પ મેજર પારસેલ અને મી. હારવેના ઇંગ્લાન્ડમાંના નાણાંવહીવટ તપાસની મારી માગણી વ્યાજબી છે.

મી. હારવેની ગેરહાજરીમાં ગડબડ.

મેજર પારસેલ અને મી. હારવે ઇંગ્લાન્ડમાં હતા ત્યારે મ હમીદ કામચલાઉ દેખરેખ રાખનાર ઇજનેર હતો. તેને અને તે માણસોને ઉપરની ગોઠવણની ખબર પડી કે જેમાં તેમને બાત રાખવામાં આવ્યા હતા; ત્યારે તેઓએ વાંધો ઉઠાવ્યો અને ફરિઆદીન કબુલ કરવા પ્રમાણે મેજર પારસેલના માણસ અને અમલદારે વચ્ચે મુસ્કેલી ઉભી થઇ. મી. હમીદે મેજર પારસેલના કામ સાં રીપોર્ટ કર્યો અને તે કાર્યક્રમ પ્રમાણે નહિં હોવાના કારણે કોન્ટ્રાક રદ કરવા ભલામણ કરી. મેજર પારસેલને તારથી ખબર આપવામ આવી. તેણે તારથી વિનંતિ કરી કે તેના આવતાં સુધી કાંઇ પગલ ન લેવાં. તે અને તેના પછી મી. હારવે દોડી આવ્યા. મુસ્કેલી પત

ગઇ અને મી. હમીદની ભલામણ પ્રમાણે કાંઈ પગલાં લેવામાં ન આવ્યાં. મેજર પારસેલે મી. હમીદ અને તેનાં માણસોના વર્તન સામે વાંધો ઉઠાવ્યો અને પરિણામે ફરિઆદીએ તેના કામ ઉપર દેખરેખ રાખનાર માણસો કમી કર્યાં અને ખરાબ કામ જણાય તે દૂર કરવાની તેની કબુલાતને આધારે તેને ફાવે તેમ કામ કરવાની છુટ આપી. બોમ્બે કંપનીનેજ આવી ખાસ છુટછાટ આપવામાં આવી હતી. પરિણામે તે કંપનીએ બાંધેલી બધી ચાલીઓ ખરાબ છે. ચોમાસામાં ગળતી હોવાથી રહેવા લાયક નથી તેથી ખાલી પડી છે. તેનું જાળવણી ખર્ચ પણ ભારે આવે છે.

દેખરેખ કમી.

પાછળથી મી. હમીદ અને મેજર પારસેલ વચ્ચેનો ઝગડો પતી ગયો. ફરિઆદી કહે છે કે "ચાલીઓ પુરી થયા વિષે મી. હમીદે ૧૯૨૫ માં રીપોર્ટ કર્યો નહોતો. મને લાગે છે કે ૧૯૨૩માં હું મુંબઇમાં નહોતો ત્યારે રીપોર્ટ કર્યો હતો. હું ધારૂં છું કે તેણે બોમ્બે કંપની સામે અમુક પગલાં લેવાની ભલામણ કરી હતી. (મી. નરીમાને મેજર પારસેલ અને મી. હમીદના રીપોર્ટ માગ્યા. મી. વેલીંકરે વાંધો લીધો. વાંધો મંજુર થયો) હું તા. ૧-૧૦-૨૩ ને રોજ પાછો આવ્યો. મેજર પારસેલ ક્યારે આવ્યો તે હું જાણતો નથી. માણસો વધી ગયા હતા અને મેજર પારસેલે ફરિઆદ કરી કે તેઓ તેને હેરાન કરે છે અને કામ કરવા દેતા નથી, તેથી મેં માણસો કમી કર્યાં. ખરાબ કામ ફરી કરી આપવાનું કંપનીએ માથે લીધું એટલે વધારાનાં માણસો મેં એ કામ ઉપરથી દૂર કર્યાં. પછી કામ સરળ ચાલ્યું

અને વખતસર પુરૂં થયું." ફરિઆદીએ એમ પણ જણાવ્યુ છે કે મી. હમીદને અને તેના માણસોને મેજર પારસેલના માણસો સાથે બનતું નહિં. અમુક કારણસર તેઓ હેરાનગતી કરતા હતા કે જે મેં જાહેર કર્યું નથી." આ કારણ મેં ઉપર જણાવ્યું તેજ હતું

૧૯૨૪ના ધારાસભાના મારા ઠરાવ પ્રમાણે તે વખતે તપાસ કરવ દેવામાં આવી હોત તો મેજર પારસેલ ૧૯૨૫–૨૬ સુધી અહિં હતે અને ઉપરનો મુદ્દો સ્પષ્ટ થાત. તપાસ બહુ મોડી કરવાથી બચાવ પક્ષને કેટલો ગેરલાભ થયો છે તેનો આ એક દાખલો છે. સરકારે પણ આ મુકદ્દમાની મંજુરી આપતાં આ વાત ધ્યાનમાં લીધી ન[illegible]

આવોજ એક બીજો દાખલો છે. બોમ્બે કો. ક. કંપનીના પ્રમુખ મી. જુડાહને બધા ચોપડા રજુ કરવા સમન્સ પહોંચાડયો હતો, પરંતુ તે પણ તે સમન્સનો અમલ કરવાની ગોઠવણ કર્યા વિના વિલાયત ચાલ્યો ગયો છે. જો એ ચોપડા રજુ થયા હોત તો બતાવી શકાત કે મી. મારકર સાથેના કરાર બનાવટી અને બીજી કાંઈક ગોઠવણ છુપાવવા માટેજ હતા.

ફેરો કો. કં. કંપનીનો દાખલો.

હવે ફેરો કોન્ક્રીટ કન્સ્ટ્રકશન કંપનીનો દાખલો લઈએ. જેવો મેજર પારસેલનો બોમ્બે કંપની સાથે સંબંધ હતો તેવોજ મી. સરવેલોનો ફેરો કંપની સાથે હતો. તે પણ ફરિઆદી સાથે મિત્રાચારી અને ઓળખાણ હોવાનો દાવો કરતો હતો. તે ઇજનેર હતો અને કોન્ક્રીટના બાંધકામમાં ફરિયાદી તેની ઘણી વખત સલાહ લેતો હતો. તેને કોન્ટ્રાકટ મળ્યો તે પહેલાં તે પણ મી. હારવે અને મેજર પારસેલ સાથે કમીટીમાં હતો

તેણે પણ શહેર સુધારા ટ્રસ્ટમાંથી રાજીનામું આપ્યું અને મેજર પારસેલ-ની માફક તે પણ સીવરીના કાન્ટ્રાકટ મેળવવા ભાગ્યશાળી થયો. તેનું ટેન્ડર ભાવમાં ચોથું હતું; બીજાં ત્રણ તેનાથી નીચા ભાવનાં હતાં. તેનું ટેન્ડર સાથી નીચા ટેન્ડર કરતાં ચાલી દીઠ રૂા. ૯૦૦૦) વધારેનું હતું. ફેરો કંપની પણ ખીલવણી ખાતાની સ્થાપના સાથે સ્થપાઈ હતી. સૌથી નીચું ટેન્ડર માર્શલેન્ડ પ્રાઇસનું હતું તે નામંજુર કરવા માટે તેની આર્થિક સ્થિતિનું બહાનું ચાલી શકે તેવું નહોતું એટલે તેની નાલાયકી અને અશકિતનું ખોટું બહાનું કાઢવામાં આવ્યું, જો કે કોન્ક્રીટ બાંધકામમાં આજે એ કંપનીના અનુભવ, શકિત અને લાયકાતની બરોબરી કરી શકે તેવું કોઇ નથી. જે કંપનીએ સરકારી બાંધકામો, તાતાનું મકાન, સેન્ટ્રલ બેંકનું મકાન અને ફ્રામજી કાવસજી ઇન્સ્ટીટયુટ બાંધ્યાં તે મજુરોની ચાલીઓ માટે ફરિઆદીને નાલાયક લાગી. પોતાના વર્તનનો ખુલાસો કરવા ફરિઆદી કેવી જુઠી અને વિચિત્ર વાતો કરે છે તે હું બતાવવા માગું છું. ફેરો કંપનીનું ઉંચું ટેન્ડર સ્વીકારવામાં આવ્યું હતું એટલુંજ નહિં પણ નીચલા અમલદારોના અને સરકારી હિસાબ ખાતાના અને સરકારના નાણા ખાતાના સલાહકારના વિરોધની પરવા કર્યા વિના કંપની ઉપર મહેરબાનીઓ વર્ષાવવામાં આવી હતી ફરિઆ-દીએ એક યા બીજા બહાના હેઠળ મી. સેરવેલોને એટલી ઉદારતાથી અને છુટથી નાણાં આપ્યાં હતાં કે જે જાહેર નાણાંમાંથી એક મિત્રને થેલી ભેટ કર્યા બરાબર ગણાય.

ગેરકાયદેસર બદલો.

સીવરીનું ટેન્ડર ૧૬ ચાલો માટે માગવામાં આવ્યું હતું, જો કે

ફરિઆદી સારી રીતે જાણુતો હતો કે માત્ર ૧૨ ચાલીઓની જમીન મળી શકે તેમ છે અને બાકીની જમીન માટે પોર્ટ ટ્રસ્ટ ટેકરીઓ તોડીને જમીન તૈયાર કરે તેને મહીનાઓની વાર હતી. વળી કોન્ટ્રાકટમાં એવી શરત હોય છે કે જેટલું કામ થાય તેટલાનાંજ કોન્ટ્રાકટરને નાણાં મળે અને કામ કમી કરવામાં આવે તેનો કાંઈ પણ બદલો ન મળી શકે તેમજ કોન્ટ્રાકટ ખીલવણી ખાતું ગમે ત્યારે બંધ કરી શકે. આ શરત મુજબ મી. વલી મહમદ, હુસેન અને મી. ઉદે સીંગ વિગેરેના કોન્ટ્રાકટો તેઓને સોંપવામાં આવેલાં કામ ચાલુ હત તે દરમિયાન ૪ બંધ કરવામાં આવ્યા હતા અને તેમને એક પાઇને પણ બદલો આપવામાં આવ્યો નહોતો. પરંતુ ફેરો કંપનીને બદલાનાં મોટી રકમ આપવામાં આવી હતી.

બદલો આપવાની કાળજી અને તાકીદ.

ફરિઆદી કબુલ કરે છે કે "ફેરો કંપની સાથેના કોન્ટ્રાકટમાં એક કલમ એવી હતી કે ખીલવણી ખાતાનો ડીરેકટર ગમે ત્યારે કોન્ટ્રાક્ટ બંધ કરી શકે. કોન્ટ્રાકટની શરત પ્રમાણે કોન્ટ્રાકટરે કરેલા કામનાંજ નાણાં મળી શકે." આ પ્રમાણે ફેરો કંપનીનો કોન્ટ્રાકટ સ્પષ્ટ થાય છે. ફરિઆદી આગળ જણાવે છે કે, "કામ શરૂ થયા પછી થોડા મહીના પછી ચાર ચાલીઓ છોડી દેવાનું ઠરાવવામાં આવ્યું કેમકે પોર્ટ ટ્રસ્ટ ટેકરીઓ પાડી શકાયું નહિં. અમે ફેરો કંપનીને જણાવ્યું કે ૧૨ ચાલીઓ માટે જમીન તયાર છે. તેઓ તેટલું કામ પુરું કરશે તેટલામાં ૪ ચાલીઓની જમીન તૈયાર થઇ જશે." આ પ્રમાણે કામ શરૂ થતાં પહેલાં ફેરો કંપનીને ખબર આપવામાં આવીજ હતી કે બા

ચાલીઓ માટે જમીન તૈયાર છે અને તે પુરી થયા પછીજ બીજી ચારનું કામ કરવાનું છે. જયારે ૪ ચાલે કમી કરવાનું ઠરાવવામાં આવ્યું ત્યારે ૧૨ ચાલીઓનું કામ ચાલુજ હતું અને તે પુરી થયા પહેલાં બીજી ૪ માટે કંપનીએ કાંઈ ખર્ચ નજ કર્યું હોય. આમ છતાં કામ શરૂ થયા પછી ૭જ મહીનામાં ફરિઆદીએ પોતે કંપનીને બદલાનો દાવો રજુ કરવા લખ્યું આ અમલદારની ફરજ એવા દાવાની સામે થવાની છે તેને બદલે કોન્ટ્રાકટરે કશો દાવો નહોતો કર્યો છતાં ફરિઆદી પોતે દાવો રજુ કરવા કંપનીને આમંત્રણ આપે છે. એ પર "કશા બંધન વિના" અને "ઘણોજ તાકીદનો" એવા શબ્દો છે. ફરિઆદી કહે છે કે 'મેંજ પહેલા કોન્ટ્રાકટરને પત્ર લખ્યો હતો. તેમના નફાની મેં પહેલેથી ગણત્રી કરી હતી. તેમની પાસેથી આંકડા મેળવવાની તાકીદ હતી. અમુક રકમથી કંપનીને બાંધી લેવા મેં લખ્યું હતું" પરંતુ કાગળને મથાળે "કશા બંધન વિના" એ શબ્દો બતાવે છે કે કંપનીને બાંધવાનો ઇરાદો હતોજ નહિં. એક ઇજનેરને કોન્ટ્રાકટરના નફાની આટલી બધી ચિંતા શા માટે અને તે નક્કી કરવા આટલી તાકીદ શા માટે એ સમજવું મુશ્કેલ છે. કોન્ટ્રાકટરોએ તો બહુજ રાજીખુશીથી પોતાનો દાવો રૂ. ૨૦,૦૦૦ નો રજુ કર્યો, જો કે તેમાં તેઓએ પણ કબુલ કર્યું કે ખીલવણી ખાતાને કામ કયારે પણ બંધ કરવાની છુટ છે. આ પછી આઠ મહીના વીતી ગયા. એટલામાં ફરિઆદીની રજા મંજુર થઈ અને પોતાના જવા પહેલાં ફેંસલો કંપનીનો દાવો નક્કી કરવા તે આતુર હતો. એટલે દાવા માટે કંપની પોતે આઠ આઠ મહીનાથી ચુપ રહી હતી, તે દાવો ફરિઆદીએ પોતે તાજો કર્યો અને પોતાના જવા પહેલાં કારોબારી ઇજનેરને યાદી મોકલી કે "૧૬ ચાલીઓના કરમાંથી ૪

કમી કરવા માટે શું બદલો આપવો તે માટે ફેરો કંપનીને મળીને રીપોર્ટ કરો. રીપોર્ટ બુધવારે તૈયાર થવો જોઈએ કેમકે તે વખતે કંપનીનું છેવટનું બીલ નક્કી કરી નાખવાનું છે."

૨૦ હજારના ૫૬ હજાર.

આ યાદીની ભાષા પરથી કોર્ટ જોઇ શકશે કે ફેરો કંપનીને કશા બદલાનો હક્ક નહોતો, છતાં તે માટે રીપોર્ટ થવા પહેલાં કંપનીને બદલો આપવો એ વાત તો દેખરેખ રાખનાર ઇજનેર નક્કીજ કરી દે છે. માત્ર બદલાની રકમજ નક્કી કરવાનું બાકી રહે છે, અને તે માટે પણ તે તાકીદ કરે છે. ફરિઆદી કહે છે કે "આ યાદી પછી ફેરો કંપનીએ બીજો દાવો રૂ. ૫૬,૦૦૦ નો રજુ કર્યો. નવા દાવામાં રૂ. ૬૦૦૦ નોકરોની નુકશાનીના હતા. નવા દાવામાં વિગતો તો મૂળ દાવા પ્રમાણેજ હતી, પરંતુ ભાવ વધારેલા હતા. મેં રૂ. ૩૬,૦૦૦ ની ભલામણ કરી. થોડા દિવસ પછી હું અને મી. સેરવેલો સાથે વિલાયત જવા ઉપડયા" ફરિઆદીને ઉપરની યાદી રજુ કરવા કેવી ફરજ પાડવી પડી હતી તે ધ્યાનમાં લેવા જેવું છે. પહેલાં તો તેણે ઇનકારજ કર્યો કે "કોન્ટ્રાકટરોને દાવો રજુ કરવાની યાદી મોકલાવી હોય એવું મને યાદ નથી." પરંતુ મી. સેરવેલોને કારોબારી ઇજનેરનો પત્ર રજુ કરવા કહેવામાં આવ્યું હતું. તે પત્રમાં ફરિઆદીની યાદીનો ઉલ્લેખ હતો, એટલેજ તેને એ યાદી રજુ કરવાની ફરજ પડી ફરિઆદી કબુલ કરે છે કે કાયદા પ્રમાણે એ દાવો ટકી શકે નહિ, પરંતુ ઇન્સાફની ખાતર એ મંજુર કરવામાં આવ્યો હતો.

કારોબારી ઈજનેરના રીપોર્ટ પર અવિશ્વાસ.

ફેરો કંપનીનો પહેલો રૂા. ૪૦ હજારનો દાવો કારોબારી ઈજનેર પર રીપોર્ટ માટે મોકલવામાં આવ્યો હતો. તેણે જાતે તપાસ કરીને તેની વિરૂદ્ધ રીપોર્ટ કર્યો અને જણાવ્યું કે કંપની દાવો કરે છે તે પ્રમાણે તેની પાસે વધારાના સેન્ટરીંગ સેટ નથી. ફરિઆદી આ રીપોર્ટ ખોટો કહે છે, જો કે તેણે રીપોર્ટ પર એવી કશી નોંધ કરી નથી. તે કહે છે કે "કારોબારી ઇજનેરના જણાવવા પ્રમાણે ૩૦ સેન્ટરીંગ સેટ હતા. ફેરો કંપની ૫ કહેતી હતી અને દરેકના વધારાના સેટના રૂ ૨૦ હજારનો દાવો કરતી હતી. મેં જાતે જઇને ગણ્યા હતા. મેં મારા હાથ નીચેના ઇજનેર સામે રીપોર્ટ કર્યો નહિં કેમકે તેમના એવા રીપોર્ટથી હું ટેવાયેલો હતો. ખોટા રીપોર્ટ કરવા એ ગંભીર બાબત ગણાય. પછી મેં તેને સારૂં સર્ટીફીકેટ આપ્યું અને સક્કર બેરેજ માટે તેની ભલામણ કરી અને તેને જગ્યા મળી."

માલ લીધા વિના આપેલાં નાણાં.

આ પ્રમાણે કારોબારી ઇજનેર મી. કોલાબાવાળાનો રીપોર્ટ બતાવી આપે છે કે જે વસ્તુની હયાતી નહોતી તેનો બદલો આપવામાં આવ્યો છે. ફરિયાદી કહે છે કે "અમે નાણાં આપ્યાં હતાં તે માલ કબજામાં લીધો નહોતો. એ માલની સ્ટોક બુકમાં નોંધ કરવામાં આવી હતી કે નહિં તે હું જાણતો નથી." ફેરો કંપનીએ ૧૯૨૪ના સપ્ટેમ્બરમાં જે માલનો રૂ. ૪૦ હજારનો દાવો રજુ કર્યો હતો તેજ માલનો તેણે ૧૯૨૫ના મે મહીનામાં રૂ. ૫૪ હજારનો દાવો રજુ કર્યો. ગાયા અને જે. સી. ગેમનને એવાજ સેટ માટે રૂ. ૪ હજાર આપવામાં

આવ્યા હતા, જ્યારે ફેરો કંપનીને તેના રૂ. ૧૫ હજાર આપવામાં આવ્યા.

બદલો આપવાની પહેલેથીજ ગોઠવણ.

આ બધા સંજોગો બતાવી આપે છે કે ફેરો કંપનીને બદલાની બાબત પહેલેથી ગોઠવાયેલી હતી અને ફરિયાદીના કહેવાથીજ કંપનીએ બદલો માગ્યો હતો. જે બદલાનો ખુલ્લી રીતે કાયદાથી કોન્ટ્રાકટરને હકક ન હોય એવો દાવો રજુ કરવાનું કોઇ ખાતાના અમલદારે કોન્ટ્રાકટરને લખ્યું હોય એવું મેં સાંભળ્યું નથી. કોન્ટ્રાકટરો પણ પોતાની વિરૂદ્ધ રીપોર્ટ થયા પછી ચૂપ રહ્યા અને પોતાના દાવા માટે દબાણ કર્યું નહિ, છતાં એ દાવો બનાવટી હોવાના એક જવાબદાર અમલદારના રીપોર્ટ પછી પણ ફરિઆદીએ તે વાત તાજી કરીને રૂ. ૩૬ હજારના બદલાની ભલામણ કરી. ફરિઆદી હવે એ કારોબારી ઇજનેરના રીપોર્ટને ખોટો કહે છે, જો કે રીપોર્ટ પર તેણે એવી નોંધ કરી નથી એટલુંજ નહિ પણ તે અમલદારને સારૂં સર્ટીફીકેટ આપ્યું હતું. વળી એટલી મોટી રકમ આપ્યા પછી એ માલનો તે કબજો લેતો નથી. સ્ટાકબુકમાં પણ એ માલની નોંધ નથી. કારણ સ્પષ્ટ છે કે માલ હતોજ નહિ અને ફરિઆદીની ચશમપોશીથી ખોટો દાવો રજુ કરવામાં આવ્યો હતો. પહેલા દાવામાં સ્પષ્ટ જણાવ્યું છે કે સેન્ટરીંગના વધારાના સેટ માટે રૂ. ૧૫ હજાર આપવામાં આવ્યા છે અને ખાતાને એક પણ સેન્ટરીંગ પુરૂં પાડવામાં આવ્યું નથી. નવા દાવામાં ૧૬ ચાલો માટે નીચા ભાવ ભરવાના બદલા માટે રૂ. ૧૬ હજાર દર્શાવેલા છે, જ્યારે ખરી વાત એ છે કે ટેન્ડરના ભાવજ રૂ. ૯ હજાર વધારે હતા. આ બદલા મળ્યા પછી મી. સેરવેસો અને ફરિઆદી સાથે વિલાયત ઉપડી ગયા હતા. ૧૯૨૩માં

મેજર પારસેલ અને ફરિઆદી સાથે વિલાયતમાં હતા; ૧૯૨૫માં મી. સેરવેલો અને એ બે સાથે હતા.

દંડને બદલે ભેટ

ફરિઆદી પોતાના મિત્ર કોન્ટ્રાકટરને આટલો મોટો બદલો આપે એ તો જુલમજ છે, જો કે કોઇ કોર્ટ કે જવાબદાર અમલદાર એક પાઇ પણ ન આપે. ફેરો કંપનીનું ટેન્ડર મંજુર કરતી વખતે એવું કારણ આપવામાં આવ્યું હતું કે ગાલીઓ તાકીદે જોઇએ છે અને આ કંપનીએ કામ જલદી પુરૂં કરવાનું માથે લીધું છે. પરંતુ તેઓએ મુકરર કરેલા વખતથી ઘણું મોડું કામ પુરૂં કર્યું તેમ છતાં કરાર મુજબનો કંપની પાસેથી દંડ લેવામાં આવ્યો નહિં.

નાણાં ખાતાનો સખ્ત રીપોર્ટ.

આ બદલાનો સવાલ હિંદી સરકારે નીમેલા નાણા ખાતાના ડેપ્યુટી સલાહકાર પાસે આવ્યો ત્યારે બધી હકીકતો તે અમલદારને જણાવવામાં આવી નહોતી, તો પણ કાયદાની દૃષ્ટિએ તેણે એ બદલા સામે સખ્ત વિરોધ કર્યો અને રીપોર્ટ કર્યો. એ રીપોર્ટ રજુ કરવા માગવામાં આવતાં સોલીસીટરે પુરાવાના કાયદાના ૧૨૩ મી કલમ મુજબના હક્કની રૂએ ના પાડી. આ રીપોર્ટ રજુ કરવા સામે વાંધો લેવાનું કારણ એજ છે કે તેથી ફરિઆદ પક્ષને વાધો આવે તેમ છે, કેમકે તે રીપોર્ટમાં દેખરેખ રાખનાર ઇજનેરના એ બદલો આપવાના વર્તનની સખ્ત ઝાટકણી કાઢવામાં આવી છે. એ રીપોર્ટમાં જણાવ્યું છે કે "૧૯૨૨ માં ખીલવણી ખાતાએ ૨૬ સેન્ટરીંગ સેટ માટે રૂ. ૧૭૯૨૯ ખર્ચ્યાં હતા અને તેમાનો એક જે. સી. ગેમનને રૂ.

૪૮૬૫ માં આપ્યો હતો. એટલે એક સેટ માટે રૂ. ૧૫ હજાર શા માટે આપવામાં આવ્યા તે હું સમજી શકતો નથી." ૧૨ ચાલીઓ માટેજ જમીન હતી તો પછી ૧૬ ચાલીઓ માટે ટેન્ડર શા માટે માગવામાં આવ્યાં? તે માટે પણ રીપોર્ટમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે અને કોન્ટ્રાકટરને બદલો આપવામાં આવે તો વડી સત્તાને રીપોર્ટ કરવાની ધમકી પણ તેમાં આપવામાં આવી છે. ફરિઆદી પણ કબુલ કરે છે કે "મને યાદ છે કે ગેમનને એક સેન્ટરીંગ રૂ. ૪ હજારમાં આપવામાં આવ્યું હતું."

પુરાવો દાબી દેવાની સરકારની વલણ.

આવો વિશ્વાસપાત્ર પુરાવો સરકાર કોર્ટથી છુપાવે છે, જો કે એ વાત નાણાં કમીટીમાં ચર્ચાઇ હતી અને એ રીપોર્ટ દરેક સભ્યની જાણમાં હતો. આ વાત એટલી ગંભીર માનવામાં આવી હતી કે એકાઉન્ટન્ટ જનરલે ઇલાકાના વહીવટના રીપોર્ટમાં પણ એ બદલો ગેરકાયદેસર અને ખોટો હોવાની ટીકા કરી છે, અને ચોકખું જણાવ્યું છે કે નાણાં આપવામાં આવ્યાં હતાં. તો પછી એ રીપોર્ટ કોર્ટમાં રજુ કરવા સામે શું વાંધો હોઇ શકે? આ ચોકખું બતાવી આપે છે કે ફરિઆદપક્ષને હાનિ પહોંચે એવા કાગળો રજુ કરવાની સરકારની ઇચ્છા નથી. આ બદલાનો દાખલો કોર્ટને ફરિઆદીની પોતાના મિત્રો તરફની વલણ બતાવી આપવાને માટે પુરતો છે અને આ એકજ દાખલો નથી. આ ઉપરાંત પણ ખોટા અને બનાવટી દાવા અને બહાના હેઠળ ઇજનેરોના રીપોર્ટ વિરૂદ્ધ પડીને ફરિઆદીએ સેરવેલોને મોટી રકમો અપાવી છે. તેના થોડાક ચોંકાવનારા દાખલા આપીશું.

બદલો આપવામાં ફરિયાદીનો સ્વાર્થ.

ફરિયાદીએ ફેરો કંપનીને પહેલો લખેલો પત્ર તા. ૨૮-૮-૨૪નો છે અને તેમાં આગલી તા. ૩૦મીએ થયેલી વાતચીત જણાવી છે. ફરિયાદી તા ૨૪-૫-૨૭ની જુબાનીમાં જણાવે છે કે " ૪ ચાલીઓ કમી કરવાની મેં તા. ૩૦-૫-૨૫ને દિવસે ભલામણ કરી અને તા. ૨૩-૬-૨૫ને દિવસે તે પ્રમાણે મંજુર થયું. મને મંજુરી મળી નહોતી તેથી મેં ફેરો કંપનીને એ જણાવ્યું નહોતું." પરંતુ ૩૦-૫-૨૭ને દિવસે તેણે ફેરો કંપનીને લખેલો પત્ર રજુ થતાં ઉપરની વાત ખોટી ઠરે છે. ફેરો કંપનીને ૧૯૨૪ના જુલાઇમાં ખબર આપી હતી તેમ એ કબુલ કરે તો બદલાનો દાવો નબળો પડે કેમકે ૧૯૨૪ના ફેબ્રુઆરીમાં તો કામ શરૂ થયું એટલે ચાર મહીનામાં ૧૨ ચાલીઓ પુરી કર્યા પછી હાથ ધરવાની ચાલીઓ માટે કાંઇ ખર્ચ કરેલું નજ હોય. વળી ૪ ચાલીઓ કમી કરવાનો ઠરાવ તા. ૨૩-૬-૨૪ થયો, છતાં ફરિયાદી તે પહેલાં ૧૦-૧૧ મહીના પહેલાં એ ચાલીઓ માટે બદલાનો દાવો કરવાનુ આમંત્રણ કરે છે. ઉપરાંત ફેરો કંપની બદલા માટે આતુર હોય તે કરતાં ફરિયાદી વધારે આતુર જણાય છે. ફરિયાદીએ ઢીલચાલ ન કરી હોત તો ફેરો કંપનીએ તો એવી માગણી કરી પણ ન હોત. આવા સંજોગોમાં એ બદલામાં ફરિયાદીનો સ્વાર્થ સમાએલો હતો એવું અનુમાન તદ્દન કાયદેસર છે.

આ રૂ. ૩૬ હજાર ઉપરાંત ફેરો કંપનીને કહેવાતા વધારાના કામના રૂ. ૩૪ હજાર આપવામાં આવ્યા હતા. કોન્ટ્રાકટમાં બધી જરૂરી વિગતો જણાવેલી હોય છે છતાં જ્યારે માનીતા

કોન્ટ્રાકટરોને વધારાનાં નાણાં આપવાનાં હોય છે ત્યારે કંઇક નવી વસ્તુનો વિચાર ઉદ્‌ભવે છે અને મૂળ કોન્ટ્રાકટ કરતાં ભારે મોટી રકમો આપવામાં આવી છે.

બનાવટી બીલ.

મૂળ કોન્ટ્રાકટની વિગત ઉપરાંત કામ કરવાનું હોય તો નિયમ એવો છે કે દેખરેખ રાખનાર કે કારોબારી ઇજનેરની મંજુરી સિવાય તે કામ ન થઇ શકે અને તે માટે મદદનીશ અને કારોબારી ઇજનેર મારફત પત્રવહેવાર થવો જોઇએ. ફેરો કંપનીએ ઓરડાઓની વચ્ચેની દિવાલમાં લોખંડના સળીયા વાપરેલા કહીને દાવો રજુ કર્યો. મી. રાજાધ્યક્ષ મદદનીશ ઇજનેર હોઇને તે બાબત તેને તપાસ માટે સોંપાઇ. તેણે એ કામ માટે દેખરેખ રાખનાર ઇજનેરની મંજુરી જોવા માગી. બીલવણી ખાતામાં કે કોન્ટાકટરો પાસે એવો હુકમ ન મળવાથી તેને શંકા ગઇ કે દાવો બનાવટી છે. તેણે દિવાલોમાં કાણાં પાડીને તપાસ કરી. તેને જોઇને આશ્ચર્ય થયું કે થોડા અપવાદો સિવાય સળીયા વાપરવામાં આવ્યા નથી અને દાવો બનાવટી છે. આ વાત ફરિઆદીની ધ્યાન પર લાવવામાં આવી. સામાન્ય રીતે બનાવટી બીલ કરીને ઠગાઇ કરવાના ગંભીર આરોપ માટે કોન્ટ્રાકટર સામે સખ્ત પગલાં લેવાય, પરંતુ ફરિઆદીએ ફેરો કંપની સામે કાંઇ પગલાં ન લીધાં એટલુંજ નહિં પણ એ ખોટા પુરવાર થયેલા બીલનો પણ મોટો ભાગ અપાવ્યો આ બાબતમાં મી. હમીદની જુબાની અગત્યની છે. તે જણાવે છે, "મી. રાજાધ્યક્ષે કયાં કયાં સળીયા વપરાયા છે અને કયાં નહિં તેનો રાપોર્ટ કર્યો હતો. મેં પણ કાણાં

પાડેલી દિવાલો તપાસીને રીપોર્ટ ખરો હોવાની ખાત્રી કરી અને દેખરેખ રાખનાર ઇજનેર પર રીપોર્ટ મોકલી આપ્યો. આ કામ માટે મંજુરી આપ્યાનો ઓફિસમાં એક પણ કાગળ નહોતો."

મી. રાજાધ્યક્ષે પોતાના રીપોર્ટમાં જણાવ્યું હતું કે 'દાવો પાયા વિનાનો અને ખોટો છે. જો આ દાવો સ્વીકારવામાં આવશે તો તેનો અર્થ એજ થશે કે બીજા દાવા પણ ઉભા કરવામાં આવશે અને તેનો કાંઇ છેડોજ નહિં રહે."

અકસ્માત રીતે બહાર પડી ગયેલો આ દાખલો કોન્ટ્રાકટરો કેવાં ખોટાં બીલો કરતા તેનું દૃષ્ટાંત પુરૂં પાડે છે.

રૂ ૮૬ હજાર વધારે આપ્યા.

ફરિઆદી પોતાની જુબાનીમાં જણાવે છે કે "ફેરો કંપનીનો બીજો એક વધારાનો દાવો રૂ. ૪૮,૫૫૭ નો હતો. મેં રૂ. ૧૬૯૫૯ ની ભલામણ કરી. ટેન્ડરના ભાવ ઉપરાંત વધારાના દાવા રૂ. ૮૬૦૦૦ ના હતા.

સો ગણું બીલ.

ફેરો કંપનીને વધારે નાણું આપ્યાનો વધુ એક દાખલો. તેના તા. ૩૦–૩–૨૬ના છેવટના બીલમાં એક રકમ બારીઓ રંગવાની છે. તેનો ભાવ દર ૧૦૦ ચોરસ ફીટના રૂ. ૪ ઠરાવેલો હતો. તેને બદલે તેને દર ૧ ચોરસ ફીટના રૂ. ૪ આપવામાં આવ્યા. કુલ ૩૬૬૦ ચોરસ ફીટ બારીઓના રૂ૧૪૬–૬–૦ ને બદલે રૂ. ૧૪૬૪૨–૨–૦ એટલે કે રૂ ૧૪,૫૦૦ વધારે આપવામાં આવ્યા. આ બીલ પર મી હારવેની સહી અને કાંઇક નોંધ છે. આખું બીલ રૂ. ૬૫ હજારનું હતું. બારી રંગવાના ફેરો કંપનીના ટેન્ડરનો ભાવ અને બારીઓનું માપ ઓફીસમાંથી મળી

શકે તેમ છે અને તે બતાવી આપશે કે બારીઓ રંગવા જેવા નાના સરખા કામમાં પણ એવડી ગંજાવર રકમ વધારે આપવામાં આવી હતી.

જે વધારાના સીમેન્ટ બ્લોક માટે ફેરો કંપનીને રૂ. ૧૦ હજાર આપ્યા હતા તે વિષે મી. હમીદ જણાવે છે કે "તે બ્લોકો સીવરી ખાતે હજુ પડયા છે."

દર મહીને વધારાના રૂ. ૪૦ હજાર.

આ પ્રમાણે બીજી એક ગંભીર બાબતમાં પણ ફરિઆદીનું ધ્યાન ખેંચવા છતાં તેણે કંપનીને છુટછાટ આપી હતી. મી. સેરવેલો અને તેનો મદદનીશ પોતાના સીવરીના કામ પર દેખરેખ રાખતા હતા. તેઓ ખીલવણી ખાતાના શીવરીના મદદનીશ ઇજનેર કાલાસીંગ સાથે મળી ગયા અને દર મહીનાનું રૂ. ૩૦ થી ૪૦ હજારનું બીલ થવા લાગ્યું. કાલાસીંગ ખોટી રકમો પણ પાસ કરતો. માપણી બુકમાં માપ નોંધવામાં આવતું અને તેના પર કાલાસીંગ અને કોન્ટ્રાકટરનો માણસ સહી કરતા અને તેના આધારે નાણાં આપવામાં આવતાં. મી. કાલાસીંગ પછી તેની જગ્યાએ આવેલા મદદનીશ ઇજનેર મી. રાજાધ્યક્ષે એ ખોટી રકમો પકડી કાઢી. તેથી તેણે બધું માપ ફરીથી લીધું અને માસિક બીલમાં રૂ. ૪૦ હજાર કમી કર્યા

મદદનીશ ઇજનેરને કોન્ટ્રાકટરના માણસની ધમકી.

તે પોતાના તા. ૨૭-૫-૨૫ ના રીપોર્ટમાં જણાવે છે કે "મેં ચાલી દીઠ કિંમત રૂ. ૬૪ હજારથી ઘટાડીને રૂ. ૬૧½ હજારની કરીને ૧૨ ચાલીના રૂ. ૪૦ હજાર કમી કર્યા છે તેથી કાન્ટ્રા-

કટરના માણુસ ઇબ્રાહીમે દેખરેખ રાખનાર ઇજનેરને મારી વિરૂધ્ધ ભમાવ્યો છે. કામ પરથી છુટયા પછી મને ઇજા કરવાની તે ધમકી આપે છે. કાંઇ ભૂલ હોય તો જોવા મેં સરવેલોને બોલાવ્યો છે. મેં ઓછી રકમ આપી છે એવી મી. સેરવેલોનો ફરિઆદ પુરવાર કરવાની મારી માગણી છે." તે આ બધી વિગતો મોકલતાં મી. કોલાબાવાલાને દેખરેખ રાખનાર ઇજનેરના મગજમાંથી પોતાને માટેની ખરાબ છાપ દૂર કરવા વિનંતિ કરે છે. મી. કોલાબાવાલાએ સંભાળપૂર્વક તપાસ કરીને રીપોર્ટ કર્યો કે મી. રાજાધ્યક્ષનો રીપોર્ટ ખરો છે. આમ મી. કાલાસીંગના વખતમાં ફેરો કંપનીને દર મહીને રૂ. ૪૦ હજાર વધારે આપવામાં આવતા હતા અને એવું કેટલા મહીના ચાલ્યું તે જણાયું નથી. મી. કાલાસીંગને બરતરફ કરવામાં આવ્યો. પહેલાં તો ફેરો કંપનીએ ઘટાડા સામે વાંધો ઉઠાવ્યો પરંતુ છેવટે મી. રાજાધ્યક્ષના રીપોર્ટ પ્રમાણેનો ઘટાડો સ્વીકાર્યો કે જે બતાવી આપે છે કે પહેલાના માપ અને બીલો ઠગાઇભર્યાં અને ખોટાં હતાં. મી. કોલાબાવાલા પોતાના રીપોર્ટમાં જણાવે છે કે "મી. રાજાધ્યક્ષે કરેલું માપ અપ-ટુ-ડેટ અને ખરૂં છે કંપનીને તકલીફ આપવાનો તેનો જરાયે ઇરાદો નથી. મારી ખાત્રી થઇ છે કે કંપનીનો માણુસ ઇબ્રાહીમ કાંઇક ભેદી હેતુથી ગુંચવાડો ઉભો કરવા મથે છે. અમલદારનો હિસાબ સાફ અને સાચો છે." તેના ઉપર ફરિઆદી નોંધ કરે છે કે "કારોબારી ઇજનેરના મનમાં એમ છે કે રાજાધ્યક્ષ માટે મને ખરાબ અભિપ્રાય છે. મને લાગે છે કે તે વધારે પડતું લખે છે."

બરતરફ થયેલો ઇજનેર.

આ રીપોર્ટ અને બીજી જુબાની ઉપરથી પુરવાર થાય છે કે કારોબારી

અને મદદનીશ ઈજનેરો જેવા બે જવાબદાર અમલદારોએ શોધી કાઢયું કે ફેરો કંપનીના માણુસ ઇબ્રાહીમ અને મદદનીશ ઇજનેર કાલાસીંગે મળીને માસિક બીલમાં રૂ. ૪૦ હજારની ઠગાઇ કરી હતી. કાલાસીંગને આથી બરતરફ કરવામાં આવ્યો હતો. ફેરો કંપનીએ પણ થોડો વખત વાંધો લઇને પછીથી મી. રાજાધ્યક્ષનું માપ કબુલ કરી તે પ્રમાણે કમી નાણાં સ્વીકાર્યાં હતાં. સામાન્ય રીતે આવી ગંભીર બાબતમાં ખાતાનો વડો વધુ તપાસ ચલાવી ખોટા હિસાબ અને ઠગાઇનો ફોજદારી દાવો માંડે, પરંતુ તેને બદલે ફરિઆદીએ ફેરો કંપનીને બચાવી લીધી એટલુંજ નહિં પરંતુ એ ઠગાઇ શોધી કાઢી બરબાદી અટકાવનારા પોતાના માણુસોનેજ ઉતારી પાડયા. મી. ઇબ્રાહીમને મી. રાજાધ્યક્ષને મારવાની ધમકી આપી હતી તેની તેણે ફરિઆદ કરી તો પણ મી. ઈબ્રાહીમને ખસેડવામાં ન આવ્યો જો કે દેખરેખ રાખનાર ઇજનેરને કોન્ટ્રાકટરના કોઇ પણ માણુસને ૨૪ કલાકમાં ખસેડવાની સત્તા છે. ફરિઆદીએ એવું પગલું ન લીધું એટલુંજ નહિં પણ પોતાના માણુસોને ઉતારી પાડયા અને કોન્ટ્રાકટરના નફામાં દખલ કરવા માટે નાખુશી દર્શાવી. મી. કાલાસીંગની બરતરફી માટે ફરિઆદી એવો ખુલાસો કરે છે કે, " તે રજા ઉપર ગયો હતો અને માણુસો કમી કરવામાં આવનાં હોવાથી તેને પાછા નહિં ફરવા જણાવવામા આવ્યું હતું." આ ખુલાસો ખરો નથી કેમકે ખાતાના કાગળો રજુ કરવામાં આવે તો પુરવાર થશે કે " કાલાસીંગની જગ્યાએ બીજો મદદનીશ ઇજનેર (મી. રાજાધ્યક્ષ) નીમવામાં આવ્યો હતો." મી. કાલાસીંગના જવા પહેલાં તેણે વધારે માપ આપ્યું હતું તે વિષે કારોબારી ઇજનેરે તા. ૩૦-૧૦-૨૪ ને રોજ રીપોર્ટ કર્યો હતો. તે વિષે ફરિઆદી કહે

છે કે "કોલાબાવાળાએ રીપોર્ટ કર્યો હતો જો કે તેણે પોતે માપ તપાસ્યું નહોતું. મદદનીશ ઇજનેર કચરા જેવી વાતો લખવામાં પોતાનો વખત ગાળે છે. ભારે કનડગત કરવામાં આવે છે. કોન્ટ્રાકટર તરફ તેનું વર્તન વ્યાજબી નથી. ફેરો કંપનીએ નવા મદદનીશ ઇજનેરના માપ સામે વાંધો લીધો છે રાજ્યાધ્યક્ષે કેટલાક રીપોર્ટ કર્યા છે. જે રીપોર્ટ સાથે હું મળતો ન થાઉં તેના પર તેવો શેરો મારૂં એ બનવા જોગ છે. મેં એટલોજ શેરો માર્યો કે તે વધારે પડતું લખે છે. મને જણાયું કે કોન્ટ્રાકટર કારોબારી ઇજનેરના રીપોર્ટને મળતા થયા છે. મેં તે પ્રમાણે શેરો કર્યો છે. ચાલુ બીલનું માપ તેઓએ સ્વીકાર્યું છે." આમ ફરિઆદીના માનીતા કોન્ટ્રાકટર સામે કારોબારી ઇજનેર કે મદદનીશ ઇજનેરે રીપોર્ટ કર્યો જે વિગતો અને આંકડા પ્રમાણે સાચો હોવાથી તે વખતે તે કાંઇ બોલી ન શકયો. પરંતુ હવે આ કેસની ખાતર તેને પોતાનાં માણસોને ઉતારી પડતાં, ખોટા અને કચરા જેવા રીપોર્ટ કરવાનો આક્ષેપ મૂકતાં, સંકોચ થતો નથી, જો કે તે વખતે તેણે તેની વિરૂધ્ધ શેરો ન માર્યો કે ખોટા રીપોર્ટ કરવા બદલ પગલાં પણ ન લીધાં અને ઉલટું સારૂં સર્ટીફીકેટ આપ્યું.

પોતાના માનીતા કોન્ટ્રાકટરની હિંમતભરી ઠગાઇ ઢાંકવાનો ફરિઆદીનો ખુલ્લો પ્રયત્ન સ્વાભાવિક રીતેજ તેની વિરૂધ્ધ શંકા ઉત્પન્ન કરે છે. આવું વર્તન અને કાયદાના આધાર વિના તેમજ ઉપરી સત્તાના વિરોધ અને હાથ નીચેના માણસોના રીપોર્ટ છતાં બદલાની જંગી રકમો આપવાના ભયંકર દાખલાઓ જોતાં તેમાં તેનો હાથ હોવાનું અનુમાન કરવાનું કારણ રહે છે કેમકે એ બનાવો જે કંપનીમાં તેના

મિત્રો કે ગોઠીયા હતા તેના સંબંધમાંજ બન્યા છે. આવાજ બીજા પક્ષપાતના દાખલાઓ આપીને કોર્ટને હું કંટાળો નહિં આપું.

હિંદી કોન્ટ્રાકટરો તરફ કડક વર્તન.

આ પક્ષપાતની સાથે ફરિઆદી સાથે ઓળખાણ નહિં ધરાવના જે હિંદી કોન્ટ્રાકટરો થોડી ચાલીઓના નાના કોન્ટ્રાકટો મેળવી શકયા હતા તેમના પ્રત્યેનું તેનું વર્તન સરખાવો. તેમની પ્રત્યે તે વધારે પડતો સખ્ત અને કડક હતો અને એટલી કનડગત કરતો કે તેઓને પાયમાલ થઈને કામ છોડી દેવું પડયું. તેમના વ્યાજબી દાવા પણ આપવામાં આવ્યા નહિં મી. ઉદેસીંગને અધવચ કામ છોડી દેવું પડયું અને પોતાના દાવા માટે પત્રવહેવાર કરવો પડયો. મી૦ વલી મહમદને હાઈકોર્ટમાં દાવો માંડવો પડયો અને નાદારી નોંધાવવી પડી અને તેનો દાવો મળે તે પહેલાં બીચારો મરણશરણ થયો. પાલનજી એદલજી જેવી જાણીતી પેઢીને પણ કામ છોડી દેવું પડયું અને તેઓએ ફરિઆદી અને તેના મદદનીશ મી૦ ક્રોષ્ણાસ્વામી સામે અન્યાયી વર્તનની કડવી ફરિઆદો કરી હતી.

મેયર્સ કમીટીમાં મેં ફેરો કંપનીનો લંબાણ ઉલ્લેખ કર્યો હતો કેમકે તે દાખલો તાજો હતો અને તેના ગોટાળા બહાર પડયા છતાં, ચળવળ અને ટીકા થવા છતાં, કમીટી નીમવાની ચર્ચા ચાલતી હતી તે વખતે પણ એ કંપનીને અન્યાયી રીતે નાણાં આપવાનું ચાલુજ હતું.

વિરૂધ્ધ અનુમાનનાં મજબુત કારણો.

જે કોન્ટ્રાકટરો તેના મિત્રો હતા તેના પ્રત્યે તેના ખુલ્લા પક્ષ-

પાતને લીધે તેનો તેમાં હાથ હતો એવું અનુમાન કરવાનું કોર્ટને કહેવામાં હું વ્યાજબી છું. ન્યાય કે ઈન્સાફના આધાર વિના અને પોતાના માણસોના તેઓની વિરૂદ્ધ રીપોર્ટ હોવા છતાં તેમજ નાણાં ખાતાના વિરોધ છતાં તેણે તેઓને મોટી રકમો આપી; તેઓના ગેરવર્તનના ગંભીર દાખલા તેની ધ્યાન પર લાવવા છતાં તેણે કાંઈ પણ પગલાં લેવાની ના પાડી, પોતાના એવા વર્તનના બચાવમાં હવે તે પોતાના હાથ નીચેના માણસોના રીપોર્ટ ખોટા અને કચરા જેવા કહેવા મથે છે, કોન્ટ્રાકટરોનાં સાથેજ તે વિલાયત ગયો અને એક પ્રસંગે મોટી રકમ વિલાયત મોકલવાની ગોઠવણ થઇ એ બધા સંજોગો તેની વિરૂદ્ધ અનુમાન વ્યાજબી ઠરાવવાનાં મજબુત કારણો છે. ફરિઆદી આવાં અનુમાનો માટે ફરિઆદ નજ કરી શકે કેમકે તેણે પોતે પોતાના જવાબદાર માણસો સામે અમુક કોન્ટ્રાકટર તરફ પક્ષપાત કરવાનાં બહુ નાનાં કામો માટે આવાંજ અનુમાનો કર્યાં છે.

હાથ નીચેનાં માણસો સામે શંકા.

તે જુબાની આપતાં કહે છે કે "કારોબારી અને મદદનીશ ઇજનેરો કોન્ટ્રાકટરો સાથે મળી ગયા છે એવી મને શંકા હતીજ." તેનીજ જગ્યા સંભાળનાર સામે આવા ગંભીર આક્ષેપો માટે તેનાં કેવાં કારણો છે? તે કહે છે કે "ગાયા કંપનીએ પણ દાવાઓ રજુ કર્યા હતા અને તેમાંના ઘણાને કારોબારી ઇજનેરે કોન્ટ્રાકટની શરત વિરૂધ્ધ જઇને ટેકો આપ્યો હતો. મારાથી બની તેટલી તપાસ કરી, પરંતુ હું કાંઇ રીપોર્ટ કરી શકયો નહિં કેમકે હું કાંઇ પુરવાર કરી શકયો નહિં." તે આગળ વધતાં કહે છે કે "કોન્ટ્રાકટરની

થરતો સ્પષ્ટ હતી એટલે હું દાવા મંજુર કરૂં તેવો સંભવ નહોતો. તેઓએ (નીચેના અમલદારોએ) દાવાની ભલામણ કરવી જોઇતી નહોતી."

ફરિઆદીનુ વધારે શંકા ભર્યું વર્તન.

કોર્ટે વિચાર કરવો ઘટે છે કે ફરિઆદી પોતાના માણસો સામે અનુમાન બાંધે છે અને જે દાવાઓ તેના (ફરિઆદીના) અભિપ્રાય પ્રમાણે ખોટા અને કરારની રૂએ ટકી શકે તેવા નહોતા તેવા દાવાઓ માટે એ માણસોએ ભલામણ કરી હતી એવા કારણસર તેઓનો તેમાં હાથ હતો એવા તેમની સામે તે આક્ષેપ કરે છે. ખીલવણી ખાતાનો ડીરેકટર ગમે ત્યારે કોન્ટ્રાકટ બંધ કરી શકે અને તે માટે કોન્ટ્રાકટરને બદલો માગવાનો હકક નથી એવા ચોકખા કરાર છતાં પોતાના મિત્ર કોન્ટ્રાકટર મી. સેરવેલોના એથીએ ખરાબ અને તદ્દન બનાવટી દાવાઓની ફરિઆદીએ ભલામણ નથી કરી કે? બે અમલદારોની અંગત તપાસ પછી એ દાવા બનાવટી અને ઠગાઇભર્યા હોઇને નાણાં નહિં આપવાનો તેઓએ રીપોર્ટ કરવા છતાં ફરિઆદીએ એ દાવાની ભલામણ કરી એટલુંજ નહિં પણ એ નાણાં અપાવ્યાં સુદ્ધાં નથી કે? ગાયા કંપનીના સંબંધમાં કેટલાક કાગળો ગુમ થયા હતા તેમ ફેરો કંપનીના દાવાના પણ કેટલાક કાગળો ગુમ થયા હતા છતાં બનાવટી અને ઠગાઇભર્યા દાવાને તેણે ટેકો નથી આપ્યો કે? ગંભીર ગેરવર્તન પુરવાર થવા છતાં કાંઈ પગલાં લેવાની તેણે ના નથી પાડી કે?

આપ. નામદાર બહુજ ધ્યાનપુર્વક વિચાર કરશો તો ફરિઆદીનું વર્તન અને વલણ મી. હમીદના કરતાં વધારે શંકાભર્યું જણાશે. મી.

હમીદે ખુબ ચર્ચા પછી એકજ કોન્ટ્રાકટરના એકજ દાવા માટે ભલામણ કરી હતી, જ્યારે ફરિઆદીએ પોતાના બધા મિત્ર કોન્ટ્રાકટરોના એક નહિં પણ અનેક દાવા માટે ભલામણ કરીને નાણાં અપાવ્યાં હતાં. ફરિઆદીના આવા વર્તન માટે તેના કરતાં ઓછા શંકાભર્યા વર્તન માટે તે પોતાના માણસ સામે જે અનુમાન કરે છે તેવું અનુમાન કરવા સામે તે ફરિઆદ કરી શકે કે? વળી એ કબુલ કરવામાં આવ્યું કે મેજર પારસેલ, મી. સેરવેલો અને ફરિઆદી મિત્રો હતા, જ્યારે મી. હમીદનો ગાયા કંપની સાથે સંબંધ હોવાનું જણાયું નથી. કમીટી સમક્ષના સંજોગો મજબુત હતા અને ફરિઆદીએ પોતાના માણસો સામે જેવા ગંભીર અને ચોક્કસ આક્ષેપો કરવાની ધૃષ્ટતા કરી છે તેવી મેં નથી કરી. તેણે તેઓને નાલાયક કહ્યા છે અને ખોટા રીપોર્ટ કરવાના અને ગોટાળા કરવાના તેમની સામે આક્ષેપો કર્યા છે અને એવા ગંભીર આક્ષેપો પછી તેણેજ તેમાંના કેટલાકને સારા વર્તનનાં સર્ટીફીકેટ આપી બીજા સરકારી ખાતામાં રાખવા ભલામણ કરી છે.

મી૦ મહેતા જેવા અમલદાર સામે કાંઇ પણ કારણ કે વ્યાજબીપણા વિના તેણે રજીસ્ટરના નાશ કરવાના અને લોખંડના સળીયા ચોરવાના આક્ષેપો કર્યા છે, છતાં મોટા અમલદારો છુપા કમીશન ખાય છે એવી સામાન્ય અફવાની હકિકત જણાવવા સામે તે વાંધો લે છે.

સાક્ષીના પીંજરામાં ઉભા રહીને તેણે અમલદારો સામે મૂકયા છે તેવા સ્પષ્ટ અને ગંભીર આરોપો મૂકવાની હદે હું કદી ગયો નથી.

સરકારી નોકર કોન્ટ્રાકટરનો ભાગીદાર.

હવે ગાયા કંપનીનો દ. ખડો વિચારીએ. નાના કોન્ટ્રાકટ મેળવી

ચકનાર હિંદી કંપનીઓમાંની એ એક હતી; બીજી છોટાણી કંપની હતી. મેજર પારસેલ જેવા માનીતા કોન્ટ્રાકટરની હરિફાઇમાં તો તે ન ફાવી, પરંતુ ૮૦ ચાલના મોટા કામનું તેનું સૌથી નીચું ટેન્ડર નામંજુર કરવાના અન્યાયનો કંઇ બદલો વાળવા પુરતો તેને વરલી ખાતે ૨૬ ચાલોનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો. સામાન્ય નિયમમાં આ કંપની અપવાદરૂપ નહોતી. મી૦ હારવેના ખાતા સાથે કામ પાડવા માટે તો કંપનીનો કોઇક માણસ તેની કે કોઇ અમલદારની સાથે ઓળખાણ ધરાવતો હોવોજ જોઇએ. ખીલવણી ખાતાનો સેક્રેટરી અને જમીન મેળવનાર અમલદાર મી. ડી બી. વૈદ્ય પોતાના એવા મોટા હોદ્દાનું તદ્દન રાજીનામું આપવાનું સાહસ તો ન ખેડી શકે એટલે ૧૯૨૨ ના ફેબ્રુઆરીમાં તેણે બે વર્ષની લાંબી રજા મેળવી અને પછી સરવેયર તરીકે ખાનગી ધંધો કરવાની મંજુરી મેળવી. તેને ખાનગી ધંધો કરવાની મંજુરી મળી હતી તેથી તે ગાયા કંપનીમાં જોડાવામાં વ્યાજબી હતો એવું બતાવવા તે મંજુરી રજુ કરવામાં આવી છે, પરંતુ સરકારી મંજુરી ઉપરથી જે ખાતામાં તે મોટો અમલદાર હતો તેજ ખાતાના કોન્ટ્રાકટ લેવાનું ગેરવર્તન વ્યાજબી ઠરતું નથી. સરકારી રાજનીતિ પ્રમાણે કોઇ પણ સરકારી નોકર કે પેનશન ધરાવનાર સુધ્ધાં સરકારી બાંધકામનો કોન્ટ્રાકટર ન થઇ શકે અને જે ખાતાનો તે અમલદાર હોય તેનો તો જરા પણ નહિં. પહેલાં એવું બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો કે તેને ગાયા કંપની સાથે કાંઇ સંબંધ નહોતો. તેનો પુત્ર મી. ચીંતામણી તેમાં ભાગીદાર હતો, પરંતુ. તપાસ દરમીયાન સ્પષ્ટ થયું છે કે મી. ચીંતામણીનું તો નામજ હતું; ખરો ભાગીદાર મી. વૈદ્ય હતો. સરકારી કોન્ટ્રાકટ

લેવાનું તેનું વર્તન વ્યાજબી ઠરાવવા માટે તેને ખાનગી ધંધો કરવા દેવાની મંજુરી રજુ કરવામાં આવે છે, પરંતુ તે તો ઉલટું કોન્ટ્રાક્ટનો ઠરાવ થયા પહેલાંની તયારીઓ બતાવી આપે છે. મી. વૈદ્ય મુંબઇમાં હોવા છતાં સાક્ષીમાં આવવા હિંમત કરતો નથી અને તેના પુત્રની જન્મપત્રિકા અને સ્કુલ સર્ટીફીકેટ લઇને તેના ભાઇને મોકલ્યો છે. તેના ભાઇએ તો વાત વધારે સ્પષ્ટ કરી છે. તે કહે છે કે "ચીંતામણી ગાયા કંપનીનો ભાગીદાર હતો. તે કામમાં ભાગ લેતો કે નહિં તે હું જાણતો નથી. તેના બાપના વતી તેનું નામ ભાગીદાર તરીકે હતું કે કેમ તે મેં તપાસ કરી નથી. તેના બાપે કહ્યું હતું કે તે ભાગીદાર હતો. તે બરાબર ભણતો નહોતો તેથી તેને થોડા વખત પરજ નિશાળેથી ઉઠાડી લીધો હતો. તે પાંચમા કે છઠ્ઠા ધોરણમાં હતો. તેને કોન્ટ્રાક્ટર કે ઇજનેરના ધંધનો કશો અનુભવ નહોતો. તેનો બાપ ઇજનેર છે. તે ગાયા કંપનીમાં કામ કરે છે કે નહિં તે હું જાણતો નથી."

બીજા વધુ પુરાવા.

ઉપરાંત બીજી જુબાની પણ પુરવાર કરે છે કે ખરો ભાગીદાર મી. વૈદ્યજ હતો અને ગાયા કંપનીનાં ઇજનેરી કામ ઉપર દેખરેખ રાખતો હતો તેણે અમલદારો અને ખાતા ઉપર ગાયા કંપનીની વતી પત્રો લખ્યા છે અને તેપર પોતાની સહી કરી છે. ગાયા કંપનીના ભાગીદારો વચ્ચેના પત્રમાં પણ તેનું નામ છે. ઇજનેરી કામમાંજ નહિં પણ નાણાંની બાબતમાં પણ તેની સલાહ લેવામાં આવતી હતી મેજર પારસેલની માફક તે પણ પોતાની નોકરી દરમીઆન ચાલીઓનું બાંધકામ

જોવા આવતો, જે કોન્ટ્રાકટ લેવાની તેની તૈયારી બતાવી આપે છે. મી. હમીદ કહે છે કે "વૈદ્ય ઇજનેર હતો અને નોકરી દરમીયાન ખાતાનું કામકાજ જોવા આવતો. મી. હારવે નહિં પણ હું તેની સાથે ફરતો. વૈદ્યનો ગાયા કંપની સાથેનો સંબંધ તેના પુત્ર મારફત હતો. વરલી ખાતેના ગાયાના કામ પર હું તેને જોતો. તે ગાયાને ઇજનેરી બાબતમાં સલાહ આપતો. દેખરેખ રાખનારા ઇજનેરે વૈદ્યને ગાયાનું કામ સંભાળતો જોયો હશે."

કાગળો અને મોઢેની આવી મજબુત જુબાની ઉપરથી સાબીત થાય છે કે મી. વૈદ્ય ગાયાનો ખરો ભાગીદાર હતો અને તેના પુત્રનું તો નામજ હતું. એ યુકિત પણ બતાવી આપે છે કે મી. વૈદ્ય અને બીજા સમજતા હતા કે તે ખુલ્લી રીતે ભાગીદાર ન થઈ શકે.

પહેલાં ઇનકાર-પછી એકરાર.

આ બધા દાખલામાં ફરિઆદી પહેલાં તો પોતે કશું નહિં જાણતો હોવાનું-પોતાને કશો સંબંધ નહિં હોવાનું-ઇનકારનું ધોરણજ જાળવે છે, પરંતુ કાગળો બતાવવામાં આવતાં તેને એકરાર કરવાની ફરજ પડે છે. મી. વૈદ્યના સંબંધમાં તે કહે છે કે "સી. એ. ગાયા કંપનીમાં 'સી.' નો અર્થ શું તે હું જાણતો નથી."

સ—૧૯૨૨-૨૩ માં વૈદ્ય ખીલવણી ખાતામાં મોટા હોદ્દા પર હતો કે?

જ--તે કયારે ખાતું છોડી ગયો તે મને યાદ નથી.

સ—વૈદ્યનું નામ તમારી જાણમાં આવતાં તે સરકારી નોકરીમાં હતે. તેની તમે તપાસ કરી હતી કે?

જ—તે એજ વૈદ્ય હતો એવી મને ખબર નહોતી. કોન્ટ્રાકટ પુરો થયા પછી તે મને વરલી મળ્યો હતો. મેં તેને ગાયા કંપનીનો માણસ ધારી તે પ્રમાણે કામ પાડયું હતું. તે ગાયા કંપનીનો ભાગીદાર છે એવી મને ૧૯૨૫ ની આખરમાં કે ૧૯૨૬ની શરૂઆતમાં ખબર પડી.

પરંતુ કેટલાક કાગળો અને પત્રવહેવાર પરથી ઉપરની વાત ખોટી પડે છે. ચાક્ષી નં. ૮૯ અને ૧૧૦ માં અમુક ખામીના સંબંધમાં ૧૯૨૪ના ફેબ્રુઆરીમાં મી. વૈદ્યે પોતાને હાથે પત્ર લખી, ગાયા કંપનીની વતી સહી કરીને ફરિઆદી ઉપર મોકલ્યો છે. આવા તો ઘણા કાગળો છે, પરંતુ મેં એટલા પુરતો દાખલો આપ્યો છે કે ગાયા કંપની સાથેના મી. વૈદ્યના સંબંધની ફરિઆદીને ૧૯૨૪ના ફેબ્રુઆરી એટલે કે કામની શરૂઆતથી ખબર હતી અને તેનો ઇન્કાર ઢોંગ માત્ર છે. સવાલ એજ ઉઠે છે કે મી. વૈદ્યનું નામ છુપાવવાનો અને કોર્ટને ખોટે માર્ગે દોરવવાનો આ પ્રયત્ન શા માટે?

૧૨ાા ટકા કમીશન.

આ ઉપરાંત બોમ્બે કંપની કરતાં ગાયા કંપની પર ઓછી મહેરબાની કરવામાં આવી હતી એ વાતનો ઇન્કાર કરતાં ફરિઆદી કહે છે કે "ગાયા કંપનીને પણ વધારાના બાધકામ દીઠ ખાતાએ રૂ. ૩૦૦ વધારે આપ્યા હતા. હું દરેકની સાથે સરખી રીતે વર્તતો. નહાણીના ભાવ પણ મને વ્યાજબી ન લાગ્યા તેથી વધારી આપ્યા હતા." આમ કોન્ટ્રાકટમાં ઠરાવેલા ભાવો કરતાં વધારે ભાવ તેણે આપ્યા હતા. બારીઓ માટે પણ વધારે ભાવ આપ્યાનું કબુલ કરતાં તે કહે છે કે, "બોમ્બે કંપનીના જેટલાજ ભાવ મેં ગાયા કંપ-

નીને આપ્યો, જો કે કોન્ટ્રાકટ પ્રમાણે તેમનો હકક નહોતો. ઇન્સાફની ખાતર મેં ભાવ વધારી આપ્યો હતો." ફરિઆદી આથી શું એમ કહેવા માગે છે કે તેણે કોન્ટ્રાકટ કરતી વખતે અન્યાય કર્યો હતો? તે એમ પણ કબુલ કરે છે કે બીલો માટે પણ ગાયા કંપનીને સગવડો આપવામાં આવી હતી. સામાન્ય રીતે કોન્ટ્રાકટરોને દર મહીને બીલ આપવામાં આવતું છતાં તે કબુલ કરે છે કે "ગાયા કંપનીને મહીનામાં ત્રણ વખત બીલ આપતા હતા. તેઓએ મજુરોને હેરાન કરીને કામ પુરું કર્યું" કોર્ટે એ સવાલ વિચારવાનો છે કે આટલી બધી સગવડો છતાં ગાયા કંપની આર્થિક મુશ્કેલીમાં કેમ આવી પડી? આવા અનુકુળ સંજોગો છતાં નાણાં કયાં જતાં હતાં કે તેઓ મુશ્કેલીમાં આવી પડયા? ગાયા કંપનીના ચોપડા આ સવાલોનો જવાબ આપે છે અને બનાવી આપે છે કે મળેલા બીલો ઉપર ૧૨½ ટકા આપવામાં આવતા હતા.

૧૨॥ ટકાનું પરચુરણ ખર્ચ.

ગાયા કંપનીના ચોપડા પ્રમાણે ૮૦ ચાલોના ટેન્ડર માટે રૂ. ૪૦ હજાર ડીપોઝીટ તેમના પાસેથી લેવામાં આવ્યા હતા. ટેન્ડર નામંજુર થતાં રૂ. ૨૭ હજાર તા ૧૨-૧-૨૩ને રોજ પાછા વાળવામાં આવ્યા હતા. અને ૨૬ ચાલીઓ માટે રૂ. ૧૩ હજાર રાખવામાં આવ્યા હતા. આ રકમ ડીપોઝીટની હતી તે મી. મારકરને કરી આપેલા લખાણ ઉપરથી પણ જણાય છે. સાત દિવસ પછી એટલે કે તા. ૧૯-૧-૨૩ ને દિવસે રૂ. ૫૦૦૦ અને રૂ. ૧૮૫૯-૧૨-૯ "પરચુરણ

ખર્ચ હા. ગાયા" કશી પણ વિગત વિના ઉધારવામાં આવ્યા છે, જ્યારે એ દિવસોમાં ૭–૮ કે ૧૫ રૂપીયા જેવી નાની રકમોની પણ વિગત નાખવામાં આવી છે. તે પછી ગાયા કંપનીને કામ પેટે તા. ૯-૩–૨૩ ને રોજ રૂ. ૧,૩૪,૯૨૯-૪-૦ મળે છે અને ગાયા હસ્તક કશી વિગત વિનાના પરચુરણ ખર્ચ ખાતે નીચે મુજબ છેઃ—

રૂા. ૧૨૦૦	તા. ૨—૨—૨૩
,, ૧૨૫૦	,, ૬—૨—૨૩
,, ૫૦૦૦	,, ૧૫–૨—૨૩
,, ૯૩૮૦	,, ૧૧–૩—૨૩
કુલ રૂા. ૧૬,૮૩૦	

હવે રૂ. ૧,૩૪,૯૨૮ ઉપર ૧૨ાા ટકા લેખે રૂ. ૧૬, ૮૬૬ થાય છે જે અમલદારોને ૧૨ાા ટકા કમીશન આપવાની વાતને ટેકો આપે છે. તા. ૨૯–૩–૨૩ ને રોજ બીજા બીલના રૂ. ૧૨ ૭૯૯-૯-૦ ગાયા કંપનીને મળ્યા અને કશી વિગત વિના રૂ. ૧૬૦૦ પરચુરણ ખાતે હા. ગાયા ઉધર્યા છે, પરંતુ ૧૨ાા ટકા લેખે એવી નોંધ કરેલી છે. તે દિવસે રૂ. ૨૭ થી ૩૯ સુધીની નાની રકમોની વિગતો નાખેલી છે. આ બીલ ઉપર પણ ૧૨ાા ટકા લેખે બરાબર રૂ. ૧૬૦૦ થાય છે અને અમલદારોને ૧૨ાા ટકા કમીશન અપાયાની વાતને વધુ ટેકો આપે છે. તા. ૨૮–૩–૨૩ ને રોજ બીલ ખાતે રૂ. ૩૪૦૦ જમે છે અને નવ દિવસ પછી તા. ૬–૪–૨૩ ને રોજ રૂ. ૪૨૫ કાંઈ પણ વિગત વિના પરચુરણ ખર્ચ ખાતે ઉધાર છે અને તે રકમ "રૂ. ૧૬૦૦ની સાથે જાય છે" એવી નોંધ છે. રૂ. ૩૪૦૦ ઉપર ૧૨ાા ટકા લેખે બરાબર રૂ. ૪૨૫ થાય છે.

આ એક બે દાખલા કેવી ગોઠવણ હતી તે બતાવી આપે છે. સૌથી વધારે પુરાવો છેવટના ભાગમાં મળે છે. સંવત્ ૧૯૭૯ના (ઓકટોબર ૧૯૨૪) પરચુરણ ખાતે કુલ રૂ. ૧,૫૬,૮૬૧ ઉધારેલા છે અને "અમલદારોને" બદલે "કોન્ટ્રાકટરોને પગાર" ખાતે ચારે ભાગીદારોને ફાળે નાખેલા છે.

કમીશનની ગોઠવણનો અમલ.

તા. ૧૨-૧૦-૨૪ ને રોજ ૧૯૭૯ નું વર્ષ પુરૂં થતું હોવાથી ઉપરની ગોઠવણ મુજબ બાકી દેવાના રૂ. ૨૫૦૦ બાકી દેવા બતાવવામાં આવ્યા છે અને તે તા. ૧૨-૨-૨૫ ને રોજ ચૂકવવામાં આવ્યા છે. આ વખતે ગાયા કંપની આર્થિક મુશ્કેલીમાં હોવાથી તેઓએ તા. ૪--૨-૨૫ ને રોજ મી. મારકરને પ્રોમીસરી નોટ લખી આપી રૂ. ૨૫૦૦ ઉછીના લીધા. તેના પર સહી કરવા પોતાના ભાગીદારને મી. ગાયા લખે છે કે "આપણો રૂ. ૧૪,૯૫૫ નો ચેક ઓડીટ ઓફીસમાં તૈયાર છે. રકમ નાની હોવાથી મી. મારકર રૂ. ૨૫૦૦ આપવાજ કબુલ કરે છે. આવતા બીલમાંથી વધુ આપવા તેને સમજાવી શકાશે. સાથેની રસીદ પર સહી કરી મોકલશો. ચેક લેવા મારે સાંજે ચાર વાગે મી. મારકરને મળવાનું છે." તે પછી ગાયા કંપનીના છાપેલા ફોર્મ ઉપર તા. ૧૨-૨-૨૫ ને રોજ મી. શંભુજી, મી. મારકર અને મી. ગાયાને હસ્તે રૂ. ૨૧૦૦ પરચુરણ ખાતે ઉધારીને એ કાપલી આગલી સાલના દીવાળીના દિવસના (તા. ૧૨-૧૦-૨૪) પાના પર ચોડવામાં આવી છે. તે બતાવે છે કે રૂપીયા તા. ૧૨-૨-૨૫ને દિવસે આપવામાં આવ્યા પરંતુ તે આગલી સાલના હિસાબના

હતા. આ બધી હકિકતો બતાવી આપે છે કે છુપું કમીશન ચૂકવવા મી. મારકર પાસેથી નાણાં ઉછીનાં લેવામાં આવ્યાં હતાં અને તે બીજા કોઇ કામમાં ન વપરાય તેની ખાત્રી કરવા તે આપતી વખતે મી. મારકર અને મી. શંભુજી હાજર હતા. મી. મારકર એવો ખુલાસો કરે છે કે મજુરોને પગાર નહિં આપવાથી કામ અટકી પડયું હતું તેથી તે રકમની જરૂર પડી હતી. આ ખુલાસો તદ્દન ખોટો છે કેમકે ગાયા કંપનીએ ૧૯૨૫ના જાન્યુઆરીની આખરે કે ફેબ્રુઆરીની શરૂઆતમાં ચાલીઓ પુરી કરીને સોંપી દીધી હતી, જો કે કોન્ટ્રાકટ પ્રમાણે ૧૯૨૪ના ઓગસ્ટ સપ્ટેમ્બરમાં કામ પુરૂં કરવાનું હતું. એટલે ૧૯૨૫ના ફેબ્રુઆરીમાં મજુરોના પગારની અને કામ અટકી પડયાની વાત ગલત છે. મી. ગાયાની મી. શંભુજી ઉપરની ચીઠ્ઠી બતાવી આપે છે કે મી. મારકર વચ્ચે દલાલ હતો.

રૂ. ૬૦ હજારની ચીઠ્ઠી.

૧૯૨૫ના ફેબ્રુઆરીમાં ગાયા કંપનીએ મી. મારકરને કરી આપેલું રૂ. ૨૫ હજારનું લખત બનાવટી હતું. તે કોઇ લેણા પેટે નહિં પણ ગાયા કંપનીનો છેવટનો હિસાબ પતી જાય ત્યારે અમલદારોને તેમનો હિસ્સો મળે તેની ખાત્રી તરીકે હતું, કેમકે ગાયા કંપની અને ખીલવણી ખાતા વચ્ચે વધો પડ્યો હતો. આ રૂા. ૨૫ હજાર લેણાં નીકળે છે એવો એક પણ પુરાવો મી. મારકર પોતાના ચોપડામાં બતાવી શકતો નથી. તે માત્ર બે ચીઠ્ઠીઓ રજુ કરે છે કે જે આ કેસની ખાતર સ્મરણશકિત ઉપરથી તૈયાર કરેલી છે. ગગરાટ, મારકર અને ગાયા કંપની વચ્ચેના કરાર પ્રમાણે તેમજ

મી. મારકરની જુબાની પ્રમાણે કોન્ટ્રાકટના અને વધારાના કામના મળીને ગગરાટ મારકર કંપનીનું ગાયા કંપની ઉપર રૂા. ૧,૭૯૯૬૨નું બીલ થતું હતું. મી. મારકર કબુલ કરે છે કે "ગાયા કંપની તરફથી અમને લગભગ રૂા. ૧,૧૭,૦૦મળ્યા હતા." બાકી રકમ માટે ગાયા કંપનીએ ૧૯૨૪ ના ડીસેમ્બરમાં રૂ. ૬૦ હજારનું લખત કરી આપ્યું હતું. છેવટના બીલો ઉપર મી. મારકરની સહી અને નોંધ છે કે માપ ખરૂં છે. લખતમાં પણ ચોકખું જણાવેલું છે કે કામ પુરૂં થયા પછી એ રકમ દેવાની છે.

પોતાની ખોટી વાત ટકાવી રાખવા મી. મારકર કહે છે કે એ લખત પછી ચાર પાંચ મહીના કામ ચાલ્યું હતું, તેથી વધુ રકમ લેણી નીકળતી હતી એટલા માટે રૂ. ૨૫ હજારનું લખત કરાવી લીધું હતું, પરંતુ એવડી મોટી રકમ લેણી પડયાનો એક પણ કાગળ તે રજુ કરી શકતો નથી. વળી સેનીટરી ઈજનેરે કારોબારી ઇજનેરને લખેલા પત્ર ઉપરથી પણ ઉપરની દલીલ ખોટી પડે છે તે લખે છે કે "૨૦ ચાલો ૧૯૨૫ના જાન્યુઆરીમાં ખોલવણી ખાતાને સોંપાવા માટે તૈયાર થઇ જશે." આ પત્ર અને ફરિઆદ પક્ષના જણાવ્યા મુજબ ગાયા કંપનીના બધી ચાલો ૧૯૨૫ના જાન્યુઆરી–ફેબ્રુઆરીમાં ખોલવણી ખાતાને સોંપાઇ ગઇ હતી. ચાલીઓ ખોલવણી ખાતાને સોંપાઇ ગયા પછી ચાર પાંચ મહીના મી. મારકરે કામ કયાંથી ચાલુ રાખ્યું હોય?

રૂ. ૨૫ હજારનું લખત.

રૂા. ૬૦ હજારના લખત પછી ગગરાટ મારકર કંપનીની કાંઇજ રકમ લેણી નહેતી અને રૂ. ૨૫ હજારનું લખત મેં જણાવ્યું તેના હેતુથીજ

લખાવી લીધેલું હતું, તેવા નિર્ણય માટે પુરતાં કારણો છે. ગાયા કંપનીનું છેવટનું બીલ બે લાખનું હતું અને તેણે ૨॥ લાખનો દાવો પણ માંડયો હતો. તેનો દાવો પતાવવા મસલત ચાલી હતી તે અરસામાંજ રૂ. ૨૫ હજારનું લખત કરાવી લેવામાં આવ્યું હતું. ફરિઆદીની જુબાની પ્રમાણે એ મસલતમાં તે, મી. હમીદ અને મી. ગાયા હતા. મી. હારવેના જવા પહેલાં મસલત ચાલી હતી. તે ૧૯૨૫ ના મે કે જુનમાં ગયો, તેથી લખત કરાવી લેવાની જરૂર હતી, કેમકે ગાયા કંપની નાણાંની મુશ્કેલીમાં હતી એટલે તેને બીલ મળી ગયા પછી તે એ રકમ આપે એવો વિશ્વાસ રાખી શકાય તેવું નહોતું.

ગાયા કંપનીના ચોપડાના હિસાબો, ભાગીદારો વચ્ચેનો પત્રવહેવાર, મી. મારકરને કરી આપેલું લખત અને પ્રોમીસરી નોટ—એ બધું અમલદારોનો છુપા કમીશનની કોન્ટ્રાકટરો સાથેની ગોઠવણ હોવાના નિર્ણય માટે પુરતું છે.

અર્થસુચક રકમો.

આ સંબંધમાં ડીપોઝીટ લીધા પછી અને કામ શરૂ થયા પહેલાની રૂ. ૫૦૦૦ અને રૂ. ૧૮૫૯ની બે રકમો કોર્ટે ધ્યાનમાં લેવાની છે. જો આ રકમો કોન્ટ્રાકટ આપવાની મહેરબાની બદલ હતી તો પછી એ મહેરબાની કરવાનું ફરિઆદીના એકલાના હાથમાં હતું અને તેની ભલામણથીજ ટેન્ડર માગ્યા વિના ગાયા કંપનીને કામ આપવામાં આવ્યું હતું. મી. હમીદને એ સત્તા હતીજ નહિં, આખી ગોઠવણનો આધાર કોન્ટ્રાકટ આપવા ઉપર હતી એટલે કોન્ટ્રાકટ આપનાર અમલદાર ગોઠવણમાંથી રહી નજ જાય એ

અનુમાન તદ્દન વ્યાજબી છે. મી. હમીદ કે મી. ગઝદર પોતાના માની-તાઓ ઉપર ગમે તેવી મહેરબાનીઓ કરવા ઇચ્છતા હોય તો પણ મી. હારવેના સહકાર વિના તેઓ નજ ફાવી શકે. એટલે કામ શરૂ થયા પહેલાંની રૂ ૫૦૦૦ હજાર અને રૂ. ૧૮૫૯ની રકમો અર્થસૂચક છે. વળી મી. વૈદ્ય સરકારી નોકરીમાં હતો તે દરમીયાન કોન્ટ્રાકટર સાથે જોડાયો તે તરફ મી. હારવેએ આંખ આડા કાન કર્યા અને કોર્ટથી એ વાત છુપાવી આડે માર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો તે તેની વિરૂધ્ધ શંકા કરવાનું વધારે કારણ આપે છે. મી. વૈદ્યને ખાતાનો અમલદાર હોઇ ફરિઆદી તેને ઓળખતોજ હોવો જોઇએ અને નોકરી દરમીયાન તે પણ મેજર પારસેલની માફક કામ જોવા આવતો હતો. મી. વૈદ્ય સરકારી નોકરીમાં હતો તે દરમીયાન તેને કોન્ટ્રાકટ લેવા દેવાનું શું કારણ હતું ? આ સંબંધમાં હું ઉપર બતાવી ગયો છું કે ફરિઆદીએ બે અમલદારો સામે શંકા દર્શાવી હતી અને ગાયા કંપની સાથે ભળી ગયેલા હોવાનો આક્ષેપ મૂકયો હતો, જો કે તેમની વિરૂદ્ધ તેણે કશી તપાસ કે રીપોર્ટ કર્યો નથી. તે કહે છે કે તેણે ખાસ જુદો રીપોર્ટ કર્યો હતો, પરંતુ તે ખાસ રીપોર્ટ તે રજુ કરી શકતો નથી. તેણે એ કહેવાતા ખાસ રીપોર્ટ કર્યો જણાતોજ નથી, કેમકે તેની ગેરહાજરીમાં તેનીજ ભલામણથી તે અમલદારોને ઉપરના હોદ્દે ચડાવવામાં આવ્યા હતા, અને તેણેજ તેમને સર્ટીફીકેટ આપ્યાં હતાં આ ગુંચવાડામાંથી નીકળવા એ તદ્દન ખોટી વાત કરે છે કે "મને લાગે છે કે આ બનાવ પહેલાં મેં સર્ટીફીકેટ આપ્યાં હતાં." એ બનાવ વખતે બન્ને અમલદારો નોકરી પર ચાલુ હતા અને નોકરી પરના અમલદારોને સર્ટીફીકેટ હોઇ શકે નહિં. મી. હમીદ પોતાની જુબાનીમાં કહે છે કે "હારવેએ

પોતાના કોઇ રીપોર્ટમાં તેની શંકાનો આક્ષેપ કર્યો નથી. મારા જાણવા મુજબ કશી તપાસ પણ થઇ નથી. મારી પાસે કાંઇ ખુલાસો માગવામાં પણ આવ્યો નથી. તે પછી ઘણો વખત પછી તેણે મને સર્ટીફીકેટ આપ્યું. ગાયા કંપની સાથે હું ભળી ગયો છું એવી હારવેને શંકા છે એવું કદી જાણતો નહોતો. કોર્ટમાંજ હારવેએ જુબાનામાં એ આક્ષેપ કર્યો ત્યારે મેં પહેલી વખતજ જાણ્યું."

જો કે નીમણુંકો સરકાર કરતી, તો પણ વિભાગોની વહેંચણી વિગેરે ગોઠવણ મી. હારવેના હાથમાં હતી. મેજર પારસેલ અને મી. ગાયાને વરલીનાં કામ મળ્યાં ત્યારે મી. હમીદને વરલી પર ગોઠવવામાં આવ્યો હતો અને તેના માનીતા મી. ગઝદરને હૈદ્રાબાદથી બોલાવી તેના હાથ નીચે મૂકવામાં આવ્યો હતો.

નાદારીને લીધેજ મળી શકેલા ચોપડા

અમલદારો અને કોન્ટ્રાક્ટરો વચ્ચે કેવી ગોઠવણ હતી તેનો વિચાર કરતી વખતે કોર્ટે આ બધા સંજોગો ધ્યાનમાં લેવાના છે. ખીલવણી ખાતા સાથે કામ કરનાર બધા કોન્ટ્રાક્ટરોમાંથી માત્ર ગાયા કંપનીનાજ ચોપડા મળી શક્યા છે અને તેનું કારણ પણ એ છે કે એ કંપની નાદાર થવાથી તેના ચોપડા ઓફીસીયલ એસાઇનીના કબજામાં હતા. બોમ્બે કંપનીને સમન્સ પહોંચાડવા છતાં તેના ચોપડા મેળવી શકાયા નથી. ગાયા કંપની કરતાં પણ વધારે શંકાભરી રીતે બીજા કોન્ટ્રાક્ટરોને કામ આપવામાં આવ્યાં અને નીભાવવામાં આવ્યાં હતાં, પરંતુ તપાસની વિલંબ કરવાથી તેમના ચોપડા મળી શક્યા નથી. તેટલે અંશે બચાવપક્ષને વિઘ્ન નડયું છે.

બે ભાવમાં રૂ. ૩૮ હજારનો તફાવત.

મઝગામ, ડીલાઇલ રોડ અને નાયગામ પ્લોટ "બી"ના બે નાના કોન્ટ્રાકટો હતા. ડીલાઇલ રોડનું કામ, જે. સી ગેમનનો ભાવ ત્રીજો હતો અને કામ તેની તથા વલી મહમદ અને ઉદેસીંગની વચ્ચે વહેંચી નાખવાનું હતું તો પણ જે. સી. ગેમનને મળ્યું. વલી મહમદ અને ઉદેસીંગને કામ મળ્યા પછી છોડી દેવું પડયુ હતું અને બધું કામ ગેમનને મળ્યું. એજ કંપનીએ જુની ખાતાની ડીઝાઇનની વરલીની ચાલીઓ માટે રૂ. ૧૨૪,૦૦૪ નો અને એનીજ ડીલાઇલ રોડની ચાલીઓ માટે રૂ. ૮૬,૦૭૭ નો એટલે લગભગ રૂ. ૩૮ હજારના ફેરનો ભાવ આપ્યો હતો. એકજ જાતની ચાલીઓના ભાવ માટે એકજ વખતે આટલા મોટા ફેરનું કારણ સમજી શકાતું નથી. વળી આ દેખીતા નીચા ભાવને કારણે કોન્ટ્રાકટ આપવામાં આવ્યા હતો તો પણ વધારાના બદલાના નામે વરલીના ભાવેજ નાણાં આપવામાં આવ્યાં હતાં. કારણ પૂછતાં ફરિઆદી એવો ખુલાસો કરે છે કે "ડીલાઇલ રોડના ટેન્ડરમાં સેનીટરી ફીટીંગનો સમાવેશ નહોતો." પરંતુ સલાહકાર કમીટીમાં તે એમ કહે છે કે જે. સી. ગેમનના ભાવમાં સેનીટરી ફીટીંગનો સમાવેશ કરેલો હતો અને તે કારણે તેનું ટેન્ડર સ્વીકારવામાં આવ્યું હતું. એટલે કાં તો કોર્ટમાં તે કહે છે તે અથવા કમીટીમાં તેણે કહેલી વાત એ બેમાંથી એક તો ખોટી છેજ. ફરિઆદી પોતાને ફાવે તેમ કેવી જુદી જુદી વાતો કરે છે તે આ ઉપરથી દેખાઇ આવે છે.

ચાલી દીઠ રૂ. ૩૦ હજાર વધારે ચુકવ્યા.

સીવરીની ચાલો કે જે ડીલાઇલ રોડ અને વરલી ચાલીનીજ

ડીઝાઇનનાં હતી તેને માટે માર્શલેન્ડ પ્રાઇસનું ટેન્ડર રૂ. ૮૫,૧૨૧નું હતું, છતાં તે સ્વીકારવામાં ન આવ્યું અને તેને માટે કમીટીમાં એવું કારણ બતાવવામાં આવ્યું કે "ભાવો એટલા નીચા હતા કે સારા કામને યોગ્ય નહોતા વ્યાજબી ભાવ રૂ. ૯૫ હજાર ઉપર જાય." આમ છતાં ગેમનનુ ડીલાઇલ રોડની ચાલીઓ માટેનું રૂ. ૮૬,૦૭૭નું ટેન્ડર સારા કામને યોગ્ય ગણવામાં આવ્યું હતું. આ દાખલા બતાવે છે કે ફરિઆદી ફાવે તેમ વાતો બદલે છે. ડીલાઇલ રોડની ચાલી માટે ઇવટના આંકડા જણાવવા વારવાર આગ્રહ કરવા છતાં તે કહે છે કે "ડીલાઇલ રોડની ચાલી દીઠ આંકડો આપવો મુશ્કેલ છે." જો તે બધા વિભાગોના આંકડા આપી શકે છે તો માત્ર ડીલાઇલ રોડનો આંકડો આપવામાં તેને શું મુશ્કેલી પડે છે? પરંતુ એ આંકડો તે જણાવે તો દેખાઇ આવે કે ટેન્ડરના ભાવમાં અને છેવટ ચૂકવાયેલી રકમમાં ચાલી દીઠ રૂ. ૩૦ હજાર વધારે આપવામાં આવ્યા છે.

ફરિઆદી ગેમન સાથે ઓળખાણ હોવાનો ઇનકાર કરે છે પરંતુ બીજી બાબતો સાથે ગેમને બાંધેલી એક ચાલી પડી જવા સંબંધીની તપાસ દરમીયાન (એ કમીટીમાં ફરિઆદી, મેજર પારસેલ, મી. સેરવેલો અને બીજા ઇજનેરો હતા) ખુલ્લું થયું હતું કે કોન્ટ્રાકટ મળ્યા પહેલાં ફરિઆદીની મારફતજ ગેમન આ અમલદારોને ઓળખતો હતો.

કોન્ટ્રાકટરોનું લીસ્ટ.

છોટાણી કે જેને નાયગામ પ્લોટ 'બી' ખાતે થોડી ચાલીઓનો નાનો કોન્ટ્રાકટ મળ્યો તે એકજ અપવાદ સિવાય (જો કે તેને પણ સર લોબેસ હેપર રેલ્વે એજંટ હતો ત્યારનાં તેની સાથે રેલ્વે કોન્ટ્રા-

કટર તરીકેની ઓળખાણ હતી) બાકીની ૧૬૦ ચાલીઓના બધા કોન્ટ્રાકટો ફરિઆદીનો મિત્ર, ઓળખીતો કે જોડીદાર જે કંપનીમાં હતો તે કંપનીઓનેજ મળ્યા છે, જે નીચેના લીસ્ટ ઉપરથી સ્પષ્ટ થશે:—

મેજર પારસેલ	(બોમ્બે કંપની)	વરલી	ખાતે	૮૦	ચાલી
મી. સેરવેલો	(ફેરો કંપની)	સીવરી	"	૧૨	"
મી. ડી. આર. વૈદ્ય	(ગાયા કંપની)	વરલી	"	૨૬	"
કર્નલ ઓસવુડ	(ઇન્ડીયન કંપની)	નાયગામ પ્લોટ 'એ'	"	૨૦	"
મી. જે. સી. ગેમન		ડીલાઇલ રોડ	"	૨૦	"

મી. ઓવન સેનીટરી કોન્ટ્રાકટર અને સપ્લાયર

ચાલીના કોન્ટ્રાકટના સંબંધમાં પણ ગાયા કંપની સિવાય બધાં ટેન્ડરો ઉંચા ભાવનાજ સ્વીકારવામાં આવ્યાં હતાં. બોમ્બે અને ફેરો કંપનીઓને તો નીચલા અધિકારીઓના રીપોર્ટ અને નાણાં ખાતાના વિરોધ છતાં મોટી રકમો આપવામાં આવી હતી. જે માપો અને દાવાઓ ખોટા અને બનાવટી હોવાનું જોખમદાર ઇજનેરોએ શોધી કાઢ્યું હતું તેનાં પણ ગેરકાયદેસર નાણાં આપવામાં આવ્યાં હતાં.

મારો ઇરાદો અને હેતુ દર્શાવવા માટે હું કોર્ટનું મારા કમીટી સમક્ષના સ્ટેટમેંટ તરફ ધ્યાન ખેંચીશ. તેમાં મેં ગેરવહીવટને લીધે ગયેલી ખોટ, અને તેથી ઇલાકાના વહીવટને ખમવી પડતી મુશ્કેલી બતાવી હતી અને બતાવી આપ્યું હતું કે આ વિષય એટલો અગત્યનો છે

કે દરેક શહેરીએ તેને માટે બનતી મહેનત, દેખરેખ અને સંભાળ રાખવી ઘટે છે. એ સવાલ દ્વેષનો કે કોઇ અમલદારની આબરૂને હાનિ પહોંચાડવાનો નહોતો.

કમીટી સમક્ષ દરિયાની પુરણીની ખોટની બાબત પર મેં ટીકા કરી હતી પરંતુ તે ટીકા ચાલીઓની ખોટને પણ એટલીજ લાગુ પડે છે.

વધારાનું સ્ટેટમેન્ટ.

શ્રી. નરીમાને તા. ૮મી ઓક્ટોબર ૧૯૨૭ના રોજ નીચે પ્રમાણે વધારાનું સ્ટેટમેન્ટ કર્યું હતું:—

ફરિઆદીએ સીમેન્ટની ગુણોમાં બીયાં અને ખોળના ભેળસેળ માટે લખેલા પત્ર ઉપરથી જણાય છે કે તે બનાવ બન્યો ત્યારે એટલે કે ૧૯૨૪ના માર્ચ એપ્રીલમાં તે હોદ્દા પર હતો. તે એવો ખુલાસો કરે છે કે સ્ટીમરમાં સીમેન્ટની ગુણો ફાટી ગઇ હતી અને તે ફરી ભરતાં બીયાં અને ખોળ ભેળાઇ ગયાં હતાં. એજ કાગળ એ પણ બતાવી આપે છે કે ટાયર બનાવનારાઓની મુંબઇમાં એજંસી હતી અને તેમના અને વોરા કંપનીના ભાવમાં ફેર હતો છતાં વોરા કંપનીને ઓર્ડર આપવામાં આવ્યો હતો.

	ડનલોપના એજંટનો ભાવ	વોરા કંપનીનો ડનલોપ ટાયરનો ભાવ	તફાવત
૧૬૦×૮૫૦	રૂ. ૪૫૦—૦-૦	રૂ. ૬૬૫-૧૩—૭	રૂ. ૨૧૫-૧૩-૭
૧૬૦×૭૨૦	” ૪૯૦-૧૦-૦	” ૫૬૬—૩—૦	” ૭૫—૯—૦

ઓડીટ ઓફીસે આ સામે વાંધો લીધો હતો પરંતુ ફરીથી

ઓર્ડરો સ્થાનિક વેપારીને નહિં પણ હાઇ કમીશનરને મોકલવામાં આવશે એવી ખાત્રી આપવામાં આવતાં વાત પડતી મૂકાઇ.

ફરીઆદીએ ઓર્ડર આપ્યાનો પુરાવો.

વળી એજ કાગળમાં ફરિઆદીએ ૧/૪" માપના લોખંડના સળીયા રૂ. ૧૧–૪–૦ હંડ્રવેટના ભાવે ખરીદવાની મંજુરીની બે અરજીઓ કરેલી છે જે સરકારે આપી છે. આ ઉપરથી "મેં સ્થાનિક આપ્યો નથી" ફરિઆદીનું કહેવું ખોટું પડે છે. મી. સાઇકસની ઉલટપાલટ તપાસ વખતે રજુ થએલી અરજીઓ વખતે પણ આ બે અરજીઓ દાબી રાખવામાં આવી હતી. મેં આગળ આપેલા લીસ્ટ પ્રમાણે હજુ પણ કેટલીક અરજીઓ દાબી રાખવામાં આવી છે. ઉપર જણાવેલી બે અરજીઓ મેં આપેલા લીસ્ટમાં છે જે મારૂં લીસ્ટ ખરૂં હોવાનું બતાવી આપે છે.

અનામત સીલ્લકનો ખોટો બચાવ.

ઉપર જણાવેલા ફરિઆદીના પત્રમાં એવો શેરો છે કે "લોખંડના સળીયાની સીલ્લકની હદ રૂ. ૧૫ હજારની હતી." એટલે કે ભવિષ્યના કામ માટે એટલી કિંમતના સળીયા સીલ્લકમાં રાખી શકાય. જાહેર બાધકામના કાનુન મુજબ એવી હદની જરૂર હોય છે.

૭/૮" માપના ૮૦ હજાર સળીયાના ઓર્ડરના ખુલાસામાં ફરિઆદી કહે કે "એ સળીયા સીલ્લકમાં અનામત રાખવાના હતા. માત્ર અનામતની હદની મંજુરી માગવાની હોય છે. અમને મંજુરી મળી હતી." પરંતુ ઉપરના પત્રમાં ,મંજુરી રૂ. ૧૫ હજાર સુધીની છે જ્યારે

૮૦ હજાર સળીયાની કિંમત ૩ લાખની છે એટલે તે સીલ્લકમાં અનામત રાખવા માટે હોઇ શકે નહિં.

લોખંડના તાર પાછળ રૂ. ૧૨ હજારનું નુકશાન.

બોમ્બે કંપનીને લોખંડના તાર ટનના રૂ. ૩૭૫ના બજારભાવ કરતાં ઓછે એટલે રૂ. ૨૦૦ ના ભાવે આપવા વ્યાજબી ઠરાવવા માટે ઇન્ડીયા ઓફીસનો પત્ર રજુ કરવામાં આવ્યો છે. તે પત્રમાં જણાવ્યું છે કે "૩/૬" અને તેથી વધારે જાડાઇના સળીયા રૂ. ૨૦૦ના ભાવે પુરા પાડી શકાશે પરંતુ તેથી પાતળા સળીયા તાર તરીકે ગણવા અને તેના ટનના રૂ. ૩૭૫ છે." મેજર પારસેલને પુરા પાડેલા તારની જાડાઇ ૧/૮" એટલે ૩/૬" કરતાં ઓછી હતી તેથી તેનો સરકારી ભાવ રૂ. ૩૭૫ ગણાવો જોઇએ. કામ શરૂ થયા પછી આઠ મહીના સુધી એ ભાવ આપ્યો, પરંતુ પાછળથી રૂ. ૨૦૦નો ભાવ ગણી વળતર માગ્યું. કારોબારી ઇજનેર મી. હમીદે જણાવ્યું બધા કોન્ટ્રાકટરોને રૂ. ૩૭૫ના ભાવે અપાય છે તેથી તે ઘટાડી રૂ. ૨૦૦ કરવામાં આવે તો ખાતાને ભારે ખોટ જાય. ફરિઆદી પહેલાં તો મી. હમીદને મળતો થયો, પરંતુ પાછળથી તેણે વિચાર ફેરવ્યો અને આગલાં બીલો પર ટન દીઠ રૂ. ૧૭૫નું વળતર કાપી આપ્યું. આમ મેજર પારસેલને રૂ. ૧૨,૦૦૦ વધારે મળ્યા અને ખાતાને તેટલી ખોટ ગઇ.

બોમ્બે અને ગાયા કંપનીને વધારેના કામ માટે આપેલી રકમોની સરખામણીમાં એવું બતાવવામાં આવ્યું છે કે બોમ્બે કંપનીને ગાયા કંપની કરતાં રૂ. ૨૫૦૦ અને છોટાણી કરતાં રૂ. ૬૦૦૦ ઓછા આપવામાં આવ્યા છે. માહિતી સેનીટરી ફીટીંગ, વધારાનું

કામ વિગેરે બધુ મળીને ચાલી દીઠ રકમની માગવામાં આવી હતી. તેને બદલે વધારાના કામના આંકડાજ આપવામાં આવ્યા છે અને તે શા ઉપરથી લેવામાં આવ્યા છે તે પણ જણાવેલું નથી. આ આંકડા વિષે ફરિયાદીની ઉલટપાલટ તપાસ લેવા દેવામાં આવી નહોતી અને છતાં તે પુરાવામાં દાખલ કરવામાં આવ્યું છે.

આવા સંજોગોમાં હું આંકડા ખરા હોવાનું માની શકતો નથી કેમકે તે ખોટે માર્ગે દોરનારા છે અને તેમાંથી પુરી માહિતી મળતી નથી.

ભાવથી સો ગણું બીલ.

સૌથી અગત્યનો કાગળ ફેરો કંપનીનાં અગાઉનાં બીલો સાથેનું છેવટનું બીલ છે. તેની તારીખ ૧૭–૩–૨૬ છે, તેમાં એક રકમ બારીઓના પડદા રંગવાની છે. ભાવની કોલમમાં દર સો ચોરસ ફીટના રૂ. ૪. જણાવેલા છે. ૧૨. ચાલીઓની બારીઓનું કુલ માપ ૩૬૬૦ ચોરસ ફીટ છે. એટલે બીલ રૂ. ૧૪૬–૮–૦ થવું જોઈએ તેને બદલે રૂ. ૧૪૬૪૨–૨–૦ નો આંકડો ભરવામાં આવ્યો છે. આમ તદ્દન ખોટી રીતે રૂ. ૧૪,૪૦૦ ફેરો કંપનીને આપવામાં આવ્યા છે.

નિયમ એવો છે કે આ બીલો ચાલીઓ ખાતા તરફથી માપની ચોપડી ઉપરથી તૈયાર થઇ નાણાં ચૂકાવવા માટે ઓડીટ ઓફીસ પર મોકલવામાં આવે છે. ફેરો કંપનીના બીલ પર મી૦ હમીદની સહી છે, પરંતુ ફરિઆદીએ પણ બારીકીથી તે તપાસી તેના પર સહી કરી છે. આ બીલ ઉપર "છેવટનું" એવા શબ્દો હતા, પરંતુ હજુ હિસાબ કરવાનો બાકી હોય તેમ ફરિઆદીએ તે શબ્દ છેકીને "ચાલુ" એવો શબ્દ મૂકયો છે.

બીલો સાથે ફરિઆદીનો સંબંધ.

ફરિઆદી જુબાનીમાં કહે છે કે તેને બીલો સાથે કશો સંબંધ નહોતો, પરંતુ ઉપરના બીલ પર તેનો શેરો બતાવી આપે છે કે બીલો તેની પર જતાં એટલુંજ નહિં પણ તે બારીકાઇથી તપાસી જરૂરી ફેરફાર પણ કરતો હતો.

આ છેવટનું બીલ રજુ કરવા ઓડીટ અમલદાર પર સમન્સ મોકલવામાં આવતાં, પહેલે દિવસે તે આવ્યો નહિં પણ બચાવપક્ષને આડે માર્ગે દોરવવા ફેરો કંપનીને અપાયેલા બદલાનું બીલ લઇને તેના કલાર્ક મી. ગાયકવાડને મોકલ્યો. છેવટનું બીલ રજુ નહિં કરવા બહાના બતાવવામાં આવ્યાં. છેવટે ફરી સમન્સ મોકલી જોઇતા કાગળની પુરી વિગત આપવામાં આવી ત્યારેજ છેવટનું બીલ રજુ કરવામાં આવ્યું કે કે જે ઉપરથી બધી વાતો બહાર આવી.

ફેરો કંપનીને અપાયેલા બદલાના બીલ પર ફરિઆદીની સહી છે અને તેની રકમ ફરિઆદીએ જુબાનીમાં જણાવી તે કરતાં ઘણી મોટી છે. આ એકજ દાખલો "બીલો સાથે મારે કશો સંબંધ નહોતો એ ફરિઆદીની વાત જુઠી પાડે છે અને છેવટના બીલમાંની બારી રંગવાની રકમ બતાવી આપે છે કે ફેરો કંપનીના વ્યાજબી લેણાં કરતાં રૂ. ૧૪,૪૦૦ વધારે ગેરકાયદેસર રીતે આપવામાં આવ્યા હતા.

આપ નામદાર જોઈ શકશો કે માનીતા કોન્ટ્રાકટરને આવા રીતે નાણાં આપવાનો આ એકજ દાખલો નથી પરંતુ જુદા જુદા બહાના હેઠળ એજ કંપનીને એવી રીતે અપાયેલા અનેક રકમોમાંની એક છે.

લેખિત સ્ટેટમેન્ટની છેવટની અપીલ.

કોર્ટ સમક્ષ મેં રજુ કરેલા દાખલાઓ પછી સત્ય શોધી કાઢવા માટે તપાસ કરવા ધારાસભામાં કે કમીટીમાં માગણી કરવામાં હું તદ્દન વ્યાજબી અને સપ્રમાણ હતો કે નહિં તેનો વિચાર કરવા હું આપ નામદારને અરજ કરૂં છું. ફરિઆદપક્ષે પોતાની સ્થિતિ મજબુત કરવા બચાવપક્ષને ખોટી રીતે રજુ કરવા અને ખોટી છાપ પેદા કરવા પ્રયત્નો કર્યા છે, જો કે મેં તો મારી વાત ધારાસભામાં તેમજ કમીટી સમક્ષના સ્ટેટમેંટમાં સ્પષ્ટ કરી છે કે કમીટી સમક્ષ મુકાયેલી હકિકતો જાહેર તપાસ માટે પુરતી છે અને સ્વતંત્ર તપાસ થઇ શકે અને સત્ય શોધી કાઢી કોઇ અમલદાર સામે પગલાં લેવાનાં પુરતાં કારણ મળે તો પગલાં લઇ શકાય તે માટે તે હકિકતો કાં તો સાચી કે કાં તો ખોટી પુરવાર કરવી જોઇએ. એ વખતેજ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે મી. હારવે કે કોઇ અમલદાર સામે આરોપ મૂકવાનો સવાલ નથી, પરંતુ પછી પગલાં લઇ શકાય તે માટે પ્રાથમિક તપાસની માત્ર માગણીજ કરવામાં આવી હતી. વળી કમીટીની વલણ તરફ પણ હું આપ નામદારનું ધ્યાન ખેંચું છું કમીટીએ સાક્ષીઓ પાસે હોય તે બધી 'મહિતી" માગી હતી. મી. બીલીમોરીયાએ કહ્યું હતું કે "જેઓની પાસે માહિતી હોય તેઓએ શા માટે હિંમતથી બહાર પડીને સઘળી 'માહીતી' ન આપવી? જો કોઇ સ્પષ્ટ માહિતી ન આપે તો કમીટીનું કામ આગળ કેમ ચાલે?" આ પ્રમાણે કમીટીએ આ કેસમાં રજુ થયા તેવા ચોકકસ પુરાવા અને દાખલા નહિં, પરંતુ સાક્ષીઓની જાણમાં હોય તેવી માહિતીજ માગી હતી કે જેથી તપાસ થઇ શકે અને ભવિષ્યમાં કામ ચલાવવા માટે સાધનો

તૈયાર થઇ શકે. એટલે તે વખતે કોઇ અમલદાર સામે ચોક્કસ આરોપ મુકવાની જરૂર પણ નહોતી અને ઇરાદો પણ નહોતો કેમકે કમીટીના સભ્યોએ જણાવ્યું હતું કે જો એવી માહિતી કે આક્ષેપો ન હોય તો તપાસ શરૂ થઇ શકે નહિ.

હિંદી સરકારના કાયદાની ૧૨૪ મી કલમ.

જે અમલદારને જાહેર નાણાં સોંપાયા હોય અને જે તેના ટ્રસ્ટી તરીકે વહીવટ કરતો હોય તેના વર્તન વિષે ઇન્સાફ કરતી વખતે કોર્ટે માત્ર ફોજદારી કાયદા અને લાંચરૂશ્વતના કલમો ધ્યાનમાં લેવાની નથી. ૧૯૧૯ ના હિંદી સરકારના કાયદામાં ઓડીટર જનરલની ફરજો અને સત્તા વિષેની કલમોમાં એવા અમલદારો માટેના વર્તનનું ધોરણ ઘણું ઉંચું ઠરાવ્યું છે. એ કલમોનો ભંગ કરવો એ ગંભીર ગેરવર્તન ગણાય. કમીટી સમક્ષના સ્ટેટમેન્ટમાં મેં એ કલમો ટાંકી છે તે બતાવી આપે છે કે મારા ધ્યાનમાં ફોઝદારી કાયદો નહિં પણ એ કલમો હતી મારા લેખિત સ્ટેટમેન્ટના છેલ્લા ફકરામાં મેં લાંચરૂશ્વત માટે ફોઝદારી કાયદાની કોઇ કલમ પ્રમાણે નહિં, પરંતુ હિંદી સરકારના કાયદાની ઓડીટ વિષેની ૧૨૪મી કલમ પ્રમાણે ગેરવર્તન માટે પગલાં લેવાની ભલામણ કરી હતી.

એ ૧૨૪મી કલમમાં સરકારી અમલદારના ગેરવર્તન માટે સ્પષ્ટ ઉલ્લેખ છે કે:—

"(૨) જો તે ઇરાદાપૂર્વક હિંદી વજીરના કોઇ હુકમ કે સુચનાને નાફરમાન થશે, ઇચ્છાપૂર્વક પડતી મૂકશે કે તેનો અમલ કરવામાં ઢીલાપણું બતાવશે કે અવગણના કરશે અથવા

"(૩) જો પોતાના હોદ્દાના વિશ્વાસ કે ફરજનો ઇરાદાપૂર્વક ભંગ કરવાનો ગુન્હેગાર ઠરશે."

આમ મારો ઇરાદો ખીલવણી ખાતાના ગેરવહીવટના સંબંધમાં ૧૨૪મી કલમનો અમલ કરાવવાનો હતો. ફોઝદારી કાયદાની લાંચ-રૂશ્વતની કલમથી એ તદ્દન જુદી છે, જો કે એ કલમ પણ ઉપરની ૧૨૪મી કલમની સાથે લેવાની છે. જે વસ્તુ ફોઝદારી કાયદા પ્રમાણે લાંચરૂશ્વતના આરોપ માટે પુરતી ન હોય તે હિંદી સરકારના કાયદાની ૧૨૪મી કલમ પ્રમાણે સરકારી નોકરને દોષિત ઠરાવવા માટે પુરતી હોય. દાખલા તરીકે હોદ્દાના અમલ દરમીયાન મિત્રોના ઉંચા ભાવનાં ટેન્ડરો સ્વીકારવા કે તેમની કાયદેસર લેણી ન હોય તેવી રકમ આપવાની ભલામણ કરવી કે બીજા એવા પક્ષપાત કે જેથી જાહેર નાણાં અને સરકારી મહેસુલને ખોટ જાય, તે બધું ફોઝદારી કાયદાની લાંચરૂશ્વતની કલમ નીચે ન આવતું હોય પરંતુ બીજી વિશાળ કલમ નીચે તો આવી જાય છે. મારૂં સ્ટેટમેન્ટ પુરૂં કરતાં પહેલાં મેં આ મુદ્દા પર ભાર મૂકયો છે તેનું કારણ એ છે કે આ કેસ દરમીયાન ફરિઆદ પક્ષે એકજ મુદ્દો ધ્યાનમાં રાખવા કોર્ટને વારંવાર અરજ કરી છે તેના વકીલે વારંવાર જણાવ્યું છે કે "માત્ર સવાલ એ છે કે હારવેએ લાંચ લીધી છે?" અને આ દલીલને આધારે કોર્ટે મારા ઘણા પ્રશ્નો નામંજુર કર્યા છે. કમીટી સમક્ષના મારા સ્ટેટમેન્ટનો સવાલ તો વિશાળ હતો. વધુ વાનો બહાર ન પડે તે માટે ફરિઆદ પક્ષ તપાસ એકજ સવાલ ઉપર સંકુચિત કરવા મથે છે! કેમ જાણે મેં ધારાસભામાં કે મારી લેખિત કે મોઢેની જુબાનીમાં મી. હારવે સામે લાંચરૂશ્વતનો આરોપ મૂકયો ન હોય! પરંતુ ખાતા વિષે મેં હંમેશાં ગેરવર્તન, ગેરવહીવટ, જાહેર નાણાંનો દુરૂપયોગ, પક્ષપાત એવાજ

શબ્દો વાપર્યાં છે. તેથી પોતાના કેસના લાભની ખાતર એકજ અમલદાર અને એકજ ગુન્હા વિષે મુદ્દો સંકુચિત કરવાના ફરિઆદ પક્ષના પ્રયત્નો વ્યાજબી નથી.

વિરોધીને મોઢે ડુચો.

વિશ્વાસ અને જવાબદારીભર્યો હોદ્દો ધરાવનાર અમલદાર પ્રજાના નાણાંની સલામતિ માટેના સરકારી કાયદાની કલમ બરાબર પાળે છે કે નહિં તે સંભાળવાનો એક શહેરી પ્રયત્ન કરે તેને ફોજદારી કાયદા પ્રમાણે ગુન્હો ઠરાવવામાં આવે તો તેનું પરિણામ એજ આવે કે જાહેર ટીકા ગુંગળાઇ જાય અને વિરોધીને મોઢે ડુચા દેવાય. એ દૃષ્ટિએ આ કેસની અસર ઘણી વિશાળ છે. જો આ કેસમાં ફરિઆદ પક્ષ સફળ થાય તો જાહેર નાણાં ઉપરના વહીવટ ઉપર જાહેર ટીકાનો અંકુશ દૂર થાય અને સરકારી અમલદારો જાહેર ટીકામાંથી મુકત થાય. પછી ભવિષ્યમાં સરકારી અમલદારોના વર્તન વિષે કશી તપાસ કરવી અશક્યજ થઇ પડશે કેમકે કોઈ જુબાની આપવા બહાર પડવાનું સાહસ નહિં કરે. જાહેર પ્રજાની દૃષ્ટિએ આવું પરિણામ ખેદકારક થઇ પડે અને તેથી અંગત કારણો બાદ કરતાં આવું ભયંકર પરિણામ અટકાવવા માટેજ મેં આટલી મહેનત ઉઠાવી છે અને "નિર્દોષ" હોવાનો ચુકાદો મેળવવાની આશા રાખું છું.

આરોપોનો જવાબ.

મારી સામે ઘડી કાઢવામાં આવેલા આરોપનો હું ઇનકાર કરૂં છું. અને નિર્દોષ હોવાનો દાવો કરૂં છું. આરોપમાં જણાવ્યા

પ્રમાણેના એકએ કમીટી સમક્ષ કરેલા આક્ષેપો પ્રગટ કરીને કે કરાવીને તા. ૨૧મી ઓગસ્ટ ૧૯૨૬ કે તે આસપાસ ફરિઆદી મી. થોમસ હારવેની બદનક્ષી કરવાનો પણ હું ઇનકાર કરૂં છું. એ આક્ષેપો ફરિઆદમાં જણાવ્યા પ્રમાણે ફરિઆદી મી. થોમસ હારવે સામે કરેલા હતા તેનો પણ હું ઇનકાર કરૂં છું. એવા આક્ષેપોથી ફરિઆદી મી. થોમસ હારવેની આબરૂને ધક્કો પહોંચાડવાનો મારો ઇરાદો હતો કે તેની આબરૂને ધક્કો પહોંચશે એવું હું જાણતો હતો અથવા એમ માનવાને મને કારણ હતું એ વાતનો પણ હું ઇનકાર કરૂં છું. આરોપમાં જણાવેલા મેં જે કાંઇ આક્ષેપો કે સ્ટેટમેન્ટ કર્યાં છે તે મેં અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે ખીલવણી ખાતાના અમલદારો સામે સામાન્ય રીતે હતા. જે બાબત વિષે આરોપ મૂકવામાં આવ્યો છે તે ફકરા અને તેની પહેલાના જે ફકરામાં અમલદારોના પગારોના સંબંધમાં બીજા અમલદારો સાથે ફરિઆદીનું નામ પણ જણાવેલું છે તે બે વચ્ચે વ્યાકરણ કે શબ્દરચના પ્રમાણે કશો સંબંધ નથી.

ફોઝદારી કાયદાની ૪૯૯મી કલમ પ્રમાણે બદનક્ષીના આરોપ માટે mens rea પુરવાર કરવાની અને આરોપીના લક્ષમાં ફરિઆદીજ હતો તે પુરવાર કરવાની જરૂર છે. મેં ફરિઆદી સામેજ આક્ષેપો કર્યાં હતા અથવા તે આક્ષેપોથી ફરિઆદીની આબરૂને ધક્કો પહોંચાડવાનો મારો ઇરાદો હતો અથવા તેની આબરૂને ધક્કો પહોંચાડશે એમ હું જાણતો હતો અથવા એમ માનવાને મને કારણ હતું એવું પુરવાર કરવામાં ફરિઆદી નિષ્ફળ ગયો છે.

ટોર્ટ્સના ઇંગ્લીશ કાયદાની કલમ (બદનક્ષીની નુકશાનીના દાવામાં કોર્ટે એ નથી વિચારવાનું કે પ્રતિવાદીના લક્ષમાં વાદી હતો પરંતુ વાદીને ખરેખર હાની પહોંચી છે કે નહિં તે જોવાનું છે.) બદનનક્ષીના ફોઝદારી કેસને લાગુ પડતી નથી. ફોઝદારી કાયદાની ૪૯૯મી કલમ પ્રમાણે તો આરોપીના એવા ઇરાદા, જાણ કે માન્યતાના પુરાવા જોઇએ.

ઉપરના બચાવને કશું નુકશાન પહોંચાડયા વિના અને મારા કથનથી ફરિઆદીની આબરૂને ધક્કો પહોંચવો જોઇએ કે પહોંચશે એવો મારો ઇરાદો હતો કે હું એ જાણતો હતો એમ માનવાને મને કારણ હતું એવો આપનો અભિપ્રાય બંધાય તેવા સંજોગોમાં આરોપપત્રમાં જણાવેલા ૧ થી ૯ સ્ટેટમેન્ટના હું નીચે પ્રમાણે અલગ અલગ જવાબ આપું છું:--

અફ્વાની હયાતિ.

૧. હું કહું છું કે મારાં કથનો સાચાં હતાં. મારા કહેવા પ્રમાણેની શહેરમાં અને આખા ઇલાકામાં અફ્વાઓ હતી એ પણ ખરૂ છે. આવી અફ્વાઓની હયાતી આ કેસમાં પુરતી રીતે પુરવાર થઇ છે. એ અફ્વાઓમાંની હકિકતો પણ ખરી હતી એવું પુરવાર કરવા હું બંધાયેલો નથી. એવી અફ્વાઓની હયાતિ વિષે આપ નામદારની ખાત્રી થઇ હોય તો આપ એવો ચુકાદો આપશો કે અફ્વાઓની હયાતિ વિષે મારૂં કહેવું સાચું હતું અને મને નિર્દોષ ઠરાવશો એવી અફ્વાઓની હયાતિ તો મેં નિશ્ચયાત્મક રીતે પુરવાર કરી છે. પ્રજાના ભલાની ખાતર એવી અફ્વાઓની હયાતિ ધારા-

સભામાં અને કમીટી સમક્ષ જણાવવાની જરૂર હતી. પ્રજાના લાભની ખાતર એ અફવાઓ સાચી હતી કે ખોટી તેની તપાસ થઈ શકે માટે તે જણાવવાની જરૂર હતી. જો અફવાઓ સાચી ઠરે તો પ્રજાના નાણાંનું રક્ષણ કરવા પુરતાં પગલાં લેવાય અને ગુન્હેગારોને સજા થાય; જો અફવાઓ ખોટી ઠરે તો સત્તાવાર રીતે અફવાઓ ખોટી હોવાનું જાહેર કરવાથી પ્રજાનો અવિશ્વાસ દૂર થાય અને ખાતા ઉપર પ્રજાનો વિશ્વાસ બેસે. માટે મારૂં કથન માત્ર અમુક અફવાઓની હયાતિ વિષેજ હોઇને સમજ તે ખરૂં અને પ્રજાના લાભ માટે હોઇને આ કેસ ફોજદારી કાયદાના ૪૯૯મી કલમના પહેલા અપવાદ નીચે આવી જાય છે.

દરેક શહેરીની ફરજ.

આ અપવાદના શબ્દ અને કાયદો ઘડનારના રીપોર્ટ પર આપ નામદારનું ધ્યાન ખેંચું છું. તેમાં "શુભ નિષ્ટા" શબ્દ ડહાપણભરી રીતે છોડી દેવામાં આવ્યો છે અને ભાર દઇને દર્શાવેલું છે કે જો સ્ટેટમેન્ટ પ્રજાના લાભ ખાતર હોય તો નિડરપણે કરવું જોઇએ. દાખલા તરીકે ધારો કે એવી કોઈ અફવા છે કે તે ખોટી હોવાનું જાણવામાં છે અને જે પ્રજાને કે સરકારને નુકશાન કરે તેમ છે. યોગ્ય અધિકારીઓને અને યોગ્ય પ્રસંગે યોગ્ય પક્ષોને એ અફવાની હકિકત પણ નિડરપણે જણાવવાની દરેક શહેરીની ફરજ છે, જો કે એ જણાવનાર પોતે ભલે એ અફવા ખોટી છે એમ માનતો હોય. ધારાસભામાં ખાસ નીમાયેલી કમીટી સમક્ષ મારૂં સ્ટેટમેન્ટ યોગ્ય પ્રસંગે અને યોગ્ય માણસો સમક્ષ હતું તેની તો ના નહિંજ

પાડી શકાય. આ કેસમાં તો એ અફવાઓની સત્યતામાં હું પ્રમાણિકપણે માનતો હતો અને મારી પાસે જે માહિતી હતી તે ઉપરથી કોઇ પણ બુદ્ધિશાળી માણસ એવી અફવાઓની સત્યતામાં માને. આ કેસમાં આપ નામદારે મને જે હકિકતો પુરવાર કરવા દીધી તેના કરતાં ઘણી વધારે મારી પાસે માહિતી હતી. મારૂં સ્ટેટમેન્ટ ખાતાના અમલદારો સામે સામાન્યપણે હતું, છતાં આપ તો માત્ર આરોપીનાંજ અપકૃત્યો અને ગેરવર્તન પુરતીજ તપાસ કરવા ઇંતેજાર હતા.

સાચી પડેલી અફવા.

આ કેસમાં પડેલી જુબાની ઉપરથી એ અફવાઓમાં રહેલા આક્ષેપો ખરા પુરવાર થયા છે, જો કે મારા બચાવ માટે તે પુરવાર કરવાની જરૂર નહોતી. આ કેસમાં પુરવાર થયું છે કે અફવામાં જણાવ્યા પ્રમાણે "મોટા અમલદારો" એ છુપાં કમીશન લીધાં છે. કમીશનો કારખાનાવાળાઓ પાસેથી કે કોન્ટ્રાકટરો પાસેથી કે સ્થાનિક વેપારીઓ પાસેથી મળ્યાં એમાં કાંઇ ફેર પડતો નથી. આવાં છુપાં કમીશનો પુરવાર કરવા મારી પાસે વધુ જુબાની હતી, પરંતુ મને આપવામાં આવેલા સંકુચિત ક્ષેત્રને લીધે તે હું આપ નામદારની સમક્ષ રજુ કરી શક્યો નથી. ફરિઆદી મી. હારવેએ પોતે છુપાં કમીશનો લીધાં હતાં તે પુરવાર કરવાની મને જરૂર નથી તો પણ આ કેસમાં મી. હારવેએ છુપું કમીશન લીધું હતું એવું પુરવાર કરવા નહિ તો પણ મેં અગાઉ દાખલાઓ આપ્યા છે તેમાં મી. હારવેએ છુપાં કમીશન લીધાં હતાં એવી એક બુધ્ધિશાળી માણસને શંકા પડે કે તે અનુમાન

બાંધે એ માટે તો પુરતી જુબાની મેં રજુ કરી છે. ફરિઆદીના પુરવાર થયેલા ગેરવર્તન અને અપકૃત્યો અને કાર્ટમાં દરેક બનાવનો ખોટો ખુલાસો આપવાના તેના પ્રયત્નો માટે માની શકાય એવો કાંઇ પણ ખુલાસો કે સિધ્ધાંત રજુ કરવામાં આવ્યો નથી. મારા બચાવ માટે મી. હારવે ફોજદારી કાયદા પ્રમાણે લાંચ લેવાના આરોપસર ગુન્હેગાર ઠરી શકે એવું પુરવાર કરવાની જરૂર છે એવી ફરિઆદીના વકીલે વારંવાર રજુ કરેલી દલીલ જરા પણ ટકી શકે તેવી નથી.

વળી ખીલવણી ખાતાને રૂ. ૩ લાખના ખોટ ગઇ છે એ મારૂ સ્ટેટમેન્ટ સાચું હોવાનું પુરવાર થયું છે. એ પણ અફવાઓમાંની એક હકિકત હતી.

જોઇએ તે કરતાં વધારે અને નહિં જોઇતા માલના ઓર્ડરો આપવામાં આવ્યા હતા એ મારૂં કહેવું પણ સાચુ પુરવાર થયું છે. આ પણ અફવામાંની હકિકતો હતી.

શુભ નિષ્ઠા.

આરોપોમાં જણાવેલા પહેલા તેમજ ૨ થી ૯ સુધીના સ્ટેટમેન્ટના સંબંધમાં પણ હું જણાવું છું કેઃ

(અ) સરકારી નોકરોના પોતાની ફરજના અમલના વર્તન વિષે શુભ નિષ્ઠાથી મેં તે સ્ટેટમેન્ટ કર્યાં હતાં.

(બ) આ સ્ટેટમેંટ વિષે તપાસ કરવા હિંદી સરકારે નીમેલી અને આક્ષેપોના સંબંધમાં અમલદારો ઉપર અધિકાર ધરાવતી મેયર

કમીટી સમક્ષ મેં ખીલવણી ખાતાના અમલદારો સામે સામાન્ય-પણે શુભ નિષ્ટાથી આક્ષેપો કર્યા હતા.

(ક) કર ભરનારાઓના હિતના રક્ષણ અને પ્રજાના ભલાની ખાતર શુભ નિષ્ટાથી મેં સ્ટેટમેન્ટ કર્યા હતા.

(ડ) પ્રજાના ભલા ખાતર ચેતવણી આપવા રૂપે શુભ નિષ્ટાથી મેં સ્ટેટમેન્ટ કર્યા હતા.

૧, ૨, ૮, ૯ અને ૧૦ મા અપવાદો.

શુભ નિષ્ટાના સવાલ વિષે પણ એ પ્રસંગ હકકનો હોવાનું સ્વીકારવામાં આવ્યું હોવાથી શુભ નિષ્ટાનો અભાવ પુરવાર કરવાનો બોજો ફરિઆદીને માથે છે. મને કંઇ દ્વેષ હતો એવું પણ ફરિઆદપક્ષે સુચવ્યું નથી તેમજ મારૂં વર્તન શુભ નિષ્ટાથી નહોતું એવી કાંઇ હકિકત પણ ફરિઆદ પક્ષે રજુ કરી નથી. મારા સવાલના સરકારે યોગ્ય અને સાચા જવાબો અને ખુલાસા આપ્યા છતાં મેં સ્ટેટમેન્ટ કરવાનું ચાલુ રાખ્યું એ આધારે મારી ખરાબ નિષ્ટાનો કેસ ઉભો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. એ દલીલ હવે પડતી મૂકવામાં આવી છે કેમકે મેં સંપૂર્ણ રીતે પુરવાર કરી આપ્યું છે કે સરકારના જવાબો અને ખુલાસા ખોટા અને અવળે માર્ગે દોરનારા હતા.

એટલે મારો કેસ ફો. કાયદાની ૪૯૯ કલમના, ૧,૨,૮,૯અને ૧૦મા અપવાદો નીચે આવે છે.

એ અપવાદો પ્રમાણે સ્ટેટમેન્ટનું ખરાપણું પુરવાર કરવાની જરૂર નથી અને સ્ટેટમેન્ટ ખરા ન હોય તો પણ મને નિર્દોષ ઠરવાનો

અધિકાર છે. પરંતુ હું એમ કહું છું કે મેં કરેલા સ્ટેટમેન્ટની સત્યતા મેં પુરવાર કરી છે.

" સ્ટેટમેન્ટ જરાય બદનક્ષીભર્યું નથી. "

૨. આ સ્ટેટમેન્ટ જરાય બદનક્ષીભર્યાં નથી. આ સ્ટેટમેન્ટ ખરા હોવાનું નિશ્ચયાત્મક રીતે પુરવાર થયું છે. એવું પુરવાર થયું છે કે એ દાખલામાં કારોબારી ઇજનેરે કોન્ક્રીટના થાંભલા માટેના લોખંડના સળીયાનું ઇન્ડેન્ટ વિલાયત મોકલવા તૈયાર કર્યું હતું અને તે મૂળ ઇન્ડેન્ટમાં તેણે જણાવેલું માપ ૫/૮" હતું. આ હકિકતો કબુલ કરવામાં આવી છે.

ઇન્ડેન્ટ તૈયાર થયા પછી દેખરેખ રાખનારા ઇજનેરે તે આંકડો બદલીને ૭/૮" કર્યો હતો એ હકિકત મારા કથન કરતાંયે વધારે ખરાબ હતી. ૫/૮"નો આંકડો છેકીને ૭/૮" કરવાને બદલે ૫/૮"નો માલ ઇન્ડેન્ટમાં કાયમ રાખવામાં આવ્યો હતો એટલુંજ નહિં પણ ૭/૮" માપના બીનજરૂરી સળીયાના મોટા જથ્થાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. એ જથ્થો ૧૨૦૦ ટનનો હતો અને તેની કિંમત લગભગ રૂ. ૩ લાખ હતી એ પણ મોટે ભાગે ખરૂં છે. એટલે એ કથન પણ જરાયે બદનક્ષીભર્યું નથી.

સત્ય ઠરેલી હકિકતો.

આ પ્રમાણે તૈયાર થયેલું ઇન્ડેન્ટ દેખરેખ રાખનારા ઇજનેરે વિલાયતની પેઢીને મોકલ્યું હતું અને બીનજરૂરી ૭/૮" માપનો માલ આવી પહોંચ્યો હતો એ કથન પણ સાચું હોવાનું

પુરવાર થયું છે. આ સળીયા માટુંગા સરપ્લસ ડીપોમાં રાખવામાં આવ્યા હતા એ પણ સાચું હોવાનું પુરવાર થયું છે અને એ હકિકત જણાવવી એ કાંઇ બદનક્ષી નથી ઠરતી.

સાચા માપનું નવું ઇન્ડેન્ટ મોકલવું પડયું હતું અને નવો માલ આવ્યો હતો એ આક્ષેપ પુરવાર થયો નથી પરંતુ એ સ્ટેટમેન્ટ બદનક્ષીભર્યું નથી ઠરતું.

લગભગ રૂા. ૩ લાખની બરબાદી થઇ હતી એ સ્ટેટમેન્ટ ખરૂં હોવાનું પુરવાર થયું છે.

ધારાસભામાં આ બાબતમાં પ્રશ્ન ઉપસ્થિત થતાં ખીલવણી ખાતાના ડીરેકટરે તે કબુલ કર્યું હતું પરંતુ નજીવી ભૂલથી ફેરફાર થયાનું જણાવ્યું હતું એ સ્ટેટમેન્ટ પણ ખરૂં હોવાનું પુરવાર થયું છે.

આવી નજીવી ભૂલ કેમ થવા પામી તેનો ખુલાસો આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નહોતો એ સ્ટેટમેન્ટ પણ ખરૂં હોવાનું પુરવાર થયું છે. કારોબારી ઇજનેરે સાચું ઇન્ડેન્ટ તૈયાર કર્યું હતું એ સ્ટેટમેન્ટ પણ ખરૂં હોવાનું પુરવાર થયું છે.

તેના ઉપરીએ ઇરાદાપૂર્વક ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યો હતો તે સ્ટેટમેન્ટ ખરૂં હોવાનું પુરવાર થયું છે. ઉપરી અમલદાર ફરિઆદી પોતે કબુલ કરે છે કે તેણે ભૂલથી નહિં પણ ઇરાદાપૂર્વક ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યો હતો. એ ફેરફાર એક આંકડો છેકીને, બીજો આંકડો લખીને કે જુદો પત્ર લખીને કરવામાં આવ્યો હતો. એ તદ્દન બીનઅગત્યની વાત છે. ફેરફાર ભૂલથી થયાની દલીલ કરવામાં આવી નથી એટલે તે ઇરાદાપૂર્વક કરેલો ઠરે છે.

નહિં માની શકાય તેવો ખુલાસો.

કાંઇ પણ ખુલાસો કરવામાં આવ્યો નથી એ સ્ટેટમેન્ટ ખરૂં હોવાનું પુરવાર થયું છે. ધારાસભામાં તેમજ સ્ટેટમેન્ટ કરવામાં આવ્યું ત્યારે કશોજ ખુલાસો કરવામાં આવ્યો નહોતો. આ કેસ મંડાયા પછી પણ ફરિઆદીએ જે ખુલાસો કર્યો છે તે અસંગત, ખોટો અને ન માની શકાય તેવો છે.

એટલે આ સ્ટેટમેન્ટ ૪૯૯મી કલમના ૧, ૨, ૮, ૯ અને ૧૦ મા અપવાદ નીચે આવે છે.

૩. દેખરેખ રાખનારા ઇજનેરે "૫" નો આંકડો ફેરવીને "૭" નો કર્યો હતો એ જો કે બરાબર નથી તો પણ હકિકત સાચી છે, ૭/૮"ના સળીયા ૫/૮"ના સળીયાને બદલે નહિં કે ઇન્ડેન્ટમાં માપનો આંકડો ફેરવીને નહિં પરંતુ ૫/૮" ઉપરાંત જુદાજ મંગાવવામાં આવ્યા હતા એ વાતથી કશો ફેર પડતો નથી. એટલે એ સ્ટેટમેન્ટ જરાયે બદનક્ષીભર્યું નથી અને ૪૯૯મી કલમના ૧,૨,૮,૯અને ૧૦મા અપવાદ નીચે આવે છે.

૪. આ સ્ટેટમેન્ટ પણ જરાયે બદનક્ષીભર્યાં નથી. મેં ઉપર જણાવ્યું છે તે પ્રમાણે કમીટીએ મને મારો અભિપ્રાય જણાવવા કરેલા આમંત્રણ પ્રમાણે તેના સવાલોના જવાબમાં મેં મારો અભિપ્રાય દર્શાવ્યો છે. એ સ્ટેટમેન્ટ મોટે ભાગે ખરૂં હોવાનું પુરવાર થયું છે. કાંઇજ ભૂલ થઇ નથી એમ પુરવાર થયું છે. એ પણ પુરવાર થયું છે કે પહેલા તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં ભૂલથી નહિં પણ જુદો પત્ર લખીને બીજા માલનો ઉમેરો કરીને ઇન્ડેન્ટમાં ફેરફાર કરવામા આવ્યો

હતો આ સ્ટેટમેન્ટ પણ ૧, ૨, ૮, ૯ અને ૧૦મા અપવાદ નીચે આવે છે.

૫. ઉપર જણાવેલા સંજોગોમાં કમીટીએ મારો અભિપ્રાય દર્શાવવા પૂછેલા સવાલના જવાબમાં મેં મારો અભિપ્રાય દર્શાવ્યો હતો. એ ફેરફાર અકસ્માતથી કે ભૂલથી થવાનું ફરિઆદી પણ જણાવતો નથી એટલે તે ફેરફાર ઇરાદાપૂર્વક હતો એ સ્ટેટમેન્ટ પણ ખરૂં હોવાનું પુરવાર થયું છે. આપ નામદારનું હું ધ્યાન ખેંચવા ચાહું છું કે પહેલાં રજુ કરેલી ભૂલની દલીલ વિગતો રજુ કરવામાં આવતાં ફરિઆદીએ પડતી મૂકી હતી. એટલે મારા સ્ટેટમેન્ટ જરાયે બદનક્ષીભર્યાં નથી અને ૧, ૨, ૮, ૯, અને ૧૦મા અપવાદ નીચે આવે છે.

૬. આ સ્ટેટમેન્ટ પણ કમીટીએ માગેલા અભિપ્રાયના સવાલના જવાબમાં મેં દર્શાવેલો અભિપ્રાય છે. આ કેસ પહેલાં સરકારે કાંઇજ ખુલાસો કર્યો નહોતો. આ કેસ પછી પણ ફરિઆદીનો જે ખુલાસો ખોટો હોવાનું પુરવાર થયું છે તે સિવાય તેણે પણ કશો ખુલાસો કર્યો નથી. મારી પાસેની માહિતી પ્રમાણે કમીટી સમક્ષ મેં દર્શાવેલો અભિપ્રાય દર્શાવવામાં હું વ્યાજબી હતો.

" હું જોઇ શકું છું ત્યાં સુધી બીજો કાંઇ ખુલાસો નથી નહિ તો આ માલ માત્ર પડતર લોખંડ તરીકે વાપરવાનો હુકમ કરવામાં આવ્યો ન હોત. " એ સ્ટેટમેન્ટ આ કેસના સંજોગો જોતાં તદ્દન સાચું હતું.

એટલે આ સ્ટેટમેન્ટ પણ ૧, ૨, ૮, ૯, અને ૧૦મા અપવાદો નીચે આવે છે.

૭. આ સ્ટેટમેન્ટ ખરૂં હોવાનું ફરિઆદીએ કબુલ કર્યું છે.

અને પુરવાર થયું છે કે ફેરવેલું ઇન્ડેન્ટ મોકલવામાં આવ્યું હતું. ફેરફાર છેક-છાકથી, લીટી ઉમેરીને કે જુદા પત્રથી પણ થઇ શકે. ગમે તેમ પણ ફેરફાર કરવામાં તો આવ્યો છેજ.

એટલે આ સ્ટેટમેન્ટ પણ ૧ ૨, ૮, ૯ અને ૧૦મા અપવાદો નીચે આવે છે.

૮. દેખરેખ રાખનારા ઇજનેરે ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યો હતો તે સ્ટેટમેન્ટના સંબંધમાં પણ હવે કબુલ કરવામાં આવ્યું છે કે દેખરેખ રાખનાર ઇજનેર ફરિઆદીએજ ફેરફાર કર્યો હતો વધારે ઓર્ડર આપીને ઇન્ડેન્ટમાં ફેરફાર કરનારા પત્ર ઉપર ફરિઆદીએ પોતે સહી કરી છે. એટલે આ સ્ટેટમેન્ટ પણ ૧,૨,૮,૯ અને ૧૦મા અપવાદો નીચે આવે છે.

૯. મી. બીલીમોરીઆ—પાછળ કાંઇક હેતુ હતો એમ તમે સૂચવો છો ?

જ—હા.

આ જવાબ કાંઇ હકિકત નહિં પણ અભિપ્રાય છે. કમીટીના એક સભ્યે મને પૂછ્યું કે ' પાછળ કાંઈ હેતુ હોવાનું તમે સૂચવો છો ? '' ત્યારે મેં ખરો જવાબ આપ્યો કે " હા " એ મારો અભિપ્રાયજ હતો. આ ઇન્ડેન્ટમાં ફેરફાર કરવામાં પાછળ કાંઇ હેતુ હતો એનું પુરવાર કરવા હું બંધાયેલો નથી, પરંતુ આ ફેરફારની પાછળ કાંઇક હેતુ હોવાનું હું માનતો હોવાથી કમીટી સમક્ષ તેવો અભિપ્રાય દર્શાવવામાં હું વ્યાજબી હતો ધારાસભામાં સવાલોના અપાયેલા ઉડઉ જવાબો, તપાસ કરવાની ના, વખતોવખત આપવામાં આવતા અસંગત જવાબો, ફરિઆદી સુધ્ધાં ખાલવણી ખાતાના અમલદારોનાં

અપકૃત્યો અને ગેરવર્તનો વિષે મારી પાસે જે માહિતી હતી અને જે આ કેસમાં પુરવાર થઇ છે તે ધ્યાનમાં લેતાં મારો અભિપ્રાય વ્યાજબી હતો.

એટલે આ સ્ટેટમેન્ટ ૧,૨,૮,૯ અને ૧૦મા અપવાદો નીચે આવી જાય છે.

શ્રી. નરીમાનના સ્ટેટમેન્ટનું વાંચન ત્રણ દિવસ ચાલ્યું હતું અને તે પછી તા. ૮મી ઓકટોબરે મુકદમો આગળ ચાલ્યો હતો. મી. વેલીંકરે મી. હારવેની કેટલીક જુબાની લેવા રજા માગી હતી. મી. નરીમાને જણાવ્યું કે ઉલટપાલટ તપાસ કરવા દેવામાં આવે તો મને વાંધો નથી. કોર્ટે મંજુરી આપવાથી મી. હારવેની ફરીથી તપાસ શરૂ થઇ હતી.

મી. હારવેની ફરીથી તપાસ.

મી. હારવેએ ફેરો કંપનીના છેવટના બીલને પોતે ચાલુ બીલમાં ફેરવી નાખ્યું તે માટે ખુલાસો કર્યો કે છેવટના બીલમાંથી ખાતાએ કોન્ટ્રાકટરને પુરા પાડેલા માલના પૈસા કાપી લેવામાં આવે છે. એ પૈસા સંબંધી ફેરો કંપનીએ વાંધો ઉઠાવ્યો. એ તકરાર પતતાં વખત લાગે તેવું હતું અને સરકારી વર્ષ પુરૂં થવાને દશ દિવસ બાકી હતા અને બીજા વર્ષે એવડું મોટું બીલ ચૂકવવાની જોગવાઇ નહોતી એટલે છેવટના બીલને ચાલુ બીલ તરીકે ફેરવી વાંધો પતતાં સુધી એટલી રકમ ચાલુ વર્ષમાં ચૂકવી.

રંગકામના બીલમાં ભૂલ થવા વિષે મી. હારવેએ એવો ખુલાસો

રજુ કર્યો કે કામ ૩૬૬૦.૫૩ ચો. ફીટ થયું હતું અને તેનો ભાવ દર ૧૦૦ ચો. ફીટના રૂ. ૪ હતા પરંતુ બીલ કરતી વખતે દશાંશ ચીન્હ ભૂલી જવાથી સોગણું બીલ થઈ ગયું.

મી. હારવેની ફરી ઉલટપાલટ તપાસ.

મી. હારવેએ પોતાની ફરિથી લેવાયેલી ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે દેખરેખ રાખનાર ઇજનેર તરીકે બીલો મારી પાસે ન આવે, પરંતુ હમીદના જવા પછી તેનું કામ મેં સંભાળી લીધું હતું, તેથી ફેરો કંપનીનું છેવટનું રૂ. ૪૩૭૨૪નું બીલ મારી પાસે આવ્યું હતું. તેમાં રૂ. ૩૬ હજાર બદલાના હતા અને રૂ. ૭ હજાર માલના તેઓને ખાતે ખોટા ઉધરેલા હતા કેમકે માલ સરંજામ ખાતામાંથી રવાના થાય એટલે કોન્ટ્રાકટરને ખાતે તે ઉધરે, પરંતુ તે માલ ફેરો કંપનીએ લીધો ન હતો એટલે તે રકમ તેઓને જમે અપાઈ હતી.

બાદ વધુ તપાસ તા. ૧૦મા પર મુલતવી રહી હતી.

તા–૧૦–૧૦-૨૭

મી. હારવેએ વધુ ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે માપણીની ચોપડી રજુ કરવાની મી. નરીમાનની નોટીસ મને તા. ૮૦મી સપ્ટેમ્બરે મળી. બીજે દિવસે મેં કારવેલોને બોલાવ્યો તેણે પોતાના ભાગીદારોને વાત કરીને રકમ પાછી આપવાનુ કબુલ કર્યું.

કોન્ટ્રાકટરો માપની નોંધ તપાસી જાય છે. તેઓ ભાવ પણ જાણતા હોય છે. કારવેલોનું કહેવું એવું હતું કે તેણે કામ કર્યું હતું તથી ઓછા પૈસા તેને મળ્યા હતા. ભાવમાં વાંધો પડે ત્યારેજ

બીલો મારી પાસે આવતાં. તે સિવાય ગમે તેવડું બીલ હોય તો પણ દેખરેખ રાખનાર ઇજનેર તરીકે વાર્ષિક તપાસ દરમીયાન હું મોટાં બીલો જોતો, પણ તે બધાં તો નહિ. રૂ. ૬૨ હજારનું બીલ મોટું ન ગણાય કેમકે ઘણાં બીલો એથી ઘણાં મોટાં હતા. દરેક બીલ જોવાની મારી ફરજ નથી. ફેરો કંપનીના રંગકામનું સોગણું બીલ ભૂલથી થયું હતું. કોઇ અમલદાર અને કોન્ટ્રાકટરો વચ્ચે છુપી ગોઠવણ હોવાનો મને શક નોતો. કારોબારી ઇજનેર અને નાણા ખાતાના બબ્બે કારકુનોના હાથમાંથી બીલ પસાર થયું હતું. દશાંશ ચીન્હ વિષેજ ભૂલ થઇ હતી. બીજા ઘણા માપોમાં દશાંશ ચીન્હો હતાં, પરંતુ તે બધા બરાબર ગણાયાં હતાં.

મી. હારવેની ફરી તપાસ લેવાયા બાદ શ્રી. નરીમાને પોતાના લેખિત સ્ટેટમેન્ટમાં ઉમેરો કર્યો હતો જે વધારાના સ્ટેટમેન્ટ તરીકે મૂળ સ્ટેટમેન્ટ સાથે જોડી દેવામાં આવ્યું.

ત્યાર બાદ બચાવ પક્ષના સાક્ષીઓની તપાસ શરૂ થઇ હતી.

બચાવ પક્ષની જુબાની.

બચાવ પક્ષના પહેલા સાક્ષી મી. બરજોરજી પેસ્તનજી શેઠનાએ જુબાની આપતાં જણાવ્યું કે હું તાતા હાઇડ્રો કંપનીની ૪ પેઢીઓનો મેનેજર છું અને ખરીદ ખાતું મારા હસ્તક છે. ૧૯૨૫મ અમને લાકડું જોઇતું હતું. ખીલવણી ખાતા પાસે લાકડું વેચવાનું હતું તે સાંભળીને હું મરીન લાઇન્સ પર ગયો ત્યાંના સ્ટોરકીપરે મને ખબર આપી કે સળીયા અને પાટા પણ ... પાયામાં સળીયા જોઇતા હતા તેથી હુ

ખીલવણી ખાતાની કોટની ઓફીસે ગયો. તેણે મને બીજા અમલદાર પાસે મોકલ્યો. તે અમલદારે જણાવ્યું કે તે કોઇ વેપારીને બધો માલ વેચી દેવા વાટાઘાટ કરે છે. મારા ખરીદ ખાતાએ મને ખબર આપી કે ખીલવણી ખાતાનો માલ ખરીદી લેવા ઝવેરી કંપની, માણેકચંદ જીવરાજ અને બીજા બે ત્રણ જણાની સીન્ડીકેટ ઉભી થઇ છે. મેં મારા માણસને ૩" અને તે ઉપરના માપના સળીયા માટે પૂછવા માણેકચંદ જીવરાજ પાસે મોકલ્યો. તેણે ટનના રૂ. ૧૪૦ કહ્યા. બજાર ભાવ તેથી ઓછો હતો એટલે એ ભાવે મેં ખરીદી ન કરી. પછી મહીનાએક પછી મી. વહોરા મારી પાસે આવ્યા અને રૂ. ૧૨૦ના ભાવે સળીયા મેળવી આપવા કહ્યું. મેં તેને જણાવ્યું કે ખીલવણી ખાતાના માલમાં ૭|૮"ના સળીયા છે જે સહેલાઇથી ખપે એવા નથી એટલે લગભગ પડતર ભાવ જણાવો, હું ૪૦૦ ટન સુધી ખરીદું. તેણે એક ચીઠી બતાવી. તેમાં માલ ૨૪૦૦ ટન અને ખીલવણી ખાતાને તેના આપેલા રૂા ૨ લાખ અને કમીશનના આપેલા રૂા. ૧૦ હજારના આંકડા રજુ કર્યા. એ હિસાબે ટનના રૂા. ૧૦૮-૭-૦ થાય. મેં રૂા. ૧૧૦નો ભાવ આપ્યો. માણેકચંદ જીવરાજે અમને ખીલવણી ખાતાના માટુંગા ડીપોમાંથી માલની ડીલીવરી આપી.

સ—અમલદારોએ કમીશન ખાધાની અફવા તમે સાંભળી છે?

મી. વેલીંકરે આ સવાલ સામે વાંધો લીધો જે કોર્ટે મંજુર કર્યો.

મી. શેઠનાની ઉલટપાલટ તપાસ.

તે પછી મી. વેલીંકરે મી. શેઠનાની ઉલટપાલટ તપાસ લીધી. મી. શેઠનાએ જણાવ્યું કે મેં હારવેને ગયા શનીવારે પહેલોજ જોયો. તેને વિષે કાંઇ અફ-

વા મેં સાંભળી નહોતી. મારે અને નરીમાનને કાંઇ સંબંધ નહોતો. ચુંટણી વખતે અમે મળ્યા હતા અને મેં તેમને વાત કરી હતી. મને સમન્સ મળ્યા પછી નરીમાને બોલાવ્યો હતો ત્યારે મારે ઘરે જતાં રસ્તામાં તેમને મળ્યો હતો અને તે વખતે પહેલીજ વાર વહોરા સાથેની વાતચીત થઇ હતી. પેલી ચાઠ્ઠી વિષે મેં અમારા જનરલ મેનેજર વીલીસ અને બીજા એક બે જણ સિવાય જ્યાં ત્યાં વાત કરી નથી.

ગયા સોમવારે વહોરા મને મળ્યો અને કહ્યું કે "તમે મને કફોડી સ્થિતમાં મૂકી દીધો છે." મેં જવાબ આપ્યો કે "મેં નહિં પણ નરીમાને તમને કફોડી સ્થિતિમાં મૂકયા છે." તેણે મને કહ્યું કે "પણ મારે સાક્ષીમાં આવવું ન પડે તેમ કરો." મેં કહ્યું કે "મેં જુબાની આપી એમાં કાંઈ ખોટું હોય તો કહો." તેણે ના પાડી અને કહ્યું કે "પણ પેલી કમીશનની વાત પડતી મૂકો નહિં તો મુંબઇના વેપારીઓ કફોડી સ્થિતિમાં મૂકાશે." મેં કહ્યું કે "હું તો સાચી વાત કહીશ."

પેલી ચીઠીમાં ભાવ લખેલો નહોતો. માત્ર સામટી રકમ હતી. કમીશનની રકમ ૧૦ અને ૨૦ હજાર વચ્ચે હતી. કમીશન ૫ ટકા જેટલું હતું. મેં કહ્યું એ તો ઘણું કહેવાય. વહોરાએ કહ્યું કે તે સિવાય સોદો થાય તેમ નહોતું. પેલી સીન્ડીકેટમાં ઝવેરી કંપની નહિં પણ ત્રીવેદી કંપની હતી.

વેપારીઓ પડતર ઉંચી દેખાડવા કમીશન ખુબ લખે છે, પરંતુ વહોરાએ તેમ કર્યું હોય તેવું મને લાગ્યું નહિં. કમીશન વિષે માણેકચંદ જીવરાજ સાથે મારે વાત થઇ નહોતી. પેલી ચીઠી પર કોઇની સહી નહોતી.

મી. શેઠનાની ફરી તપાસ.

મી. શેઠનાની ફરી તપાસમાં (રી–એકઝામીનેશન) તેમણે જણાવ્યું કે માણેકચંદ જીવરાજ ડીલીવરી જલદી લેવાનું કહેવા આવ્યા હતા, કેમકે ખીલવણી ખાતું તેમના પર દબાણ કરતું હતું. મેં પૈસા તેમને પરબાર્યા આપ્યા હતા. આ કેસ પહેલાં મેં હારવેનું નામ સાંભળ્યું નહોતું. ખીલવણી ખાતામાં રૂશ્વતખોરી ચાલે છે એવી અફવા સાંભળી હતી. વહોરાએ કહ્યું હતું કે માણેકચંદ જીવરાજના ચોપડા પરથી એ વાત પુરવાર કરી શકું તેમ છું.

લશ્કરી ખાતાના કોન્ટ્રાક્ટર ગેટને પણ ૧૯૨૨–૨૩માં અફવા વિષે વાત કરી હતી.

મી. ત્રીવેદીની જુબાની.

તે પછી મી. ગીરજાશંકર ભગવાનજી ત્રીવેદીએ જુબાની આપતાં જણાવ્યું કે ત્રીવેદી કંપનીના નામે હું આયાત નિકાશ અને લોખંડનો વેપાર કરૂં છું છેલ્લા ૨૫ વર્ષથી લોખંડના બજારનો મને પરિચય છે. ૧૯૨૧માં હું ધારાસભાનો સભ્ય હતો. મી. નરીમાનને હું ૧૯૧૯થી ઓળખું છું. હું ખીલવણી ખાતાના વહીવટમાં રસ લેતો હતો. મેં ૧૯૨૩ના જુલાઇમાં ધારાસભામાં સવાલો પૂછ્યા હતા તેના કામચલાઉ ડીરેકટરે ૧૯૨૪ના ફેબ્રુઆરી પછી જવાબ આપ્યા હતા. આ જવાબો મેં મીઅર્સ કમીટીને જણાવ્યા હતા કેમકે ખાતાના અમલદારોએ જુદીજ વાતો કરી હતી.

જીઓ. સ્રરવીસનો પ્રીન્સેસ ડોક પાસે જથ્થો છે. સાલેભાઇ તૈયબજી તો કોઇ વખત ખરીદી કરતા તે સિવાય તેમને લોખંડ બજાર

સાથે કાંઇ સંબંધ નહોતો. ખીલવણી ખાતું જે રીતે લોખંડની ખરીદી કરતું તેથી વેપારીઓને ઘણો અસંતોષ હતો. તેઓએ મને ફરિઆદ કરી ત્યારે મેં તેમની સાથે જઇ ડીરેકટરને વાત કરવા કહ્યું. તેઓએ સાથે આવવા ના પાડી. પરંતુ મને ફરિઆદો મળતી તે વિષે પત્રવહેવાર ચલાવી ડીરેકટર પાસેથી ખુલાસો મેળવતો. બજારમાં સામાન્ય એવી ફરિઆદ હતી કે ડીરેકટરના હાથ નીચેના જે અમલદારોના હાથમાં ઓર્ડર આપવાની સત્તા હતી તેમને કમીશન આપ્યા વિના કોન્ટ્રાકટ મળતો નહિં.

૧૯૨૩માં નરીમાન ધારાસભામાં ચુંટાયા. તેમની અને બીજાઓની સાથે હું ખીલવણી ખાતા વિષે ચર્ચા કરતો. તપાસ માટે નરીમાને પસાર કરાવેલો ઠરાવ હું જાણું છું. હિંદી વેપારી ચેમ્બરે પણ તપાસની માગણી કરી હતી. વેપારીઓએ લાલજી નારણજી મારફત કમીટી સમક્ષ પોતાની ફરિઆદો રજુ કરી હતી. એ વિષે ટાઉન હોલમાં સભા પણ થઇ હતી.

ખીલવણી ખાતાના વધેલા સળીયા ખરીદવા અમે ઘણા જણા પ્રયત્નો કરતા હતા, પરંતુ માણેકચંદ જીવરાજ ફાવી શકયા. તે વખતે બજાર ભાવ ટનનો ૧૧૫ હતો. વેપારીઓ ૭/૮"ના સળીયા ખરીદવા ખુશી નહોતા. ૧૯૨૩ સુધી સળીયાનો ભાવ રૂ. ૯૦ થી ૧૦૫ સુધી હતો અને તે ભાવે મેં ઘણું વેચાણ કર્યું હતું. ૧૯૨૪માં લોખંડના સળીયા પર જકાત વધી હતી, અને તેથી ભાવ વધ્યા હતા.

વેપારીઓની બીજી ફરિઆદ એ હતી કે લોખંડના વેપાર સાથે કશો સંબંધ નહિં ધરાવનારાઓ બજારમાંથી ખરીદી કરી ખીલવણી

ખાતાને ઉંચે ભાવે વેચતા. તેઓ વધારે ભાવ એટલા માટે લેતા હતા કેમકે ખાતાના વડાઓને સંતોષવા પડતાં હતાં.

માણેકચંદ જીવરાજ સાથે મારે ખાસ સંબંધ નહોતો. તેણે મને કહ્યું કે તેના ચોપડા જપ્ત થયા છે. આથી તેને અને નરીમાનને મેં મારી ઓફીસમાં બોલાવ્યા.

બાદ વધુ તપાસ બીજા દિવસ પર મુલતવી રહી હતી.

તા. ૧૧-૧૦-૨૭.

બીજે દિવસે તપાસ આગળ ચાલતાં મી. ત્રીવેદીએ જણાવ્યું કે માણેકચંદે કહ્યું કે રૂ ૫૦૦૦ની રકમ કોર્ટમાં ન ઘસડશો.

સ—એ રકમ શાની હતી અને શા માટે કોર્ટમાં ઘસડવાની નહોતી ?

મી. વેલીંકરે આ સવાલ સામે વાંધો ઉઠાવ્યો, પરંતુ કોર્ટે તે નામંજુર કરવાથી મી. ત્રીવેદીએ જણાવ્યું કે માણેકચંદે કહ્યું કે વેપારીઓને સરકાર તથા રેલ્વે સાથે કામ પાડવું પડે છે, માટે આવી વાત બહાર પડવા ન દેવી.

રૂ. ૫ હજારની રકમ માટે પહેલાં તેણે એવું કહ્યું કે સોદો પાર પાડવા બદલ માણેકચંદ જીવરાજ કંપની તરફથી તેને મળ્યા હતા, પરંતુ નરીમાને સાચું કહેવા દબાણ કર્યું ત્યારે માણેકચંદ મારા ભાઇને લઇને અંદરના ઓરડામાં ગયો. થોડી વારે બહાર આવ્યા પછી, મારા ભાઇએ માણેકચંદની રૂબરૂ કહ્યું કે તેના વકીલની સલાહ લીધા વિના તેણે રૂ. ૫ હજાર કોને આપ્યા તે નહિં

જણાવે. નરીમાને વકીલ તરીકે ખાત્રી આપી કે કોર્ટ તેને રક્ષણ આપશેજ. એટલે મારા ભાઇએ કહ્યું કે એ રૂપીયા માણેકચંદે માટુંગા સ્ટોર ખાતાના કારોબારી ઇજનેરને આપ્યા હતા. તેણે ઘણું કરીને કોલ્ડવેલનું નામ આપ્યું હતું. માણેકચંદ ચુપ રહ્યો. તે પછી અઠવાડીયા પછી તેણે આવીને કહ્યું કે તેણે પોતાના વકીલની સલાહ મેળવી છે. કોર્ટ રક્ષણ આપે તો સાચું કહી દેવા મેં તેને કહ્યું, તે પછી તે મને મળ્યો નથી.

મેં ૭/૮" સિવાયના બધા જથ્થા માટે માગણી કરી હતી અને માપ પ્રમાણે ૧૧૦ થી ૧૨૦ સુધી ભાવ જણાવ્યો હતો, પરંતુ મને જવાબજ મળ્યો નહિં.

મી. ત્રીવેદીની ઉલટપાલટ તપાસ.

તે પછી મી. વેલીંકરે મી. ત્રીવેદીની ઉલટપાલટ તપાસ ચલાવી. મી. ત્રીવેદીએ જણાવ્યું કે ધારાસભામાં મારો પ્રશ્ન માત્ર એક વર્ષની મુદત માટે નહોતો પરંતુ પહેલા વિભાગની શરૂઆતથી હતો. જવાબ ઉડાવનો હોય એટલે એનો અર્થ એક વર્ષની મુદતનોજ ગણવામાં આવે. ઉડાઉ જવાબોનો અમને અનુભવ છે. મેં સવાલો પૂછયા ત્યારે ખાતાના એક પંજાબીએ ખબર આપી હતી. તેણે પોતાનું નામ કે હોદ્દો જણાવવા ના પાડી હતી. આવી ખબરો મળતી ત્યારે હું ખાતા સાથે જોડાયેલા માણસો પાસેજ તપાસ કરતો. મેં મહેતાનું નામ સાંભળ્યું છે, પણ ઓળખતો નથી. તેણે મને કશી ફરિઆદ કરી નહોતી.

ગાયા નામનો કોન્ટ્રકટર સર ફીરોઝ શેઠનાની ચીઠી લઇને આવ્યો હતો. તેણે કહ્યું કે ભાવો ઓછા હોય તો પણ હિંદીઓને કોન્ટ્રાકટ મળતા

નથી. મેં ગાયા વિષે ડીરેકટરને પત્ર લખ્યો હતો અને જવાબ પરથી મારી ખાત્રી થઇ હતી કે તેને અન્યાય થયો હતો.

મારે ખીલવણી ખાતા સાથે કશો વહેવાર નહોતો. હારવેને હું ઓળખતો નથી પરંતુ હું ધારાસભામાં હતો ત્યારે મેં તેનું નામ સાંભળ્યું હતું. તેના પોતાની વિરૂદ્ધ મેં કાંઇ અફવા સાંભળી નહોતી. હું ન પુરવાર કરી શકું એવી કશી વાત મેં કરી નથી. ખરી હકીકતો અને આંકડાઓ ઉપરથીજ મેં અભિપ્રાય બાંધ્યા હતા.

ખાતાને લોખંડ પુરૂં પાડનારાઓમાં બે ત્રણ જણાજ લોખંડના વેપારી હતા, બીજાઓ તો બજારમાંથી ખરીદીને માલ પુરો પાડતા. અમલદારોને સંતોષ્યા વગર કોન્ટ્રાકટ નથી મળતા એવી વેપારીઓની માન્યતા હતી. બધા સરકારી ખાતાઓ વિષે આવી માન્યતા છેજ, પરંતુ ખીલવણી ખાતું જે રીતે કામ કરતું હતું તેથી એ માન્યતાને ટેકો મળતો હતો. થાણાના માર્ગે મુસાફરી દરમીયાન શાહપુરના એક મોટા માણસે મને કહ્યું હતું કે ખીલવણી ખાતાએ મોટે ભાવે વાસીન્દમાં જમીન મેળવીને એક કોન્ટ્રાકટરને ત્યાં ઇંટોની ભઠ્ઠી નાખ-વામાં મોટી રકમની મદદ કરી હતી. ધારાસભામાં મારી લડત આવી યોજના બંધ કરવા કે કમી કરવા માટે હતી.

કોન્ટ્રાકટરો શ્રીમંત થઇ ગયા હતા તે ઉપરથી પણ અમલદારોની રૂશ્વતખોરીનું અનુમાન નીકળતું હતું. મુળજી હરીદાસ લોખંડનો મોટો વેપારી છે. કોન્ટ્રાકટ મેળવનારાઓ પણ તેની પાસેથી માલ ખરીદતા, છતાં તેને કોન્ટ્રાકટ નહોતો મળ્યો તેણે મને સાલેભાઇના ટેન્ડરની વાત કરી નહોતી અને તે વિષે હું કાંઇ જાણતો નથી.

બાદ વધુ તપાસ તા. ૧૫મી પર મુલતવી રહી હતી.

તા. ૧૫-૧૦-૨૭.

તા. ૧૫ મીએ મી. ત્રીવેદીની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે ૩/૧૬" નીચેના ગોળ સળીયાને જકાત ખાતું તાર તરીકે ગણી ટન દીઠ રૂ ૬૦ જકાત લે છે જયારે તે ઉપરના સળીયા પર રૂ. ૧૦ જકાત લેવાય છે. એટલે ૩/૧૬" ના તારને સળીયા તરીકે ગણવામાં આવે તો કોઇ તેને લાંચ અથવા પક્ષપાતનું કારણ માને. એલાયંસ સ્ટોર કંપની લોખંડના જથ્થામાં નથી છતાં બે ત્રણ વર્ષથી રેલ્વે અને સરકારી ખાતાઓને માલ પુરો પાડે છે. તેઓ મોટો જથ્થો રાખતા નથી. જાહેર ટેન્ડરો તો એક બે વખતજ મંગાયાં મેં જોયાં છે. મુલજી હરિદાસે કે છગનલાલે મને લાંચરૂશ્વત વિષે કહ્યું નથી.

મેં ૩/૧૬" થી ૫/૮" સુધી માટે રૂ. ૧૧૦ ના ભાવે માગણી કરી હતી. ૭/૮"ના મેં માગણી નહોતી કરી કેમકે તે માલનો બહુ ઉઠાવ નથી રહેતો. તા. ૧૪મા ઓગસ્ટ ૧૯૨૫ને રોજ હું ખીલવણી ખાતાના મંત્રીને મળ્યો હતો. હું કાંઇ માગણીઓ લાવું તો તે ધ્યાનમાં લેવામાં આવશે એમ કહેવામાં આવ્યું હતું. મેં ડીરેકટરને ૭/૮" નો જુદો કાઢી બાકીનો વેચવા સલાહ આપી હતી. તેમનો વિચાર બધો એક સાથે વેચવાનો હતો. મેં ૨ ટકા કમીશને રૂ. ૧૦૦ ના ભાવે મોઢેથી માગણી કરી પરંતુ બીજે દિવસે મેં જણાવ્યું કે ૭/૮" સળીયા હું નહિં રાખું. મારે કમીશન આપવું પડશે એવો મને ભય નહોતો. ખાતાએ બધો માલ રૂ. ૧૦૨-૮-૦ ના ભાવે માણેકચંદ જીવરાજને વેચ્યો તે સોદો સારો ગણાય.

૧૯૨૨ની શરૂઆતમાં બ્રીટીશ બનાવટના માલનો ભાવ ટનના

૧૦ પૌંડ હતો તે આખરમાં ઘટીને ૯ પૌંડ થયો હતો. તે પર નુર, જકાત, વીમો, ખર્ચ વિગેરે ૫૫ શીલીંગ ખર્ચ વધે. એટલે હુંડીનો ભાવ રૂ. ૧૫ હોય તો મુંબઇમાં રૂા. ૧૯૦ના ભાવે પડતર થાય. ૩/૪" ના ભાવ રૂ. ૧૬૫ હતો.

હું કબુલ કરૂં છું કે બીજા ટેન્ડર ભરનારાની ડીઝાઇન કોઇને બતાવવી વ્યાજબી ન ગણાય, પરંતુ તેને માટે એવો રસ્તો હતો કે સરકારે તે ડીઝાઈન ખરીદી લઇને તેનાં ટેન્ડર માગવાં જોઇતાં હતાં. ખાસ કરીને એટલા માટે તે ડીઝાઇન ખાતામાંથી ફારેગ થયેલા એક અમલદારની હતી. તે અમલદારનું નામ ગાયાએ મને કહ્યું હશે, પરંતુ મને તે યાદ નથી. ગાયાને કોન્ટ્રાકટ મળ્યાની કે તેને ચાલીના કામમાં ઓમ્બે કંપની કરતાં રૂા. ૩ હજાર વધુ મળ્યાની મને ખબર નથી.

મી. ત્રીવેદીની ફરી તપાસ.

મી. ત્રીવેદીની ફરી તપાસ લેવામાં આવતાં તેમણે જણાવ્યું કે જીઓ. સરવીસ લોખંડના સળીયા રાખતી નહિ, બજારમાં ૧૦ હજાર ટન માલ રહે છે. મુળજી હરીદાસ એક સપાટે ૧–૨હજાર ટન આપી શકે. બજારમાં યુરોપની બનાવટનો માલ હોય છે અને તે બ્રીટીશ બનાવટ કરતાં ૨ પૌંડ (રૂ. ૩૦) સસ્તો હોય છે.

મી. મોતીલાલ લલ્લુભાઇની જુબાની.

તે પછી એસ. બી. કાપડીઆ એડવોકેટના કારકુન મી. મોતીલાલ લલ્લુભાઇએ માણુકચંદ જીવરાજના ચોપડાની જડતી વિષે જુબાની આપી કે જડતી લેવામાં હું સાથે હતો. પહેલાં માણુકચંદે છોટાલાલ કેશવજીનું

નામ આપ્યું, પરંતુ આખરે પોતાનો મેલ બતાવ્યો, પરંતુ ભળતી રકમો બતાવવા માંડી અને બબ્બે પાનાં ઉથલાવવા માંડયાં. પરંતુ મી. નરીમાને ચોકકસ વર્ષ અને મહીનો આપીને મેળ તપાસતાં રૂ. ૫૦૦૦ ખીલવણી ખાતે હા. માણેકચંદ નીકળ્યા માણેકચંદ મુંઝાયો. તેણે કહ્યું કે, "આવા ખાતામાં એમજ ચાલે છે, મને હેરાન કરશો નહિ."

ઉલટપાલટ તપાસમાં મી. મોતીલાલે જડતીમાં તપાસેલી રકમોની હકીકત સમજાવી હતી.

પ્રાગજી વીરજીની જુબાની.

૧૯૨૧થી ૧૯૨૫ સુધી હું બોમ્બે પેટ્રોલ અને જનરલ સ્ટોર સપ્લાઇ કંપનીમાં હતો. ચુનીલાલ, નાનચંદ અને કે. જી. ભાગવત તેના ભાગીદાર હતા. દુકાન લેમીંગટન રોડ પર હતી. રોજમેળ વરજીવનદાસ, કાંતિલાલ અને ગુલાબચંદ રાખતા. હું ખાતાવહી રાખતો. ચુનીલાલના કહેવા પ્રમાણે હું રકમો નાખતો. ખાતાવહીમાં બધી રકમો મેં લખેલી છે. ભાગીદારો વચ્ચે હાઇકોર્ટમાં કેસ મંડાયો હતો તે વ-ખતે ચોપડા મોહીલે અને પારેખ સોલીસીટરના ઓફીસમાં હતા. જાલ જહાંગીર ચીચગર ૧૯૨૨માં બે ત્રણ મહીના મેનેજર હતા.

કંપની પેટ્રોલ અને મોટર સામાનનો વેપાર કરતી, પરંતુ જી. આઇ. પી. રેલ્વે, શહેર સુધારા ટ્રસ્ટ તથા ખીલવણી ખાતાના કોન્ટ્રાકટો લેતી. દુકાનમાં લોખંડ સામાન પણ વેચતા.

ઉલટપાલટ તપાસમાં તેણે જણાવ્યું કે હું તો નોંધ ઉપરથી ખાતાવહી લખતો. રકમો વિષે હું કાંઇ જાણતો નથી.-ચીચગર ૧૯૨૨ના મે કે

જુનમાં ગયો હમીદ પેટ્રોલ કે મોટર સામાન લેવા આવતો. હારવે કદી આવ્યો નહોતો. ચુનીલાલ અને નાનચંદ ખીલવણી ખાતાના કોન્ટ્રાકટ સંભાળતા. ફ્રેંચ પુલ પાસે ગોડાઉનમાં અમે લોખંડ સામાન રાખતા. કંપની બધી જાતના કોન્ટ્રાકટ લેતી.

બાદ મુકદમો તા. ૧૮મી પર મુલતવી રહ્યો હતો.

મી. ચીચગરની જુબાની.

તે પછી મી. જાલ જહાંગીર ચીચગરે જુબાની આપતાં જણાવ્યું કે ૧૯૨૨ના માર્ચથી કેટલોક વખત હું બોમ્બે પેટ્રોલ અને જનરલ સપ્લાઇ કંપનીમાં મેનેજર હતો. ફ્રેંચ પુલ પાસે ગોડાઉન નહિં પણ ગેરેજ જેવું હતું, જેમાં ૪ મોટર ચેસીસ અને એક મોટર ગાડી વેચવા મૂકી હતી. ઇમ્પીરીયલ સીનેમા પાસેના બીજા ગોડાઉનમાં જુની ગાડીઓ હતી. મેનેજર તરીકે મારે વરલી, નાયગામ અને માટુંગે જવાનું થતું. વરલી હમીદ કે ગઝદરને, નાયગામ મહેતાને અને માટુંગે કોલ્ડવેલ કે તેના હેડ કર્લાકને મળવાનું થતું.

મને મોઢેથી ઓર્ડર અપવામાં અવતો અને પાછળથી લેખિત ઓર્ડર મોકલવામાં આવતો. નાના ઓર્ડરના ભાવ હમીદ નાનચંદને મળતો ત્યારે નક્કી કરતો. મોટા ઓર્ડરના ભાવ ભાગવત કસ્ટમ હાઉસ ખાતેની ઓફીસે નક્કી કરાવતો.

વરલી પર અમે પુરણી અને બાંધકામ કરતા અને માટુંગે કમીશનથી મજુરો પુરા પાડતા. અમે માલ ન રાખતા પણ બજારમાંથી

ખરીદીને મોકલતા. લોખંડના સળીયા અમે છગનલાલ કંપનીમાંથી રૂા. ૧૧૩ થી ૧૧૫ના ભાવે ખરીદી ખોલવણી ખાતાને રૂા. ૨૦૦થી ૨૧૦ના ભાવે પુરા પાડયા હતા. પાઇલ શુ શાજી આયર્ન વર્કમાંથી રૂા. ૨-૧૦-૦ના ભાવે અને ભુરા જેરામ પાસેથી રૂા. ૧-૧૪-૦ના ભાવે લઇ ખાતાને રૂા. ૪-૮-૦ના ભાવે આપતા.

સ—એકજ દિવસે પાંચ જુદા બીલો કેમ છે ?

જવાબ આપતાં પહેલાં સાક્ષીએ કોર્ટનું રક્ષણ માગ્યું, જે આપવામાં આવતાં તેણે જણાવ્યું કે અમને ઓર્ડરની ચીઠ્ઠીઓ મળતી તે ઉપરથી બીલો બનાવતા. એકજ વસ્તુની હમીદ અને ગઝદર તરફથી ચીઠ્ઠીઓ મળતી તેનાં બે બીલ કરતા પરંતુ માલ એકજ ચીઠ્ઠી પ્રમાણે મોકલતા. એક વખત અમે કાથા બજારમાંથી એક એંકર રૂ. ૯૪ માં ખરીદી માટુંગે મોકલ્યું. તે કામમાં ન આવવાથી અમને પાછું મોકલવામાં આવ્યું એટલે અમે તે ખોટ ખાઇને પાછું વેચી દીધું, પરંતુ ખાતા તરફથી અમને તેનું બીલ મળ્યું.

કંપની અને અમલદારો વચ્ચેની ગોઠવણ મને સ્પષ્ટ જણાવવામાં આવી નહોતી, પરંતુ મારા હાથમાંથી પસાર થયેલા વહીવટ પ્રમાણે ઓર્ડર આપનાર અમલદારને અમુક રકમ આપવાની ગોઠવણ હતી, જે કંપનીના ચોપડાની નીચેની રકમો બતાવી આપે છેઃ—

તારીખ.	રૂપીઆ.	
૧૩—૫—૨૨	૫૦૦	ચોપડામાં જણાવેલા અમલદારોને તે અપાયા ત્યારે હું નાનચંદની સાથે હતો.
૨૩—૫—૨૨	૩૦૦	ગઝદરને

૨૬—૫—૨૨	૨૦૦	ગઝદરને
૩૧—૩—૨૨	૧૨૦૦	હમીદના પિત્રાઈને મોટર સાઇકલ
૧૨—૪—૨૨	૩૦૦	માટુંગા અને વરલી ખાતેના નાના અમલદારોને ફ્રુટ અને સીગરેટ.
૩—૭—૨૨	૧૦૦	ઓવરસીયર કામટને
૨—૧૨—૨૨	૭૫૦	ગઝદરને
૨૦—૧૨—૨૨	૫૦૦	જનરલ ટ્રેડીંગ કંપનીનો ચેક વટાવીને ગઝદરને
૧૦—૧—૨૩	૫૦૦	ગઝદરને
૧૧—૧—૨૩	૫૦૦	હમીદને
૨૩—૧—૨૩	૫૦૦૦	શાહ ખાતે વિગત ભાગવત પાસે—શાહ ખાતે એટલે જે ખાતાના નામ નહિં પણ માત્ર નંબર હતા તેમાંના કોઇ ખાતે.
૩—૨—૨૩	૭૮૫	નં. ૩ ખાતે

મેં અને નાનચંદે સાથે જઈને ઝવેરી બજારમાંથી ચાંદીનું એક વાઝ ખરીદયું હતું. વાઝ મેં ભાગવતને આપ્યું અને ચીઠી ચુનીલાલને આપી. તા. ૧-૧-૨૨ ને રોજ રૂ. ૮૧૭ દુકાન, શહેર સુધારા ટ્રસ્ટ અને ખીલવણી ખાતાના નોકરોને દીવાળીની બોણીના છે. અમલદારોને જોઈતું પેટ્રોલ અને મોટર સામાન પરેરા લઇ જતો. તે અમલદારોની મોટરો વગેરે સંભાળતો, આ બધું હમીરને ખાતે ઉધારવાનો હુકમ હતો હમીદ અને બીજાઓની મોટર રીપેર અમે નારણરાવ પાસે કરાવતા અને તેના પૈસા અમે આપતા.

કંપનીમાંથી નીકળ્યા પછી હું શહેર સુધારા ટ્રસ્ટમાં સ્ટોર ક્લાર્ક તરીકે રહ્યો હતો. અમે વરલી પુલ માટે ખીલવણી ખાતા પાસેથી ૨૦૦-૪૦૦ ટન સળીયા લગભગ રૂા. ૧૧૨ના ભાવે ખરીદયા હતા. કોલ્ડવેલે મને કોઇ બધો જથ્થો ખરીદનાર હોય તો ધ્યાન રાખવા કહ્યું હતું. હું મુળજી હરીદાસને મળ્યો. તેમણે બીજાના નામે વાટાઘાટ કરવા કહ્યું. મેં મારા પિત્રાઈ મારફત વાટાઘાટ ચલાવી કોલ્ડવેલે કહ્યું કે તેના હાથમાં સત્તા નથી, અમલદાર વિલાયતથી આવે ત્યાં સુધી થોભવાનું છે. તેણે કહ્યું કે આપણને લાભ થાય એવો ભાવ કહો. તે ૫-૭ ટકાની આશા રાખતો હતો. મેં શ્રીચંદ વનાજીને વાત કરી. તેમણે એવી ગોઠવણની ના પાડી, મુળજી હરીદાસને મેં વાતજ ન કરી કેમકે એ પણ એવી ગોઠવણ કબુલ ન કરે. માણેકચંદ જીવરાજે બધો જથ્થો ખરીદયા પછી શ્રીચંદે મને માણેકચંદ જીવરાજ પાસેથી થોડે નફે ખરીદી કરવા મોકલ્યો. માણેકચંદે કહ્યું કે "મને બહુ ખર્ચ થઇ ગયો છે એટલે રૂા. ૧૧૦-૧૧૨થી ઓછે નહિં પરવડે." શ્રીચંદે એ ભાવ કબુલ ન કર્યો. તેણે માણેકચંદ જીવરાજની ખરીદી વિષે નરીમાનને વાત કરી.

મી. ચીચગરની ઉલટપાલટ તપાસ.

બાદ મી. ચીચગરની મી. વેલીંકરે ઉલટપાલટ તપાસ શરૂ કરી. મી. ચીચગરે જણાવ્યું કે બોમ્બે પેટ્રોલમાં મને રૂા. ૧૦૦ પગાર ઉપરાંત કમીશન મળતું. પાંચ છ મહીના પછી હું પગારદાર મટી તેઓનો પેટા કોન્ટ્રાકટર બન્યો. પુરતું કામ ન મળવાથી શહેર સુધારા ટ્રસ્ટમાં રહ્યો. ત્યાં હું કામચલાઉ હતો.

એટલે વર્ષ પછી મને રજા મળી. ત્યારથી હું કમીશન એજંટ તરીકે કામ કરૂં છું. લશ્કરી ખાતામાં લોખંડની ટાંકીઓનાં ઢાંકણાનો મને કોન્ટ્રાકટ મળ્યો હતો. તે ૧૯૨૬ના એપ્રીલ સુધી ચાલ્યો. ત્યાર પછી પણ મારી આવક રૂ ૧૦૫-૧૧૦ છે. હમણાં કચ્છ સ્ટીમ રેલવે માટે ભાવ ભર્યા છે. હું ઈન્કમટેક્ષ ભરતો નથી.

બોમ્બે પેટ્રોલ કંપનીમાં.

ભાગવત મૂખ્ય માણસ હતો. તેઓ રેલવે કોન્ટ્રાકટ લેતા એ હું જાણતો નથી. તેઓ શહેર સુધારા અને ખીલવણી ખાતાંને બધી જાતનો માલ પુરો પાડતા. તેઓ પેટ્રોલ અને મોટર સામાન રાખતા અને બીજી વસ્તુઓ બજારમાંથી ખરીદી પુરી પાડતા.

મહેતા નાયગામ ખાતાનો ઉપરી હતો. તે પણ ઓર્ડર આપતો. મજુરોનો ઓર્ડર તે આપતો, હું દરરોજ સવારે વરલી, નાયગામ અને માટુંગા જઈને કાંઇ ઓર્ડર હોય તો પુછતો. હમીદ, ગઝદર, મહેતા, કે કોલ્ડવેલ મને મોઢેથી ઓર્ડર આપતા તે હું લખી લેતો. કેટલીક ચીજો ખાતાની અને કેટલીક ખાનગી પણ હોય. હું તે ચીઠી નાનચંદને આપતો. અમલદારોને શું આપવું તે નકકી કરવાનું કામ મારૂં નહોતું. મેં પોતે કોઇને લાંચ આપી નથી. કંપનીની વતી શેઠે નકકી કર્યા મુજબની રકમો ત્રણ ચાર વખત મારા હાથે આપી હતી. અમલદારો અને કંપની વચ્ચેની ગોઠવણ વિષે મને આડકતરી રીતે ખબર પડી હતી કેમકે ચુનીલાલ નાણાં પુરાં પાડનાર ભાગીદાર હોવાથી દરેક રકમ માટે તેની મંજુરીની જરૂર પડતી. ચુનીલાલ કેશીયરને પુછે કે હમીદના કેટલા લેણા છે ? ત્યારે કેશીયર ચીઠી

પર રકમ લખી ટેબલ પર મૂકતો. વાતચીત ઉપરથી સમજાતું કે એ કાંઇ કાયદેસર લેણું નહોતું શેઠના કામમાં હું માથું મારતો નાહે કેમકે કાંઈ મારા એ પૈસા નહોતા. ચુનીલાલ ગઝદર વિષે પણ એવીજ રીતે પૂછતો. મહેતાનું ખાતું અમુક નંબરનું હતું. નાનચંદ મોટી રકમ લેતો ત્યારે તે અમુક નંબરને ખાતે ઉધારવા કહેતો. તે ખાતું મહેતાનું જણાતું હતું. હમીદને નાનચંદ મળતો ત્યારે તે ભાવો નક્કી કરતો. ગઝદરે ભાવ નક્કી કર્યા હોય તે હું જાણતો નથી. મોટા ઓર્ડરના ભાવ ભાગવત હમીદના ખાતાના દેખરેખ રાખનાર ઇજનેરની ઓફીસમાં નક્કી કરતો. દુકાન પર એ વિષે વાત નીકળતી. તે અમલદારનું નામ મેં આ કેસમાંજ જાણ્યું.

માટુંગા, વરલી કે નાયગામ પર બોર્ડ ઉપર મેં નોટીસો જોઇ નહોતી. બોર્ડ હશે પણ મેં જોયું નહોતું.

એકજ માલનાં બે બીલો થતાં તેનું કારણ કે એકજ માલ માટે હમીદ અને ગઝદરની એમ બે ચીઠીઓ આવતી. એ બેવડા બીલો મળતાં તે હું જાણતો નથી. ભાગવતે એક બે વખત ફરિયાદ કરી હતી કે કંપનીનું કામ નિયમિત નથી અને વડી ઓફીસને તેથી અસંતોષ થાય છે. કોઇ માલમાંનો માલ નહિં મળ્યાની ફરિઆદ મારા જાણવામાં નથી. અમુક માલ નથી મળ્યો માટે પૈસા આપવામાં નહિં આવે એવું કહેવામાં આવ્યું હોય તે હું જાણતો નથી. ખાતામાં બીલોની બે ત્રણ નકલો રાખવાનું હું જાણતો નથી. શહેર સુધારા ટ્રસ્ટમાં ત્રણ નકલોનો રિવાજ છે. પહોંચ ભાગવતની સહી સાથેના જુદા ફોર્મ ઉપર આપવામાં આવતી. બીલો વિષે મારે ભાગવત સાથે ચર્ચા

થઇ નહોતી. બીલો ચૂકવાયાં હતાં એમ માનવાનું કારણ એ છે કે ભાગવતે કાંઇ પગલાં લીધાં નહોતાં. બીલો ક્યારે ચૂકવાતાં તે હું જાણતો નથી. મેળમાં તેની નોંધ છે. ચેક મળે તે પણ મેળમાં જમે હોય.

હમીદ મને ઓર્ડર આપતો તે હું ગઝદરને કહેતો તો પણ તે ફરીથી ઇરાદાપૂર્વક તેનો તે ઓર્ડર આપતો. તેમાં કાંઇ હેતુ હોવાનું હું કહી શકતો નથી. મારી શંકાનું કારણ એ પણ હતું કે હમીદ અને નાનચંદ વચ્ચે ગાઢ સંબંધ હતો. અમે સાથે બેસીને ચા પણ પીતા. તે વખતે કમીશનની વાત થતી નહિં. મને પોતાને કાંઇ કમીશન મળતું નહિં. હમીદની ઘરની ચીજોનાં બીલ પણ કંપની ચૂકવતી. હમીદે તેના પૈસા આપ્યા હોય તે હું જાણતો નથી.

બાદ વધુ તપાસ તા. ૨૯ મી પર મુલતવી રહી હતી.

તા. ૨૯-૧૦-૨૭

તા. ૨૯ મીએ મી. ચીચગરની વધુ ઉલટપાલટ તપાસમાં તેણે જણાવ્યું કે બોમ્બે પેટ્રોલ કંપની મેં કયારે છોડી તે મને યાદ નથી. કંપનીમાં હું તા. ૯-૩-૨૨ થી ૨૦-૪-૨૨ સુધીજ હતો તે ખરૂં નથી. એપ્રીલમાં મને રૂ. ૧૨૫ મળ્યા હસે પરંતુ તે ચૂકતે નહોતા. ૧૯૨૩ ના ફેબ્રુઆરી સુધી મારૂં ખાતું ચૂકતે થયું નહોતું. ઓકટોબરની નોંધમાં ચૂકતે શબ્દ છે તે ખરૂં ખોટું કહી શકતો નથી. ત્યાર પછી લાંબો વખત સુધી હું કંપનીમાં હતો. તેઓ ફાવે ત્યારે મને પૈસા આપતા.

૧૯૨૧ ના જુનમાં મેં નાદારીની અરજીમાં છેલ્લા ૧૮ મહીનાથી

એકાર હોવાનું કહયું હોય એવું મને યાદ નથી અને તેમ કહ્યું હોય તો તે ખોટું નથી. ૧૯૧૯ માં હું ટ્રામવે કંપનીમાં હતો. તા. ૧૧-૪-૨૨ ને રોજ મેં રાજીનામું આપ્યું હતું કેમકે ચુનીલાલ મારી સાથે અપમાનકારક રીતે વર્તતો હતો, પરંતુ તે સ્વીકારાયું નહોતું, જો કે તે નહિં સ્વીકારાયાનો મારી પાસે પત્ર નથી. તોપણ તા. ૨૨ મીએ હું છુટો થયો હતો તે ખોટું છે. તા. ૯-૩-૨૨ પહેલાં હું તેઓની નોકરીમાં નહોતો પરંતુ તેઓ જુનું તાંબુ ખરીદવા મારી પાસે આવતા.

મેં કંપનીની છ મહીના નોકરી કરી, પછી કમીશનથી કામ કરવા માંડયું. ૧૯૨૨-૨૩માં તેમના ચોપડામાં મારૂં ખાતું નથી. તેઓ મને કમીશન રોકડું આપતા. દરેક કામની મેં જુદી રસીદો આપી છે. કુલ મને કેટલી રકમ મળી તે કહી શકતો નથી.

મૂળજી હરીદાસ સાથે મેં ઘણા વર્ષ કામ પાડયું છે, પરંતુ તેની સહી હું ઓળખતો નથી. છગનલાલ કંપનીમાંથી રૂ. ૧૧૨-૧૩ના ભાવે ખરીદી કર્યાનું મને ખરીદ કારકુને કહ્યું હતું. માલ ઉધાર આવતો છતાં તેઓનું ૧૯૨૨-૨૩ના ચોપડામાં ખાતું કેમ નથી તે હું સમજાવી શકતો નથી. જયંતીલાલ હીરાલાલ કંપની પાસેથી સળીયા ખરીદયાનું હું જાણુતો નથી. પરંતુ તા. ૨૪-૮-૨૨ની નોંધમાં તેમનું ખાતું છે, તેમાં તેઓનો ભાવ રૂ. ૧૬૫ થી ૨૦૦ નો છે. ૧૯૨૨ ના માર્ચમાં ૫/૮" ના સળીયાનો ભાવ હું ધારૂં છું કે રૂ. ૧૧૦-૧૧૮ હતો. મેં જાતે તપાસ કરી નથી. મુલજી હરીદાસે ૫/૮"ના રૂ. ૫૦૦, ૩/૧૬"ના રૂ. ૨૦૫ અને ૩/૪" ના રૂ.૧૬૫ ભાવ ભર્યા છે, પરંતુ ઓમ્બે પેટ્રોલના ચોપડા જોતાં આ ભાવો ઘણા વધારે છે.

મોટા ઓર્ડરો કટકે કટકે પુરા પાડવામાં આવતા તે હું જાણતો નથી. માલ મોકલતી વખતે બીલોની બે નકલો આપવામાં આવતી. એક બીલ ખાતું પોતાની પાસે રાખતું અને બીજા પર સહી કરી પાછું મોકલતું. એ સહી કરેલી પહોંચ બીલ સાથે મોકલવી પડતી તે હું જાણતો નથી જો એકજ ઓર્ડર એકજ દિવસે પણ કટકે કટકે પુરો પાડવામાં આવે તો બીલો જુદા થાય એમ બને.

પાઇલ શુ જુદા જુદા માણસો પાસેથી ખરીદયા હતા. ભુરા જયરામ, શરીફ આયર્ન વર્ક ઉપરાંત દયાળ ભુરા પાસેથી પણ પાઇલ શુ ખરીદયા હશે. ભુરાનું કે જયરામનું ૧૯૨૨માં ખાતું નથી પરંતુ દયાળ ભુરાનું છે. દયાળ ભુરાએ રૂ. ૩–૮–૦ના ભાવે આપ્યા હતા કામદાર શાહકરી કંપનીએ પણ એજ ભાવે આપ્યા છે. કેટલાક પાઇલ શુના છિદ્રો શીશાથી ભરી દેવા પાછા આવતા, અને તે ભરીને મોકલી દેવામાં આવતાં ખીલવણી ખાતાના પત્ર ઉપરથી જણાય છે કે કેટલાક પાઇલ શુ નામંજુર કરવામાં આવ્યા હતા. એક બે બીલોમાં પાછા આવેલા પાઇલ શુ માટે બીલ કરવામાં આવ્યું નથી. અમે ખાતાને રૂ. ૪–૮–૦ના ભાવે આપતા તેમાં ખટારા ભાડું આવી જતું. શરીફ આયર્ન વર્કમાંથી ખરીદેલા પાઇલ શુનો ભાવ રૂ. ૨–૧૪–૦ કંપનીના ચોપડામાં ઉધરેલા છે પરંતુ શરીફને તો રૂ. ૨–૧૦–૦ આપવામાં આવતાં. તે માટે મારા શબ્દો સિવાય લેખિત કાંઈ નથી. જીઓ શાહગન કંપનીએ પાઇલ શુનો ભાવ રૂ. ૪–૧૦–૦ જણાવ્યો હોય તો તે વધારે પડતો ગણાય. નાનું બ્રધર્સે રૂ. ૪–૬–૦નો ભાવ આપ્યો હોય તે હું જાણતો નથી. પાઇલ શુ માટે ખાતાએ બીજા

વેપારીઓ પાસે ભાવો માગ્યા હોય તે હું જાણુતો નથી મને બતાવવામાં આવે છે તે કલમો મુજબ રણછોડ કંપનીએ રૂ. ૭-૭-૦, વાડીયા કંપનીએ રૂ. ૭-૬-૦ અને કામદાર શાહુકરીએ રૂા. ૭-૮-૦ ભાવ આપ્યા હતા. નાનચંદે મને કહયું હતું કે ભુરા જયરામનો માલ ખરાબ હોવાથી ખાતાએ નામંજુર કર્યો હતો. અમે તેજ માલ ખરીદીને પુરો પાડયો હતો.

બોમ્બે પેટ્રોલ કંપનીને રૂ. ૧૦ કે ૧૦॥ ના ભાવે બારણાનો ઓર્ડર મળ્યો હતો. કોના તરફથી એ હું જાણુતો. હું કોઇ સામે આક્ષેપ કરતો નથી. માત્ર ૨૨૯ બારણાનો ઓર્ડર હોય તો હું તેનો ઇનકાર કરતો નથી.

શહેર સુધરા ટ્રસ્ટમાંથી હું બરતરફ થયો નહોતો. સ્ટીવન્સ નામનો અમલદાર એક કોન્ટ્રાકટરને માલ વેચવામાં અને મફત લારી વાપરવા દેવામાં પક્ષપાત કરવામાં સંડાવાયો હતો. મુખ્ય ઇજનેર વોટસને મારા પર દોષ ઢોળવા માંડયો એટલે મેં સ્ટીવન્સની ચાઠી બતાવી. વોટસને ચીડાઇને ચીઠી બનાવટી હોવાનું કહ્યું મેં તે સામે વાંધો ઉઠાવ્યો અને વોટસનને એ શબ્દો પાછા ખેંચી લેવા સોલીસીટરની નોટીસ આપી. તેણે શબ્દો લેખિત પાછા ખેંચી લીધા. હું પગાર લઇને છુટો થયો. ટ્રસ્ટનો ખરીદ અમલદાર ઘોંડે હતો. હું તેના હાથ નીચે કારકુન હતો. તેણે મને માટુંગા ખાતેના સળીયાનું લીસ્ટ આપ્યું, તે લઇને હું તો માત્ર સળીયા પસંદ કરવાજ ગયો હતો. તેની ડીલીવરી વિષે હું કાંઇ જાણુતો નથી. મારી ખાત્રી છે કે ૧૯૨૫ ના જુલાઇ સુધી સળીયા માટુંગા ખાતે પડયા હતા.

અમુક રકમનો હું હિસાબ આપી શકયો નહોતો તેથી તે રકમ

ખર્ચ ખાતે નાખી. મને બોમ્બે પેટ્રોલ કંપનીએ રજા આપી હતી તે વાત ખોટી છે.

કંપનીના ચોપડામાં નીચે પ્રમાણે છુપાં ખાતાં હતાઃ—

નં. ૧ મીકેનીકલ

નં. ૨ સામાન

નં. ૩ વરલી

નં. ૪ નાયગામ

નં. ૫ શહેર સુધારા ટ્રસ્ટ

નં. ૬ લશ્કરી.

અત્રે કોર્ટે પ્રાગજી વીરજીને ફરી બોલાવી તપાસ્યો હતો. તેણે કહ્યું કે ખીલવણી ખાતા માટે કંપનીએ કરેલી ખરીદી તે ખાતે ઉધારવામાં આવતી અને બીલો મળતાં તે જમા કરવામાં આવતાં. બીલમાં કાંઈ ઓછું મળે તો તે ખોટ ખાતે ઉધારવામાં આવતું.

મી. નરીમાને ૩ મોટર સાઈકલ લોટરીની ટીકીટના રૂ. ૧૫ ની રકમ તરફ કોર્ટનું ધ્યાન ખેંચ્યું હતું.

બાદ મી. ચીચગરની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેણે જણાવ્યું કે હું અંગ્રેજી નામું જાણું છું. ગુજરાતી નામું નથી જાણતો. મહેતાને હું ઓળખું છું તે ઘણી વખત દુકાને આવતો. તેને કાંઈ અપાયું હોય તે હું જાણતો નથી. હમીદ, ગઝદર, કોલ્ડ-વેલ અને કારકુનોને પૈસા અપાતા હતા. કોલાબાવાળા વિષે હું કાંઇ જાણતો નથી. મારી રૂબરૂ તેને કાંઇ અપાયું નહોતું તમ મેં એવું સાંભળ્યું પણ નહોતું. હમીદને મકાને જઇને હું રૂ. ૫૦ આપી

આવ્યો હતો. બીજી વખત પણ મેં તેને રૂપીઆ આપ્યા હતા. કેટલા તે યાદ નથી. ગઝદરને મેં એક વખત રૂ. ૫૦૦ અને બીજી વખત રૂ. ૩૦૦ કે એટલા આપ્યા હતા. કોલ્ડવેલને નાનચંદે મારી રૂબરૂ પૈસા આપ્યા હતા. કંપનીને ઓર્ડર આપવામાં અને ભાવમાં મહેરબાની કરવા બદલ તે રકમો અપાઇ હતી. તે ગુન્હો છે એ હું જાણું છું પરંતુ મારા પેટની ખાતર મારે શેઠનું કહ્યું કરવું પડતું. ભાગવતે ચુનીલાલ પર ચોપડામાં ખોટી રકમો લખવાનો આરોપ મૂકયો હોય તો હું જાણતો નથી.

બાદ વધુ તપાસ તા. ૩૧ મી પર મુલતવી રહી હતી.

તા. ૩૧–૧૦–૨૭.

તા. ૩૧ મીએ મી. ચીચગરે પોતાની વધુ ઉલટપાલટ તપાસમાં કેટલાંક બીલો બતાવીને જણાવ્યું કે કંપનીએ તા. ૧૨–૧૧ ૨૩ના ટેન્ડરમાં પાઈલ શુનો ભાવ રૂ. ૩–૪–૦ ભર્યો હતો પરંતુ તે પછીનાં બે બીલો રૂ. ૪ના ભાવે છે. એ બે બીલો સિવાય બીજાં એ ભાવનાં નથી. રૂ. ૩–૪–૦ના ભાવે નવો કોન્ટ્રાકટ કરવામાં આવ્યો ત્યારે હું કંપનીમાં નહોતો. કેટલાંક બીલો મેં તપાસ્યાં હતાં. ખરીદ કારકુન બીલો ખાતાની પહોંચો સાથે સરખાવી જોતો. બે ત્રણ દાખલામાં માલ એકજ વખત ગયો હતો તેના ત્રણ ત્રણ બીલો થયા હતા, એમ અંબરદાસે મને કહ્યું હતું.

અમે મોકલેલું એક એંકર ખીલવણીખાતાએ પાછું મોકલ્યું હતું. તેનું બીલ અમે મોકલ્યું હતું. તે ચૂકવાયું કે નહિં તે હું જાણતો નથી. કંપનીનાં કેટલાંક બીલો નામંજુર કરવામાં આવ્યાં હતાં.

નાનચંદે એક કવરમાં રૂ. ૪૦૦ ની નોટો મૂકીને તે કોલ્ડવેલને આપ્યું હતું તે વખતે હું સાથે હતો. વખતે કોઈ ઉપરી આવી ચડે અને અમે પકડાઇએ નહિં તે માટે અમે પ્રોમીસરી નોટનાં ફોર્મ સાથે રાખતા કે જેથી કોઇ ઉપરી અમલદાર આવી ચડે તો પ્રોમીસરી નોટ બતાવી નાણાં ધીર્યાં છે એમ કહી શકીએ.

કંપનીએ ખરીદેલી બે મોટર સાઇકલમાંથી એક હમીદના પિત્રાઈને આપવામાં આવી હતી. તે સ્ટોર ખાતામાં હતો. તેની બાજુમાં બેઠકમાં મેં ઘણી વખત સહેલગાહ કરી હતી. નં. ૩ ખાતામાં રૂા. ૧૫૦૦ છે તેમાં આ મોટર સાઇકલની ખરીદી આવી જતી હશે. હું ચોક્કસ કહી શકતો નથી. તે મોટર સાઇકલ આપ્યાનો લેખિત પુરાવો નથી પરંતુ હું સોગંદપૂર્વક કહું છું કે તે ભેટ અપાઇ હતી. તેના પૈસા આવ્યા હોય તો મને ખબર પડયા વિના ન રહે. શાહ ખાતું દ્વીઅર્થી હોય છે. આબરૂદાર વેપારીઓના ચોપડામાં પણ શાહ ખાતું હોય છે. પરેરા વિષે હું કાંઇ સુચન કરતો નથી.

બાદ વધુ તપાસ તા. ૧ લી નવેમ્બર પર મુલતવી રહી હતી.

તા. ૧-૧૧-૨૭

તા. ૧લી નવેમ્બરે મી. ચીચગરની ઉલટપાલટ તપાસ ચાલતાં તેણે કે જણાવ્યું કોલ્ડવેલે વધેલા સળીયાનું કોઇ ઘરાક હોય તો જણાવવા મને કહ્યું. મેં શ્રીચંદ વનેચંદની પેઢીનું નામ સુચવ્યું. તે પેઢીના હીરાચંદને હુ ઓળખતો હતો કેમકે તે ટ્રસ્ટની ખાણોમાંથી પથરા ખસેડવાનું કામ કરતો હતો. તેણે રૂા. ૧૦૬ના ભાવે માગણી

કરી. કોલ્ડવેલે જણાવ્યું કે સાહેબ વિલાયતથી આવશે ત્યારે અરજીઓ સાહેબ પાસે મૂકવામાં આવશે. તેણે મને કહ્યું કે આપણને લાભ થાય એમ કરવા વેપારીને સમજાવજો મેં હીરાચંદને વાત કરી પરંતુ તેમણે તેમ કરવા ના પાડી

માણેકચંદ જીવરાજે બધો જથ્થો ખરીદયા પછી તેમની પાસેથી ખરીદીના વાતચીત કરતાં માણેકચંદે કહ્યું કે માટુંગાવાળા સાહેબે મારા પર છરી ચલાવી છે. મારી પડતર રૂા. ૧૧૨ થાય છે. તમારે ખાત્રી કરવી હોય તો મારા ચોપડા બતાવું. આથી તેના કહેવા પર અમને વિશ્વાસ બેઠો. હીરાચંદે કહ્યું કે આ તો જુલમ થાય છે. તે, બીજા બે અને હું, નરીમાનને ત્યાં ગયા અને બધી વાત કરી. નરીમાને કહ્યું કે તપાસ પંચની માગણી કરી છે તે મંજુર થાય તો બનતું કરીશ. પછી મીયર્સ કમીટી નામાઇ ત્યારે મેં નરીમાનને ઉપરની વાતની યાદ આપી હતી. નરીમાને બધી વાતની નોંધ કરી લીધી હતી.

બાદ વધુ તપાસ તા. ૫મા નવેમ્બર પર મુલતવી રહી હતી.

તા. ૫-૧૧-૨૭.

તા. ૫મીએ મી. ચીચગરની ઉલટપાલટ તપાસ આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે એન. એલ. મહેતા મારી સાથે નરીમાનને ત્યાં આવ્યો નહોતો. નરીમાનને અમે ફરિઆદ કરી ત્યારે લોખંડના સળીયા કયાંથી ખરીદાયા હતા ? તે વધારાના હતા કે કેમ ? વિગેરે હું કાંઇ જાણતો નહોતો. કમીશન આપ્યા વિના કામ થતું નથી એટલી ફરિઆદ કરી હતી. હીરાચંદે કહ્યું તેમાં મેં કાંઇ ઉમેર્યું નહોતું.

સાથેના બે જણાઓએ એટલું કહ્યું હતું કે આવું તો ખુબ ચાલે છે. તે પછી કમીટી પહેલાં આ વાતની યાદ દેવા હું એકલો નરીમાન પાસે ગયો હતો. તે વખતે હું લોખંડનું કમીશનથી કામકાજ કરતો હતો. હું કોઇ વેપારીના કહેવાથી નહિં પરંતુ જાહેર હિતની ખાતર નરીમાનને અગાઉની વાત યાદ દેવા ગયો હતો. નરીમાને મને પૂછ્યું હતું કે વખત આવ્યે નાશી નહિં જાઓ ને? મેં કહ્યું હતું કે નહિ. હું જરૂર આવીશ. બોમ્બે પેટ્રોલ કંપનીના ચોપડા મેં તેનાથી છુટા પડયા પછી જોયા નથી. એ બધી વાતો એવી હતી કે જીંદગી સુધી યાદ રહે. મને સમન્સ મળ્યા ત્યારે મેં જાણ્યું કે મારે સાક્ષી તરીકે હાજર થવું પડશે. તે પહેલાં મને કોઇ મળ્યું નહોતું.

મેં ખીસાકાતરૂઓ અને ચોરોને પકડવામાં સરકારને ઘણી વખત મદદ કરી છે. મેં કાંઇ બદલા માટે કામ કર્યું નહોતું. છુટાછેડાના એક કેસમાં મેં છુપી તપાસનું કામ કર્યું હતું. પરંતુ તે કેસ ચાલ્યો નહોતો. મને ખર્ચના રૂ. ૧૦૦ મળ્યા હતા.

મી. ચીચગરની ફરી તપાસ.

મી. ચીચગરે પોતાની ફરી તપાસમાં (રી--એકઝામીનેશન) જણાવ્યું હતું કે એક વખત ટ્રામમાં જે. જે. હોસ્પીટલના રટુઅર્ડ ડીમેલોના ખીસામાંથી રૂ. ૨૬૦૦ ની નોટો સરકાવતાં એક જણને પકડાવ્યો હતો. એક બીજા કેસમાં મેજીસ્ટ્રેટ મી. ઓલીવીયરાએ મને સાબાશી આપી હતી. શહેર સુધારા ટ્રસ્ટમાં ખરીદ અમલદાર ઘોન્ડેએ મારી ભલામણ કરી હતી.

તે પછી સાક્ષીએ બોમ્બે પેટ્રોલ કંપનીના ચોપડાની પોતાના હસ્તકની તેમની બીજી રકમોની વિગતો આપીને જણાવ્યું કે ચોપડા જોયા વિના ગઝદર અને હમીદને પૈસા આપ્યાની તારીખો આપી શકું નહિ.

મી. નરીમાને એવાં બીલો બતાવવા માગ્યાં કે જેમાં બોમ્બે પેટ્રોલ કંપનીએ એકજ વખતે અને એકજ માપ અને જાતનો માલ માટુંગા ખાતે હંડ્રવેટના રૂ. ૮–૬–૦ ના ભાવે, વરલી ખાતે રૂ. ૧૦–૮–૦ કે રૂ. ૧૦–૧૦–૦ અને નાયગામ ખાતે રૂ. ૯–૬–૦ના ભાવે પુરો પાડયો છે. આ હકિકતો નવી જણાવી મી. વેલીંકરે વાંધો ઉઠાવ્યો હતો જે કોર્ટે મંજુર કર્યો હતો. બારણાઓનો ઓર્ડર મેં આણંદને આપ્યો હતો તેથી તેણે બારણા દીઠ આઠ આના મને આપ્યા હતા. કંપનીએ તેને રૂ. ૪–૮-૦નો ભાવ આપ્યો હતો.

મી. કાપડીયાની જુબાની.

તે બાદ મી. એરચજી હોરમસજી ખરસેદજી કાપડીયાએ જુબાની આગતાં જણાવ્યું કે મેં ઝરીયાની કોલસાની ખાણોમાં કામ કર્યું છે. કલકત્તાની મથુરામ હરિદેવદાસ કંપનીમાં હું મેનેજર હતો. તેમની મુંબઇની શાખા મથુરામ રઘુમલના નામથી લોખંડનો વેપાર કરતી હતી. તે પેઢીના કોલસાના ધંધા સારૂ હું મુંબઇ આવ્યો અને ૧૯૨૦–૨૧માં પાયોનીયર કોલ કંપની શરૂ કરી. લાલા રઘુમલ તેમાં ભાગીદાર હતા અને નાણાં અપતા. હું મેનેજર હતો. ખીલવણી ખાતાના કોલસાના કંટ્રાકટ સારૂ હું તે ખાતાના સેક્રેટરી.બી. ડબલ્યુ. મોનીને કોટની ઓફીસે મળ્યો, તેમણે કહ્યું કે ખીલવણી ખાતાને ખાણો

ખાતાના ઇજનેર સાથે કોન્ટ્રાકટ છે. તે ઈજનેર સરકારી અમલદાર છે અને સરકાર તથા રેલવે માટે કોલસા ખરીદવાનું કામ કરે છે. તે પછી મને ખબર મળી કે કોલાબાવાળા કોલસાની સ્થાનિક ખરીદી કરે છે. હું તેમને મળ્યો અને ચર્ચા કરી. ભાવતાલ વિગેરે માટે તે બહુ કડક જણાયા, તેમણે કારોબારી ઈજનેર કોલ્ડવેલને મળવા કહ્યું.

(સાક્ષીએ ખીલવણી ખાતાના અમલદારો સાથેની લેવડ દેવડ સંબંધી હકિકત કહેવા માટે કોર્ટનું રક્ષણ માંગ્યું. કોર્ટે રક્ષણ આપીને સત્ય હકિકત કહેવા ફરમાવ્યું.)

અમલદારો તરફથી કનડગત.

સાક્ષીએ આગળ ચાલતાં જણાવ્યું કે હું કોલ્ડવેલને મળ્યો તેણે મારો કોકનો નમુનો જોઇને કહ્યું કે તે સારો નથી. તે પછી હું ફરીને મળ્યો. તેણે સૂચવ્યું કે તે મને બજારભાવથી ૭-૮ રૂપીયા વધારે અપાવશે અને એ વધારો મારે તેને આપી દેવો. મેં કબુલ કર્યું. તેણે ટુકડે ટુકડે માલ લેવા કહ્યું. મારે બધો માલ એકી સાથે વેચી દેવો હતો. કોલ્ડવેલે કહ્યું કે મોટા જથ્થા માટે સેક્રેટરીની મંજુરી લેવી પડે અને પકડાઇ જવાય. આમ વાટાઘાટ પડી ભાંગી. તે પછી પાયોનીયર કંપનીને કોલાબાવાલા તરફથી વરલી અને કોલાબા માટે ઓર્ડર મળ્યો. માલ પુરો પાડતી વખતે સ્ટોરકીપર વિગેરે અમલદારો સતાવવા લાગ્યા એટલે હું વરલી ખાતેના મદદનીશ ઇજનેર ગઝદરને મળ્યો. તેણે કહ્યું કે બીજા વેપારીઓની માફક મારે પણ ૧૦ ટકા આપવા તો કાંઇ કનડગત

નહિં થાય. ઓર્ડર નાનો હોવાથી મેં ૫ ટકા કબુલ કર્યા. પછી કનડગત બંધ થઇ. ગઝદર સાથે પરિચય વધતાં તેણે સૂચવ્યું કે ઓર્ડર કરતાં અડધો માલ પુરો પાડવો. પકડાઇ જવાના ભયથી મેં ના પાડી. પછી તેણે મને બંગાળાને બદલે મધ્ય પ્રાન્તનો રૂા. ૧૩ નો સસ્તો કોલસો પુરો પાડવા સૂચવ્યું. મેં તેને જે કમીશન મળે છે તેનાથી સંતોષ માનવા કહ્યું. તેણે કહ્યું કે તેમાંથી ૫૦ ટકા તો મોટા અમલદારો ખાઇ જાય છે એટલે તેને ભાગે કાંઇ રહેતું નથી. કનડગત વિષે મેં હારવેને ફરિઆદ કરી ત્યારે તેણે પણ સૂચવ્યું કે "વેપારી હોઇને તમારે કેમ કામ લેવું તે તમારે સમજી લેવું જોઇએ."

નામંજુર કરેલા માલની બીજા પાસેથી ખરીદી.

મેં કોલાબાવાળાને વાત કરી બીજી જગ્યાના ઓર્ડર માગ્યા. તેણે કોલાબા માટે ઓર્ડર આપ્યો. ત્યાં તો વળી વરલી કરતાં પણ કનડગત વધુ હતી. બીલીંગટન અને તેનાં માણસોએ એક વખત તો માલ ખરાબ કહીને પાછો વાળ્યો. એજ માલ બાલકીશનદાસે ખરીદીને મારીજ લારીમાં કોલાબે મોકલ્યો.

કિંમતી સેરો.

બીલીંગટન પાસેથી સીધા ઓર્ડર મળે તેમ ન લાગવાથી બાલકીશનદાસને અમારી કંપનીમાં ભાગીદાર બનાવ્યા. નવી કંપનીનું નામ બી. બાલકર કંપની રાખ્યું. તેમાં રઘુમલ, બાલકીશન, હું અને ફોરબસ ભાગીદાર હતા. કોલાબાનું કામકાજ બાલકીશન સંભાળતા. હું સ્થાનિક કામકાજ કરતો. હિસાબ બાલકીશનદાસ રાખતા. તે નોર્થબ્રુક

ગાર્ડન પાસે રહેતા અને ત્યાંજ તેમની ઓફીસ હતી. બાલકીશનદાસને બીલીંગટન, થોમસ, સીલ, એન્ડરસન અને લુઇ સાથે લેવડદેવડ હતી. થોમસની સ્ત્રીને તેણે સોનાની ઇનેમલની બંગડીઓ ભેટ આપી હતી. તાજમહાલ હોટેલ નીચેની દુકાનેથી ફર ખરીદીને અને વોટરલુ મેનશન નીચેની દુકાનમાંથી ગાલીચા ખરીદીને બીલીંગટનની સ્ત્રી અને છોકરીને ભેટ અપાયા હતા. સીલને ઇવાન્સ ફ્રેઝરમાંથી રૂ. ૭૨ની ગાદીવાળી ખુરસી અને ચેરાગદરમાંથી કપડાં બનાવી આપ્યાં હતાં. બીલીંગટન અને થોમસને, બજારની બીજી ચીજો પણ મોકલવામાં આવતી. બી. બાલફર કંપનીની બે મોટરમાંથી બાલકીશનદાસ વાપરતા તે મોટર સ્ટોરકીપર અને બીજા અમલદારો પણ વાપરતા. અમારી ભાગીદારી ૧૪ મહીના ચાલી કેમકે બાલકીશનદાસ બીલ મળે તે કંપની ખાતે જમે કરવાને બદલે પોતાને ખાતે જમા કરતો. અમને ખબર પડતાં અમે તેને નોટીસ આપી. તેણે રઘુમલને હિસાબ ચૂકવી આપ્યો અને ભાગીદારી તુટી ગઈ. આ બધી હકીકત મેં મી. નરીમાનને જણાવી હતી. તેમણે કહ્યું હતું કે વખત આવ્યે બધું બહાર આવશે.

ઉલટપાલટ તપાસ.

આ પછી મી. કાપડીયાની ઉલટપાલટ તપાસ લેવામાં આવતાં તેણે જણાવ્યું કે ૧૯૨૬ની આખરથી હું તાતા કન્સ્ટ્રકશન કંપનીના ખંડાલાના બાંધકામ પર પેટા કંટ્રાકટર છું. તે પહેલાં કોટન ગ્રીરીથમાં ભાગીદાર હતો, તે પહેલાં બી. બાલફરમાં હતો. કલકત્તાની પેઢીમાં ૧૯૧૯માં હતો. પાયોનીયર કંપની ૧૯૨૦માં શરૂ થઇ. લાલ રઘુમલ બે વર્ષ પહેલાં

ગુજરી ગયા છે. ચોપડા મધુરામ રઘુમલ પાસે હશે. રઘુમલ કલકત્તાની પેઢીના એકલા માલીક હતા. મધુરામ રઘુમલ મુંબઇના માલીક હતા. પાયોનીયરમાં મારો ૪ આના ભાગ હતો. કંપનીએ પહેલે વર્ષે નફો કર્યો હતો તે પછી તે બી. બાલફર કંપનીમાં મળી ગઈ. તેમાં મારો ૨ આના ભાગ હતો.

કમીશનની માગણી

પાયોનીયર કંપનીના વખતમાં હું કોલાબાવાલાને મળ્યો હતો. તે પ્રમાણીક અમલદાર હતો તેના ભાવ વ્યાજબી હતા. તેમાં મને પંદરેક ટકા નફો મળતો. તેના કહેવાથી હું કોલ્ડવેલને મળ્યો હતો. ગઝદરે ૧૦ ટકા માગ્યા અને ઓર્ડરથી અડધો માલ મોકલવા કહયું હતું તે મેં કોલાબાવાલાને કહયું હતું. ગઝદર સાથેના પહેલા વહીવટમાં મેં તેને રૂ. ૧૦૦ આપ્યા હતા. માલ રૂ. ૩૦૦–૩૫૦નો હશે. ગઝદરે મને કોલાબાવાળાથી રૂ. ૪ના ઉંચા ભાવે બે ઓર્ડર આપ્યા હતા. ગઝદરને પાછળથી ૫ ટકા આપતો. એ રકમો ખરચ ખાતે ઉધારતો.

માલમાં ગોટાળો કરવાની સુચના.

ગઝદરે મને હમીદ સાથે ઓળખાવ્યો હતો. તેઓની વાતચીત એવી હતી કે જાણે બન્ને એકજ હોય. એ ત્રણ ઓર્ડર પછી અમે એક વખત મોટરમાં સાથે ફરવા ગયા ત્યારે ગઝદરે મને ઓર્ડર કરતાં અડધો માલ મોકલવાની વાત કરી હતી. તેણે બંગાળાને બદલે મધ્ય પ્રાન્તનો કોલસો મોકલવા પણ કહ્યું હતું. પરંતુ પકડાઇ જવાના ભયથી મેં ના પાડી. ઉપરી અમલદારોને મોટી રકમ

જતી હોવાથી પોતાને કાંઇ મળતું નથી એમ ગઝદરેજ મને કહ્યું હતું. ઉપરી એટલે હું કોલાબાવાળા નહિં પણ હમીદ સમજ્યો હતો.

"ઘટતું કરી લેવા"ની સૂચના.

મારો કોલસો પડયો હતો ત્યાંથી હારવે પસાર થયો ત્યારે મેં કનડગત વિષે વાત કરી. તેણે ગુસ્સે થઇને કહ્યું કે "આ તો નજીવી વાત છે. તમે ઘટતું કરી શકો છો. છતાં હું જોઇશ". મને લાગ્યું કે તે કાંઈક કરશે. આ પછી ગ્રીફીથ મને સાઇકસ પાસે લઇ ગયો ત્યારે મને ખબર પડી કે કોલસાનું કામ સાઇકસના હાથમાં છે અને હારવેને ફરિઆદ કરવામાં મેં ભૂલ કરી છે. ત્યાર પછી મેં વરલીના ઓર્ડર લેવા બંધ કર્યા અને કોલાબા-વાલા પાસે બીજા સ્થળ માટે ઓર્ડર માગ્યા. તેણે કોલાબા અને ડઝર માટેના ઓર્ડર આપ્યા. એ વખતે જીજીભાઇ જસાવાલા બીજા કોન્ટ્રાકટર મારફત બાલકીશનદાસની ઓળખાણ થઇ અને તેમની સાથે ભાગીદારી કરી. બાલકીશનનો આગલો ઇતિહાસ હું જાણતો નહતો. વરમા કોલાબા ખાતેનો કોન્ટ્રાકટર હતો પણ કયા કામનો તે હું જાણતો નથી. મીરૂદીન ગુલામ મહમદને હું ઓળખતો નથી. એ બન્નેના પ્રમાણે બાલકીશનને ભાવ અપાતા તે હું જાણતો નથી, પરંતુ અમુક બાબતમાં બાલકીશનને વધુ ભાવ મળતા તે તો પ્રતિજ્ઞા પર કહી શકું છું. મને યાદ છે કે બોલ્ટ નટનો ભાવ વગરનો ઓર્ડર મળ્યો હતો. મેં ખરીદી કરી તેના ઉપર બાલકીશને ૫૦ ટકા ઉમેર્યા અને ઓર્ડરમાં તે ભાવ ભરવામાં આવ્યો. નાના ઓર્ડરો ભાવ વગરજ મળતા અને મોટા

ઓર્ડરના ભાવ બાલકીશન નક્કી કરી આવતા. બીજા કોન્ટ્રાકટરના ભાવ વિષે હું કાંઇ કહી શકતો નથી. પરંતુ બાલકીશન તો અમને એવો ખ્યાલ આપતા કે અમને વધારે ભાવો મળે છે.

નાદારીનું કારણ.

ગ્રીફીથ કંપનીમાંથી છુટા પડયા પછી તેના રૂ. ૩૭ હજારના કરજનો હું જામીન થયો હતો પરંતુ મારાથી તેટલી રકમ ભરી શકાય તેમ ન હોવાથી મારે નાદારી લેવી પડી હતી.

બાલકીશન પાસેથી મેં રૂ. ૩ હજાર ઉછીના લીધા હતા, અને રૂ. ૨ હજાર તેણે મારી વતી પાયોનીયરની નુકશાનીમાં મારા હિસ્સાના ભર્યા હતા. તે પાંચ હજારનો મેં તેને ચેક આપ્યો હતો પરંતુ બેન્કમાં મારા તેટલા રૂપીઆ ન હોવાથી મેં તેને તે ચેક બેન્કમાં નહિં મોકલવા કહ્યું હતું. આ ચેક માટે મારી સામે દાવો માંડવાની મને કદી ધમકી અપાઇ નહોતી. મેં બાલકીશનને ફોઝદારી દાવાની ધમકી આપી હતી તે વાત પણ ખોટી છે. બા. બાલફ્રર કંપનીએ સીંધીયા સ્ટીમ નેવીગેશન કંપની સામે રૂ. ૧૦ હજારનો દાવો માંડયો ત્યારે કંપનીના ચોપડા મને આપવામાં આવ્યા હતા તે વાત ખોટી છે. કંપની બંધ થયા પછી ચોપડા કલકત્તે મોકલી દેવાનું બાલકીશને વચન આપ્યું હતું એટલે ચોપડા કલકત્ત મથુરામ હરદેવદાસ પાસે હશે. વરમાના કોન્ટ્રાકટની મને કશી માહિતી નથી. બાલકીશન ખાતાના માનીતા હતા તે તો હું અનુભવથી કહી શકું છું, કેમકે બધા કોન્ટ્રાકટરોમાં અમને વધારે પસંદગી મળતી.

બાદ વધુ તપાસ તા. ૭મી નવેમ્બર પર મુલતવી રહી હતી.

મી. કાપડીયાની વધુ ઉલટપાલટ તપાસ.

તા. ૭મીએ મી. કાપડીયાની વધુ ઉલટપાલટ તપાસ ચાલતાં તેમણે જણાવ્યું કે બીલીંગટને નામંજુર કરેલો અને બાલકીશને ખરીદેલો માલ ૫–૭ ટન હશે કેમકે બે લારીઓ ભરી હતી.

પાયોનીયર કંપનીએ ૫૦૦ ટન કોલ વિલાયતથી મંગાવ્યો હતો. ડેવીડ મુરના એજંટ સીંધીયા સ્ટીમ નેવીગેશન પાસેથી અમે ડીલીવરી લીધી હતી. પાયોનીયર કંપનીના ચોપડા જોયા વિના તેનો ખરીદી કે વેચાણનો ભાવ કહી શકું નહિં. સીંધીયા સામેનો દાવો આ માલ માટેનો નહોતો. એ કેસ ચાલ્યોજ નહોતો. બાલકીશનદાસના કહેવાથી ખર્ચના રૂા. ૧૫,૦૦ લઇ અમે દાવો પાછો ખેંચી લીધો હતો. બી. બાલફર કંપનીના ચેકો પર બે જણની સહી થતી. બધાં નાણાં ચેકથી નહોતાં અપાતાં. કેટલાક ચેકો પર મેં તેમજ ફોરબસે સહીઓ કરી હશે.

અમલદારોને અપાયેલા નાણાં.

અમલદારોને મારા હાથે પૈસા આપ્યા નથી પરંતુ ત્રણ ચાર વખત મારી રૂબરૂમાં બાલકીશનદાસે આપ્યા હતા. ચોપડા જોયા વિના તે આંકડા કહી શકું નહિ. ભેટની ચીજોની કેટલીક ખરીદીઓ વખતે હું સાથે હતો. ૧૯૨૨–૨૩માં કોલાબા ખાતે કોન્ટ્રાકટરો હતાં કે નહિં તે હું જાણતો નથી. નેપ કંપનીનું નામ પણ મેં સાંભળ્યું નથી. બાલકીશન એવી ફરિઆદી કરતા કે વરમા આડો આવે છે, પરંતુ અમને નિયમિત કામ મળ્યા કરતું હતું એટલે વરમા

કોણ છે તેની મેં તપાસ કરી નહોતી. બાલકીશન અમને કાંઈ દેખાડતા નહિં કે હિસાબ આપતા નહિં.

ગયા ફેબ્રુઆરી કે માર્ચમાં બાલકીશનની મોટર રસ્તામાં અટકી પડી હતી અને તેને કાંઈક ખરીદી કરવી હતી તે વખતે હું ત્યાંથી પસાર થતો હતો એટલે તેણે મારી પાસે રૂ. ૫૦ માગ્યા અને મેં આપ્યા. ત્યાર પછી હું કલકત્તે ગયો. ગયા જુલાઈમાં મેં મારા રૂ. ૫૦ માગ્યા એટલે તેણે રૂ. ૩૨ નો ચેક આપ્યો. બાકીની રકમ મારી લેણી છે. બાલકીશન પાસે રૂ. ૩-૪ લાખ છે અને બારમાં ત્રણ ચાર મકાનો છે.

લાંચ રૂશ્વત વિષે મી. નરીમાનને ફરિઆદ.

મી. નરીમાનને હું કોર્ટમાં ૧૯૨૩ માં મળ્યો હતો. બાલકીશન નાણાં નહોતો આપતો તે વિષે સલાહ લેવા આવ્યો હતો. મી. નરીમાને એવી સલાહ આપી હતી કે નાણાં મળે તેમ હોય તો કોર્ટમાં દોડી જવાની ઉતાવળ ન કરવી. બાલકીશનની વાતને અંગે મેં મી. નરીમાનને કહ્યું હતું કે ખીલવણી ખાતામાં લાંચ-રૂશ્વત ચાલે છે. મેં કોઈનાં નામ આપ્યાં નહોતાં. તેમણે પણ કાંઇ વધુ પૂછ્યું નહોતું. ત્યાર પછી તો આ કેસમાં બી. બાલફર કંપનીનું નામ આવેલું છાપામાં વાંચ્યા પછી, હું મી. નરીમાનને મળ્યો હતો અને મારી વાતના પુરાવા આપ્યા હતા. તેમનું લેખિત સ્ટેટમેન્ટ કોર્ટમાં વંચાયું ત્યારે હું કામસર દીલ્હી ગયો હતો. ત્યાં મેં છાપામાં હકિકત વાંચી હતી. મી. નરીમાને મને જરૂર પડયે સાક્ષી તરીખે આવવા કહયું હતું. તેમણે બી. બાલફર કંપનીના ચોપડા માગ્યા હતા પરંતુ મેં કહયું હતું કે તે કલકત્તે મથુરામ હરદેવદાસ પાસે હશે.

ફરી તપાસ.

ફરી તપાસમાં મી. કાપડીયાએ જણાવ્યું કે ગ્રીફીથ મારો ભાગીદાર હતો અને મીલમાલેકોને અને ખીલવણી ખાતા સાથે ભારે લાગવગ ધરાવતો હોવાથી તેના કરજના રૂ. ૬૭-૩૮ હજાર ભરવાનું મેં માથે લીધું હતું. તેણેજ સાઈકસની મને ઓળખાણ કરાવી હતી.

મારો કોલસાનો ધંધો રૂ. ૩-૪ લાખનો હતો.

આ પ્રમાણે મી કાપડીયાની તપાસ પૂરી થઇ હતી.

મી. જોસેફ બ્રુકસની જુબાની.

તે પછી મી. જોસેફ બ્રુકસે જુબાની આપતાં જણાવ્યું કે દરિયો પુરવાના ખાતામાં ૧૯૨૪ના ફેબ્રુઆરીથી ૧૯૨૭ના ઓગસ્ટ સુધી હું કોલાબા પર નં. ૧ પાઇપ લાઇનનો સુપરવાઇઝર હતો. એન્ડરસન કારોબારી ઇજનેર અને બીલીંગટન ડેપ્યુટી ચીફ ઇજનેર હતો. ૧૯૨૫ના મેની તા. ૨૧મીએ એન્ડરસન મને કોલાબે મળ્યો અને કહ્યું કે બીલીંગટને ચીફ ઇજનેરને કાગળ લખ્યો છે કે કારોબારી ઇજનેરો પોતાને બંગલે ખાતાના મજુરોનો ઉપયોગ કરે છે. મારા હાથમાં કેરોસીન, કોલસા અને પેટ્રોલનો સ્ટોર પણ હતો. હાજરી મારા હાથ નીચેનો ટાઈમ કીપર રાખતો.

(મી. નરીમાન એવું બતાવવા માગતા હતા કે ખીલવણી ખાતાના અમલદારો ખાતાના મજુરોને પોતાના ઘરકામ માટે રાખતા અને તેમનો પગાર ખાતામાંથી ચૂકવાતો.)

અમલદારોને ત્યાં સરકારી માલ.

સાક્ષીએ આગળ ચાલતાં જણાવ્યું કે હું અમલદારોને ખાનગી તેમજ સરકારી કામ માટે સ્ટોર પુરો પાડતો. સરકારી કામ માટે જોઇતો માલ છાપેલી ચીઠી પર અને ખાનગી કામ માટે કોરી ચીઠી પર ઓર્ડર મળતો (ચીઠીઓ પુરાવા તરીકે રજુ કરવા સામે મી. વેલીંકરે વાંધો ઉઠાવ્યો જે કોર્ટે નામંજુર કર્યો) અમલદારોને ખાનગી વપરાશ માટે મોકલેલા સામાનના હું હજી ત્યાં સુધી કદી પૈસા મળ્યા નથી. એન્ડરસનને બે વર્ષ સુધી દર ૧૦ દિવસે કોલસા મોકલવામાં આવતા. સરકારી માલ અમલદારોના ખાનગી વપરાશ માટે પુરો પાડયાનું મેં સાંભળ્યું નથી. અમલદારોને પુરા પાડેલા માલનો કશો હિસાબ રાખવામાં આવતો નહિં.

૭૫ ટકા ઓર્ડરો બાલકીશનના.

બાલકીશનદાસને હું ઓળખું છું. ૧૯૨૪-૨૫માં ટેન્ડરો માગવામાં આવતા નહિં. નરીમાને ધારાસભામાં સવાલ ઉઠાવ્યો નહિં ત્યાં સુધી ટેન્ડરો માગવામાં આવતા નહિં. પુરણીનું ૭૫ ટકા કામ બાલકીશન શેઠને મળ્યું હતું. વેગન દીઠ રા. ૧૦ આપવામાં આવતાં. પછી તે રા. ૭-૮-૦અને પછી રા.૬-૪-૦થયા. જાહેર ટેન્ડર પછી ભાવ ઘટીને છેક રૂ. ૨-૮-૦હતો. બાલકીશન, વર્મા, ફાઝલ કરીમ બધાને રૂ. ૧૦નો ભાવ મળતો.

રા. ૨૦ હજારના કામના રા. ૧ લાખ.

૧૯૨૪-૨૫માં બાલકીશનદાસને રંગવાનું રા. ૧ લાખનું કામ મળ્યું

તેટલું કે તેથી વધારે કામ વીલીયમ જેકસે રૂા. ૨૦ હજારમાં કર્યું. ૧૯૨૫ના માર્ચ એપ્રીલમાં બાલકીશનદાસે મને રૂા. ૨૦૦ આપ્યા હતા. અમલદારો બાલકીશનની મોટર વાપરતા તે હું જાણું છું. તે બીલીંગટનને દરરોજ ઘર વખરીની ચીજો મોકલતો તે પણ જાણું છું. ૧૯૨૬માં સરકારના જનરલ સાથે ગાલીચાની ભેટ વિષે પૂછપરછ કરી હતી. બાલકીશન હમણા કોંટ્રાકટર નથી. તેણે મને કહ્યું હતું કે લુઇ ખીલવણી ખાતામાં ચીફ ઇજનેર બન્યો તે પહેલાં લુઇનો કારકુન હતો.

મી. જોસેફ કસની ઉલટપાલટ તપાસ.

તે બાદ મી. જોસેફ બ્રુકસની ઉલટપાલટ તપાસ ચાલતાં તેણે જણાવ્યું કે આ વર્ષની ઓગસ્ટની તા. ૮ મીથી હું કાંઇ કરતો નથી. દેશપાન્ડે વકીલની સાથે રહું છું. શરતના મેદાનમાં અમારે ઓળખાણ થઇ હતી. હું તેને ટીપ આપતો. હું વખતોવખત શરતમાં જાઉં છું. ૧૯૨૪માં હું હિંદ આવ્યો ત્યારથી શરતમાં જાઉં છું. કોલ્હાપુર શરતમાં રૂ. ૨૦૦-૨૫૦ મળ્યા છે કે જે મુંબઇની શરત ચાલુ થતાં સુધી ચાલશે. પુનામાં હું રેસ હેઇસ સાથે રહેતો હતો અને શરતમાં જતો. મીસ્પોટથી આવ્યા પછી મેં નોકરી માટે અરજી કરી અને મને પાઇપ લાઇન સુપરવાઇઝરની જગ્યા મળી. મને રૂ. ૩૦૦નો પગાર અને ડ્રેજીંગ ચાલુ હોય ત્યારે ઓવરટાઇમના રૂ. ૧૫૦ બીજા મળતા. મારો ઉપરી સરવેયર હતો. ૧૯૨૪ સુધી તેનો ઉપરી ક્રીમ્સ હતો. ૧૯૨૫ માં ક્રીમ્સના હાથ નીચે એન્ડરસન કારોબારી ઇજનેર નીમાયો. એન્ડરસનને કુલ રૂ. ૧૫૦૦ અને ક્રીમ્સને રૂ. ૨૦૦૦ મળતા. એન્ડરસનને અને મારે ન બન્યું.

અમલદારોની આપખુદી.

તે બધુંજ ખાઇ જવા માગતો હતો. પોતે અડધો અડધો ટન કોલસા લઇ જતો પરંતુ એક મજુરને કોલસાના બે કકડા લેવા માટે એન્ડરસને તેના રૂા. ૨ દંડ કર્યો હતો. તે મારૂં હાજરીપત્રક તપાસતો પરંતુ તેનું કારણ એ નહોતું કે હું ખોટી હાજરી નોંધતો. હું મજુરો પાસેથી લાંચ ખાતો એવી ગ્રીમ્સ ઉપર ફરિઆદ ગયેલી પરંતુ મને કાંઇ ખુલાસો પૂછવામાં આવ્યો નહોતો. સૌ કોઇની સામે લાંચરૂશ્વતની ફરિઆદો થયાજ કરતી.

ઉપરી અમલદારની ખફગી.

૧૯૨૬ની શરતો પછી મેં સાત બેઠકની ૭ સીલીન્ડરની એક 'ડેવીસ' મોટર અનીલા મોટર વર્કસમાંથી રૂ. ૮૦૦માં ખરીદી. હાથ નીચેના માણસ પાસે મોટર હોય એ વાત ગ્રીમ્સને ન રૂચી. બે ત્રણ મહીના પહેલાં મેં એ મોટર મરીન લાઇન્સ પરના મદદનીશ ઇજનેરના ભાઇને વેચી નાખી કેમકે મને કરજ થઇ ગયું હતું. તે શરત અને રૂના સટ્ટાનું પરિણામ. એક વખત રૂ. ૩૦૦૦ કમાયો એટલે મોટર લીધી, પરંતુ ફરી એથીયે વધુ ગુમાવ્યું અને ઉલટું રૂ. ૨૦૦૦નું કરજ થયું છે.

સરકારી હિસાબમાં ઘટ.

કેરોસીનના ખાલી ડબ્બાના વેચાણના હિસાબમાં રૂા ૧૦૦ની ઘટ આવી હતી તે મેં ભરી દીધી હતી હું વેચાણનો હિસાબ દર અઠવાડીએ અને દર મહીને મોકલતો, પરંતુ નાણાં તેની સાથે મોકલતો નહિં. એન્ડરસને હિસાબ તપાસ્યો ત્યારે ઘટ જણાઇ હતી.

કેટલાક વેપારીઓ પાસે રૂ. ૨૦૦–૩૦૦ બાકી હતા. એન્ડરસને મને ઠપકો આપ્યો નહોતો પરંતુ બ્રીમ્સે પોલીસ કેસ કરવાની ધમકી આપી હતી. મેં તેજ વખતે તેની પાસે પોલીસ ચોકીમાં જવા ખુશી દેખાડી હતી. મારી પર ખાતાના લેણા નીકળતા બધા પૈસા મેં કટકે કટકે ભરી દીધા છે. મારી પાસે તેની પહોંચો છે. તા. ૭–૮–૨૭ના રોજ મને છુટો કરવામાં આવ્યો ત્યારે હું હોસ્પીટલમાં હતો. મેં મારી લેણી રકમ માટે ચીફ઼ ઇજનેરને પત્ર લખ્યો હતો એજ મહીનામાં હું પુનામાં મી. નરીમાનને મળ્યો હતો. તેઓ મારી પાડોશમાંજ રહેતા હતા મારી પાસેની ચીઠીઓની મેં તેમને વાત કરી હતી પરંતુ ચીઠીઓ દેખાડી નહોતી. મેં તેમને મારા લેણા માટે સ્મોલકોઝમાં દાવો માંડવા કહ્યું હતું

"કોલસાનો કોઇ જાતનો હિસાબ નહોતો."

મારો અનુભવ એવો છે કે અમલદારો પૈસા આપીને પણ સરકારી સ્ટોરમાંથી માલ લઇ ન શકે. મારા હાથ નીચે સ્ટોરકીપર નહિં પણ એક ખલાસી હતો. ૧૯૨૫–૨૬–૨૭ માં પેટ્રોલ અને કેરોસીનનો હિસાબ રાખવામાં આવ્યો હતો પરંતુ કોલસાનો કોઈ જાતનો હિસાબ રાખવામાં આવ્યો નહોતો અને મને કોઇએ તેમ કરવા કહયું પણ નહોતું.

બ્રીમ્સે આપેલા રૂા. ૧૦૦ નો હેતુ.

મારી સ્ત્રી પુનામાં મારી સાથે રહેતી હતી. હમણાં તે મુંબઇમાં છે. પેલી ચીઠીઓનો હું ઉપયોગ કરીશ એવી બીકથી એ ચીઠીઓ પાછી આપવાની શરતે બ્રીમ્સે મને રૂ. ૧૦૦ આપ્યા હતા.

પરંતુ તે મારી સાથે પ્રમાણિકતાથી નહોતા વર્ત્યા એટલે મેં પણ રૂ. ૧૦૦ લઇ લીધા પરંતુ ચીઠીઓ ન આપી. તેણે મને કહ્યું હતું કે ફીરોસાંનની ઘટના રૂપીઆ હું ભરી દઉં તો મને મારો રજાનો પગાર મળશે. મેં તે રૂપીયા ભરી દીધા પણ મને પગાર ન મળ્યો. એ વાત ગ્રીમ્સના હાથમાં હતી. તેણે મારે માટે ભલામણ કરી હોય તો પણ હું તો તેણે આપેલા રૂ. ૧૦૦ બડા સાહેબો ખાય છે એવા કમીશનનાંજ ગણું છું. ચીફ ઇજનેર ફરામજીએ મને રૂ. ૧૦ અને બેલે રૂ. ૨૦ આપ્યા હતા. મેં કાંઇ માગ્યા નહોતા. તેમણે દયાથી નહિં પણ કાંઇક જુદા હેતુથીજ મને પૈસા આપેલા. બાદ વધુ તપાસ બીજા દિવસ ઉપર મુલતવી રહી હતી.

મી. જોસફ બ્રુકસની વધુ ઉલટપાલટ તપાસ

તા. ૮મી નવેમ્બરે મી. જોસફ બ્રુકસની વધુ ઉલટપાલટ તપાસ ચાલતાં તેણે જણાવ્યું કે આ ચીઠીઓ માલ મંગાવ્યાની છે. માલની પહોંચ્યાની નથી. પરંતુ બંગલે માલ પહોંચાડનાર મજુરો શાંગરી અને રાવજી ડોંગરીના પુરાવા લાવી શકું તેમ છું. ઘણી વખત મને રૂબરૂ પણ માલ મોકલવા કહેવામાં આવતું. હું ન મળું તોજ ચીઠ્ઠી મોકલવામાં આવતી. એન્ડરસન રહે છે તે સરકારી બંગલો છે. તેના રીપેર માટે તેણે ડેપ્યુટી ચીફ ઇજનેરને અરજી કરવી જોઇએ. પરંતુ તેણે પરબારી પાઇપો મંગાવી પોતાની સગવડો કરી લીધી. મેં એ વિષે ઉપરી અમલદારને ફરિઆદ કરી નહોતી કેમકે તેઓજ એ પ્રમાણે માલ મંગાવતા. એન્ડરસનના ૧૯૨૫ના નવેમ્બરના પગારમાંથી રૂ. ૧૫ કોલસાના કાપી લીધેલા છે, જ્યારે તેને ત્યાં લગભગ ૪૦ ટન

કોલસા ગયા છે. દર વખતે અડધા ટનનો ઓર્ડર આવતો પરંતુ મારી પાસે જોખવાનું સાધન ન હોવાથી વધુ ઓછો માલ જતો હશે. સેક્રેટરીને મેં આ વાત જણાવી નહોતી કેમકે મને નોકરી ખોવાનો ભય હતો.

"ઉપરીઓ લાંચ લે તો હું કાં ન લઉં?"

બાલક્રીશનના ચોપડા મેં જોયા નથી. તેણે જે અમલદારોને ગાલીચા આપ્યા તેમણે તેના પૈસા આપ્યા હતા કે નહિં તે હું જાણતો નથી. લુઇ નોકરીમાંથી ફારેગ થયો ત્યારે બાલક્રીશને તેની મોટર રૂ. ૫૦૦૦ માં ખરીદી લીધી હતી. તેણે મને પણ રૂ. ૨૦૦ આપ્યા હતા. આ લાંચ ગણાય અને સરકારી નોકરથી લેવાય નહિં પરંતુ મારા ઉપરીઓ લે તો હું શું કામ ન લઉં? એ મારી માન્યતા હતી. બાલક્રીશન અને ફકીરૂદીન કંપનીના મારા મને રૂ. ૬૦૦-૭૦૦ મળ્યા હશે.

મી. બેલ તરફથી રૂ. ૧૦.

મેં નોટીસના પગારની માંગણી કરી હતી. મેં ખીલવણી ખાતાના કોઈ પણ અમલદાર પાસે લાચારી કરી નથી. બેલે મને રૂ. ૧૦ આપ્યા હતા, પરંતુ તેનું કારણ હું જાણતો નથી. મેં મારી માંદગીના લવાજમમાંથી મને રૂપીઆ આપવા બેલને ચીઠી મોકલી હતી અને જવાબમાં તેણે મને રૂ. ૨૦ મોકલ્યા હતા. ૧૯૨૭ના જુલાઇમાં મેં ગ્રીમ્સ પાસે રજાનો પગાર માગ્યો હતો. મેં તેને કહ્યું હતું કે મને કામ મેળવવા નાગપુર જવા માટે રૂ. ૫૦ જોઇએ છે.

તેણે મને પેલી ચીઠીઓ પાછી આપવાની શરતે રૂ. ૧૦૦ આપ્યા પરંતુ મેં ચીઠ્ઠીઓ તેને મોકલી નહિં.

મને કોર્ટનો સમન્સ મળ્યો એટલે હું બ્રીમ્સને મળ્યો. તે ચીફ ઇજનેરને મળ્યો અને ચીફ ઇજનેર બેલને મળ્યો તેઓએ કાંઇ મસલત કરી હતી

કોર્ટમાં રજુ થયેલી ચીઠ્ઠીઓ ૧૯૨૫-૨૬ની છે. તે મારા બંગલે મોકલવામાં આવી હોવાથી મારી પાસે રહી છે. તે સરકારી કાગળો નથી. મને પોલીસ કોર્ટમાં ઘસડવામાં આવે તો આ ચીઠ્ઠીઓ કામ લાગે એમ ધારીને મેં સાચવી રાખી છે.

હાજરી પત્રક બાળી નાખવાની પેરવી.

૧૯૨૫ના મેની તા. ૯ મીએ ચીફ ઇજનેરને ડેપ્યુટી ચીફ ઇજનેર બીલીંટગનનો કાગળ મળ્યો કે એન્ડરસન ખાતાના મજુરો પોતાને બંગલે કામે લગાડે છે એન્ડરસનને એ વાતની ખબર પડતાં તે મને મળ્યો અને તેણે કહ્યું કે તે મજુરોની મજુરી મને આપી દેશે અને મારે હાજરી પત્રકમાં પેલા મજુરોની ગેરહાજરી પૂરવી. ટાઇમકીપર ફ્રાંસીસે ફેરફાર કરતાં છબરડો કરી મૂકયો. મેં એન્ડરસનને કહયું કે એવી છેકછાકવાળું હાજરીપત્રક ઓડીટ ઓફીસ મંજુર નહિં કરે એટલે તેણે કહયું કે જુનું હાજરીપત્રક બાળી નાખી નવું બનાવવું અને પેલા મજુરો ગેરહાજર બનાવવા. તેણે મને એ મજુરોની ત્રણ અડધા દિવસની મજુરીના રૂા. ૪-૨-૦ આપ્યા. એટલે નવું હાજરીપત્રક બનાવવામાં આવ્યું અને જુનું બાળી નાખવાના બહાને મેં મારી પાસે રાખ્યું. હું નરીમાનને પુનામાં મળ્યો ત્યારે મેં તેમને આ વાત કરી હતી.

ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે બીજા હાજરીપત્રકો પ્રમાણે આવી રીતે બે વર્ષ સુધી દર મહીને ખાતાને રૂા. ૧૫૦ થી ૧૮૦ ની ખોટ ગઇ હશે.

આ પ્રમાણે મી જોસફ બ્રુકસની તપાસ પૂરી થઇ હતી.

શંકર રામરાવ મુકુંદની જુબાની.

બાદ મી. શંકર રામરાવ મુકુંદે જુબાની આપતાં જણાવ્યું કે હું ૧૯૨૫ થી ૧૯૨૭ના માર્ચ સુધી બાલકીશનનો કારકુન હતો ચોપડા ઓફીસમાં રાખવામાં આવતા હતા પરંતુ ૧૯૨૫ની આખરમાં કે ૧૯૨૬ ની શરૂઆતમાં ચોપડા ગોલપીઠાથી બાલકીશનના ખાર પર બંધાતા વિદ્યાવિલાસ નામના બંગલે બાળી નાખવા માટે લઇ જવામાં આવ્યા હતા. મેં અને બાલકીશન શેઠે જરૂરના ચોપડા બહાર કાઢીને બાકીના કોથળામાં નાખી બાળી નાખ્યા. ગાલીચા અને રૂવાં વિગેરે હું કાંઇ જાણતો નથી. બાલકીશનનું પંજાબ નેશનલ અને બીજી બેન્કોમાં ખાતું હતું.

ઉલટપાલટ તપાસ.

તે પછી મી. શંકર રામરાવની ઉલટપાલટ તપાસ લેવામાં આવતાં તેણે જણાવ્યું કે હમણાં હું શાહી બનાવીને વેચું છું બાલકીશનને ત્યાં મને મહીને રૂ. ૧૦૦ મળતા હતા, પરંતુ કંઇક મારી તબીયત નાદુરસ્ત રહેવાથી, કંઇક આ કેસ સબંધી ઝગડો થવાથી હું બાલકીશનદાસમાંથી છુટો થયો અમુક માણસ નરીમાનનો મિત્ર છે એમ હું નહિં જાણતો હોવાથી હું તેને કેટલીક વાતો કરતો એક વખત હું નરીમાનને મળ્યો પણ હતો. મેં બાલકીશન પાસે એ કબુલ

કર્યું અને તેમને પણ નરીમાન આગળ બધી વાત ખુલ્લી કરવા વિનંતિ કરી. બાલકીશને કહ્યું કે તે નરીમાનને મળી આવ્યા છે અને તેમનું નામ કેસમાં ન આવે એમ કરવા કહ્યું છે. નરીમાને તે કબુલ કર્યું નહોતું. આથી મારી સ્થિતિ કફોડી બની એટલે મેં નોકરી છોડી દીધી. બાલકીશનના વકીલની મને નોટીસ મળી હતી, કાંઇ ચોપડા કે વાઉચરો સોંપવાના નહોતા કેમકે બધા બાલકીશનને ઘેરજ હતા.

ચોપડા બાળ્યાનો એકરાર.

પહેલવહેલા ૧૯૨૫માં કુલકરણી નામનો માણસ મને નરીમાન પાસે લઇ ગયો હતો. નરીમાનના ધારાસભામાંના ભાષણની પહેલાં કે પછી તે મને યાદ નથી. નરીમાને કેટલીક વાતો કરી અને પૂછયું આ બધું ખરૂં છે. મેં હા પાડી. ત્યાર પછી ચોપડા બાળી નાખ્યા પછી હું નરીમાનને મળ્યો હતો મને મહીનો યાદ નથી. ત્રીજી વખત મને નોટીસ મળ્યા પછી મળ્યો હતો.

ચોપડાના નાશનો કિસ્સો.

• ચોપડા ૧૯૨૨ થી ૧૯૨૬ સુધીના હતા. બંગલાના કંપાઉન્ડમાં તે બાળવામાં આવ્યા હતા. હું અંદર પાનાઓ ફાડતો હતો, તેથી બહાર કોણ મજુરો હતા તે મને ખબર નથી. ચોપડાને આગ કોણે લગાડી તે જાણતો નથી, પરંતુ મેં ધુમાડો અને રાખ જોયાં હતાં. બબ્બે ત્રણ ત્રણ દિવસને આંતરે ત્રણ ચાર દિવસ આ કામ થયું હતું. કેટલા ચોપડાનો નાશ કર્યો તે કહી શકું નહિં. મીલવણી ખાતાના કાગળો, ઓડીટ ખાતાના કાગળો, બી. પાલફૂર કંપનીના કોલસાના વેપારના કાગળો વિગેરે હતું. અમે બાળી

નાખેલા કાગળો ઉપયોગી ન હોય એ બનવા જોગ છે. નરીમાનની મુલાકાતની વાત મેં બાલકીશનને નહોતી કહી એમ તે કહેતા હોય તો તે આશ્ચર્યકારક કહેવાય. સાક્ષી કાપડીયાને હું ઓળખતો નથી. મેં તેને અહિંજ જોયો. તે બાલફૂર કંપનીના સંબંધમાં આવ્યો હતો. બાળી નાખેલા ચોપડામાં કેટલીક રકમો મારા હાથની હતી. કઇ રકમો તે મને નરીમાને પૂછ્યું નહોતું ને મેં કહ્યું પણ નહોતું. મેં તો માત્ર ચોપડા બાળી નાખ્યાની કુલકરણીની વાતને ટેકો આપ્યો હતો. સોલીસીટરની નોટીસ મળ્યા પછી હું નરીમાનને મળ્યો હતો. મને સાક્ષીમાં નહિં બોલાવવા મેં તમને કહ્યું હતું પરંતુ કુલકરણીએ મને કહ્યું કે કેસ થશે કે સાક્ષીમાં આવવું પડશે. હું આવી તકલીફમાં આવવા ખુશી નહોતો. મેં મારી વાતના પુરાવા પુરા પાડયા નહોતા.

મી. ડ્રાઇવરની જુબાની.

તે પછી મી. બાપુજી દીનશાજી ડ્રાઇવરે જુબાની આપતાં જણાવ્યું કે ૧૯૨૩ ના એપ્રીલથી ૧૯૨૪ ના નવેમ્બર સુધી મહાલક્ષ્મીથી વરલી સુધી મેં કોલ્ડવેલ અને પરેરાના હાથ નીચે ડ્રાઇવરનું કામ કર્યું હતું. પગારપત્રક બનાવવાનું કામ તે પગાર કારકુનનું હતું, પરંતુ તેને બદલે પરેરા તે બનાવતો.

આ સાક્ષીની ઉલટપાલટ તપાસ લેવામાં આવી નહોતી.

બાદ મુકદમો તા. ૧૨ મી ઉપર મુલતવી રહ્યો હતો.

• નારાયણ મહાદેવ પાઇની જુબાની.

તા. ૧૨ મી નવેમ્બરે કેસની સુનાવણી આગળ ચાલતાં મી.

નારાયણ મહાદેવ પાઇએ જુબાની આપતાં જણાવ્યું કે હું જનરલ મોટર એજંસીનો માલીક છું અને ગીરગામ પર મારી દુકાન છે. ભાગવતને હું ઓળખું છું. તે પેટ્રોલ અને જનરલ સપ્લાઇ એજંસીનો એક ભાગીદાર હતો. ૧૯૨૨–૨૩ માં મેં ખીલવણી ખાતાના પાંચ અમલદારોની મોટરનું સમારકામ અને રંગકામ કર્યું હતું. તેના પૈસા ભાગવતે આપ્યા હતા. ૭૪૨૮ નંબરની ફોર્ડ મોટર બોમ્બે ઓટોમોબાઈલ કુંપનીની સાથે રહીને મેં ગીગાન્ડર્સ આરબુથનોટ કંપનીમાંથી ખરીદી ખીલવણી ખાતાના મદદનીશ ઇજનેર નંદકીશોરને પહોંચાડી હતી. તે માટે ભાગવતે રૂ. ૧૫૦૦નો ચેક આપ્યો હતો તેમજ બીજા રૂ. ૩૦૦ આપ્યા હતા. બાકીની રકમ તે પછીના લેવડદેવડમાં આવી ગઇ હતી. બીજી બે મોટરો અબદુલ હમીદ અને ગઝદર મારી સાથે પ્રેટ બ્રધર્સમાં આવીને પસંદ કરી ગયા હતા અને મેં તે તેમને પહોંચાડી હતી. ચુનીલાલના કહેવાથી મેં તેમાં કાંઇ કમીશન ખાધું નહોતું.

મી. પાઇની ઉલટપાલટ તપાસ.

મી. પાઇએ પોતાની ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે પહેલી બે મોટરો સમારી તે અબદુલ હમીદ અને નંદકીશોરની હતી. સમારકામના પૈસા માટે પેટ્રોલ સપ્લાઇ કંપનીએ જવાબદારી લેવાથી પછીથી મેં અમલદારોનાં નામ જાણવા દરકાર કરી નહોતી. મને તો પેટ્રોલ કંપનીએજ પૈસા આપ્યા હતા. તેને અમલદારોએ પૈસા આપ્યા હોય તે હું જાણતો નથી. નંદકિશોરને મોટર ભેટ આપ્યાની ચુનીલાલે મને વાત કરી હતી. તેને હું કાલેજ મળ્યો હતો. તે પેટ્રોલ

કંપનીનો ભાગીદાર હતો. તેની સામે ભાગવતે હાઇકોર્ટમાં નાણાં ઉચાપત કરવાનો દાવો માંડયાનું હું જાણતો નથી,

ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે ભાવતાલ ભાગવત નકકી કરતો અને તેણે પણ મને નફો નહિં લેવા કહ્યું હતું.

ડૉ. કુપરની જુબાની.

તે બાદ ડૉ. નાદીરશાહ હોરમસજી કુપરે જુબાની આપતાં જણાવ્યું કે હોરનબીરોડ પરના મારા દાંતના દવાખાના પર વલીમહમદ રોજ આવતો. તેણે મને કહ્યું કે ખાલવણી ખાતાના અમલદારો તેની પાસેથી લાંચરૂશ્વત લેતા હતા અને જો તેઓને સંતોષ ન થતો તો હેરાન કરતા. તેથી તે નરીમાનને તે વિષે ફરિઆદ કરવા માગતો હતો. તેના કહેવાથી મેં તેની નરીમાન સાથે ઓળખાણ કરાવી આપી. હાલમાં તે મરણ પામ્યો છે. તેના ભાઈ જુસબ હસન જાપાનવાલાને હું ઓળખું છું. તા. ૯ મી સપ્ટેમ્બરે વિલાયતથી આવ્યા પછી મેં જુસબની નરીમાનને ઓળખાણ કરાવીને કહયું કે વલીમહમદ મરણ પામ્યો છે અને આ તેમનો ભાઈ છે. જુસબે નરીમાનને વલીમહમદના ચોપડા બતાવ્યા.

ડૉ. કુપરની ઉલટપાલટ તપાસ.

ઉલટપાલટ તપાસમાં ડૉ. કુપરે જણાવ્યું કે વલીમહમદે મને લાંચ લેનાર અમલદારો તરીકે એન. એલ. મેહતા, ગઝદર અને બીજા બે અમલદારોનાં નામ કહ્યા હતાં, જે મને યાદ નથી. બે અમલદારો પોતાના બાળકોના દાંત કઢાવવા મારી પાસે આવ્યા હતા. તેઓ પંજાબી જણાતા હતા. મેહતા અને ગઝદરે કેટલી લાંચ

લીધી, કેવી રીતે હેરાન કરતા, તે તેણે મને કહ્યું નહોતું. તે મહેતાના હાથ નીચે કામ કરતો કે મઝદરના હાથ નીચે એ હું કાંઇ જાણુતો નથી.

હું ૧૧ મહીના હિંદબહાર હતો. જીનીવામાં મને છાપાઓ મારફત આ કેસની ખબર પડી. વલીમહમદ મારો મિત્ર હતો અને નરીમાન પણ મારો સ્નેહી હતો. તે બન્નેની વાતચીત વખતે હું હાજર નહોતો. વલીમહમદના ચોપડા ગુજરાતી તેમજ અંગ્રેજીમાં છે. તેમાં લાંચની રકમો ટાકેલી છે. એક ઇજનેરનું ખાતું છે.

મી. જુસબ હુસનની જુબાની.

તે બાદ મી. જુસબ હુસને જુબાની આપતાં જણાવ્યું કે મારો ભાઈ ખીલવણી ખાતામાં કોન્ટ્રાકટર હતો. તે ૧૯૨૫ના ઓકટોબરમાં મરણ પામ્યો છે. ડો. કુપર મારા ભાઇના પરમ મિત્ર છે.

"ઇજનેર"નું ખાતું.

મારા ભાઇને ૧૯૨૧ માં ડીલાઇલ રોડ પર ૭ ચાલીનું કામ મળ્યું હતું. ૧૯૨૨ ના જુલાઇથી હું તેની સાથે કામ કરવા લાગ્યો. ૧૯૨૧–૨૨ ની ખાતાવહીમાં એક ખાતાના ખુણાપર "ઇજનેર" લખ્યું છે તે ખાતું કેપ્ટન કારમાઈકલનું છે. તે ખીલવણી ખાતાનો ઇજનેર હતો અને મારા ભાઇના કામ ઉપર દેખરેખ રાખતો હતો. એક વખત મારો ભાઇ બિમાર હોવાથી હું કામ પર ગયો. કારમાઇકલે મારી પાસે રૂ. ૨૦૦ માગ્યા. મેં મારા ભાઇને વાત કરી. તેણે મને રૂપીયા આપ્યા અને મેં તે કારમાઇકલને આપ્યા. રોજમેલમાં તા. ૧૫–૭–૨૨માં તે રકમ મારા હાથે ઉધારેલી છે.

માગ્યા પૈસા નહિં આપવાનું પરિણામ.

કારમાઇકલ પૈસા માટે મારા ભાઇને હેરાન કરતો. મેં મારા ભાઇને કહ્યું કે આટલી મોટી રકમો આપ્યા કરશો તો કાંઇ નફો નહિં રહે. મેં સૂચવ્યું કે આમ વખતોવખત લુંટાવા કરતાં કાંઇક ઉચક રકમ આપીને પતાવો. મારા ભાઇએ કારમાઇકલને એ સૂચના કરી ત્યારથી કનડગત શરૂ થઇ. ચાર ચાલીઓ બંધાયા પછી કારમાઇકલ અમારા કામમાં ખોડખાંપણ શોધવા લાગ્યો અને આખરે કામ અમારા હાથમાંથી લઇ ગેનન કંપનીને આપ્યું. આખરે મારા ભાઇએ હાઇ કોર્ટમાં રૂ. ૫૪ હજારનો દાવો માંડયો. પરંતુ એટલામાં મારા ભાઇ ગુજરી ગયા અને હું કાંઇ વિગતો જાણતો ન હોવાથી તેમજ કેસ લડવા માટે મારી પાસે પૈસા ન હોવાથી અને મારા ભાઇની પાછળ નાનાં બાળકો હોવાથી મારે રૂ. ૫૪૦૦ માં માંડવાળ કરવી પડી.

મારા ભાઇને ખીલવણી ખાતાની વડી ઓફીસનો રેકર્ડ રૂમ બાંધવાનો કોન્ટ્રાકટ મળ્યો હતો. ૧૦ ટકાનો અર્થ હું સમજતો નથી. પરંતુ તે કોઇને અપાયા હશે.

મીં૦ જુસબની ઉલટપાલટ તપાસ.

મી. જુસબની ઉલટપાલટ તપાસ લેવામાં આવતાં તેણે જણાવ્યું કે કારમાઇકલને બરતરફ કરવામાં આવ્યાની મારા ભાઇએ મને વાત કરી હતી, પરંતુ તેનું કારણ હું જાણતો નથી. તે સરકારી નાણાં ઉચાપત કરી ગયો હતો તે હું જાણતો નથી. તે મહેતાના હાથ નીચે હતો. મહેતા કારોબારી ઇજનેર હતા. મહેતા સાથે મને કાંઇ કામ પડતું નહિં. મારા ભાઇએ મહેતા અને બીજાઓને લાંચ આપી હશે પરંતુ

તે વિષે હું કાંઇ જાણુતો નથી. રેકર્ડ રૂમ મહેતાના હાથ નીચે હોવાની મને ખબર નથી. ઓર્ડરો કીસનસીંગ નામનો માણુસ આપતો હતો.

મી. અબ્દુલઅલી અબ્દુલહુસેન દુલાની જુબાની.

તે પછી મી. દુલાએ પોતાની જુબાનીમાં જણાવ્યું કે હું એમ. એ. દુલાની કંપનીના નામે ધંધો કરૂં છું. ખીલવણી ખાતા સાથે મને કામ પડયું હતું. મારા ચોપડા સુરતમાં છે અને મને સમન્સ ગઇ કાલેજ મળ્યો તેથી હું તે લાવી શકયો નથી. અમે ૫ થી ૧૦ ટકા કમીશન આપતા તેની ચોપડામાં નોંધ હશે.

અમલદારોને ૧૦ ટકા.

વલીમહમદ કોન્ટ્રાકટર હતો. રેકર્ડ રૂમના કામમાં હું તેનો ભાગીદાર હતો. તે કામના પહેલા બે કાગળો મારા હાથના છે. "૧૦ ટકા બાદ" એ કામ આપનાર અમલદારને આપવાના હતા. તે પછી ખર્ચ અને કીશનસીંગને આપેલા રૂ. ૧૦૦ બાદ જતાં રહેલી રકમ વલીમહમદ અને પીન્ટોએ વહેંચી લીધી હતી.

હું વલીમહમદને માલ પુરો પાડતો અને તેના કહેવાથી સીધો કામ ઉપર મોકલતો. મને પૂછીને ખીલવણી ખાતાને ભાવ કહેવામાં આવતો. બીલ નં. પર માં આંકડા બદલેલા છે. વલીમહમદે કહ્યું હતું કે સાહેબે મૂળ બીલમાં રૂ. ૫૧૦ ઉમેર્યા હતા અને તે ઇજનેરને માટે હતા. તે હસ્તાક્ષર વલીમહમદના છે.

મી. દુલાની ઉલટપાલટ તપાસ.

ઉલટપાલટ તપાસમાં મી૦ દુલાએ જણાવ્યું કે રેકર્ડ રૂમનો ઉપરી સાહેબ કોણ હતો તે હું જાણુતો નથી. વલીમહમદે મને

કહ્યું હતું કે કારમાઈકલને બીજા વધારાનું છે અને રૂ ૫૦૦ તેને અપાયા છે. મહેતાને મેં કાંઈ આપ્યું હોય એવું યાદ નથી. મને ઓર્ડર મળતા તેમાં વલીમહમદનું કમીશન નહોતું. તેને કોન્ટ્રાકટના રૂ. ૬૭૧૭ મળ્યાની સરકારી દફતરમાં નોંધ હોય તો તે ખરૂં હશે.

મી અરદેશર દીનશાની જુબાની.

તે પછી મી. અરદેશર દીનશાએ જુબાની આપતાં જણાવ્યું કે ચીરા બજારમાં મારા દારૂની દુકાન છે. પેટ્રોલ કંપનીને મેં શેમ્પેન, વીસ્કી, બ્રાન્ડી અને બીજા દારૂ પુરા પાડયા હતા. તેમના ચોપડામાં મારૂં ખાતું છે. તા. ૨૭-૧૨-૨૨ ને દિવસે ૨૦ બાટલી શેમ્પેનના મને રૂ. ૧૧૧--૧૪-૦ મળ્યા છે. ચુનીલાલ એક માણસ સાથે મારી દુકાને આવ્યો હતો તેની સાથે ફ્રુટના કરંડીયા હતા. કરંડીયામાં ફ્રુટ સાથે શેમ્પેનની બાટલીઓ મૂકાવી તેણે માણસને વાલકેશ્વર ખાતે પેડર રોડ પરના બંગલે જવાની સૂચના કરી હતી માણસ વીકટોરીયા કરીને ગયો. ચુનીલાલ બીલ લઇ ગયો હતો અને બે ત્રણ મહીના પછી મને ચેક મળ્યો હતો. ચુનીલાલને મેં બ્રાન્ડી, વીસ્કી વિગેરે પુરાં પાડયાં હતાં. તે રેસ્ટે અમલદારો પર ગયાં હતાં.

આ સાક્ષીની ઉલટપાલટ તપાસ લેવામાં આવી નહોતી.

બાદ વધુ તપાસ તા૦ ૧૪ મી પર મુલતવી રહી હતી.

મી. છોટાલાલ મનસુખલાલ શુકલની જુબાની.

તા. ૧૪ મીએ કેસ આગળ ચાલતાં મી છોટાલાલ મનસુખલાલ શુકલે જુબાની આપતાં જણાવ્યું કે હમણાં હું બી. એન.

ગામડીયાની નોકરીમાં છું. ૧૯૨૨-૨૩માં હું રેતી, ઇંટ વિગેરેનો ધંધો કરતો હતો અને ખીલવણી ખાતાને મેં પી. કે. પટવર્ધનના નામે ઇંટો પૂરી પાડી હતી. મારી દુકાન ગીરગામ બેક રોડ ઉપર હતી. પટવર્ધનને દુકાન નહોતી તેમજ તે રેતી વિગેરેનો ધંધો કરતો નહોતો. તેનો ધંધો એકસપોર્ટ ઇમ્પોર્ટનો હતો. તે મને ઓર્ડર આપતો અને હું વરલી પર માલ મોકલી આપતો. બીલો પટવર્ધન પોતાના નામે બનાવતો. ખીલવણી ખાતું તેને હિસાબ ચૂકવતું અને તે મને પૈસા આપતો. હું તેને ચાલુ ભાવે ઇંટો પુરી પાડતો, તેમાં તે દર હજાર ઇંટે ૫-૧૦ કે ૧૫ રૂપીયા ઉમેરતો. તે કહેતો કે તેથી ઓછે તેને પરવડતું નહિં. મેં સીધો ઓર્ડર મેળવવા ઘણી વખત પ્રયત્ન કર્યો પરંતુ હું ઓર્ડર મેળવી ન શકયો. ચાર પાંચ વેપારીઓ સાથે હું નરીમાનને મળ્યો અને કહ્યું કે અમને સીધા ઓર્ડર મળી શકતા નથી માટે કાંઇક પગલાં લો.

મી. શુકલની ઉલટપાલટ તપાસ.

તે બાદ મી. શુકલની ઉલટપાલટ તપાસ શરૂ થતાં તેણે જણાવ્યુ કે તા. ૫-૧-૨૬ને રોજ મેં વરલી પરના ૫૨ મા પ્લોટ પર ૪૦૦૦ ઇંટો મોકલી હતી. પટવર્ધનને મેં રૂા. ૩૨ના ભાવે પુરી પાડી હતી. એક ખટારામાં ૨૫૦ ઇંટો જતી અને માહીમથી વરલી સુધીનું ખટારા ભાડું રૂ. ૧ થી ૧ા થતું. એટલે પટવર્ધનને રૂ. ૩૭ ના ભાવે ઇંટો પડતી. પટવર્ધને મને કહ્યું હતું કે તેણે ૫-૧૦ રૂપીયા નફો કર્યો હતો અને તેને બહુ ખર્ચ કરવું પડયું હતું.

રોજી કમાવા માટે અપાતી લાંચ.

હું ઓર્ડરો મેળવવા વરલી તેમજ કોલાબે ગયો હતો. વરલી

ખાતે અંગ્રેજ અમલદાર હતો અને બીજે હિંદીઓ હતા. અંગ્રેજ અમલદાર પાસે હું બે ત્રણ વખત ગયો હતો તેથી હું તેને ઓળખી શકતો નથી. તેણે મને એવો જવાબ આપ્યો કે, હમણાં કાંઇ ઓર્ડર આપવાનો નથી, પછી જોઇશું." પટવર્ધનને ઇંટો પૂરી પાડયા પહેલાં હું તે અમલદારને મળ્યો હતો. પટવર્ધને મોટો જથ્થો પૂરો પાડયો હતો. મારા ભાવ વધુ હોવાથી તેણે બીજાઓ પાસેથી ખરીદી કરી હતી. બીજા વેપારીઓમાં ટોકરસી દેવસી અને ડી. એમ. રઘુનાથજી દેશાઇની કંપનીનાં નામ હું જાણું છું. બીજાનાં નામો જાણતો નથી. પટવર્ધને તેમની પાસેથી શું ભાવે ખરીદી કરી હતી તે હું જાણતો નથી. માહીમ પર હું ગયો ત્યારે ટોકરશી અને રઘુનાથજીએ મને કહ્યું કે તેઓ પટવર્ધનને મારા કરતાં સસ્તે ઇંટો પુરી પાડે છે. કમીશન કે લાંચ આપવી પડશે એવું મને કોઇએ કહ્યું નહોતું. મારી રોજી કમાવા માટે મારે લાંચ આપવી પડી હોત તો હું પણ આપત. મારી સાથે નરીમાનને ત્યાં કયા વેપારીઓ હતા તેનાં નામ હું નથી જાણતો. પટવર્ધનને માલ પુરો પાડયા પહેલાં અમે મળવા ગયા હતા. ઇંટો શહેરસુધારા ટ્રસ્ટને નહિં પણ ખીલવણી ખાતાનેજ પુરી પાડવામાં આવી હતી. નરીમાન અમને મદદ કરી શકે એવા માણસ છે એવી એમની કીર્તિ સાંભળીને અમે તેમને મળવા ગયા હતા.

મી. વનમાલીદાસ હરજીવન પંડયાની જુબાની.

તે બાદ મી. વનમાલીદાસ હરજીવન પંડયાએ જુબાની આપતાં જણાવ્યું કે હું મોતીરામ કંપનીનો માલીક છું, અને લોખંડનો વેપાર કરૂં છું. કરનાક બંદર પરના જથ્થામાં મારી ૧૩-૧૪ વર્ષથી દુકાન છે. ત્યાં ૩૫-૪૦૦ વેપારીઓ લોખંડનો જથ્થો રાખે છે.

સાલેભાઇ તૈયબજીનું નામ જાણું છું. તેઓ લોખંડના વેપારી છે પરંતુ જથ્થામાં દુકાન નથી. તેઓ સરકારી અને રેલવે ખાતાને માલ પુરો પાડે છે. જથ્થામાં કે બીજે તે લોખંડના સળીયાનો સ્ટોક રાખતા નથી. જીઓ. સરવીસ પણ સળીયાનો વેપાર કરતી નથી. તે કાટખુણાઓ વિગેરે રાખે છે.

રૂ. ૧૦૨ા નો ભાવ વ્યાજબી નહોતો.

૧૯૨૧ માં જથ્થામાં બધા મળીને ૩૦-૪૦ હજાર ટન સળીયા તૈયાર હશે. દર વર્ષે એટલો માલ હોય છે. ૧૯૨૪માં તાતા કંપનીને બાઉન્ટી આપવાનું ઠર્યું ત્યારથી ૩૦-૪૦ ટકા ઓછો માલ રહે છે. હું સળીયા વેચું છું. ૧૯૨૨માં ાા ઇંચ અને ઉપરના માપના સળીયાનો ભાવ રૂ. ૧૮૦-૮૫ હતો. જથ્થાની બાજુમાંજ રેલવે સાઇડીંગ છે. ૩/૧૬ ઇંચથી ૩/૮ ઇંચનો ભાવ રૂ. ૧૯૫ હતો. ૧૯૨૫માં મોટા માપનો સરેરાશ ભાવ રૂ ૧૫૦ હશે. નાના માપના રૂ. ૧૫ વધારે હશે. તૈયાર માલના જથ્થા ઉપર ભાવનો આધાર છે. મેં ઉપર જણાવેલા ભાવે વેચાણ કર્યું હતું એ ભાવે ખરીદનારા મળી શકે. ૧૯૨૫માં રૂ ૧૦૨ા નો ભાવ વ્યાજબી ન લેખાય.

વેપારીઓની ફરીયાદ.

૧૯૨૫માં માટુંગા ખાતે સળીયાનો જથ્થો ખીલવણી ખાતાને વેચવાનો હતો તે હું જાણતો હતો અને તે રૂ. ૧૧૦ સુધીના ભાવે ખરીદવા મેં પ્રેમજી દલાલને કહ્યું હતું. પરંતુ તેણે કહ્યું કે માણેકચંદ જીવરાજે રૂ. ૧૦૨ાાના ભાવે સોદો કરી નાખ્યો છે. એ સોદામાં ત્રીવેદી કંપની, છોટાલાલ કેશવજી અને માણેકચંદ જીવરાજ ભાગીદારો

હતા. મેં છોટાલાલ કેશવજી પાસેથી ૨૫ ટન રૂ. ૧૩૨ના ભાવે અને ૫૦ ટન રૂ. ૧૩૦ના ભાવે ખરીદ્યા હતા. બીજા વેપારીઓએ પણ એજ ભાવે ખરીદ્યા હતા. દલાલે માણેકચંદ જીવરાજને રૂ. ૧૦૨ાા ના ભાવે માલ કેમ મળ્યો તેનો ખુલાસો કર્યો હતો. આ બાબતમાં અમારી બજારમાં લાંબો વખત સુધી ઉહાપોહ થયો હતો. અમારી ફરીયાદ એ હતી કે ખરા વેપારીઓને ઓર્ડર મળતા નથી અને બહારનાઓને મળે છે.

૧૯૨૩માં ધારાસભાની ચુંટણી વખતે નરીમાન અને બાલુભાઇ દેસાઇના એજંટ મારે ત્યાં આવ્યા હતા. મેં નરીમાનને ખીલવણી ખાતા વિષે ફરિઆદ કરી. ત્યાર પછી પણ એ બાબતમાં હું નરીમાનને મળ્યો હતો. લડાઇ દરમીયાન બજારમાં અમેરીકન સળીયા હતા. તે પછી તો મુળજી હરિદાસ સિવાય કોઇની પાસે નહિં હોય. કોઇ હરિફ ન હોય એટલે તે ફાવે તે ભાવ લઇ શકે.

મી. પંડયાની ઉલટપાલટ તપાસ.

મી. પંડયાએ પોતાની ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે મોતી-રામ મારો ભાગીદાર છે. અમે મોટો વેપાર કરીએ છીએ. ૧૯૨૧ પહેલાં હું પતરાં અને કાટખુણાનો વેપાર કરતો હતો. મેં એ ત્રણ લાખનો માલ પુરો પાડયો હશે. મેં કોઇ સરકારી કે જાહેર ખાતાને માલ પુરો પાડયો નથી. પાંચ છ વર્ષથી અમને ખોટ જાય છે તેથી અમે ઇન્કમ ટેક્ષ ભરતા નથી.

મૂળજી હરિદાસ અમારી એસોસીએશનના પ્રમુખ છે. તેમના હસ્તાક્ષર હું ઓળખું છું. છગનલાલ કંપની બહુ થોડા જથ્થો રાખે

છે. તેના હસ્તાક્ષર હું નથી ઓળખતો. મુળજી હરીદાસનો વેપાર મોટો છે. વેપારીઓ કરતાં સરકારી ખાતાને તેઓ ઉંચો ભાવજ બતાવે. વેપારીઓની એ રીતજ છે. તે વિના ચાલતું નથી. ખીલવણી ખાતાનાં ટેન્ડર મેં કદી ભર્યાં નથી. તે ખાતાની જાહેરાત મેં વાંચી નથી. હું પહેલાં માત્ર ક્રોનીકલ અને હવે હેરલ્ડજ વાંચુ છું.

સળીયાના સોદામાં રૂ ૩/૪ લાખનો નફો..

૧૯૨૧ માં ૧/૨×૧૨ ફીટનો ભાવ રૂ. ૧૭૪ થી ૧૮૦ હશે. આ ભાવ યુરોપી માલનો છે. અંગ્રેજી સળીઆ બજારમાં ચાલતા નથી. ૧૯૨૨ ની અધવચ સુધી અંગ્રેજી સળીયા મળી શકતા પણ નહિ. અમે કાતો યુરોપ, અમેરીકા કે કેનેડાનો માલ રાખતા. મેં જણાવેલો ભાવ યુરોપી માલનો છે. અંગ્રેજી સળીયાનો હિંદની બજારોમાં શું ભાવ હતો તે જાણતો નથી. ૧૯૨૫ માં રૂ. ૧૫૦ થી ૧૬૫ નો ભાવ હતો. ખીલવણી ખાતાના સળીયા અંગ્રેજી બનાવટના હતા. તેને માટે બહુ તો ૧૦ શીલીંગ વધારે ગણી શકાય. ખીલવણી ખાતાના વેચવાના સળીયાનું લીસ્ટ પ્રેમજી લાવ્યો હતો. મેં પ્રેમજીને એ ૨૪૦૦ ટનનો બધો જથ્થો રૂ. ૧૧૬ સુધીના ભાવે ખરીદવા કહ્યું હતું. તેમાં ૬૦૦-૭૦૦ ટન ૭/૮"ના સળીયા હતા તે હું જાણતો હતો. તે સળીયા ન વેચાય એવા હતા એ વાત ખોટી છે. કેમકે તે થોડાજ વખતમાં વેચાઈ ગયા હતા. પ્રેમજી ખીલવણી ખાતા સાથે લાગવગ ધરાવતા માણુસ મારફત પ્રયત્ન કરતો. તેણે એ માણસનું નામ જણાવવા ના પાડી. તે માણસ કે પ્રેમજી મારી માગણી ખીલવણી ખાતા સુધી લઇ ગયા કે કેમ તે હું જાણતો નથી. મેં સીધો

પ્રયત્ન નહોતો કર્યો કેમકે આવા કામનો અનુભવ ધરાવનાર ઓજર એ કામ કરી શકે. રૂ. ૧૦૨ નો ભાવ વ્યાજબી ન કમકે બજારમાં તેથી ઘણો ઉંચો ભાવ હતો. ત્રણે ભાગીદારોએ સોદામાં રૂ ૭૫૦૦૦નો નફો કર્યો હતો. ૩/૮ ઇંચનો મેં રૂ. ૧૩૦ ભાવ આપ્યો હતો.

મારી રૂ. ૧૧૫ના ભાવની માગણી મુજબ ૨૪૦૦ ટનના ૨,૭૬,૦૦૦ થાય તેટલી રકમ મારી પાસે નહોતી. પરંતુ મેં મારા ત્રણ મિત્રોને વાત કરી હતી અને તેઓ આ સોદામાં ભાગીદાર થ તૈયાર હતા. બેંકમાં મારા રોજ રૂ. ૨ થી ૫ હજાર જમા રહે છે.

ખીલવણી ખાતા સામે બધાની ફરિઆદ.

માણેકચંદ જીવરાજના સોદામાં ત્રીવેદી કંપની ભાગીદાર હત સાક્ષી ત્રીવેદી એ ત્રીવેદી કંપનીના ભાગીદાર છે. ત્રીવેદીએ મને ક હતું કે, માણેકચંદ જીવરાજવાળા સોદામાં ત્રણે ભાગીદારોનો સરખે હિસ્સો હતો. બધો માલ ભકિતદાસ નામના દલાલ મારફત વેચા હતો. મેં ½" થી ૭/૮" સુધીના સળીયા ખરીદયા હતા. એ માપ સળીયા બજારમાં રોજ વેચાતાં. છગનલાલ કેશવજી પાસેથી ખરીદે સળીયા ખીલવણી ખાતા પરથી સીધા માગ પર મોકલવામાં આવ્યા હત પહેલા ૫૦ ટન તા. ૧૮ મી ઓકટોબરે અને બાકીના ૨૫ ટન વીસેક દિવ પછી મળ્યા હતા. મેં એ બધો માલ તા. ૨૪ મી ડીસેમ્બર પહેલ ખલાસ કર્યો હતો. અમારા આખા બજારને ખીલવણી ખાતા સાં ફરિઆદ છે. આમ ફરિઆદને લીધેજ મેં શહેર સુધારા ટ્રસ્ટને પા માલ પુરો પાડવો બંધ કર્યો છે.

ગોટાળાની શકા.

ચુંટણી વખતે નરીમાન મત મેળવવા આવ્યા ત્યારે મેં મારી ફરિઆદ રજુ કરી. મેં તેમને મત આપ્યો અને બીજાઓના પણ મત મેળવી આપ્યા. તે પછી હું તેમને કોર્ટમાં મળ્યો હતો. અમને ખીલવણી ખાતા તરફથી ઓર્ડર નહોતા મળતા તેમાં અમને કાંઈક ગોટાળો જણાતો હતો. નરીમાનને તે વિષે તપાસ કરવા કહ્યું હતું. બીજી ચુંટણી વખતે પણ મેં નરીમાનને મત મેળવી આપ્યા હતા.

ત્રીવેદીએ રૂા ૧૦૨ા નો ભાવ વ્યાજબી કહ્યો હોય તો તે સોદામાં તેનું હિત હતું. બીજો વેપારી એમ નહિં કહે. ત્રીવેદીએ ઈરાદાપૂર્વક વાત છુપાવી એમ ન કહેવાય કેમકે તેમણે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે.

મી૦ પંડયાની ફરી તપાસ.

ફરી તપાસમાં પંડયાએ જણાવ્યું કે મેં બેંકના ખાતામાં રૂા. ૩,૧૭, ૬૩૯-૧-૧૧ ભર્યા હતા અને રૂા. ૩,૦૫,૫૮૭-૧૨-૦ ઉપાડયા હતા. મારા જથ્થામાં લાખ સવા લાખનો માલ પડયો છે. અને મારૂં લેણું રૂા ૩૫-૪૦ હજારનું છે. સળીયાનું ખટારા ભાડું ટન દીઠ રૂા. ૨ા-૩ થાય.

મી. માણેક અરદેશર એલાવીયાની જુબાની.

તે બાદ મી. માણેક અરદેશર એલાવીયાએ જુબાની આપતાં જણાવ્યુ કે હું વેપારી છું. શંભા ભાગોજી અને હેમંડને હું ઓળખું છું. હેમન્ડ ગાયા કંપનીનો નાણાં પુરાં પાડનાર ભાગીદાર હતો. ૧૯૨૨ માં મારા

મિત્ર રામબાલાજી કોઠારેએ મને ખીલવણી ખાતાના અમલદાર ડી. આર. વૈદ્યની ઓળખાણ કરાવી. વરલી ખાતે ૮૦ ચાલીઓનું કામ નીકળવાનું હતું અને વૈદ્ય કોઇ નાણાંવાલાને શોધતો હતો. તે મોટો અમલદાર હોઈ સારી લાગવગ ધરાવતો હતો અને કોન્ટ્રાકટ મળવાની તેને ખાત્રી હતી. મેં મારા ભાગીદાર શંભા ભાગોજીને વાત કરી અને અમે રૂ. ૧ાા લાખ સુધી નાણાં રોકવા કબુલ કર્યું. આહમદ એ. ગાયા, શંભા ભાગોજી અને ડી. આર. વૈદ્ય મળીને જી. એ. ગાયા કંપની ઉભી થઇ. વૈદ્ય સરકારી અમલદાર હોઇ કરારમાં તેને બદલે તેના છોકરાનું નામ મૂકવામાં આવ્યું હતું. હું અને શંભા ભાગોજી એક્ષપોર્ટ ઈમ્પોર્ટના ધંધામાં ભાગીદાર હતા. શંભા ભાગોજીએ રૂ. ૧ લાખ કંપનીમાં જમા કર્યા. ગાયા અને વૈદ્ય ઇજનેરી કામ સંભાળતા.

કોન્ટ્રાકટરો સાથે જોડાયેલા અમલદાર.

ગાયા કંપનીએ ૮૦ ચાલોનું ટેન્ડર ભર્યું અને રૂ. ૪૦ હજાર ડીપોઝીટ મૂક્યા. હું કે શંભાજી પહેલાં ગાયાને ઓળખતા નહોતા. ડી. આર. વૈદ્ય કંપનીમાં ન હોત તો કંપની ઉભી થઇજ ન હોત. ૮૦ ચાલોનું કામ, બોમ્બે કોન્ક્રીટ કન્સ્ટ્રકશન કંપની કે જેમાં ખીલવણી ખાતાનો માજી અમલદાર મેજર પારસેલ મૂખ્ય હતો, તેને મળ્યું. અમારા માટે નવું કામ કાઢવામાં આવ્યું અને વરલી પર ૨૬ ચાલોનું કામ મળ્યું. રૂ. ૪૦ હજારમાંથી રૂ. ૧૩ હજાર ડીપોઝીટ રાખી બાકીના ૨૭ હજાર અમને પાછા વાળવામાં આવ્યા.

૧૨ાા ટકા અમલદારોને આપવાની ગોઠવણ.

૮૦ ચાલોનાં ટેન્ડર પહેલાં એવી ગોઠવણ હતી કે અમને નફો

થાય તેમાંથી અડધો ખીલવણી ખાતાના અમલદારોને આપવાનો હતો. અમને મળેલા કામમાં ૨૫ ટકા નફો મળે તેમ હતું. તેમાંથી ૧૨ાા ટકા અમલદારોને આપવામાં આવ્યા હતા.

કમીશનમાં અપાયેલી રકમો.

તા. ૯-૩-૨૩ ને રોજ ચાલીઓ ખાતા તરફથી અમને રૂ. ૧,૩૪,૯૨૯-૪-૦ નું બીલ મળ્યુ હતું. તેની સામે તા. ૨-૨-૨૩ ને રોજ રૂ. ૧૨૦૦, તા. ૬-૨-૨૩ ને રોજ રૂ. ૧૨૫૦, તા. ૧૫-૨-૨૩ ને રોજ રૂ. ૫૦૦૦ અને તા. ૧૨-૩-૨૩ ને રોજ રૂ. ૯૩૮૦ની રકમો ઉધારેલી છે તે ૧૨½ ટકા લેખે અમલદારોને અપાયેલી છે. તા. ૨૯-૩-૨૩ ને રોજ અમને રૂ. ૧૨,૭૯૯-૯-૦ નું બીલ મળ્યું હતું. તેની સામે તેજ દિવસે રૂ. ૧૬૦૦ ઉધારેલા છે. તા. ૨૮-૩-૨૩ ને રોજ ઉધારેલી રૂ. ૩૪૦૦ ની રકમ પણ બીલ ઉપર આપેલા કમીશનની છે. તા. ૬-૪-૨૩ રોજ રૂ. ૪૨૫ ઉધારેલા છે. તા. ૧૮-૫-૨૩ ને રોજ અમને રૂ. ૧,૪૩,૯૩૭ નું બીલ મળ્યું તેની સામે તા. ૧૫-૩-૨૩ ને રોજ રૂ. ૬૦૦૦, તા. ૧૯-૩-૨૩ને રોજ રૂ. ૬૦૦૦ અને બીજી રકમો પરચુરણ ખર્ચ ખાતે ઉધારેલી છે. અમલદારોને ૧૨ાા ટકા કમીશન આપવાની ગોઠવણ મારી રૂબરૂમાં વૈદ્યે કરી હતી.

ગાયા કંપનીમાં શંભા ભોગોજીનો પાંચ આના અને વૈદ્ય અને ગાયાના અગ્યાર આના ભાગ હતો, જેમાંથી એક આનો કોઠારેને નાણાં આપનાર મેળવી આપવા બદલ આપવામાં આવતો હતો.

રૂ. ૧૮૫ મીઠાઈ, ટ, ચોકલેટ ફુલ વિગેરે ખાતે ઉધારવામાં આવેલા છે. રૂ. ૧૦ હજાર ડી. આર. વૈદ્ય ખાતે ઉધારેલા છે.

અમલદારોને સંતોષવાની ગોઠવણો.

કેખશરૂ પ્લમ્બરે ૬—૭ ચાલીઓનું સેનીટરી કામ કર્યું હતું. બાકીનું ગગરાટ મારકર કંપનીએ કર્યું હતું. તેના કામ બદલ અમારી કંપનીએ રૂ. ૬૦,૦૦૦ અને રૂ. ૨૫,૦૦૦ની રકમો મારકરને નામે કરી આપી હતી. આ રકમ અમારા કોન્ટ્રાકટ ઉપરના નફામાંથી ખીલવણી ખાતાના અમલદારોને આપવાની હતી. તેઓને પોતાનો હિસ્સો મેળવવાની ઉતાવળ હતી અને અમારી પાસે એટલી સગવડ નહોતી એટલે મારકરે પોતાની પાસેથી રૂ. ૨૫,૦૦૦ અમલદારોને આપ્યા અને તેના બદલામાં કંપનીના ખીલવણી ખાતાના બીલમાંથી રૂ. ૨૫,૦૦૦ પોતાને નામે લખાવી લીધા ગાયા કંપની પાછળથી આર્થિક મુશ્કેલીમાં હતી. મારકરને લખી આપેલી રકમો ખીલવણી ખાતા ઉપરની લેણી રકમો હતી. કેટલાક ઇજનેરોને નાણાં આપવા માટે પણ અમે મારકર પાસેથી રૂ. ૨૫૦૦ ઉછીના લીધા હતા. એ રકમ એક ચીઠી પર લખી ચીઠી ચોપડામાં ચોંટાડવામાં આવી હતી. ખીલવણી ખાતાના ઇજનેરોને મારકર, ગાયા અને શંભા ભાગોજી હસ્તક પૈસા અપાયા હતા.

બાદ વધુ તપાસ બીજા દિવસ પર મુલતવી રહી હતી.

મી. એલાવીયાની વધુ ઉલટપાલટ તપાસ.

તા. ૧૫ મી નવેમ્બરે કેસ આગળ ચાલતાં મી. માણેકજી અરદેસર એલાવીયાએ વધુ ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે કેખશરૂ પ્લમ્બરે પોતાના કામના લેણા માટે ગાયા કંપની સામે હાઇકોર્ટમાં દાવો માંડયો હતો. ગાયા અને મારકરે કહ્યું કે એ કેસમાં હમીદની જુબાનીની જરૂર પડશે અને ઇજનેરોને આગલા બીલો ઉપરનું

તેનુ કમીશન તેને મળશે તોજ તે કંપનીની તરફેણમાં જુબાની આપશે. મારકરને રૂા. ૬૦,૦૦૦ લખી આપવાથી ખીલવણી ખાતા પરનું અમારૂં કાંઈ લહેણું રહેતું નહોતું એટલે અમે મારકરને પ્રોમીસરી નોટ લખી આપીને તેની પાસેથી રૂા. ૨૫૦૦ લીધા તેમાંથી રૂા. ૨૧૦૦ ઇજનેરોને આપ્યા અને રૂા. ૪૦૦ અમને જોઇતા હતા તેથી અમે ખર્ચ્યા. રૂા. ૨૧૦૦ મારકર હસ્તક અપાયા હતા તેથી કોને આપાયા તે હું જાણતો નથી.

હું એકલો કાંઇ કમીશન ખાતો નથી.

પહેલાં તો ખીલવણી ખાતાના અમલદારોને ૧૨॥ ટકા આપવાની ગોઠવણ હતી, પરંતુ અમે નાંણાભીડમાં આવ્યા ત્યારે કમીશન કમી કરવા વિચાર થયો. અમે હમીદ સાથે મસલત કરી. હમીદે કહ્યું કે કાંઇ તે એકલો ૧૨॥ ટકા લેતો નથી.

મેજર પારસેલની લાગવગ.

હું એક્ષપોર્ટ ઇમ્પોર્ટનો ધંધો કરૂં છું. શંભા ભાગોજી હજુ પણ મારો ભાગીદાર છે. નરીમાને મને નહોતો બોલાવ્યો પરંતુ હું જ ગયો હતો કેમકે ૧૨॥ ટકા આપવાની ગોઠવણ છતાં ખીલવણી ખાતાના માજી અમલદાર મેજર પારસેલની લાગવગને લીધે ૮૦ ચાલોનું કામ અમને ન મળતાં બોમ્બે કંપનીને મળ્યું. મેં નરીમાનને એ વાત કરી, તેમણે કહ્યું કે "તમારી ઇચ્છા હોય તો એ વાત જાહેરમાં લાવું." પરંતુ મેં ના પાડી કેમકે વૈદ્યે અમને કહ્યું હતું કે, "તમે નિરાશ ન થશો. તમારા માટે નવું કામ ઉભું કરવામાં આવે છે." મેં નરીમાનને કહ્યું કે "મેં તમને કહેલી

વાત જાહેરમાં ન મૂકશો કેમકે તેથી અમારા હિતને નુકશાન થશે." નરીમાને કહ્યું, "તો ભલે."

અમેરીકન ઇમ્પોર્ટ કંપનીમાં પણ હું અને શંભાજી ભાગીદાર છીએ. મારો ભાગ પાંચ આના છે. ગાયા કંપનીના ટેન્ડરમાં પણ મારૂં હિત હતું કેમકે શંભાજી મને પોતાના હિસ્સામાંથી એક આનો આપતો હતો. હું ગાયા કંપનીમાં શંભાજીના હિતની સંભાળ રાખતો હતો તેમજ તેને ડો. પુરંદકર પાસેથી રૂ. ૧ લાખની લોન મેળવી દીધી હતી. મારી પેઢી ગાયા કંપનીને સળીયા, ખીલા અને બીજો માલ પુરો પાડતી હતી. ગાયા કંપની મને તેના નાણાં આપતી હતી, શંભાજીએ મને એક આનો આપવાનો કરાર મોઢેનો હતો. અમેરીકન ઇમ્પોર્ટ કંપનીમાં મારા હિસ્સાનો કરાર મોઢેનો છે.

છેવટના બીલની તકરાર.

નરીમાનને હું ૧૯૨૫ના માર્ચે લગભગ ફરી મળ્યો હતો કેમકે દેખરેખ રાખનાર ઇજનેર હારવેએ ગાયા કંપનીના છેવટના બીલના રૂ. ૧,૪૦,૦૦૦ કબુલ કર્યા હતે તો તેણે બેજ કલાકમાં રૂ. ૩૫,૦૦૦થી ૪૦,૦૦૦ કરી નાખ્યા હતા. મેં નરીમાનને પૂછ્યું કે, "તમે અમારા પૂરા પૈસા મેળવવામાં મદદ કરશો?" નરીમાને કહ્યું કે તેમનાથી બનશે તો તેઓ એ સવાલ ધારાસભામાં લાવશે. અમારૂં કામ ચાલતું હતું ત્યારે હારવેની મહેરબાની હતી વૈદ્ય કે હમીદ તેને મળે એટલે બધું કામ સરળ બની જતું. અમારા છેવટના દાવા માટે તે કડક થઇ ગયો. અમારૂં છેવટનું બીલ રૂ. ૩ લાખનું હતું. હમીદ અને હારવેએ તે વિષે તપાસ ચલા હતી. શંભાજી ગાયા અને હારવે વચ્ચેની મસલતમાં

હારવેએ તે બીલમાં કાપકુપ કરીને રૂ. ૧,૪૦,૦૦૦ નક્કી કર્યા, પરંતુ છુટયા પછી થોડીક વારમાં તેણે માત્ર રૂ. ૩૫,૦૦૦ આપવાનુજ જણાવ્યું.

બોમ્બે કંપનીને અપાએલો ભાવ.

અમારૂં બીલ કેટલાક બાંધકામ માટે હતું કે જે કામ કરતી વેળા હમીદે ખાત્રી આપી હતી કે અમારા વધારાનાં કામના અમને નાણાં મળશે. સેનીટરી કામની અંદર એ બાંધકામનો સમાવેશ થતો હોવાનું હું જાણતો નથી. અમારૂં બીલ ટેન્ડરમાં નહિં જણાવેલા પરંતુ કારોબારી ઇજનેરે ફરજ પાડેલા કામનું હતું. અમે તે વિષે હમીદનું ધ્યાન ખેંચ્યું હતું અને તેણે જણાવ્યું કે "હરકત નહિં. કામ પુરૂં કરો પછી હિસાબ કરીશું" અમે જે વધારાનો ભાવ માગતા હતા તે હારવેએ બોમ્બે કંપનીને આપ્યો હતો.

કામની વિગતનું સ્ટેટમેન્ટ ઓફીસમાંથી ચોરાયું હતું એ બચાવ ખુલ્લો છે. હમીદની ઓફીસમાંથી સ્ટેટમેન્ટ ચોરાયાનું કે ઓડીટ ઓફીસના કારકુનને બરતરફ કરવાની ધમકી આપવાથી તેણે ખરી નકલ રજુ કર્યાનું હું જાણતો નથી. આવા કારણથી હારવેને ગાયાના બધા સ્ટેટમેન્ટના પર અવિશ્વાસ આવવાનું કે અમારા છેવટના બીલ સાથે બનાવટી સ્ટેટમેન્ટ રજુ કર્યાનું મારી જાણમાં નથી.

અમને મળેલા ૨૬ ચાલોના કામમાં ૯-૧૦ ચાલોનું કેટલુંક બાંધકામ થયું હતું અને બાકીની ચાલોના પાયા નાખેલા હતા. ગાયા કંપનીએ ૨૫ ચાલોના ભાવ ૫૦ અને ૮૦ ચાલો કરતાં વધારે ભર્યા હતા. ૨૫ ચાલોના ભાવે અને ૨૬ ચાલોનું કામ મળ્યું હતુ.

અમલદારોને અપાએલું કુલ કમીશન.

અમલદારોને ૧૨ા ટકા લેખે કમીશન આપવાનું ૧૯૨૨ના નવેમ્બરમાં શરૂ થયું હતું તે બે મહીનામાંજ રૂ. ૩૯૦૦ અપાયા હતા. ૧૯૨૩માં કુલ રૂ. ૪૦,૮૦૦ અપાયા. ત્રણ વર્ષમાં કુલ રૂ ૨,૦૧,૫૬૧ અપાયા હતા. બધી રકમો પરચુરણ ખરચ ખાતે લખાઇ હતી. ગાયાને બધું મળીને કેટલું બીલ મળ્યું તે હું જાણતો નથી. ચોપડામાં મેં કોઈ રકમ લખી નથી કે લખાવી નથી. ગાયા ચીઠ્ઠી આપતો તે પ્રમાણે રતિલાલ હિસાબ નાખતો. અમલદારોને મારી રૂબરૂ નાણાં આપ્યાં નહોતા પરંતુ આપવામાં આવ્યાં હતાં તે મને ખબર છે.

કમીશનમાં પાછળથી ઘટાડો.

ગાયા કંપની નાણાંની મુશ્કેલીમાં હતી ત્યારે હમીદ સાથે મસલત થઇ હતી તે વેળા હું હાજર હતો. હમીદે પોતે નાણાં મળ્યાનું કબુલ કર્યું હતું. તેના પોતાના ખીસ્સામાં કેટલી રકમ પડી તે મેં તેને પૂછ્યું નહોતું. ઘણી ખરી રકમો "હસ્તે ગાયા" હતી અને કેટલીક "હસ્તે વૈદ" હતી. ગાયાએ અપ્રમાણિકતાથી રકમો લખેલી હોવાનું માનવાને કાંઇ કારણ નથી. ગાયા કંપનીને છેવટના બીલના મળીને કુલ રૂ. ૨૫,૩૫,૪૦૦ મળ્યા હતા એમ કહેવામાં આવતું હોય તો તે ખરૂં છે. તે ઉપર ૧૨½ ટકાને હિસાબે રૂ. ૩ લાખ ઉપર થાય. શરૂઆતના કામમાં અમે બરાબર ૧૨ા ટકા આપ્યા હતા. પરંતુ પાછળથી અમને તે પરવડતુ નહિં એટલે ૫-૭ ટકા આપતા.

૧૨ા ટકાની ગોઠવણ વખતે હું હાજર નહતો પરંતુ વૈદેજ મને વાત કરી હતી, કેમકે તેને રૂ. ૧ લાખ જોઇતા હતા. એ રકમો ચેકથી

અપાઇ નહોતી પરંતુ રોકડી અપાઇ હતી. કોઇ કોઇ વખત હુંજ ચેક વટાવીને ગાયાને આપતો. ગાયા અને વૈદ્ય મુંબઇમાંજ છે. રૂા. ૨૦ "હજારના હિસાબ પેટે આપ્યા" એ રકમનો અર્થ હું સમજતો નથી.

રૂા. ૨૫૦૦૦ મારકરના નામ પર કરી આપવાની શંભાજી અને ગાયા વચ્ચે મસલત મારી ઓફીસમાં મારી રૂબરૂજ થઇ હતી. વૈદ્યે તો તે કબુલ કર્યુંજ હતું, શંભાજીને માત્ર તેના રોકાયેલા રૂ. ૧,૧૦,૦૦૦ ઉપરનું વ્યાજજ મળ્યું છે. અમારી થાપણનો કેટલોક ભાગ અંધેરીની ખાણમાં રોકાયો હતો. મને ગાયા તરફથી મારા એક આનાના હિસ્સા બદલ કાંઈ મળ્યું નથી. શંભાજીને પણ તેના હિસ્સા બદલ હજુ કાંઇ મળ્યું નથી.

કામ કોન્ટ્રાકટની મુદત કરતાં છએક મહીના મોડું પુરૂં થયું હતું. અમે નાણાં ભીડમાં હતા. મજુરી ચૂકવવા માટે પણ અમારે નાણાં ઉછીનાં લેવાં પડયાં હતાં.

મારકરની જુબાનીનો હેતુ.

મારકરે જુબાની આપી છે તે હું જાણું છું. તેણે મારાથી જુદી વાત કરી હોય તો તે ખોટી છે. કાંતો ફરીથી કામ ન મળે એ ભયથી અથવા આ બાબતમાં પોતાનો કશો હાથ નહોતો એવું દેખાડવા એમ બોલ્યા હશે. મને મારા એક્ષપોર્ટ ઇમ્પોર્ટના ધંધામાં એવી બીક નથી.

મેં પહેલી મુલાકાત વખતે નરીમાનને ૧૭ાા ટકાની બીજી વખત મારકરને લખી આપેલા રૂ. ૨૫૦૦૦ની પણ વાત

કરી હતી. મેં કોઇનું નામ આપ્યું નહોતું પરંતુ 'ઇજનેર' એમ કહ્યું હતું. મેં નરીમાનને રૂ. ૨૫૦૦૦ મંજુર થયાની અને લેણુ· દારો તે મારકરના નામ ઉપર કરી આપવાની સામે વાંધો ઉઠાવે એવા ભયની વાત કરી હતી. ગાયા, હમીદ અને હારવે વચ્ચે તા. ૧૪-૫-૨૫ને રોજ મસલત થયાનું કહેવામાં આવતું હોય તો તે સાચુ હશે. અમારૂં છેલ્લું બીલ હારવેએ તા. ૨૯-૫-૨૫ પહેલાં ઘટાડીને રૂ. ૩૫૦૦૦ કરી નાખ્યું હતું પરંતુ અમે તે કબુલ રાખ્યું નહોતું. હારવે તા. ૧-૬-૨૫ ને રોજ રજા પર ગયો અને ઓક· ટોબરમાં તે પાછો ફરવાનો હોઈ અમે ઇજનેરોની સહાનુભૂતિ મેળવવા માટે પેલા રૂ. ૨૫૦૦૦ લખી આપ્યા હતા. હમીદને પોતાના ઉપરીનું કહ્યું કરવુંજ પડે. પરંતુ અમને આશા હતી કે હારવે પાછો ફર્યા પછી હમીદ તેને સમજાવીને અમારૂ બીલ વધારી અપાવશે. અમને રૂ. ૨ લાખનું બીલ મળશે એ હિસાબે અમે રૂ. ૨૫૦૦૦ લખી આપ્યા હતા. જો અમને રૂ. ૭૫૦૦૦ મળે તો તેની ઉપર રૂ. ૨૫૦૦૦ આપવા ભારે પડે.

હારવેની મુલાકાત.

હારવે તા. ૧૯ મી ઓકટોબરે પાછો ફર્યો ત્યારે હું તેને લેવા ગયો હતો. શંભાજી અને હું તેને અમારા બીલ માટે મળવા ગયા હતા. હારવે પોતાથી બનતું કરશે. અમને ભારે નુકશાન થયાની તેને ખબર હતી. અમારા લેણા માટે ૧૯૨૬ના ફેબ્રુઆરીમાં હાઇકોર્ટમાં દાવો માંડવામાં આવ્યો હતો. અમને અમારૂં લેણું મળશેજ એવી મને શ્રધ્ધા છે. મારકરે પેલું રૂ. ૨૫૦૦૦ નું લખત ખોટું હોઇ અમને પાછું સોંપી દેવા કબુલ કર્યું હતું.

હારવેની જુબાની પર આધાર.

હિંદી વજીર સામે દાવો માંડતા પહેલાં નોટીસ આપવી જોઇએ તે અમારા સોલીસીટરે દાવો મંડતા પહેલાં ૪-૫ મહીના અગાઉ આપી હતી. હારવેને આ બાબતમાં કાંઇ સંબંધ ન હોય એ બનવા જોગ છે, પરંતુ તે અમારી તરફેણમાં જુબાની આપે કે ભલામણ કરે તો અમારૂં લેણું મળે. આરકર રૂ. ૨૫૦૦૦ નું લખત સાચું કહેતો હોય તો અમારે તે ખોટું ઠરાવી આપવું પડશે.

મારી પર જેટલું કરજ છે તેથી ત્રણ ગણું મારૂં લેણું છે. ડી. આર. વૈદ્ય અને ગાયાએ નાદારી નોંધાવી છે. શંભાજી સાથે મારો એક આનાનો હિસ્સો હોવાનું ગાયા કે વૈદ્ય નહોતા જાણતા.

મી. એલાવીયાની ફરી તપાસ.

મી. એલાવીયાએ પોતાની ફરી તપાસમાં જણાવ્યું કે રૂા. ૨૫૦૦૦ના લખત પર સહીઓ થઇ તે પહેલાં ત્રણ ચાર અઠવાડિયાથી તે તૈયાર કરેલું હતું. ગાયાનો શંભાજી ઉપરનો તા. ૧૮–૫–૨૫નો પત્ર બતાવે છે કે તેણે તે લખત શંભાજી પર મોકલ્યું હતું. શંભાજીએ તા. ૨૯ મીએ સહી કરી હતી. બીજાઓએ તે પહેલાં સહી કરી હતી. હમીદના પત્ર ઉપર તા. ૨૩મી મે છે. રૂા. ૨૫૦૦૦ના લખત સામે કોઇ વાંધો ઉઠાવે એવા ભયથી અમારૂં બીલ ઘટાડી નાખવામાં આવ્યું હતું. અમે હમીદને ૧૨½ ટકા વિષે ફરિઆદ કરી ત્યારે તેણે ગાયા પાસેથી કાંઇ ઓછી રકમ મળ્યાની ફરિઆદ કરી નહોતી. અમારા અને ગાયાની વચ્ચે કરાર થયા પહેલાં ગાયાને ૩૭ પા મીઝીના નામે વાઉચેરનો ફોન્ગાફ રતો

બાદ મુકદ્દમો તા. ૧૯મી પર મુલતવી રહ્યો હતો.

બે સાક્ષીઓ નામંજુર.

તા. ૧૯ મીએ સુનાવણી આગળ ચાલતાં ભગતરામ ગદાધર જોશી (ખીલવણી ખાતાનો નોકર) અને મહમદ ઉમર નામના બચાવ પક્ષના બે સાક્ષીઓને કોર્ટે એવા કારણસર નામંજુર કર્યા કે તેમની જુબાનીને કેસ સાથે સંબંધ નથી. પહેલા સાક્ષીની જુબાની પરથી મી. નરીમાન એવું પુરવાર કરવા માગતા હતા કે ગઝદરના અપ્રમાણિક વર્તન વિષે તેણે હારવેને ફરિયાદ કરતાં હારવેએ ગઝદર સામે પગલાં ન લેતાં સાક્ષીની બદલી કરી. બીજો સાક્ષી એવા પુરાવા આપનાર હતો કે કાંદીવલીની ખાણ પરના એક અમલદાર સી. ડ્રેકને નોકરીમાંથી છુટા કરી વિના ટેન્ડરે અને નફાથી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા અને નફો અમલદારો વહેંચી ખાતા હતા.

મી. આત્મારામ કુલકર્ણી જુબાની.

તે પછી મી. આત્મારામ કુલકરણીએ જુબાની આપતાં જણાવ્યું કે હું તાતા હાઈડ્રો ઇલેકટ્રીક કંપનીમાં કામ કરું છું અને નરીમાનને ૭ વર્ષથી ઓળખું છું. મેં તેમને મ્યુનીસીપલ તેમજ ધારાસભાની ચુંટણીમાં મદદ કરી હતી. ખીલવણી ખાતાની તપાસોમાં પણ હું મદદ કરતો હતો. ૧૯૨૨થી લોકો તરફથી ખીલવણી ખાતાના ગોટાળાની ફરિઆદો આવવા લાગી હતી. તેમાં કેટલાક ખીલવણી ખાતાના નોકરો હતા. અમે (હું અને બીજા) નરીમાનની સાથે એ ફરિયાદો વિષે ચોકસાઈ કરતા. મારા હાથ નીચે પાંચ ૭ માણસો હતા. અમે કાંદીવલી, મલાડ, કલ્યાણ અને બીજા સ્થળોએ ગયા હતા.

ખીલવણી ખાતા વિષે તપાસ કરવાનો હેતુ.

નરિમાન ફરિઆદો નોંધી લેતા અને તેની ખાનગી ફાઇલ રાખતા. તપાસનો હેતુ બધી વસ્તુ મુંબઈ સરકાર પાસે રજુ કરવા અને ત્યાં દાદ ન મળે તો હિંદી સરકાર પાસે અને ત્યાં પણ દાદ ન મળે તો પાર્લામેન્ટના સભ્યો સમક્ષ રજુ કરવાનો હતો. નરીમાને તપાસ કર્યા પછીજ ધારાસભામાં ઠરાવ લાવ્યા હતા.

મી. કુલકરણીની ઉલટપાલટ તપાસ.

મી. કુલકરણીએ પોતાની ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે ખીલવણી ખાતામાં એક જાહેર પ્રજાજન સિવાય મારૂં કાંઇ હિત નથી. નરીમાનને ફરિઆદ કરનારા અમલદારોમાંથી મને એક વરદાચારીઅ સિવાય કોઇનું નામ યાદ નથી, કોન્ટ્રાકટરોમાં પણ મને સી. એમ. મહેતા સિવાય બીજાના નામો યાદ નથી. નરીમાનને ત્યાં આવનારા ખીલવણી ખાતાના નોકરો આબરૂદાર ગૃહસ્થો જેવા દેખાતા હતા. તપાસને અંગે હું ૧૯૨૫માં એક વખત બાલકીશનદાસના કારકુન શંકરને ત્યાં ગયો હતો. બીજાઓને ત્યાં પણ ગયો હતો, પરંતુ નામ યાદ નથી. અમને અનેક સ્થળેથી માહિતી મળતી અને અમે તેની ચોકસાઇ કરી પરિણામ નરીમાનને જણાવતા.

ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે નરીમાન પાસે ફરિઆદો થતી તેવા કેટલાક પ્રસંગે હું હાજર હતો.

મી. માણેકચંદ કુંવરજીની જુબાની.

બચાવ પક્ષના છેલ્લા સાક્ષી મી. માણેકચદ કુંવરજીએ પોતાની

જુબાનીમાં જણાવ્યું કે મઝગામ દારૂખાના પર માણેકચંદ જીવરાજની પેઢીનો હું ભાગીદાર છું. અમારી લોખંડની દુકાન ૧૫-૨૦ વર્ષની છે. જીવરાજ મકનદાસ મારો ભાગીદાર છે.

"માટુંગાવાલા સાબ".

ખીલવણી ખાતા સાથે મારો પહેલો વહેવાર તા. ૯-૧-૨૧ને રોજ થયો હતો. ૪૯ ગુણી બોલ્ટ હંડ્રવેટના રૂ. ૪૫ના ભાવે કોલાબે પુરા પડયા હતા. ૧૯૨૨માં ખીલવણી ખાતાને માલ પુરો પાડયો હતો દરેક યોજનાના જુદા જુદા ખાતા હતા. માટુંગા ખાતે રેલ્વે પાટા ૧૯૨૨માં પુરા પાડયા હતા. માટુંગા ખાતેના મીકેનીકલ ઇજનેરને "હું માટુંગાવાલા સાબ"ના નામથી ઓળખું છું. હું ખીલવણી ખાતાને માલ વેચતો તેમજ તેની પાસેથી ખરીદ પણ કરતો. મેં ખીલવણી ખાતા પાસેથી લોખંડના સળીયા ખરીદ્યા હતા. તા. ૧૦-૧૦-૨૫થી તા. ૨૮-૧૧-૨૫ સુધીના ચેકોની સામેની કાઉન્ટરફાઇલ મેં ઘણી શોધી પણ હાથ લાગતી નથી.

"મોટા સાબ" નો હવાલો.

ખીલવણી ખાતાના સળીય વેચવાની જાહેરતમાં ટેન્ડરો માગવામાં આવ્યાં હતાં. અમે તે ટેન્ડર ભર્યું હતું અને ખીલવણી ખાતાના ડીરેકટર પર મોકલ્યું હતું. એ પહેલાં હું માટુંગે ગયો હતો. અમારૂં ટેન્ડર પાસ ન થયું તેથી અમે તપાસ કરી. માટુંગાવાલા સાબ-ફોલ્ડવેલે કહ્યું કે "મારાથી સોદો નહિં થઇ શકે, મોટા સાબ આવે ત્યારે વાત." એ મોટા સાબ હારવે હતા. તે વિલાયત ગયો હતો અને થોડા દિવસમાં આવવાનો હતો.

એ કાગળોની નકલો નથી.

તા. ૧૮મી ઓકટોબરે મેં ફરીથી માગણી કરી હતી. તા ૨૮-૯-૨૫થી તા. ૧૮-૧૦-૨૫ સુધીના કાગળોની નકલો નથી. તે પહેલાં અમે ફબ્રફમાં મોઢેથી કોલ્ડવેલ પાસે રૂ. ૧૦૨॥ ના ભાવથી માગણી કરી હતી. તેણે કહ્યું કે "અમે હમણાં વેચી શકતા નથી, મોટા સાબ આવશે ત્યારે વેચશે." મોટા સાબ એટલે તે હારવે કહેવા માગતો હતો. હારવે કયારે આવશે તે મેં તેને પૂછ્યું નહોતું પરંતુ મારુંગે હું ખીલવણી ખાતાનો બીજો માલ જોવા ગયો ત્યારે મને ખબર મળી હતી. હારવેની જગ્યાએ હમીદ કામ કરતો હતો. તેને હમે રૂ. ૮૫ ના ભાવથી માગણી કરી હતી પરંતુ તેણે બહુજ ઓછી કહી નામંજુર કરી હતી. હારવે આવ્યા પછી અમે તેના નામે પત્ર લખી માગણી કરી. હું તેને બંદર પર લેવા ગયો નહોતો તેમ તેને ઓળખતો પણ નહોતો પરંતુ સોદો નકકી કરવાનું તેના હાથમાં હોઇ અમે તેને પત્ર લખ્યો હતો.

બાદ વધુ તપાસ તા ૨૯મી પર મુલતવી રહી હતી.

તપાસનો છેલ્લો દિવસ.

તા૦ ૨૯મી નવેમ્બર તપાસનો છેલ્લો દિવસ હતો. બચાવ પક્ષના છેલ્લા સાક્ષી મી. માણેકચંદ કુંવરજીની જુબાની તેમજ ઉલટ પાલટ તપાસ તે દિવસે પુરી થઇ હતી.

ચેકની ગુમ થયેલી કાઉન્ટરફાઇલ.

તા. ૨૯મી એ મી૦ માણેકચંદે વધુ જુબાની આપતાં જણાવ્યું

કે ગુમ થયેલી ચેકોનાં કાઉન્ટરફાઇલની શોધ કરી પણ મળતી નથી. અમે માગણી કરી ત્યારે અમારો કોઇ ભાગીદાર નહોતો. હું કાગળ લઇને સીધો હારવે પાસે ગયો હતો કેમકે કોલ્ડવેલે મને તેની પાસે જવા કહ્યું હતું. તે દિવસે પહેલીજ વખત મેં હારવેને જોયો. તેજ દિવસે સોદો નક્કી થઇ ગયો. પટેલ સાથે હતો. હારવેએ વધુ ભાવની માગણી કરી પરંતુ મેં ના પાડી અને રૂ. ૧૦૨કૃ ના ભાવે સોદો નક્કી થયો. ડીપો-ઝીટ માટે બે ત્રણ કલાક ચર્ચા થઇ હતી તેણે મને સાંજના પાંચ સુધી ડીપોઝીટ ભરી દેવા કહ્યું. મેં ટાઇમસર રૂ. ૨૦ હજાર હાજર કર્યાં અને પાંચમાં થોડી મીનીટ બાકી હતી તેટલામાં કોન્ટ્રાક્ટ પર મારી સહી લેવામાં આવી. ખીલવણી ખાતાને અમે નાણાં આપતા તેની પહોંચ મળતી.

ચોપડામાં છેકછાક.

તા. ૩૦-૧૦-૨૫ને રોજ પાકા મેળમાં રૂ. ૫૦૦૦ "પરચુરણ મજુરી ખાતે હસ્તે માણેકચંદ" ઉધારેલા છે. કાચા મેળમાં માત્ર "હસ્તે બાપુભાઇ" હતું, તેમાં બાપુભાઇ છેકીને માણેકચંદ કરવામાં આવેલું છે. પાકા મેળમાં "પરચુરણ મજુરી ખાતે" એટલા શબ્દો મહેતાએ પોતાની કલ્પનાથી ઉમેરેલા અને મેં પૂછ્યું ત્યારે તેણે પોતાની ભૂલ થયેલી જણાવી. તે રકમ મેં મારા નફાના હિસાબ પેટે "ઉપલક" ઉપાડી હતી.

• રૂા. ૫૦૦૦ ની કશી નોંધ નથી.

સળીયાના સોદામાં માણેકચંદ જીવરાજની કંપની, છોટાલાલ કેશવજી અને ત્રીવેદી કંપુની ભાગીદારો હતા. તા. ૩૦મી ઓકટોબર પહેલાં

અમે માત્ર ૧૫૦ ટન માલ ઉપાડયો હતો. તે અમે ૧૦ ટકે નફે વેચ્યો હતો. હવે હું કબુલ કરૂં છું કે તે દિવસ સુધી કાંઇ નફો થયેલો નહોતો. મને રૂપીયા જોઇતા હતા તેથી મેં ઉપાડ્યા હતા. શા માટે તે યાદ નથી. મારા કુટુંબમાં કાંઇ લગ્ન પ્રસંગ નહોતો. તેમાંથી રૂા. ૨૫૦૦ મેં મારા ભાગીદાર જીવરાજને આપ્યા હતા પરંતુ તેની ચોપડામાં નોંધ નથી. ચોપડામાં મારૂં ખાતું છે છતાં તેમાં રૂા. ૫૦૦૦ કે રૂા. ૨૫૦૦ ની કશી નોંધ નથી. જીવરાજનું પણ ખાતું છે, પરંતુ તેના ખાતામાં પણ કાંઇ નોંધ નથી.

આ સોદા સાથે કોલ્ડવેલને કાંઇ સંબંધ નહોતો. સળીયા જુલાઇમાં વેચવા કાઢવામાં આવ્યા હતા. હારવે આવ્યાની મને તા. ૧૯મીએ માટુંગા ખાતે ખબર પડી હતી. કોણે કહ્યું તે યાદ નથી. સોદો થઇ ગયા પછી હું હારવેને મળ્યો નહોતો.

કાચા લખત પર મેં સહી કરી હતી. મને તેજ દિવસે સહી કરવા બેલ પાસે લઇ જવામાં આવ્યો હતો. પાકા લખત પર પણ મેં સહી કરી છે. બેલ સમક્ષ મેં કાચા લખત પર સહી કરી હતી કે પાકા પર તે યાદ નથી. કાચું લખત ઓકટોબરમાં અને પાકું ડીસેમ્બરમાં થયું હતું. અમારે તા. ૨૬મી ફેબ્રુઆરી સુધીમાં માલ ઉપાડી જવાનો હતો. છેલ્લી ડીલીવરી તા. ૧૪મી માર્ચ લીધી હતી. અરજી કરવાથી અમને મુદત વધારી આપવામાં આવી હતી. વજન ઉપર કોલ્ડવેલ દેખરેખ રાખતો હતો.

ચોપડાની જડતી.

નરીમાન અને બે ત્રણ જણા જડતીનું વારંટ લઇને મારી

દુકાને આવ્યા હતા. મેં દશ મીનીટમાં ચોપડા રજુ કર્યા હતા. મને મુશ્કેલીમાં ન લાવવા નરીમાનને ભલામણુ કરવા મેં મોતીલાલને બાજુએ લઈ જઈ કહ્યું હોય એવું મને યાદ નથી. રૂ. ૫૦૦૦ મેં નફા પેટે ઉપાડયાનું મેં નરીમાનને કે કોઇને કહ્યું નહોતું. મેં જડતીની ત્રીવેદીને વાત કરી હતી. હું તેની ઓફીસે ગયો હતો. ત્યાં નરીમાન અને ત્રીવેદીના ભાઇ હતા. નરીમાને મને રૂ. ૫૦૦૦ ની રકમ માટે પૂછ્યું હતું. મેં જવાબ આપ્યો નહોતો. ત્રીવેદીનો ભાઇ મને અંદરના ઓરડામાં લઇ ગયો હોય, મેં તેને એમ કહ્યું હોય કે મને કોર્ટનું રક્ષણુ આપવામાં આવે અને હેરાન કરવામાં નહિં આવે તો એ રૂપીયા કોને આપ્યા તે હું સાચું કહીશ, તેણે એ વાત મારી રૂબરૂ નરીમાનને કહી હોય, વિગેરે મને યાદ નથી. મેં કાનુગા વકીલની સલાહ લીધી હતી. તેમની સાથે હું નરીમાનને ત્યાં ગયો હતો. રેલવે અને બીજા ખાતાઓ સાથે અમારે એવી લેવડદેવડ હોય છે અને અમે જુબાની આપશું તો અમને ફરી કોન્ટ્રાકટ નહિં મળે માટે મને સાક્ષીમાં ન બોલાવવો, તેમજ રૂ. ૫૦૦૦ હારવેને નહિં પણુ કોલ્ડવેલને આપેલા હોવાથી મારી જુબાનીથી નરીમાનના કેસને લાભ થશે નહિં એટલે મને સાક્ષીમાં ન બોલાવવો એવું મેં નરીમાનને કહ્યું નહોતું. સાક્ષીઓને રક્ષણુ આપવા સરકારને અરજી કરવા મેં નરીમાનને કહ્યું નહોતું. ડાહ્યાલાલ વોરાને હુ ઓળખું છું. તેને નેશનલ હાર્ડવેર માટે સાથે સંબંધ છે. તાતા પાવર કંપનીવાળા શેઠનાને હું ઓળખું છું. વોરા મારફત શેઠનાને મેં કેટલાક સળીયા વેચ્યાં હતા. વોરાએ પોતાના ૪ આનાના કમીશન સાથે હંદ્રવેટનો રૂ. ૫ાનો ભાવ નકકી કર્યો હતો. મેં મારા નફામાં

કમીશનની ગણત્રી કરી નહોતી. જાલભાઇ ચીચગર સળીયા સંબંધી કદી મને મળ્યા નહોતા, તેમજ આ સોદામાં અમે લુંટાઇ ગયા એવું મેં તેને કહ્યું નહોતું. કોઇ કારોબારી કે મીકેનીકલ ઇજનેર અમલદારના નામે મેં ચેક લખ્યો નથી. મેં માટુંગે ચેક મોકલ્યા હશે. આ સોદામાં અમે કરેલા નફામાંથી મેં લીધેલા રૂ. ૫૦૦૦ બાદ કરવામાં આવ્યા નથી.

મી. માણેકચંદની ઉલટપાલટ તપાસ.

ઉલટપાલટ તપાસમાં મી માણેકચંદ કુંવરજીએ જણાવ્યું કે હારવેએ મારી પર સીધી કે આડકતરી મહેરબાની કરી હતી એવી વાતમાં કાંઇ વજુદ નથી. ઉલટી તેણે કરારની શરતો કડક કરી હતી. હું માલની ડીલીવરી લેતાં અટક્યો નહોતો તે ધ્યાનમાં લઇને તેણે અમને મુદત લંબાવી આપી હતી.

આ સોદામાં ભાગીદાર તરીકે પોતાને લેવા છોટાલાલ કેશવજીએ મને કહ્યું. મેં તે બદલ રૂ. ૫૦૦૦ માગ્યા તેણે કહ્યું કે આપીશ. તેણે તે ન આપ્યા એટલે મેં ખાતામાંથી ઉપાડ્યા એ રૂ. ૫૦૦૦ માંથી ભાગીદાર તરીકે મને પા આની ખોટ ગઇ.

આ કેસમાં અમુક પ્રકારની જુબાની આપવા મને કોઇએ કહ્યું હોય તે મને યાદ નથી. ખીલવણી ખાતાને હું ચેક તેમજ રોકડ આપતો. મારી પાસે પુરતા પૈસા ન હોય તો છોટાલાલ પાસેથી ઉછીના લેતો અને સળીયા ખાતામાં તે રકમ જમા થતી.

"રૂા. ૧૦ હજાર કમીશન" એવું મેં ચીઠી પર નથી લખ્યું. ખોટો નફો કરવો હોય તો વેપારીઓ એવી યુકિત વાપરે છે.

સળીયાના સંબંધમાં ચીચગર કદી મારી પાસે આવ્યો નથી. ત્રીવેદીનો ભાઇ ઇંગ્લાન્ડમાં છે. તેણે જુબાની આપવા દબાણ કર્યું નહોતું, ત્રીવેદીએ દબાણ કર્યું હોય એવું મને યાદ નથી. નરીમાને પણ મારા પર દબાણ કર્યું નથી. ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે અમે મુકેલી ડીપોઝીટની રકમમાં રૂા.૧૫,૦૦૦ છોટાલાલના હતા. તેના ચોપડામાં તેણે જે લખ્યુ હોય તે વિષે હું કાંઇ કહી શકું નહિં. એ રૂા.૧૫,૦૦ માં કશો હવાલો નખાયો નથી. આ પ્રમાણે બન્ને પક્ષના સાક્ષીઓની તપાસ પુરી થઇ હતી અને ધારાના હીમાયતીઓનાં ભાષણો તા. ૩જી ડીસેમ્બર પર મુલતવી રહ્યાં હતાં.

મી. નરીમાનનું ભાષણ.

મુકદમાની સુનાવણી પુરી થયા પછી બન્ને પક્ષના ધારાશાસ્ત્રીઓના ભાષણોની મુદત તા. ૩જી ડીસેમ્બર પરથી લંબાઇ તા. ૧૨ મી ઉપર મુલતવી રહી હતી. મી. નરીમાને ૮ દિવસ સુધી લંબાણથી જુસ્સાદાર ભાષણ કર્યું હતું, જેનો સારાંશ નીચે મુજબ છેઃ— મી. નરીમાને જાતેજ ભાષણ કરતાં આવો મુશ્કેલ કેસ પુરો થયા પછી ભાષણ તૈયાર કરવા માટે બહુજ ટુંકી મુદત મળવા માટે ફરિઆદ કરીને જણાવ્યું કે એક જાહેર સેવક તરીકે ખાંલવણી ખાતાનાં ભોપાળાં બહાર પાડવાની જરૂર હોવાથીજ મેં આ લડત ચલાવી છે. સરકાર આજે કેળવણી કે તંદુરસ્તીનાં કામો માટે નાણાં ફાજલ પાડી શકતી નથી તેનું કારણ ખાંલવણી ખાતા પાછળના બરબાદી છે. જો સરકારે મારા ધારાસભામાંના ઠરાવનો અમલ કર્યો હોત તોપણ બરબાદ થયેલા નાણાંની અડધી રકમ બચી ગઇ હોત.

ચોપડા અને કાગળો ગુમ.

આ કેસમાં વેપારીઓના એવા ચોપડા ગુમ થયા છે, ચેકોની કાઉન્ટરફાઇલો ગુમ થઇ છે અને એવા સરકારી દસ્તાવેજો ગુમ થયા છે કે જેની ગેરહાજરીમાં મારે બહુ મુસ્કેલીથી મારો કેસ ચલાવવો પડયો છે.

સર ફ્રેડરીકની વિચિત્ર વલણુ.

મારી સામે કેસ ચલાવવા માટે એકમે કમીટીએ રજા આપી હતી એ વાત ખોટી છે. માત્ર સર ફ્રેડરીક હોપકીનસન એ વિચારને મળતા થયા હતા. પરંતુ કમીટીમાં તેમનો વલણુ તો એવી હતી કે જાણે તેઓ ખીલવણી ખાતાનો બચાવ કરવાજ બેઠા હોય.

મને કોઇ પણ અમલદાર સામે દ્વેષભાવ નથી એ તો ફરિઆદ પક્ષે પણ કબુલ કર્યું છે. ચર્ચા દરમીઆન મેં અમલદાર સામે અંગત આક્ષેપ કર્યા નહોતા પરંતુ ખાતાના વહીવટ સામે સામાન્ય આક્ષેપ મૂકયા હતા એટલે દ્રેષભાવની દલીલ ટકી શકતી નથી.

બીજો દિવસ

બીજે દિવસે શ્રી. નરીમાને પોતાનું ભાષણુ આગળ ચલાવતાં જણાવ્યું કે ધારાસભામાં રજુ થયેલા ખીલવણી ખાતાના રીપોર્ટો અધુરા અને ખોટે રસ્તે દોરવનારા હતા એ વાત એકમે કમીટી સમક્ષની મી. હારવેની જુબાની પરથીજ પુરવાર થઇ છે. ધારાસભામાં સવાલોના ખોટા જવાબો આપવામાં આવતા અને તે માત્ર ખીલવણી ખાતાની બાબતો છુપાવવા માટેજ નહિં, પરંતુ તેમાં તેને લગતી તપાસ ઉડાવી દેવાનો હેતુ હતો.

મી. હારવેની જોખમદારી.

દાખલા તરીકે ધારાસભામાં મી. સાર્જકસના રીપોર્ટને આધારે મી. બેલે કબુલ કર્યું હતું કે ખોટા માપના સળીયા ભૂલથી મંગાવવામાં આવ્યાં હતાં. આ કેસમાં એ વાતનો ઇનકાર કરવામાં આવે છે. ખીલવણી ખાતાના રીપોર્ટમાં તો તેનો ઉલ્લેખજ નથી. વળી એ ભૂલ એક બીજાના માથે ઢોળવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પરંતુ આ કેસમાં રજુ થયેલા કાગળો ઉપરથી પુરવાર થાય છે કે એ નકામાં સળીયા કે જેને લીધે લાખો રૂપીઆનું નુકશાન થયું છે તેને માટે મી. હારવેજ જોખમદાર છે.

ધારાસભામાં જોખમદાર અમલદારે આપેલા સવાલો સામે શંકા ઉઠાવવામાં આવે તો સરકારી સભાસદો શંકા ઉઠાવનાર પર તુટી પડે છે, પરંતુ હવે જણાયું છે કે ધારાસભામાં અપાયેલા જવાબો ખોટા છે.

આખા ખાતા સામે આક્ષેપો.

મારી ફરિઆદ મી૦ હારવે એકલા સામે નથી પરંતુ ખીલવણી ખાતાના મોટા અમલદારો સામે છે આવા સો અમલદારોમાંથી હું મી. હારવેને એકલાને શા માટે પસંદ કરૂં ? અમારી બેની વચ્ચે કશો દ્વેષ નથી એ તો તેઓ પણ કબુલ કરે છે. જે મુદ્દાઓ પર કેસ રચાયો છે તેમાંના કેટલાક મી. હારવેને પણ લાગુ પડે છે, પરંતુ મારા આક્ષેપો એકંદર આખા ખાતા સામે છે.

કેસ લડવાનો હેતુ.

આ કેસ લડવામાં પણ મારો હેતુ મોડે મોડેથી પણ બધી હકીકત

જાહેરમાં રજુ થાય એવો હતો. બેકબે કમીટી સમક્ષના સ્ટેટમેન્ટમાં પણ જણાવ્યું હતું કે ખીલવણી ખાતા સામે ગંભીર આક્ષેપો કરનારી વિગતો મારી પાસે છે અને તે રજુ કરવા હું ખુશી છું. હું કોઇની સામે અંગત આક્ષેપ મૂકતો નથી, પરંતુ ખાતા સામે લાંચરૂશ્વતની જે ગંભીર ફરિઆદો ઉઠી છે તેની બીન-સરકારી કમીટી નીમી તપાસ કરાવવી.

સરકારે હું માગતો હતો તેવી કમીટી ન નીમી, પરંતુ બેકબે કમીટીનું બંધારણ લગભગ હું માગતો હતો તેવું જણાયાથી મેં ખુલ્લે દિલે મારી પાસેની સઘળી હકીકત રજુ કરી કે જેમ કરવામાં મેં કશું ખોટું કર્યું નથી તેમજ કોઇની સામે દ્વેષબુધ્ધિથી વર્ત્યો નથી.

વચન પાલન.

ધારાસભાની ચુંટણી વખતે હું બહાર પડયો ત્યારે વેપારીઓએ લાંચરૂશ્વતની અને ખીલવણી ખાતાના જુલ્મોની ફરિઆદ કરી હતી અને જણાવ્યું હતું કે તેઓ ખુરશી ભાગનારા પ્રતિનિધિઓ નહિં પણ જુલ્મ સામે લડી શકે તેવા પ્રતિનિધિ મોકલવા ચાહે છે. મેં તેમ કરવા કબુલ્યું અને તેઓએ મને ચુંટી મોકલ્યો. મેં મારા વચન પ્રમાણે લડત ચલાવી. ફરિઆદપક્ષના વકીલ મને કાયદાથી ડરવાની સલાહ આપે છે, પરંતુ મને ડરવાનું કાંઇ કારણ નહોતું. હું પ્રજાના ભલા માટે લડયો છું અને તેનું પરિણામ ભોગવવા તૈયાર છું.

ત્રીજો દિવસ.

ત્રીજે દિવસે શ્રી. નરીમાને પોતાનું ભાષણ આગળ ચાલતાં જણા-

વ્યું કે ફરિઆદીએ પોતે કબુલ કર્યું છે કે જોઇએ તે કરતાં વધુ માલ મંગાવવામાં આવ્યો હતો. બેકબે કમીટી સમક્ષ મેં એજ વાત કરી હતી, આ એક નિર્દોષ ભૂલ હતી, એવું પુરવાર કરવા કમીટીના સભ્યોએ મહેનત કરી હતી, પરંતુ હું મારી વાતને વળગી રહ્યો હતો કે પરદેશના કારખાનાવાળાઓને ખટાવવા માટેજ તેમ કરવામાં આવ્યું હતું. આ વખતે મી. હારવે મારા ખ્યાલમાંજ નહોતા. નહિં જોઇતા સળીયા મંગાવવા સાથે તેમનો સંબંધ હતો એ વાત તો આ કેસમાંજ બહાર આવી. આથી મેં તેમની બદનક્ષી કરી ન કહેવાય.

બે જુદી વાતોનું મિશ્રણ.

દીલ્હી વિગેરે ઠેકાણે ઓછા પગાર મળતા હતા તેવા અમલદારોને મુંબઈમાં મોટા પગાર આપવામાં આવતા તેના દાખલામાં મેં મી. હારવેનું નામ જણાવ્યું હતું. પરંતુ તે ફકરાને આક્ષેપવાળા ફકરા સાથે જોડી દઇ મી. હારવેની મેં બદનક્ષી કરી હતી એમ કહેવું વ્યાજબી નથી. તેમને દીલ્હીમાં મહીને રૂ. ૯૦૦ મળતા હતા અને મુંબઇમાં રૂ. ૨૦૦૦ આપવામાં આવતા તથા સર લોરેસ હેપરને રૂ. ૬૦૦૦ નો પગાર અને રૂ. ૩ લાખનો બંગલો વાપરવા મળતો હતો, એ દાખલા તો ખીલવણી ખાતું કેવું ઉડાઉ છે એ બતાવવા માટે હતા. આમાં મી. હારવેની બદનક્ષી કેવી રીતે થઇ તે હું સમજી શકતો નથી.

મારી ટીકાનો આધાર.

ફરિઆદ પક્ષ એવી દલીલ કરે છે કે બેકબે કમીટી દરિયાની પુરણીના વહીવટની તપાસ માટે બેઠી હતી, છતાં મેં ચાલીઓના વહીવટની વાત પણ મારા સ્ટેટમેન્ટમાં રજુ કરી તેમાં મારો હેતુ મી૦ હારવેની

બદનક્ષી કરવાનો હતો, એ દલીલ ખોટી છે. કમીટીએ મને ધારાસભામાં મેં કયા આધારે આક્ષેપો કર્યા હતા, તે પૂછ્યું હતું અને તેથી મેં લાંચરૂશ્વત અને બીજી જે કાંઇ હકિકતો મારી પાસે હતી તે રજુ કરી હતી.

કાયદાનો ભંગ.

લોખંડના સળીયાને લગતા મારા આક્ષેપો સાચા પુરવાર થયા છે. ફરિઆદપક્ષે કેટલાક જરૂરી દસ્તાવેજો રજુ કર્યા નથી તોપણ મી. સાઇકસની જુબાની પરથી પુરવાર થાય છે કે ૨૦૦૦ ટન સળીયાના ઓર્ડર માટે મી. હારવેજ જોખમદાર હતા. વેપારીઓની જુબાની પ્રમાણે મુંબઇના બજારમાં ૪૦–૫૦ હજાર ટન માલ હતો છતાં તાકીદે જોઇતો માલ ઉંચા ભાવે વિલાયતથી મંગાવવાનું કારણ સમજાતું નથી. આ બાબતમાં તેમજ એડમ્સ પેટંટના કત્રેોના સંબંધમાં જાહેર બાંધકામના કાનુનોનો ભંગ થયો છે અને તેથી લાખોનું નુકશાન થયું કે જે વિષે હિંદી વજીરે પણ ઠપકો આપ્યો હતો. રજુ થયેલા દસ્તાવેજો ઉપરથી જણાય છે કે જીઓ. સરવીસ અને સાલેભાઇ તૈયબજીના ટેન્ડરો સૌથી નીચા નહોતા.

સ્થાનિક ખરીદીઓ.

બીજી એવી દલીલ કરવામાં આવે છે કે અગત્યના કારણ સિવાય સળીયાની સ્થાનિક ખરીદી નહિં કરવાનો હુકમ હતો. જે સ્થાનિક ખરીદીઓ થઇ હતી તે ૫૦ ટનથી વધુ નહોતી. પરંતુ હું પુરવાર કરી શકયો છું કે ૫૦૦ ટન કરતાં વધુ ખરીદીઓ થઇ છે. મી. હારવે તે બાબત પોતાથી અજાણ હોવાનું કહે છે, પરંતુ

જુબાની ઉપરથી પુરવાર થયું છે કે કારોબારી ઇજનેરો અમુક હદ સુધીજ ખરીદી કરી શકતા. મોટા જથ્થા તેઓ મી. હારવેની ભલામણથીજ ખરીદ કરી શકતા. એ પણ બતાવે છે કે સળીયાની ખરીદી માટે મી. હારવેજ જોખમદાર હતા.

અત્રે મી. વેલીંકરે એવી તકરાર ઉઠાવી હતી કે ૭/૮"ના સળીયાનો ઓર્ડર કેવી રીતે અપાયો તે હજુ ભેદજ રહયો છે.

ના. મેજીસ્ટ્રેટ—તો પછી તમારો કેસજ કયાં રહે છે?

મી. વેલીંકર—મી. નરીમાને તો એકએ કમીટી સમક્ષ એવું નહોતું કહેલું જણાતું કે ઇન્ડેન્ટમાં મી. હારવેએ જાણીજોઇને ફેરફાર કર્યો હતો.

ના. મેજીસ્ટ્રેટ—મી. નરીમાને એમ કહ્યુંજ નથી. તેમણે એમ કહ્યું છે કે દેખરેખ રાખનાર ઇજનેરે ફેરફાર કર્યો હતો.

ચોથો દિવસ.

ચોથે દિવસે આગળ ચાલતાં શ્રી નરીમાને જણાવ્યું કે ૧૯૨૪ના ઓકટોબરમાં ધારાસભામાં સરકારે વધારાના સળીયા મંગાવ્યાનું કબુલ કર્યું હતું, પરંતુ તે માત્ર ભૂલ હતી એવો ખુલાસો કર્યો હતો. મને લાગ્યું કે ભુલથી નહિં પણ ઇરાદાપૂર્વક તેમ કરવામાં આવ્યું હતું તેથી મેં મારી લડત ચલાવ્યે રાખી અને સરકાર પોતાના જવાબને વળગી રહી એકએ કમીટી સમક્ષ સરકારે એવો ખુલાસો કર્યો કે સુપરવાઇઝર, ડ્રાફ્ટસમેન, કારોબારી ઇજનેર કે દેખરેખ રાખનાર ઇજનેરની ભુલ થઇ હતી. છેવટે મી. હારવેએ ખાતાના વડા તરીકે પોતાની નૈતિક જવાબદારી

સ્વીકારી. પરંતુ મને લાગ્યું કે ભુલ કોણે કરી તે તેઓ જાણતાજ હોવા જોઈએ અને આ સવાલ પર પડદો નાખવા તેઓ નૈતિક જવાબદારી સ્વીકારી લે છે. મારી આ માન્યતા મેં એકએ કમીટીને પણ જણાવી હતી.

ફરિઆદ પક્ષની નિષ્ફળતા.

ફરિઆદીનો કેસ તદન નિષ્ફળ ગયો છે, પરંતુ તેમ કબુલ કરવામાં તેમને "પ્રતિષ્ઠા" નડતી જણાય છે મી. હારવેને એક મોટા અનુભવી ઇજનેર દર્શાવવામાં આવ્યા છે, પરંતુ એક સાધારણ ઇજનેર કે મીસ્ત્રી પાયાના નકશા ઉપરથી કેવા અને કેટલા સળીયા જોઇએ તે કહી શકે, તેટલી સાધારણ વાત પણ પોતે નકશા દોરવા છતાં પણ મી. હારવે સમજાવવા નિષ્ફળ નિવડયા છે. એ મહીને રૂ ૨૫૦૦ નો પગાર ખાનાર મોટા ઇજનેર માટે અજાયબીભર્યું છે.

નહિં જોઇતા માલનોજ મોટો ઓર્ડર.

મી. હમીદની જુબાની અને મી. હારવેના ખુલાસા પરથી સ્પષ્ટ થાય છે કે પાયાના થાંભલા માટે ૫/૮"ના સળીયાજ વપરાયા હતા. એટલે ૭/૮"ના સળીયા નકામા મંગાવવાથી રૂ. ૨ લાખનું નુકશાન ગયું છે. ખીલવણી ખાતાના ૧૯૨૦ થી ૧૯૨૫ સુધીના આખા વહીવટમાં એકજ ઇન્ડેન્ટમાં એકજ માપના ૧૪૦૦ ટન સળીયા કદી પણ મંગાવ્યા હોય તો તે બતાવવા હું ચેલેંજ કરૂં છું, પરંતુ પેલા ૭/૮"ના નકામા સળીયા એકી વખતે ૧૪૦૦ ટન જથ્થામાં મંગાવવામાં આવ્યા છે. આ ભુલ નથી પણ ઇરાદાપૂર્વક છે અને તેને માટે બીજું કોઇ નહિં પણ મી. હારવેજ જોખમદાર છે.

ભયંકર બેદરકારી.

૫/૮"ના બદલે ૭/૮"ના સળીયા આવવા માંડયા ત્યારે કોલાબા-બાળાએ મી. હારવેનું તે વિષે ધ્યાન ખેંચ્યું હતું. જો તરતજ વિલાયત તાર કરવામાં આવ્યો હોત તોપણ ભૂલ સુધરી શકત, પરંતુ તેમ કરવામાં આવ્યું નહિં અને બહુજ મોડેથી તાર કરવામાં આવ્યો. સાલેભાઇ તૈયબજીને ટેલીફોન કરવામાં આવ્યો હતો એ વાત પણ માની શકાતી નથી કે આવી ગંભીર બાબત માત્ર મોઢેથી ચલાવી લેવાય નહિં.

આ ઉપરાંત ફરિઆદપક્ષે કેટલાક નકશા પણ રજુ કર્યા નથી તેમજ મી. હારવે પ્લાનો વિષે પૂછવામાં આવેલા સવાલોના સંતોષકારક ખુલાસા કરી શકયા નથી.

પાંચમો દિવસ.

પાંચમે દિવસે ભાષણ આગળ ચલાવતાં શ્રી. નરીમાને જણાવ્યું કે ૭/૮"ના સળીયા ભૂલથી મંગાવ્યાનું પુરવાર કરવાનુ અશકય જણાતાં તે જોઇતા હતા માટે મંગાવ્યા હતા એવો નવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. મી. હમીદે તેને ટેકો આપવા કોશીશ કરી, પરંતુ ઉલટપાલટ તપાસમાં તે મુદ્દો ટકી શકયો નહિં.

બીન-જરૂરી ઓર્ડર.

મી. હમીદને નકશાઓ બતાવવામાં આવતાં તેમણે કબુલ કર્યું કે પાયાના થાંભલા માટે ૭/૮"ના નહિં પણ ૫/૮"ના સળીયા જોઇતા હતા. વળી ઓર્ડર વખતે ૭/૮"ના ૬૦૦૦ સળીયા સ્ટોકમાં હતા અને જરૂર માત્ર ૪૦૦૦ ની હોવાથી, ગણત્રી કરીનેજ તેમણે ૭/૮"ના સળીયા ઇન્ડેન્ટમાં દર્શાવ્યા નહોતા. વળી હર્ડ કમીશનર તરફથી

માલ આવી પહોંચે ત્યાંસુધી ચાલે એટલા ૫/૮" તેમજ ૭/૮"ના સળીઆ સ્ટોકમાં હતા. એટલે સાલેભાઇ તૈયબજીને ૩૦ હજાર સળીયાનો ઓર્ડર આપવાની કશી જરૂર નહોતી.

ખોટા જવાબો.

મી. હારવે એમ કહે છે કે ધારાસભા માટે જનરલ મેમ્બરને તેમણે મી. હમીદના કહેવા પ્રમાણે વિગતો પુરી પાડી હતી. મી. હમીદની જુબાની બતાવી આપે છે કે તેમણે મી. હારવેને કશી વિગત પુરી પાડી નહોતી એટલે ભુલ ભરેલા જવાબ માટે પણ મી. હારવે જોખમદાર ઠરે છે.

મી. હમીદ ફરિઆદપક્ષના સાક્ષી હોવા છતાં તેમની જુબાની મારા કેસને મજબુત કરે છે.

નહિ માનવા જેવો ખુલાસો.

ફરિઆદપક્ષ એમ કહે છે કે ફરિઆદનામામાં પાયાના થાંભલા ધારાવી કે ફ્લેટ માટે જોઇતા હતા એમ લખવું ભૂલથી રહી ગયું છે. આ ખુલાસો પાછળથી ઉભો કરેલો અને નહિં માનવા જેવો છે, કેમકે ધારાસભામાં જવાબ અપાયા ત્યાર પહેલાં ઘણો વખત અગાઉથી ધારાવી અને ફ્લેટની યોજના પડતી મૂકાઈ હતી એ જુબાનીમાં કબુલ કરવામાં આવ્યું છે. એટલે જવાબ આપતી વખતે તે યોજનાઓ ખ્યાલમાં હોઇ શકેજ નહિં. વળી વરલીથી ધારાવી જેટલે દૂર થાંભલાઓ સહીસલામત લઇ જઇ શકાય નહિ. તે ઉપરાંત યોજનામાં સ્પષ્ટ દર્શાવેલું હતું કે તે જમીન સરકાર હસ્તક મૂકાયા પહેલાં તેને અંગે કાંઇ પણ કામ હાથ ધરવું નહિં. મી. હમીદ અને ખીલવણી ખાતાના

અમલદારોના પત્રવ્યવહારમાં પણ થાંભલા વરલી માટેજ જોઇતા હતા એવું સ્પષ્ટ છે. બીજા દસ્તાવેજોમાં પણ કયાંઇ ધારાવીનો કે ફ્લેટનો ઉલ્લેખ નથી.

કોર્ટને ભ્રમમાં નાખવાનો પ્રયત્ન.

ફરિઆદપક્ષે કોર્ટને એવા ભ્રમમાં નાખવા પ્રયત્ન કર્યો છે કે ૬૨૫ ચાલીઓ બાંધવાની હતી અને તેમાં ૮૦ હજાર સળીયા ખપી જાત, પરંતુ ચાલીઓ કમી કરવાથી તે વધી પડયા. આ પણ ખોટો પ્રયત્ન છે કેમકે દર વર્ષે કેટલી ચાલીઓ બાંધવી અને કેટલો માલ મંગાવવો એ દરો વર્ષ પુરતુંજ નક્કી થતું. આ પ્રમાણે સરકારી દસ્તાવેજો અને જુબાની ઉપરથી પુરવાર થયું છે કે ७/८"ના સળીયા વગર જોઇતા મંગાવવામાં આવ્યા હતા. ફરિઆદપક્ષે જુદે જુદે વખતે જુદા જુદા ખુલાસા કરવા પ્રયત્નો કર્યા છે, પરંતુ તે એક પણ ખુલાસો ટકી શકતો નથી.

પડદા પાછળની રમત.

થોમસ કુકની બેંકમાં મેસર્સ સાલેભાઇ તૈયબજીનું ચોકકસ મુદતનું ખાતું મળતું નથી અને તે ચોપડો પસ્તીમાં ગયો હોવાનું કહેવામાં આવે છે. એક જોખમદાર બેંક માટે એ ખરેખર ખેદજનક છે. મને જોઇતા કેટલાક દસ્તાવેજો બાળી નાખ્યાનું, કે ઉંદર કે કીડા ખેંચી ગયાનું (હસાહસ) કહેવામાં આવે છે એ બધું શકમંદ છે અને એ ઉપરથી લાગે છે કે પડદા પાછળ કાંઇક રમત રમાતી હતી

ખીલવણી ખાતાનું અંધેર.

જ્યારે ધારાસભામાં ખોટા જવાબો આપવામાં આવે ત્યારે સભા-

સોને ટીકા કરવીજ પડે. ખોટા માપના સળીયા પરદેશી કારખાનાવાળાઓને ખટાવવા માટેજ મંગાવવામાં આવ્યા હતા તે હું પુરવાર કરી શકયો છું. મેં કોઇ અમલદારને સજા કરાવવા માટે નહિ, પરંતુ ખીલવણી ખાતામાં ચાલતું અંધેર બહાર પાડી તે દૂર કરાવવા માટે પ્રજાના કલ્યાણની ખાતરજ લડત ચલાવી છે.

છઠ્ઠો દિવસ.

છઠ્ઠે દિવસે શ્રી. નરીમાને પોતાનું ભાષણ આગળ ચલાવતાં જણાવ્યું કે સળીયાની ખરીદી બીજાઓ ઉપરાંત સાલેભાઇ તૈયબજી, ધી પેટ્રોલીયમ જનરલ સપ્લાઇ, એમ એ. દુલા કંપની અને બાલફર કંપની પાસેથી કરવામાં આવી હતી. તેમાંથી પેટ્રોલીયમ જનરલ સપ્લાઇ સિવાયના બધાના ચોપડા ગુમ થયા છે, કાં તો બાળી નાખવામાં આવ્યા છે. પેટ્રોલીયમ જનરલ સપ્લાઇના ચોપડા પણ કેવી રીતે મળી શકયા તે કોર્ટમાં રજુ થયું છે. મી૦ હારવે કહે છે કે આ ખરીદીઓની આ કેસ ઉભો થયા પહેલાં તેમને ખબર નહોતી કેમકે મી. હમીદ જેવા જોખમદાર કારોબારી ઇજનેર પર તેઓ વિશ્વાસ મૂકતા. વસ્તુતઃ કારોબારી ઇજનેર દેખરેખ રાખનાર ઇજનેરની મંજુરી વિના કશી ખરીદી કરી શકતોજ નહિ. એટલે ખરીદીઓ માટે મી. હારવેજ જોખમદાર ઠરે છે.

ટન દીઠ રૂ. ૪૦ વધારે.

પેટ્રોલીયમ જનરલ સપ્લાઇના બીલો તપાસતાં જણાય છે કે તેણે એકજ જાત અને માપના માલના જુદા જુદા ભાવો લીધા છે. મી. કાબાખાવાળાને મોકલેલી જાતના અને માપના સળીયા મી. હમીદને ટન

દીઠ રૂ. ૪૦–૪૨ જેટલા વધારે ભાવે મોકલાયા છે અને તે માત્ર એક બે દિવસના ગાળામાં. સાલેભાઇ તૈયબજીને ઓર્ડર અપાયો ત્યારે ખાતા પાસે ૧૭૦૦ ટન સળીયા સીલકમાં હતા. આ ચોકખું બતાવે છે કે "કંઈક હેતુ"થીજ પ્રજાના નાણાંની બરબાદી કરવામાં આવી છે અને તે હેતુ ઇંગ્લાંડના કારખાનાવાળાને ખટાવવાનો હોવો જોઇએ એમ માનવાને ઉપરના સંજોગોમાં હું વ્યાજબી ઠરું છું.

અફવાની અવગણના.

મી. હારવે કબુલ કરે છે કે અમલદારો લાંચરૂશ્વત અને કમીશન ખાય છે એવી અફવા તેમણે સાંભળી હતી પરંતુ તેને બજારના ગપાટા માની તેની કશી પરવા નહોતી કરી. મેં અફવા સાંભળીને એક શહેરી તરીકે તે બાબતમાં ઘટતી તપાસ કરવા સરકાર પાસે માંગણી કરી. લાંચરૂશ્વત અને ભેટસોગાદની જે વાતો આ કેસમાં બહાર પડી છે તે જોતાં હું મારી લડતમાં કેટલો વ્યાજબી હતો તે દેખાઇ આવે છે.

રૂ. ૫૦૦૦ ની શંકાશીલ રકમ.

મી. હારવે રજા પર હતા ત્યારે મી. હમીદ તેમની જગ્યા પર હતા. તે વખતે વધારાના સળીયા વેચવા માટે ખાતા ઉપર ઘણી માગણીઓ આવી હતી, પરંતુ મી. હારવેના આવતાં સુધી બધી માગણીઓ અટકાવવામાં આવી હતી. અને મી. હારવે આવ્યા કે તરતજ માણેકચંદ છવરાજ સાથે તેનો સોદો થઈ ગયો મી. માણેકચંદે આ કેસમાં બહુજ આનાકાનીથી જુબાની આપી છે. તેના ચોપડામાં રૂ. ૫૦૦૦ ની રકમ વિષે કશો ખુલાસો મળી શકતો નથી. તે રકમ ઉપરના સોદા માટે અપાઈ હોય એમ જણાય છે, પરંતુ તે કોને અપાઈ તે જણાતું નથી. જો એ

માલનું જાહેર લીલામ કરવામાં આવ્યું હોત તો જરૂર ખાતાને વધુ ભાવ મળત કેમકે માણેકચંદ જીવરાજે ખરીદી પછી થોડીજ મુદતમાં તે માલ મોટે નફે વેચી નાખ્યો હતો. નવ નવ મહીના સુધી સરકાર એ માલ વેચી ન શકી એ આશ્ચર્યકારક છે. એ અને બીજા સંજોગો જોતાં પેલા રૂ. ૫૦૦૦ કોઇ અમલદારના ખીસ્સામાં પડ્યા હોવા જોઇએ એજ અનુમાન નીકળી શકે છે. જેમ થોમસ કુકમાંથી સાલેભાઇનું ખાતું નહિ મળી શકતું તેમ મી. માણેકચંદની ચેકબુકમાંથી એ રૂા. ૫૦૦૦ નીજ કાઉન્ટર ફોઇલ મળતી નથી આ બીના પણ મારા શકમાં વધારો કરે છે.

સાતમો દિવસ.

સાતમે દિવસે ભાષણ આગળ ચલાવતાં શ્રી. નરીમાને જણાવ્યું કે મી. માણેકચંદ જીવરાજે એ રૂ. ૫૦૦૦ માટે સાત જુદી જુદી વખતે સાત જુદા જુદા ખુલાસા કર્યા છે. મી. માણેકચંદના ચોપડામાં પરચુરણ મજુરીની જે રકમો લખાઇ છે તે લાંચ-રૂશ્વતની છે એ વાત ઉલટપલટ તપાસમાં બહાર આવી છે. એ રકમો તેના હસ્તક નોંધાઇ છે. માણેકચંદ જીવરાજ સાથેનો સોદો બજાર કરતાં બહુ ઓછા ભાવે છે. આ બધા સંજોગો જોતાં પેલા રૂ. ૫૦૦૦ કોઇ અમલદારને અપાયા હોય એમાં કશી શંકા રહેતી નથી.

બડા સાહેબનો સંબંધ ?

મી. હારવે કહે છે કે તે રજા ઉપરથી પાછા ફર્યા ત્યારે માણેકચંદ જીવરાજની માગણી તેમણે મી. બેલ સમક્ષ રજુ કરી અને તેમના હુકમથી સોદો નક્કી કર્યો. મી. બેલની જુબાની ઉપરથી જણાય છે કે

તે એ સોદા વિષે બહુ કાંઇ જણાતા નહોતા અને મી. હારવેએ બહુ ઝડપથી સોદો નક્કી કરી દીધો હતો. મી. કોલ્ડવેલ એ સોદો મી. હમીદ મારફત નહિં પણ બડા સાહેબ મારફત નક્કી કરવા ઇચ્છતો હતો. તે બડા સાહેબ મી. હારવેજ હતા. મી. કોલ્ડવેલ અને મી. હારવેનો એ સોદામાં શું સંબંધ હતો તે શોધવાની જરૂર મેં એકએ કમીટીને જણાવી હતી

દીલ્હીની ટોળી મુંબઈમાં.

ખીલવણી ખાતામાં મી. હારવેજ નહિં પણ મી. લુઇ સિવાય સઘળા મોટા અમલદારો દીલ્હીનાજ હતા, જેમાં મી. સાઇકસ, મી. હમીદ, મી. ગઝદર, મી કોલ્ડવેલ વિગેરેનો સમાવેશ થઇ જાય છે. આ ઉપરાંત કેટલાક નાના અમલદારો, સ્ટોરકીપરો વિગેરે દીલ્હીના હતા. આમ આખી ટોળી દીલ્હીથી ગોઠવાઇ હતી મુંબઇમાં પુરતા બાહોશ ઇજનેરો મળી શકે તેમ હોય છતાં બહારના ઇજનેરોથી ખીલવણી ખાતું ભરી નાખવાનું કારણ સમજી શકાતું નથી. ખીલવણી માટે લોન ઉભી કરતી વખતે એ નાણું મુંબઇ માટે અને મુંબઇમાં ખર્ચાશે એવું વચન અપાયા પછી ઉપરની બીના બહુ ખેદજનક છે.

આઠમો દિવસ.

શ્રી. નરીમાને પોતાનું ભાષણ પુરું કરતાં બોમ્બે કોન્ક્રીટ કંપનીને અપાયેલા વધારે પડતાં ભાવો વિષે ચર્ચા કરતાં જણાવ્યું કે તે કંપનીને નવી ડીઝાઇનના બહાના હેઠળ દરેક ચાલ દીઠ રૂ. ૩૦૦૦ વધુ અપાયા છે, પરંતુ એ બચાવ લુલો છે. બોમ્બે કં. કંપનીની ચાલો ગાયાના જેવાજ દેખાવની છે અને ઇજનેરી નજરે તેનો વિસ્તાર

ઓછો છે અને તેનું બાંધકામ એવું છે કે તેનું ખર્ચ કમી આવે. ગાયા કંપનીને એ ડીઝાઇનનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હોત તો તે બોમ્બે કંપની કરતાં ઓછે ભાવે બાંધી આપત. એટલે નવી ડીઝાઇન એ બોમ્બે કંપનીને કોન્ટ્રાક્ટ આપવાનું બહાનુંજ છે.

મિત્રો પર મહેરબાનીઓ.

૩/૧૬"ના તાર તે સળીયા નહિં પણ તાર ગણાય, પરંતુ તેને સળીયામાં ગણી તેનો રૂ. ૨૦૦ને બદલે રૂ. ૬૭૫નો ભાવ મી. હારવેએ કરી આપ્યો છે અને એ રીતે હજારોની રકમ ખર્ચાઇ છે. આ કાંઇ ભૂલ નહોતી, પરંતુ મી. હારવેએ પોતાના મિત્ર મેજર પારસેલને ખટાવવા માટે મહેરબાની દર્શાવી છે. આવું બધા ફરિઆદીના મિત્ર કોન્ટ્રાકટરોના સંબંધમાં બન્યું છે. દાખલા તરીકે ફેરો કોન્ક્રીટ કંપની પર પણ મહેરબાની દેખાડવામાં આવી છે કેમકે તેમાં ફરિઆદીના મિત્ર મી. કારવેલો હતા. એ કંપનીને નહિં બંધાયેલી ચાલો માટે બદલો અપાયો હતો.

મી. વેલીંકર—સરકારની મંજુરીથી અપાયો હતો.

મી. નરીમાન--પરંતુ સરકારે મી. હારવે અને સર લોલેસ હેપરની ભલામણો આંખો મીંચીને સ્વીકારીને મંજુરી આપી હતી.

ઠગાઇના દાખલા.

ધારાસભામાં મેં કહ્યું હતું કે કેટલાક બનાવો ઠગાઇની હદ સુધી ગયા છે, જેની જો તપાસ કરવામાં આવે તો તે અમલદારો સજા પામ્યા વગર રહે નહિં. આ ટીકા મેં વગર વિચાર્યે કરી નહોતી. ઇજનેર સ્વામી રાજાધ્યક્ષના રીપોર્ટ ઉપરથી આવા દાખલા માલુમ પડે છે, જેમાં કાલાસિંગ

ઇબ્રાહીમની ખટપટ વિગેરેના દાખલા પણ આવી જાય છે. તે માણસ અમલદારોને મુખ્યાં ધમકી આપતો. મી. કોલાબાવાલાના રીપોર્ટ પરથી પણ એવા દાખલા મળી આવે છે.

આંખ આડા કાન.

મી. ડી. આર. વૈદ્ય ખીલવણી ખાતામાં અમલદાર હતાં અને રજા પર ગયા ત્યારેજ ગાયા કંપનીમાં ભાગીદાર તરીકે જોડાયા હતા. ગાયા કંપનીના લખતમાં તેમના પુત્રનું નામ માત્ર નામનુંજ હતું. ગાયા કંપની ૮૦ ચાલોનો કોન્ટ્રાકટ મેળવી શકી હતી અને એ આશાએ તો મી. વૈદ્ય એ કંપનીમાં જોડાયા હતા મી. હારવે કહે છે કે મી. વૈદ્ય ૧૯૨૫–૨૬ માં સરકારી નોકરી છોડયા પછી ગાયા કંપનીમાં જોડાયા હતા. પરંતુ ખરી રીતે મી. વૈદ્ય નોકરી છોડયા પહેલાં ગાયા કંપનીમાં જોડાયા હતા અને મી. હારવે તે જાણતા હતા એ જુબાની પરથી પુરવાર થયું છે. આમ કરવામાં મી. હારવેનો કાંઈ હેતુ હોવો જોઈએ.

ઘીના ડબ્બાની ભેટ.

ગાયા કંપનીના ચોપડા પરથી માલુમ પડે છે કે પેલા નાસી ગયેલા કેપ્ટન કારમાઈકલને ઘીના ડબ્બાઓની અને બીજી રકમોની ભેટ મળી હતી. મરહુમ ખા. વલીમહમદ હસનના ચોપડા પરથી પણ કેપ્ટન કારમાઇકલને લાંચ અપાયાનું પુરવાર થયું છે. મરહુમ વલીમહમદના ભાઈએ જણાવ્યું છે કે તેમના ભાઇની માંદગી દરમીયાન કેપ્ટન કારમાઈકલે તેમની પાસે એવી રકમ માગી હતી, જે નહિં આપવાથી તેને હેરાન કરવામાં આવ્યો હતો મી. હારવે આ બધું

ચલાવી લેના કેમકે તેમના પોતાના કેટલાંક કાર્યો એવાજ હતા.

પીઠ પાછળ ઘા.

મી. મહેતા ઉપર ખીલવણી ખાતું બાતમી આપનર હોવાનો શક રાખતું અને કાંઇ પણ બનાવ બનતાં તે તેમના પર ઢોળવા પ્રયત્ન કરતું. મી. હારવે તેમની સામે સળીવાના વેગનો લાકડાં પોતાનો બંગલો બાંધવા માટે ચોરી જવાનો આક્ષેપ કરે છે, પરંતુ કોઇની પીઠ પાછળ આવો આક્ષેપ કરવો વ્યાજબી નથી.

પ્રમાણિક અમલદારો પર છાંટા.

મી. હમીદના કેટલાંક કામો શકાભર્યાં હોવા છતાં તે નોકરી પરથી છુટા થયા ત્યારે મી હારવેએ તેમને સારૂં સર્ટીફીકેટ આપ્યું હતું. મી. કોલાબાવાળા સામે મી. હારવેએ ખોટા રીપોર્ટ કરવાનો આક્ષેપ કર્યો હતો છતાં તેમને પણ મી હારવેએ સારૂં સર્ટીફીકેટ આપ્યું છે. મી. હારવેએ પોતાની જુબાનીમાં જે જે અમલદારેએ કાંઇ ફરિઆદ ઉઠાવી છે અને પોતાની ફરજ પ્રમાણિકપણે બજાવવા પ્રયત્ન કર્યો છે તેમની પર છાંટા ઉડાડ્યા છે.

કોર્ટનો આભાર

પોતાનું ભાષણ ખતમ કરતાં નરીમાને જણાવ્યું કે કોર્ટે મને જે ધીરજથી સાંભળ્યો છે તે માટે હું કોર્ટનો આભાર માનું છું. હું જાહેર પ્રજાના ભલા માટે શુભ નિષ્ઠાથીજ લડ્યો છું. ખીલવણી ખાતાના અંધેર વિષે જે જે ફરિઆદો મારે કાને આવી હતી તે વિષે ઘટતી તપાસ કરીનેજ મેં ધારાસભા તથા બેકબે કમિટી સમક્ષ મારી લડત ચલાવી હતી અને જુબાની

આપી હતી કે જે ઉપરથી મારી સામે આ કેસ ઉભો થયો છે. અંગત રીતે નહિં પણ જાહેર હિતને અંગે હું જણાવીશ કે જો આ કેસમાં મને ગુન્હેગાર ઠરાવવામાં આવશે તો જાહેર નીતિ અને જાહેર લડતને મજબુત ફટકો પડશે. મેં જે આક્ષેપો મૂકયા હતા તે પુરવાર કરવામાં હું સફળ નીવડયો છું. તેથી મારી સામેનો કેસ નીકળી જવો ઘટે છે.

મી. વેલીંકરનું ભાષણ.

શ્રી. નરીમાનનું ભાષણ પુરૂં થયા બાદ શનીવાર તા. ૨૪ મી ડીસેમ્બરે ફરિયાદપક્ષ તરફથી મી. વેલીંકરે ભાષણ કરવા ઉભા થતાં આવા મોટા કેસનો અંત આવેલો જોઇને છુટકારાનો દમ ખેંચ્યો હતો. તેમણે પણ એક અઢવાડીયા સુધી ભાષણ કર્યું હતું. જેનો સાર નીચે મુજબ છે.

શ્રી. નરીમાન સામે જાહેર શહેરી તરીકે કીર્તિ ખાટવા માટે કેસ લંબાવવાનો આક્ષેપ મૂકીને તેમણે જણાવ્યું હતું કે મી. નરીમાને મી. હારવે અને બીજા અમલદારોની બદનક્ષી કરીને પોતાને કઢંગી હાલતમાં મૂકી દીધા છે. તેઓ ધારાસભામાં ટીકા કરીને અટકયા હોત તો આ કેસ ઉભો ન થાત, પરંતુ બીજે પણ એ ટીકા ફરીને કરવાથી હાલની સ્થિતિમાં મૂકાયા છે.

મી. નરીમાનના મગજમાં મી. હારવે.

મી નરીમાન કહે છે કે એકબે કમીટી સમક્ષ જુબાની આપતી વખતે મી. હારવે તેમના મગજમાં નહોતા પરંતુ હું બતાવી આપીશ કે મી હારવે તેમના મગજમાં હતા. અને કદાચ ન હોય તોએ તેઓ કાયદાની જવાબદારીમાંથી બચી શકતા નથી.

મી નરીમાને મી. હારવેને લાંચીઆ કહ્યા છે પરંતુ તેઓ એ પુરવાર કરી શકયા નથી. મી. નરીમાને એકએ કમીટી સમક્ષ મી. સાઇકસ અને બીજા અમલદારોના નામ દીધા છે તેથી તેમની જુબાનીમાં "દેખરેખ રાખનાર ઇજનેર" જણાવ્યા છે તે મી હારવે જ હોવા જોઇએ એમાં કાંઇ શક નથી.

૭/૮"ના સળીયા વિષે ખુલાસો.

મી. વેલીંકરે સોમવારે પોતાનું ભાષણ આગળ ચલાવતાં જણાવ્યું કે મી. નરીમાન કહે છે કે મૂળ ઇન્ડેન્ટમાં ૫/૮"ના સળીયા તે ફેરવીને ૭/૮"ના કરવામાં આવ્યા છે. એ વાત ખોટી છે. તે સળીયાની કિંમત તેમણે રૂ. ૩ લાખ જણાવી છે તે પણ ખોટું છે. તેની કિંમત રૂ. ૨ા લાખથી વધુ નથી વળી એ ૮૦ હજાર સળીયામાંથી ૪૬ હજાર તો ઉપયોગમાં લેવાયા છે અને બાકીના રૂ. ૧૦૨-૮-૦ના ભાવે વેચવામાં આવ્યા હતા. એટલે પ્રજાના રૂ. ૩ લાખ બરબાદ થયાની વાત સત્યથી વેગળી છે.

"મી. હારવેની આબરૂ હલકી પડી."

મૂળ ઇન્ડેન્ટમાં ૫/૮"ના સળીયા હતા એ વાત ખરી છે, પરંતુ ૭/૮"ના સળીયા તેમાં ફેરફાર કરીને નહિં પણ મી. હારવેના જુદા પત્રથી મંગાવવામાં આવ્યા હતા. એટલે વિલાયતના કારખાનાવાળાઓને ખટાવવા માટે ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યાની ટીકા ખોટી ઠરે છે અને નીતિની નજરે મી. હારવેની બદનક્ષી થઇ છે કેમકે લોકોની નજરમાં તેમની આબરૂ હલકી પડી છે.

ખીલવણી ખાતાની યોજના ૧૯૨૧ થી ૧૯૨૫ સુધીમાં ૬૨૫

ચાલો બાંધવાની હતી. પ્રજાના ભલા માટેની એ યોજનાનો જલદી અમલ કરવા મી. હારવે આતુર હતા. આવી જંગી યોજના માટે સઘળો સરંજામ બહોળા પ્રમાણમાં ખરીદવામાં આવે એ સ્વાભાવિક હતું.

સળીયા વધવાનું કારણ.

એ ૬૨૫ ચાલોની યોજના કમી થઇને ૪૮૦ની થઇ ગઈ. જો ૬૨૫ ચાલો પુરી કરવામાં આવી હોત તો બધા ૮૦ હજાર સળીયા વપરાઇ જવા ઉપરાંત ૧૨ થી ૧૪ હજાર સળીયા મંગાવવા પડત. એટલે કાર્યક્રમ ટુંકાવવાથી સળીયા વધી પડયાની દલીલ વ્યાજબી છે.

૭/૮" ઇંચના સળીયા વિષે વધુ ખુલાસો.

૭/૮"ના સળીયા વિષે વધુ ખુલાસો કરતાં મી. વેલીંકરે જણાવ્યું કે ચાલોની ડીઝાઇનમાં ફેરફાર કરવાથી કારોબારી ઈજનેર મી. હમીદ વગેરે પાસે તે પ્રમાણે નવેસરથી ઇન્ડેન્ટ માગવામાં આવ્યા અને તે તેઓએ મોકલી આપ્યાં. મી. સાઇકસના પત્ર ઉપરથી જણાય છે કે તે સળીયા પાયાના થાંભલા માટેજ હતા.

સાલેભાઇ તૈયબજીનું ટેન્ડર ૭ ટેન્ડરોમાંથી પસાર થયું હતું. તા. ૬ઠી સપ્ટેમ્બરે મી. હારવેને ૭/૮"ના સળીયાની જરૂર પડી. તા. ૧૧ મી સપ્ટેમ્બરે માલમ પડયું કે ૫/૮" ના સળીયા થાંભલામાં વપરાતા હતા. તા. ૧૨મી સપ્ટેમ્બરે સાલેભાઈનું ટેન્ડર રજુ થયું અને તા. ૧લી નવેમ્બરે માલ આવવો શરૂ થયો. ડીસેમ્બરની આખરે મી. હારવેને ૭/૮" ના સળીયા આવવાની ખબર મળી. તા. ૩ જી જાન્યુઆરી ૧૯૨૩ને દિવસે મી. સાઇકસે જાણ્યું કે ૭/૮" નું માપ

ભૂલભરેલું હતું તેથી તેમણે તાર કરવાની સુચના કરી. તા ૫ મ જાન્યુઆરીએ ૭/૮" ને બદલે ૫/૮"ના સળીયા મોકલવા હંગ્લાં તાર કરવામાં આવ્યો. ત્યાં સુધી ૫/૮"ના સળીયાની જરૂર છે એવી બધાની માન્યતા હતી માર્ચમાં મી. હારવે રજા પર ગયા અને મી. હમીદ તેમની જગ્યા પર આવતાં બધી ફાઇલ તેમના હાથમાં આવી અને તેથીજ ચોકકસ દસ્તાવેજો ગુમ થયા. જુનમાં મી. ગઝ દરે ૭/૮" સળીયાનો ઉપયોગ કરવાની સુચના કરી. તે વખતે બધ માપના સળીયા ખલાસ થયેલા હોવાથી ૫/૮"ના સળીયા વાપરવાનો હુકમ કરવામાં આવ્યો, પરંતુ થાંભલા માટે તે સારા ન જણાવાથી ૭/૮" ના સળીયા વાપરવાનો ઠરાવ થયો અને તે મુજબ ઇન્ડેન્ટમ ફેરફાર કરવામાં આવ્યો.

૧૯૨૩ ની જુલાઇમાં ધારાસભામાં મી સાઇકસે જણાવ્યું હતું કે ખોટા માપના સળીયા મંગાવવામાં આવ્યા નહોતા. સપ્ટેમ્બરમાં સરકારે ૭/૮"ના સળીયા વાપરવાની મંજુરી આપી. ઓકટોબરની આખરે મી. હારવે રજા પરથી પાછા ફર્યા. ડીસેમ્બરની આખરે તેને ખબર મળી કે ધારાવીની યોજના પડતી મૂકાઇ છે. આ પછી તેમણે ૭/૮" ના વધારાના સળીયાનો નિકાલ કરવા વિચાર ચલાવ્યો અને છેવટે વધી પડેલા સળીયા વેચી નાખવાની ગોઠવણ કરવામાં આવી.

"ડીગ્રી નહોતી પણ અનુભવ હતો."

તે પછી મી. વેલીંકરે કેટલાક અમલદારોની નીમણુંકની ટીકાનો જવાબ વાળતાં જણાવ્યું કે મી. હમીદ કે મી. મહેતા સેનીટરી કામનો અનુભવ ધરાવતા નહોતા તેથી સેનીટરી ખાતું ખોલવામાં આવતાં

મદ્રાસથી મી. ક્રીષ્ણાસ્વામીને બોલાવવામાં આવ્યા. તેઓ કોઇ ડીગ્રીઓ ધરાવતા નહોતા પરંતુ મી. હારવેના જણાવવા પ્રમાણે તેઓ સેનીટરી કામનો બહોળો અનુભવ ધરાવતા હતા અને તે હોદ્દા માટે લાયક હતા. તેથી તેમની નીમણુંક વિષેની મી. નરીમાનની ટીકા ટકી શકતી નથી.

"પરદેશી માલ મોંઘો પણ ટકાઉ."

દેશી માલને બદલે એડમ્સ પેટંટનો માલ ખરીદવામાં આવ્યો હતો અને તે મોંઘો હતો તે મી. હારવે કબુલ કરે છે, પરંતુ તે માલ વધુ ટકાઉ હોવાથી ખરીદવામાં આવ્યો હતો. ગેમન ડંકરલીએ હારવેના બંગલામાં મફત કામ કર્યું હતું તે પણ જુબાનીમાં પુરવાર થયું નથી. મી. હારવેએ કોઇની પાસેથી ભેટ લીધાનું પણ જુબાનીમાં પુરવાર થયું નથી. એટલે મી. હારવે સામેના બધા આક્ષેપો ટકી શકતા નથી.

તે પછી છુપા કમીશનના આક્ષેપ વિષે બોલતાં મી. વેલીંકરે જણાવ્યું કે સર કાવસજી જહાંગીરે મી. નરીમાનને જણાવ્યું હતું કે જો તેઓ કમીશન ખાનાર કોઇ અમલદારનું નામ આપે તો તેઓ તપાસ ચલાવવા ખુશી હતા પરંતુ મી. નરીમાન કોઇનું નામ આપી શકયા નહોતા તેથી તપાસ થઇ શકી નહોતી.

મેજર પારસેલની પ્રશંસા.

આ પછી રંગભેદના આક્ષેપો વિષે કેટલીક ચર્ચા કર્યા બાદ મેજર પારસેલ વિષે ખુલાસો કરતાં મી. વેલીંકરે જણાવ્યું કે તેઓ ખીલવણી ખાતાના નોકર નહિં પણ કોલાબા પરની લશ્કરી જમીન સંબંધી હિંદી સરકારના હાથ નીચેના અમલદાર હતા. તેમને રૂ. ૨૦૦૦ નો પગાર મળતો હતો. તેઓ પોતાનું ભવિષ્ય સુધારવા નોકરી છોડી બોમ્બે

કંપનીમાં જોડાયા હતા અને તે પછી મોટા કોન્ટ્રાકટ મેળવી શકયા હતા. કોન્ક્રીટના બાંધકામનો તેમને બહોળો અનુભવ હતો અને તેથી વ્યાજબી રીતે તેમને મોટા કોન્ટ્રાકટ આપવામાં આવ્યા હતા. મેજર પારસેલ મી. હારવેના મિત્ર હતા તેથી અગાઉથી ગોઠવણ કરીને કોન્ટ્રાકટ અપાયા હતા એવી ટીકા કરવી મી નરીમાન જેવા ગૃહસ્થને છાજતી નથી. મેજર પારસેલ બાહોશ અને પ્રતિષ્ઠિત ઇજનેર હતા અને તેમને મોટા કોન્ટ્રાકટ આપવામાં કશું ખોટું થયું નથી.

કેસનો છેલ્લો દિવસ.

શનીવાર તા. ૩૧મી ડીસેમ્બરે મી. વેલીંકરે પોતાનું બાકીનું ભાષણ ખતમ કરતાં જણાવ્યું કે મી. હારવેના જુબાની ઉપરથી જણાય છે કે મરહુમ મી. વલીમહમદના કેટલાક બાંધકામની મી. હારવેએ તપાસ કરી હતી અને તેમાંનું કેટલુંક કામ કાંતો કોન્ટ્રાકટરે ફરી કરવાની કે તેના ખર્ચે કરાવી લેવાની જરૂર જણાતી હતી. આ અને બીજી વિગતો ઉપરથી જણાય છે કે વલીમહમદ સાથે કે ખાતાના બરતરફ થયેલા નોકર કેપ્ટન કારમાઇકલના કમીશન ખાવાના બનાવ સાથે મી. હારવેને કશો સંબંધ નહોતો

ખીલવણી ખાતાના કોઇ અમલદારની લાંચરૂશ્વતની વલીમહમદની વાત ઉપરથી ડો. કુપરે મી નરીમાનને કરેલી વાત ખરી હોય તોપણ પુરતી તપાસ કર્યા વિના મી. નરીમાને બધા અમલદારો સામે લાંચનો સામાન્ય આક્ષેપ કરવો જોઇતો નહોતો.

વલીમહમદ કે ગાયા કંપનીના ચોપડામાં કોઇ ઇજનેરનું ખાતું નીકળવાથી મી૰ નરીમાન અનેક અનુમાનો ખેંચે છે, પરંતુ તે સાથે મી. હારવેને કશો સંબંધ નથી.

"મી. ઉદ્દેસીંગને ગાળો આપી તે વ્યાજબી હતું."

મી. ઉદ્દેસીંગનાં બનાવ વિષે મી૦ વેલીંકરે જણાવ્યું કે તેની પાસે બનાવેલા ફરનીચરના મી. હારવેએ પૈસા ચુકવી આપ્યા હતા. મી. ઉદ્દેસીંગ નાનો કોન્ટ્રાકટર હતો અને બારણાજ બનાવતો હતો. તે ગંદુ પાણી વાપરતો હતો. તેને તેમ નહિં કરવા મી. હારવેએ ચેતવણી આપવા છતાં તે ફરી ગંદુ પાણી વાપરતો તે જોતાં મી. હારવેનો મીજાજ ગયો હતો અને તેને ગાળો આપી હતી, તેમાં તેમણે કશું ખોટું કર્યું નહોતું. આ બનાવને તેનો કોન્ટ્રાકટ બંધ થવા સાથે કશો સબંધ નથી.

આ અને આવા બીજા બનાવો ઉપરથી મી. નરીમાને છુપા કમીશનના અનુમાનો ખેંચ્યા છે, કે જેમ કરવામાં તેઓ ગેરરસ્તે દોરવાઇ ગયા છે.

આ ઉપરાંત મી. નરીમાને ઘણી નાની નાની બાબતો રજુ કરી છે કે જેમાં ઉતરવાની હું જરૂર જોતો નથી. મી હારવે પોતાને નિષ્કલંક પુરવાર કરી શકયા છે એજ મારે માટે પુરતું છે.

જુબાની પર ટીકા.

આ પછી મી. વેલીંકરે સાક્ષીઓની જુબાની પર ટીકા કરતાં જણાવ્યું કે મી. શેઠનાએ પોતાની જુબાનીમા લાંચરૂશ્વતની અફવા સાંભળ્યાનું જણાવ્યું છે પરંતુ તેમણે મી હારવેનું નામ સાંભળ્યું નહોતું. આ દેશમાં વગર તપાસે અફવાઓ ઉડવાનું બહુ સામાન્ય છે, એટલે એવી અફવાને વજન આપવું જોઇતું નથી. મી. વેરા સંબંધી કેટલીક વિગત જણાવવામાં આવી છે, પરંતુ તેઓ મુંબઇમાં

હોવા છતાં અને કોર્ટમાં હાજર થઇ શકે તેમ હોવા છતાં તેમને બોલાવવામાં આવ્યા નથી. એટલે એ બાબત પણ ધ્યાન લેવી ઘટતી નથી. મી. ત્રીવેદી સળીયાની ખરીદીમાં હિત ધરાવતા હોઇ તેઓ નિ:પક્ષપાત સાક્ષી ગણાય નહિ. મી. બ્રુક્સ તદ્દન જુઠો સાક્ષી છે. તેને બરતરફ કરવામાં આવ્યો હોવાથી તે નોટીસનો પગાર મેળવી શક્યો નહિં એટલે તેણે પોતાનું વેર વાળવા ખોટી વાતો કરી છે. તે જુગારી સટોળીયો અને સરકારી નાણાં ખાઇ જનાર માલુમ પડ્યો છે તેથી કોર્ટે તેની જુબાની માનવી જોઇતી નથી.

મી. ચીચગર પણ બેકાર અને નાદાર માણસ છે. તે પોતાની ઉલટપાલટ તપાસમાં ટકી શક્યો નથી. તેથી પણ ભરૂસો રાખવા લાયક સાક્ષી નથી.

મી. કાપડીઆ પણ એક નાદાર માણસ છે અને તેના મગજમાં મી૦ ગઝદર રમી રહ્યા છે તેની જુબાની ઉલટપાલટ સુલટી જણાય છે.

મી. કુલકરણી મી. નરીમાનનો મદદ કરનાર મિત્ર જણાય છે અને જો તે આવી ટીકાઓ કરવાની પોતાની રીત પર અંકુશ નહિં રાખે તો તે પણ કોઇક દિવસ મી. નરીમાનની માફક તકલીફમાં આવી પડશે.

મી. માણેકચંદ જીવરાજ મી. નરીમાનનો સાક્ષી હોવા છતાં તેની જુબાની મી. નરીમાનની વિરૂદ્ધ જાય છે.

બદનક્ષીનો કાયદો.

તે પછી મી. વેલીંકરે કાયદાની કેટલીક ચર્ચા કરતાં જણાવ્યું કે બદનક્ષીને લગતો ઇંગ્લાન્ડનો કાયદો હિંદમાં લાગુ પડતો નથી.

સર નોરમન મેકલાઉડના રૂલીંગ પ્રમાણે હિંદમાં તો બદનક્ષી માટે ફોજદારી કાયદોજ લાગુ પડે છે. બદનક્ષીને ભોગ થનાર માણસને આખી દુનીયા ઓળખતી હોવી જોઇએ એવી કાંઇ જરૂર નથી પરંતુ તેને ઓળખનારાઓ તેની બદનક્ષીભરી ટીકા થઇ છે એવું જાણતા હોય તેટલું બદનક્ષીના કાયદા માટે પુરતું છે.

છેવટમાં મી. વેલીંકરે જણાવ્યું કે આપ નામદારને હું અરજ કરૂં છું કે આ કેસ, જે લગભગ એક વર્ષ સુધી લંબાયો છે અને જેમાં જાત જાતની જુબાનીઓ પડી છે અને કાયદાની અનેક સહાદતો રજુ થઇ છે તે ઉપર ધીરજથી વિચાર ચલાવી આપ નામદાર ચુકાદા ઉપર આવશો.

સરકારી નોકરને મળવું જોઇતું રક્ષણ.

મી. નરીમાને એક જાહેર શહેરી તરીકે તેમને રક્ષણ મેળવવાની માગણી કરી છે, તેવીજ રીતે સરકારી અમલદારને પણ રક્ષણ મળવું જોઇએ. જાહેર શહેરી પોતાની આબરૂ પર હુમલો થતાં તે વિષે ખુલાસો કરવા વર્તમાનપત્રોનો આશ્રય લઇ શકે છે, જ્યારે સરકારી અમલદાર તેમ કરી શકતો નથી. એટલે તેને તો પોતાનું કલંક ધોવા માટે અદાલતનોજ આશ્રય લેવો પડે છે અને તેથીજ મી. હારવેએ અદાલતનો આશ્રય લીધો છે. તેઓ પોતાની આબરૂ નિષ્કલંક પુરવાર કરી શકયા છે.

ગંભીર ગુન્હો.

મી. નરીમાને તેમની સામે જે આક્ષેપો મૂકયા છે તે તેઓ પુરવાર કરી શકયા નથી. અનેક વિગતો રજુ થવા છતાં મી. નરીમાને

મી. સાઇકસ, મી હમીદ અને મી. હારવે વચ્ચે લાંચ અને કમી-શન ખાવાનો કાવત્રાનો આક્ષેપ પાછો ખેંચી નહિં લેતાં છેવટ સુધી તેને વળગીજ રહીને પોતાના ગુન્હાને વધારે ગંભીર બનાવ્યો છે.

છેવટમાં બન્ને પક્ષને ધીરજથી સાંભળવા માટે હું કોર્ટનો આભાર માનું છું અને જણાવું છું કે ફરિઆદી પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ નિવડયા છે.

આમ ૧૩ મહીનાની લાંબી લડત પછી આ કેસ ૧૯૨૭ના ડીસેમ્બરની તા. ૩૧ મીએ ખતમ થયો હતો અને તારીખ મુકરર કર્યા વિના ચુકાદો મુલત્વી રહ્યો હતો. ના. મેજીસ્ટ્રેટે જણાવ્યું હતુ કે ચુકાદા વખત ફરિઆદીને હાજર રહેવાની કશી જરૂર નથી. આથી કેસ પુરો થયો તેજ દિવસે મી હારવે રજા ઉપર ઇંગ્લાન્ડ જવા રવાના થઇ ગયો હતો.

ના. મેજીસ્ટ્રેટનો ચુકાદો.

ત્રીજી પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ ના. દસ્તુરે ૧૯૨૮ના જાન્યુઆરીની તા. ૨૮મીએ નીચે પ્રમાણે ચૂકાદો આપ્યો હતોઃ-

કેસ નં. ૭૭૯/એસ. ૧૯૨૮.

થોમસ હારવે ... . ફરિયાદી

વિ

કે એફ નરીમાન ... ... આરોપી

આરોપ બદનક્ષી—કલમ ૫૦૦, હિંદી ફોજદારી કાયદો.

ચુકાદો.

આરોપી ગુન્હાનો ઇનકાર કરે છે.

આ મુકદ્દમો ઉભો થવાની હકિકતો નીચે પ્રમાણે છેઃ-

૧૯૨૦ની સાલમાં લોર્ડ લોઇડે (તે વખત સર જયોર્જ લોઇડ) બેકબેના દરિયાનો કેટલોક ભાગ પુરવાનો સરકારી ઠરાવ જાહેર કર્યો અને આ યોજના તથા મુંબઇમાં કે નજીકમાં બીજી પુરણીની જરૂર જણાય તે યોજનાઓનો અમલ કરવા ખીલવણી ખાતું સ્થાપ્યું.

ઘણા વર્ષોથી આ વિચાર પ્રજા તેમજ સરકારના મનમાં ઘોળાઇ રહ્યો હતો. પરંતુ લડાઇ પછી બધી વસ્તુઓ મોંઘી થઇ અને જમીનના ભાવો અને ભાડા એટલા વધી પડયા કે ઘરધણીઓ સામે બુમ ઉઠી અને વધારે અને સસ્તા ઘરોની—ખાસ કરીને મજુર વર્ગ માટે—આગ્રહભરી માગણી જાગી.

યોજનાનો હેતુ.

આ યોજના અમલમાં મૂકવાનો સરકારને આ સુઅવસર લાગ્યો. યોજનાનો હેતુ બેકબેનો દરિયો પુરીને કેટલીક જમીન મેળવવાનો અને ગરીબ વર્ગનું દુઃખ દૂર કરવા મુંબઇની આસપાસ ચાલો બાંધવાનો હતો.

બીજી યોજના મજુરો માટેની ચાલીઓની હતી અને આઠ વર્ષમાં કુલ ૫૦૦૦૦ ઓરડાઓ સાથેની ૬૨૫ ચાલીઓ બાંધવા માટે હતી.

મૂળ એવી ગણત્રી કરવામાં આવી હતી કે એ ૫૦ હજાર ઓરડામાંથી ૩૫ હજાર ઓરડા વરલી નાયગામ અને ડીલાઇલ રોડ પરની શહેર સુધારા ટ્રસ્ટની અને બીજી સહેલાઇથી મળી શકતી જમીન ઉપર બાંધી શકાશે.

આખો કાર્યક્રમ મોટો હતો અને ભાડાના એકાએક વધારાથી આવી પડેલું સંકટ દુર કરવું હોય તો નાઇલાજે અને બને તેટલા ઓછા વિલંબે અમલ કરવાની જરૂર હતી. સરકારને તેથી ખાસ કાયદાથી ખાસ ખાતું ખોલવાનું વ્યાજબી જણાયું અને તે સરકારી ખાતું બનાવવામા આવ્યુ.

યોજના સામે ટીકા.

યોજનાને સાર્વજનિક ટેકો ન મળ્યો અને કેટલાંકો સખ્ત ટીકા કરવા લાગ્યા, જેમાં એક આરોપી મી. નરીમાન હતા.

તેઓ બી. એ. એલ એલ. બી છે અને મુબઇમાં વકીલાત કરે છે.

તેઓ ધારાસભાના સભ્ય છે અને સ્વરાજ પક્ષમાં જોડાયેલા છે. પરંતુ ખીલવણી ખાતું સ્થપાયું ત્યારે તેઓ ધારાસભામાં નહોતા તેઓ મ્યુનીસીપાલ કોરપોરેશનના સભ્ય હતા એટલે જ્યારે જ્યારે આ સવાલ કોરપોરેશન સમક્ષ આવતો ત્યારે ટીકા કરવાની તક તેઓ ચૂકતા નહિં અને છાપામાં પણ લખાણો કરતા. તેઓ ધારાસભાના સભ્ય સાથે પણ પરિચયમાં આવતા અને પોતાના મિત્રો મારફત ચળવળ કરતા. ખાસ કરીને મી. જી. બી. ત્રીવેદી મારફત તેમણે ખીલવણી ખાતું રદ કરવા અથવા તો તેને પ્રજાકીય ખાતું બનાવવા ચળવળ કરી અને પોતાની જાણમાં આવતી કહેવાતી ફરિઆદો જાહેર કરવા મથતા. મી. ત્રીવેદી તે વખતે ધારાસભાના સભ્ય હતા અને લોખંડના તેમજ એક્ષપોર્ટ ઇમ્પોર્ટના વેપારી હતા. મી. ત્રીવેદી, મી. નરીમાન અને બીજાઓ સાથે આ વિષયપર ચર્ચા કરતાં અને ખીલવણી ખાતાના વહીવટ અને વ્યવસ્થા વિષે ધારાસભામાં સવાલો પૂછી સરકાર પાસેથી માહિતી મેળવવા કોશીશ કરતા

ગેરવહીવટના આક્ષેપો.

૧૯૨૩માં મી. નરીમાન ધારાસભામાં ચૂંટાયા અને ખીલવણી ખાતા સામે ઝઝુમવાની એક પણ તક ચૂકયા નહિં. તેમણે ખાતાને સરકારી ખાતા તરીકે બંધ કરાવવા અને તેના કામકાજ અને વહીવટ વિષે તપાસ કરવા કમીટી નીમવા ઠરાવો રજુ કર્યા અને "ગંભીર ગેરવહીવટ" અને "પ્રજાના નાણાંની બરબાદી" ના આક્ષેપો કર્યા.

૧૯૨૪ના ઓકટોબરની બેઠકમાં મી. નરીમાને ચાલીઓના બાંધકામના થાંભલામાં વપરાતા સળીયાના ઓર્ડર વિષે સવાલો પૂછ્યા.

સરકારના જવાબથી અસંતોષ.

સરકારના જનરલ સભ્ય સર કાવસજી જહાંગીરે તેના જવાબો આપ્યા. પરતુ મી. નરીમાનને તે જવાબોથી સંતોષ ન થયો અને ૧૯૨૫ના માર્ચની તા. ૩ જીએ ધારાસભામાં ભાષણ કરતાં "કારખાનાવાળાઓ પાસેથી મોટા અમલદારો છુપા કમીશન ખાય છે એવી શહેરમાં અને આખા ઇલાકામાં ખરાબ અફવાઓ" વિષે જણાવ્યું.

તપાસની માગણી.

તેમણે ૧૨ બીન અધિકારી અને ચુંટાયેલા સભ્યોની અમુક સત્તાવાળી એક કમીટી ખીલવણી ખાતાના આખા વહીવટ અને કામકાજની તપાસ કરવા માટે નીમવાનો ઠરાવ રજુ કર્યો

સરકારે તેનો વિરોધ કર્યો, પરંતુ ઠરાવ ૩૫ વિરૂદ્ધ ૨૯ મતે પસાર થયો.

આ ઠરાવ પ્રમાણે સરકારે કમીટી ન નીમી પરંતુ એક ન્યાયાધિકારીના પ્રમુખપણા હેઠળની સલાહકાર કમીટીમાં જોડાવા મી. નરીમાન અને બીજા ત્રણને આમંત્રણ કર્યું, અને મી. નરીમાનને આરોપિ સરકારી નોકરને મળે તેવી સગવડો આપવા જણાવ્યું.

આ આમંત્રણ મી. નરીમાને ન સ્વીકાર્યું કેમકે "જ્યારે તે પોતેજ પ્રજાના નાણાંના ગેરવહીવટ, લાંચરૂશ્વત અને ઠગાઇના આક્ષેપો કરે છે ત્યારે સરકાર તેમને આરોપીની સ્થિતિમાં મૂકવા માગે છે તેમાં સરકારનો હેતુ શો છે" તે તેઓ સમજી શક્યા નહિં. તેમણે સામે કેટલીક સુચનાઓ કરી પરંતુ સરકારે તે સ્વીકારી નહિં.

ધારાસભામાં અને બહાર ચળવળ ચાલુ રહી અને દરિયો પુરવાની યોજના સફળ થવાને બદલે આર્થિક દૃષ્ટિએ ખાનાખરાબી તરીકે લેખવામાં આવી અને સખ્ત ટીકાઓ થવા માંડી.

બેકબે કમીટીનાં ન મણુંક.

યોજના ચાલુ રાખવી ડહાપણભરી છે કે કેમ તે વિષે પ્રજામાં ભારે ચકચાર ચાલી ૧૯૨૬ના જુલાઇની તા. ૨૯મીએ હિંદી સરકારે પોતાની દેખરેખ અને અંકુશ રાખવાની સત્તાની રૂએ હિંદી વજીરની મંજુરીથી અલ્લાહબાદના વડા જજ સર ગ્રીમવુડ મીઅર્સ અને બીજા ત્રણની બનેલી એક કમીટી બેકબેની યોજનાની સ્થાપના અને અમલની તપાસ કરવા અને ભવિષ્યના કામ માટે નીમી.

કમીટીએ ૧૯૨૬ના ઓગસ્ટમાં મુંબઇમાં બેઠક શરૂ કરી અને પ્રજાને જુબાની આપવા આમંત્રણ કર્યું.

શ્રી. નરીમાનને આમંત્રણ.

કમીટીના સેક્રેટરીએ મી નરીમાનને જુબાની આપવા અને "ખીલવણી ખાતાના જે અમલદારોએ છુપા કમીશનો લીધા હોય તેના નામો, કોન્ટ્રાક્ટની ટુંક હકિકતો, કમીશન આપનાર કારખાનાવાળાઓના નામ, કમીશનની રકમ અને બીજી તેમની પાસે જે માહિતી હોય તે" પુરી પાડવા વિનંતિ કરી. તેમણે ૧૯૨૫ના માર્ચની તારીખ ૩જીએ જે માહિતીને આધારે ભાષણ કર્યું હતું તે અને તે પછી મેળ.. હોય તે બધી માહિતી કમીટીએ માગી હતી.

આ આમંત્રણના જવાબમાં મી. નરીમાને લેખિત સ્ટેટમેંટ રજુ કર્યું.

આ સ્ટેટમેન્ટમાં મી. નરીમાને માત્ર એકબેની પુરણીનાજ નહિ પણ આખા ખીલવણી ખાતાના કામકાજનો ઉલ્લેખ કર્યો. મી. નરીમાનના કહેવા પ્રમાણે તેમ કરવાનું કારણ એ હતું કે તપાસનું ક્ષેત્ર વધારવા સરકારને અરજ કરવા તેમણે કોરપોરેશન પાસે ઠરાવ કરાવ્યો હતો. કમીટીએ મી. નરીમાનની જુબાની લીધી ત્યાં સુધી તે અરજનો જવાબ આવ્યો નહોતો વસ્તુતઃ સરકારને કમીટીનું ક્ષેત્ર વિશાળ કરવાનું યોગ્ય ન લાગ્યું. એટલે મી. નરીમાનના સ્ટેટમેન્ટમાંથી અમુક ફકરાઓ કમીટીની સત્તા બહારના હોવાને કારણે પડતા મૂકવામાં આવ્યા.

સર એમ. વિશ્વેશ્વરાયે મી. નરીમાનને પૂછેલા સવાલ પરથી પણ આ વાત જણાય છે.

સ — તમારી ટીકા એકબેની યોજના માટેજ છે?

જ—મેં બે ત્રણ દાખલા આપ્યા છે તેમાં તે આવી જાય છે. મેં બીજા પણ દાખલા આપ્યા છે, પરંતુ તે કમીટીના ક્ષેત્રમાં ન હોવાથી ભલે પડતા મૂકવામાં આવે

મી. નરીમાને (કમીટી સમક્ષના) પોતાના લેખિત સ્ટેટમેન્ટમાં ૧૯૨૫ના માર્ચની ધારાસભાની બેઠકના ભાષણમાંના ખીલવણી ખાતા સામેના આક્ષેપો અને ટીકાઓના ફકરા ટાંકયા છે.

કમીટી સમક્ષ શ્રી. નરીમાનની જુબાની.

કમીટીએ મી. નરીમાનને પૂછેલા સવાલો અને તેમના જવાબો નીચે પ્રમાણે છેઃ—

સ—તમારી ટીકા એકએકની યોજના માટેજ છે ને ?

જ—મેં બે ત્રણ દાખલા આપ્યા છે, તેમાં તે આવી જાય છે. મેં બીજા દાખલા પણ આપ્યા છે પરંતુ તે કમીટીની તપાસમાં આવતા ન હોવાથી ભલે પડતા મૂકવામાં આવે.

સ—તમે જે લખ્યું છે તેમાંથી તમે છટકી નહિં શકો.

જ—હું છટકવા ઇચ્છતો પણ નથી.

સ—તમારા ત્રણ દાખલા કયા છે?

જ—પહેલો બાલકીશન શેઠ પર મહેરબાની કરવાનો, બીજો લોખંડના સળીયાના ઓર્ડરનો અને ત્રીજો સીમેન્ટના કોન્ટ્રાક્ટનો.

સ—પહેલા દાખલામાં તમે લખ્યું છે તે ઉપરાંત કાંઇ ઉમેરવા માગો છો ?

જ—તેમાં મારે કાંઇ ઉમેરવાનું નથી. મેં મારૂં અનુમાન કરી લીધું છે, બીજા દાખલામાં ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યાનું ધારાસભામાં કબુલ કરવામાં આવ્યું છે.

"ભૂલ"ની દલીલનો આગ્રહ.

સર ફ્રેડરીક હોપકીનસન—મેં તમારૂં સ્ટેટમેન્ટ વાંચ્યું છે. તેનો આશય એવો છે કે ૭/૮"ને બદલે ૫/૮" મંગાવવાની કોઇકે ભૂલ કરી હતી. તમે શું કહો છો ?

જ—હું તે ભૂલ નથી ગણતો. એ બીનજરૂરી અને વધારાનો ઓર્ડર હતો કે જેની જરૂર નહોતી.

સ—તે ઓર્ડર શા માટે અપાયેલો તમે ગણો છો ?

જ—માટુંગાના સ્ટોર ડીપોમાં ખડકી રાખવા માટે, ૫/૮"

ના સળીયા જોઈતા હતા અને દેખરેખ રાખનારા ઇજનેરે પાંચડાનો સાતડો કર્યો અને ૭/૮"ના સળીયા આવી પહોંચ્યા કે જેની જરૂર નહોતી. તે ડીપોમાં ખડકી મૂકવામાં આવ્યા અને ૫/૮"ના સળી- યાનો ફરી ઓર્ડર મોકલવામાં આવ્યો

સ—પરંતુ હું સુચવું છું કે તે ભૂલ થઇ હતી.

જ—ભૂલ થઈ હતી એ વાતને હું મળતો થતો નથી. મૂળ તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં ભૂલ નહોતી પરંતુ બરાબર તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં પાછળથી આંકડો ફેરવવામાં આવ્યો હતો.

સ—પરંતુ તે પણ ભૂલ હોય કેમકે ૫/૮" ને બદલે ૭/૮" લખવું મુશ્કેલ નથી અને દેખરેખ રાખનાર ઇજનેરને ઇન્ડેન્ટ સાથે કશો સંબંધ નહોતો.

જ—કારોબારી ઇજનેરે ઇન્ડેન્ટ તૈયાર કરી દેખરેખ રાખનાર ઇજનેર પાસે રજુ કર્યું હતું અને તેણે ફેરફાર કર્યો હતો.

સ—એ પણ ભૂલ થઇ હોય. તમે કદી ભૂલ કરી નથી ?

જ—આવી તો નહિં કે જેનો કાંઇ ખુલાસો ન મળી શકે અને જેથી આવડું મોટું નુકશાન થાય. આવી ભૂલ તો કદી નહિં કરૂં.

સ—પણ તે ઇરાદાપૂર્વક હતી એમ તો તમે નથી કહેતા ને ?

જ—તે ઇરાદાપૂર્વકજ છે એમ હું કહું છું. સંજોગો ઉપરથી હું કહી શકું છું કે તે ભૂલ નહોતી.

"ભુલ" શા માટે કરવામાં આવી ?

સ—હું ઉંડો ઉતરવા માગું છું અને જાણવા માગુ છુ, કે તેણે આવી ભૂલ ઇરાદાપૂર્વક શા માટે કરવી જોઇએ ?

જ—અમુક કારખાનાવાળા નફો ખાટે માટેજ આ વધારાનો માલ મંગાવવામાં આવ્યો હતો. મને તો બીજો કશો ખુલાસો જણાતો નથી, નહિં તો માત્ર લોખંડ તરીકે વાપરવા આવો માલ મંગાવવામાં આવ્યો ન હોત. મેં ધારાસભામાં સવાલ પૂછ્યો ત્યારે તેઓએ કહ્યું કે આ સળીયાનો નિકાલ અથવા બીજો ઉપયોગ કરવામાં આવ્યો છે તેથી કાંઇ ખોટ ગઇ નથી. આ હકીકતની ચોકકસાઇ કરવા મેં એક ખરીદનાર ઉભો કર્યો અને તેણે માટુંગા ડીપોના અમલદારને પત્ર લખ્યો કારોબારી ઇજનેરે તે પત્રનો તા. ૨૫–૧–૨૫ને રોજ જવાબ આપ્યો કે "તમારા તા. ૨૪મીના પત્રના જવાબમાં જણાવવાનું કે તમારો પ્રતિનિધિ માટુંગા ખાતેના મારા મદદનીશ ઇજનેર પાસેથી અઠવાડીયાના કોઇ પણ દિવસે માહિતી મેળવી શકશે. સળીયા ત્યાં જોવા પણ મળશે." વેચવા કાઢેલા માલનું લીસ્ટ પણ સાથે હતું કુલ રૂ. ૪ાા લાખનો માલ વેચવાનો હતો અને તેમાં પેલા ભૂલથી મંગાવેલા સળીયા પણ હતા કે જેને માટે ને વપરાયા હોવાનું અને કાંઇ ખોટ નહિં ગયેલી હોવાનું કહેવામાં આવ્યુ હતું.

મી. બીલીમોરીયા—તમે સ્ટેટમેન્ટમાં જણાવ્યું છે કે કારોબારી ઇજનેરે લોખંડના સળીયા મંગાવ્યા હતા તે તમે કયા વર્ષ વિષે કહો છો ?

જ—૧૯૨૧.

સર કે. હો.—કદાચ તે ચાલીઓના કોન્ટ્રાકટ માટે હોય.

જ—ચાલીઓ માટે હોય કે ખીલવણી ખાતા માટે હોય, પરંતુ દાખલો તો છેજ.

સ—તમે કહો છો કે ફેરફાર કરવામાં આવ્યો હતો. કોણે કર્યો? દેખરેખ રાખનાર ઇજનેરે ?

જ—તેનો જવાબ ખીલવણી ખાતું આપી શકે.

સર. વિ.—એ પત્રની તારીખ જણાવશો ?

જ—તા. ૨૬-૧-૨૫

મા. બીલીમોરીયા—તેણે ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યો હતો તે તમે કેમ જાણ્યું ? સહેજ ભૂલ પણ થઈ હોય.

જ--ધારાસભામાં મારો આક્ષેપ એવો હતો કે કારોબારી ઇજનેરે દરિયાની પુરણી માટેના કોન્ક્રિટના થાંભલા માટે જોઇતા સળીયાનો વિલાયત ઓર્ડર મોકલવા ઇન્ડેન્ટ તૈયાર કર્યું હતું. તેણે ૫/૮"નું માપ લખ્યું હતું પરંતુ તે ઇન્ડેન્ટ મોકલતાં પહેલાં દેખરેખ રાખનારા ઇજનેરે તે ફેરવીને ૭/૮"નું કર્યું હતું. જથ્થો ૧૨૦૦ ટન હતો કે જેની કિંમત લગભગ ૩ લાખ રૂપીઆ થાય છે. દેખરેખ રાખનાર ઇજનેરે ઇન્ડેન્ટ વિલાયત મોકલ્યું અને ૭/૮" માપના સળીયા આવી પહોંચ્યા કે જે નકામા હતા.

સ--પરંતુ તેમાં અપ્રમાણિક હેતુ ન હોય, માત્ર શરતચૂક પણ હોય.

જ—એ ગમે તેમ હોય, પરંતુ એ પ્રજાના નાણાંની બરબાદી હતી કે નહિં તેનો કમીટીએ નિર્ણય કરવાનો છે.

સ--ઇન્ડેન્ટમાં ફેરફાર કોણે કર્યો ?

જ—દેખરેખ રાખનાર ઇજનેરે.

સર ફ્રે. હો.—તમે એ ફેરવેલું ઇન્ડેન્ટ જોયું છે ?

જ--અમે કેમ જોઇ શકીએ. અમને તે બતાવવામાં આવ્યું નથી.

મા. બીલીમોરીયા--તેની પાછળ કંઇક હેતુ હતો એમ તમે સુચવો છો ?

જ--હા.

સ--તમે એ ગૃહસ્થનું નામ આપી શકો તેમ નથી?

જ--દેખરેખ રાખનાર ઇજનેરનું નામ જણાવ્યું છે.

સ—તે એકલો હતો કે તેની સાથે બીજા જોડાયેલા હતા કે અમુક ટોળી હતી?

જ—તે શોધી કાઢવું કમીટી માટે સહેલું છે. ખીલવણી ખાતાને પૂછશો તો તે તમને કહેશે.

સર વિ.—આથી કેટલું નુકશાન ગયું તેનો કાંઇક ખ્યાલ આપી શકશો?

જ—અમને આપવામાં આવેલી માહિતી પ્રમાણે આ એકજ સોદામાં રૂ. ૨ લાખની ખોટ ગઈ છે કેમકે ૧૯૨૫ના જાન્યુરીમાં અમને ખબર પડી કે મૂળ ઇન્ડેન્ટ રૂ. રા લાખનું હતું.

સ—કલાર્કની ભૂલથી થયું છે એમ કહેવામાં આવે છે.

જ—તે ભૂલથી થયું કે કોઈના ઈરાદાથી પરંતુ પ્રજાના નાણાંની બરબાદી થઇ છે અને તેનો તમારે નિર્ણય કરવાનો છે.

મી. બીલીમોરીયા—કદાચ પાછળથી તેમને તેનો ઉપયોગ નં જણાયો હોય.

જ—તેનો ખુલાસો કરવાનું કામ તેમનું છે.

મી. નરીમાનના (કમીટી સમક્ષના) લેખિત સ્ટેટમેન્ટ અને ઉપરની મોઢેની જુબાનીને અંગે તેમની સામે ફરિઆદ માંડવામાં આવી.

તેમની સામે ઘડી કાઢવામાં આવેલા આરોપો નીચે મુજબ છે.

એકએ તપાસ કમીટી સમક્ષ તમે નીચેના સ્ટેટમેન્ટ કર્યાં હતા:—

૧. "હું સરકારને ખુલ્લા દિલથી અને ખુલ્લી રીતે કહું છું કે શહેરમાં અને આખા ઇલાકામાં એવી અફવાઓ છે કે મોટા અમલદારો કારખાનાવાળાઓ પાસેથી છુપાં કમીશનો ખાય છે અને તે કારણથીજ ખાતાને રૂ. ૩ લાખની ખોટ ગઈ છે. એજ કારણથી જરૂરી માલ મોટા જથ્થામાં મંગાવવામાં આવે છે અને બીન-જરૂરી માલના ઓર્ડર આપવામાં આવે છે.

૨ એક દાખલામાં દરીયો પુરવા માટેના કોન્ક્રીટના થાંભલા માટે જોઇતા સળીયાના મોટા જથ્થાનો વિલાયત ઓર્ડર મોકલવા કારોબારી ઇજનેરે ઇન્ડેન્ટ તૈયાર કર્યું હતું. તેમાં તેણે ૫/૮"નું માપ લખ્યું હતું. ઇન્ડેન્ટ મોકલતાં પહેલાં દેખરેખ રાખનાર ઇજનેરે ૫/૮" ફેરવીને ૭/૮" કર્યું હતું. રૂ. ૩ લાખનો ૧૨૦૦ ટન માલ જોઈતો હતો. દેખરેખ રાખનાર ઇજનેરે આ ફેરફાર કરેલું ઇન્ડેન્ટ વિલાયતની પેઢી પર મોકલ્યું અને ૭/૮" ના સળીયા પહોચ્યા આવી કે જે જોઇતા નહોતા. તે માટુંગાના ડીપોમાં ખડકી મૂકવામાં આવ્યા. ખરા માપનું નવું ઇન્ડેન્ટ મોકલવામાં આવ્યું અને નવો માલ આવી પહોચ્યો. પહેલા ઇન્ડેન્ટના રૂ. ૩ લાખ તદ્દન બરબાદ ગયા. ધારાસભામાં ચર્ચા દરમીયાન તે વિષે સવાલ ઉભો થતાં ખીલવણી ખાતાના ડીરેકટરે એ વાત કબુલ કરી પણ જણાવ્યું કે નજીવી ભૂલને લીધે ફેરફાર થયો હતો. મૂળ ઇન્ડેન્ટ બરાબર તૈયાર કરવામાં આવ્યું હતું અને ઉપરી અમલદારે ઇરાદાપૂર્વક ફેરફાર કર્યો હતો. તો પછી એવી "નજીવી ભૂલ" કેમ થઇ તેનો ખુલાસો આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી અને કાંઇજ ખુલાસો મળતો નથી.

૩. ૫/૮" ના સળીયા જોઇતા હતા પરંતુ દેખરેખ રાખનાર ઇજનેરે પાંચડાનો સાતડો કર્યો હતો.

૪. ભૂલ થઇ હતી એ વાતને હું મળતો થતો નથી. મૂળ ઇન્ડેન્ટમાં ભૂલ નહોતી પરંતુ બરાબર તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં પાછળથી ફેરફાર કરવામાં આવ્યો હતો.

૫. હું કહું છું કે તે ઇરાદાપૂર્વક હતું. સંજોગો ઉપરથી હું કહી શકું છું કે એ ભૂલ નહોતી.

૬. આ ઓર્ડરમાંથી અમુક કારખાનાવાળા નફો કમાય તે માટેજ આ વધારાના માલનો ઓર્ડર આપવામાં આવ્યો હતો.

૭. દેખરેખ રાખનાર ઇજનેરે ફેરફાર કરેલું ઇન્ડેન્ટ વિલાયતના કારખાનાવાળાને મોકલ્યું હતું.

૮. દેખરેખ રાખનાર ઇજનેરે ઇન્ડેન્ટમાં ફેરફાર કર્યો હતો.

૯. મી. બીલીમોરીયાનો સવાલ—તેની પાછળ કાંઇ હેતુ હોવાનું તમે સુચવો છો?

જ. હા.

આથી તમે મારી હકુમત નીચે ફોજદારી કાયદાની કલમ ૫૯૦ પ્રમાણે ગુન્હો કર્યો છે.

સળીયાના ઇન્ડેન્ટનો ઇતિહાસ.

આ ૭/૮" ના ઇન્ડેન્ટની હકિકત નીચે પ્રમાણે છેઃ—

ફરિઆદી. મી. હારવે ચાલીઓની યોજનાનો દેખરેખ રાખનાર ઇજનેર હતો. મૂળ કાર્યક્રમ નાયગામ, ડીલાઇલ રોડ, વરલી, માટુંગા, હેઇન્સ રોડ પર ધારાવી ફ્લેટ અને સીવરી વડાલા ખાતે ૬૨૫ ચાલો બાંધવાનો હતો.

યોજનાના બે વિભાગો હતા. એક વિભાગમાં ડીલાઇલ રોડ અને નાયગામની ચાલો અને બીજામાં વરલીની ચાલો હતી.

પહેલા વિભાગમાં મી. મહેતા કારોબારી ઇજનેર અને બીજામાં મી. હમીદ કારોબારી ઇજનેર હતો.

સામાનના લીસ્ટની માગણી.

સરકારી વર્ષ એપ્રીલથી શરૂ થતું હોવાથી ફરિઆદીએ હમીદ અને મહેતાને તા. ૧૦-૨-૨૨ ને રોજ પત્ર લખીને દરેક માપના કેટલા સળીયા છે અને ૧૯૨૨-૨૩ માં કેટલા જોઇશે તેના લીસ્ટ માગ્યાં. દરેક વિભાગની ૨૫ ચાલીઓને હિસાબે લીસ્ટ તૈયાર કરવાનું કહેવામાં આવ્યું હતું. હમીદે બે લીસ્ટ મોકલ્યાં, પરંતુ તેમાં ફેરફાર કરવાની જરૂર હોવાથી તેને પાછાં મોકલવામાં આવ્યા. તેણે તા. ૨૩-૫-૨૨ ને રોજ નવું લીસ્ટ મોકલ્યું અને તેમાં તેણે સ્થાનિક ખરીદીથી તાકીદે જોઇતા અને હાઇ કમીશનર મારફત મંગાવવાની વિગતો આપી. મહેતાએ મે મહીના સુધી લીસ્ટ ન મોકલ્યું.

ડીઝાઇનમાં ફેરફાર.

જુનની આખરે નાયગામ, ડીલાઇલ રોડ અને વરલીની ચાલીઓની ડીઝાઇન બદલવામાં આવી અને તે પ્રમાણે લીસ્ટ મોકલવા તા. ૧લી જુલાઇએ ફરિઆદીએ યાદી મોકલી. તા. ૧૦ મી જુલાઇએ બન્ને ઇજનેરોને ફરી યાદ દેવામાં આવ્યું. હમીદે પોતાનું લીસ્ટ તા. ૧૫મી જુલાઇએ અને મહેતાએ બે લીસ્ટો તા. ૨૪મી અને તા. ૩૧મી જુલાઇએ મોકલ્યાં.

સંયુક્ત લીસ્ટ.

ફરિઆદી એ લીસ્ટો તપાસીને તા. ૫મી ઓગસ્ટે સંયુક્ત લીસ્ટ તૈયાર કરી (૪થા વિભાગના) સામાન વિભાગના દેખરેખ રાખનાર ઇજનેર મી. સાઇક્સ પર મોકલ્યું. તે અમલદારની ફરજ હાઇ કમીશનર મારફત અથવા તાકીદે જરૂર હોય તો સ્થાનિક ખરીદીથી માલ મંગાવવાની હતી.

સંયુક્ત લીસ્ટમાં ઉમેરો કરવા પત્ર.

તા. ૮મી ઓગસ્ટે ફરિઆદીએ સાઇક્સને પોતાના આગલા લીસ્ટમાં ઉમેરો કરવા પત્ર લખ્યો કે "વરલી માટે તા. ૩૧-૧૨-૨૨ સુધીમાં ૭/૮"×૧૯"ના ૩૦ હજાર સળીયા જોઇશે અને તા. ૩૧-૧૨-૨૨ થી તા. ૧-૧૦-૨૩ સુધીમાં એજ માપના બીજા ૫૦ હજાર સળીયા જોઇશે. બન્નેનું આશરે વજન ૫૨૦-૧૮ અને ૮૬૬.૯૬ ટન થશે." આ પત્ર પર ફરિઆદીની સહી છે.

સાઇક્સે તે પ્રમાણે ઉમેરો કર્યો. ૩૦ હજાર સળીયા સ્થાનિક ખરીદવાના હતા અને ૫૦ હજાર સળીયા હાઇ કમીશનર મારફત ઇંગ્લાન્ડથી મંગાવવાના હતા.

સાલેભાઈ તયબજીનું ટેન્ડર સ્વીકારવાની ભલામણ.

આ ૩૦ હજાર અને બીજા માપના બીજા સળીયા માટે ટેન્ડરો માગવામાં આવ્યા. ૭ ટેન્ડરો મળ્યા જે ખીલવણી ખાતાના ડીરેક્ટરે સાઇક્સ પર મોકલી આપ્યા. તેણે સાલેભાઇ તૈયબજીનું ટેન્ડર સ્વીકારવાનો રીપોર્ટ કર્યો.

તે ટેન્ડર સ્વીકારવાનો તા. ૧૨–૯–૨૨ને રોજ ઠરાવ કરવામાં આવ્યો અને હિંદી વજીરની મંજુરી માગવામાં આવી

ભૂલની ખબર.

ઓક્ટોબરની આખરે સાલેભાઇ તૈયબજી તરફથી સળીયા આવવા લાગ્યા. તે પછી ખબર પડી કે એ સળીયા જોઇતા નહોતા. આ વાત ફરિઆદીની ધ્યાન પર લાવવામાં આવી અને તેણે સાઇકસને સાલેભાઇ તયબજીનો બાકીનો ઓર્ડર રદ કરવાનુ તેમજ હાઇ કમીશનરને તાર કરી ૭/૮"નો ઓર્ડર રદ કરવાનું બની શકશે કે કેમ તે પૂછ્યું. પરંતુ હવે એટલું મોડું થઇ ગયું હતું કે તેમ બની શકે તેમ નહોતું. ૮૦ હજાર સળીયાની કિંમત લગભગ રૂ. ૨ા લાખ હતી.

ભૂલ સુધારવાનો પ્રયત્ન.

ફરિઆદીએ ભૂલ સુધારવા માટે ચાલીના કેટલાક ભાગોની ડીઝાઇન ફેરવી અને બની શકયું ત્યાં ૫/૮"ને બદલે ૭/૮"ના સળીયા મૂકયા. એ રીતે ૮૦ હજારમાંથી ૪૭,૭૭૦ સળીયા કામમાં આવ્યા અને બાકીના વધેલા માલ તરીકે ફેરવી વેચી નાખવામાં આવ્યા.

"છુપું કમીશન મળ્યું હતું." માટે અથવા "આ ઓર્ડરથી અમુક કારખાનાવાળાઓ નફો કરે" એ ખાતર ઓર્ડર આપ્યાનો ફરિઆદી ઇનકાર કરે છે.

આરોપીએ ૨૫૦ પાનાનું સ્ટેટમેન્ટ કરીને પોતાના બચાવો રજુ કર્યા છે.

એકએ કમીટી સમક્ષ સ્ટેટમેન્ટ કરતી વખતે ફરિઆદીને બદનામ કરવાનો તેનો ઇરાદો હોવાનો તે ઇન્કાર કરે છે. તેને ફરિઆદી સામે દ્વેષ નથી તેમજ તેને ઓળખતો પણ નહોતો. ફરિઆદીને હાનિ થયાનો પણ તે ઇનકાર કરે છે કેમકે તેણે કદી તેનું નામ જણાવ્યું નથી. તે વધુ બચાવ કરે છે કે જો આક્ષેપો ફરિઆદીને લાગુ પડે એમ ઠરે તો પણ આક્ષેપો ખરા છે. અને નહિં તો તેણે શુભ નિષ્ટાથી આક્ષેપો કર્યા હતા. અને તેથી ૪૯૯ મી કલમના અપવાદ નીચે આવી જાય છે અને તેને નિર્દોષ ઠરાવવાનો હક્ક છે.

આરોપીના આ બચાવો છે અને જો કે તેમાંના કેટલાક અસંગત છે તો પણ કાયદા નીચે બની શકે તેટલા બચાવો રજુ કરવાનો તેને હક્ક છે.

મુદ્દાના સવાલો.

હવે પહેલાં એ નિર્ણય કરવાનો છે કે ફરિઆદીને હાનિ પહોંચી છે કે નહિં તેમજ આરોપીને ફરિઆદી સામે દ્વેષ નહોતો એ સારો બચાવ છે કે કેમ?

મી. નરીમાને ધારાસભામાં પોતાના ખાસ હક્કની રૂએ ભાષણ કર્યું હતું તેથી તે માટે તેઓ જરા પણ જોખમદાર નથી એમાં તો કાંઇ સંકા નથી.

ધારાસભામાંના કોઇ પણ સ્ટેટમેન્ટ માટે તેમની સામે ફરિઆદ નથી. આરોપો બેકબે કમીટી સમક્ષના તેમના સ્ટેટમેન્ટ અને જુબાની વિષે છે.

કમીટી હિંદી સરકારે સ્થાપેલી હતી અને આ વિષય પર અજ-

વાળું ફેંકી શકે એવા સઘળા આસામીઓની તપાસ કરવાની, મોઢેના કે લેખિત જે પુરાવા મળે તે નોંધવાની અને તેના અભિપ્રાય પ્રમાણે ખાતાના જે અમલદારો ઠપકાપાત્ર હોય તેના વર્તન વિષે રીપોર્ટ કરવાની તેને સત્તા હતી. આ અર્ધન્યાયાધિકારી કમીટી હતી અને આવી કમીટી સમક્ષ સ્ટેટમેન્ટ કરવાના એક એક વ્યકિતને જે હકક હોય તે આરોપીને હતા.

કાયદાની કલમોની ચર્ચા.

હિંદમાં ફોઝદારી અદાલતમાં બદનક્ષીનો કાયદો ફોઝદારી કાયદાની ૪૯૯ મી કલમમાં આવી જાય છે અને તે મુજબ બદનક્ષી ભરી હકિકતો અપવાદ નીચે આવી જતી પુરવાર કરવાનું આરોપીને માથે રહે છે.

ફોઝદારી કાયદાની પ્રસ્તાવના અને કલમો ૧—૨ અને ૫ પ્રમાણે કાયદા વિરૂધ્ધનું કોઇ પણ કામ ગુન્હો ઠરે છે. કોર્ટે તે કાયદાનો અમલ કરવોજ જોઇએ. તે કાયદાની મર્યાદા વધારી કે ટુંકાવી શકેજ નહિ.

પ્રીવી કાઉન્સીલના ચુકાદા પ્રમાણે આ દેશનો બદનક્ષીનો કાયદો ઇંગ્લીશ કાયદા પ્રમાણે નથી.

એટલે "દ્વેપ" ના પ્રશ્ન ઉપર આરોપીએ ટાંકેલા ઇંગ્લીશ કેસના દાખલા આ કેસમાં લાગુ પડતા નથી. ફોઝદારી કાયદા પ્રમાણે "દ્વેપ" પુરવાર કરવાનો હોય છે પરંતુ ફોજદારી કેસમાં કોર્ટે તો ૪૯૯ મી કલમના શબ્દો પ્રમાણેજ ચાલે છે. એટલે જો સ્ટેટમેન્ટ બદનક્ષીભર્યું હોય કે બદનક્ષીભર્યું ઠરે તો પુરાવાના અને સજાના કાયદા પ્રમાણે પોતાનો કેસ એકાદ અપવાદ નીચે આવે છે એવું આરોપીએ પુરવાર કરવાનું રહે છે.

એટલે હિંદી ફોજદારી કાયદાની ૪૯૯ મી કલમ પ્રમાણેના આરોપીની જવાબદારી નક્કી કરવામાં આરોપીએ ટાંકેલા અંગ્રેજી કેસના દાખલા કામ નહિં લાગે. "શુભ નિષ્ટા"નો સવાલ નકકી કરવામાં એ દાખલાઓ ધ્યાનમાં લઇ શકાય કેમકે તે ઇંગ્લીશ કાયદાની "દ્વેષ"ની કલમની બરોબર છે. પોતાનો કેસ ૪૯૯ મી કલમના ૧ લા સિવાયના બધા અપવાદો નીચે આવી જાય છે તે બતાવવા આરોપીએ "શુભ નિષ્ટા" પુરવાર કરવાની છે. ૧ લો અપવાદ સત્ય અને જાહેર હિતના કારણસર બદનક્ષી વ્યાજબી ઠરાવે છે.

અલબત્ત આ બધી ટીકા આરોપીએ ધારાસભામાં કરેલા આક્ષેપોને લાગુ પડતી નથી, કેમકે તે ટીકા ખાસ હક્કની રૂએ કરેલી હતી. ધારાસભામાં તેણે કરેલા આક્ષેપો માટે ફરિઆદી તેની પર આરોપ મૂકતો નથી. આ કેસનો વિષય તો બેકબે તપાસ કમીટી સમક્ષ તેણે કરેલા સ્ટેટમેન્ટજ છે.

આરોપીનો હેતુ શો હતો?

બીજો સવાલ એ છે કે આરોપીનો ઇરાદો ફરિઆદીને બદનામ કરવાનો હતો કે કેમ? તે કહે છે કે ધારાસભાના ભાષણમાં તેમજ તેમાંથી કમીટી સમક્ષના સ્ટેટમેન્ટમાં ટાંકેલા ફકરામાં તેણે "મોટા અમલદારો" એ શબ્દજ વાપર્યો હતો. મી. નરીમાન કહે છે કે જો કે કમીટીના રીપોર્ટમાં "મોટા નોકરો અને અમલદારો" એ શબ્દો છે, પરંતુ તેણે ધારાસભામાં "મોટા અમલદારો" એ શબ્દજ વાપર્યો હતો અને ધારાસભાના રીપોર્ટમાં પણ એજ શબ્દ છે. એટલે ચુકાદામાં હું "મોટા અમલદારો" એ શબ્દજ ધ્યાનમાં લઇશ.

આરોપી એવી દલીલ કરે છે કે "મોટા અમદારો" એ શબ્દજ ધ્યાનમાં લઇશ.

આરોપી એવી દલીલ કરે છે કે "મોટા અમલદારો" એ શબ્દ એટલે મોઘમ છે કે તે ફરિઆદીને લાગુ પડતો ન ગણી શકાય. પોતે કશું પ્રગટ કર્યું હોવાનો પણ તે ઇન્કાર કરે છે કેમકે ધારાસભાનું તેનું ભાષણ ખીલવણી ખાતાના ડેપ્યુટી ડીરેકટર મી. ચેકીએજ કમીટી સમક્ષ રજુ કર્યું હતું.

મારા અભિપ્રાય પ્રમાણે આ મુદ્દા વિષે કશી શંકા રહેતી નથી. ફરીથી બોલવું એ ફરીથી પ્રગટ કરવા બરાબર છે. એક અફવા બદનક્ષીભરી હોય તો તે ફરી બોલવામાં એક માણસ વ્યાજબી કરતો નથી.

આ ઉપરાંત પ્રમુખે પૂછેલો પ્રશ્ન બતાવે છે કે "મી. નરીમાન પોતાના લેખિત સ્ટેટમેન્ટ વિષે બોલ્યા અને જુબાની આપી ત્યારે તેમણે ફરી પ્રકાશન કર્યું હતું." પ્રમુખ કહે છે કે "કમીટીના સભ્યોના કબજામાંના કાગળો ખાનગી છે અને કોઇ પણ સંજોગોમાં બહારનાને આપી શકાય નહિ, પરંતુ જે કાંઇ કમીટી સમક્ષ વંચાય કે બોલાય તે તો છાપામાં પ્રગટ થશે અને તેથી ખાનગી નહિં ગણાય."

કમીટીના સભ્ય સિવાયના માણુસોને મી. નરીમાને જાણ કરી હતી.

"મોટા અમલદારો" વિષે તેમજ આરોપીએ પોતાની મોઢેની જુબાનીમાં માલના ઓર્ડર વિષે કહેલી વાતો બદનક્ષીભરી છે એનો ઇનકાર કરવામાં આવ્યો નથી.

ફરિઆદી "મોટો અમલદાર" છે તેનો પણ ઇન્કાર થઇ શકે

નાહ. તે માસિક રૂ બે હજારના પગારથી ચાલી ખાતાનો દેખરેખ રાખનાર મૅનેજર છે.

મી. નરીમાને ધારાસભામાં ભાષણ કરતાં કે કમીટી સમક્ષના સ્ટેટમેન્ટમાં "ખરાબ અફવાઓ", કે "મોટા અમલદારો છુપાં કમીશન ખાય છે" તે વિષેના ઉલ્લેખમાં મી. હારવેનું નામ જણાયુંજ નથી.

પરંતુ સ્ટેટમેન્ટ કે ભાષણનો હેતુ વિચારવામાં કે કોર્ટ તો લેખક કે વકતાનો હેતુ નક્કી કરવા માટે અને તેમાં અમુક આસામીને બદનામ કરવાની નેમ છે કે નહિં તે નક્કી કરવામાં આખું ભાષણ કે સ્ટેટમેન્ટ ધ્યાનમાં લેવાનું છે.

મોઘમ ટીકા સામે ફરિઆદ કરવાનો હકક.

અમુક વ્યકિતનું નામ આપવાની જરૂર નથી. આક્ષેપો એવા હોય કે જેથી ફરિઆદીને ઓળખનારાઓ એ આક્ષેપો ફરિઆદી વિષે હોવાનું માની લે કે સમજે તો કેટલું બસ છે તેજ પ્રમાણે કોઇ સમુહ કે વર્ગની બદનક્ષી કરવામાં આવે અને તે સમુહ કે વર્ગ ઓળખાવી શકાય તેમ હોય તો તે સમુહ કે વર્ગની દરેક વ્યકિતને ફરિઆદ કરવાનો હકક છે. દાખલા તરીકે કોઇ એવો આક્ષેપ કરે કે વકીલો ચોર છે તો એ આક્ષેપ મોઘમ અને વ્યકિતગત લાગુ પડી ન શકે તેવો છે, પરંતુ તે આક્ષેપ અમુક કોર્ટના વકીલ સમુહ સામે કરવામાં આવે તો તેમાંનો દરેક વકીલ ફરિઆદ કરી શકે.

આ મુદ્દા પર ઇંગ્લીશ અને હિંદી કાયદો સરખા છે.

૪૯૯મી કલમનો ૨ જો ખુલાસો જણાવે છે કે એક કંપની

કે મંડળ કે સમુહ વિષેના આક્ષેપો બદનક્ષીભર્યા હોઇ શકે, પરંતુ જો બદનક્ષી અમુક સમુહના કોઈ સભ્યને લાગુ ન પડે એવી રીતે સામાન્ય રીતે હોય તો કોઇને ફરિઆદ કરવાનો હક્ક નથી.

ઈંગ્લાન્ડના એક કેસમાં આરોપીએ કહ્યું કે સ્કોટ'ન સાધ્વી મઠ વેશ્યાગૃહ છે તે કેસમાં એવો ચુકાદો આપવામાં આવ્યો હતો કે "આરોપીએ સ્કોટ'ન સાધ્વી મઠની દરેક વ્યકિતના ચારિત્ર્ય સામે આક્ષેપ કર્યો હતો અને તેથી તેના શબ્દો ગુન્હાભર્યા હતા."

જેના વર્તન સામે ટીકા કરવામાં આવતી હોય તેનું નામ જણાવવાની જરૂર રહેતી નથી. જુબાની એવું બતાવે કે અમુક વ્યકિત કે વ્યકિતઓ સામે આક્ષેપો કરેલા હતા તો તે બસ છે,

આરોપીના બધાં સ્ટેટમેન્ટ વાંચતાં આરોપીએ કરેલા આક્ષેપો ચોકકસ છે અને ફરિઆદીને લાગુ પડી શકે છે તેમાં કાંઇ શક હોઇ શકે એમ હું નથી ધારતો. વળી તેના સ્ટેટમેન્ટ અને મોઢેની જુબાની વાંચતાં દેખાય છે કે આરોપી મી૦ હારવેને "લાંચ રૂશ્વતખોર અમલદારોમાંનો એક" કહેવા માગે છે.

પહેલા સ્ટેટમેન્ટમાં તેઓ "મોટા અમલદારો" કારખાનાવાળાઓ પાસેથી છુપાં કમીશનો ખાય છે એવી અફવાની વાત કરે છે અને તેથીજ ખાતાને રૂ. ૩ લાખનું નુકશાન થયેલું જણાવે છે.

બીજામાં તેઓ સામાનની ખરીદીમાં ચાલતા "એવાજ ગોટાળા" વિષે ઇન્ડેન્ટમાં ફેરફારનો દાખલો આપે છે અને કહે છે કે કારોબારી ઇજનેરે તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં ૫/૮" હતું તેને બદલે દેખરેખ રાખનારા ઇજનેરે ૭/૮" કર્યું. તેઓ જણાવે છે, "એક ઇજનેરે બરાબર

તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં તેના ઉપરીએ ઈરાદાપૂર્વક ફેરફાર કર્યો હતો છતાં એ 'નજીવી ભુલ' કેમ થઇ તેનો કશો ખુલાસો કરવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી અને કાંઇ ખુલાસો મળતો નથી."

ત્રીજામાં તેઓ ભાર દઇને જણાવે છે કે એ ફેરફાર માત્ર ભુલ નહિં પણ ઈરાદા પૂર્વક હતો "કારોબારી ઇજનેરે ઇન્ડેન્ટ તૈયાર કરીને દેખરેખ રાખનાર ઈજનેર સમક્ષ રજુ કર્યું જેણે તેમાં ફેરફાર કર્યો."

આરોપીએ પોતાના લેખિત સ્ટેટમેન્ટમાં જણાવેલ દેખરેખ રાખનાર ઇજનેર મી. હારવેજ છે. એ ખરૂં છે કે ફરિઆદીનું નામ અમલદારોના મોટા પગારો વિષેના ફકરામાંજ જણાવેલું છે.

આરોપી કહે છે કે, " એમ જણાવવામાં આવે છે કે દેખરેખ રાખનાર ઈજનેર મી. હારવેને દીલ્હીમાં માત્ર રૂ. ૯૦૦૦ મળતા હતા. મી. સાઇકસ, મી. લુઈ અને મી. લો એ બધા એકજ સ્થળેથી અને એકજ વખતે આવ્યા છે. ડેપ્યુટી ચીફ ઇજનેર મી. ઓરોર્ક......કારોબારી ઇજનેર મી. ગાર્ડનર......મી રોબર્ટ્સ...વિગેરે"

મી. હારવે વિષેજ ઇશારો.

આ ફકરા ઉપરથી સ્પષ્ટ થાય છે કે આરોપી મી. હારવેને કારોબારી ઇજનેર તરીકે ઓળખે છે. મી. સાઇકસ સિવાય બીજો કોઇ દેખરેખ રાખનાર ઇજનેર હતો, પરંતુ મી. નરીમાન તેને દેખરેખ રાખનાર ઇજનેર તરીકે ઓળખાવતા નથી. એટલે તે દેખરેખ રાખનાર ઇજનેરનું નામ આપે છે તેમાં તે મી. હારવેનેજ જણાવવા માગે છે એ સ્પષ્ટ છે.

અસંગત હકીકત.

આ ઉપરાંત એ યાદ રાખવાનું છે કે આરોપીનું કહેવું એવું છે કે તેની પાસે કેટલીક વિગતો છે અને જો તેને તક આપવામાં આવે તો તે પોતાના આક્ષેપો પુરવાર કરવા તૈયાર છે. વળી તે એમ કહે છે કે જ્યારે તેને ખાતા વિરૂધ્ધ ફરિઆદ મળતી ત્યારે તે એ ફરિઆદોની સત્યતા વિષે તપાસ કરવા પગલાં લેતો. ખાતાનાજ માણસો તેને કેટલીક માહિતી આપતા અને આક્ષેપો કરતાં પહેલાં પોતે પુરી કાળજી રાખતો. તેનો બચાવ હજુ પણ એ છે કે આક્ષેપો કરવામાં તે વ્યાજબી હતો આ બધું તે મી. હારવે વિષે કહેવા નહોતો માગતો એ બચાવની સાથે બંધબેસતું નથી.

પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે તે એ વખતે ફરિઆદી વિષે કહેવા નહોતો માગતો એમ ઠરે તો પણ તેના લેખિત સ્ટેટમેન્ટ અને મોઢેની જુબાનીની વિગતો પુરતી છે કે જે ઉપરથી ફરિઆદીને ઓળખનારા અને તેનો હોદો જણાવનારા અનુમાન કરી શકે કે આરોપી ફરિઆદીને લાંચ રૂશ્વત ખાનારા "મોટા અમલદારો"માંનો એક ગણતો હતો.

બે મુખ્ય મુદા.

બાકીના મુદ્દા એ છે કે આરોપી આક્ષેપો કરવામાં વ્યાજબી હતો અથવા તો તેણે શુભ નિષ્ઠાથી આક્ષેપો કર્યા હતા એ દલીલો તેણે પુરવાર કરી છે કે નહિં,

આક્ષેપો બદનક્ષીભર્યા હોવાથી પોતાનો કેસ એકાદ અપવાદ નીચે આવી જાય છે તે આરોપીએ પુરવાર કરવાનું છે.

હકિકત સાચી પુરવાર કરવાનો બોજો.

આરોપી આક્ષેપો કરવામાં વ્યાજબી હતો એવી દલીલ કરે તો તેણે પુરવાર કરવું જોઇએ કે તેણે જણાવેલી હકિકતો સત્ય છે. તેણે પુરવાર અથવા એવી જુબાની રજુ કરવી જોઇએ કે જેના ઉપરથી એકજ અનિવાર્ય અનુમાન નીકળી શકે કે આરોપીએ જણાવેલી હકિકતો ખરી હતી.

મેં અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે તેમજ જુબાની ઉપરથી દેખીતું છે કે આરોપીના કેટલાક આક્ષેપો તદન સાચા નથી પરંતુ ત્રીજા આરોપ સિવાયની ભુલો બહુ અગત્યની નથી.

આરોપીનો મૂખ્ય મુદ્દો એ છે કે કારોબારી ઇજનેરે તૈયાર કરેલા ઇન્ડેન્ટમાં દેખરેખ રાખનારા ઇજનેરે બદદાનતભર્યા અને છુપા હેતુથી ઇરાદાપૂર્વક ૫/૮"ને બદલે ૭/૮" કરી નાખ્યું હતું.

મી. હમીદનું ઇન્ડેન્ટ, સયુકત ઇન્ડેન્ટ, સરંજામ ખાતાનું ઇન્ડેન્ટ અને સંયુકત ઇન્ડેન્ટમાં ઉમેરો કરવાનો ફરિઆદીનો તેમજ ફરિઆદી અને હમીદની જુબાની ઉપરથી દેખાય છે કે દેખરેખ રાખનાર ઇજનેરે પાંચડાનો સાતડો કર્યો હતો એ આરોપીનું કહેવું ખોટું છે. આરોપી પણ એ વાતનો ઇનકાર કરતો નથી. ફરિઆદીના પત્ર ઉપરથી જણાય છે કે ફરિઆદીની સુચનાથી હમીદના ઇન્ડેન્ટમાં ઉમેરો કરવામાં આવ્યો હતો અને દેખરેખ રાખનાર ઇજનેર ૪ થા એ ૭/૮"×૧૯ ના ૮૦ હજાર સળીયાના સ્થાનિક અને હાઇ કમીશનર મારફત ખરીદીના ઓર્ડર આપ્યા હતા.

બદદાનત હતી કે?

ધ્યાનમાં લેવાનો મુદ્દો એ છે કે ફરિઆદીએ બદદાનત કે અપ્રમાણિક હેતુથી તેમ કર્યું હતું કે કેમ?

નવો ખુલાસો.

ગયા વર્ષના એપ્રીલની તા. ૯મી સુધી ફરિઆદપક્ષનો કેસ એ હતો કે ૫/૮"ના સળીયા જોઇતા હતા પરંતુ ભૂલથી ૭/૮"નો ઓર્ડર અપાયો હતો. તા. ૧૨મી એપ્રીલે ફરિઆદીની ઉલટપાલટ તપાસ ચાલતી હતી તે દરમીયાન તેણે જણાવ્યું કે આ સળીયાના ઓર્ડર વિષે હું ખુલાસો કરવા માગું છું તેનો એ ખુલાસો નીચે મુજબ હતો:—

"તા ૯મી એપ્રીલે જુબાની આપી તે પછી મેં બાકીના કાગળો તપાસવામાં ઘણો સમય ગાળ્યો છે અને આ સળીયા વિષે ખરો ખુલાસો મેળવી શકયો છું. મારી અગાઉની માહિતી મારા માણસોએ મને કહ્યું અને જે કાગળો રજુ કર્યા તેના આધારે હતી. મને કેટલાક કાગળો મળ્યા છે જે બતાવી આપે છે કે ભૂલ કોણે કરી" એ કાગળો રજુ કરીને તેણે જણાવ્યું કે ૭/૮"ના સળીયાનો ઓર્ડર બરાબર હતો તે ભૂલ નહોતી.

આ બાબત પર અજવાળું પાડે એવો બીજો એકજ હમીદ છે અને તે ફરિઆદીની ઉપરની વાતને ટેકો આપતો નથી.

મી. વેલીનકરની શંકા.

મી. વેલીંકર પોતાના છેવટના ભાષણમાં પણ આ મુદ્દા પર ટીકા કરતાં કબુલ કરે છે કે ૭/૮" ના સળીયાનો ઓર્ડર અપાયો હતો કે નહિ

તે મને હજુ પણ ભેદભરેલું લાગે છે. ૫/૮"ના કે ૭/૮"ના કે બન્ને જાતના સળીયા વપરાતા હતા તે હું કહી શકતો નથી. હુ એટલું કહી શકું છું કે તા. ૯મી એપ્રીલ પછી ફરિઆદીએ ૭/૮" સળીયા વપરાતા હતા એવું નહિં પણ તેવા સળીયા જોઇતા હતા એ અનુમાન કર્યું હતું અને આ કેસ માટે એ જોવાની જ નથી કે ૫/૮ "ના સળીયા વપરાતા હતા કે ૭/૮ " ના.

અગત્યનો સવાલ.

મારા અભિપ્રાય પ્રમાણે કયા સળીયા થાંભલા બનાવવામાં વપરાતા હતા તે નકકી કરવું બહુ અગત્યનું છે કેમકે જો ૫/૮"ના સળી વપરાતા હતા અને ૭/૮"ના મંગાવ્યા હોય તો તેથી અમુક અનુમાન બાંધવાનું કારણ મળે, જ્યારે ૭/૮"ના વપરાતા હોય અને મંગાવે હોય તો ફરિઆદી વિરૂદ્ધ અનુમાન કરવાનું ન રહે.

જો મી. વેલીંકર કહે છે તેમ કયા માપના સળીયા વપરાતા હતા તે હજી પણ કહી શકાય નહિં તો પછી ૫/૮ "ના સળી વપરાતા હોવાનું અનુમાન કરવાનું કોર્ટને કહેવાનો આરોપીને હકક ।

પરંતુ આ વાત માત્ર અનુમાન પર આધાર રાખતી નથી. મા અભિપ્રાય પ્રમાણે લેખિત તેમજ મોઢેની જુબાની ફરિઆદીની બી સુચના કે ૭/૮ " ના સળીયા વપરાતા હતા અને બરાબર મંગાવ હતા તેની વિરૂદ્ધ જાય.

સળીઆના માપ વિષે મુદ્દાના પુરાવા.

પહેલો. પુરાવો તા. ૬-૯-૨૨ને રોજ ગઝદરે હમીદને (તે વખ ફરિઆદીના જગ્યાએ કામચલાઉ દેખરેખ રાખનાર ઈજનેર) લખેલો ૫

છે. તેમાં તે જણાવે છે કે, "દેખરેખ રાખનાર ઇજનેરના તા. ૮-૧૦-૨૧ ના ૨૩મું ડ્રોઇંગ થાંભલા બનાવવાના કારખાના પર મોકલવામાં આવ્યું હતું. તેમાં ૩/૪"ના સળીયા દર્શાવેલા છે. પરિણામે ૧૬'ના થાંભલા બનાવવામાં ૩/૪"ના સળીયા વપરાયા હતા અને માલની સીલક તપાસતાં એ માપનો બધો જથ્થો વપરાઇ ગયેલો જણાયો. મેં ભવિષ્યમાં માત્ર ૫/૮"નાજ સળીયા વાપરવાનો હુકમ કર્યો છે. તમારી જાણ તેમજ જરૂર પડે તો હુકમ માટે આ લખ્યું છે."

નોંધ લીધી	ફાઇલ કર્યો	(સહી) એચ. ગઝદર
(સહી) એ. એચ.	૬-૯-૨૨	૬-૯-૨૨

આ પત્ર ઉપરથી દેખાય છે કે ફરિઆદીના ડ્રોઇંગમાં ૩/૪"ના સળીયા દર્શાવેલા હતા. ૧૯૨૨ના સપ્ટેમ્બર સુધી તેજ સળીયા વપરાયા હતા અને તે પછી ૫/૮"ના સળીયા વપરાયા હતા. હમીદે તેની નોંધ લીધી છે અને ફાઇલ કરવા હુકમ કર્યો છે.

હમીદ અને મહેતાના ઇન્ડેન્ટ જુલાઇ-ઓગસ્ટમાં હતા અને ફરિઆદીએ ૭/૮"ના ૮૦ હજાર સળીયા ઉમેરવાનો સાઇકસને તા. ૮મી ઓગસ્ટે પત્ર લખ્યો છે. સાલેભાઇ તૈયબજીને તા. ૧૨મી સપ્ટેમ્બરે ઓર્ડર આપવામાં આવ્યો અને સળીયા ઓકટોબરની આખરે કે નવેમ્બરની શરૂઆતમાં આવવા લાગ્યા.

૭/૮"ના સળીયા વપરાતા હોત તો?

જો ૭/૮"ના સળીયા ફરિઆદીના કહેવા પ્રમાણે જોઇતાજ હતા તો ગઝદરે "ભવિષ્યમાં માત્ર ૫/૮"ના સળીયા વાપરવાનો" હુકમ ન કર્યો હોત.

હમીદની નોંધ બતાવે છે કે તે એ કાગળની હકીકત જાણતો હતો. જો ૭/૮"ના સળીયા થાંભલા માટે વપરાતા હોત તો તે વિષે ગઝદરને ખબર આપી હોત.

બીજો પુરાવો.

બીજો પુરાવો તા. ૩-૧-૨૩ને રોજ સાઇકસે ફરિઆદીને લખેલો પત્ર છે. ફરિઆદી કહે છે કે સાલેભાઇ તૈયબજી તરફથી સળીયા આવવા લાગ્યા ત્યારે "ભૂલ (ખોટા માપની) જણાઇ. તેના જાણ પર એ વાત લાવવામાં આવી. તેણે સાઇકસને ટેલીફોનથી પૂછ્યું કે સાલેભાઇ તૈયબજીનો ૭/૮"ના સળીયાનો ઓર્ડર રદ થઇ શકશે કે? તેમજ હિંદી વજીરને ૭/૮"ને બદલે ૫/૮" મોકલવા તાર કરી શકાશે કે કેમ?" તેના જવાબમાં સાઇકસે તા ૩જીએ પત્ર લખ્યો કે તમારો તા. ૮-૮-૨૨ના પત્ર નં ૩૩૭૧ જુઓ. ૭/૮ના ૩૦ હજાર સળીયાની ગોઠવણ થઇ ચુકી છે. ૫૦ હજાર માટે મારી એ સુચના છે કે કાંતો ઓર્ડરનો તે ભાગ રદ કરવા અથવા ૭/૮"ને બદલે ૫/૮" મોકલવા. બેમાંથી ઠીક લાગે તેવો હાઇ કમીશનરને તાર કરી ડીરેકટરને જણાવવું. જલદી જવાબ આપશો," તેજ દિવસે ફરિઆદીએ જવાબ વાળ્યો કે "મહેરબાની કરીને ૭/૮"ના ૫૦ હજારનો ઑર્ડર બદલીને ૫/૮"ના ૫૦ હજારનો કરવા ગોઠવણ કરો."

આમ ૭/૮"નો ઓર્ડર અપાયા પછી બે ત્રણ મહીનામાંજ ભુલ જણાઇ અને તે સુધારવા પ્રયત્નો કરવામાં આવ્યા. જો ૭/૮"ના સળીયા જોઇતાજ હતા તો ઓર્ડર રદ કરવા હાઇ કમીશનરને ૭/૮"ને બદલે ૫/૮" મોકલવા તાર કરવાનું કાંઇજ કારણ નહોતું. તારના જવાબમાં હાઇ કમીશનરે જણાવ્યું કે ૭/૮"નો ઓર્ડર પુરો થઇ ગયો છે.

ગઝદરનો બીજો પત્ર.

ફરી પાછો તા. ૨૮-૬-૨૩ને રોજ ગઝદર હમીદને (કામચલાઉ દેખરેખ રાખનાર ઇજનેર) પત્ર લખે છે કે પહેલી દરખાસ્ત થાંભલા માટે ૭/૮"ના સળીયા વાપરવાની હતી, પરંતુ કરકસરની ખાતર તે બદલીને ૫/૮"ના સળીયા નક્કી કરવામાં આવ્યા હતા. પરંતુ આ સળીયા મજબુત નથી. તેમાં તડો પડી જાય છે તેથી તે ૭/૮"ના સળીયા વાપરવાની મંજુરી માગે છે. હમીદે તા. ૯ મીએ જવાબ આપ્યો કે તે ડીરેકટરને મળ્યો છે અને "હવે પછી બનાવવાના થાંભલા"માં ૭/૮"ના સળીયા વાપરવા તેઓ કબુલ થયા છે. તે પત્ર ઉપર નોંધ છે કે ચાલુ ઇન્ડેન્ટમાંથી ૫/૮"ના સળીયા કાઢી નાખવામાં આવ્યા છે.

નવા ખુલાસા વિરૂધ્ધ જતી હકિકતો.

૭/૮"ના સળીયા જોઇતાજ હતા એ દલીલ માટે હારવે ઉપરના પત્રનો આધાર લે છે પરંતુ તે પત્ર ૭/૮"ના સળીયાનો ઓર્ડર બરાબર હતો એ વાતને ટેકો આપે છે એવું હું નથી જોઇ શકતો. સાઇકસનો પત્ર અને હિંદી વજીર પરનો તાર એ દલીલની વિરૂધ્ધ જાય છે અને ગઝદરનો પત્ર પણ બતાવે છે કે તે વખત સુધી ૫/૮"નાજ સળીયા વપરાતા હતા. ગઝદરને તે મજબુત ન લાગ્યા તેથી તેણે ૭/૮" માટે પરવાનગી માગી. જો ૭/૮"ના સળીયા વપરાતા હોત અને જોઇતાજ હોત તો આવી પરવાનગી માગવાની કશી જરૂર નહોતી. હમીદને પણ ૭/૮"ના સળીયા વાપરવા ડીરેકટરની પરવાનગી માગવી પડી છે, જે તેને તા. ૯મી જુલાઇએ મળી છે. તે પત્ર ઉપરની નોંધ પણ બતાવે છે કે ચાલુ ઇન્ડેન્ટ પહેલાં તો ૫/૮"ના સળીયાનાંજ હતાં.

ગઝદરનો પત્ર માત્ર એટલુંજ બતાવે છે કે થાંભલા બનાવવા માટે ૫/૮"ના સળીયા વાપરવાની પહેલી "દરખાસ્ત માત્ર" હતી. તેનો અર્થ એવો નથી થતો કે ૭/૮"ના સળીયા થાંભલા માટે વપરાતા હતા. તેનો તા. ૬—૯—૨૨નો પત્ર સ્પષ્ટ છે કે દેખરેખ રાખનારા ઇજનેરના તા. ૮–૧૨–૨૧ના ડ્રૉઇંગ પ્રમાણે ૩/૪"નાજ સળીયા વપરાતા હતા અને ત્યાર પછી ૫/૪"ના વપરાતા હતા. જો તા. ૧–૯–૨૨ પહેલાં ૭/૮"ના સળીયા વાપરવાનું ડ્રૉઇંગ અને હુકમ હોત તો ગઝદરને "ભવીષ્યમાં માત્ર ૫/૮"ના સળીયા વાપરવા"નો હુકમ ન કરવો પડત, અને તેણે દેખરેખ રાખનાર ઇજનેરની પરવાનગી માગી તે ન માગવી પડત. ઉલટું તેના પહેલા પત્રમાં તે ચોકખું લખે છે કે "તમારી જાણ માટે અને કાંઈ હુકમ કરવો હોય તો લખ્યું છે" અને હમોદે તેની નોંધ લઇ પત્ર ફાઇલ કર્યો.

૧૯૨૨માં ઇન્ડેન્ટ મોકલવામાં આવ્યા ત્યારે ૭/૮"ના સળીયા વપરાતા હતા એવું બતાવવા કાંઈ પણ કાગળો નથી એ હારવે કબુલ કરે છે. ગઝદરના જે પત્રનો તે આધાર લે છે તે ૧૯૨૩નો પત્ર છે.

મી. હારવેનોજ પત્ર તેના નવા ખુલાસાની વિરૂદ્ધ.

ત્રીજો પુરાવો હારવેએ તા. ૨૫–૧–૨૪ને રોજ ડેપ્યુટી ડીરેકટરને લખેલો પત્ર છે. તેમાં તે લખે છે કે, "હાઇ કમીશનરને મોકલેલા છેલ્લા ઓર્ડરમાં ભૂલથી ૭/૮"ના ઘણા સળીયાનો ઓર્ડર અપાયો છે. તે સળીયા સામાન્ય રીતે કેટલાક વર્ષો સુધી વાપરી શકાશે નહિં અને પરિણામે કાંઇક ઘસારો પડવાનો સંભવ છે."

તે પછી એ સળીયાનો ઉપયોગ કરવાની ચર્ચા ચાલે છે અને

૧/૨," ૫/૮" અને ૩/૪"ના સળીયાની જગ્યાએ ૭/૮"ના સળીયા વાપરવાથી સીમેન્ટ બચશે અને કાંઇ નુકશાન નહિં થાય એમ જણાય છે.

આ પણ બતાવી આપે છે કે ૧૯૨૪ના જાન્યુઆરીમાં ફરિઆદીએ આ ઓર્ડરને ભુલ ગણી હતી.

મી. હારવેએ પુરી પાડેલી માહિતી.

તે પછી ૧૯૨૪ના ઓકટોબરની ધારાસભામાં મી. નરીમાનના સર કાવસજી જહાંગીરે આપેલા જવાબો છે. તે જવાબો હારવેએ પુરા પાડેલા એમ કબુલ કરવામાં આવ્યું છે. પહેલા સવાલનો જવાબ સ્પષ્ટ બતાવે છે કે કારોબારી ઇજનેરે મોકલેલા ઇન્ડેન્ટ દેખરેખ રાખનાર ઇજનેરે તપાસ્યા હતા. તેને જણાયું કે થાંભલા માટે જોઇતા સળીયા કારોબારી ઇજનેર ભુલ ગયો છે. એ બાબતની ચર્ચા થઇ અને પરિણામે દેખરેખ રાખનાર ઇજનેરના મોઢેની સુચનાથી તેના સુપરવાઇઝરે કારોબારી ઇજનેરના ઇન્ડેન્ટમાં ઉમેરો કર્યો. જવાબમાં સ્પષ્ટ જણાવેલું છે કે "કારોબારી ઇજનેરના ઇન્ડેન્ટમાં કરેલા ઉમેરાનું માપ ૭/૮" જણાવેલું છે જ્યારે તે વખતે ઉપયોગમાં તો ૫/૮" ના સળીયા હતા."

મી. હારવેની ફરજ.

આથી વધારે સ્પષ્ટ શબ્દ બીજા શબ્દો ન હોઇ શકે. જ્યારે ધારાસભામાં સવાલો રજુ કરવામાં આવે છે ત્યારે તે સવાલો જે ખાતાને લગતા હોય તેના વડા ઉપર તે મોકલવામાં આવે છે અને તેણે પુરી તપાસ કરીને અને બધા જરૂરી કાગળો તપાસીને સંભાળપૂર્વક સાચા જવાબો આપવાના હોય છે. જો કોઇ નકશા કે

ડ્રોઇંગ હોત તો ફરિઆદીએ તે તપાસ્યા હોવાજ જોઇએ. ધારાસભાને સાચી માહિતી પુરી પાડવાની ખાતાના વડાની મોટી ફરજ છે અને તે કબુલ કરે છે. જનરલ મેંબરે તેની પાસેથી માહિતી માગી ત્યારે બધા કાગળો તપાસી ખરી માહિતી આપવાની ખાતાના વડા તરીકે તેની ફરજ હતી. તે કબુલ કરે છે કે તે વખતે તેમજ કેસની શરૂઆતમાં તેનો કેસ એવો હતો કે હમીદ ઇન્ડેન્ટમાં એ સળીયા ચૂકી ગયો હતો.

સર લોલેસ હેપર અને સર કાવસજી જહાંગીરે ૧૯૨૪ના ઓકટોબર અને ૧૯૨૫ની માર્ચની ધારાસભામાં પોતાના ભાષણમાં એ ભુલને "નજીવી ભૂલ" જણાવી કે જેને આરોપી બહુ મોટી કરી દેખાડે છે. એ નજીવી ભૂલ તે ૫/૮ને" બદલે ૭/૮" લખી નાખવાની હતી.

સર લોલેસ હેપરનો ખુલાસો.

તે પછી આપણી પાસે સર લોલેસ હેપરે બેકુબે કમીટી સમક્ષ તા ૨૪-૮-૨૬ને રોજ આપેલી જુબાની છે. ફરિઆદી તે વખતે હાજર હતો. અને કમીટીના પ્રમુખે સર લોલેસ હેપરને જણાવ્યું હતું કે અમલદારો (હારવે, એલગી અને થોમસ) જેઓ હાજર છે તેઓ તેમની "સાથેજ જુબાની આપશે."

સર લોલેસ હેપર ૭/૮"ના સળીયાનો ઓર્ડર કેમ અપાયો તેનો ખુલાસો કરે છે. ખરૂં છે કે એ સ્ટેટમેન્ટ ફરિઆદીનું નહિં પણ સર લોલેસ હેપરનું છે. પરંતુ ફરિઆદીએ તેનો રદીયો આપ્યો નથી. તે સુધારવાં પ્રયત્ન કર્યો નથી. સર લોલેસ હેપર કહે છે કે "થાંભલાઓની ડીઝાઇન" ૫/૮"ના સળીયાથી બનાવવાની હતી." પરંતુ ડ્રાફ્ટમેન

કે સુપરવાઇઝરના ભૂલથી ૫/૮"ને બદલે ૭/૮" લખાઈ ગયું. ભૂલ કોણે કરી તે પુરવાર કરવું શકય નથી. સળીયાનો ઓર્ડર અપાઇ ગયા પછી "ભૂલ જણાઈ" અને વધુ માલ આવતો બંધ કરવા પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ ઘણું મોડું થઇ ગયું હતું એટલે ૫/૮"ને બદલે ૭/૮"નો ઉપયોગ કરવા નવી ડીઝાઇન તૈયાર કરવા ઠરાવવામાં આવ્યું અને તે પ્રમાણે કરવામાં આવ્યું."

મી. હારવેનું લેખિત સ્ટેટમેન્ટ.

હારવે પોતાના લેખિત સ્ટેટમેન્ટમાં કહે છે કે સંયુકત ઇન્ડેન્ટ દેખરેખ રાખનાર ઇજનેર ૪ થાને મોકલ્યા પછી ખબર પડી કે કારોબારી ઈજનેરે તેમાં થાભલા માટે જોઇતા સળીયા ગણ્યા નહોતા.

કારોબારી ઇજનેર સાથે ચર્ચા કરવામાં આવી અને તેણે જોઇતા સળીયાની ગણત્રી કરી. તેના કહેવાથી" દેખરેખ રાખનાર ઇજનેરના ઓફીસના સુપરવાઇઝર" ને ઉમેરો કરવાની સુચના કરવામાં આવી, જે પ્રમાણે તેણે કર્યું. પરંતુ "કમનશીબે ૫/૮"ને બદલે ૭/૮"લખાઇ ગયું." આ ઉમેરાની દેખરેખ રાખનાર ઈજનેર ૪ થાને પત્રથી જાણ કરવામાં આવી.

ભુલની ચાલુ દલીલ.

તે પછી ફરિઆદી આ કોર્ટમાં ફરિઆદ નોંધાવતાં અને જુબાની આપતાં ભૂલ વિષે એજ ખુલાસાને વળગી રહે છે. તે બધું સોગંદ ઉપર કહે છે. હમીદની જુબાની એવી છે કે થાંભલા માટે ૫/૮"ના સળીયા વપરાતા હતા અને તેના ઈન્ડેન્ટમાં થાંભલા માટેના સળીયા રહી ગયા નહોતા.

૧૯૨૭ના માર્ચની તા. ૧૮ અને તા. ૪થી એપ્રીલ વચ્ચે હારરે હમીદને પત્ર લખે છે કે "થાંભલા બનાવવાને લાગતા બધા કાગળો હું તપાસી ગયો છું. પરંતુ તમારા પહેલા લીસ્ટમાં ૫/૮"×૧૯'ના એટલા બધા સળીયા શા માટે મંગાવેલા હતા તેનો કાંઇ ખુલાસો મળતો નથી 'સિવાય કે તે થાંભલા બનાવવા માટે હોય.' ૧૯'ના અમુક કરકસરભર્યા થઇ પડશે પરંતુ ઓર્ડર આપેલો છે તેટલા તો નહિં જ."

ન સ્વીકારી શકાય તેવી દલીલ.

આ બધા કાગળો અને મોદેની જુબાની જોતાં ૭/૮"ના સળીયા વપરાતા હતા કે જોઇતા હતા એવી ફરિઆદીની દલીલ અથવા મી. વેલીંકર કહે છે તેમ અનુમાન હું સ્વીકારી શકતો નથી.

પોતાની એ દલીલના ટેકામાં ફરિઆદીએ રજુ કરેલાં કારણો અને કાગળો કોઇ રીતે ખાત્રી કરી આપે તેવાં નથી.

૭/૮"ના સળીયા વપરાતા નહોતા.

એ બધા કાગળો પર હું ટીકા કરી ગયો છું અને તે બતાવે છે કે ૭/૮"ના સળીયા વપરાશમાં નહોતા. ગઝદરનો પહેલો પત્ર બતાવે છે કે દેખરેખ રાખનાર ઇજનેરના તા. ૮-૧૨-૨૧ ના ડ્રોઇંગમાં ૩/૪"ના સળીયા જણાવેલા છે અને એ બધા વપરાઇ ગયા પછી ગઝદરે ૫/૮"ના વાપરવાની દરખાસ્ત કરી.

ગઝદરનો બીજો પત્ર હમીદના ઇન્ડેન્ટ પછી ઘણો મોડેથી એટલે કે તા. ૨૮-૬-૨૩નો છે તેમાં તે ૭/૮"ના સળીયા વાપરવાની હમીદની પરવાનગી માગે છે. "તેનો અર્થ એવો નથી કે ૭/૮"ના સળીયા

વપરાતા હતા. ઉલટું તે એમ બતાવે છે કે પહેલી દરખાસ્ત ૭/૮"ના સળીયા વાપરવાની હતી, પરંતુ તે રદ કરવામાં આવી અને ૫/૮"નું માપ રાખવામાં આવ્યું. તે કોઇ રીતે એવો પુરાવો ન ગણી શકાય કે ૧૯૨૨ના ઓગસ્ટ પહેલાં ૭/૮"ના સળીયા વપરાતા હતા.

હમીદની ઉલટપાલટ તપાસ.

હમીદ પોતાની ઉલટપાલટ તપાસમાં કહે છે કે, "નકશા જોઇને હું કહું છું કે થાંભલા માટેના સળીયા મારા ઇન્ડેન્ટમાં હતા. મૂળ વિચાર ૭/૮"ના સળીયાનો હતો કે કેમ તે મને યાદ નથી. એક થાંભલાની પધ્ધતિની વાત થઇ હતી પરંતુ તેની જાડાઇ મને યાદ નથી. ૧૯૨૨ની શરૂઆતમાં તે વિચાર બદલીને બેવડા થાંભલાની પધ્ધતિ નકકી કરવામાં આવી અને ૧૯૨૨માં કામ શરૂ કર્યું. તે બેવડા થાંભલાની પધ્ધતિથીજ. તે માટે અમે ૫/૮"ના સળીયા વાપરતા હતા. મારી માન્યતા એવી હતી કે ૭/૮"ના સળીયા ઇન્ડેન્ટમાં રહી ગયા હતા પરંતુ હવે મારી તે માન્યતા ખોટી પડી છે. ૭/૮"ના એક થાંભલાની પધ્ધતિ ઉપયોગમાં લીધીજ નથી. મૂળ વિચાર ૭/૮"ના સળીયા માટે હતો કે ૩/૪"ના સળીયા માટે તે મને યાદ નથી. બેવડા થાંભલા વાપરવાનું અમે નકકી કર્યું ત્યારે ૫/૮"ના સળીયા વાપરવાની અમે દરખાસ્ત કરી હતી. ૭/૮"ના સળીયા આવ્યા પછી કોલાબાવાળાએ તે વિષે વાત કરી. મેં તેને કહ્યું કે મને તે જોઇતા નથી. મને તો ૫/૮"નાજ સળીયા જોઇએ છે. મેં માન્યું કે એ સળીયા મારા નહિં પણ બીજા કોઇ કામ માટે હશે. ૮૦ હજાર સળીયા વરલી માટે જોઇતા નહોતા."

મી. હારવેના નવા ખુલાસા માટે મી. હમીદ શું કહે છે?

હારવેના છેલ્લા ખુલાસા વિષે હમીદને સવાલ કરતાં તેણે કહ્યું કે

"ફરિઆદીનો ખુલાસો એવો જણાય છે કે મેં મારા ઇન્ડેન્ટમાં ૫/૮"ના સળીયા જણાવ્યા હતા તે ભુલ હતી અને ૭/૮"ના બરાબર મંગાવેલા હતા. હું આ વાતને મળતો થતો નથી. તેનો ઓર્ડર કેમ અપાયો તે હું જાણુતો નથી. ૭/૮"ના ૮૦ હજાર સળીયાના ઓર્ડર સાથે કાંઇ સંબંધ નથી. તે આવ્યા પછી કોલાબાવાળા પાસેથી મેં જાણ્યું. ગઝદરનો પત્ર એવું નથી બતાવતો કે ૭/૮"ના સળીયા વપરાતા હતા. તેનો બીજો પત્ર ૭/૮"ના સળીયા આવ્યા પછીનો છે અને તેનો હેતુ ૭/૮"ના સળીયા ઉપયોગમાં લેવાનો અને થાંભલા મજબુત કરવાનો છે."

એ બધું શા માટે?

આનો અર્થ એવો ન થઈ શકે કે ૭/૮"ના સળીયા થાંભલા માટે વપરાતા હતા. જો તે ખરેખર વપરાતા હોત તો સાલેભાઇ તૈયબજી અને હાઇ કમીશનરના ઓર્ડર રદ કરવા સાઇકસને ટેલીફોન કરવાનું કે લખવાનું હારવેને કાંઈ કારણ નહોતું. તેના કહેવા પ્રમાણે હારવેની ગુમ થયેલી ચીઠી મળી હોત તોપણ ઓર્ડરો રદ કરવાની જરૂર નહોતી. જો ૭/૮"ના સળીયા વપરાતા હતા તો હમીદે કોલાબાવાળાને શા માટે એમ કહેવું જોઇએ કે તેને તે જોઇતા નથી? અને હારવેએ ઓર્ડર રદ કરવા પ્રયત્ન શા માટે કરવો જોઇએ? ૭/૮"ના સળીયા જોઇતા હતા કે નહિં એ તે જાણી ન શકે એમ તો નજ કહી શકાય. રૂ. રા લાખનો મોટો ઓર્ડર હતો. ચીઠી માટે હમીદને પૂછવાનો અને ચીઠી ગુમ થાય કે હમીદ ખોટો અને અસંતોષકારક ખુલાસો કરે તોપણ ઓર્ડર મૂકતાં પહેલાં

થાંભલાનું રજીસ્ટર તપાસવા કે જાતે જઇને તપાસ કરવાની હારવેના ચોકખી ફરજ હતી. તેણે સામાન્ય ફેરો માર્યો હોત પણ તેને જાણ્યું કે ૭/૮"ના સળીયા થાંભલા માટે વપરાય છે કે નહિ.

ઉલટાસુલટી વાતો.

વળી ૭/૮"ના સળીયા વપરાતા હોત તો હમીદે કે કોઇએ તે નથી જોઇતા એમ કહેવાનું કાંઇ કારણ નહોતું. તે વપરાતા હોત તો વરલીની ઓફીસે તે નહિં મંગાવવાનું પણ કાંઇ કારણ નહોતું. હારવેનું તે પછીનું વર્તન, ધારાસભા અને એકબે કમીટી સમક્ષ તેનો ખુલાસો અને હમીદ ઉપરનો તેનો પત્ર તેની છેલ્લી દલીલ સાથે બંધ બેસતા નથી. જો ૭/૮"ના સળીયા વપરાતા હતા તો તેણે સરકારના જનરલ મેમ્બરને, ધારાસભાને અને ડીરેકટરને ખોટે માર્ગે દોર્યા છે અને ફરિઆદમાંની અને મુખ્ય તપાસની તેની હકીકત ખોટી છે.

"છેલ્લી દલીલ સાચી નથી."

છેલ્લી દલીલ રજુ કરતી તેની તા. ૧૨મી એપ્રીલની જુબાની એટલી અચોકકસ, શંકાશીલ અને પુરવાર થયેલી હકીકતોથી ઉલટી છે કે હું તે ખરી તરીકે સ્વીકારી શકતો નથી.

તે કહે છે કે "મારી આગલી માહિતી મારા માણસોએ જે કહ્યું અને કાગળો રજુ કર્યાં તેને આધારે હતી."

આ વાત શું ખરી હોઇ શકે? હારવેએ હમીદ પાસે ખુલાસો માગ્યાનો હમીદ ઇન્કાર કરે છે, અને કહે છે કે સરકારના જનરલ સભ્યને માહિતી પુરી પાડવામાં આવી ત્યારે તેની સલાહ પણ લેવામાં આવી નહોતી. હારવે પણ નથી કહેતો કે આ સળીયા માટે હમીદને પૂછ્યું હતું. પણ ધારો

કે હમીદનું કહેવું ખોટું હોય, પરંતુ જો ૭/૮"ના સળીયા ખરેખર વપરાતા હોત તો શું હમીદે હારવેને એમ કહ્યું હોત કે ૫/૮"ના સળીયા વપરાય છે અને ૭/૮"નો ભુલથી ઓર્ડર અપાયો છે? હમીદ કે તેના ખાતાના કોઇ પણ માણસે શા માટે એમ કહેવું જોઇએ? ૭/૮"ના સળીયા ખોટી રીતે મંગાવેલા હતા અને જોઇતા નહોતા એમ કહેવાનું કોઇને કારણ કે સ્વાર્થ નહોતો.

કાગળો ઉપરથી એકજ અનુમાન.

ગઝદરનો બીજો પત્ર તે વખતે તેની પાસે ન હોઇ શકે. તેની પાસે માત્ર ઇન્ડેન્ટ અને પોતાનો પત્ર હશે. હમીદની ચીઠી તેની પાસે નહિં હોવાનું તે કબુલ કરે છે. જો તેની પાસે પોતાનો પત્ર હોત અને હમીદ સાથેની વાતચીત તેણે યાદ કરી હોત અને હમીદની ચીઠ્ઠી હયાતિમાં હોત તો તે ઉપરથી ૭/૮"ના સળીયાનો ઓર્ડર ખોટો અપાઇ ગયાનુ માનવાનું તેને કારણ નહોતું. હમીદ કે બીજા કોઇને પૂછ્યા વિના માત્ર એ કાગળોને આધારે તેણે ૭/૮"નો ઓર્ડર રદ કરવા પ્રયત્ન ન કર્યો હોત. જો તેણે હમીદને ન પૂછ્યું હોત અને માત્ર કાગળો પર આધાર રાખ્યો હોત તો ૭/૮"ના સળીયાનો ઓર્ડર બરાબર હતો એવા નિર્ણય પર તે આવંત. તે કહે છે કે તેના ઇન્ડેન્ટમાં થાંભલા માટેના સળીયા છે કે નહિં તે હમીદને પૂછવાનું કારણ એ હતું કે તેના અને મહેતાના ઇન્ડેન્ટમાં એકજ માપના, એકજ સંખ્યાના સળીયા હતા અને મહેતાના ઇન્ડેન્ટના સળીયા થાંભલા માટેના નહોતા.

મહેતા અને હમીદના ઇન્ડેન્માં ૫/૮" ના સળીયા હતા તેથી ફરિઆદીએ અનુમાન કર્યું કે તે થાંભલા માટે નહિં હોય. તે કહે છે કે

"તે સળીયા મૂખ્યત્વે કરીને પીઢીયાં માટે હતા અને તે થાંભલા વાપરી ન શકાય." હવે જો તેણે હમીદની સલાહ ન લીધી હોય કાગળો ઉપરથી તે એજ અનુમાન કરી શકે કે થાંભલા માટે સળી ખરૂં માપ ૫/૮"નું નહિં પણ ૭/૮"નું હતું. જો એમ હોય તો ઓર્ડર રદ કરવાનો પ્રયત્ન ન કર્યો હોત.

ફરિયાદીની ભ્રમણા.

આ બાબતમાં ફરિઆદી ભ્રમણામાં છે કે કાંતો તેણે પોતાના નીચેના માણસોને પૂછ્યું અને કાંતો ન પૂછ્યું. જો તેણે પૂછ્યું અને જો ૭/૮"નો ઓર્ડર બરાબર હોય તો તે ખોટી રીતે મંગા છે એમ કહેવાનું માણસોને કાંઇ કારણ નહોતું. જો તેણે ન પૂછ્યું તો મેહતા અને હમીદના એક સરખા ઇન્ડેન્ટ ઉપરથી તેણે એવું માન કર્યું હોત કે થાંભલા માટે ૫/૮" નહિં પણ ૭/૮"ના સળીયા રાતા હતા. જો એમ હોય તો તેણે ૭/૮"ને બદલે ૫/૮"ના સ મોકલવા હાઇ કમીશનરને તાર કરવા સાઇકસને ન કહ્યું હોત.

થાંભલાનું પત્રક તેની પાસે હોત તો તેમાં કયુ માપ વપરાય તેની તેને ચોક્કસ ખબર પડી હોત. એ પત્રક તેની પાસે હતું કે તે હારવે કહેતો નથી. થાંભલામાં કયા સળીયા વપરાય છે તે પા જાણતો નહોતો. આ મુદ્દા વિષેના અગત્યના કાગળો ગુમ થયા છે તે કેમ ગુમ થયા તેની કોઇ જુબાની આપતું નથી કે કહી શકતું.

હારવે કહે છે કે "ધારાસભાને અપાયેલી માહિતી ખોટી ની શરૂઆતમાં મારો કેસ એ હતો કે હમીદ પોતાના ઇન્ડેન્ટમાં થાં માટેના સળીયા ચુકી ગયો હતો. 'હવે હું એ હકીકતનેવળગી રહેતો ન

સ—હમીદ થાંભલા માટેના સળીયા પોતાના ઇન્ડેન્ટમાં ચુકી ગયો હતો કે નહિં ?

જ—તેના ઇન્ડેન્ટમાં થાંભલા માટે જોઇએ તે પુરતા ૫/૮"ના સળીયા છે.

સ—એટલે કે તે ભૂલી ગયો નહોતો ?

જ—તેના મનમાં શું હતું તે હું જાણુતો નથી. તે પોતાના ઇન્ડેન્ટમાં થાંભલા માટેના સળીયા ભૂલી ગયો હતો કે નહિં તે હું જાણુતો નથી. મેં કહ્યું હતું કે હમીદના ઇન્ડેન્ટમાં ૫/૮" × ૧૯'ના સળીયા થાંભલા માટે નથી. "૫/૮"ના સળીયાની પીઢીયાં તેમજ થાંભલા માટે જરૂર પડે છે." ઇન્ડેન્ટ વખતે ૫/૮"ના સળીયા થાંભલા માટે નહોતા જોઇતા. 'મેં એમ નથી કહ્યું કે ૭/૮"ના સળીયા ઇન્ડેન્ટ પહેલાં વપરાશમાં હતા, પરંતુ એમ કહું છું કે ૭/૮"ના સળીયા થાંભલા માટે જોઇએ છે અને તે મંગાવવામાં ભૂલ થઇ નથી."

આ વાત પહેલાંના કરતાં કંઇક જુદી છે, પરંતુ આ વાત પણ સાચી ન હોઇ શકે.

મી. હારવેની મૂખ્ય જુબાની.

પોતાની મૂખ્ય જુબાનીમાં તે કહે છે કે "હમીદના ઇન્ડેન્ટમાં એક રકમ ૫/૮"×૧૯"સળીયાની હતી. તે સળીયા મૂખ્યત્વે પીઢીયાં માટે છે અને તે થાંભલા માટે ન વાપરી શકાય. થાંભલા માટેના સળીયા વિષે કાંઇ જણાવેલું નથી. દરેક થાભલામાં ૪ ઉભા સળીયા હોય છે. તે વખતની ડીઝાઇનમાં ૫/૮"×૧૯'ના સળીયા હતા, મૂળ ડીઝાઇનમાં ૭/૮"×૧૯' વાપરવાનો વિચાર હતો. પરંતુ તે મૂળ ઇરાદો પડતો મૂકવામાં આવ્યો

અને ૫/૮"ના સળીયા વાપરવાનું ઠરાવવામાં આવ્યું. ૭/૮"ના સળીયા ઇંગ્લાંડથી આવતાં સુધી એમજ ચાલ્યું. ૭/૮"ના સળીયા થાંભલા માટે નકામા હતા. મેં પીઠીયાં અને ચાલીઓના કેટલાક ભાગની ફરી ડીઝાઇન કરી અને બની શકે ત્યાં ૫/૮"ને કૂને બદલે ૭/૮" ગોઠવ્યા. થાંભલા માટે ૫/૮"નાજ સળીયા વાપર્યા.

આમ ફરીઆદીની પોતાની જુબાની પ્રમાણે ૭/૮"ના સળીયા થાંભલા માટે "નકામા" હતા અને ૫/૮"નાજ વપરાતા હતા. પરંતુ ૭/૮"ના સળીયા વિલાયતથી આવ્યા પછી ચાલીના કેટલાક ભાગોની ડીઝાઇન ફેરવીને બની શકે ત્યાં ૫/૮"ને બદલે ૭/૮'ના સળીયા ગોઠવ્યા.

હમીદ પોતાની ઉલટપાલટ તપાસમાં કહે છે કે "મેં ગણત્રી કરીનેજ ઇરાદાપૂર્વક ૭/૮"ના સળીયા મારા ઇન્ડેન્ટમાં છોડી દીધા હતા." તેના કહેવા પ્રમાણે ૭/૮"ના સળીયા જોઇતા નહોતા.

મારા અભિપ્રાય પ્રમાણે હારવેના છેલ્લા ખુલાસાને કોર્ટ અને કમીટી સમક્ષના સાક્ષીઓની જુબાનીથી ટેકો મળતો નથી અને તે પછીના તેના વર્તન અને મેં જણાવેલા કાગળો સાથે બંધ બેસતો નથી.

ખોટી વાત.

૫/૮"ને બદલે ૭/૮" લખવામાં ડ્રાફ્ટમેન કે સુપરવાઇઝર, કોઇની ભૂલ થઇ હતી તેથી ખોટા માપનો ઓર્ડર અપાયો હતો તે પણ એટલુંજ ખોટું છે. હારવેએ સાઇકસને પત્ર લખવાથીજ સાઇકસે એ સળીયાનો ઓર્ડર આપ્યો હતો. મૂળ ઇન્ડેન્ટમાં પાંચડો છેકીને સાતડો કરવામાં આવ્યો હતો એ મી. નરીમાનનું કહેવું ખરું નથી. ઇન્ડેન્ટમાં ફેરફાર નથી પરંતુ ઇન્ડેન્ટ મોકલ્યા પછી હારવેએ તા. ૮-૮-૨૨ને રોજ પત્ર લખીને ઉમેરો કર્યો હતો.

મી. હારવેનો હેતુ શો હતો?

હવે બીજો સવાલ એ છે કે આ ફેરફાર અથવા ઉમેરો હારવેએ બદદાનત કે છુપાં હેતુથી ઇરાદાપૂર્વક કર્યો હતો કે કેમ?

આ મુદ્દા વિષે આરોપીની દલીલ એ છે કે આ સળીયાનો ખોટી રીતે, જોઇએ તે કરતાં વધારે અને કારખાનાવાળા નફો કરે અને હારવેને છુપું કમીશન મળે એટલા ખાતર ઓર્ડર આપવામાં આવ્યો હતો. આરોપીનો કેસ એ પણ છે કે હારવે અને બીજા અમલદારો મળી ગયા હતા અને વેપારીઓ અને કોન્ટ્રાકટરો પાસેથી છુપું કમીશન લેતા હતા.

આક્ષેપો સાચા હતા કે?

આ મુદ્દા પર નિર્ણય કરવા માટે એ નક્કી કરવું પડશે કે સળીયાની સંખ્યા જોઇએ તે કરતાં વધારે હતી કે કેમ? અને એ સળીયાનો ઓર્ડર આપવા સાબ્રકસને કરવામાં ફરીઆદીનો હેતુ લાંચરૂશ્વતનો હતો કે? એટલે કે આરોપીએ ફરીઆદી સામે કરેલા આક્ષેપોની સચ્ચાઇ તેણે પુરવાર કરી છે કે કેમ?

આરોપી માથે ભારે બોજો.

બદનક્ષીના જે કેસમાં આરોપી આક્ષેપો કરવામાં પોતે વ્યાજબી હતો એવી દલીલ કરે છે તેમાં તેણે કહેલી હકીકતો સાચી પુરવાર કરવાનો તેને માથે ભારે બોજો રહે છે. આખી બદનક્ષી સાચી હોવી જોઇએ. તેનો અમુક ભાગ સાચો હોય તેટલું બસ થતું નથી. પરંતુ જો તે આક્ષેપો મોટે ભાગે ખરા હોય તો તે અક્ષરશઃ પુરવાર કરવાની જરૂર નથી.

અફવાનું અસ્તિત્વ હોય એમ જરાયે પુરાવો નથી. કાયદાનો અપવાદ આક્ષેપની સત્યતા માટે છે અને નહિં કે તેની પુનરૂકિત માટે. એવી અફવા હતી એ કોઇ અફવાની સત્યતાનો પુરાવો નથી.

અફવા હતી એ પુરવાર થયું છે.

મોટા અમલદારો છુપાં કમીશનો ખાય છે. એવી શહેરમાં અને આખા ઇલાકામાં 'અફવા' હતી એ આક્ષેપ તો નરીમાને પુરવાર કર્યો છે અને ફરિઆદી પણ કબુલ કરે છે કે તેણે એવી અફવાઓ સાંભળી હતી ફરિઆદપક્ષના વકીલ પણ અફવાના અસ્તિત્વનો ઇનકાર કરતા નથી. બચાવપક્ષના કેટલાક સાક્ષીઓ અને ખાસ કરીને શેઠના અને ત્રીવેદીની જુબાની પુરવાર કરે છે કે અફવા હતી ખરી.

પરંતુ તેથી તેની પુનરૂકિત કરવાનો આરોપીને હકક મળતો નથી, જો કે "શુભ નિષ્ટા"નો સવાલ ચર્ચતી વખતે એ વાત ધ્યાનમાં લેવી જોઇશે. 'અફવા' ની હયાતિ અને તેમાંની હકિકતની 'સત્યતા' નો જરાયે પુરાવો નથી.

૭/૮"ના સળીયા નહોતો જોઇતા અને છતાં મંગાવ્યા હતા. એ વાતનો ઇનકાર કરી શકાય નહિં. એટલે નહિં જોઇતો માલ મંગાવ્યો હતો એ આક્ષેપ પુરવાર થયો છે. જો કે ભલે પાછળથી ફરિઆદીની હોશીયારીથી તેનો ઉપયોગ કરી શકાયો હોય.

આ સળીયાનો ઓર્ડર કોઇ છુપા હેતુથી અથવા ફરિઆદીને છુપું કમીશન મળતું હતું માટે અપાયો હતો કે કેમ તેનો આધાર એ સવાલ ઉપર છે કે સળીયા બેહદ મોટી સંખ્યામાં મંગાવ્યા

હતા કે કેમ અને તે હેતુપૂર્વક હતું કે કેમ અને તેમ હોય તો ઓર્ડર કોણે આપ્યો.

ફરિઆદી કહે છે કે સંયુકત ઇન્ડેન્ટ મોકલી આપ્યા પછી તેને ખબર પડી કે હમીદના ઇન્ડેન્ટમાં થાંભલા માટેના સળીયા રહી ગયા છે. ચાલી દીઠ હમીદ અને મહેતાના ઇન્ડેન્ટ એકસરખા હતા તેથી તેણે અનુમાન કર્યું કે થાંભલા માટેના સળીયા હમીદના ઇન્ડેન્ટમાં રહી ગયા છે કેમકે મહેતાને તો થાંભલા માટે સળીયા જોઇતા નહોતા.

હમીદની ચીઠ્ઠી.

મહેતા અને હમીદના ઇન્ડેન્ટ એક સરખા કેમ હતા અથવા તેઓએ એક બીજામાંથી નકલ કરી હતી કે કેમ એ કહી શકાતું નથી હમીદની મુલાકાત દરમીયાન ફરિઆદીએ તેને પૂછયું કે તેના ઇન્ડેન્ટમાં થાંભલા માટેના સળીયા હતા કે? હમીદે થોડીવાર વિચાર કરીને જણાવ્યું કે તે ભૂલી ગયો છે. ચાલુ વર્ષ અને પછીના વર્ષની થોડી મુદત માટે ૧૯૨૩ના ડીસેમ્બર સુધી કેટલાં સળીયા જોઇશે તેની તેઓ ગણત્રી કરવા બેઠા. સવાલ એ ઉભો થયો કે વરલી ખાતે સીલ્લકમાં કેટલા હતા અથવા કેટલા થાંભલા બનાવેલા હતા. ફરિઆદીએ હમીદને વરલી ખાતે સીલ્લક તપાસી કેટલા સળીયા જોઇશે તે જણાવવા કહ્યું. સળીયાની સંખ્યા, જાડાઇ, લંબાઇ વિગેરેની હમીદે એક ચીઠી મોકલી. ફરિઆદીએ તે સુપરવાઇઝર પાનીટકરને આપી અને તેણે કાગળ ટાઇપ કરી સાઇકસને મોકલ્યો. આમ ફરિઆદીએ હમીદની ચીઠીને આધારે પત્ર લખ્યો હતો.

હમીદનો ઉડાઉ જવાબ.

નરીમાનની દલીલ એ છે કે હમીદની ચીઠ્ઠીની વાત ખોટી છે. જુબાની ઉપરથી મારે કહેવું જોઇએ કે ફરિઆદીની એ વાત સાચી છે. હમીદ પોતાની મુખ્ય તપાસમાં એ ચીઠ્ઠી વિષે કાંઇ કહેતો નથી. ઉલટ પાલટ તપાસમાં તે ઉડાઉ જવાબ આપે છે કે, "હું એમ કહું છું કે મેં ચીઠી આપી કે કશી ગણત્રી કરી તે મને યાદ નથી. હું વરલી ગયો અને સીલ્લક તપાસી અને ચીઠ્ઠી આપી એમાંનું મને કાંઇ યાદ નથી. આ બાબતમાં ફરિઆદીનું કહેવું સાચું છે કે ખોટું તે હું કહી શકતો નથી. ફરિઆદીની વાત સાચીએ હોય. કદાચ અમે બન્ને સાચા હોઇએ."

પાછળથી હમીદ કહે છે કે, "મને કાંઇક ઝાંખું સ્મરણ છે કે મુલાકાત વખતે અમે બીજી યોજના માટે લોખંડના સળીયા સંબંધી ચર્ચા કરી હતી. હારવેએ મને કહ્યું કે અમુક સળીયા રહી ગયા છે ત્યારે મેં કહ્યું કે તેમ હોય તો ઉમેરો કરી શકાય. હું માનું છું કે હારવેએ મને કહ્યું કે મારા ઇન્ડેન્ટમાં થાંભલા માટેના સળીયા નહોતા."

તા. ૩૧મી જુલાઇએ એટલે કે મુલાકાત પહેલાં ૫-૮ દિવસ પહેલાં સ્ટોરકીપરની ચીઠ્ઠીની પાછળ હમીદે પેન્સીલથી લખ્યું છે કેઃ—

```
૫૦×૩૦ =૧૫૦૦
          ૪
       ────
       ૬૦૦૦
૬૦૦૦×૧૯×૭/૮"
          ૧૮૦૦૦
          ─────
          ૬૦૦૦૦
```

આ બતાવે છે કે હમીદના મગજમાં ૭/૮"×૧૯ના સળીયા વિષે તેણે કાંઇ વિચાર હતો અને તે વિષે તેણે કાંઇક ગણત્રી કરી હતી.

હમીદના હાથની ચીઠ્ઠી.

પાનીટકરની જુબાની એવી છે કે સંયુકત સ્ટેટમેન્ટ તૈયાર થયા પછી હારવેએ તેને બોલાવ્યો અને તેને એક ચીઠી આપી કે જેના પર ૭/૮"ના સળીયાની સંખ્યા લખેલી હતી. સંયુકત સ્ટેટમેન્ટમાં તે ઉમેરીને સાઇકસને મોકલવા તેને કહેવામાં આવ્યું હતું. તેણે ચીઠ્ઠી હારવેને પાછી આપી. પછી તે કહે છે કે "હું ધારૂં છું કે ચીઠ્ઠી હમીદના હસ્તાક્ષરની હતી. તેના હસ્તાક્ષર હું ઓળખું છું."

સ--તો એમ કેમ કહો છો કે હું ધારૂં છું કે હમીદના હસ્તાક્ષરની હતી?

જ--તો હું કહીશ કે તે હમીદના હસ્તારક્ષરની છે.

તે પોતાની ઉલટપાલટ તપાસમાં કહે છે કે "સંયુકત સ્ટેટમેન્ટ તૈયાર થયા પછી હારવેએ મને હમીદ પાસેથી આવેલી ચીઠી આપી અને ૭/૮"ના ૩૦,૦૦૦ સળીયા ઉમેરવા કહ્યું."

હમીદે ચીઠ્ઠી ન મોકલી હોય તો તેણે લખેલી ચીઠ્ઠી આપવામાં આવી હતી એવું કહેવાનું પાનીટકરને કાંઇ કારણ નથી તેમજ જો તે ખરૂં ન હોય તો ફરિઆદીને પણ તેમ કહેવાનું કારણ નથી. આ ચીઠ્ઠીની વાત પાછળથી ઉપજાવી કાઢેલી ન હોઇ શકે, કેમકે હમીદ કબુલ કરે છે કે કોર્ટમાં જુબાની આપતાં પહેલાં સોલીસીટરની ઓફીસમાં કે શરૂઆતની જુબાનીમાં ચીઠ્ઠી વિષે કાંઇ કહ્યું નથી.

કોર્ટમાં તેના જવાબ ઉડાઉ અને છટકાઉ જેવા છે. એટલે આ મુદ્દા પર હું હારવે અને પાનીટકરની જુબાની સ્વીકારૂં છું અને માનું છું કે હમીદે ચીઠ્ઠી લખી હતી અને સળીયાનો ઓર્ડર આપવામાં હારવે હમીદની ચીઠી પ્રમાણે વર્ત્યો હતો.

હવે ૭/૮"ના સળીયા જોઇતા હતા એમ માનીએ તોપણ તે જોઇએ તે કરતાં વધારે મંગાવ્યા હતા કે કેમ તે ધ્યાનપૂર્વક વિચારવાનું છે.

હારવેના કહેવા પ્રમાણે ચાલીઓ બાંધવાની હોય તેથી ૨॥ ગણાને "સુમારે" સળીયા મંગાવવામાં આવતા. હમીદ આ વિષે અજ્ઞાનપણુંજ દર્શાવે છે. સળીયાની સંખ્યાની હમીદે ગણત્રી કરી હોય તો "આશરે" સંખ્યાની દલીલને ટેકો મળતો નથી, કેમકે હમીદ "આશરે" નહિં પણ "જોઇએ તેટલો"જ ઓર્ડર આપતો હતો.

જો સંખ્યાની ગણત્રી હારવેએ એકલાએ અથવા હમીદની સાથે મળીને કરી હોય તો તેણે આસરો પકડયો હોય.

સળીયા જોઇએ તે કરતાં વધુ મંગાવ્યાનો હારવે ઇનકાર કરે છે. તે કહે છે કે સળીયા ધારાવીની અને ફ્લેટની ચાલો માટે પણ જોઇતા હતા.

જો સળીયા ધારાવી અને ફ્લેટને માટે મંગાવેલાજ હોય તો વધારો નજ પડે. એટલો વધારો પડવાનું કારણ હારવેના કહેવા પ્રમાણે કાર્યક્રમ કમી કરવામાં આવ્યો હતો તે હતું.

એક બીજો ખુલાસો.

આ ખુલાસો શકય છે, પરંતુ મારા અભિપ્રાય પ્રમાણે તે વખતે આ સળીયા મંગાવવાની કશીજ જરૂર નહોતી. હારવેના કહેવા પ્રમાણે

ધારાવી અને ફ્લેટ માટે ૪૮ હજાર સળીયા જોઇએ. ધારાવીની યોજનાનો કદી અમલ કરવામાં આવ્યો નથી. મૂળ કાર્યક્રમ ૧૯૨૧-૨૨ થી આઠ વર્ષમાં ૬૨૫ ચાલો બાંધવાનો હતો. દરેક વર્ષના કાર્યક્રમનું લીસ્ટ આપવામાં આવેલું છે.

હમીદ અને હારવેના કહેવા પ્રમાણે પહેલાં જમીન મેળવવામાં આવતી, પછી સામાન્ય નકશા તૈયાર થતા. તે ઉપરથી વિગતવાર નકશા કરી, કેટલો માલ જોઇશે અને શું ખર્ચ થશે તેની ગણત્રી કરવામાં આવતી. અને મંજુરી માગવામાં આવતી. દરેક વર્ષનો કાર્યક્રમ મુકરર હતો અને તે માટે અંદાજપત્રમાં રકમ નક્કી થતી. તે રકમની હદ વટાવી ન જવાય એ હેતુ હતો.

કાનુનોનો ચોકખો ભંગ.

હારવે કબુલ કરે છે કે જાહેર બાંધકામના કાનુનો તેને બંધનકર્તા છે. તે કાયદાની ૨૫૮મી અને ૨૬૧મી કલમ પ્રમાણે સરકારની મંજુરી વિના કાંઇપણ ખર્ચ કે કામ કરવાનું નથી હોતું. તે ઉપરાંત સરકારી સરક્યુલર પણ છે કે મંજુર થયેલા કામ માટે જોઇએ તે ઉપરાંત ભવિષ્યના કામ માટે કશો માલ ખરીદવો નહિં.

સળીયાના ઇન્ડેન્ટ ૧૯૨૨થી ૧૯૨૩ના ઓક્ટોબર સુધીની મુદત માટે હતા. ધારાવીની યોજના તે વર્ષે અમલમાં મૂકાઇ નહોતી. ફરિઆદીના કહેવા પ્રમાણે "ધારાવી" ૧૯૨૪ના માર્ચના કાર્યક્રમમાં હતું. એ કબુલ રાખીએ તોપણ ફરિઆદીએ જાહેર બાંધકામના સ્પષ્ટ કાનુનોનો ભંગ કર્યો છે.

. ઉપરાંત ઇન્ડેન્ટ વરલી, ડીલાઇલ રોડ અને નાયગામની ચાલો માટે હતા. હારવે કબુલ કરે છે કે ધન્નાત્રી માટે એક પણ થાંભલો તૈયાર કરવામાં આવ્યો નહોતો. તેઓની પાસેના ઓજારો વરલીની ૧૨૧ ચાલો માટે થાંભલા બનાવવામાં આખો વખત રોકાયેલા હતા.

આ ઉપરાંત તા ૨૫-૧-૨૪ ને રોજ હારવેએ ડેપ્યુટી ડીરેકટરને પત્ર લખ્યો છે કે "હાઈ કમીશનરને છેલ્લો ઓર્ડર આપતાં ૭/૮"ના સળીયા ઘણા મંગાવાઇ ગયા છે. કેટલાક વર્ષો સુધી તે વાપરી શકાશે નહિં, પરિણામે કંઇક ઘસારો પડશે." તે પછી તે એ સળીયાનો ઉપયોગ કરવા નવી ડીઝાઇન માટે સરકારની મંજુરી માગે છે.

જવાબમાં સરકાર "૭/૮"ના વધારે આવેલા સળીયા પુરા વપરાઈ રહેતા સુધી" મંજુરી આપે છે.

જો વધારો કાર્યક્રમ કમી કરવાને લીધે હોત તો ફરિઆદી ઉપર પ્રમાણે પત્ર લખે એવી ભાગ્યેજ કોઇ આશા રાખે.

ફરિઆદીની "મૂર્ખાઇ" ની દલીલ.

. એ પત્ર વિષે પૂછતાં ફરિઆદી કહે છે કે મારી "મૂર્ખાઇ" હતી કે મેં લખ્યું કે ભૂલથી વધારે સળીયા મંગાવ્યા છે.

આ કાગળોમાં કોઇમાં ધારાવી અને ફલેટ માટે સળીયા જોઇતા હતા એમ જણાવેલું નથી.

હમીદ પોતાના ઇન્ડેન્ટમાં ભૂલી ગયો હતો એ કારણુસર ઉમેરો કરવામાં આવ્યો છે. હમીદનું ઇન્ડેન્ટ વરલી માટેજ હતું. વળી ઉમેરો કરવા હારવેએ લખેલા પત્રમાં તે સ્પષ્ટ જણાવે છે કે "વરલી ખાતે થાંભલા" માટે મને જોઇશે.

"ધારાવીની યોજના પડતી મુકવાનું ફરિઆદી જાણતો હતો."

ધારાસભામાં નરીમાનને આપેલા જવાબોમાં પણ "ધારાવી અને ફ્લેટ" જણાવેલા નથી. ૧૯૨૪ના ઓકટોબરમાં અપાયેલો જવાબ સ્પષ્ટ છે કે "કયા સળીયાનો વધારો પડશે એ અત્યારે કહી ન શકાય કેમકે તેનો આધાર હમણાં બંધાતી ચાલો પુરી થયા પછી ચાલીઓ બાંધવાનું ચાલુ રાખવું કે કેમ તેના ઉપર છે." ફરિઆદીના કહેવા પ્રમાણે ૧૯૨૪ના જાન્યુઆરીમાં તેને ચોકકસ ખબર હતી કે ધારાવીનો કાર્યક્રમ પડતો મૂકવાનો છે.

ડેપ્યુટી ડીરેકટરે શહેર સુધારા ટ્રસ્ટના પ્રમુખને તા. ૧-૪-૨૪ને રોજ લખેલા પત્રમાં જણાવ્યું છે કે સરકારે મજુરો માટે વધુ ચાલો નહિં બાંધવાનું ઠરાવ્યું છે એટલે ટ્રસ્ટની ધારવીની જમીન લેવામાં આવશે નહિ.

જો સળીયા ધારાવી માટે હોત તો ધારાસભામાં જવાબ આપતાં સળીયા વધી પડવાનું તે કારણ જણાવવાની આશા રાખવામાં આવે.

ફરિઆદી કબુલ કરે છે કે ૫/૮" કે ૭/૮"ના સળીયા માત્રથી થાંભલા ન બને, અને તે બાંધવાના તાર જોઇએ અને તે પણ તેટલા પ્રમાણમાં મંગાવવા પડે.

એ બધી વસ્તુઓ પ્રમાણમાં મંગાવેલી નથી. હમીદ કહે છે કે તેનું ઇન્ડેન્ટ "આશરાનું" નહિં પણ "ખરી જરૂરીયાત" નું હતું. ફરિઆદી કહે છે કે તેનું ઇન્ડેન્ટ, મહેતાનું ઇન્ડેન્ટ, સંયુકત ઇન્ડેન્ટ, સાઇકસે મૂકેલો ઓર્ડર વગેરે "ખોટા" હતા. અને છતાં હારવે કહે છે કે પોતે ઇન્ડેન્ટ "તપાસતો," અમુક ફેરફાર કરતો અને હમીદ સાથે ઇન્ડેન્ટની ચર્ચા કરતો.

ગેરવ્યાજબી ઓર્ડર.

રજુ થયેલા કાગળો અને જુબાની પુરવાર કરે છે કે એ વખતે એટલા બધા સળીયા મંગાવવાની કશી જરૂર નહોતી.

૩૦ હજારનો સ્થાનિક ઓર્ડર આપવો પણ વ્યાજબી નહોતો.

ફરિયાદીની દલીલ એવી છે કે સ્થાનિક ખરીદીથી કેટલા સળીયા જોઇશે તે જણાવવાનું કામ કારોબારી ઇજનેરનું હતું. તે ખરૂં હોય તો પણ મોટા જથ્થાનો ઓર્ડર અપાય ત્યારે ખાતાના વડા તરીકે તે બરાબર તપાસવાની તેની ફરજ છે.

હમીદના કહેવા પ્રમાણે તેનું ઇન્ડેન્ટ ૨૮ ચાલીઓ માટે હતું. ૧૯૨૩ના ઓકટોબર સુધીની તેણે જોગવાઇ કરી હતી. તે કબુલ કરે છે કે ૧૯૨૨ના ડીસેમ્બર સુધીમાં ૩૦ હજાર સળીયા વાપરવા શકય નહોતા.

ફરિયાદી આના જવાબમાં જરૂર કરતાં અઢીગણા આશરાની દલીલ કરે છે.

મી. નરીમાનનો આશરો અઢીગણો સ્વીકારતો નથી. આ વિષે હું કાંઇ કહી શકતો નથી. ફરિયાદીની આ દલીલનો ટેકો આપવા મી. નરીમાને કોઇ બાહોશ અનુભવીની જુબાની રજુ કરી નથી.

હારવે હમીદની ઉલટી વાતો.

ફરિયાદીના કહેવા પ્રમાણે હમીદની ચીઠીમાં ૮૦ હજારમાંથી ૩૦ હજાર સ્થાનિક ખરીદવા અને ૫૦ હજારનો હાઇ કમીશનર મારફત ઓર્ડર મૂકવાની સુચના હતી.

હમીદ કબુલ કરે છે કે તે જોઇએ તેટલાનોજ ઓર્ડર આપતો, મહેતા પણ તેમજ કરતો. તેમના ઇન્ડેન્ટ પણ ખરી જરૂરીયાતનાંજ છે. પોતાની આશરાની દલીલ ટકાવવા ફરિઆદીને એમ કહેવું પડે છે તે બધા ખોટા છે કેમકે તેઓએ માત્ર ખરી જરૂરીયાત નહિં પણ આશરાની ગણત્રી કરવી જોઇતી હતી.

હવે જો હમીદે ઓર્ડર આપ્યો હતો તો તેણે આશરે ઓર્ડર આપેલો નજ હોઇ શકે. એનો અર્થ એ નીકળે છે કે ૩૦ હજાર સળીયા જોઇએ તે કરતાં ઘણા વધારે હતા

હમીદના કહેવા પ્રમાણે ૩૦ હજાર સળીયા બેવડા થાંભલાની ૭૦ અને એક થાંભલાની ૧૪૦ ચાલીઓ માટે પુરતા થઇ પડે. ફરિઆદીના કહેવા પ્રમાણે ૭/૮"ના સળીયા એક થાંભલાની પધ્ધતિ માટે કામ લાગે એટલે ૩૦ હજાર સળીયા ૧૪૦ ચાલીઓ માટે પુરતા થઈ પડે. સ્થાનિક ખરીદીની મી. નરીમાનના બે લીસ્ટ સાચા હોવાનું હમીદ કબુલ કરે છે. તે એમ પણ કબુલ કરે છે કે ૩૦ હજાર સળીયાની સ્થાનિક ખરીદી કરવાની કશી તાકીદ તે જોઇ શકતો નથી. છેવટે તે કહે છે કે ફરિઆદીનો ખુલાસો સાચો ન હોઇ શકે.

હમીદ કહે છે કે "મારૂં લીસ્ટ આશરે નહિં પુરેપુરી ૨૫ ચાલીઓ માટે છે. મારૂં લીસ્ટ સુધારવા અને આશરો આપવાનો હારવેનો મને પત્ર મળ્યો હોત તો હું જરૂર તેમ કરત."

ટુંકામાં આ મુદ્દા વિષે હમીદ અને હારવેની જુબાની એક બીજાથી ઉલટી છે.

આ ઓર્ડર (૩૦ હજાર સળીયાનો સ્થાનિક ઓર્ડર) જાહેર બાંધકામની ૩૪૭મી કલમથી ઉલટો હતો કેમકે તે કલમમાં જણાવેલું છે

કે યુરોપીય બનાવટના માલના ઇન્ડેન્ટ ઇગ્લાન્ડમાંજ માગવા જોઇએ. સાલેભાઇ તૈયબજી પાસે પણ તૈયાર માલ નહોતો, પરંતુ તેઓએ ઇંગ્લાન્ડથી મંગાવ્યો હતો.

હિંદી વજીરનો ઠપકો.

સાલેભાઈ તૈયબજીને ઓર્ડર આપવો ગેરકાયદેસર હતો એવો હિંદી વજીરનો પણ અભિપ્રાય છે. તા ૧૫-૮-૨૩ ના હિંદી વજીરના ખરીતામાં જણાવ્યું છે કે "હિંદના હાઇ કમીશનર એ માલ વધારે ઓછા ભાવે અને તાકીદે પુરો પાડી શકત. અને ઇંગ્લાન્ડમાં ઓર્ડર આપવામાં આવ્યો હોત તો ભારે ફાયદો થાત. માલ મંગાવવાનો તો હિંદ બહારથીજ હતો. તાકીદના કારણે સ્થાનિક ઓર્ડર આપ્યાનું જણાવવામાં આવે છે, પરંતુ હાઈ કમીશનર માલ ખરીદીને તાકીદે રવાના કરી શકત એટલે તેમાં કરવામાં વિલંબ થાત એમ કહેવું શંકાશીલ છે. વળી વિલંબ ન થાય તે માટે સ્થાનિક ખરીદીની જરૂર હતી તોપણ હાઈ કમીશનરને પૂછાવ્યું હોત તો ઉપયોગી થઇ પડત." કેમકે તો સત્તાવાળાઓ ફાયદા પડતા ભાવે સ્થાનિક ઓર્ડર આપી શકયા હોત.

આ પત્રમાં સખ્ત ઝાટકણી છે. હમીદનું કહેવું માનવામાં આવે તો સ્થાનિક ઓર્ડર આપવાનું કશું બહાનું જણાતું નથી.

હમીદની ચીઠીથી હારવેએ તેમ કર્યું કે નહિં એ બહુ અગત્યનું નથી. આવા મોટા ઓર્ડરની કશી જરૂર જણાતી નથી અને ખાસ કરીને એટલા માટે કે ૭/૮"ના એકવડો એક પણ થાંભલો બનાવવામાં આવ્યો નહોતો જો એટલી બધી તાકીદ હતી તો થોડા મહીનામાં તે પતી ન જાય.

સ્થાનિક ઓર્ડર આપવાનો ફરિઆદી ઉપર એટલો આધાર હતો કે જો તે સાઇકસને લખે કે આટલા સળીયા તાકીદે જોઇએ છે તો સાઇકસ સ્થાનિક ઓર્ડર આપે. સાઇકસ કહે છે કે "જો હારવે કહે કે તેને તાકીદે સળીયા જોઇએ છે તો સ્થાનિક ઓર્ડર આપવાની મંજુરી માટે હું અરજી કરૂં. માપ, જથ્થો, વિગેરે નક્કી કરવાનું હારવેના હાથમાં હતું."

રૂ. ૪૬ હજારનો તફાવત.

ફરિઆદી કહે છે કે ભાવો પણ વધારે આપવામાં આવ્યાં હતા. હિંદી વજીરના ખરીતા પ્રમાણે હાઇ કમીશનર રૂ. ૧૬૨ ટનના ભાવે સળીયા મેળવી શકયા હોત, જ્યારે સાલેભાઇ તૈયબજીને રૂ. ૧૯૭/૮ અને રૂ. ૨૩૯નો ભાવ આપવામાં આવ્યો છે. સાઇકસ પોતાની ઉલટ-પાલટ તપાસમાં કબુલ કરે છે કે સ્થાનિક ઓર્ડર આપવાને બદલે હિંદી વજીરને તાર કરવામાં આવ્યો હોત તો ઘણો બચાવ થાત. સ્થાનિક ઓર્ડર આપવાનું કારણ એ હતું કે હારવેએ સળીયા તાકીદે જોઈતા હતા એમ જણાવ્યું હતું, આમ છતા સાઇકસ કહે છે કે હારવેને ઓર્ડર સાથે સંબંધ નહોતો. હાઇ કમીશનરને ઓર્ડર મોકલવામાં આવ્યો હોત તો લગભગ રૂ. ૪૬ હજાર બચી જાત.

ભાવોની વિગતમાં બહુ ઉંડા ઉતરવા મારો હેતુ નથી કેમકે ભાવો આપવા કે સાલેભાઇનું ટેન્ડર સ્વીકારવા સાથે હારવેને કાંઈ સંબંધ નહોતો. ભાવો વિષે આટલો ઉલ્લેખ પણ એટલા માટે કર્યો છે કે સંજોગો જોતાં મી. નરીમાનની શંકા ખોટી નહોતી.

ખોટો ખુલાસો

આમ છતાં એમાં તો શંકા નથી કે આ સળીયાનો ઓર્ડર

આપવામાં ખાતાએ ભૂલ કરી છે અને હજુ આપણને ખરો ખુલાસો મળ્યો નથી. હારવેએ પુરી પાડેલી વિગત પરથી સર કાવસજી જહાંગીરે આપેલા જવાબો ખોટા નીવડયા છે. હારવે પણ તે કબુલ કરે છે. સરકારના જનરલ સભ્યને ખોટો અને ભૂલભરેલો ખુલાસો આપવો એ બહુ ગંભીર સવાલ છે અને તે પણ એવું જાણવા છતાં કે એ ખુલાસાને આધારે તેઓ ધારાસભામાં ખુલાસો કરવાના છે.

ખોટા ઓર્ડરનાં બીજાં કારણો.

જો કે હું માનું છું કે ફરિઆદીએ ખોટા માપના વધારે પડતા સળીયાનો ઓર્ડર આપ્યો હતો તો પણ એનો એવો અર્થ નથી થતો કે તેણે બદદાનત કે અપ્રમાણિક હેતુથી તેમ કર્યું હતું. સરતચૂક અન–આવડત બેદરકારી, બેપરવાઈ, ખોટી ગણત્રી અથવા હમીદની ચીઠ્ઠીને લીધે તેમ થયું હોય. સાઇકસ, હારવે, હમીદ વિગેરે મોટા અમલદારોએ પ્રપંચ રચ્યો હતો એવી આરોપીની દલીલ સાચી ઠરે તોજ બદદાનત કે અપ્રમાણિક હેતુ હતો એમ માની શકાય.

મારી સમક્ષ પડેલી જુબાની એવો નિર્ણય બાંધવા માટે પુરતી નથી. શંકાભર્યાં સંજોગો હોય પરંતુ તે તો અસ્પષ્ટ શંકાજ ગણી શકાય કે જે બહુ ધ્યાન પર લેવા જેવું નથી.

શંકા એકજ વાત ઉપર આધાર રાખે છે કે દીલ્હીના શાહી પર હતા તેજ અમલદારો અહિં પણ એવાજ હોદ્દા પર આવ્યા હતા.

કાગનું બેસવું અને તાડનું પડવું.

પરંતુ એ તો માત્ર કાગનું બેસવું અને તાડનુ પડવું તેના જેવું

છે; એ અમલદારોની નીમણુંક તેમના પોતાના હાથમાં નહોતી. એ ઉપરાંત એ તો જાણીતી અને વહેવારૂ વાત છે કે અમુક કામમાં કુશળ હોય કે અમુક કામનો સારો અનુભવ હોય તેવા માણસોને એવાજ કામ ઉપર નીમવામાં આવે. આ માણસો દીલ્હીમાં આવું કામ કરતા હતા એટલે મુંબઈ સરકારે તેમની પસંદગી કરી હોય એ સ્વાભાવિક છે.

આરોપીએ શંકાનું બીજું કારણ એ બતાવ્યું છે કે અમુક પ્રસંગોમાં અમુક અમલદારો બીજા અમલદારોથી દોરવાયા છે. આ વિષે ચોકકસ કાંઇ નથી, પરંતુ તેમ હોય તોપણ આશ્ચર્યની વાત નથી. એક અમલદાર પોતાના જોડીદારો કે હાથ નીચેના માણસો પર વિશ્વાસ રાખે અને અમુક હદ સુધી તેમના નિર્ણય કે ભલામણ પર આધાર રાખે એ સ્વાભાવિક છે.

અમલદારોની ટોળી મળી હતી અને તેઓએ વેપારીઓ પાસેથી છુપાં કમીશન લઇ વહેંચી લીધા હતા, એવું બતાવનારી કશી જુબાની રજુ થયેલી હું જોતો નથી.

કેટલાક અમલદારો રૂશ્વતખોર હતા.

નરીમાને પુરવાર કર્યું છે કે ખાતાના કેટલાક અમલદારો રૂશ્વતખોર હતા અને કેટલાક સાક્ષીઓ પણ કહે છે કે આ અમલદારો એમ કહેતા કે તેઓ એટલું બધું કમીશન એટલા માટે લે છે કારણકે મોટા અમલદારોને તેમાંથી ભાગ આપવો પડે છે.

આ હકીકત મોટા અમલદારો સામે માત્ર સાંભળેલી હકીકત છે.

વળી એ પણ જાણીતી વાત છે કે નાનો અમલદાર મોટું કમીશન ખાવા માટે આવુંજ કારણ બનાવે. આ સિવાય નરીમાને બોલાવેલા સાક્ષીઓમાંથી કોઇએ પણ ફરિઆદી સામે લાંચરૂશ્વતનો આક્ષેપ કર્યો નથી.

બડા સાહેબોથી સાવચેતી.

ઉલટું જાલ ચીચગર કહે છે કે જયારે તે અને તેનો શેઠ હમીદ કે બીજાને લાંચ આપવા જતા ત્યારે પ્રોમીસરી નોટનું ફોર્મ સાથે રાખતા. તેનું કારણ એ હતું કે "વખતે પૈસા આપતાં ઉપરી અમલદાર જોઇ જાય તો તેઓ નાણાં ઉછીના આપવા ગયા હતા એમ કહી શકાય." તે કહે છે કે "આવી નોટ રાખવાનું કારણ 'હારવે' કે બીજા બડા સાહેબ આવી પહોંચે તેની સામે બચાવ કરવાનું હતું."

આ બનાવે છે કે આ સાક્ષીએ જણાવેલા સોદાઓમાં લાંચની બાબતમાં હમીદ સાથે હારવેને કશો સંબંધ નહોતો.

એટલે મારો નિર્ણય એવો છે કે હારવે અને બીજા મોટા અમલદારોનું કાવત્રું કે મંડળ હોવાનું પુરવાર કરે તેવી કશી જુબાની નથી.

આરોપીની બીજી સુચના એવી છે કે જો ખોટા માપના અને વધારે પડતા સળીયાનો ઓર્ડર આપવામાં આવ્યો હોય તો તેનું કારણ અમલદાર છુપું કમીશન ખાતો હોય એજ હોઇ શકે એ એક કારણ હોય, પણ તે એકજ કારણ નથી. મેં જણાવ્યું તેમ શરતચુક, અન-આવડત, બેદરકારી, ખોટી ગણત્રી અને નાના અમલદારો પર આધાર રાખવાનાં કારણો પણ હોય.

ફરિયાદીની તરફેણના મુદ્દા.

૮૦ હજાર સળીયાના ઇન્ડેન્ટના સંબંધમાં તા. ૫મી ઓગસ્ટ પહેલાં હમીદ કે હારવેની બદદાનત નહિં હોય. હમીદ અને મહેતાના ઇન્ડેન્ટ આઇકસ પર ગયા હતા. તા. ૫મી અને ૮મીની વચ્ચે હારવેને લાગ્યું કે હમીદે થાંભલા માટે સળીયા નથી ગણ્યા, એવા અનુમાન માટે તે જે કારણ આપે છે તે શક્ય છે. મહેતાને થાંભલા માટે સળીયા નહોતા જોઇતા અને છતાં તેનું અને હમીદનું ઇન્ડેન્ટ એક સરખું હતું. તેથી હમીદ થાંભલા માટે સળીયા ભૂલી ગયો હતો એવું અનુમાન વ્યાજબી દેખાય છે. તેણે હમીદને પૂછ્યું અને હમીદે કબુલ કર્યું કે તેના ઇન્ડેન્ટમાં એ સળીયા રહી ગયા છે.

હું મારો નિર્ણય દર્શાવી ગયો છું કે આ બાબતમાં હમીદ અને હારવે છુપું કમીશન લેવા મળી ગયા નહોતા. જો હમીદ નિર્દોષ હોય અને જાણતો હોય કે તેણે થાંભલા માટે ગણત્રી કરી છે તો તે રહી ગયા છે એમ કહેવાનો તેને કાંઇ હેતુ નહોતો.

હમીદ અને પાર્ટિકરની જુબાની અને કાગળો બતાવે છે કે ઇન્ડેન્ટ તૈયાર તો ઓફીસના માણસોજ કરે છે અને કારોબારી ઇજનેરની ફરજ તો બરાબર તપાસી જવાની છે, પરંતુ ફરજ અને કૃત્ય એ બે જુદી વસ્તુ છે.

મહેતા સાથે મળેલો હતો એમ કહેવામાં આવતું નથી. અને છતાં મહેતાના ઇન્ડેન્ટમાં ૫/૮" x ૧૯ના સળીયા પણ હતા કે જે થાંભલા માટે વપરાતા હતા. મહેતાને થાંભલા માટે સળીયા જોઇતા નહોતા અને છતાં તે તેના ઇન્ડેન્ટમાં છે.

એટલે હમીદે હારવેને જરૂર સળાયા ઉમેરવાનું કહ્યું તે બેદરકારી, અન-આવડત કે અજાણપણાને લીધે પણ હોય.

હમીદને સીલ્લક તપાસી કેટલા સળીયા જોઇતા હતા તે જણાવવા કહેવામાં આવ્યું. તેણે જઇને ચીઠી મોકલી કે ૩૦ હજાર સળીયા સ્થાનિક ખરીદીથી અને ૫૦ હજાર હોઇ કમીશનર મારફત જોઇએ છે.

સવાલ એ છે કે તેણે એમ શા માટે કર્યું? તેણે જે ઉડાઉ જવાબો આપ્યા છે તે જોતાં હું કારણ આપી શકતો નથી.

તે બદદાનતથી ન હોઇ શકે. કેમકે હમીદને આ ઓર્ડરનો ખ્યાલ પણ નહોતો. તા ૫મી અને ૮મી ઓગસ્ટ વચ્ચે હારવેએ સુચના કરી કે થાંભલા માટેના સળીયા રહી ગયા છે અને હમીદ પહેલાં એવો જવાબ આપે છે કે "સાદી ગણત્રીની વાત છે. ગણત્રી કરો અને ઉમેરો." તેણે તાત્કાળિક જવાબ આપ્યો હતો. એટલે તે સાલેભાઇ કે બીજાને મળી શક્યો ન હોય અને તેનો જવાબ એવું નથી સુચવતો કે તેને એ વાત સાથે કશો સંબંધ હતો. હારવેએ તેને સીલ્લક નક્કી કરવા જવા સુચના કરી અને તેણે જઇને ચીઠી મોકલી.

બનવાજોગ છે કે હમીદે પોતાના હાથ નીચેના માણસને તપાસ કરવા મોકલ્યો હોય અને તે માણસે ધાર્યું હોય કે થાંભલા માટે ૭/૮"ના સળીયા જોઇતા હતા કેમકે ૫/૮"ના તો મહેનાના ઇન્ડેન્ટમાં પણ હતા. વળી એક વખત ૭/૮"નો વિચાર પણ હતો. બનવાજોગ છે કે એ માણસે ભૂલ કરી હોય.

ગઝદરના પહેલા પત્ર પ્રમાણે 3/4" ના સળીયા ખલાસ થઇ ગયા હતા અને કોઈની એવી ભૂલભરેલી માન્યતા હોય કે સળીયા તાકીદે જોઇતા હતા તો સ્થાનિક તેમજ હાઇ કમીશનર મારફત ઓર્ડર મૂકવામાં આવે. સુપરવાઇઝરની ચીઠ્ઠી પરની હમીદની નોંધ બતાવે છે કે ૭/૮"×૧૯ના સળીયા સાથે તેને કાંઇક સંબંધ હતો.

પરંતુ એવો નિર્ણય થાય કે હમીદ આ બાબતમાં અપ્રમાણીક-તાથી નહોતો વર્ત્યો તો પછી હારવે બદદાનતથી વર્ત્યો હતો એ દલીલ તો તુટીજ પડે છે

બદદાનત અને ઓર્ડર આપવાની પદ્ધતિ વિષે આરોપીની સુચના સ્વીકારવામાં બીજી એક મુશ્કેલી છે. એ કામ હારવેનું બીલકુલ નહોતું.

કમીશન નહોતો ખાતો તે બતાવતા સંજોગો.

જુબાની બતાવે છે કે સળીયા માટે ટેન્ડરો જાહેર ખબરથી માંગવામાં આવ્યા હતા અને ૭ ટેન્ડરો આવ્યા હતા. તે રીપોર્ટ માટે સાઇકસને મોકલવામાં આવ્યા હતા અને સાઇકસના રીપોર્ટથી સાલે-ભાઈ તૈયબજીનું ટેન્ડર સ્વીકારવામાં આવ્યું હતું અને સાઇકસેજ હાઇ કમીશનરને ઓર્ડર મોકલ્યો હતો.

એટલે સાલેભાઇ તૈયબજીને આપવા સાથે કે વિલાયતના કારખા-નાઓને ઓર્ડર આપવા સાથે હારવેને કશો સંબંધ નહોતો.

આ ઉપરાંત જુબાની બતાવે છે કે અંગ્રેજી કારખાનાવાળાઓને હાઇ કમીશનર મારફત ઓર્ડર આપવામાં આવ્યા હતા અને તેના નામો અહિં જણાવવામા આવતા નહિં. માલની સાથે તેની કસોટીના સર્ટીફીકેટ આવે ત્યારેજ નામ જાણવામાં આવે.

તો પછી હારવેએ શા માટે ઈંગ્લાંડ ૫૦ હજાર સગીઆનો ઓર્ડર આપવો જોઈએ ? તેને તો એ ઓર્ડર સાથે કશો સંબંધ ન રહે. કારખાનાવાળાઓના નામ પણ તેના જાણવામાં ન આવે અને જો હારવે છુપું કમીશન ખાવા માગતો હતો તો ઓર્ડર રદ કરાવવા તે શા માટે પ્રયત્ન કરે ?

કાયદાની અદાલતનું કામ કલ્પનાઓ કરવાનું નથી. કોર્ટ છુપી પોલીસનું કામ કરવા ન બેસી શકે. કોર્ટની ફરજ તો તેની સમક્ષની જુબાનનો તોલ કરીને બન્ને પક્ષની જુબાની ઉપરથી ચુકાદો આપવાની છે. જો તેમાં કાંઈ ખામી હોય તો કલ્પના કરીને તે પુરવાર કરવાની કોર્ટની ફરજ નથી. કોર્ટ અમુક હકિકતો ઉપરથી અનુમાન બાંધે પરંતુ તે અનુમાન કેસમાં રજુ થયેલી બીજી હકિકતો સાથે બંધ બેસતું હોવું જોઈએ.

વ્યાજબીપણાની દલીલ નિષ્ફળ.

વ્યાજબીપણાની (આક્ષેપો કરવામાં આરોપી વ્યાજબી હતો) દલીલમાં ફરિઆદીની સ્થિતિ સામાન્ય ફરિઆદીથી જુદી છે. આ કેસમાં એ દલીલ ફરિઆદી સામે બદદાનતનો આક્ષેપ કરવા જેવી છે ફરિઆદીએ એવો ગુન્હો કર્યો છે એવા નિર્ણય પર આવવા માટે શંકા ન રહે એવા પ્રકારની કોર્ટ સમક્ષ જુબાની હોય તોજ તે આ દલીલ સ્વીકારી શકે.

હું નિર્ણય દર્શાવી ગયો છું કે સાઈકસ અને હારવે મળી જઈને છુપા કમીશનો લેતા એવું બતાવનારી જુબાની પડી નથી માત્ર સુચના એ કાંઈ પુરાવો નથી

ઉલટું એવી જુબાની પડી છે કે મોડી ડીલીવરી આપવા માટે સાલે· આઇ તૈયબજીને રૂ. ૬ હજાર દંડ કરવામાં આવ્યો હતો. જો મોટા અમલદારો તેમની પાસેથી કમીશન મેળવતા હોત તો તેઓ મોડી ડીલી· વરી માટે આટલી સજા કરવાની હદ સુધી ન જાય.

એટલે જુબાની ઉપરથી મારે નિર્ણય કરવો જોઇએ કે વ્યાજબી· પણાની દલીલ નિષ્ફળ જાય છે.

બીજા જે દાખલાઓ સંબંધી ફરિઆદીની તપાસ લેવામાં આવી છે, તેમાં ઉતરવાની આ કેસ માટે જરૂર નથી. નરીમાન સામે તેણે આ સળીયા વિષે કરેલા સ્ટેટમેન્ટ સબંધીજ આરોપ છે એટલે આરોપી તેના બીજા આક્ષેપો ખરા પુરવાર કરે તો પણ તેની સામેના આરોપમાં તે બચાવ તરીકે ગણી શકાય નહિં એથી માત્ર તેની સજા હળવી થાય.

"શુભ નિષ્ઠા" નો સવાલ.

છતાં એ બાબતોમાં નરીમાનને મારે ઉતરવા દેવા પડયા હતા કેમકે તેનો બચાવ એ હતો કે મોટા અમલદારો મળી જઇને લાંચ લેતા હતા અને એ રીતે તે જે આક્ષેપો પુરવાર કરવા માગતો હતા તે "શુભ નિષ્ઠા" વિષે નિર્ણય કરવા માટે ઉપયોગી થઇ પડશે, અને એ મુદ્દો હવે વિચારવાનો રહે છે.

૪૯૯મી કલમનો આઠમો અપવાદ એ છે કે કોઈ વ્યકિત કે આક્ષેપવાળી બાબત ઉપર તે વ્યકિત પર અધિકાર ધરાવનાર સામે "શુભ નિષ્ઠા" થી આક્ષેપ કરવો એ બદનક્ષી નથી.

નવમો અપવાદ એ છે કે આક્ષેપ કરનારના કે બીજાના કે

જાહેર પ્રજાના હિતની ખાતર "શુભ નિષ્ટા" થી કોઇના ચારિત્ર પર આક્ષેપ કરવો એ બદનક્ષી નથી.

"શુભ નિષ્ટા" નો અર્થ યોગ્ય સંભાળ અને સાવચેતીથી વર્તવાનો છે.

મોટા અમલદારો સામે લાંચરૂશ્વતનું અનુમાન નરીમાને શુભ નિષ્ટાથી કર્યું હતું કે કેમ ? એ સવાલ માટે બેકબે કમીટી સમક્ષ જુબાની આપતી વખતે તેમની જાણમાં શું હતું તે નક્કી કરવાની જરૂર છે.

મી. નરીમાન ખાતાના સજજડ ટીકાકાર હતા અને ધારાસભામાં નહોતા ત્યારે પણ કેટલાક સભાસદો સાથે અને ખાસ કરીને મી. ત્રીવેદી સાથે ધારાસભામાં ચળવળ કરવા લાગવગ વાપરતા હતા.

લાંચરૂશ્વતની ફરિયાદો.

બચાવપક્ષની જુબાની પુરવાર કરે છે કે ખાતામાં લાંચરૂશ્વત વિષે અફવાઓ હતી અને ખાસ કરીને લોખંડના જથ્થામાં લોખંડ પુરૂં પાડવા માટે જે રીતે ટેન્ડરો સ્વીકારવામાં આવતાં અને ઓર્ડર અપાતા તે માટે જથ્થાના વેપારીઓ બહુ અસંતુષ્ટ હતા. કેટલાક વેપારીઓએ મી. ત્રીવેદી અને મી. નરીમાન પાસે ફરિઆદ કરી હતી કે ખાતાના અમલદારોને કમીશન આપ્યા વિના ઓર્ડરો મેળવી શકાતા નથી અને જેમને ઓર્ડર મળ્યા છે તે જથ્થાના માણસો નથી. જથ્થાના માલીકોજ નહિં પણ બીજા વેપારીઓ અને કોન્ટ્રાક્ટરોમાં આવી માન્યતા ફેલાઇ હતી. ત્રીવેદી અને નરીમાનને આવી ફરિઆદો એટલે તેઓએ બની શકે તેટલી તપાસ કરવા નિશ્ચય કર્યો.

તે માટે ત્રીવેદીએ ૧૯૨૩ના જુલાઈમાં ધારાસભામાં કેટલાક સવાલો મૂકયા. ૧૯૨૪ના ફેબ્રુઆરીમાં જવાબ મોકલવામાં આવ્યા. દરમીયાન ત્રીવેદી અને નરીમાનને ૮૦ હજાર સળીયાના ઓર્ડરની ખબર પડી.

તે પછી મી. ત્રીવેદીએ પૂછેલા સવાલોના જવાબ હારવે રજા ઉપર હોવાથી સાઈકસે પુરા પાડેલા છે

ખોટા જવાબો.

તેમાં એક સવાલ એ હતો કે "ખોટા માપના સળીયાનો ઓર્ડર હતો એવું સરકારી નોંધમાં બતાવેલુ છે?" આ સવાલ ૭/૮"ના સળીયા માટે હતો અને તેનો જવાબ 'ન" કારમાં અપાયો હતો.

નવેમ્બર ડીસેમ્બર સુધીમાં હારવે, સાઇકસ અને હમીદને ખબર પડી હતી કે ભૂલથી ૭/૮"ના સળીયાનો ઓર્ડર અપાયો હતો છતાં સાઇકસે જવાબમાં 'ના" કહી. ૧૯૨૨માં ભુલથી ખોટા માપના સળીયાનો ઓર્ડર અપાયો હતો તેની તેને ખબર નહોતી એ વાત હું માની શકતો નથી. હારવેએ તેને ટેલીફોન તેમજ પત્રથી ખબર આપી હતી અને તેણેજ ઓર્ડર રદ કરવા હાઇ કમીશનરને તાર કર્યો હતો. વળી ખાલવણી ખાતાની પહેલી યોજના માટે ૭/૮"ના કેટલા સળીયા મંગાવ્યા હતા? એના જવાબમાં "૧૫૫૨ ટન એવો જવાબ આપવામાં આવ્યો હતો. આ જવાબ પણ ખોટો હતો.

દાબી દીધેલા આંકડા.

સાઇકસ કબુલ કરે છે કે આ જવાબમાં જીઓ. સરવીસને ૨૦૦૦ ટનનો આપેલો ઓર્ડર ગણવામાં આવ્યો નહોતો.

સ—જીઓ. સરવીસને આપેલો ઓર્ડર બાદ શા માટે કર્યો ?

જ—સવાલ ચાલુ બાબતનો હતો અને નહિં કે અગાઉ બની ગયેલી વાત માટે. જીઓ. સરવીસનું ટેન્ડર તા ૨૩-૧૨-૨૧નું હતું અને માલ ડીસેમ્બરની આખર સુધી પુરો પાડવામાં આવ્યો હતો. મેં ઓગસ્ટથી ૧૯૨૩-ના એપ્રીલ સુધીની મુદત લીધી હતી કેમકે તે ૦ ાજબી દેખાય. જીઓ. સરવીસનો ઓર્ડર મેં ઇરાદાપૂર્વક ન ગણ્યો એ ખરૂ નથી હું ધારૂં છું કે આ જવાબ ઉપર ટીકાની જરૂર નથી. મી ત્રીવેદીનો પ્રશ્ન ચોક્કસ મુદત માટે નથી. ૧૯૨૩ના જુલાઇમાં સવાલ પૂછવામાં આવ્યો હતો તેનો સ્વાભવિક અર્થ એ થાય કે તે તારીખ સુધી કેટલો માલ મંગાવેલો હતો.

નરીમાનને અમુક માહિતી મળી હતી અને તે જાણતા હતા કે મી. ત્રીવેદીના પહેલા અને છઠ્ઠા સવાલોના જવાબ ખોટા છે.

જ્યારે તેઓ ધારાસભામાં ચુંટાયા ત્યારે તેમણે બીજી માહિતી મેળવી તેમજ વેપારીઓ અને કોન્ટ્રાકટરોએ તેમની પાસે ફરિઆદ કરી અને તે ધારાસભામાં રજુ કરવા વિનંતિ કરી. બેઓએ પેટ્રોલ અને જનરલ સપ્લાઇ કંપની વિષે તેમને કેટલીક માહિતી મળી. ૮૦ હજાર સળીયા વધારે પડતા કેમ હતાં તે પણ તેમણે જાણી લીધું એટલે તેમણે ધારાસભામાં પ્રશ્નો પૂછયા.

જવાબોમાં ફેરફાર.

એ સવાલ જવાબો ફરી તપાસવાની જરૂર નથી. ધ્યાનમાં રાખવાની અગત્યની વાત એ છે કે મી. ત્રીવેદીના સવાલના જવાબમાં ખાતાએ ખોટા માપના ઓર્ડરનો ઇન્કાર કર્યો અને મી.

નરીમાનના સવાલના જવાબમાં કબુલ કર્યું કે ભૂલથી ખોટા માપના સળીયાનો ઓર્ડર અપાયો હતો. એ ભૂલ દેખરેખ રાખનાર ઇજનેરના સુપરવાઇઝરે કરેલી સુચનામાં આવ્યું હતું.

નરીમાને એમ કહ્યું હતું કે સળીયા નકામા પડી રહ્યા હતા અને જાહેર ખબર આપવા છતાં ખીલવણી ખાતું વેચી શકયું નહોતું. સરકારે તેનો ઇનકાર કર્યો સરકારની માહિતી ખરી નહોતી કેમકે નરીમાને બનાવટી વેપારી ઉભો કરી તે સળીયા ખરીદવાની માગણી કરાવી અને ખાતાએ એ બનાવટી વેપારીને સળીયા વેચવા જવાબ લખ્યો.

મી. નરીમાનને કેટલાક અમલદારોની લાંચ રૂશ્વત માટે અને ખાતાના માણસો પાસેથી પણ ખબર મળતી રહી.

બેકબે કમીટી સમક્ષ તપાસ વખતે મી. નરીમાનને શી માહિતી મળી હતી તે ચોકકસ કહી શકાય નહિં પરંતુ તેણે બોલાવેલા ઘણાખરા સાક્ષીઓ પોતાની ફરિઆદો સંબંધી તેને મળ્યા હતા. બોમ્બે પેટ્રોલ કંપની સાથે ખાતાની લેવડદેવડ, બોમ્બે કો. ક. કંપની, ફેરો કો. ક. કંપની, એમન ડંકરલી અને ગાયા કંપનીના કોન્ટ્રાકટ, માણેકચંદ જીવરાજને વેચાયેલા સળીયા અને બીજી કેટલીક બાબતોની તેને માહિતી મળી હતી.

આ બધી માહીતીને જોરે તેમણે કમીટી સમક્ષ જુબાની આપી.

કમીટીની સત્તા.

કમીટી બંધારણપૂર્વક રચાયેલી હતી અને તેને દરિયાની પુરવણીની યોજનાને લગતી બાબતો, ફરિઆદો અને ખીલવણી ખાતાના અમલદારો સામેના આક્ષેપો સાંભળવાની સત્તા હતી.

નરીમાન પોતાની માહિતી કમીટીને જણાવવા નહોતા નીકળ્યા, પરંતુ કમીટીએ તેમને લેખિત સ્ટેટમેન્ટ રજુ કરવા અને તો તા. ૧૬ થી ૨૧ ઓગસ્ટ સુધીમાં કોઇ પણ દિવસે હાજર થવા આમંત્રણ કર્યું હતું.

વળી કમીટીએ "ખીલવણી ખાતાના જે અમલદારો" છુપાં કમીશન ખાતા હોય "તેમનાં નામો" આપવા અને બીજી જે વિગતો હોય તે જણાવવા તેમને આમંત્રણ કર્યું હતું. "તેમણે ધારાસભામાં તા. ૩જી માર્ચ ૧૯૨૫ને રોજ જે આધારે ભાષણ કર્યું હતું તે" માહિતી જોઈતી હતી.

કમીટી સમક્ષ તેમનું ભાષણ હતુ. કમીટીના આમંત્રણથી તે ગયા.

મી વેલીંકરની સુચના.

મી. વેલીંકર કહે છે કે કમીટીને બેકબેની યોજના સાથે સંબંધ હતો જ્યારે આ આક્ષેપો નરીમાને લુચ્ચાઈથી દાખલ કરી દીધા હતા.

હું નથી ધારતો કે નરીમાને લુચ્ચાઈથી દાખલ કર્યા હતા. આક્ષેપોને દરિયો પુરવાની યોજના સાથે સબંધ નથી એ તરફ તેમનું ધ્યાન ગયું ન હોઇ શકે. વળી તેમણે કમીટીનું ક્ષેત્ર વધારવાની ખાસ કરીને ચાલીના કોન્ટ્રાકટ, સામાન ખરીદી વિગેરે વિષે હિંદી સરકારને અરજ કરવા કોરપોરેશનમાં ઠરાવ રજુ કર્યો હતો અને સરકાર એ અરજ સ્વીકારશે એવી તે આશા રાખતા હતા.

પરંતુ સરકારને કમીટીનું ક્ષેત્ર વધારવાનું ડહાપણભર્યું ન લાગ્યું.

આથી કમીટીએ તેના સ્ટેટમેન્ટમાંથી કેટલાક ફકરા કાઢી નાખ્યા અથવા પડતા મૂકયા. નરીમાને પોતાનાં સ્ટેટમેન્ટની નકલ છાપાઓને નહોતી આપી.

તેમને "યોજનાના વહિવટ અથવા તો યોજનાના ગેરવહિવટ" અને અંદરના કામકાજ પરની તેમની ટીકા" વિષે કમીટીએ પ્રશ્નો પૂછ્યા હતા.

નરીમાનના જવાબો બતાવે છે કે તે ઓર્ડર (૭/૮"ના સળીયાનો) ચાલીઓને લગતો હતો કે ખીલવણી ખાતાને તે પોતે જાણતા નહોતા, કેમકે બન્ને ખાતામાં થાંભલા વપરાતા હતા.

અલબત્ત ધારાસભામાં તેમને અપાયેલા જવાબો, સર લોલેસ હેપરનું ભાષણ અને મી. ત્રીવેદીને અપાયેલા જવાબો બરાબર તપાસ્યા હોત તો જાણત કે ઓર્ડર બેકબેની યોજના માટે નહોતો.

સર ફ્રેડરીક હોપકીનસન તે વાત જાણતા જણાતા હતા તો પણ સવાલો ઉઠાવનાર તેઓજ હતા. તેમણેજ નરીમાનને કહ્યું કે તમે લખ્યું છે તેમાંથી છટકી નહિં શકો.

નરીમાને જવાબ આપ્યો કે તે છટકી જવા નથી ઇચ્છતા. તેઓ કમીટી પૂછે તેના 'જવાબ આપવા તૈયાર" હતા.

ઉપરાંત એવી પણ જુબાની છે કે પહેલાં થાંભલા દરિયો પુરવાના ખાતામાંથી લેવામાં આવતા.

કમીટીએ હુસેનભાઇ લાલજીને પણ એ વિષે ઉલ્લેખ કરવા દીધો હતો.

સર લોલેસ હેપરની આતુરતા.

સર લોલેસ હેપર નરીમાને કરેલા આક્ષેપો જણાવવા આતુર હતા અને પ્રમુખ પણ રીપોર્ટમા કહે છે કે, "અમે ધારતા હતા કે ખરીદી બેકબેની યોજનાને લગતી હતી."

આ મુદ્દા પર કેટલીક ચર્ચા થઇ હતી અને કમીટીએ એ બાબત તપાસને લગતી ઠરાવી હતી.

સર ફ્રે. હો.—જો આમાંનો એક પણ સળીયો દરિયો પુરવામાં વપરાયો હોય તો હું ધારૂં છું કે અમે તમારો (હારવેનો) ખુલાસો ધ્યાનમાં લઇ શકીએ.

મી. હારવે—હું ધારૂં છું કે કેટલાક સળીયા દરિયા પુરવાના ખાતાને મોકલવામાં આવ્યા હતા.

સ—એક પણ ચાલશે ?

સર લોલેસ હેપર—તમને લેખિત સ્ટેટમેન્ટ આપ્યું છે અને મી. હારવેએ પણ જણાવ્યું છે.

એટલે હું નથી ધારતો કે નરીમાને લુચ્ચાઇથી તે દાખલ કર્યું હતું. ઉપરાંત બદનક્ષીભર્યા આક્ષેપો કમીટીએ પૂછેલા સવાલોના જવાબમાં નરીમાને કર્યા હતા.

એટલે એ સ્ટેટમેન્ટ બંધારણપૂર્વક રચાયેલી અને ફરિયાદો સાંભળવાની સત્તા ધરાવતી કમીટી સમક્ષ ખાસ પ્રસંગે અને કમીટીના સવાલના "જવાબ"માં કરવામાં આવ્યું હતું અને તેથી તદન અસંગત નથી.

"શુભ નિષ્ટા"નો અર્થ.

"શુભ નિષ્ટા"નો મુદ્દો એવો નથી કે આક્ષેપોની સત્યતા પુરવાર કરવી જોઇએ. આક્ષેપો ખોટા નીવડે તો પણ "શુભ નિષ્ટા"થી કરેલા હોવા જોઇએ અલબત્ત એનો અર્થ એવો નથી કે કાંઇ પણ વિના આક્ષેપો કરી શકાય. જો અમુક હકિકતોને આધારે કરવામાં આવ્યા હોય

તો તે હકિકતો પુરવાર કરવી જોઇએ અથવા અનુમાન હોય તો તે વ્યાજબી અને ન્યાયયુકત અનુમાન હોવું જોઇએ. આરોપીએ આધાર રાખેલી બાબત ખોટી નીવડે તો પણ જો તે પુરવાર કરી શકે કે પુરતી કાળજી છતાં એ બાબતો ખોટી હોવાનું તે જાણતો નહોતો કે જાણી શકયો નહોતો તો તે સારો બચાવ છે.

હું નિર્ણય આપી ગયો છું કે સળીયાનો ઓર્ડર "નજીવી ભૂલ"ને લીધે નહોતો. ઇરાદાપૂર્વક, જોઇએ તે કરતાં બહુ મોટા જથ્થામાં સળીયાનો ઓર્ડર આપવામા આવ્યો હતો. પુરવાર થયેલી હકીકતો ઉપર મેં નિર્ણય કર્યો છે કે ઓર્ડર બદદાનતથી અપાયો નહોતો. પરંતુ આ હકિકતો તે વખતે આરોપી સમક્ષ નહોતી.

લાંચના અનુમાનના સંજોગો.

તે નહોતો જાણતો કે સળીયાના ઓર્ડર સાથે દેખરેખ રાખનાર ઇજનેર એકલાને કશો સંબંધ નહોતો. તે નહોતો જાણતો કે હાઇ કમીશનર મારફત ઇંગ્લાન્ડમાં ઓર્ડર મૂકવામાં આવ્યો હતો અને કારખાનાવાળાનાં નામ અહિં જણાવવામાં આવ્યા નહોતા. હમીદની ચીઠી વિષે પણ તે નહોતો જાણતો. તે એટલુંજ જાણતો હતો કે મોટો ઓર્ડર આપવામાં આવ્યો હતો અને કારોબારી ઇજનેરના ઇન્ડેન્ટમાં ફેરફાર કરવામાંઆવ્યો હતો. તેના મગજમા ત્રંવેદીને અપાયેલા જવાબો હતા. ખોટા માપના ઓર્ડર અને જથ્થા વિષે ખોટા જવાબો આપવામા આવ્યા હતા. અમુક અમલદારોની રૂશ્વતખોરીની અફવા તેણે સાંભળી હતી. કોન્ટ્રાકટની કેટલીક પેઢીના માણસોએ લાંચો આપ્યાની તેને વાત કરી હતી. એટલે નહિં જોઇતા માપના સળીયાનો બહુ મોટા

જથ્થામાં ઓર્ડર બદઇરાદતથી અને કારખાનાવાળા નફો કરે એવા હેતુથી આપવામાં આવ્યો હતો એવું અનુમાન કરવામાં તે શુભ નિષ્ઠાથી નહોતો વર્ત્યો એમ ન કહી શકાય.

મી. નરીમાનની વ્યાજબી ફરીયાદ.

મી. નરીમાને વારંવાર ફરિઆદ કરી છે–અને વ્યાજબી ફરિયાદ કરી છે કે એ બનાવ પછી બહુ મોડેથી આ કેસ માંડવાથી તેને ભારે હરકતો નડી છે.

ગુમ થયેલા અગત્યના કાગળો.

જે બહુજ અગત્યના કાગળો આ બાબત પર અજવાળું પાડી શકત તે બધા ગુમ થઇ ગયા છે. હમીદની ચીઠ્ઠી, થાંભલા બનાવવાનું પત્રક કે જે તેમાં વપરાતા સળીયાનું માપ બતાવત તે, પાનીટકરનો ખરડો, હમીદે તૈયાર કરેલા વચગાળેનાં સ્ટેટમેન્ટ, સામાન ખાતાની સ્ટોક બુક, સાલેભાઇ તૈયબજીના ચોપડા, માણેકચંદ જીવરાજના રૂ. ૫૦૦૦ ના ચેકની કાઉન્ટર ફાઇલ બધુંજ ગેબ થઇ ગયું છે.

આ ઉપરાંત ધારસભામાં ખોટા ખુલાસા કરવામાં આવ્યા હતા. જો કોઇ ખુલાસો કરે તો તેના વર્તન અને કૃત્યનો ખોટો અર્થ ખાસ કરીને અફવાઓ ઉડતી હોય ત્યારે કરે તો તે માટે તે ફરિઆદ કરી શકે નહિં.

તેણે માત્ર અફવાઓ સાંભળી હતી એટલુંજ નહિં પણ વેપારીઓ અને બીજાઓએ તેની પાસે અમુક અમલદારોએ લાંચ લીધી અને પૈસા કઢાવ્યા એવી ફરિઆદો કરી હતી.

લાંચ રૂશ્વતના ૧૦૦માંથી ૯૯ દાખલામાં ચોકકસપણે પુરવાર થઇ શકે નહિં. અમુક હકીકતો ઉપરથી અનુમાનજ કરી શકાય અને સામાન્ય રીતે તેનો આધાર આક્ષેપો કરનારની મોઢેની જુબાની પર રહે છે.

અમુક અમલદારોએ લાંચ લીધીજ હતી.

પરંતુ આ કેસમાં મી નરીમાન ખીલવણી ખાતા સાથે કામ પાડનાર પેઢીઓના ચોપડા મેળવી શકયા છે. મી. નરીમાને તેમાંથી રકમો રજુ કરી છે જે ઉપરથી એકજ નિર્ણય થઇ શકે છે કે અમુક અમલદારોએ લાંચ લીધીજ હતી.

એ વાત બાજુએ રાખીએ તો પણ મારા અભિપ્રાય પ્રમાણે કમીટી સમક્ષ "શુભ નિષ્ટા"થી સ્ટેટમેન્ટ કર્યા હતા એવું પુરવાર કરવા માટે ઉપરની હકિકતો પુરતી છે.

એ ધ્યાનમાં રાખવાનું છે કે મી. નરીમાને હારવે સામે લાંચનો ખુલ્લો આક્ષેપ કર્યો નથી, પોતાના લેખિત સ્ટેટમેન્ટમાં "અફવાઓ"નો ઉલ્લેખ કરીને તેઓ કહે છે કે એ "નજીવી ભૂલ" કેમ થવા પામી તેનો ખુલાસો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી. જો કે મૂળ ઇન્ડેન્ટ એક ઇજનેરે બરાબર તૈયાર કર્યું હતું અને તેના ઉપરીએ ઇરાદાપૂર્વક ફેરફાર કર્યો હતો.

વધારાના માલ સબંધી બોલતાં પણ તેમણે એ વિષે ઉલ્લેખ કર્યો હતો.

હુસેનભાઇ લાલજીએ પણ તે વિષે ઉલ્લેખ કર્યો હતો. તે કહે છે કે "એક વખત ધારાસભામાં જણાવવામાં આવ્યું હતું કે રૂ. ૬ લાખનો વધારાનો સામાન વેચવામાં આવ્યો હતો."

સ—કોણે જણાવ્યું હતું ?

જ—મને યાદ છે કે ડીરેકટરે ધારાસભામાં કબુલ કર્યું હતું કે ખોટા માપના રૂ. ૨૬ લાખના સળીયાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો.

સર ફ્રેડરીક મી. નરીમાનને કહે છે કે તમે લખ્યું છે તેમાંથી છટકી નહિં શકો ત્યારેજ તેમણે કહ્યું કે તે છટકવા નથી ઇચ્છતા. કમીટીએ પૂછેલા સવાલોના તેમણે જવાબો આપ્યા કે જે માટે આ કેસ માંડયો છે.

તપાસ ચલાવવામાં આવે ત્યારે પોતે જાણતો હોય તે કહેવાની દરેકની ફરજ છે.

ગુન્હોનો જાણ થતાં તે જણાવવાની ફરજ.

જ્યારે કોઇના જાણવામાં આવે કે ગુન્હો થયો છે ત્યારે પોતે જાણતો હોય તે યોગ્ય સત્તાવાળાને જણાવવાની શહેરી તરીકે તેની ફરજ છે અને પોતે જાણતો હોય અને પ્રમાણિકપણે માનતો હોય એટલી હકિકત કહે તો જેને માટે તેણે ખબર આપી હોય તે ગુન્હેગાર નથી એવું પુરવાર થાય તો તેથી તેની સામે કામ ચલાવી ન શકાય.

તપાસ પંચ જેવા અર્ધ-ન્યાયાધિકારી મંડળ સમક્ષ કરેલું સ્ટેટમેન્ટ તેટલુંજ સુરક્ષિત ગણાય, જો કે તેવા મંડળને સોગંદ આપવાની કે સાક્ષીઓને ફરજીયાત બોલાવવાની સત્તા નથી.

હવે હું ખાતાના કેટલાક અમલદારોના રૂશ્વતખોરીનો સવાલ ચર્ચીશ. આ અફવાની હયાતિ મી. ત્રીવેદી, મી. શેઠના, વનમાલીદાસ અને ડૉ. કુપરે પુરવાર કરી છે.

મી. શેઠના કે ડૉ. કુપર વિરૂધ્ધ કાંઇ કહેવામાં આવ્યું નથી. મી. શેઠના

તાતા હાયડ્રો કંપનીની ચાર પેઢીઓના ડેપ્યુટી મેનેજર છે. ડો. કુપર એક ડેન્ટીસ્ટ છે અને મી ત્રીવેદી એક વખત ધારાસભાના સભ્ય હતા.

આ સાક્ષીઓની જુબાનીમાં ઉતરવાની જરૂર નથી કેમ કે ફરીઆદીએ પોતે અફવાની હયાતિ કબુલ કરી છે.

પરંતુ મી. નરીમાન આ અફવાઓની હયાતિમાં સંતોષ માનતા નથી. તેણે કેટલીક જુબાની અને કાગળો રજુ કર્યા છે કે જે મારા અભિપ્રાય પ્રમાણે અમુક અમલદારો રૂશ્વતખોર હતા તે બનાવવા માટે પુરતા છે.

લાંચ વિષેની જુબાની માનવાનાં કારણો.

મોઢેની જુબાનીમાં ચીચગર, કાપડીયા, એલાવીયા અને જુસબ હસને તેઓ જાણતા હતા તે અમલદારોની રૂશ્વતખોરી વિષે જણાવ્યું છે. તેઓની સખ્ત ઉલટપાલટ તપાસ લેવામાં આવી છે.

આ સાક્ષીઓએ શા માટે ખોટી જુબાની આપવી જોઈએ તેનું કાંઇ કારણ નથી. તેમને તેમાં કાંઇ લાભ નથી. ઉલટું લાંચ આપવામાં તેઓ સાધનભૂત હતા એમ જગજાહેર કરીને તેઓએ પોતાનેજ ખુલ્લા પાડયા છે

જાણીતી વાત છે કે આવા કેસમાં સાક્ષીઓ આગળ આવીને પોતાની અપ્રમાણિકતા જાહેર કરવા નાખુશ હોય છે

આ સાક્ષીઓને મી. નરીમાન સાથે કાંઇ સંબંધ નથી તેમજ તેઓને મી. નરીમાનની મહેરબાની મેળવવાની નથી કે બદલો મેળવવાની આશા નથી. ઉલટું વેપારીઓ તરીકે તેઓ સમજે છે કે તેઓએ અમુક અમલદારોને લાંચ આપી હતી એમ જાહેર કરવાથી તેઓને ખમવું પડશે.

જો પુરાવાનો આધાર તેમના શબ્દ માત્ર ઉપર હોત તો એમ કહેવામાં આવત કે કોર્ટે આવી "બનાવટી" જુબાનીને બહુ વજન આપીને અમલદારો પર આવા ગંભીર આરોપો ન મૂકવા જોઈએ.

સાક્ષીઓએ મૂકેલા આરોપોની ગંભીરતા હું પુરેપુરી સમજું છું, અને ગમે તેવા આધારે પણ કરેલા અસ્પષ્ટ આક્ષેપો, અનુમાનો કે શંકા પરથી કોર્ટ એકાએક રૂશ્વતખોરીનો આરોપ નહિં મૂકે.

પરંતુ આ સાક્ષીઓની હકિકતોને કેટલીક પેઢીઓના ચોપડામાંથી રકમો ટેકો આપે છે

ચીચગર બોમ્બે પેટ્રોલ અને જનરલ સપ્લાય કંપનીનો કેટલોક વખત સુધી મેનેજર હતો.

આ કંપની કેટલોક માલ પુરો પાડવાના કોન્ટ્રાકટ મેળવી શકી હતી. આ કંપનીના કોન્ટ્રાકટ, ભાવ અને બીલો આ કેસમાં ભારે તકરારના વિષયો છે.

એ સવાલોના ગુણદોષમાં હું ઉતરવા નથી માગતો. ચીચગર કહે છે કે કંપની અમુક અમલદારોની માનીતી હતી અને લાભકારક ભાવે તેને કોન્ટ્રાકટ મળતા. આ મહેરબાનીઓ કંપનીના અમુક ભાગીદારો અને અમલદારો વચ્ચેની ગોઠવણનું પરિણામ હતું.

વેપારીઓ અને અમલદારો વચ્ચે ગોઠવણ.

કંપનીના ભાગીદારો ભાગવત, નાનચંદ અને ચીમનલાલ હતા. ચીચગરને મેનેજર તરીકે ઓર્ડર મેળવવા જવું પડતું અને તે હમીદ, ગઝદર, મહેતા અને કાલ્ડવેલને મળતો. હું જાણું છું ત્યાં સુધી નાના ઓર્ડર માટે ભાવો ન આપવા પડતા. નાનચંદ હમીદને મળતો

ત્યારે હમીદ ભાવો નક્કી કરતો. મોટા ઓર્ડર માટે જુની કસ્ટમ ઓફિસમાં આવેલી વડી ઓફીસમાં ભાગવત ભાવોની ગોઠવણ કરતો. અમારી કંપની અને અમલદારો વચ્ચેની ગોઠવણ મને સ્પષ્ટ જણાવવામાં આવી નહોતી, પરંતુ મારા હાથમાંથી જે કામકાજ પસાર થતું તે ઉપરથી હું જાણી શકયો કે ઓર્ડર આપનારને અમુક રકમ આપવાની છે એવી ગોઠવણ હતી. કોઈ કોઇ વખત હું પોતેજ અમલદારોને પૈસા આપવા જતો.

આ સાક્ષી અમલદારોને નાણાં અપાતાં તે પુરવાર કરવા કંપનીના ચોપડામાંની રકમો બતાવે છે, જે નીચે પ્રમાણે છેઃ—

તા. ૧૩–૫–૨૨

૫૦૦-૦–૦ સ્ટોર હિસાબ ખાતે

૪૦૦–૦–૦ મી. કાલ્ડવેલને હા. નાનચંદ

૫૦–૦–૦ મી. કાલ્ડવેલના કલાર્ક વિગેરે

૫૦–૦–૦ વરલીના સ્ટોરકીપર વિગેરેને

૫૦૦–૦–૦

ચીચગર કહે છે કે આ રકમ અપાઇ ત્યારે તે નાનચંદની સાથે હતો.

તા. ૨૩–૫-૨૨

૩૦૦–૦–૦ મી. ગઝદરને મેની આખર સુધી ચૂકતે હા. નાનચંદ

૨૬–૪–૦ બી. દી. માટુંગા ટરપોલીન હ. ચીચગર

આ કુલ રકમ રૂ. ૩૪૦ ની છે અને ચીચગરના હસ્તકની રકમ તેના પેટામાં છે

૨૦૦–૦–૦ મી. ગઝદરને રોકડા.

મી. હમીદના પિત્રાઇ માટે મોટર સાઇકલ.

૧૨૦૦–૦–૦ ભાગવત મારફત એચ જી. બોલ પાસેથી મોટર સાઇકલ ખરીદી તેના રોકડા.
ચીચગર કહે છે કે આ મોટર સાઇકલ હમીદના પિત્રાઈને આપવામાં આવી હતી.

૩૦૮–૦–૦ નાતાલમાં ફ્રુટ સીગરેટ વિગેરે

૧૦૦–૦–૦ ઓવરસીયર કામટને તા. ૨–૧૨–૨૨

૭૫૦–૦–૦ મી. ગઝદરને તા. ૨૦–૧૨–૨૨

૫૦૦–૦–૦ મી. ગઝદરને તા. ૧૦–૧–૨૩

૫૦૦–૦–૦ મી. ગઝદરને

૫૦૦–૦–૦ હમીદને

૫૦૦–૦–૦ નં. ૩ ખાતે

"શાહખાતે" મોટી રકમો.

ચીચગર કહે છે કે કંપનીએ ચારપાંચ ખાતાં રાખ્યાં હતાં અને તેના માત્ર નંબર આપવામાં આવ્યા હતા. અમુક અમલદારોને આપવામાં આવતી રકમ આ ખાતાઓમાં નાખવામાં આવતી અને તેની વિગત ભાગવત પાસે રહેતી. અમલદારોને આપેલી રકમો "શાહખાતે" ઉધારવામાં આવતી. આ બધાં ખાતા "છુપાં ખાતાં" હતાં.

ચાંદીના વાઝની ખરીદી.

નાનચંદ અને ચીચગરે ઝવેરી બજારમાંથી એક ચાંદીનું વાઝ ખરીદ્યું. ચીચગરે વાઝ ભાગવતને આપ્યું અને ચોઠી મહેતા ચુનીલાલને આપી જેણે તે પ્રમાણે રૂ. ૨૫૦ ઉધાર્યા.

ફરિઆદ પક્ષે એવું પુરવાર કરવા પ્રયત્ન કર્યો હતો કે આ ખાતાઓ અમુક ખાતા સાથેના કાજકાજમાં કંપનીએ કેટલો નફો નુકશાન કર્યો તે નકકી કરવા માટે રાખવામાં આવ્યાં હતાં. તે ખાતાને પુરો પાડવા માટે ખરીદાયેલો માલ તે ખાતે ઉત્રરવામાં આવતો અને તેના બીલ તે ખાતામાં જમે કરવામાં આવતાં.

આ ખુલાસો ખરો ન હોઇ શકે કેમકે નહિં તો તેમાંની કેટલીક રકમો ખાતામાં ઉધરી ન હોત. દાખલા તરીકેઃ-

રૂ. ૧૫-૦-૦ મોટર સાઈકલ પર લોટરીની ટીકીટ
૭૦૦-૦-૦ ગઝદરને ચૂકવ્યા.
૧૦-૦-૦ હમીદના માણસને.
૧૪૦-૦-૦ વરલીના સ્ટોરકીપરને.
૧૬૮-૦-૦ રાફલનો ઓકટોબરનો પગાર.
૧૦૦-૦-૦ સુપરવાઈઝર કોલાડો વિગેરે.

આરોપીનું કહેવું એવું છે કે આ ખાનગી ખાતાઓની મોટી રકમો બીલ ઉપર અમુક અમલદારોને આપેલાં કમીશનો છે.

કંપનીના ચોપડામાં મી. હમીદનું ખાતું.

કંપનીના ચોપડામાં મી. હમીદનું ખાતુ છે તે વિષે હમીદે ઉલટપાલટ તપાસમાં કહ્યું હતું કે તેણે કંપનીને પૈસા ચૂકવી આપ્યા હતા અને તે માટે તેણે રસીદો રજુ કરી પરંતુ રસીદોમાં બધી રકમો આવી જતી નથી. હું તેનો ખુલાસો માની શકતો નથી. કેટલીક રકમો હમીદના શોફરને આપેલી છે. કંપનીએ તેના શોફરને શા માટે પૈસા આપવા જોઇએ? કંપની કોઇ

બેંકનું કામ કરતી નહોતી અને હમીદને બેંકમાં ખાતું હતું. ડ્રાઈવરોને બુટ અપાવવા કે ફીઆઝઅલીખાનને રૂ. ૧૦૧) આપવાનું કંપનીને કાંઇ કારણ નથી, તેમજ હમીદને બ્લેન્કેટ અને કપડાં માટે પૈસા આપવાનું કાંઇ કારણ નથી. હમીદે પૈસા આપ્યા હોય એવો એક પણ ચેક તે રજુ કરતો નથી. હમીદે પાછળથી બીલો રજુ થતાં પૈસા ચૂકવી આપ્યા હતા તેની વિરૂધ્ધ એ મુદ્દો છે કે તેને રોકડ નાણાં પણ આપવામાં આવ્યાં હતાં.

લાંચો આપેલી પુરવાર.

તે કહે છે કે તેને રોકડી રકમ મળી નથી. જો એમ હોય તો તા. ૧૧–૧–૨૩ની રૂ. ૫૦૦ની રકમ કયાંથી આવી? વળી કંપની રૂ. ૧૨૦૦ની મોટર સાઇકલ ખરીદે અને હમીદને ખાતે ઉધારે તેનું પણ કાંઇ કારણ નથી. હમીદનું ખાતું અને તેને આપેલી બીજી રકમો ચોકખું પુરવાર કરે છે કે કંપનીએ હમીદને, ગઝદરને બીજા અમલદારોને લાંચો આપી હતી.

લાંચ છુપાવવાની યુકિત.

મી. વેલીંકરે ચીચગરની સખ્ત ખબર લીધી હતી. અલબત્ત તેની કેટલીક વાતો ખરી નહોતી, પરંતુ આ બાબતમાં તેની જુબાની તોડી શકાય એવી નથી. કંપનીના ચોપડા તેની વાતને ટેકો આપે છે અને એ બધી રકમો ઉપરથી એકજ અનુમાન કાઢી શકાય કે કંપનીએ અમુક અમલદારને લાંચ આપી હતી. આ સાક્ષી બનાવટી ઉભો કરવામાં આવેલો છે એમ કહેવું તદ્દન બેહુદુ છે. આ કેસ મંડાયો તે પહેલાં-ઘણા વખત પહેલાં–જ્યારે આવા પ્રસંગની

કલ્પના પણ નહોતી ત્યારે તેણે મી. નરીમાનને અમલદારોની રૂસ્વતખોરી વિષે ફરિઆદ કરી હતી. આ મુદ્દા વિષેની તેની જુબાની નહિં માનવાનું હું કાંઇ કારણ જોતો નથી. તે દરેકની સામે આક્ષેપો કરતો નથી. ઉલટું તેની જુબાની ફરિઆદીની તરફેણમાં જાય છે. તે કહે છે કે અમલદારોને પૈસા આપવા જતી વખતે તેઓ પ્રોમીસરી નોટના ફોર્મ સાથે રાખતા કેમકે તેમને હારવે અને બીજા બડા સાહેબોની બીક હતી. પ્રોમીસરી નોટના ફોર્મ રાખવાનો હેતુ પૈસા આપતાં પકડાઇ જવાય તો પૈસા ધીરવા આવ્યા હતા એમ કહી શકાય એ હતો.

કિંમતી ચીજોની ભેટો.

અમલદારોની રૂસ્વતખોરી વિષે બીજો સાક્ષી કાપડીઆ છે, તેની જુબાનીમાં ગઝદર અને કોલ્ડવેલ સંડોવાય છે. તે મને પ્રમાણિક સાક્ષી લાગ્યો અને હું તેની જુબાની માનું છું. તે પણ કહે છે કે ગઝદરે અડધોઅડધ ભાગ વહેંચી લેવાની દરખાસ્ત કરી હતી, પરંતુ તેણે ના પાડી કેમકે તેને હારવે જેવા ઉપરી અમલદારોના હાથે પકડાઈ જવાની બીક લાગતી હતી. કોલાબા ખાતાના અમલદારોએ બાલકીશનદાસ શેઠ પર દર્શાવેલી મહેરબાની અને બાલકીશને અમલદારો અને તેમની સ્ત્રીઓને પાના જડીત સોનાની બંગડીઓ, રૂવાં, સેતરજીઓ, તકીયા અને ખુરસીઓ વિગેરે કિંમતી ચીજોની ભેટ આપ્યાનું તે જણાવે છે.

બ્યુક મોટરોની ખરીદી.

મોટર એજંસીનો માલેક નારાયણરાવ મહાદેવ પાઇ જણાવે છે કે

તેણે હમીદ, નંદકીશોર અને બીજાઓની મોટરો સમારી અને રંગી હતી અને તેનાં બીલ બોમ્બે પેટ્રોલ અને જીઓ. સરવીસ કંપનીએ આપ્યાં હતાં. તે કહે છે કે ચુનીલાલ અબ્દુલ હમીદ અને ગઝદરની સાથે ગયો હતો અને પ્રાટ કંપનીમાંથી બે બ્યુક મોટરો ખરીદી હતી.

ડૉ૦ કુપર કહે છે કે વલીમહમદ નામનો તેમનો એક ઘરાક હતો જેને ખીલવણી ખાતાનો કોન્ટ્રાકટ મળ્યો હતો. તે માણસ મરી ગયો છે. તેણે ડૉ. કુપરને અમલદારો લાંચ લે છે એવી ફરિઆદ કરી હતી અને મી. નરીમાનની ઓળખાણ કરાવી આપવા કહ્યું હતું. વલીમહમદે મહેતા, ગઝદર અને બીજા બે હિંદી અમલદારોનાં નામ આપ્યાં હતાં.

"ઇજનેર"નું ખાતુ.

વલીમહમદના ભાઇ જુસબે તેના ભાઇના ચોપડા રજુ કર્યા છે. તેના ચોપડાના એક ખાતા પર નામ નથી, પરંતુ મથાળે "ઇજનેર" શબ્દ છે. તેમાં રૂ. ૧૦૦-૭૨૫-૫૦૦-૭૧૯-૨૦૦-૪૦૦-૮૦૦-૧૨૫ ૨૦૦-૨૦૦-૨૩૫ અને કેટલીક ચીજોની ખરીદીની નાની રકમો ઉધારેલી છે. "ઇજનેર" ખાતે કુલ રકમ રૂ ૫૦૬૪-૫-૦ થાય છે. જુસબ કહે છે કે તે "ઇજનેર" કેપ્ટન કારમાઇકલ છે. કારમાઇકલ મહેતાના હાથ નીચે હતો. આ ઉપરાંત રેકર્ડ રૂમ સંબંધી કામ આપનાર અમલદારને ૧૦ ટકા કમીશનની રકમો ઉધારેલી છે. દુલાભે પણ આ તીજ જુબાની આપી છે.

૧૨॥ ટકા કમીશનની રકમો.

એલાવીયા પણ કેટલાક અમલદારોને રકમો આપેલી જણાવે છે. ગાયા કંપનીના ભાગીદાર શંભુ ભાગોજીનો તેને પાવર ઓફ એટરની મળેલો હતો. શંભુ નાણાં રોકનાર ભાગીદાર હતો. એલાવીયા કહે છે કે ૮૦ ચાલોનો કોન્ટ્રાકટ બોંબે કો. કં. કંપનીને અપાયા પહેલાં ગાયા કંપની અને અમલદારો વચ્ચે અડધોઅડધ હિસ્સાની ગોઠવણ થઇ હતી. પાછળથી ૧૨॥ ટકાની ગોઠવણ થઇ. ગાયા કંપનીના ચોપડામાં નફા પર ૧૨॥ ટકા કમીશન આપ્યાની રકમો છે, જે પાછળથી ઘટાડીને ૫ કે ૭ ટકા કરવામાં આવ્યું હતું.

૧૨॥ ટકા કમીશન સંબંધી આ સાક્ષીની જુબાની સાચી માનું છું અને ચોપડાની રકમો તેને ટેકો આપે છે.

છેલ્લી જુબાની માણેકચંદ જીવરાજની લઇએ કે જેણે વધારાના સળીયા ખરીદ્યા હતા. મને તે વિરોધી સાક્ષી લાગવાથી મેં મા. નરીમાનને તેની ઉલટપાલટ તપાસ લેવા દીધી હતી.

માણેકચંદ જીવરાજવાળો સોદો.

૮૦ હજાર સળીયા આવ્યા ત્યારે જણાવ્યું કે તે ખોટા માપના હતા અને ડીઝાઇન બદલીને અને તેટલાનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આમ છતાં મોટો જથ્થો વધી પડ્યો.

તે સળીયા માણેકચંદ જીવરાજને કેવા સંજોગોમાં અને કેમ વેચવામાં આવ્યા તે જણાવવાની જરૂર નથી. હારવેએ ઇંગ્લાન્ડથી આવીને હોદ્દો સંભાળી લીધો તેજ દિવસે સળીયા વેચાયા. બચાવપક્ષ કહે છે કે આ સોદો નક્કી કરવા માટે માણેકચંદ જીવરાજે રૂ. ૫૦૦૦ આપ્યા હતા.

હું જણાવી દઉં કે મી. હારવેને રૂ. ૫૦૦૦ આપવામાં આવ્યા એવું બતાવનારી જુબાની નથી. પરંતુ જે જુબાની પડી છે તે એવી છે કે જે ઉપરથી સોદો નકકી કરવા કોઇકને રૂ. ૫૦૦૦ આપવામાં આવ્યા હતા એવું અનુમાન કરવામાં આવે.

મી. હારવે આવતાં સોદા એક દિવસમાં નકકી.

જુબાની ઉપરથી જણાય છે કે માણેકચંદ જીવરાજે પહેલાં માગણી કરી હતી પરંતુ કાલ્ડવેલે કહ્યું કે તેને સોદા નકકી કરવા કાંઇ સત્તા નથી પરંતુ બડા સાહેબ—એટલે મી. હારવે આવ્યા પછી નકકી કરશે. માણેકચંદે મી. હારવે આવતાં સુધી રાહ જોઇ. તા. ૨૦મી ઓકટોબરે તેણે મી. હારવે પર પત્ર લખ્યો અને તે પત્ર લઇને મી. હારવેને મળ્યો અને તેજ દિવસે સોદો નકકી થઇ ગયો. કરારની શરતો મી. બેલે મંજુર કરી હતી, પરંતુ મી. હારવેએ કેટલીક કલમો હળવી કરી હતી.

ચેક વિષે ગડબડ.

તા. ૨૯મી ઓકટોબરે માણેકચંદ જીવરાજે રૂ. ૫૦૦૦નો ચેક લખ્યો. તે ચેકની કાઉન્ટર ફાઇલ બાળવી છે, પરંતુ માત્ર આ એકજ નથી સાચવી. તેણે કહ્યું કે તે કયાંઇ ગેરવલ્લે મૂકાઇ હશે અને તે તપાસ કરશે. કોર્ટે તેને જયારે મળે ત્યારે તે રજુ કરવા કહ્યું હતું. તેની જુબાની નવેમ્બરના આખરમાં લેવાઇ હતી પરંતુ હજુ સુધી તેણે કાઉન્ટર ફાઇલ રજુ કરી નથી.

માણેકચંદ જીવરાજના ચોપડાની ઝડતી.

મી. નરીમાનને કાંઇક ખબર મળી અને તેણે માણેકચંદ જીવ-

રાજના ચોપડાની ઝડતી માટે અરજી કરી. મી. નરીમાન મોતીલાલ સાથે માણેકચંદ જીવરાજની દુકાને ગયા અને ચોપડા રજુ કરવા કહ્યું. માણેકચંદ તેમ કરવા ખુશી નહોતો, પરંતુ આખરે તેણે ચોપડા રજુ કર્યા. ચોપડા તપાસતાં ' માણેકચંદ જીવરાજ હસ્તે " ખીલવણી ખાતા ખાતે રૂ. ૫૦૦૦ની રકમ પકડાતાં માણેકચંદ જીવરાજે કહ્યું કે "ખીલવણી ખાતા સાથે કામ પાડવા માટે એવી વસ્તુની જરૂર હતી." મોતીલાલને બાજુ પર લઇ જઇ તેણે તેને કહ્યું કે મને હેરાન ન કરે. ' વેપારીઓમાં આવી વસ્તુ સામાન્ય છે."

પાછળથી માણેકચંદ મી. ત્રીવેદીને મળ્યો અને વચ્ચે પડવા કહ્યું. મી. ત્રીવેદીએ મી. નરીમાનને પોતાની ઓફીસે બોલાવ્યા. તે વખતે માણેકચંદ જીવાજ અને મી. ત્રીવેદીના નાના ભાઇ (જેઓ હમણાં યુરોપમાં છે) હાજર હતા.

રૂ. ૫૦૦૦ના વિષે મસલત.

માણેકચંદ જીવરાજે રૂ. ૫૦૦૦ની રકમ માટે કહ્યું કે આ વાત કોર્ટમાં જાહેર ન કરશો કેમકે તેઓ કોન્ટ્રાકટરો છે અને સરકારી તેમજ રેલવે ખાતા સાથે કામ પાડતા હોઇ તેમના ધંધાને હાનિ પહોંચે. મી. નરીમાને તેને એ રકમ વિષે સાચું બોલવા દબાણ કર્યું. મી. ત્રીવેદીના નાનાભાઇ માણેકચંદને અંદરના ઓરડામાં લઇ ગયા અને કેટલીક મીનીટ પછી બહાર આવ્યા. માણેકચંદની હાજરીમાં તેણે કહ્યું કે કોર્ટ રક્ષણ આપે તોજ તે પેલી રકમ વિષે કહે છે. મી. નરીમાને ખાત્રી આપી કે વકીલ તરીકે હું જાણું છું કે કોર્ટ રક્ષણ આપશે. આમ છતાં માણેકચંદે કાંઇ ન કહ્યું. મી.

ત્રીવેદીના ભાઇએ કહ્યું કે માણેકચંદે તેને કહ્યું કે એ રકમ કાલ્ડવેલને સોદો નક્કી કરવા માટે આપી હતી. માણેકચંદે તે વાતનો ઇન્કાર ન કર્યો પરંતુ કહ્યું કે હું મારા વકીલની સલાહ લઇશ. અઠવાડીયા પછી તેણે મી. ત્રીવેદીને કહ્યું કે મેં વકીલની સલાહ લીધી છે. મી. ત્રીવેદીએ રક્ષણ મળે તો સાચું કહી દેવા તેને કહ્યું.

માણેકચંદ કબુલ કરે છે કે ત્રીવેદીની ઓફીસમાં નરીમાનની તેણે મુલાકાત લીધી હતી. તે અંદરના ઓરડામાં જઇ આવ્યો અને ત્રીવેદીના ભાઇએ વાત કરી એ તે કબુલ કરે છે, પરંતુ તેણે શું કહ્યું તે તેને યાદ નથી. તે કબુલ કરે છે કે તેણે મી. કાનુગા વકીલની સલાહ લીધી હતી.

ઉપર જણાવેલી વાત તેણે નહોતી કરી એ તેનું કહેવું હું નથી માનતો.

મોતીલાલને આરોપી કે મી. ત્રીવેદી સાથે કશો સંબંધ નથી. એટલે તેને સોગંદ ઉપર જુઠું બોલવાનું કે માણેકચંદ સામે વાત ઉભી કરવાનું કારણ નથી કેમકે માણેકચંદે તેનું કાંઇ બગાડયું નથી કે તેઓને કાંઇ દ્વેષ નહોતો. ઉપરાંત માણેકચંદ જીવરાજ, મી. ત્રીવેદીની પેઢી અને બીજાએ મળીને વધારાનો માલ ખરીદ્યો હતો. પોતાના એક ભાગીદારની વિરૂધ્ધ બોલવાનું મી. ત્રીવેદીને કાંઇ કારણ ન હોય. વળી જો રૂ. ૫૦૦૦ની રકમ નિર્દોષ હોય તો મી. કાનુગાની સલાહ લેવાની કે મી. ત્રીવેદીને વચ્ચે પડીને મુલાકાત કરાવી આપવાનું કહેવાની કશી પણ જરૂર નહોતી.

એ રકમજ બચાવપક્ષની દલીલને ટેકો આપે છે અને કાઉન્ટર

ફાઇલ રજુ કરવામાં નથી આવી. તે બતાવે છે કે સાક્ષી એ રકમ વિષે હમણાં જે કહે છે તે ખરૂં ન હોઇ શકે. તે કહે છે કે રૂ. ૫૦૦૦ નફાનો તેનો હિસ્સો હતો. પછી તે કહે છે કે તેણે પેટે એ રકમ ઉપાડી હતી.

ન માની શકાય તેવા ખુલાસા.

એમાંથી એકકે વાત ખરી નથી. પાકા રોજમેળમાં રકમ આ પ્રમાણે છે.—રૂ. ૫૦૦૦, કાર્તક સુદ ૧૫, તા. ૩૦ મી ઓકટોબર ૧૯૨૫, મુંબઇ ખીલવણી ખાતાના માટુંગાના સળીયા ખાતે ઉધાર, સળીયાની પરચુરણ મજુરી માટે ચૂકવ્યા હસ્તે માણેકચંદ જીવરાજ.

કાચા મેળમાં નીચે પ્રમાણે વિગત છે:—મુંબઇ ખીલવણી ખાતાના માટુંગાના સળીયા ખાતે ઉધાર હસ્તે માણેકભાઈ.

બાલુભાઇ છેકીને માણેકભાઇ લખેલું છે. જો એ રકમ નફાના હિસ્સા કે પેટે ઉપાડવામાં આવી હતી તો તે મુંબઇના ખીલવણી ખાતાના સળીયા ખાતે કેમ ઉધારવામાં આવી અને "પરચુરણ મજુરી ખર્ચ" શબ્દો કેમ આવ્યા?

એ તો અનુભવથી જાણીતી વાત છે કે જ્યારે રકમ ચોપડામાં લખવામાં આવે અને તે કોને અપાઇ તે જણાવવું હોય તો "પરચુરણ ખર્ચ" કે "પરચુરણ મજુરી ખર્ચ" ખાતે એ નાખવામાં આવે છે.

જુબાની બતાવે છે કે આ અરસામાં માણેકચંદ જીવરાજના પ્રતિનિધિ વોરાએ ખાતાને કમીશન આપ્યાની મી. શેઠનાને વાત કરી હતી.

'શુભ નિષ્ટાના સચોટ પુરાવા.

ખરાબ અફવાઓની હયાતિ, લાંચો આપવી પડતી હોવાની કેટલાકોની મી. નરીમાનને ફરિઆદ, મોટા માપના સળીયાનો ઓર્ડર, અસાધારણ મોટો જથ્થો, ધારાસભામાં ખોટા અને ઉલટાસુલટી ખુલાસા, સરકારે નકકી કરેલા કરતાં ઓછા ભાવે સળીયાનું વેચાણ, ખીલવણી ખાતાને કમીશન આપ્યાની માણેકચંદ જીવરાજની હકિકત, અમુક અમલદારોને અપાયેલાં કમીશનો—એ બધું ધ્યાનમાં લેતાં એમ કહી શકાય કે "મોટા અમલદારો" રૂસ્વતખોર હતા એવું અનુમાન કરવામાં આરોપી "શુભ નિષ્ટા"થી નહોતો વર્ત્યો ?

ખરૂં છે કે આરોપીએ કમીટી સમક્ષ સ્ટેટમેન્ટ કર્યું ત્યારે અહિં બહાર પડેલી બધી વિગતો તેના જાણવામાં નહોતી, પરંતુ ઘણીખરી તેના જાણવામાં હતી. ઉપરાંત આ હકિકતો બતાવે છે કે ફરિઆદો કરનારાઓની હકિકત માનવામાં મી. નરીમાન વ્યાજબી હતા અને આ સળીઆના સંબંધમાં તેમણે કરેલું અનુમાન "દ્વેષબુદ્ધિ"થી કે "શુભ નિષ્ટા" વિના કર્યું હતું એમ ન કહી શકાય.

આ હકિકતો ઉપરાંત અમુક કોન્ટ્રાકટરો પર મહેરબાની દેખાડયાની, ટેન્ડરો સ્વીકારવા વિષે અને તેને અનુકૂળ ભાવો આપવા વિષે મી. નરીમાનને ફરિઆદો મળી હતી.

આ વિષય પર ફરિઆદી અને હમીદની લાંબી ઉલટપાલટ તપાસ લેવાઇ છે.

ઉપરના મુદ્દામાં મારા નિર્ણય પછી હું તેમાં ઉંડો ઉતરવા નથી માગતો. છતાં હું કહીશ કે મી. હારવેના સંબંધમાં એ મુદ્દાઓ વ્યાજબીપણાની દલીલ પુરવાર નથી કરતા.

પરંતુ આરોપીની " શુભ નિષ્ઠા " નો સવાલ વિચારવામાં તે બહુ ઉપયોગી છે. કેટલાક બનાવો એવા છે કે જુબાનીમાં બહાર પડેલી હકિકતોની પુરી માહિતીની ગેરહાજરીમાં સામાન્ય માણસ લાગતા વળગતા અમલદારોની રૂશ્વતખોરીનું અનુમાન કરવા દોરાય.

ખરૂં છે કે ટેન્ડરો સ્વીકારવા અને કોન્ટ્રાકટ આપવાનો છેવટનો નિર્ણય કરવાનું ખીલવણી ખાતાના ડીરેકટરના હાથમાં હતું. પરંતુ કબુલ કરવામાં આવ્યું છે કે દરેક બાબતમાં ઉપરી સત્તાવાળા મી. હારવેની ભલામણો મંજુર કરતા. એટલે જુબાનીમાં બહાર પડેલી હકિકતોની ગેરહાજરીમાં આરોપી જેવા દરજ્જાના માણસ માટે તે વખતે ફરિઆદીની રૂશ્વતખોરીમાં માનવું વ્યાજબી નહોતું.

અમુક માણસોને અપાયેલા કોન્ટ્રાકટ સંબંધી કરવામાં આવેલી કેટલીક સુચનાઓ હાંસીપાત્ર છે. પરંતુ બીજી ઘણી ગંભીર છે.

આરોપની તરફેણમાં નિર્ણય.

બધા મુદ્દાની આગળપાછળની હકિકતોની ચર્ચા કરવામાં બહુ સમય લાગે કે જે મને બીન—જરૂરી લાગે છે કેમકે "શુભ નિષ્ટા"ના કારણે મેં આરોપીની તરફેણમાં નિર્ણય કર્યો છે.

પરંતુ હું જણાવી દઉં કે મારી સમક્ષ રજુ થયેલી જુબાની ધ્યાનપૂર્વક તપાસતાં ફરિઆદીની ઉલટપાલટ તપાસમાં આરોપીએ જણાવેલા કોન્ટ્રાકટના સંબંધમાં ફરિઆદી બદદાનતથી વર્ત્યો નહોતો.

ઉપરના કારણોસર હું ઠરાવું કે " ખરાબ અફવા "ઓનો કહેલો આક્ષેપ સાચો છે, પરંતુ ફરિઆદી મોટા અમલદારોમાંનો એક હોવાથી વ્યાજબીપણાની દલીલ ટકતી નથી. છતાં હું ઠરાવું છું કે આરોપીએ

એક લાયક સત્તા સમક્ષ "શુભ નિષ્ટા"થી આક્ષેપો કર્યા હતા.

ઉપરાંત પોતાના લેખિત સ્ટેટમેન્ટમાં તે "ખરાબ અફવા"નો ઉલ્લેખ કરે છે, પરંતુ તે સાથે કહે છે કે ખાતાની કોઇ વ્યક્તિ સામે દોષારોપણ કરવાના હેતુથી કે ઇચ્છાથી નહિં પણ ખાસ કરીને સત્ય શોધવા સ્વતંત્ર તપાસ થઇ શકે અને જરૂરી સાધનો બહાર આવે તો કમીટીને યોગ્ય લાગે તે પગલાં લેવા માટે પોતે માહિતી એકઠી કરી શકયો છે તે કમીટી સમક્ષ રજુ કરી શકશે.

આ બતાવે છે કે "ખરાબ અફવા"ની હયાતિ તે "ખરેખર" માનતા હતા અને તેમની પાસે અમુક સાધનો હતા કે જે તેઓ કમીટી સમક્ષ મૂકવા ઇચ્છતા હતા કે જેથી કમીટી યોગ્ય લાગે તે પગલાં લઇ શકે. આમાં મી. નરીમાનનું વર્તન એક સામાન્ય શહેરી કે જેને કોઈએ ગુન્હો કર્યો હોવાનું માનવાનું કારણ છે અને તે બાબતમાં તપાસ થાય તે માટે કોર્ટ પોલીસ કે કોઇ લાયક સત્તા સમક્ષ તે એવી માહિતી રજુ કરે છે, તેના જેવું છે.

પુરવાર થયેલી હકિકતો પ્રમાણે તેમણે આક્ષેપો શુભ નિષ્ટાથી નહોતી કર્યા એમ ન ઠરાવી શકાય.

"સ્ટેટમેન્ટ બદનક્ષીભર્યાં નથી."

બીજા આઠ આરોપો જુદી જુદી ખોટી હકિકતોને લગતો એક આરોપ છે.

બીજો આરોપ બદનક્ષીભર્યો નથી. પહેલાં ફરિઆદપક્ષનો કેસ એ હતો કે સુપરવાઇઝર કે કોઇ માણુસની "નજીવી ભૂલ" ને લીધે "પાંચડા" નો "સાતડા" થઇ ગયો હતો, જો તે પુરવાર

થયું હોત તો એ "નજીવી ભૂલ" થી નહોતું એમ કહેવામાં આરોપી રૂશ્વતખોરી સુચવે છે એવી દલીલ કરવામાં આવત—પરંતુ મેં ઠરાવ્યુ છે કે ૫/૮"નો આંકડો લખવામાં ભૂલથી ફેરફાર થયો નહોતો. ૭/૮"ના સળીયાનો ઓર્ડર દમોદે મોકલેલા ઇન્ડેન્ટમાં ઇરાદાપૂર્વકનો ઉમેરો હતો અને એ ભૂલ માટે ખરો ખુલાસો રજુ કરવામાં આવતો નથી. આરોપીના સ્ટેટમેન્ટમાં બીજી ભૂલભરી હકિકત એ છે કે સળીયાની કિંમત રૂ. ૩ લાખ હતી જ્યારે તેની કિંમત રૂ. ૨ાા લાખ હતી; ૭/૮"ના સળીયા માટુંગા ખાતે ખડકયા છે; રૂ. ૩ લાખની બરબાદી થઇ છે અને તાજુ ઇન્ડેન્ટ તૈયાર કરવું પડયું હતું. આ સ્ટેટમેન્ટ બદનક્ષી ભર્યા નથી.

ત્રીજા આરોપમાંનું આરોપીનું સ્ટેટમેન્ટ ખોટું ન કહેવાય. એક રીતે દેખરેખ રાખનારા ઇજનેરે "પાંચડો" બદલીને "સાતડો" કર્યો ન કહેવાય, પરંતુ ઉમેરો તેની સુચનાથીજ કરવામાં આવ્યો હતો, એટલે એ સ્ટેટમેન્ટ પણ બદનક્ષીભર્યું ન કહેવાય. ઉપરાંત મી. નરીમાનને ખરી હકીકતોની ખબર નહોતી. તેમનું સ્ટેટમેન્ટ તેમને મળેલી ખબરને આધારે હતું કે જે નહિં માનવાનું તેમને કારણ નહોતું. ઉપરાંત ધારાસભા અને કમીટી સમક્ષ ૭/૮"નો આંકડો કેમ લખાયો તેનો ખુલાસો કરવાનો યપ્રત્ન કરતાં ફરિઆદીએ પોતેજ વારંવાર વાત બદલી હતી.

૪થા અને ૫મા આરોપોમાંના સ્ટેટમેન્ટ મી. નરીમાને કમીટીએ પૂછેલા સવાલોના જવાબમાં કર્યા છે. તેમાં મી. નરીમાને ફેરફાર "નજીવી ભૂલ" ને લીધે ન હોઇ શકે એ વાતની પુનરૂક્તિ કરે છે અને તે ૭/૮" નો ઓર્ડર કોઇની "નજીવી ભૂલ"ને

સીધે નહોતો એવા મારા નિર્ણય પછી એ બદનક્ષીભર્યું ન કહેવાય.

૬ઠો આરોપ મી. નરીમાને કરેલું અનુમાન છે. તે "શુભ નિષ્ઠા"થી કરેલું અનુમાન છે અને ફરિઆદી પોતે કબુલ કરે છે કે જો ખોટા માપના સળીઆનો ઓર્ડર આપવામાં આવે તો એવું અનુમાન કરવું કાયદેસર છે, માલ પડતર લોખંડ તરીકે વપરાયો હતો તે વાત ખોટી છે. ચાલીઓના અમુક ભાગની ડીઝાઇન બદલવાથી અમુક ભાગ વાપરી શકાયો હતો.

દેખરેખ રાખનાર ઇજનેર એટલે મી. હારવે સંબંધી ઉલ્લેખ હોય તો ૭મા આરોપમાનું સ્ટેટમેન્ટ ખોટું છે, પરંતુ દેખરેખ રાખનાર ઇજનેર એટલે સાઇકસ વિષે ઉલ્લેખ હોય તે તો સાચુ ઠરે, કેમકે તેણેજ હાઇ કમીશ્નર મારફત ઇંગ્લાંડના કારખાનાવાળાઓને ઓર્ડર આપ્યો હતો. એકલું આ સ્ટેટમેન્ટ બદનક્ષીભર્યું ભાગ્યેજ ગણાય.

૮મા આરોપમાંનું સ્ટેટમેન્ટ એટલા પુરતું ખોટું છે કે ફેરફાર દેખરેખ રાખનાર ઇજનેરે કર્યો હતો. ઇન્ડેન્ટમાં દેખરેખ રાખનાર ઇજનેરની સુચનાથી અને મૂળ ઇન્ડેન્ટમાં ૭/૮"ના સળીયા ઉમેરીનો ફેરફાર કરવામાં આવ્યો હતો.

નવમા આરોપમાંનું સ્ટેટમેન્ટ અનુમાન માત્ર છે.

તેથી હું આરોપીને નિર્દોષ ઠરાવું છું.

જુદા પડતાં પહેલાં મી. નરીમાને પબ્લીક પ્રોસીકયુટર સામે કરેલા હુમલા વિષે કહીશ. મારા અભિપ્રાય પ્રમાણે તે તદન પાયા વિનાના અને બીન-જરૂરી હતા. સરકારના પ્રતિનિધિ તરીકે અને સરકાર તરફથી

કેસ પર ધ્યાન રાખતાં તેમણે કેસમાં કાંઇ ભાગ લીધો નથી. તેમણે સારી વલણ લીધી હતી અને કોર્ટે માગ્યા તે કાગળો તેમણે રજુ કર્યા હતા.

તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૨૮ (સહી)

એચ. પી. દસ્તુર

પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ, ત્રીજી કોર્ટ, મુંબઇ.

મુંબઇના
પ્રેસીડેન્સી
મેજીસ્ટ્રેટનું
સીલ.

સમાપ્ત

પ્રભુ કૃપાતો !

"હારવે નરીમાન બદનક્ષી" કેસના ચુકાદા પછી, **જાહેર થયા** મુજબ લાંચ લેનારાઓ સામે કેસો ચાલશે તો તે પણ પુસ્તક આકારમાં પ્રગટ કરવા વિચાર છે.

મંત્રી.

અમીન નરસરી.

ફળ ફુલ ઝાડની ખાત્રી લાયક—કલમો.

દરેક જાતનાં વિલાયતી તેમજ દેશી શાકભાજી તથા ફલ ફુલ ઝાડનાં તાજાંજ અને ભરસા પાત્ર--બી.

ફળ ફુલ શાકભાજી તથા અનાજ માટે ઉત્તમ વિલાયતિ—ખાતરો.

ખેતીવાડી તથા બાગ બગીચાને ઉપયોગી વિલાયતિ—હથિઆરો.

બગીચાને તેમજ ખેતીવાડીને ઉપયોગી ગુજરાતી—પુસ્તકો.

બાગ બગીચા અને ખેતીવાડીને જરૂરની--દવાઓ.

નવાઇ પમાડે તેવાં જેવાં કે બી વગરનાં જમરૂખ, બી વગરનાં મોસંબી, સફેદ પાનનાં જમરૂખ, સફેદ પાનનાં લીંબુ, બારે મહિનામાં ફળ એવી નાળીએરી વિગેરેનાં--ઝાડો.

બગીચાના શોખીઓ મફત.


ભાવ માટે પૂછો,
અમીન નરસરી,
ગીરગામ બેક રોડ,
મુંબઇ નં. ૪

બ્રાન્ચ ક્રાફર્ડ માર્કેટના કમ્પાઉન્ડમાં
મુંબઇ, નં. ૧

સત્યનો આખર જય છે!!!

જુદી જુદી ક્વોલીટીનાં હારમોનીયમ અને ફોનોગ્રાફની કસોટીમાંથી







વારાટયુન રૂ ૨)ની એકજ બાટલી આશરે એક સો રેકાડોને તદ્દન નવી બનાવી આપશે.

વારાફ્લ્યૂટ હારમોનીયમ

અને



વારાફોન ફોનોગ્રાફ



મશીનોએ આખર જય મેળવ્યો છે.
સૌંદર્યતા, મજબુતી અને
યાંત્રીક કામોમાં એ પહેલાં આવ્યાં છે.

ઓછી મુડીવાળા ઉત્સાહી ભાઈઓથી મહાન રાજા મહારાજા સાહેબોને પણ આનંદ આપનાર "હો મ-સિ ને મા" હમારે ત્યાં મળે છે. તે સીવાય દરેક જાતનાં વાજીંત્રો, જેવાં કે ડફ્રી, બાસરી, તાલદર્શક યંત્ર, તબલાં વિગેરે માટે પૂછો

☞ જે વસ્તુ જોઈતી હોય તેનુંજ કેટલોક મંગાવવા વિનંતી છે. નામ અને સરનામું પુરેપુરૂં આપવું.

આણંદજી કલ્યાણજી વારા.
પોસ્ટ બોકસ ૨૦૧૦.
કાલબાદેવી રોડ, મુંબઈ.

સહુની આમ વાપરી ખાત્રી કરો.



એ જ ટો એ ઇ એ છે.





સરદી માટે
અકસીર
ઇલાજ છે.

સોલ ડીસ્ટ્રીબ્યુટરસો—પી. હો. હુસેન.
પોસ્ટ બોક્સ ૨૦૪૨ મુંબઈ–૨.

યોજના પહેલી | **કાશી સ્મારક ગ્રંથમાળા.** | યોજના બીજી.

૩૦ કીંમતી પુસ્તકો કુલ રૂ.૧૬ માં

જ્ઞાન સાથે ગમ્મત
આપે તેવા

દર વર્ષે ૫ પુસ્તકો કુલ છ વર્ષ સુધી દરેક પુસ્તક પાના ૧૫૦ પાકું બાઉન્ડ.

લવાજમ.

દાખલ ફી,	રૂ, ૧)
પહેલે વર્ષે	,, ૫)
બીજે વર્ષે	,, ૪)
ત્રીજે વર્ષે	,, ૩)
ચોથે વર્ષે	,, ૨)
પાંચમે વર્ષે	,, ૧)
છઠ્ઠે વર્ષે	,, ૦)
કુલ	રૂા, ૧૬

પહેલા વર્ષના ત્રણ પુસ્તકો નીચે પ્રમાણે પ્રગટ થઇ ગયા છે.

છુટક કીં. રૂા. ૧ા ટ. ખ. સાથે

બધા આબરૂદાર બુકસેલરોને ત્યાં મળશે.

બધા પુસ્તકો માટે ફર્સ્ટ કલાસ અભિપ્રાયો મળી ચૂકયા છે,

૨૫ નાની લીલી જ્ઞાન પોથીઓ

રૂા. ૫) ગમ્મત સાથે જ્ઞાન
આપે તેવી.

કુલ બે વર્ષમાં ૨૫ પોથીઓ.

દરેક પોથીના પાના ૬૪

દરેક પોથી જાકીટના ખીસામાં સમાશે.

દરેક પોથીનું પુઠું લીલું.

કુલ રૂ. ૫)

અગાઉથી મોકલવાથી
આપવામાં આવશે.

છુટક કીં. પાંચ આના.
ટપાલ ખર્ચ સાથે.

વધુ વિગત માટે એક આનાની ટીકીટ બીડી યોજનાઓ મંગાવો.

તદ્દન નવીન ભાત પાડતા આ સાહિત્યને અપનાવશો,
હમણાંજ લખો,

૯ નવી વાતો.	બુધ્ધિનું બજાર !	દેવોને ખુલ્લાં પત્રો.

લેખક અને પ્રકાશક: જ, દુ, ખંધડીઆ:] કાશી સ્મારક ગ્રંથમાળા,
જન્માષ્ટમી બીલ્ડીંગ, ખેતવાડી મેઇન રોડ.—મુંબઇ, નં. ૪

વિદ્વાનોમાં ભારે વખણાએલ

સાંજ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થતી

સાદી શિખામણ

પુસ્તક

૧-૨ ૩-૪-૫ (પાંચ ભાગ)

પેલા પુસ્તકનો રૂા. ૧-૦-૦ ને ત્યાર બાદ દરેકના રૂા ૨-૦-૦ પોસ્ટેજ જુદું. એક વખત વાંચવાથી ખાત્રી થશે કે આવું પુસ્તક આપે કદી જોયુંજ નહિ હોય. સાક્ષરોના ઉત્તમ અભિપ્રાયો મળ્યા છે. પોતાની સંતતીનું ઉંચું ચારિત્ર ઘડવાને માટે આ પુસ્તક ખાસ જરૂરનું છે.

મુંબઈ

એન. એમ. ત્રિપાઠી કાલબાદેવી.
જે. એમ. પંડ્યા પ્રીન્સેસ સ્ટ્રીટ
શા. મેઘજી હીરજી પાયધુની

મગનલાલ શંકરભાઈ
પાટણ ગુજરાત

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. અમદાવાદ. ત્રણ દરવાજે.